ઉપાધ્યાય શ્રી માનવિજયજી મ. સા. કૃત સ્વોપજ્ઞ ટીકા તથા

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા કૃત ટિપ્પણ સમન્વિત

# ધર્મસંગ્રહ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ધર્મસંગ્રહ ભાગ-૩

## શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા સ્વોપજ્ઞ ટીકાકર્તા ❖

ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજા

❖ ટિપ્પણકર્તા ❖

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલનકારિકા ❋

પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં સામ્રાજ્યવર્તી,
ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી પુણ્યપાલસૂરિ મહારાજાનાં આજ્ઞાવર્તિની
પ. પૂ. વિદુષી સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. સા.નાં શિષ્યરત્ના પ. પૂ. સા. શ્રી ચારુનંદિતાશ્રીજી મ. સા.નાં
શિષ્યા સાધ્વીજી શ્રી ચિદ્નંદિતાશ્રીજી

✤ પ્રકાશક ✤

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ધર્મસંગ્રહ ભાગ-૩ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૩૦૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

એક સદ્‌ગૃહસ્થ તરફથી

અમદાવાદ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૪૨

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**✣ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✣ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✣ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✣ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✣ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✣ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✣ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
२१. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
२२. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
२३. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
२४. Is Jaina Order Independent Religion or Denomination ?
२५. Status of religion in modern Nation State theory
२६. ગૃહજિનાલય મહામંગલકારી
२७. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન

૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા–૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા–૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા–૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા–૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા–૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન

૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ના
# સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

અનાદિ અનંતકાળથી ભવાટવીમાં ભ્રમણ કરતા જીવ માત્રની ઝંખના સુખ છે, પરંતુ જીવની કરુણ સ્થિતિ એ છે કે સાચું સુખ મળે ક્યાં તેની ખબર નથી માટે જ પરિભ્રમણ ચાલુ છે. પુણ્યસંયોગે આર્યદેશ-આર્યકુળમાં જન્મ પામતા ધર્મથી સુખ મળે છે. ધર્મ જીવનમાં કરવા જેવો છે વગેરે શબ્દો કાને અથડાતા. પરંતુ ખરેખર ધર્મ એટલે શું ? ધર્મ કોને કહેવાય ? What is the religion જીવની જિજ્ઞાસાને કારણે થોડી થોડી સમજ આવતી ગઈ. ધર્મનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ત્રણ લોકમાં પ્રતિષ્ઠિત ધર્મ છે. 'ધૃ' ધારણ કરવું. ધાતુ પરથી બનેલ ધર્મ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ શાસ્ત્રમાં - ધારણ કરે તે ધર્મ અર્થાત્ દુર્ગતિમાં પતિત એવા આત્માને ધારણ કરી સદ્ગતિમાં સ્થાપન કરનાર 'ધર્મ' કરેલ છે. ભવોદધિતારક તીર્થંકરે સ્થાપેલ ધર્મ. બે પ્રકારનો :- ૧. સાધુધર્મ, ૨. શ્રાવકધર્મ. પરંતુ વ્યક્તિભેદે, ભૂમિકા ભેદે, સંયોગભેદે - ધર્મના અનેક પ્રકારો થાય છે.

નિગોદથી નિર્વાણ - અવ્યવહાર રાશિથી વ્યવહારરાશિમાં આવી, ચૌદ ગુણસ્થાનકના ક્રમારોહ સ્વરૂપે ચેતન એવા આત્માની આત્મકથાના નિરૂપણ દ્વારા સાંગોપાંગ મોક્ષમાર્ગનું કથન જે જૈનદર્શનમાં છે તેવું અન્ય દર્શનમાં ક્યાંય નથી. તીર્થંકરે અર્થની દેશના આપી અને ગણધરે જિનવચનને સૂત્રાત્મક રીતે દ્વાદશાંગીની રચના કરી આત્માના સાચા સુખને બતાવનાર અનુપમ શ્રુતજ્ઞાનની ભેટ ધરી. આ અમૂલ્ય અનુપમ શ્રુતવારસોને પ્રાચીન મહર્ષિઓ, વિશિષ્ટ શ્રુતધર - પૂર્વધરો - આપણા પૂર્વજોએ આપણા સુધી પહોંચાડી વર્તમાન પેઢી પર અનન્ય ઉપકાર કર્યો છે. પૂજ્ય જગદ્ગુરુ હીરસૂરિ મ.સા.ની પાંચમી પાટને શોભાવનાર શ્રી માનવિજયજી કૃત પ્રસ્તુત ગ્રંથ ધર્મસંગ્રહ...

"મૈત્ર્યાદિ ભાવોથી સંમિશ્ર અવિરુદ્ધ એવા વચનથી યથોદિત એવું જે અનુષ્ઠાન તે ધર્મ છે." ગ્રંથકારશ્રીએ વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કરી ચરમાવર્ત યથાપ્રવૃત્તિકરણ પામેલ ભવ્યજીવે મોક્ષની મંઝિલ-મોક્ષમાર્ગ દ્વારા કઈ રીતે પ્રાપ્ત કરવી અર્થાત્ ક્રમસર કઈ ભૂમિકા પ્રાપ્ત કરી સિદ્ધિ હાંસલ કરવી તેના નિરૂપણ માટે ગ્રંથકારશ્રીએ ચરમાવર્ત ધર્મયૌવનકાલ, આદિધાર્મિક, અપુનર્બંધક, મૈત્ર્યાદિ દૃષ્ટિ, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, પ્રમત્ત ગુણસ્થાનક, અપ્રમત્તગુણસ્થાનક સુધીના ક્રમારોહને આવરી લીધેલ છે. સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મના વિભાગીકરણથી શ્રાવકધર્મ દ્વારા અને સાપેક્ષ યતિધર્મ - નિરપેક્ષ યતિધર્મ દ્વારા સાધુધર્મનું નિરૂપણ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે. મૂળ ગાથા-૧૫૯ અને ઉદ્ધરણ સહિત ૧૪,૬૦૨ શ્લોક પ્રમાણ હોવાથી ગ્રંથકારશ્રીએ કૃતિનું નામ 'ધર્મસંગ્રહ' રાખેલ છે.

જિનવચનમાં અડગ શ્રદ્ધા ધરાવનાર સાધુધર્મનું પરિભાવન કરનાર નિઃસ્પૃહી બારવ્રતધારી સુશ્રાવક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ પોતાની આગવી સુંદર શૈલીથી તે તે ભૂમિકાના ભાવોને ખોલીને ધર્મનો મર્મ સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

કષ-છેદ-તાપશુદ્ધ ધર્મનું સ્વરૂપ, આદિધાર્મિક આદિની ભૂમિકા, સમ્યક્ત્વનું દ્રવ્યથી-ભાવથી સ્વરૂપ તથા દસ પ્રકારના સમ્યક્ત્વને ખૂબ ધ્યાનથી વાંચી મનન કરવા યોગ્ય છે.

વળી, શ્રાવકધર્મના બારવ્રતના અવાંતર ભાંગા છે અને ભગવાને બતાવેલ શ્રાવકધર્મ મોક્ષનું કારણ કઈ રીતે બને છે. શ્રાવકધર્મના અનુષ્ઠાનના યોગ્ય ભાવોની સૂક્ષ્મતા વિવેચનકાર સુશ્રાવકશ્રી પ્રવીણભાઈએ સરળ ભાષામાં સુંદર રીતે બતાવી છે, જેને વાંચતા-મનન કરતા શ્રાવકધર્મનું રહસ્ય સમજાતું જાય ? સાથે સાથે સર્વજ્ઞ એવા તીર્થંકર પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય કે કેવો સરસ ધર્મ પ્રભુએ ચારિત્રધર્મ બતાવ્યો છે.

## -: ઋણ સ્વીકાર :-

યોગબીજ પ્રાપ્તિના તેર કારણમાંથી એક કારણ એવા ગ્રંથલેખન કરવાનો અનુપમ અવસર મને પ્રાપ્ત થયો. ગાઢ મિથ્યાત્વના પ્રબળ કારણ મોહ સામ્રાજ્યથી ઘેરાયેલ સંસારથી શાંત પ્રશાંત ઉપશાંત સૌમ્ય ધર્મસામ્રાજ્યનો યત્કિંચિત્ મુજજીવનમાં અનુભવ કરાવનાર જડ-ચેતન એવા ઉપકારીઓનો યત્કિંચિત્ ઋણ સ્વીકાર; કેમ કે સાચો ઋણ સ્વીકાર મોક્ષમાર્ગમાં આગળ વધી સમકિતના સહારે ભાવચારિત્રના યથાર્થ પાલન દ્વારા સામર્થ્ય યોગથી કેવલજ્ઞાન પામી યોગનિરોધ કરી નિર્વાણને હાંસલ કરી સિદ્ધિપદને વરશુ ત્યારે થશે. પરંતુ તે પામી શકાય તેના માટે પ્રેરણા-સામગ્રી આદિ અર્પણ કરનાર જગતમાં જેનો જોટો ન જડે તેવા સુદેવ-સુગુરુ-સુધર્મને પ્રદાન કરનાર પરમાત્માની અસીમ કૃપા મુજ પર ઊતરે તે જ અભ્યર્થના.

**तुभ्यं नमस्त्रि भुवनार्तिहराय नाथ ! तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय ।**
**तुभ्यं नमः क्षितितलाऽमलभूषणाय, तुभ्यं नमो जिनभवोदधि शोषणाय ।।**

અનંતા અરિહંત અને અનંતા સિદ્ધોનો ઉપકાર સમગ્ર જીવસૃષ્ટિ ઉપર છે પરંતુ વર્તમાન ભવમાં જેના દર્શન-વંદન-અર્ચન-પ્રતિમા દ્વારા અનન્ય ઉપકાર થયો છે તેવા ત્રૈલોક્યલલાયભૂત, ત્રિભુવનાર્તિહર, ક્ષિતિતલામલભૂષણ, ભવોદધિ શોષણ કરનાર જગત્ગુરુ શત્રુંજય શણગાર શ્રી આદિનાથ પ્રગટ પ્રભાવી શંખેશ્વર મંડન શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય, શાંતિદાયક શ્રી શાંતિનાથ, આસન્ન ઉપકારી ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી વસુ દ્વારા અર્પિત વાસુપૂજ્યસ્વામી અને શ્રેયકારી એવા શ્રેયાંસનાથ એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું. મારા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું.

**अज्ञानतिमिरान्धानाम् ज्ञानाञ्जनशलाकया ।**
**नेत्रमुन्मिलीतं येन तस्मै श्री गुरवे नमः ।।**
"સુહગુરુ જોગો - તવ્વયણસેવણા આત્મવમખંડા"

મુજ સંયમજીવનના સાર્થવાહ, રક્ષણહાર, તારણહાર માર્ગદર્શક સદ્ગુરુવર્યનો યોગ-યોગાવંચક બની ફલાવંચકયોગમાં પરિણમન પામે તેવી મહેચ્છા. વધુ તો શું કહેવું ! પરમોપધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ના શબ્દો યાદ આવે છે.

"સમકિતદાયક ગુરુ તણો પચ્ચુવચાર ન થાય,
ભવ કોડાકોડી કરી કરતા સર્વ ઉપાય."

મોહ અને અજ્ઞાનને કારણે કાલપુટ વિષ જેવા વિષમ વિષયકષાયના તોફાની વમળમાં ઘેરાયેલ ભવ્ય જીવને શુદ્ધ ધર્મનું પ્રદાન કરી ધર્મશ્રવણ નૌકા દ્વારા હેમખેમ કિનારે પહોંચાડનાર, ૮૪ લાખ જલનિધિ તરણ પ્રવહણ, ભવોદધિત્રાતા, ભવ્યજીવ પ્રતિબોધક, સૂક્ષ્મતત્ત્વવિવેચક, અધ્યાત્મસંપન્ન ભાવાચાર્યના લક્ષ્યને સ્મૃતિમાં રાખી પ્રવ્રજ્યા પર્યાયને પરોપકારમાં પ્રવર્તાવતા ધર્મતીર્થરક્ષક, શ્રુતરક્ષક, સમ્યક્જ્ઞાન દાતા અનન્યોપકારી અનુપમેય ગુરુવર્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાના પાદ પંકજે મુજ પાપાત્માના નત મસ્તકે અનંતાનંત કોટિશઃ વંદન હોજો...

મોક્ષના એક માત્ર કારણ એવા ચારિત્રને વેશથી અર્પણ કરી સ્વની નિશ્રામાં સારણાદિ દ્વારા ધર્મનો ખરો મર્મ સમજાવી સંયમરથને મોક્ષપથ પર આગળ ધપાવવા માટે કટિબદ્ધ એવા હિતચિંતક-ચારિત્રસંપન્ન વિદૂષી સાધ્વીરત્ના પરમપૂજ્ય ગુરુવર્ય ચારુનંદિતાશ્રીજી મ.સા.ની કૃપા મુજ પર સદા વરસતી રહો, એવી અંતરની અભિલાષા.

સ્વાસ્થ્યની પ્રતિકૂળતામાં આત્માની સ્વસ્થતા દ્વારા સમાધિ આપનાર, બીજાના દોષોને ખમી ખાવાનો અનુપમ ગુણ ધરાવનાર, સ્વ નામને સાર્થક કરવામાં તત્પર એવા શતાધિક શ્રમણી ગચ્છ પ્રવર્તક હિતકાંક્ષી પ્રવર્તની વિદૂષી સાધ્વીરત્ના પરમોપકારી પરમપૂજ્ય ચંદ્રાનનાશ્રીજી મ.સા. - દાદીગુરુના આશીર્વાદથી મારું સંયમજીવન નંદનવન સમુ બની રહે તેવી અભ્યર્થના.

અગૃહીતા સંકેતાને પણ પ્રાજ્ઞ કહેવડાવે એવી મંદબુદ્ધિવાળી મને - એક પથ્થરને ધીરતા - ધૈર્યગુણથી સાત્ત્વિક વાત્સ્યના ટાંકણાથી ઘડનાર, સાધુજીવનના હાર્દને સમજાવનાર અને પ્રસ્તુત ગ્રંથની સંકલના માટે યોગ્ય બનાવનાર શિલ્પી એવા સુશ્રાવક શ્રી પ્રવીણભાઈ પંડિતની મુજ પર વડીલ તરીકેની છત્રછાયા દશવિધયતિધર્મના પાલનરૂપ સંયમજીવનમાં સદા રહે.

'સહાય કરે તે સાધુ'ને સાર્થક કરતા રત્નત્રયીની આરાધનામાં સહાય કરનાર - ખાસ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ માટે અનુકૂળતા કરી આપનાર ગુરુભગિની અને લઘુભગિનીની હું સદા ઉપકૃત છું.

"જા સંયમપંથે દીક્ષાર્થી તારો પંથ સદા ઉજમાળ રહે..."

અંતરના આશીર્વાદની દીક્ષાની રજા આપી એક જ ભવમાં નવો જન્મ આપનાર ભૌતિક ઉપકારી માતુશ્રી ચંદ્રાબહેન અને પિતાશ્રી સૂર્યકાન્તભાઈ તથા પરિવારજનનો ઉપકાર - કૃતજ્ઞતા ગુણથી કદી વિસરાય તેમ નથી.

રાજનગરની ધન્ય ધરા જેણે સન્માર્ગદાતા-મોક્ષમાર્ગ પ્રરૂપક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પાલખીના દર્શન કરાવ્યા અને અનેક મહાત્માઓનો મેળાપ કરાવી નામથી ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો.

દીક્ષાદાતા-પરમપૂજ્ય હિતરુચિવિજયજી મ.સા. વડી દીક્ષાદાતા-આચાર્યદેવેશ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા. ઘરની મમતા છોડાવનાર આચાર્યદેવેશ શ્રીમદ્વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા., હિતચિંતા કરનાર આચાર્યદેવેશ શ્રીમદ્વિજય હર્ષવર્ધનસૂરીશ્વરજી મ.સા. તથા સંયમજીવનમાં સહાયક થનાર અનેક મહાત્માઓની હું ઋણી છું.

આ યત્કિંચિત્ ઋણ સ્વીકાર દ્વારા સાચો ઋણ સ્વીકાર કરી શકું તેવી પરમપિતા પરમેશ્વરને પ્રાર્થના.

પ્રાદુર્ભાવ પામેલ મુક્તિની ઝંખનાનું કિરણ ઉજ્જ્વલ બની શીઘ્ર મુક્તિ આપે તેવા પુરુષાર્થને ઇચ્છતી ભવ્ય જીવ એવા વાચકજીવમાં મુક્તિની ઝંખના જાગે તેવી ઝંખના મુક્તિની શુભાભિલાષા.

❖ શુભં ભવતુ ❖

**આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૭,**
**તા. ૬-૧૦-૨૦૧૧, ગુરુવાર.**
**ગીતાર્થગંગા, શ્રુતદેવતા ભવન,**
**૫, જૈન મર્ચન્ટ સોસાયટી,**
**ફત્તેહપુરા, પાલડી,**
**અમદાવાદ-૩૮૦ ૦૦૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના**
**સામ્રાજ્યવર્તી, ગચ્છાધિપતિ આચાર્યભગવંત**
**શ્રી પુણ્યપાલસૂરિ મહારાજાનાં આજ્ઞાવર્તિની**
**પ. પૂ. સા. ચંદ્રાનનાશ્રીજી મ. સા.નાં શિષ્યરત્ના**
**પ. પૂ. સા. ચારુનંદિતાશ્રીજી મ. સા.ના શિષ્યા**
**સાધ્વીજી ચિદ્નંદિતાશ્રીજી**

## ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ના

# સંકલના

સંસારથી વિરક્ત થયેલા જીવો સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિ સ્વીકારે છે અને તે દેશવિરતિ બાર વ્રતો સ્વરૂપ છે તેમાંથી પોતાની યોગ્યતા અનુસાર જે વ્રતોની શક્તિ જે શ્રાવકમાં હોય તે શ્રાવક તે વ્રતો સ્વીકારે છે તેના સ્વરૂપનો બોધ કરાવવા અર્થે બીજા ભાગમાં પાંચ અણુવ્રતોનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી ત્રીજા ભાગમાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોનું વિસ્તારથી સ્વરૂપ ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

વળી, તરતમતાથી શ્રાવકધર્મ અનેક ભૂમિકાવાળો છે તેથી યોગ્ય જીવે શ્રાવકના બાર વ્રતોનું યથાર્થ સ્વરૂપ જાણીને મનથી-વચનથી-કાયાથી-કરણથી અને કરાવણથી એ વ્રતો કઈ રીતે પાલન થઈ શકે છે તેમાંથી પોતે કયું વ્રત મન-વચન-કાયાથી ગ્રહણ કરી શકશે. કરણ-કરાવણથી ગ્રહણ કરી શકશે અથવા મન-વચન-કાયામાંથી કોઈ એક વિકલ્પથી કે બે વિકલ્પથી ગ્રહણ કરી શકશે અથવા કરણ-કરાવણમાંથી પણ કોઈ એક વિકલ્પથી કે બે વિકલ્પથી ગ્રહણ કરી શકશે તેનું સમ્યક્ સમાલોચન કરીને પોતાની શક્તિ અનુસાર વ્રતગ્રહણ કરવા જોઈએ. અને સ્વીકારાયેલું દેશવિરતિનું વ્રત સર્વવિરતિ સાથે કારણરૂપે કઈ રીતે સંકળાયેલું છે તેનો યથાર્થબોધ કરવો જોઈએ અને તે પ્રમાણે જ પ્રતિદિન સર્વવિરતિ સાથે પોતાનો દેશવિરતિનો પરિણામ કઈ રીતે કારણ બને તેનું ઉચિત ભાવન કરવું જોઈએ. જેથી સ્વીકારાયેલી દેશવિરતિ ઉત્તરોત્તર અતિશય અતિશય થઈને સર્વવિરતિનું કારણ બને તેનો બોધ કરવા માટે બીજો વિભાગ અત્યંત ઉપકારક છે.

વળી, પ્રસ્તુત વિભાગના વર્ણનથી શ્રાવકના ૧૨ વ્રતો, તેના અતિચારો વગેરેનો સૂક્ષ્મબોધ થાય છે. વળી, વ્રતો સ્વીકાર્યા પછી તે વ્રતોનું સંરક્ષણ, વ્રતોની વૃદ્ધિ કઈ રીતે કરવી જોઈએ ? તેનો માર્ગાનુસારી બોધ પ્રસ્તુત વિભાગમાં કરાયેલ છે.

આ રીતે જેઓ પોતાના ક્ષયોપશમ અનુસાર વિશેષ ગૃહસ્થધર્મને જાણવા યત્ન કરશે. જાણ્યા પછી વારંવાર તેનું ભાવન કરવા યત્ન કરશે તેનાથી દેશવિરતિની શક્તિ પોતાનામાં પ્રગટ ન થઈ હોય તોપણ જેટલા અંશમાં તે વ્રતોનો રાગ વાંચનકાળમાં કે ભાવનકાળમાં થશે તેટલા અંશમાં વ્રતના પાલનના પ્રતિબંધક કર્મો શિથીલ-શિથીલતર થશે. માટે પોતાની બોધશક્તિ, આચરણાશક્તિનો સમ્યક્ વિચાર કરીને પ્રસ્તુત ગ્રંથનું પુનઃ પુનઃ અધ્યયન કરવું જોઈએ.

આ રીતે ભાવન કરવાથી સંસારના પરિભ્રમણના અંતનું એક કારણ એવો સર્વવિરતિ ધર્મ છે અને તેની પ્રાપ્તિનું કારણ દેશવિરતિ ધર્મ છે તેવી બુદ્ધિ સ્થિર થાય છે અને તેની પ્રાપ્તિ માટે

સ્વભૂમિકાનુસાર યત્ન કરવાથી અને સ્વીકારેલા વ્રતના સમ્યક્ પાલનથી ઉત્તર-ઉત્તરના ગુણોની પ્રાપ્તિ દ્વારા તે પ્રકારનો કરાયેલો યત્ન અવશ્ય મોક્ષનું કારણ બનશે. માટે વિવેકીએ પ્રસ્તુત ગ્રંથના હાર્દને જાણવા અવશ્ય યત્ન કરવો જોઈએ.

ધર્મસંગ્રહ ભાગ-૩ શબ્દશઃ વિવેચનમાં ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કે પૂજ્ય ઉપાધ્યાય મહારાજના આશય વિરુદ્ધ કાંઈ પણ ક્ષતિ થઈ હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૭,** **– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૬-૧૦-૨૦૧૧, ગુરુવાર**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# ધર્મસંગ્રહ ભાગ-૩ની અનુક્રમણિકા



| શ્લોક નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૩૦. | પ્રથમ ગુણવ્રત દિક્પરિમાણ વ્રતનું સ્વરૂપ. | ૧-૬ |
| ૩૧. | દ્વિતીય ગુણવ્રત ભોગોપભોગ પરિમાણ વ્રતનું સ્વરૂપ. | ૬-૧૩ |
| ૩૨-૩૪ | ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય અને સચિત્ત-અચિત્ત આદિનું સ્વરૂપ. | ૧૩-૫૮ |
| ૩૫. | તૃતીય ગુણવ્રત અનર્થદંડ વિરમણવ્રતનું સ્વરૂપ. | ૫૮-૬૦ |
| ૩૬. | અનર્થદંડના ભેદો. | ૬૦-૭૪ |
| ૩૭. | પ્રથમ શિક્ષાવ્રત સામાયિકવ્રતનું સ્વરૂપ. | ૭૪-૯૧ |
| ૩૮. | દ્વિતીય શિક્ષાવ્રત દેશાવગાસિકવ્રતનું સ્વરૂપ. | ૯૧-૯૬ |
| ૩૯. | તૃતીય શિક્ષાવ્રત પૌષધોપવાસવ્રતનું સ્વરૂપ. | ૯૬-૧૩૪ |
| ૪૦. | ચતુર્થ શિક્ષાવ્રત અતિથિ-સંવિભાગવ્રતનું સ્વરૂપ. | ૧૩૪-૧૪૬ |
| ૪૧. | સમ્યક્ત્વ અને દેશવિરતિમાં પ્રાપ્ત થતા અતિચારોનું સામાન્ય સ્વરૂપ. | ૧૪૭-૧૫૬ |
| ૪૨. | સમ્યક્ત્વના અતિચારોનું સ્વરૂપ, ૩૬૩ પાંખડીઓના ભેદ. | ૧૫૬-૧૭૬ |
| ૪૩. | પ્રથમ અણુવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૧૭૬-૧૮૫ |
| ૪૪. | દ્વિતીય અણુવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૧૮૫-૧૯૩ |
| ૪૫. | તૃતીય અણુવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૧૯૩-૧૯૮ |
| ૪૬. | ચતુર્થ અણુવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૧૯૮-૨૦૮ |
| ૪૭-૪૮. | પંચમ અણુવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૨૦૮-૨૧૬ |
| ૪૯. | પ્રથમ ગુણવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૨૧૬-૨૨૧ |
| ૫૦. | દ્વિતીય ગુણવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૨૨૨-૨૨૮ |
| ૫૧-૫૩. | ૧૫ કર્માદાનનું સ્વરૂપ. | ૨૨૮-૨૪૪ |
| ૫૪. | તૃતીય ગુણવ્રતના અતિચારોનું સ્વરૂપ. | ૨૪૫-૨૫૦ |
| ૫૫. | પ્રથમ શિક્ષાવ્રતના અતિચારનું સ્વરૂપ. | ૨૫૦-૨૬૧ |

| શ્લોક નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૫૬. | દ્વિતીય શિક્ષાવ્રતના અતિચારનું સ્વરૂપ. | ૨૬૧-૨૬૬ |
| ૫૭. | તૃતીય શિક્ષાવ્રતના અતિચારનું સ્વરૂપ. | ૨૬૭-૨૭૧ |
| ૫૮. | ચતુર્થ શિક્ષાવ્રતના અતિચારનું સ્વરૂપ. | ૨૭૧-૨૮૨ |
| ૫૯. | વિશેષથી ગૃહસ્થધર્મના પાલનનું સ્વરૂપ. | ૨૮૨-૩૧૨ |

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

પૂ. ઉપાધ્યાય શ્રી માનવિજયજી કૃત સ્વોપજ્ઞ ટીકા સમન્વિત તથા
લઘુહરિભદ્ર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા કૃત ટિપ્પણી યુક્ત

# ધર્મસંગ્રહ ભાગ-૩

## શબ્દશઃ વિવેચન

## પ્રથમ ખંડ

## દ્વિતીય અધિકાર

**અવતરણિકા :-**

इत्युक्तान्यणुव्रतानि, साम्प्रतमेतेषामेवाणुव्रतानां परिपालनाय भावनाभूतानि गुणव्रतान्यभिधीयन्ते तानि पुनस्त्रीणि भवन्ति, तद्यथा–दिग्विरमणव्रतम् १, उपभोगपरिभोगपरिमाणव्रतम् २, अनर्थदण्डविरमणव्रतं ३ चेति, तत्राद्यगुणव्रतस्वरूपाभिधित्सयाऽऽह –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે અણુવ્રતો કહેવાયાં=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે પાંચ અણુવ્રતો કહેવાયાં. હવે પાંચ અણુવ્રતોના પરિપાલન માટે ભાવનાભૂત ગુણવ્રતો કહેવાય છે. તે વળી ત્રણ છે. તે આ પ્રમાણે – ૧. દિગ્‌વિરમણ વ્રત ૨. ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત ૩. અનર્થદંડવિરમણ વ્રત. ત્યાં=ત્રણ ગુણવ્રતમાં, આદ્ય ગુણવ્રતના સ્વરૂપને કહેવાની ઇચ્છાથી કહે છે –

**ભાવાર્થ :-**

પૂર્વમાં અણુવ્રતો બતાવ્યાં અને તે અણુવ્રતોનું પાલન કરવા માટે આત્માને તત્ત્વથી ભાવિત કરવો આવશ્યક છે. ગુણવ્રતો તત્ત્વના ભાવનરૂપ છે; કેમ કે અણુવ્રતો ગ્રહણ કરીને શ્રાવકને મહાવ્રતોની શક્તિનો

સંચય કરવો છે. જો તે અણુવ્રતોનું પાલન મહાવ્રત સાથે કારણરૂપે જોડાયેલું ન હોય તો તે અણુવ્રતો પરમાર્થથી અણુવ્રત થતાં નથી. શ્રાવકને મહાવ્રતની ઉત્કટ ઇચ્છા છે તેના ઉપાયરૂપે અણુવ્રતો ગ્રહણ કરે છે અને તે અણુવ્રતોને ગુણવ્રત દ્વારા અતિશયિત કરે છે જેથી અણુવ્રતોનું પાલન શીઘ્ર સર્વવિરતિનું કારણ બને. માટે ગુણવ્રતોને અણુવ્રતોના પરિપાલન માટે ભાવનાભૂત કહેલ છે અને તે ત્રણ ગુણવ્રતોમાંથી પ્રથમ ગુણવ્રત કહેવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**ऊर्ध्वाधस्तिर्यगाशासु, नियमो गमनस्य यः ।**
**आद्यं गुणव्रतं प्राहुस्तद्दिग्विरमणाभिधम् ।।३०।।**

**અન્વયાર્થ :-**

**ऊर्ध्वाधस्तिर्यगाशासु**=ઊર્ધ્વ, અધઃ અને તિર્યગ્ દિશામાં, **गमनस्य**=ગમનનો, **यः**=જે, **नियमो**=નિયમ, **तत्**=તે, **दिग्विरमणाभिधम्**=દિગ્વિરમણ નામનું, **आद्यं**=પ્રથમ, **गुणव्रतं**=ગુણવ્રત, **प्राहुः**=કહેવાયું છે. ।।૩૦।।

**શ્લોકાર્થ :-**

**ઊર્ધ્વ, અધ, તિર્યગ્ દિશામાં ગમનનો જે નિયમ તે દિગ્વિરમણ નામનું પ્રથમ ગુણવ્રત કહેવાયું છે. ।।૩૦।।**

**ટીકા :-**

**ऊर्ध्वा दिग् ब्राह्मी, अधोदिग् नागी, तिर्यगाशास्तिर्यग्दिशस्ताश्च पूर्वा १, आग्नेयी २, याम्या ३, नैरृती ४, वारुणी ५, वायव्या ६, कौबेरी ७, ऐशानी ८ चेत्यष्टौ, तत्र सूर्योदयोपलक्षिता पूर्वा, शेषाश्चाग्नेय्याद्यास्तदनुक्रमेण सृष्ट्या द्रष्टव्याः तासु दिक्षु विषये तासां संबन्धिनो वा 'गमनस्य' गतेर्यो 'नियमो' नियमनम्, एतावत्सु पुर्वादिविभागेषु मया गमनाद्यनुष्ठेयं न परत इत्येवंस्वरूपः, तत्रोर्ध्वदिशि नियमः-एतावती दिगूर्ध्वं पर्वताद्यारोहणादवगाहनीया न परत इत्येवंभूतः, एवमधोदिशि नियमः, एतावती दिगध इन्द्रकूपाद्यवतारणादवगाहनीया न परत इत्येवंभूत इति तथा तिर्यग्दिक्षु नियमः एतावती दिक् पूर्वेणावगाहनीया एतावती दक्षिणेनेत्यादि न परत इत्येवंभूत इति भावार्थः । तत् 'आद्यं' प्रथमम्, गुणायोपकारायाणुव्रतानां व्रतं, गुणव्रतप्रतिपत्तिमन्तरेणाणुव्रतानां तथाविध-शुद्ध्यभावात् गुणव्रतं 'प्राहु' ऊचुर्जिना इति शेषः, तत्किंनामेत्याह–'दिग्विरमणाभिधं' दिग्विरमण-मित्यभिधानं यस्य तदिति शब्दार्थः, एतद्व्रतस्वीकारेऽवगृहीतक्षेत्राद् बहिः स्थावरजङ्गमजीवाभयदान-लोभाम्भोधिनियन्त्रणादिर्महालाभो भवति । यतः–**

"फारफुल्लिंगभासुरअयगोलयसन्निहो इमो निच्चं ।
अविरयपावो जीवो, दहइ समंता समत्तजिए ।।१।।

जइवि अ न जाइ सव्वत्थ, कोइ देहेण माणवो एत्थं ।
अविरइपच्चयबंधो, तहावि निच्चो भवे तस्स ।।२।।"

**अन्यत्रापि –**

"तत्तायगोलकप्पो, पमत्तजीवोऽणिवारिअप्पसरो ।
सव्वत्थ किं न कुज्जा, पावं तक्कारणाणुगओ? ।।३।।" **[श्रावकप्रज्ञप्ति २८१]**

**गृहस्थो ह्यारम्भपरिग्रहपरत्वाद्यत्र यत्र याति, भुङ्क्ते, शेते, व्यापारं वा कुरुते, तत्र तत्र तप्तायोगोलक इव जीवोपमर्दं करोतीति तेषामेव हिंसादिपापस्थाननिवर्त्तकमेतत्, नतु साधूनाम्, तेषां तु समितिगुप्ति-प्रधानव्रतशालिनां नायं दोष इति न तेषां दिग्विरतिव्रतमित्यवसेयम्, यतो योगशास्त्रवृत्तिगतान्तरश्लोकाः-**

"तदेतद्यावज्जीवं वा, सद्व्रतं गृहमेधिनाम् ।
चतुर्मासादिनियमादथवा स्वल्पकालिकम् ।।१।।

सदा सामायिकस्थानां, यतीनां तु यतात्मनाम् ।
न दिशि क्वचन स्यातां, विरत्यविरती इमे ।।२।।

चारणानां हि गमनं, यदूर्ध्वं मेरुमूर्द्धनि ।
तिर्यग्रुचकशैले च, नैषां दिग्विरतिस्ततः ।।३।।" **[३/३] ।।३०।।**

**ટીકાર્થ :-**

**ऊर्ध्वा ..... दिग्विरतिस्ततः ।। ઊર્ધ્વ દિશા બ્રાહ્મી છે. અધોદિશા નાગી છે. તિર્યગ્ આશા=તિર્યગ્ દિશા, છે અને તે દિશાઓ ૧. પૂર્વ ૨. આગ્નેયી=અગ્નિ ૩. યામ્યા=દક્ષિણ ૪. નૈર્ઋતી=નૈર્ઋત્ય ૫. વારુણી=પશ્ચિમ ૬. વાયવ્યા=વાયવ્ય ૭. કૌબેરી=ઉત્તર ૮. ઐશાની=ઈશાન એ પ્રમાણે આઠ છે. ત્યાં=આઠ તિર્છી દિશામાં, સૂર્યોદયથી ઉપલક્ષિત પૂર્વ છે. શેષ આગ્નેયાદિ ત્યારપછી ક્રમથી સર્જાયેલી જાણવી. તે દિશાઓના વિષયમાં અથવા તેઓના સંબંધી ગમનનો=ગતિનો, જે નિયમ=નિયમન, અર્થાત્ આટલા પૂર્વાદિ વિભાગોમાં મારા વડે ગમનાદિ અનુષ્ઠેય છે, પરથી નહિ, એવા પ્રકારના સ્વરૂપવાળો નિયમ, ત્યાં=દિગ્વિરમણ વ્રતમાં ઊર્ધ્વ દિશામાં નિયમ=આટલી દિશામાં ઊર્ધ્વ પર્વતાદિ આરોહણથી અવગાહનીય છે, પરથી નહિ, એ પ્રકારનો નિયમ, એ પ્રમાણે અધોદિશામાં નિયમ આટલી દિગ્થી નીચે ઈન્દ્રકૂપાદિ અવતારણથી અવગાહનીય છે પરથી નહિ, એ પ્રકારનો નિયમ તથા તિર્યગ્ દિશામાં નિયમ=આટલી દિગ્ પૂર્વથી અવગાહનીય છે. આટલી દિગ્ દક્ષિણથી ઈત્યાદિ, પરથી નહિ, એવા પ્રકારનો નિયમ એ પ્રકારનો ભાવાર્થ છે=એ પ્રકારનો દિગ્ નિયમનો તાત્પર્યાર્થ છે.**

**ત્યાં આદ્ય=પ્રથમ ગુણવ્રત=અણુવ્રતોના ગુણને માટે અર્થાત્ ઉપકાર માટે વ્રત તે ગુણવ્રત અને તે ગુણવ્રતની પ્રતિપત્તિ વગર અણુવ્રતોની તેવા પ્રકારની શુદ્ધિનો અભાવ હોવાથી ગુણવ્રત કહે છે. જિનો કહે છે તે બતાવવા માટે 'जिना इति शेष' એ પ્રમાણે કહેલ છે.**

**તે=પ્રથમ ગુણવ્રત, કયા નામવાળું છે ? એથી કહે છે –**

**'દિગ્વિરમણ' નામનું છે=દિગ્વિરમણ એ પ્રકારનું નામ છે જેને તે આદ્ય ગુણવ્રત છે એ પ્રકારનો શબ્દાર્થ છે.**

**આ વ્રતના સ્વીકારમાં અવગૃહીત ક્ષેત્રથી બહાર=વ્રતની સ્વીકારાયેલી ક્ષેત્રમર્યાદાથી બહારના સ્થાવર અને જંગમ જીવોને અભયદાન, લોભરૂપી સમુદ્રના નિયંત્રણાદિ ઘણા લાભ થાય છે. જે કારણથી કહ્યું છે –**

"સ્ફાર સ્ફુલ્લિંગથી ભાસુર અયગોલક જેવો=લાલચોળ તપાવેલા લોખંડના ગોળા જેવો નિત્ય આ અવિરત પાપવાળો જીવ ચારેબાજુથી સમસ્ત જીવોને બાળે છે. ॥૧॥

અને જોકે કોઈ મનુષ્ય દેહથી સર્વત્ર જતો નથી તોપણ અહીં=જીવમાં, અવિરત પ્રત્યયબંધ તેને નિત્ય થાય છે." ॥૨॥

**અન્યત્ર પણ કહેવાયું છે –**

"તપ્ત અયગોલક જેવો પ્રમત્ત જીવ અનિવારિત પ્રસરવાળો તત્ કારણથી અનુગત=પાપના કારણથી યુક્ત, સર્વત્ર કયું પાપ ન કરે ? અર્થાત્ સર્વ પાપ કરે." ॥૩॥ **(શ્રાવકપ્રજ્ઞપ્તિ-૨૮૧)**

**આરંભ પરિગ્રહપણું હોવાને કારણે ગૃહસ્થ જ્યાં જ્યાં જાય છે, ભોગવે છે, સૂએ છે અથવા વ્યાપાર કરે છે ત્યાં ત્યાં તપ્ત અયોગોલકની જેમ જીવ ઉપમર્દન કરે છે એથી તેઓના જ=ગૃહસ્થોના જ, હિંસાદિ પાપસ્થાનકનું નિવર્તક આ છે=આદ્ય ગુણવ્રત છે. પરંતુ સાધુઓનું નથી=સાધુઓનું આ ગુણવ્રત નથી.**

**કેમ સાધુઓનું આ ગુણવ્રત નથી ? એથી કહે છે –**

**સમિતિ-ગુપ્તિપ્રધાન વ્રતશાલી એવા તેઓને=સાધુઓને, આ દોષ નથી=હિંસાદિ પાપસ્થાનકરૂપ દોષ નથી, એથી તેઓને દિશાની વિરતિરૂપ વ્રત નથી એ પ્રમાણે જાણવું. જે કારણથી 'યોગશાસ્ત્ર વૃત્તિગત' આંતરશ્લોકો છે.**

"તે આ=દિગ્વિરમણ વ્રત, જાવજ્જીવ સુધી ગૃહસ્થનું સદ્વ્રત છે અથવા ચતુર્માસાદિના નિયમથી સ્વલ્પકાલિક છે. ॥૧॥

વળી સદા સામાયિકમાં રહેલા યતનાપરાયણ યતિઓને કોઈપણ દિશામાં આ વિરતિ-અવિરતિ હોય નહિ. ॥૨॥

જે કારણથી ચારણમુનિઓનું ઊર્ધ્વમાં જે ગમન મેરુના મસ્તક ઉપર છે અને તિર્યક્‌માં રુચકપર્વત ઉપર છે. તેથી=સામાયિકસ્થ છે તેથી, તેઓને=ચારણમુનિઓને, દિગ્વિરતિ નથી." ॥૩॥ **(યોગશાસ્ત્ર વૃત્તિ ૩/૩) ॥૩૦॥**

ભાવાર્થ :-

શ્રાવકો પાંચ અણુવ્રતો સ્વીકારે છે અને તે અણુવ્રતોને અતિશયિત કરવાર્થે દિગ્‌વિરમણ નામનું પ્રથમ ગુણવ્રત સ્વીકારે છે જે વ્રતમાં ઊર્ધ્વદિશિ, અધોદિશિ અને તિર્ચ્છા ૮ દિશામાં તેનું નિયમન કરવામાં આવે છે. તેથી જે શ્રાવક જાવજ્જીવ સુધી અથવા યત્કિંચિત કાળ માટે જેટલી દિશાનું નિયમન કરેલું હોય તેનાથી અધિક જાય નહીં તેવો તેનો સંકલ્પ હોય છે. તેના કારણે શ્રાવકનાં ૫ અણુવ્રતોથી કરાયેલા આરંભ-સમારંભના નિયંત્રણમાં જે અવશેષ આરંભ-સમારંભનો ત્યાગ નથી તે આરંભ-સમારંભ ક્ષેત્રની મર્યાદાથી નિયંત્રિત થાય છે. અર્થાત્ અણુવ્રતો સ્વીકારવાથી જે અવશેષ અવિરતિ અંશ છે તે અવિરતિ ૧૪ રાજલોકના સર્વક્ષેત્રમાં વ્યાપક હતી તેને દિગ્‌વિરમણ વ્રત દ્વારા શ્રાવક નિયંત્રિત કરે છે. તેથી ઉપયોગપૂર્વક અને ભાવથી જેનું ચિત્ત વિરામ પામેલું છે તેવો શ્રાવક જે ક્ષેત્રની મર્યાદા કરે છે તેનાથી અધિક ક્ષેત્રના આરંભ-સમારંભથી તેનું ચિત્ત નિવર્તન પામે છે તેથી પાંચ અણુવ્રતોનો ગુણ કરનાર એવું આ આદ્ય ગુણવ્રત છે અને આ વ્રત સ્વીકારવાથી સ્વીકારાયેલી ક્ષેત્રની મર્યાદાથી બહારના ક્ષેત્રમાં રહેલા સ્થાવર અને ત્રસ જીવોના ઉપમર્દનનો શ્રાવક દ્વારા જે સંભવ હતો તેઓને અભયદાન મળે છે અને અધિક ક્ષેત્રમાં જઈને ધનાદિ અર્જન કરવાનો જે લોભનો પરિણામ હતો તેનું નિયંત્રણ થાય છે. તેથી શ્રાવકને આ આદ્ય ગુણવ્રતથી મહાન લાભ થાય છે જે કારણથી શાસ્ત્રમાં કહેવાયું છે કે દેશવિરતિગત શ્રાવક પણ તપાવેલા લોખંડના ગોળા જેવો છે તેથી તેના અવિરતિના પરિણામથી સર્વત્ર જીવોનું ઉપમર્દન થાય છે. અને દિગ્‌વિરમણવ્રત સ્વીકારવાથી ક્ષેત્રની મર્યાદા થવાના કારણે એટલા અંશમાં તેને અવિરતિકૃત પાપબંધની પ્રાપ્તિ થતી નથી.

શ્રાવક આરંભ-પરિગ્રહમાં તત્પર હોવાને કારણે જ્યાં જ્યાં જાય છે, ખાય છે, સૂએ છે, વ્યાપાર કરે છે ત્યાં ત્યાં તપાવેલા ગોળાની જેમ જીવનું ઉપમર્દન કરે છે તેથી શ્રાવક કોઈ પ્રવૃત્તિ ન કરતો હોય તોપણ ક્ષેત્રમર્યાદા ન કરેલી હોય તો તેનાથી તે તે ક્ષેત્ર વિષયક હિંસા પરિણામથી થાય છે; કેમ કે તે-તે ક્ષેત્રમાં જવાના પરિણામનું નિયંત્રણ નથી, તેથી તેના પરિણામ અનુસાર સર્વક્ષેત્રમાં તે પાપ કરી શકે તેવી તેની પરિણતિ છે. તેથી શ્રાવકના હિંસાદિ પાપસ્થાનકોનું નિવર્તન કરનાર આ ગુણવ્રત છે; કેમ કે દિક્‌પરિમાણ ગુણવ્રત સ્વીકારવાથી ચિત્તમાં તે ક્ષેત્રથી બહાર જવાનો સંકલ્પ નિવર્તન પામે છે.

અહીં પ્રશ્ન થાય કે જેમ શ્રાવકને દિક્‌પરિમાણ વ્રત દ્વારા પાપની નિવૃત્તિ થાય છે તેમ સાધુને પણ પાપનિવૃત્તિ અર્થે દિક્‌પરિમાણવ્રત કેમ નથી ? તેથી કહે છે –

સાધુ સમિતિ-ગુપ્તિના પરિણામવાળા હોય છે તેથી સર્વ ક્ષેત્રથી સર્વ પ્રકારનાં પાપોનો ત્યાગ કરીને માત્ર અસંગભાવમાં જવા માટે સદા ઉદ્યમ કરનારા હોય છે તેથી અસંગભાવની વૃદ્ધિનું જે કારણ હોય તેવી જ આચરણા કરે છે. જે આચરણાથી આરંભ-પરિગ્રહની લેશ પણ પ્રાપ્તિ નથી. તેથી સાધુ જે ક્ષેત્રમાં છે તે ક્ષેત્રમાં પણ આરંભથી નિવૃત્ત છે અને અન્ય ક્ષેત્રમાં પણ આરંભથી નિવૃત્ત છે પરંતુ સંયમની વૃદ્ધિનું પ્રયોજન જણાય તો સંયમવૃદ્ધિ અર્થે અન્યક્ષેત્રમાં જાય છે. માટે તેઓને હિંસાદિ પાપસ્થાનક નહીં હોવાથી હિંસાદિના પાપસ્થાનકના નિવર્તન અર્થે દિક્‌પરિમાણવ્રત નથી તે પ્રમાણે જાણવું.

આ કથનને સ્પષ્ટ કરવા માટે કલિકાલસર્વજ્ઞ પ. પૂ. આ. ભ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે –

શ્રાવકને યાવત્જીવ સુધી અથવા ચાર માસાદિ માટે દિક્પરિમાણવ્રત હોય છે અને સાધુ સામાયિકના પરિમાણવાળા હોવાથી સદા છકાયના પાલનમાં યતનાવાળા હોય છે. તેથી તેઓને કોઈ દિશામાં આ વિરતિ-અવિરતિ પ્રાપ્ત થતી નથી. આથી જ સમિતિ-ગુપ્તિવાળા ચારણમુનિઓ ઊર્ધ્વમાં મેરુપર્વતના શિખર સુધી જાય છે, તિર્ચ્છામાં રુચકપર્વત સુધી જાય છે તોપણ તેમને કોઈ પાપની પ્રાપ્તિ નથી, તેથી સમિતિ-ગુપ્તિવાળા એવા ચારણમુનિઓને 'દિગ્વિરતિ' નથી. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**इति प्रतिपादितं प्रथमं गुणव्रतम्, अथ द्वितीयं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વ ગાથામાં કહ્યું એ પ્રમાણે, પ્રથમ ગુણવ્રત પ્રતિપાદન કરાયું. હવે બીજા એવા તેને=ગુણવ્રતને, કહે છે –**

**શ્લોક :-**

**भोगोपभोगयोः सङ्ख्याविधानं यत्स्वशक्तितः ।**
**भोगोपभोगमानाख्यं, तद्द्वितीयं गुणव्रतम् ।।३१।।**

**અન્વયાર્થ :-**

**स्वशक्तितः भोगोपभोगयोः=સ્વશક્તિથી ભોગ-ઉપભોગનું, यत् सङ्ख्याविधानं=જે સંખ્યાનું વિધાન तद् भोगोपभोगमानाख्यं=તે ભોગોપભોગપરિમાણ નામનું, द्वितीयं गुणव्रतम्=બીજું ગુણવ્રત છે. ॥૩૧॥**

**શ્લોકાર્થ :-**

**સ્વશક્તિથી ભોગ-ઉપભોગનું જે સંખ્યાનું વિધાન તે ભોગોપભોગપરિમાણ નામનું બીજું ગુણવ્રત છે. ॥૩૧॥**

**ટીકા :-**

**सकृद्भुज्यत इति भोगः, अन्नमाल्यताम्बूलविलेपनोद्वर्त्तनास्नानपानादि, मुहूर्मुहूर्भुज्यत इति उपभोगः वनितावस्त्राऽलङ्कारगृहशयनाऽऽसनवाहनादि । यतः–**

"सइ भुज्जइत्ति भोगो, सो पुण आहारपुप्फमाईअ ।
उवभोगो उ पुणो पुण, उवभुज्जइ भवणवणिआइ ।।१।।" **त्ति ।**

**भोगश्चोपभोगश्च भोगोपभोगौ तयोर्भोगोपभोगयोर्यत् 'सङ्ख्याविधानं' परिमाणकरणं भवति, कुतः ? 'स्वशक्तितः' निजशक्त्यनुसारेण 'तद् भोगोपभोगमानाख्यं' भोगोपभोगपरिमाणनामकं 'द्वितीयं' 'गुणव्रतं' ज्ञेयम्, आवश्यके त्वेतद्व्रतस्योपभोगपरिभोगव्रतमितिनामोच्यते तथा च सूत्रम्–**

"उवभोगपरिभोगवए दुविहे पण्णत्ते, तंजहा–भोअणतो कम्मओ अ" **[प्रत्याख्यानावश्यके सू० ७ हारिभद्रीवृत्तिः प. ८२८] त्ति ।**

**एतद्वृत्तिर्यथा–**"उपभुज्यत इत्युपभोगः, उपशब्दः सकृदर्थे वर्त्तते, सकृद् भोग उपभोगः, अशनपानादेः, अथवाऽन्तर्भोग उपभोगः आहारादेः, उपशब्दोऽत्रान्तर्वचनः, परिभुज्यते इति परिभोगः, परिशब्दोऽसकृद्वृत्तौ वर्त्तते, पुनः पुनर्भोगः परिभोगो वस्त्रादेः, बहिर्भोगो वा परिभोगो वसनालङ्कारादेः, अत्र परिशब्दो बहिर्वाचक इति । एतद्विषयं व्रतम् उपभोगपरिभोगव्रतम् ।" **[तुला-आवश्यकहारिभद्रीवृत्ति प. ८२८-ए ]**

**तथा च प्रकृते निपातानामनेकार्थत्वात् उपभोगशब्दः परिभोगार्थस्तत्समभिव्याहारेण च भोगशब्दस्योपभोगे निरूढलक्षणेति न कश्चिद्विरोध इति ध्येयम्, इदं च द्विविधम्, भोजनतः कर्मतश्च उपभोगपरिभोगयोरासेवाविषययोर्वस्तुविशेषयोस्तदुपार्जनोपायभूतकर्मणां चोपचारादुपभोगादिशब्दवाच्यानां व्रतमुपभोगपरिभोगव्रतमिति व्युत्पत्तेः, तत्र भोजनत उत्सर्गेण निरवद्याहारभोजिना भवितव्यम्, कर्मतोऽपि प्रायो निरवद्यकर्मानुष्ठानयुक्तेनेति ।**

**अत्रेयं भावना–श्रावकेण हि तावदुत्सर्गतः प्रासुकैषणीयाहारभोजिना भाव्यम्, तस्मिन्नसति सचित्तपरिहारः कार्यः, तस्याप्यशक्तौ बहुसावद्यान्मद्याऽऽमिषाऽनन्तकायादीन् वर्जयता प्रत्येकमिश्रसचित्तादीनां प्रमाणं कार्यम् । भणितं च –**

"निरवज्जाहारेणं १, निज्जीवेणं २ परित्तमीसेणं ३ ।
अत्ताणुसंधणपरा, सुसावगा एरिसा हुंति ।।१।।" **[सम्बोधप्र. श्रा. ७०]**

**एवमुत्सवादिविशेषं विनाऽत्यन्तचेतोगृद्ध्युन्मादजनापवादादिजनकमत्युद्भटवेषवाहनालङ्कारादिकमपि श्राववको वर्ज्जयेत्, यतः–**

"अइरोसो अइतोसो, अइहासो दुज्जणेहिं संवासो ।
अइउब्भडो अ वेसो, पञ्चवि गुरुअंपि लहुअंति ।।१।।"

**अतिमलिनातिस्थूलह्रस्वसच्छिद्रवस्त्रादिसामान्यवेषपरिधानेऽपि कुचेलत्वकार्पण्यादिजनापवादोपहसनीयतादि स्याद्, अतः स्ववित्तवयोऽवस्थानिवासस्थानकुलाद्यनुरूपं वेषं कुर्यात्, उचितवेषादावपि प्रमाणनैयत्वं कार्यम्, एवं दन्तकाष्ठाऽभ्यङ्गतैलोद्वर्त्तनमज्जनवस्त्रविलेपनाऽऽभरणपुष्पफलधूपा-**

**ऽऽसनशयनभवनादेः, तथौदनसूपस्नेहशाकपेयाखण्डखाद्याद्यशनपानखादिमस्वादिमादेस्त्यक्तुमशक्यस्य व्यक्त्या प्रमाणं कार्यम्, शेषं च त्याज्यम्, आनन्दादिसुश्रावकवत् ।**

**कर्मतोऽपि श्रावकेण मुख्यतो निरवद्यकर्मप्रवृत्तिमता भवितव्यम्, तदशक्तावप्यत्यन्तसावद्यविवेकिजन-निन्द्यक्रयविक्रयादि कर्म वर्जनीयम्, शेषकर्मणामपि प्रमाणं करणीयम्, यतः –**

"रंधणखंडणपीसणदलणं पयणं च एवमाईणं ।

निच्चपरिमाणकरणं, अविरइबंधो जओ गरुओ ।।१।।" **[सम्बोधप्र. श्रा. ७१]**

**आवश्यकचूर्णावप्युक्तम् –** "इह चेयं सामाचारी – भोअणओ सावगो उस्सग्गेण फासुगं आहारं आहारेज्जा, तस्सासति अफासुगमपि सचित्तवज्जं, तस्स असति अणंतकायबहुबीयगाणि परिहरिअव्वाणि, इमं च अण्णं भोअणओ परिहर-असणे अणंतकायं अल्लगमूलगाइ मंसं च, पाणे मंसरसगमज्जाइ, खादिमे उदुंबर-काउंबरवडपिप्पलपिलुंखुमादि, सादिमे मधुमादि, अचित्तं च आहारेअव्वं, जदा किर ण होज्ज अचित्तो तो उस्सग्गेण भत्तं पच्चक्खाइ, ण तरइ ताहे अपवाएण सच्चित्तं अणंतकायबहुबीअगवज्जं । कम्मओवि अकम्मा ण तरइ जीविउं ताहे अच्चंतसावज्जाणि परिहरिज्जंति" **(प्रत्याख्यानावश्यक चूर्णौ प.२९५) त्ति ।**

**इत्थं चेदं भोगोपभोगव्रतं भोक्तुं योग्येषु परिमाणकरणेन भवति इतरेषु तु वर्जनेनेति पर्यवसितमिति च ।।३१।।**

**ટીકાર્થ :-**

**सकृद्भुज्यत ..... पर्यवसितमिति च ।। એક વખત ભોગવાય એ ભોગ. અન્ન, માળા, તાંબૂલ, વિલેપન, ઉદ્વર્તન, સ્નાન, પાનાદિ ભોગ છે. વારંવાર ભોગવાય એ ઉપભોગ. સ્ત્રી, વસ્ત્ર, અલંકાર, ગૃહ, શયન, આસન, વાહનાદિ ઉપભોગ છે. જે કારણથી કહેવાયું છે –**

"એક વખત ભોગવાય છે એ ભોગ તે વળી આહાર પુષ્પાદિ છે. ઉપભોગ વળી ફરી-ફરી ઉપભોગ કરાય છે, ભવન, સ્ત્રી આદિ છે." ।।૧।।

ભોગ-ઉપભોગનું સ્વરૂપ બતાવ્યા પછી ભોગ-ઉપભોગનો સમાસ સ્પષ્ટ કરે છે –

**ભોગ અને ઉપભોગ તે ભોગોપભોગ છે. તેનું=ભોગ-ઉપભોગનું, જે સંખ્યાનું વિધાન=સંખ્યાનું પરિમાણકરણ છે. કઈ રીતે સંખ્યાનું પરિમાણકરણ છે એથી કહે છે. સ્વશક્તિથી=પોતાની શક્તિ અનુસારથી તે ભોગોપભોગમાન નામનું=ભોગ-ઉપભોગ પરિમાણ નામનું, બીજું ગુણવ્રત જાણવું. વળી 'આવશ્યક'માં આ વ્રતનું ઉપભોગ-પરિભોગવ્રત એ પ્રમાણે નામ કહેવાયું છે અને તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે ઉપભોગ-પરિભોગ વ્રત એ પ્રમાણે નામ કહેવાયું છે તે પ્રમાણે, સૂત્ર છે –**

"ઉપભોગ-પરિભોગ વ્રત બે પ્રકારનું કહેવાયું છે તે આ પ્રમાણે છે. ભોજનથી અને કર્મથી." **(પ્રત્યાખ્યાન આવશ્યક સૂ. ૭, હારિભદ્રીવૃત્તિ પ. ૮૨૮)**

**તેની વૃત્તિ=આવશ્યકસૂત્રની વૃત્તિ આ પ્રમાણે છે –**

"ઉપભોગ કરાય એ ઉપભોગ. 'ઉપ' શબ્દ એક વખતના અર્થમાં વર્તે છે. સકૃદ્ભોગ=એક વખતનો ભોગ ઉપભોગ છે. અશન-પાનાદિનો ઉપભોગ છે. અથવા આહારાદિનો અન્તર્ભોગ ઉપભોગ છે. 'ઉપ' શબ્દ અહીં=બીજા અર્થમાં, અંતર્વચન છે. પરિભોગ કરાય છે એ પરિભોગ છે. વારંવાર વૃત્તિમાં=વારંવાર પ્રવૃત્તિમાં, 'પરિ' શબ્દ વપરાય છે. વસ્ત્રાદિનો ફરી ફરી ભોગ પરિભોગ છે. અથવા બહિર્ભોગ પરિભોગ છે. વસન=ગૃહ, અલંકારાદિનો પરિભોગ છે. અહીં=બીજા અર્થમાં 'પરિ' શબ્દ બહિર્વાચક છે. એથી આના વિષયવાળું=ઉપભોગ-પરિભોગના વિષયવાળું વ્રત, ઉપભોગ-પરિભોગ વ્રત છે." **(તુલા-આવશ્યક હારિભદ્રીવૃત્તિ. પ. ૮૨૮-એ)**

**અને તે પ્રમાણે=આવશ્યકની વૃત્તિ પ્રમાણે, પ્રકૃતમાં નિપાતોનું અનેક અર્થપણું હોવાથી ઉપભોગ શબ્દ પરિભોગ અર્થવાળો છે અને તેના સમભિવ્યાહારથી='પરિ' શબ્દના સંબંધથી 'ભોગ' શબ્દની ઉપભોગમાં નિરૂઢ લક્ષણા છે=અનાદિ કાળથી રૂઢ થયેલી લક્ષણા છે એથી કોઈ વિરોધ નથી=ગ્રંથકારશ્રીએ ભોગોપભોગ કહ્યું તેના બદલે આવશ્યકમાં ઉપભોગ-પરિભોગ શબ્દનો પ્રયોગ કર્યો તેમાં કોઈ વિરોધ નથી, એ પ્રમાણે જાણવું. અને આ=ઉપભોગ-પરિભોગ વ્રત, બે પ્રકારનું છે. ભોજનથી અને કર્મથી. આસેવનના વિષય એવા વસ્તુવિશેષરૂપ ઉપભોગ-પરિભોગનો અને તેના ઉપાર્જનના ઉપાયભૂત કર્મનો=ઉપભોગ-પરિભોગના ઉપાર્જનના ઉપાયભૂત કૃત્યનો, ઉપચાર હોવાને કારણે ઉપભોગાદિ શબ્દ વાચ્યોનું વ્રત ઉપભોગ-પરિભોગ વ્રત છે. એ પ્રમાણે વ્યુત્પત્તિ છે. ત્યાં=ઉપભોગ પરિભોગના બે ભેદમાં, ભોજનને આશ્રયીને ઉત્સર્ગથી નિરવદ્ય આહારભોજન કરનાર શ્રાવકે થવું જોઈએ. કર્મથી પણ પ્રાયઃ નિરવદ્યકર્માનુષ્ઠાનયુક્ત શ્રાવકે થવું જોઈએ.**

**અહીં=ઉપભોગ-પરિભોગના બે ભેદમાં, આ=આગળ બતાવે છે એ, ભાવના છે=એ તાત્પર્ય છે– શ્રાવકે ઉત્સર્ગથી પ્રાસુક એષણીય આહારભોજી થવું જોઈએ=સર્વથા નિર્દોષ પોતાના માટે ન કરાયેલા આહારથી ભોજન કરવું જોઈએ. તે નહીં હોતે છતે સચિત્તનો પરિહાર કરવો જોઈએ. તેની પણ અશક્તિ હોતે છતે=સચિત્ત આહારાદિના ત્યાગની અશક્તિ હોતે છતે, મદ્ય, માંસ અનંતકાયાદિ બહુસાવદ્યને વર્જન કરતા એવા શ્રાવકે પ્રત્યેક, મિશ્ર, સચિત્તાદિનું પ્રમાણ કરવું જોઈએ. અને કહેવાયું છે –**

"નિરવદ્ય આહારથી, નિર્જીવથી, પરિત્ત મિશ્રથી આત્માના અનુસંધાન પર=આત્માના હિતની ચિંતા કરનારા, સુશ્રાવકો આવા પ્રકારના થાય છે." ॥૧॥ **(સંબોધપ્રકરણ શ્રાદ્ધઅધિકાર ૭૦)**

**આ રીતે=પૂર્વમાં જેમ આહારના વિષયમાં કહ્યું એ રીતે, ઉત્સવ આદિ વિશેષ વગર અત્યંત ચિત્તની ગૃદ્ધિ, ઉન્માદ, જનઅપવાદ આદિ જનક અતિ ઉદ્ભટવેશ વાહન અલંકારાદિ પણ શ્રાવક વર્જન કરે. જે કારણથી કહેવાયું છે –**

"અતિરોષ, અતિતોષ, અતિહાસ્ય, દુર્જનો સાથે સંવાસ અને અતિઉદ્ભટવેશ પાંચે પણ ગુરુને પણ=મોટા માણસને પણ, લઘુ કરે છે." ॥૧॥

**અતિમલિન, અતિસ્થૂલ, હ્રસ્વ, સચ્છિદ્ર વસ્ત્રાદિ સામાન્ય વેશ-પરિવર્તનમાં પણ કુચેલત્વ, કૃપણતાદિ, જનઅપવાદ, ઉપહસનીયતાદિ થાય. આથી પોતાનાં ધન, વય, અવસ્થા, નિવાસ, સ્થાન, કુલાદિને અનુરૂપ વેશ ધારણ કરવો જોઈએ. ઉચિત વેશાદિમાં પણ પ્રમાણનું નિયતપણું કરવું જોઈએ. એ રીતે દંતકાષ્ઠ=દાતણ, અભ્યંગ, તૈલઉદ્વર્તન, મજ્જન=સ્નાન, વસ્ત્ર, વિલેપન, આભરણ, પુષ્પ, ફ્લ, ધૂપ, આસન, શયન, ભવન આદિના પ્રમાણનું નિયતપણું કરવું જોઈએ. ત્યાગ કરવા અશક્ય એવા ઓદન=ભાત, સૂપ=દાળ, સ્નેહ=સ્નિગ્ધ પદાર્થ, શાક, પેયા=પાણી, ખંડ, ખાદ્યાદિ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આદિનું વ્યક્તિથી=સંખ્યાથી, પ્રમાણ કરવું જોઈએ. અને શેષ ત્યાજ્ય છે. આનંદ આદિ શ્રાવકની જેમ શ્રાવકે આ કરવું જોઈએ એમ અન્વય છે.**

**કર્મથી પણ=વ્યાપારાદિ પ્રવૃત્તિથી પણ શ્રાવકે મુખ્યથી નિરવદ્ય કર્મપ્રવૃત્તિવાળા થવું જોઈએ. તેની અશક્તિમાં પણ=નિરવદ્ય કર્મ કરવાની અશક્તિમાં પણ, અત્યંત સાવદ્ય, વિવેકી જનથી નિન્દ્ય એવાં ક્રયવિક્રયાદિ કર્મો વર્જવાં જોઈએ. શેષ કર્મોનું પણ પ્રમાણ કરવું જોઈએ. જે કારણથી કહેવાયું છે –**

"રાંધવું, ખાંડવું, પીસવું, દળવું, પકાવવું એ વગેરેનું નિત્ય પરિમાણ કરવું જોઈએ. જે કારણથી અવિરતિનો બંધ ગુરુ છે." **(સંબોધ પ્રકરણ, શ્રા. ૭૧)**

**આવશ્યકચૂર્ણિમાં પણ કહેવાયું છે –**

"અને અહીં આ સામાચારી છે. ભોજન આશ્રયીને શ્રાવક ઉત્સર્ગથી પ્રાસુક=પોતાના માટે ન કરાયેલો હોય તેવો નિર્દોષ આહાર વાપરે. તેની અશક્તિ હોતે છતે અપ્રાસુક પણ=પોતાના માટે કરાયેલો આહાર પણ સચિત્તને છોડીને વાપરે. તેની અશક્તિ હોતે છતે અનંતકાય બહુબીજ આદિ પરિહાર કરવા જોઈએ. અને આ અન્ય છે - ભોજનને આશ્રયીને અશનમાં અનંતકાય આદુ, મૂલાદિ અને માંસ પરિહરે=ત્યાગ કરે. પાનમાં મંસરસગ=માંસના રસનો અને મજ્જાદિ=મદ્યાદિનો ત્યાગ કરે. ખાદિમમાં ઉદુંબર, કાઉંબર, વડ, પિપ્પલ, પિલુ, ખુમાદિનો ત્યાગ કરે. સ્વાદિમમાં મધુ આદિનો ત્યાગ કરે. અને અચિત્ત આહાર કરવો જોઈએ. જો ખરેખર અચિત્ત ન હોય તો ઉત્સર્ગથી ભક્ત=આહારનું, પચ્ચક્ખાણ કરવું જોઈએ. રહી ન શકે તો અપવાદથી અનંતકાય, બહુબીજને છોડીને સચિત્ત વાપરે. કર્મથી પણ અકર્મવાળા થવું જોઈએ=આરંભ-સમારંભની નિવૃત્તિવાળા થવું જોઈએ. તેનાથી=અકર્મપણાથી, જીવી ન શકે તો અત્યંત સાવદ્યકર્મોનો પરિહાર કરવો જોઈએ." **(પ્રત્યાખ્યાન આવશ્યક ચૂર્ણિ, પ. ૨૯૫)**

**અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આ ભોગોપભોગ વ્રત ભોગવવા માટે યોગ્ય એવા વિષયોમાં પરિમાણ કરવાથી વળી, ઈતરમાં વર્જનથી=શ્રાવકને નહીં ભોગવવા યોગ્ય પદાર્થોના ત્યાગથી, થાય છે, એ પ્રમાણે પર્યવસિત છે=એ પ્રમાણે ફ્લિત છે. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે પોતાની ચિત્તવૃત્તિનું સમાલોચન કરીને જે પ્રકારનો ત્યાગ પોતે કરી શકે, જેનાથી તે પ્રકારની ભોગની ઇચ્છા ઉપર નિયંત્રણ રહે એ પ્રકારે અન્નાદિ ભોગ્ય-પદાર્થોની અને વસ્ત્રાદિ ઉપભોગ્ય પદાર્થોની સંખ્યાનો નિયમ કરવો જોઈએ. જેથી અધિક ભોગ-ઉપભોગમાંથી ચિત્ત નિવર્તન પામે જે બીજું ગુણવ્રત છે. વળી, 'આવશ્યક સૂત્ર'માં 'ભોગ-ઉપભોગ' શબ્દના બદલે 'ઉપભોગ-પરિભોગ' શબ્દ કહેલ છે. તેથી

આવશ્યક સૂત્રના વચનાનુસાર એક વખત જેનો ઉપભોગ થાય તેને ઉપભોગ કહેવાય અથવા જે આહારાદિનો દેહમાં ઉપભોગ થાય છે. તે અંતર્ ઉપભોગ કહેવાય. ત્યાં 'ઉપ' શબ્દ 'અંતર્' અર્થમાં છે અને વારંવાર ઉપભોગ થાય તેને પરિભોગ કહેવાય અથવા બહારથી જેનો ઉપભોગ થાય તે પરિભોગ કહેવાય.

તેથી ગ્રંથકારશ્રીએ જે 'ભોગ'નો અર્થ કર્યો છે તે અર્થ 'ઉપભોગ' શબ્દથી 'આવશ્યકસૂત્ર' અનુસાર ગ્રહણ થાય છે અને ગ્રંથકારશ્રીએ જે 'ઉપભોગ'નો અર્થ કર્યો છે તે અર્થ 'પરિભોગ' શબ્દથી 'આવશ્યકસૂત્ર' અનુસાર ગ્રહણ થાય છે. ફક્ત આવશ્યકસૂત્ર અનુસાર 'અંતર્' અર્થમાં 'ઉપ' શબ્દ ગ્રહણ કરીએ ત્યારે અન્ન, તાંબૂલાદિ ઉપભોગ શબ્દથી ગ્રહણ થાય પરંતુ માલ્યાદિનો બહારથી ઉપભોગ થાય છે. તેથી 'પરિભોગ' શબ્દથી ગ્રહણ થાય.

અહીં પ્રશ્ન થાય કે ઉપભોગનો અર્થ ગ્રંથકારશ્રીએ કર્યો તેના કરતાં અન્ય અર્થ ઉપભોગ શબ્દથી 'આવશ્યક સૂત્ર'માં કેમ કરાય છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

વ્યાકરણમાં નિયમ પ્રમાણે શબ્દોના અનેક અર્થો થાય છે. તેથી પ્રકૃતમાં ભોગ અર્થમાં ઉપભોગ શબ્દ છે અને 'ઉપ' શબ્દના સંબંધથી ભોગ શબ્દનો પરિભોગ અર્થમાં નિરૂઢ લક્ષણા છે. એથી ગ્રંથકારશ્રીએ જે ઉપભોગ કહ્યો છે તેનો અર્થ 'પરિભોગ થાય છે. માટે 'આવશ્યકસૂત્ર' સાથે કોઈ વિરોધ નથી.

'ઉપભોગ-પરિભોગ વ્રત' ભોજનને આશ્રયીને અને કર્મને આશ્રયીને બે પ્રકારનું છે.

કેમ ઉપભોગ-પરિભોગ વ્રત ભોજન અને કર્મને આશ્રયીને બે પ્રકારનું છે ? તેમાં યુક્તિ બતાવે છે –

આસેવનના વિષયને યોગ્ય એવી વસ્તુના વિષયમાં ઉપભોગ-પરિભોગનો વ્યવહાર કરવામાં આવે ત્યારે ભોજનને આશ્રયીને કહેવાય અને ઉપભોગ-પરિભોગને માટે ધનાદિ ઉપાર્જન કરવામાં આવે અને તેના ઉપાયભૂત કૃત્યમાં ભોગોપભોગનો ઉપચાર કરવામાં આવે ત્યારે કર્મને આશ્રયીને ઉપભોગપરિભોગ વ્રત કહેવાય. આથી જ ઉપભોગ-પરિભોગવ્રત ગ્રહણ કરનાર શ્રાવક જેમ ઉપભોગ પરિભોગની વસ્તુનું નિયંત્રણ કરે છે તેમ તેના માટે અર્થઉપાર્જનની પ્રવૃત્તિ કરે છે તેમાં પણ સાવદ્ય પ્રવૃત્તિના પરિહારપૂર્વક યત્ન થાય તેના માટે કર્માદાનની પ્રવૃત્તિનો પરિહાર કરે છે.

વળી, ભોજનને આશ્રયીને શ્રાવકે ઉત્સર્ગથી સચિત્તનો પરિહાર કરવો જોઈએ અને પોતાના માટે કોઈ આરંભ-સમારંભ ન થયો હોય તેવા પ્રકારનો જ આહાર વાપરવો જોઈએ.

જેમ વીરપ્રભુ નંદિવર્ધન ભાઈના આગ્રહથી બે વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહ્યા ત્યારે કહેલું કે મારા નિમિત્તે કોઈ આહારાદિનો આરંભ કરશો નહિ. તેથી પ્રાસુક અને એષણીય આહારના ભોજનથી તેઓ ગૃહસ્થાવસ્થામાં બે વર્ષ રહ્યા તેમ શ્રાવકે પણ ઉત્સર્ગથી પ્રયત્ન કરવો જોઈએ. તે રીતે જીવન જીવવા માટે સંયોગ ન હોય તો શ્રાવકે સચિત્તનો પરિહાર કરવો જોઈએ અર્થાત્ કોઈ સચિત્ત વસ્તુ ભોજનમાં વાપરવી જોઈએ નહિ. તે પ્રકારની વ્રત ગ્રહણ કરવાની શક્તિ ન હોય અર્થાત્ હજી તે પ્રકારના ત્યાગનું સત્ત્વ પ્રગટ્યું ન હોય તો બહુસાવદ્ય એવાં મદ્ય, માંસ, અનંતકાયાદિનો પરિહાર કરવો જોઈએ. તે સિવાયની જે વસ્તુ આહારમાં ગ્રહણ કરવાની છે તેમાં પ્રત્યેક વસ્તુ કેટલા પ્રમાણમાં ગ્રહણ કરીશ તેનું પરિમાણ કરવું જોઈએ. મિશ્ર વસ્તુ

કેટલા પ્રમાણમાં ગ્રહણ કરીશ તેનું પરિમાણ કરવું જોઈએ અર્થાત્ બે વસ્તુના મિશ્રણથી થયેલ કેટલી વસ્તુ ગ્રહણ કરીશ તેનું પરિમાણ કરવું જોઈએ. સચિત્ત કેટલી વસ્તુ ગ્રહણ કરીશ તેનું પ્રમાણ કરવું જોઈએ. તેથી ભોજનની વસ્તુમાં સંખ્યાના પરિમાણથી પણ ભોજનને આશ્રયીને ઉપભોગ-પરિભોગમાં સંવરભાવની પ્રાપ્તિ થાય છે.

તેમાં સાક્ષીપાઠ આપે છે તેનો અર્થ આ પ્રમાણે છે –

શ્રાવક આત્માના અનુસંધાનપર હોય છે અર્થાત્ આત્માના શુદ્ધ ગુણોને પ્રગટ કરવા માટે તત્પર હોય છે. તેવા સુશ્રાવકે નિરવદ્ય આહારથી જીવન જીવવું જોઈએ, જે ઉત્સર્ગમાર્ગ છે. કદાચ સંપૂર્ણ નિરવદ્ય આહારથી જીવન જીવી શકે તેવા સંયોગો ન હોય તો નિર્જીવ વસ્તુથી જીવન જીવવું જોઈએ અર્થાત્ સચિત્તના પરિહારથી જીવન જીવવું જોઈએ. સચિત્તના ત્યાગ માટે પણ સામર્થ્ય ન હોય તો પરિત્ત મિશ્રથી જીવન જીવવું જોઈએ=અનંતકાયાદિના ત્યાગપૂર્વક પરિમિત સંખ્યાથી યુક્ત એવા આહારથી જીવન જીવવું જોઈએ. આવા પ્રકારના શ્રાવકો સુશ્રાવક કહેવાય છે અર્થાત્ સર્વવિરતિ અનુકૂળ શક્તિનો સંયમ કરનારા કહેવાય છે.

વળી, જેમ શ્રાવકે આરંભના વિષયમાં નિયમન કરવું જોઈએ એ રીતે ઉત્સવ આદિ વિશેષનો પ્રસંગ ન હોય તો અત્યંત ચિત્તની ગૃદ્ધિના કારણ ઉન્માદજનક અને લોકમાં નિંદાદિના કારણ એવા ઉદ્‌ભટવેશનો ત્યાગ કરવો જોઈએ. વાહનનો ત્યાગ કરવો જોઈએ. અલંકારાદિનો ત્યાગ કરવો જોઈએ. આથી જ અતિ સંવર તરફ યત્ન કરનારા શ્રાવકો વિકાર ઉત્પન્ન કરે તેવા વેશને પહેરતા નથી, વાહનનો પણ પ્રાયઃ ઉપયોગ કરતા નથી અને અલંકારાદિને ધારણ કરીને રાગની વૃદ્ધિ કરતા નથી.

તેમાં સાક્ષી આપે છે –

અતિ રોષ, અતિ તોષ, અતિ હાસ્ય, દુર્જનની સાથે સંવાસ અને ઉદ્‌ભટવેશ, તેમજ ઉપલક્ષણથી વાહનાદિનો ઉપયોગ અને અલંકારાદિનું ધારણ કરવું તે પાંચ વસ્તુ મોટા માણસને પણ હલકા કરે છે.

તેથી એ ફલિત થાય કે શ્રાવક સર્વવિરતિને અનુકૂળ શક્તિ સંચિત કરનાર હોવાથી મહાન છે તોપણ વસ્ત્રાલંકાર અતિશય વાપરે કે વાહનોમાં ફરતા રહે તો તેઓનો અવિરતિ અંશ અતિઅધિક થાય છે. માટે શ્રાવકે જેમ અતિ રોષ, અતિ તોષ, અતિ હાસ્ય, દુર્જનનો સહવાસ ત્યાગ કરવો જોઈએ તેમ વેશભૂષા પણ વિકારોને કરે તેવી કરવી જોઈએ નહિ.

વળી, કોઈ શ્રાવક અતિ મલિન વસ્ત્ર ધારણ કરે, અતિ સ્થૂલ વસ્ત્ર ધારણ કરે અથવા અતિ ટૂંકાં વસ્ત્ર ધારણ કરે અથવા સચ્છિદ્ર વસ્ત્ર ધારણ કરે, આ પ્રકારે દરિદ્ર જેવા વેશને ધારણ કરે તો દુર્વસ્ત્ર ધારણ કરવાને કારણે આ કૃપણ છે, તે પ્રકારે લોકમાં નિંદા થાય અને હાસ્યાસ્પદ બને. આથી શ્રાવકે પોતાનાં ધન, વય, અવસ્થા, પોતાનું નિવાસસ્થાન અને કુલાદિને અનુરૂપ વેશ ધારણ કરવો જોઈએ.

વળી શ્રાવક પોતાની ભૂમિકા પ્રમાણે જે ઉચિત વેશ ધારણ કરે તેમાં પણ સંખ્યાના પ્રમાણનું નિયતપણું કરવું જોઈએ જેથી વસ્ત્રોના ઉપભોગમાં પણ સંવરભાવ પ્રાપ્ત થાય. વળી અન્ય પણ ભોગોપભોગ વસ્તુના

વિષયમાં પ્રમાણ કરવું જોઈએ અને તે વસ્તુ દંતકાષ્ઠાદિ છે. દાતણ, દેહનું અભ્યંગન=દેહનું ઉત્તમ દ્રવ્યોથી મર્દન કરવું તેનું ઉદ્‌વર્તન પછી મજ્જન=સ્નાનની ક્રિયા, વસ્ત્રની સંખ્યા, વિલેપનની સંખ્યા, આભરણની સંખ્યા, પુષ્પ-ફલાદિની સંખ્યા, વિવિધ અશન શયનાદિની સંખ્યા કે ભવનાદિની સંખ્યાનું નિયમન કરવું જોઈએ. જેથી અધિક આરંભ-સમારંભથી ચિત્ત નિવર્તન પામે. વળી, ખાદ્ય વસ્તુમાં પણ ઓદન=ભાત, સૂપ=દાળ, આદિ જે વસ્તુ પોતે ત્યાગ કરી શકે તેમ નથી તેનું સંખ્યામાં નિયમન કરવું જોઈએ અને તેનાથી અધિકનો ત્યાગ કરવો જોઈએ. જેમ આનંદાદિ શ્રાવકો કરતા હતા. જેનાથી અલ્પ આરંભ-સમારંભ કરવાકૃત સંવરભાવની પ્રાપ્તિ થાય છે.

વળી કર્મને આશ્રયીને પણ શ્રાવકે મુખ્ય રીતે નિરવદ્યકર્મવાળી પ્રવૃત્તિ કરવી જોઈએ અર્થાત્ સર્વ પ્રકારના વ્યાપારાદિનો પરિહાર કરીને ધર્મપરાયણ રહેવું જોઈએ. તે રીતે જીવવાની શક્તિ ન હોય તો ધનાદિ અર્જન કરવું પડે તેવું હોય તો અત્યંત સાવદ્ય કૃત્યોનું વર્જન કરવું જોઈએ અને વિવેકી પુરુષોથી નિન્દ્ય એવા ક્રય-વિક્રયાદિ કૃત્યનો ત્યાગ કરવો જોઈએ. જે કૃત્યો ધનઅર્જન માટે કરે છે તેમાં પણ પ્રમાણ કરવું જોઈએ. અર્થાત્ આટલા પરિમિત વસ્તુ વિષયક વ્યાપાર કરીશ, અધિક વિષયક નહીં. જે કારણથી શાસ્ત્રમાં કહેવાયું છે. રાંધવાની પ્રવૃત્તિથી, ખાંડવાની પ્રવૃત્તિથી, પીસવાની પ્રવૃત્તિથી, દળવાની પ્રવૃત્તિથી, પકાવવાની પ્રવૃત્તિથી શ્રાવક નિત્ય પરિમાણ કરે; કેમ કે તે સર્વ આરંભની પ્રવૃત્તિમાં અવિરતિકૃત મોટો કર્મબંધ છે. કર્મબંધના નિવારણ માટે શ્રાવક પરિમાણ દ્વારા આરંભનો સંકોચ કરે છે.

વળી, આવશ્યકચૂર્ણિમાં પણ કહેવાયું છે –

શ્રાવકના આચાર વિષયક આ સામાચારી છે. ભોજનને આશ્રયીને શ્રાવક ઉત્સર્ગથી પ્રાસુક આહાર ગ્રહણ કરે અર્થાત્ પોતાના માટે કોઈ આહાર ન થયો હોય તેવો નિર્દોષ આહાર ગ્રહણ કરે. તેવી કોઈ વ્યવસ્થા ન હોય તો શ્રાવક અપ્રાસુક પણ સચિત્તના વર્જનપૂર્વક આહાર કરે અર્થાત્ સચિત્ત વસ્તુ વાપરે નહીં અને તેમ કરી શકે તેમ ન હોય તો શ્રાવકે અનંતકાય અને બહુબીજાદિનો પરિહાર કરવો જોઈએ. તે અનંતકાય બહુબીજ વગેરેનો કયા પ્રકારનો પરિહાર કરવો જોઈએ ? જો ખરેખર અચિત્ત વસ્તુ ન પ્રાપ્ત થાય તો ઉત્સર્ગથી ભોજનનો ત્યાગ કરવો જોઈએ અને અચિત્તની પ્રાપ્તિ ન હોય અને ભોજનનો ત્યાગ કરી શકે તેમ ન હોય ત્યારે અપવાદથી અનંતકાય બહુબીજાદિના વર્જનવાળો સચિત્ત આહાર ગ્રહણ કરે અને કર્મને આશ્રયીને શ્રાવક સંપૂર્ણ વ્યાપારાદિની નિવૃત્તિ કરે અને તેમ કરવાથી આજીવિકા થાય તેમ ન હોય તો અત્યંત સાવદ્ય આરંભ-સમારંભનો પરિહાર કરે. આ પ્રકારનું ભોગોપભોગ ગુણવ્રત શ્રાવકને આશ્રયીને છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**श्लोकत्रयेण वर्ज्जनीयानाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્રણ શ્લોકથી વર્જનીય=શ્રાવકને વર્જનીય, વસ્તુ કઈ છે ? તેને કહે છે –**

શ્લોક :-

चतुर्विकृतयो निन्द्या, उदुम्बरकपञ्चकम् ।
हिमं विषं च करका, मृज्जाती रात्रिभोजनम् ।।३२।।
बहुबीजाऽज्ञातफले, सन्धानानन्तकायिके ।
वृन्ताकं चलितरसं, तुच्छं पुष्पफलादि च ।।३३।।
आमगोरससंपृक्तद्विदलं चेति वर्ज्जयेत् ।
द्वाविंशतिमभक्ष्याणि, जैनधर्माधिवासितः ।।३४।। त्रिभिर्विशेषकम् ।।

અન્વયાર્થ :-

निन्द्या चतुर्विकृतयो=નિન્દ્ય એવી ચાર વિગઈઓ, उदुम्बरकपञ्चकम्=ઉદુમ્બરપંચક, हिमं विषं च करका, मृज्जाती रात्रिभोजनम्=હિમ, વિષ, અને કરા, મૃજ્જાતી, રાત્રિભોજન, बहुबीजऽज्ञातफले=બહુબીજ અને અજ્ઞાતફળ, सन्धानानन्तकायिके=સંધાન અને અનંતકાય, वृन्ताकं=રીંગણ, चलितरसं=ચલિતરસ, तुच्छं पुष्पफलादि=તુચ્છ પુષ્પફલાદિ, च=અને, आमगोरससंपृक्तद्विदलं=આમગોરસસંયુક્ત દ્વિદળ=કાચા દૂધ-દહીંથી યુક્ત એવું દ્વિદળ, इति=એ પ્રકારનાં द्वाविंशतिमभक्ष्याणि=બાવીશ અભક્ષ્યનો, जैनधर्माधिवासितः=જૈન ધર્મ અધિવાસિત શ્રાવક, वर्ज्जयेत्=વર્જન કરે. ।।૩૨-૩૩-૩૪।।

શ્લોકાર્થ :-

**નિન્દ્ય એવી ચાર વિગઈઓ, ઉદુમ્બરપંચક, હિમ, વિષ, કરા, મૃજ્જાતી, રાત્રિભોજન, બહુબીજ, અજ્ઞાત ફલ સન્ધાન અને અનંતકાય, રીંગણ, ચલિતરસ, તુચ્છ પુષ્પફલાદિ અને કાચા દૂધ-દહીંથી યુક્ત એવું દ્વિદળ એ પ્રકારનાં બાવીશ અભક્ષ્યનો જૈનધર્મ અધિવાસિત શ્રાવક વર્જન કરે. ।।૩૨-૩૩-૩૪।।**

ટીકા :-

जैनधर्मेणार्हद्धर्मेणाऽधिवासितो=भावितात्मा पुमान् 'द्वाविंशतिं' द्वाविंशतिसङ्ख्याकानि 'अभक्ष्याणि' भोक्तुमनर्हाणि 'वर्जयेत्' त्यजेदिति तृतीयश्लोकान्तेन सम्बन्धः, तानेवाह—'चतुर्विकृतय' इति चतुरवयवा विकृतयश्चतुर्विकृतयः, शाकपार्थिवादित्वात्समासः, कीदृश्यस्ताः ? 'निन्द्याः' सकलशिष्टजननिन्दाविषया मद्यमांसमधुनवनीतलक्षणा इत्यर्थः, तद्वर्णानेकजीवमूर्च्छनात्, तथा चाहुः—

"मज्जे महुंमि मंसंमी, नवनीए चउत्थए ।
उप्पज्जंति चयंति अ, तव्वण्णा तत्थ जंतुणो ।।१।।" **[सम्बोधप्र. श्रा. ७६]**

**परेऽपि –**

"मद्ये मांसे मधुनि च, नवनीते चतुर्थके ।
उत्पद्यन्ते वीलीयन्ते, सुसूक्ष्मा जन्तुराशयः ।।१।।" **इति ।**

**तत्र मद्यं मदिरा, तच्च द्विधा–काष्ठनिष्पन्नं पिष्टनिष्पन्नं चेति । एतच्च बहुदोषाश्रयान्महानर्थहेतुत्वाच्च त्याज्यम् । यदाह –**

"गुरुमोहकलहनिद्दापरिभवउवहासरोसमयहेऊ ।
मज्जं दुग्गइमूलं, हिरिसिरिमइधम्मनासकरं ।।१।।" **[सम्बोधप्र. श्रा. ७३]**

**तथा –**

"रसोद्भवाश्च भूयांसो, भवन्ति किल जन्तवः ।
तस्मान्मद्यं न पातव्यं, हिंसापातकभीरुणा ।।२।।

दत्तं न दत्तमात्तं च, नात्तं कृतं च नो कृतम् ।
मृषोद्यराज्यादिव हा, स्वैरं वदति मद्यपः ।।३।।

गृहे बहिर्वा मार्गे वा परद्रव्याणि मूढधीः ।
वधबन्धादिनिर्भीको, गृह्णात्याच्छिद्य मद्यपः ।।४।।

बालिकां युवतिं वृद्धां, ब्राह्मणीं श्वपचीमपि ।
भुङ्क्ते परस्त्रियं सद्यो, मद्योन्मादकदर्थितः ।।५।।" **[योगशास्त्रवृत्तिः ३/१७]**

विवेकः संयमो ज्ञानं, सत्यं शौचं दया क्षमा ।
मद्यात्प्रलीयते सर्वं, तृण्या वह्निकणादिव ।।६।।

श्रूयते किल शाम्बेन, मद्यादन्धम्भविष्णुना ।
हतं वृष्णिकुलं सर्वं, प्लोषिता च पुरी पितुः ।।७।।" **१ ।**

**मांसं त्रेधा-जलचरस्थलचरखेचरजन्तूद्भवभेदाच्चर्मरुधिरमांसभेदाद्वा, तद्भक्षणमपि महापाप-मूलत्वाद्वर्ज्यम् । यदाहुः–**

"पंचिदिअवहभूअं, मंसं दुग्गंधमसुइबीभच्छं ।
रक्खपरितुलिअभक्खगमामयजणयं कुगइमूलं ।।१।।

आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसुं ।
सययं चिअ उववाओ, भणिओ अ निगोअजीवाणं ।।२।।" **[सम्बोधप्र. श्रा. ७४-५]**

**योगशास्त्रेऽपि –**

"सद्यःसंमूर्च्छितानन्तजन्तुसन्तानदूषितम् ।

नरकाध्वनि पाथेयं, कोऽश्नीयात्पिशितं सुधीः ? ।।३।।" **[३/३३]**

"सद्यो" जन्तुविशसनकाल एव "संमूर्च्छिता" उत्पन्ना "अनन्ता" निगोदरूपा ये जन्तवस्तेषां "संतानः" पुनः पुनर्भवनं तेन दूषितम्" **इति तद्वृत्तिः [प. ४४५] ।**

**मांसभक्षकस्य च घातकत्वमेव । यतः –**

"हन्ता पलस्य विक्रेता, संस्कर्ता भक्षकस्तथा ।

क्रेताऽनुमन्ता दाता च, घातका एव यन्मनुः ।।४।।" **[योगशास्त्रे ३/२०]**

**तथा भक्षकस्यैवान्यपरिहारेण वधकत्वम्, यथा –**

"ये भक्षयन्त्यन्यपलं, स्वकीयपलपुष्टये ।

त एव घातका यन्न, वधको भक्षकं विना ।।१।।" **[योगशास्त्रे ३/२३] इति २ ।**

**ટીકાર્થ :-**

**जैनधर्मेणार्ह ..... इति २ । જૈન ધર્મથી=અરિહંતના ધર્મથી અધિવાસિત=ભાવિત આત્મા પુરુષ 'બાવીશ'=બાવીશ સંખ્યાવાળા, અભક્ષ્યને=ભોગવવા માટે અયોગ્ય વસ્તુને વર્જન કરે એ પ્રમાણે ત્રીજા શ્લોકના અંત સાથે સંબંધ છે. તેને જ=૨૨ અભક્ષ્યને જ, કહે છે –**

**ચાર વિકૃતિઓ એટલે ચાર અવયવો વિકૃતિવાળા છે તે ચાર વિકૃતિઓ છે; કેમ કે શાકપાર્થિવાદિપણાથી સમાસ છે.**

કેવી ચાર વિકૃતિઓ ? એથી કહે છે –

**નિન્દ્ય=સકલ શિષ્ટજનથી નિંદાના વિષયવાળી મદ્ય=મદિરા, માંસ, મધુ=મધ, નવનીત=માખણ રૂપ ચાર વિકૃતિઓ છે.**

કેમ ચાર વિકૃતિઓ સકલશિષ્ટજનથી નિન્દ્ય છે ? તેમાં હેતુ કહે છે –

**તદ્વર્ણવાળા અનેક જીવનું મૂર્ચ્છન છે=મદ્યાદિ વર્ણવાળા અનેક જીવોની તેમાં ઉત્પત્તિ છે અને તે પ્રમાણે=મદ્યાદિમાં જીવોની ઉત્પત્તિ છે તે પ્રમાણે કહે છે –**

'મદ્ય, મધ, માંસ, માખણરૂપ ચારમાં તદ્વર્ણવાળા જંતુઓ ત્યાં=મદ્યાદિ ચારમાં, ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે." **(સંબોધ પ્રકરણ, શ્રા. ૭૬)**

**બીજાઓ પણ કહે છે –**

"મદ્ય, માંસ, મધ અને માખણરૂપ ચાર વસ્તુમાં અતિસૂક્ષ્મ જંતુરાશિઓ ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે=નાશ પામે છે." **()**

**ત્યાં=ચાર વિગઈઓમાં, મદ્ય=મદિરા છે અને તે બે પ્રકારના છે. ૧. કાષ્ઠનિષ્પન્ન અને ૨. પિષ્ટનિષ્પન્ન. અને આ=બે પ્રકારની મદિરા, બહુદોષનો આશ્રય હોવાથી અને મહા અનર્થનો હેતુ હોવાથી ત્યાજ્ય છે.**

**જેને કહે છે=બહુદોષો અને મહાઅનર્થના હેતુને કહે છે –**

"ગુરુમોહ=અત્યંત મોહ, કલહ, નિદ્રા, પરિભવ, ઉપહાસ, રોષ-ભયનો હેતુ, દુર્ગતિનું મૂળ એવું મદ્ય, હિરિ=લજ્જા, સિરિ=સંપત્તિ, મઈ=મતિ અને ધર્મના નાશને કરનાર છે." ॥૧॥ **(સંબોધ પ્રકરણ, શ્રા. ૭૩)**

**અને**

"જે કારણથી રસઉદ્‌ભવ ઘણાં જંતુઓ થાય છે તે કારણથી હિંસાના પાપના ભીરુએ મદ્ય પીવું જોઈએ નહીં. ॥૨॥

ખેદની વાત છે. અપાયેલું નથી અપાયેલું, ખાધેલું નથી ખાધેલું, કરેલું નથી કરેલું, મૃષાના ઉદ્યરાજ્યથી જેમ મદ્યપાન કરનાર સ્વેચ્છાથી બોલે છે. ॥૩॥

મદ્યપાન કરનારો મૂઢબુદ્ધિવાળો વધ, બંધાદિથી નિર્ભીક, ઘરમાં અથવા બહાર અથવા માર્ગમાં પરદ્રવ્યોને ખેંચીને ગ્રહણ કરે છે. ॥૪॥

બાલિકાને, યુવતીને, વૃદ્ધાને, બ્રાહ્મણીને, ચંડાલી એવી પરસ્ત્રીને મદ્યના ઉન્માદથી કદર્થિત એવો જીવ સદ્ય=તરત, ભોગવે છે." ॥૫॥ **(યોગશાસ્ત્રવૃત્તિ-૩/૧૭)**

"જેમ અગ્નિના કણથી ઘાસની ગંજીઓ નાશ પામે છે તેમ વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, ક્ષમા, સર્વ મદ્યથી નાશ પામે છે. ॥૬॥

સંભળાય છે ખરેખર મદ્યથી અંધ થયેલા શામ્બ વડે સર્વ વૃષ્ણિકુલ=યાદવકુળ, હણાયું. અને પિતાની નગરી નાશ કરાઈ." ॥૭॥

**જલચર, સ્થલચર, ખેચર જંતુના ઉદ્‌ભવના ભેદથી અથવા ચર્મ, રુધિર, માંસના ભેદથી માંસ ત્રણ પ્રકારનું છે. તેનું ભક્ષણ પણ મહાપાપનું મૂલપણું હોવાથી વર્જ્ય છે.**

**જેને કહે છે –**

"પંચેંદ્રિયના વધથી થયેલું દુર્ગંધવાળું, અશુચિ, બીભત્સ રાક્ષસથી પરિતુલિત ભક્ષકને કરનારું, આમયજનક=રોગજનક, દુર્ગતિનું મૂળ માંસ છે. ॥૧॥

કાચી અને પાકી વિપચ્યમાન=રંધાતી, માંસપેશીઓમાં સતત જ નિગોદના જીવોનો ઉપપાત કહેવાયો છે." ॥૨॥ **(સંબોધ પ્રકરણ, શ્રા. ૭૪-૫)**

**'યોગશાસ્ત્ર' ગ્રંથમાં પણ કહ્યું છે –**

"સદ્ય, સંમૂર્ચ્છિત અનંત જંતુના સંતાનથી દૂષિત, નરકમાર્ગમાં પાથેય=ભાતારૂપ, પિશિતને=માંસને, કોણ બુદ્ધિમાન ખાય ?" ॥૩॥ **(યોગશાસ્ત્ર-૩/૩૩)**

" 'સદ્ય'=જંતુના નાશના કાળમાં જ, 'સંમૂર્ચ્છિત'=ઉત્પન્ન, અનંતા નિગોદરૂપ જે જીવો=તેઓનું સંતાન=ફરી ફરી થવા રૂપ પ્રવાહ તેનાથી દૂષિત છે" **એ પ્રમાણે તેની વૃત્તિ છે='યોગશાસ્ત્ર ગ્રંથ'ના ઉદ્ધરણની ટીકા છે. (પત્ર. ૪૪૫)**

**અને માંસભક્ષકનું ઘાતકપણું જ છે. જે કારણથી કહેવાયું છે –**

"હણનારો, માંસનો વેચનારો, માંસને સંસ્કાર કરનારો, અને માંસનો ભક્ષક, માંસનો ખરીદનારો, માંસની અનુમોદના કરનારો અને માંસને આપનાર ઘાતક જ છે. જે કારણથી મનુએ કહ્યું છે." ।।૪।। **(યેગશાસ્ત્ર-૩/૨૦)**

**અને અન્યના પરિહારથી ભક્ષકનું જ વધકપણું છે. જે આ પ્રમાણે –**

"જેઓ પોતાના માંસની પુષ્ટિ માટે અન્યનું માંસ ખાય છે તેઓ જ ઘાતક છે. જે કારણથી ભક્ષક વગર વધક નથી=માંસ ખાનાર ન હોય તો વધ કરનાર ન હોય." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૨૩)**

**ભાવાર્થ :-**

શ્રાવક ભોગોપભોગ વ્રતનું પરિમાણ કરે ત્યારે વર્જનીય એવા બાવીશ અભક્ષ્ય છે તેનું સ્વરૂપ બતાવે છે. તેમાં સકલ શિષ્ટલોકોને નિન્દ્ય એવી ચાર મહાવિગઈઓ બતાવે છે –

જે મદ્ય, માંસ, મધુ અને માખણરૂપ છે અને તે ચારે વિગઈમાં તદ્વર્ણવાળા અનેક જીવો ઉત્પન્ન થાય છે માટે વર્જ્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે મધમાં, માંસમાં, મદ્યમાં અને માખણમાં તેઓના વર્ણવાળા જીવો સતત ઉત્પન્ન થાય છે અને મરે છે. માટે શ્રાવકે મદ્યાદિ ચાર મહાવિગઈઓનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

મદ્ય શું છે ? તે સ્પષ્ટ કરે છે –

મદ્ય કાષ્ઠથી નિષ્પન્ન અને પિષ્ટથી નિષ્પન્ન છે. તેથી કેટલોક દારૂ અમુક પ્રકારના કાષ્ઠથી ઉત્પન્ન થાય અને કેટલોક દારૂ અમુક પ્રકારના દ્રવ્યના મિશ્રણથી ઉત્પન્ન થાય છે. વળી દારૂ શ્રાવકને શા માટે ત્યાજ્ય છે તેમાં હેતુ કહે છે. દારૂ ઘણા દોષોનું આશ્રયસ્થાન છે અને મહાઅનર્થનો હેતુ છે. માટે શ્રાવકે મદ્ય=મદિરા=દારૂનો ત્યાગ કરવો જોઈએ.

કયા કયા બહુ દોષો થાય છે ? તે બતાવે છે –

દારૂ ઘણા મોહનો હેતુ છે. જીવમાં જે સામાન્યથી મોહનો પરિણામ વર્તે છે તે દારૂ પીવાથી અતિશયિત થાય છે.

વળી, દારૂ ઘણા કલહનો હેતુ છે. સામાન્ય રીતે સંસારમાં કલહ થવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હોય છે પરંતુ દારૂ પીનારા જીવો પોતાના ઉપરનો કાબૂ ખોઈ નાખે છે ત્યારે ઘણો કલહ કરે છે માટે દારૂ ત્યાજ્ય છે.

વળી, દારૂ ઘણી નિદ્રાનો હેતુ છે. સામાન્ રીતે સંસારી જીવોને નિદ્રા દોષ છે. પરંતુ દારૂ પીનારને ઘણી નિદ્રા આવે છે. ઘણી નિદ્રારૂપ દોષનો હેતુ દારૂ છે માટે દારૂ ત્યાજ્ય છે.

વળી દારૂ મહાપરિભવનો હેતુ છે. સામાન્ય રીતે જીવો પોતાના સ્વાર્થથી બીજાનો પરિભવ કરતા હોય

છે પરંતુ દારૂ પીનારા જીવો અન્યને જેમ તેમ બોલીને બીજાનો પરિભવ કરે છે. માટે દારૂ મહાપરિભવનો હેતુ છે. માટે દારૂ ત્યાજ્ય છે.

વળી દારૂ મોટા ઉપહાસનો હેતુ છે. સામાન્ય રીતે કોઈ અનુચિત પ્રવૃત્તિ કરે તો તે લોકમાં ઉપહાસનો વિષય બને છે પરંતુ દારૂના નશામાં જીવો અનેક જાતના અસમંજસ. અસંબદ્ધ પ્રલાપો કરે છે તેથી લોકમાં દારૂ પીનાર મહાઉપહાસનો હેતુ બને છે. માટે દારૂ ત્યાજ્ય છે.

વળી, દારૂ મહારોષનો હેતુ છે. સામાન્યથી જીવોને કોઈના પ્રત્યે તે-તે નિમિત્તે રોષ=ક્રોધ, થાય છે પરંતુ દારૂ પીધો હોય ત્યારે પોતાના ઉપર પોતાનો કાબૂ નહીં હોવાથી દારૂ પીનારા જીવો ગમે ત્યારે ગમે તે પ્રકારનો રોષ કરે છે તેથી દારૂ મહાન રોષનો હેતુ છે માટે દારૂ ત્યાજ્ય છે.

વળી, દારૂ ગુરુ ભયનો હેતુ છે. સામાન્ય રીતે જીવોને તે-તે નિમિત્તોથી ભય ઉત્પન્ન થાય છે. પરંતુ જેઓએ ખૂબ દારૂ પીધો હોય ત્યારે તેના માથામાં તેની ભયસંજ્ઞા અતિ જાગ્રત થાય છે. ત્યારે તેઓ સર્વથી અત્યંત ભય પામતા હોય છે. તેથી દારૂ ગુરુભયનો હેતુ છે માટે દારૂ ત્યાજ્ય છે.

આ રીતે, ઘણા દોષના હેતુ દારૂ છે તે બતાવ્યા પછી ઘણા અનર્થોનો હેતુ દારૂ છે તે ઉદ્ધરણના શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે –

દારૂ દુર્ગતિનું મૂળ છે; કેમ કે દારૂના નશામાં જીવો અનેક પાપો કરે છે. દારૂ અનેક જીવોથી સંસક્ત છે, તેથી અનેક જીવોની હિંસાનું કારણ છે. માટે દારૂ દુર્ગતિનું મૂળ છે. વળી, દારૂ પીવાથી લજ્જાનો નાશ થાય છે, લક્ષ્મીનો નાશ થાય છે, મતિનો નાશ થાય છે=નશાના વશમાં મતિ અસંબદ્ધ પ્રવૃત્તિ કરનારી બને છે અને ધર્મનો નાશ કરનાર છે=દારૂ પીનારે પૂર્વમાં કોઈ સારાં કૃત્યો કર્યાં હોય તેના સંસ્કારો દારૂના નશામાં અસંબદ્ધ પ્રવૃત્તિ કરવાથી નાશ પામે છે તેથી મદ્યપાન મહાઅનર્થનો હેતુ છે.

વળી, 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં પણ દારૂના અનર્થો બતાવતા કહ્યું છે –

દારૂના રસમાં ઘણાં જીવો ઉત્પન્ન થાય છે માટે હિંસાના પાપથી ભીરુ એવા શ્રાવકે મદ્યપાન કરવું જોઈએ નહિ. વળી, મદ્યપાન કરનાર પુરુષ મતિ ઉપરના કાબૂને રાખી શકતો નથી તેથી પોતે કોઈને આપેલું હોય તેમ છતાં 'મેં આપ્યું નથી' તેમ મૃષા બોલે છે. પોતે ખાધેલું હોય તેમ છતાં 'મેં ખાધું નથી' તેમ મૃષા બોલે છે. પોતે કોઈ કૃત્ય કર્યું હોય તેમ છતાં 'મેં તે કૃત્ય કર્યું નથી' તેમ મૃષા બોલે છે.

કોની જેમ મૃષા બોલે છે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

કેટલાક જીવોમાં મૃષા બોલવાનું અત્યંત સામ્રાજ્ય વર્તે છે. તેઓ દરેક કથનમાં મૃષા બોલતા હોય છે. તેની જેમ મૃષા નહીં બોલનાર એવો જીવ મદ્યપાનાદિના કારણે ગમે તે પ્રકારનું મૃષા બોલે છે. માટે શ્રાવકે મદ્યપાનનો ત્યાગ કરવો જોઈએ.

વળી, મદ્યને વશ જીવ હું કોઈનું દ્રવ્ય ગ્રહણ કરીશ તો મારો વધ થશે, મને બંધનાદિ થશે તે પ્રકારના ભયથી રહિત બને છે. મદ્યપાનથી મૂઢ થયેલી બુદ્ધિવાળો તે ગમે તે સ્થાનમાં બીજાનું ઝૂંટવીને ગ્રહણ કરે છે.

વળી, મદ્યપાનને વશ જીવ કામના ઉન્માદને વશ થાય તો બાલિકા, યુવતી, વૃદ્ધા કે ગમે તે સ્ત્રી હોય તેની સાથે ભોગ કરે છે.

આ રીતે મદ્યપાન કરવાથી હિંસા, અસત્ય, ચોરી અને મૈથુનની પ્રાપ્તિ હોવાથી શ્રાવકનાં સર્વ વ્રતોનો લોપ થવાનો પ્રસંગ આવે. તેથી શ્રાવકે મદ્યપાનનો ત્યાગ કરવો જોઈએ.

વળી, મદ્યપાન કરવાથી આત્મામાં પ્રગટ થયેલો વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, ક્ષમા સર્વનાશ પામે છે માટે શ્રાવકે મદ્યપાન કરવું જોઈએ નહિ.

મદ્યપાન અનર્થકારી છે તે બતાવવા માટે સાક્ષીપાઠ બતાવે છે –

શાસ્ત્રમાં સંભળાય છે કે કૃષ્ણના પુત્ર શામ્બ તે જ ભવમાં મોક્ષમાં જનાર છે. છતાં પણ મદ્યપાનને વશ તેનાથી યાદવકુળનો નાશ થયો અને પિતાની નગરી દ્વારિકાનો નાશ થયો. માટે મદ્યપાન અત્યંત અનર્થકારી છે તેથી શ્રાવકે તેનું વર્જન કરવું જોઈએ.

આ રીતે મદ્યપાનની અનર્થકારિતા બતાવ્યા પછી માંસ કેમ ત્યાજ્ય છે ? તે બતાવવા અર્થે કહે છે –

કોઈ જીવને મારવામાં આવે કે તરત જ તે જીવના માંસમાં અનેક નિગોદના જીવો ઉત્પન્ન થાય છે તેથી માંસ ખાવાની પ્રવૃત્તિ નરકનો માર્ગ છે. માટે શ્રાવકે તેનું વર્જન કરવું જોઈએ.

વળી, 'મનુસ્મૃતિ'ના વચનાનુસાર જીવને હણનાર ઘાતક છે, માંસને વેચનાર પણ ઘાતક છે, માંસને રાંધનાર પણ ઘાતક છે, માંસનું ભક્ષણ કરનાર પણ ઘાતક છે, માંસને ખરીદનાર પણ ઘાતક છે, માંસની અનુમોદના કરનાર પણ ઘાતક છે અને માંસને આપનારા પણ ઘાતક છે. તેથી માંસ વિષયક સર્વ પ્રકારની પ્રવૃત્તિ શ્રાવકને માટે વર્જ્ય છે.

વળી, અપેક્ષાએ 'ભક્ષક' જ હિંસા કરનાર છે, અન્ય નહિ. તે બતાવવા માટે કહે છે –

જેઓ પોતાના દેહની પુષ્ટિ માટે અન્યનું માંસ ખાય છે તેઓ જ ઘાતક છે, અન્ય નહિ; કેમ કે માંસનું ભક્ષણ કરનાર ન હોય તો માંસના વેચનારા હિંસા કરે નહીં માટે માંસ ખાનાર મુખ્ય ઘાતક છે. તેથી શ્રાવકે માંસનું ભક્ષણ અવશ્ય વર્જવું જોઈએ.

**ટીકા :-**

**मधु च माक्षिकं १ कौत्तिकं २ भ्रामरं ३ चेति त्रिधा । इदमपि बहुप्राणिविनाशसमुद्भवमिति हेयम्, यतः–**

"अनेकजन्तुसङ्घातनिघातनसमुद्भवम् ।

जुगुप्सनीयं लालावत् कः स्वादयति माक्षिकम् ? ।।१।।" **[योगशास्त्रे ३/३६] इति ३ ।**

**नवनीतमपि गोमहिष्यजाऽविसम्बन्धेन चतुर्द्धा, तदपि सूक्ष्मजन्तुराशिखानित्वात्त्याज्यमेव । यतः-**

"अन्तर्मुहूर्त्तात्परतः, सुसूक्ष्मा जन्तुराशयः ।

यत्र मूर्छन्ति तन्नाऽद्यं, नवनीतं विवेकिभिः ।।१।।" **[योगशास्त्रे ३/३४] इति ४ ।**

**तथा उदुम्बरकेनोपलक्षितं पञ्चकं वट १ पिप्पलो २ दुम्बर ३ प्लक्ष ४ काकोदुम्बरी ५ फललक्षणं उदुम्बरकपञ्चकम्, मशकाकारसूक्ष्मबहुजीवनिचितत्वाद्वर्जनीयम् । यतो योगशास्त्रे–**

"उदुम्बरवटप्लक्षकाकोदुम्बरशाखिनाम् ।

पिप्पलस्य च नाश्नीयात्फलं कृमिकुलाकुलम् ।।१।।" **[३/४२]**

**लोकेऽपि –**

"कोऽपि क्वापि कुतोऽपि कस्यचिदहो चेतस्यकस्माज्जनः,

केनापि प्रविशत्युदुम्बरफलप्राणिक्रमेण क्षणात् ।

येनास्मिन्नपि पाटिते विघटिते विस्फोटिते त्रोटिते,

निष्पिष्टे परिगालिते विदलिते निर्यात्यसौ वा नवा ।।१।।" **९ ।**

**तथा 'हिमं' तुहिनं तदप्यसङ्ख्येयाप्कायरूपत्वात् त्याज्यम् १० ।**

**'विषम्' अहिफेनादि मन्त्रोपहतवीर्यमप्युदरान्तर्वर्त्तिगण्डोलकादिजीवघातहेतुत्वान्मरणसमये महामोहोत्पादकत्वाच्च हेयम् ११ ।**

**'करका' द्रवीभूता आपः असङ्ख्याप्कायिकत्वात् वर्ज्याः । नन्वेवमसङ्ख्याप्कायमत्वेनाभक्ष्यत्वे जलस्याप्यभक्ष्यत्वापत्तिः, इति चेत्सत्यम्, असङ्ख्यजीवमयत्वेऽपि जलमन्तरा निर्वाहाभावान्न तस्य तथोक्तिः १२ ।**

**तथा 'मृज्जातिः' सर्वापि मृत्तिका दर्दुरादिपञ्चेन्द्रियप्राण्युत्पत्तिनिमित्तत्वादिना मरणाद्यनर्थकारित्वात् त्याज्या, जातिग्रहणं खटिकादिसूचकम्, तद्भक्षणस्याऽऽमाश्रयादिदोषजनकत्वात्, मृद्ग्रहणं चोपलक्षणम्, तेन सुधाद्यपि वर्जनीयम्, तद्भक्षकस्यान्त्रशाटाद्यनर्थसम्भवात्, मृद्भक्षणे चासङ्ख्येयपृथिवीकायविराधनाद्यपि, लवणमप्यसङ्ख्यपृथिवीकायात्मकमिति सचित्तं त्याज्यम्, प्रासुकं ग्राह्यम्, प्रासुकत्वं चाग्न्यादिप्रबलशस्त्रयोगेनैव, नान्यथा, तत्र पृथिवीकायजीवानामसङ्ख्येयत्वेनात्यन्तसूक्ष्मत्वात्, तथा च पञ्चमाङ्गे १९ शतकतृतीयोद्देशके निर्दिष्टोऽयमर्थः–**

"वज्रमय्यां शिलायां स्वल्पपृथिवीकायस्य वज्रलोष्टकेनैकविंशतिवारान् पेषणे सन्त्येके केचन जीवा ये स्पृष्टा अपि नेति" **१३ ।**

**तथा रात्रौ=नक्तं भोजनं=भुक्तिः रात्रिभोजनम्, तदपि हेयम्, बहुविधजीवसम्पातसम्भवेनैहिक-**

**पारलौकिकानेकदोषदुष्टत्वात् । यदभिहितम् –**

"मेहं पिवीलिआउ, हणंति वमणं च मच्छिआ कुणइ ।
जूआ जलोदरत्तं, कोलिअओ कोट्ठरोगं च ।।१।।

वालो सरस्स भंगं, कंटो लग्गइ गलंमि दारुं च ।
तालुंमि विंधइ अली, वंजणमज्झंमि भुज्जंतो ।।२।।" **[सम्बोधप्र. श्रा. ८०-१]**

**व्यज्जनमिह वार्त्ताकशाकरूपमभिप्रेतं, तद्वृन्तं च वृश्चिककाकारमेव स्यादिति वृश्चिकस्यासूक्ष्मस्यापि तन्मध्यपतितस्यालक्ष्यत्वाद् भोज्यता संभवतीतिविशेषः । निशीथचूर्णावपि –**

"गिहकोइलअवयवसम्मिस्सेण भुत्तेण पोट्टे किल गिहकोइला संमुच्छंति" ।

**एवं सर्पादिलालामलमूत्रादिपाताद्यपि । तथा –**

"मालिंति महिअलं जामिणिसु रयणीअरा य [स]मंतेणं ।
तेवि च्छलंति हु फुडं, रयणीए भुंजमाणं तु ।।१।।" **[सम्बोधप्र. श्रा. ८२]**

**अपि च-निशाभोजने क्रियमाणे अवश्यं पाकः सम्भवी, तत्र षड्जीवनिकायवधोऽवश्यंभावी, भाजनधावनादौ च जलगतजन्तुनाशः, जलोज्झनेन भूमिगतकुन्थुपिपीलिकादिजन्तुघातश्च भवति तत्प्राणिरक्षणकाङ्क्षयापि निशाभोजनं न कर्त्तव्यम् । यदाहुः –**

"जीवाण कुंथुमाईण, घायणं भाणधोअणाईसुं ।
एमाइ रयणिभोयणदोसे को साहिउं तरइ? ।।१।।" **[सम्बोधप्र. श्रा. ८३]**

**यद्यपि च सिद्धमोदकादिखर्जूरद्राक्षादिभक्षणे नास्त्यन्नपाको, न च भाजनधावनादिसम्भवः, तथापि कुन्थुपनकादिघातसम्भवात्तस्यापि त्याग एव युक्तः । यदुक्तं निशीथभाष्ये –**

"जइविहु फासुगदव्वं, कुंथूपणगादि तहावि दुप्पस्सा ।
पच्चक्खणाणिणोऽविहु, राईभत्तं परिहरंति ।।१।।

जइविहु पिवीलिगाई, दीसंति पईवमाईउज्जोए ।
तहवि खलु अणाइन्नं, मूलवयविराहणा जेणं ।।२।।" **[गा. ३४११-२]**

**एतत्फलं च–**

"उलूककाकमार्जारगृध्रशम्बरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ।।१।।"

**परेऽपि पठन्ति–**

"मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ।
अस्तं गते दिवानाथे, भोजनं क्रियते कथम् ? ।।१।।
रक्तीभवन्ति तोयानि, अन्नानि पिशितानि च ।
रात्रौ भोजनसक्तस्य, ग्रासे तन्मांसभक्षणम् ।।२।।"

**स्कन्दपुराणे रुद्रप्रणीतकपालमोचनस्तोत्रे सूर्यस्तुतिरूपेऽपि–**

"एकभक्ताशनान्नित्यमग्निहोत्रफलं लभेत् ।
अनस्तभोजनो नित्यं, तीर्थयात्राफलं भजेत् ।।१।।"

**तथा–**

"नैवाहुतिर्न च स्नानं, न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ।।२।।" **[योगशास्त्रे ३/५६]**

**आयुर्वेदेऽपि–**

"हृन्नाभिपद्मसङ्कोचश्चण्डरोचिरपायतः ।
अतो नक्तं न भोक्तव्यं, सूक्ष्मजीवादनादपि ।।३।।" **[योगशास्त्रे ३/६०]**

**तस्माद्विवेकिना रात्रौ चतुर्विधोऽप्याहारः परिहार्यः, तदशक्तौ त्वशनं खादिमं च त्याज्यमेव, स्वादिमं पूगीफलाद्यपि दिवा सम्यक् शोधनादियतनयैव गृह्णात्यन्यथा त्रसहिंसादयोऽपि दोषाः मुख्यवृत्त्या च प्रातः सायं च रात्रिप्रत्यासन्नत्वाद् द्वे द्वे घटिके भोजनं त्यजेद्, यतो योगशास्त्रे–**

"अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम् ।।१।।" **[योगशास्त्रे ३/६३]**

**अत एवागमे सर्वजघन्यं प्रत्याख्यानं मुहूर्त्तप्रमाणं नमस्कारसहितमुच्यते, जातु तत्तत्कार्यव्यग्रत्वादिना तथा न शक्नोति तदापि सूर्योदयास्तनिर्णयमपेक्षत एवाऽऽतपदर्शनादिना, अन्यथा रात्रिभोजनदोषः अन्धकारभवनेऽपि व्रीडया प्रदीपाकरणादिना त्रसादिहिंसानियमभङ्गमायामृषावादादयोऽधिकदोषा अपि । यतः –**

"न करेमित्ति भणित्ता, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानियडीपसंगो अ ।।१।।
पावं काऊण सयं, अप्पाणं सुद्धमेव वाहरइ ।
दुगुणं करेइ पावं, बीअं बालस्स मंदत्तं ।।२।।" **() १४** ।

**तथा 'बहुबीजेति' बहुबीजं च अज्ञातफलं चेति द्वन्द्वः, तत्र बहूनि बीजानि वर्तन्ते यस्मिन् तत् बहुबीजं, पम्पोटकादिकमभ्यन्तरे पुटादिरहितकेवलबीजमयं, तच्च प्रतिबीजं जीवोपमर्दसम्भवाद्वर्जनीयं, यच्चाभ्यन्तरपुटादिसहितबीजमयं दाडिमटिण्डुरादि तन्नाभक्ष(क्ष्य)तया व्यवहरन्ति १५ । अज्ञातं च तत्फलं चेति कर्मधारयः, अज्ञातफलं स्वयं परेण वा यद् न ज्ञातं फलमुपलक्षणत्वात्पत्रं तदभक्ष्यं, निषिद्धफले विषफले वा अज्ञानात्प्रवृत्तिसम्भवात्, अज्ञानतो हि प्रतिषिद्धे फले प्रवर्तमानस्य व्रतभङ्गः, विषमयफले तु जीवितविनाशः १६ । तथा सन्धानं चानन्तकायिकं चेति द्वन्द्वः, अत्र सन्धानं निम्बुकबिल्वकादीनाम् अनेकसंसक्तिनिमित्तत्वाद्वर्ज्यं, सन्धानस्य च व्यवहारवृत्त्या दिनत्रयात् परतोऽभक्ष्यत्वमाचक्षते, योगशास्त्रवृत्तावपि–** "सन्धानमाम्रफलादीनां यदि संसक्तं भवेत्तदा जिनधर्मपरायणः कृपालुत्वात्त्यजेदिति" **[३/७२, प. ४६७] १७ ।**

**अनन्ताः कायिका जीवा यत्र तत् अनन्तकायिकम् अनन्तजन्तुसन्ताननिपातननिमित्तत्वात् वर्ज्यम्, यतः–**

"नृभ्यो नैरयिकाः सुराश्च निखिलाः पञ्चाक्षतिर्यग्गणो,
द्वयक्षाद्या ज्वलनो यथोत्तरममी सङ्ख्यातिगा भाषिताः ।
तेभ्यो भूजलवायवः समधिकाः प्रोक्ता यथानुक्रमं,
सर्वेभ्यः शिवगा अनन्तगुणितास्तेभ्योऽप्यनन्तांशगाः ।।१।।"

**तानि आर्यदेशप्रसिद्धानि द्वात्रिंशत्तदाहुः–**

"सव्वा य कंदजाई १ सूरणकंदो अ वज्जकंदो २ अ ।
अल्लहलिद्दा य ३ तहा, अल्लं ४ तह अल्लकच्चूरो ५ ।।१।।
सत्तावरी ६ विराली ७, कुँआरि ८ तह थोहरी ९ गलोई अ १० ।
लसुणं ११ वंसकरिल्ला १२, गज्जर १३ लूणो अ १४ तह लोढा १५ ।।२।।
गिरिकण्णि १६ किसलिपत्ता १७, खरिंसुआ १८ थेग १९ अल्लमुत्था य २० ।
तह लूणरुक्खछल्ली २१, खिल्लहडो २२ अमयवल्ली अ २३ ।।३।।
मूला २४ तह भूमिरुहा २५, विरुआ २६ तह ढक्कवत्थुलो पढमो २७ ।
सूअरवल्लो अ २८ तहा, पल्लंको २९ कोमलंबिलिआ ३० ।।४।।
आलू ३१ तह पिंडालू ३२, हवंति एए अणंतनामेणं ।
अन्नमणंतं नेअं, लक्खणजुत्तीइ समयाओ ।।५।।" **[सम्बोधप्र. श्रा. ९०-४, प्रवचनसारोद्धारे २३६-४०]**

व्याख्या–सर्वैव कन्दजातिरनन्तकायिका इति सम्बन्धः, कन्दो नाम भूमध्यगो वृक्षावयवः, ते चात्र कन्दा अशुष्का एव ग्राह्याः, शुष्काणां तु निर्जीवत्वादनन्तकायिकत्वं न सम्भवति, श्रीहेमसूरिरप्येवमेव–"आर्द्रः कन्दः समग्रोऽपि- [योगशास्त्रे ३/४४] आर्द्रोऽशुष्कः कन्दः, शुष्कस्य तु निर्जीवत्वादनन्तकायत्वं न सम्भवतीति योगशास्त्रसूत्रवृत्त्योराह" [३/४४]

अथ तानेव कांश्चित्कन्दान् व्याप्रियमाणत्वान्नामत आह – सूरणकन्दः अर्शोघ्नः कन्दविशेषः १ । वज्रकन्दोऽपि कन्दविशेष एव २ । आर्द्राऽशुष्का हरिद्रा प्रतीतैव ३ । आर्द्रकं शृङ्गबेरम् ४ । आर्द्रकच्चूरस्तिक्तद्रव्यविशेषः प्रतीत एव ५ । शतावरी ६ । विरालिके वल्लीभेदौ ७ । कुमारी मांसलप्रणालाकारपत्रा प्रतीतैव ८ । थोहरी स्नुहीतरुः ९ । गडूची वल्लीविशेषः प्रतीत एव १० । लशुनः कन्दविशेषः ११ । वंशकर(रि)ल्लानि कोमलाभिनववंशावयवविशेषाः प्रसिद्धा एव १२ । गर्जरकाणि सर्वजनविदितान्येव १३ । लवणको वनस्पतिविशेषो, येन दग्धेन सर्ज्जिका निष्पद्यते १४ । लोढकः पद्मिनीकन्दः १५ । गिरिकर्णिका वल्लीविशेषः १६ । किसलयरूपाणि पत्राणि प्रौढपत्रादर्वाक् बीजस्योच्छूनावस्थालक्षणानि सर्वाण्यप्यनन्तकायिकानि, न तु कानिचिदेव १७ । खरिंशुकाः कन्दभेदाः १८ । थेगोऽपि कन्दविशेष एव १९ । आर्द्रा मुस्ता प्रतीता २० । लवणापरपर्यायस्य भ्रमरनाम्नो वृक्षस्य छविस्त्वक् नत्वन्येऽवयवाः २१ । खिल्लहडो लोकप्रसिद्धः कन्दः २२ । अमृतवल्ली वल्लीविशेषः २३ । मूलको लोकप्रतीतः २४ । भूमिरुहाणि छत्रकाणि वर्षाकालभावीनि भूमिस्फोटकानीतिप्रसिद्धानि २५ । विरूढान्यङ्कुरितानि द्विदलधान्यानि २६ । ढङ्कवास्तुलः शाकविशेषः, स च प्रथमोद्गत एवानन्तकायिको न तु छिन्नप्ररूढः २७ । शूकरसंज्ञको वल्लः, स एवानन्तकायिको न तु धान्यवल्लः २८ । पल्यङ्क शाकभेदः २९ । कोमलाम्लिका अबद्धास्थिका चिञ्चिणिका ३० । आलुक ३१ पिण्डालुकौ ३२ कन्दभेदौ ।

एते पूर्वोक्ताः पदार्थाः द्वात्रिंशत्सङ्ख्या अनन्तकायनामभिर्भवन्तीत्यर्थः, न चैतावन्त्येवानन्तकायिकानि, किंत्वन्येऽपि । तथाहि–'अन्यदपि' पूर्वोक्तातिरिक्तमनन्तकायिकं 'लक्षणयुक्त्या' वक्ष्यमाणलक्षण-विचारणया 'समयात्' सिद्धान्ततः, तान्येवानन्तकायानि यथा –

"घोसाडकरीरंकुरु, तिंडुअअइकोमलंबगाईणि ।
वरुणवडनिंबयाईण, अंकुराइं अणंताइं ।।१।।" [प्रवचनसारोद्धारे गा. २४१]

घोषातकीकरीरयोरङ्कुरास्तथाऽतिकोमलान्यबद्धास्थिकानि तिन्दुकाम्रफलादीनि तथा वरुण-वटनिम्बादीनामङ्कुरा अनन्तकायिकाः । अनन्तकायलक्षणं चेदम् –

"गूढसिरसंधिपव्वं, समभंगमहीर(रु)गं च छिन्नरुहं ।
साहारणं सरीरं, तव्विवरीअं च पत्तेअं ।।१।।" **[जीवाभिगम सू. जीवविचार प्र. गा. १२]**

**एवंलक्षणयुक्ता अन्येऽपि अनन्तकायाः स्युस्ते हेयाः । यतः –**

"चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीसङ्गमश्चैव, सन्धानानन्तकायिके ।।१।।"

**अनन्तकायिकमन्यदप्यभक्ष्यं चाचित्तीभूतमपि परिहार्यम्, निःशूकतालौल्यवृद्ध्यादिदोषसंभवात्, परम्परया सचित्ततद्ग्रहणप्रसङ्गाच्च । यथोक्तम् –**

"इक्केण कयमकज्जं, करेइ तप्पच्चया पुणो अन्नो ।
सायाबहुलपरंपर वुच्छेओ संजमतवाणं ।।१।।" **[पञ्चवस्तुक ५९१]**

"अत एवोत्कालितसेल्लरक-राद्धार्द्रकसूरणवृन्ताकादि प्रासुकमपि सर्वं वर्ज्यम्, मूलकस्तु पञ्चाङ्गोऽपि त्याज्यः, सुण्ठ्यादि तु नामस्वादभेदादिना कल्पते" **। इति श्राद्धविधिवृत्तौ [प. ४२ए] १८ ।**

**तथा 'वृन्ताकं' निद्राबाहुल्यमदनोद्दीपनादिदोषपोषकत्वात् त्याज्यम्, पठन्ति च परेऽपि-**

"यस्तु वृन्ताककालिङ्गमूलकानां च भक्षकः ।
अन्तकाले स मूढात्मा, न स्मरिष्यति मां प्रिये! ।।१।।" **[शिवपुराण] इति १९ ।**

**तथा चलितो=विनष्टो रसः=स्वाद उपलक्षणत्वाद्वर्णादिर्यस्य तच्चलितरसम्, कुथितान्नपर्युषितद्विदल-पूपिकादिकेवलजलराद्धकूराद्यनेकजन्तुसंसक्तत्वात्, पुष्पितौदनपक्वान्नादि दिनद्वयातीतदध्याद्यपि च, तत्र-पक्वान्नाद्याश्रित्य चैवमुक्तम् –**

"वासासु पनरदिवसं, सिउण्हकालेसु मास दिणवीसं ।
उग्गाहिमं जईणं, कप्पई आरब्भ पढमदिणा ।।१।।"

**केचित्त्वस्या गाथाया अलभ्यमानस्थानत्वं वदन्तो यावद् गन्धरसादिना न विनश्यति तावदवगाहिमं शुध्यतीत्याहुः । दिनद्वयातीते दध्न्यपि जीवसंसक्तिर्यथा –**

"जइ मुग्गमासमाई, विदलं कच्चंमि गोरसे पडइ ।
ता तसजीवुप्पत्तिं, भणंति दहिएवि दुदिणुवरिं ।।१।।"

**हारिभद्रदशवैकालिकवृत्तावपि-**"रसजास्तक्रारनालदधितीमनादिषु पायुकृम्याकृतयोऽतिसूक्ष्मा भवन्ति **[४/१/प. १४१] इति ।** "दध्यहर्द्वितयातीतम्" **[योगशास्त्रे ३/७] इति हैममपि वचः २० ।**

**तथा तुच्छम्–असारं, पुष्पं च फलं च ते आदी यस्य तत्पुष्प-फलादि, 'चः' समुच्चये, आदिशब्दान्मूल-**

**पत्रादिपरिग्रहः, तत्र तुच्छं पुष्पम् अरणिकरीरशिग्रूमधूकादिसम्बन्धि, तुच्छं फलं मधूकजम्बूटिम्बरूपीलूपक्वकरमदेङ्गुदीफलपिञ्चूमकुरवालुउलिबृहद्बदरकच्चकुठिम्भडखसखसादि, प्रावृषि तन्दुलीयकादेश्च पत्रं बहुजीवसम्मिश्रत्त्वात् त्याज्यम्, अन्यदप्येतादृशं मूलादि । यद्वाऽर्द्धनिष्पन्नकोमलचवलकमुद्गसि(शि)म्बादिकम्, तद्भक्षणे हि न तथाविध(धा)तृप्तिर्विराधना च भूयसी २१ ।**

**तथा आमेति, आमं च तत् गोरसं च आमगोरसं तत्र सम्पृक्तम् आमगोरससम्पृक्तम्, कच्चदुग्धदधितक्रसंमिलितं द्विदलम् केवलिगम्यसूक्ष्मजीवसंसक्तिसम्भवात् हेयम्, उक्तंच संसक्तनिर्युक्त्यादौ–**

"सव्वेसुवि देसेसु, सव्वेसु वि चेव तहय कालेसुं ।
कुसिणेसु आमगोरसजुत्तेसु निगोअपंचिंदी ।।१।।" **[सम्बोधप्र. श्रा. ८४]**

**द्विदललक्षणं त्वेवमाहुः–**

"जंमि उ पीलिज्जंते, नेहो नहु होइ बिंति तं विदलं ।
विदलेविहु उप्पन्नं, नेहजुअं होइ नो विदलं ।।१।।" **[सम्बोधप्र. श्रा. ८५]**

**इह हीयं स्थितिः-केचिद्भावा हेतुगम्याः, केचित्त्वागमगम्याः, तत्र ये यथा हेतुगम्यास्ते तथैव प्रवचनधरैः प्रतिपादनीयाः, आगमगम्येषु हेतून् हेतूगम्येषु त्वागममात्रं प्रतिपादयन्नाज्ञाविराधकः स्यात् । यतः–**

"जो हउवायपक्खंमि, हेउओ आगमे अ आगमिओ ।
सो ससमयपन्नवओ, सिद्धंतविराहओ अन्नो ।।१।।" **[पञ्चवस्तुक ९९३]**

**इत्यामगोरससम्पृक्तद्विदले पुष्पितौदनेऽहर्द्वितयातीते दध्नि कुथितान्ने च न हेतूगम्यो जीवसद्भावः, किन्त्वागमगम्य एव, तेन तेषु ये जन्तवस्ते केवलिभिर्दृष्टा इति २२ । अभक्ष्याणि द्वाविंशति, वर्जयेत् इति पूर्वं योजितमेवेति श्लोकत्रयार्थः ।**

**ટીકાર્થ :-**

**मधु च ..... श्लोकत्रयार्थः । મધ, ૧. માક્ષિક ૨. કૌત્તિક ૩. ભ્રામર ત્રણ પ્રકારનું છે. આ પણ=મધ પણ, ઘણાં પ્રાણીના વિનાશથી ઉત્પન્ન થનારું છે, એથી હેય છે.**

**જે કારણથી કહ્યું છે –**

"અનેક જંતુના સમૂહના નાશથી સમુદ્ભૂત, જુગુપ્સનીય, લાળોથી બનેલું=માખીની લાળોથી બનેલા એવા માક્ષિકને=માખીના મધને કયો જીવ આસ્વાદન કરે ? અર્થાત્ કોઈ વિવેકી પુરુષ ખાય નહિ." **(યોગશાસ્ત્ર ૩/૩૬)**

**માખણ પણ ગાય, ભેંસ, બકરી અને અવિ=ઘેટી, ના સંબંધથી ચાર પ્રકારનું છે. તે પણ=માખણ પણ, સૂક્ષ્મજંતુરાશિની ખાણ હોવાથી ત્યાજ્ય જ છે.**

**જે કારણથી કહેવાયું છે –**

"અંતર્મુહૂર્તથી પછી સુસૂક્ષ્મ=અતિ સૂક્ષ્મ, જંતુઓના સમૂહ જેમાં ઉત્પન્ન થાય છે તે માખણ વિવેકી પુરુષો વડે ખાવું જોઈએ નહિ." **(યોગશાસ્ત્ર ૩/૩૪)**

**અને ઉદુમ્બરથી ઉપલક્ષિત પંચક=વડ, પિપ્પલ, ઉદુમ્બર, પ્લક્ષ, કાકોદુમ્બરી ફલલક્ષણ ઉદુમ્બરપંચક, મશક આકારવાળું સૂક્ષ્મ બહુજીવોનો સમૂહ હોવાથી વર્જનીય છે. જે કારણથી યોગશાસ્ત્રમાં કહેવાયું છે –**

"ઉદુમ્બર, વડ, પ્લક્ષ, કાકોદુમ્બર વૃક્ષોના અને પિપ્પલના કૃમિના સમૂહથી યુક્ત એવા ફળને ખાવું જોઈએ નહિ." **(યોગશાસ્ત્ર ૮૩/૪૨)**

**લોકમાં પણ કહેવાયું છે –**

"અહો ! આશ્ચર્ય છે કે કોઈપણ જન કોઈના ચિત્તમાં અકસ્માત ક્યાં પણ, ક્યાંકથી પણ, કોઈકના વડે પણ ઉદુમ્બર ફલના પ્રાણીના ક્રમ વડે ક્ષણથી પ્રવેશ કરે છે. જેના વડે=જે પુરુષ વડે, આ પણ પાટિત કરાયે છતે પણ= ઉદુમ્બર ફલ પાટિત કરાયે છતે પણ, વિઘટિત કરાયે છતે, વિસ્ફોટિત કરાયે છતે, ત્રોટિત કરાયે છતે, નિષ્પિષ્ટ કરાયે છતે, પરિગાલિત કરાયે છતે, વિદલિત કરાયે છતે, આ=કોઈકના ચિત્તમાં, પ્રવેશ કરેલ પુરુષ નીકળે=તેના ચિત્તમાંથી બહાર નીકળે અથવા નીકળતો નથી.

**૧૦. અને હિમ=બરફ, તે પણ અસંખ્ય અપકાયના જીવોરૂપપણું હોવાને કારણે ત્યાજ્ય છે.**

**૧૧. વિષ=સાપનું ફીણ આદિ મંત્ર ઉપહત વીર્યવાળું પણ ઉદર અંતર્વર્તિ ગંડોલકાદિ જીવઘાતનું હેતુપણું હોવાથી અને મરણ સમયમાં મહામોહ ઉત્પાદકપણું હોવાથી હેય છે.**

**૧૨. કરકા=કરા. અસંખ્ય અપ્કાયિકપણું હોવાથી કરા=દ્રવીભૂત પાણી વર્જ્ય છે.**

**'નનુ'થી શંકા કરે છે – આ રીતે, અસંખ્ય અપ્કાયપણાથી અભક્ષ્યપણું હોતે છતે પાણીના પણ અભક્ષ્યપણાની આપત્તિ છે. એ પ્રમાણે પૂર્વપક્ષ કહે તો ગ્રંથકારશ્રી કહે છે. તારી વાત સાચી છે. અસંખ્ય જીવમયપણામાં પણ પાણી વગર નિર્વાહનો અભાવ હોવાથી તેની=પાણીની, તે પ્રકારની ઉક્તિ નથી=અભક્ષપણારૂપે કથન નથી.**

**૧૩. અને મૃદ્જાતિ - સર્વ પણ માટી દર્દુરાદિ=દેડકાદિ, પંચેંદ્રિય પ્રાણીની ઉત્પત્તિના નિમિત્તપણા આદિથી મરણાદિનું અનર્થકારીપણું હોવાને કારણે ત્યાજ્ય છે. જાતિગ્રહણ=મૃદ્જાતિમાં રહેલ જાતિનું ગ્રહણ, ખટિકાદિ સૂચક છે; કેમ કે તેના ભક્ષણનું=ખટિકાદિના ભક્ષણનું, આમનું=આમવાત રોગના, આશ્રયાદિ દોષનું જનકપણું છે અને માટીનું ગ્રહણ ઉપલક્ષણ છે તેથી સુધા આદિ પણ વર્જનીય છે; કેમ કે તેના ભક્ષકને પણ આંતરડાના નાશ આદિ અનર્થનો સંભવ છે. અને માટીના ભક્ષણમાં અસંખ્ય પૃથ્વીકાય આદિની વિરાધના પણ છે. મીઠું પણ અસંખ્ય પૃથ્વીકાયાત્મક છે. એથી સચિત્ત ત્યાજ્ય છે. પ્રાસુક=અચિત્ત મીઠું ગ્રાહ્ય છે. પ્રાસુકપણું=અચિત્તપણું, અગ્નિ આદિ પ્રબલ શસ્ત્રના યોગથી જ છે. અન્યથા નથી; કેમ કે ત્યાં=મીઠામાં, પૃથ્વીકાય જીવોનું અસંખ્યપણું હોવાને કારણે**

**અત્યંત સૂક્ષ્મપણું છે. અને તે પ્રમાણે=મીઠામાં અસંખ્ય અત્યંત સૂક્ષ્મજીવો છે તે પ્રમાણે, પાંચમા અંગમાં ૧૯મા શતકના ત્રીજા ઉદ્દેશામાં આ અર્થ બતાવાયો છે –**

"વજ્રમયી શિલામાં સ્વલ્પ પૃથ્વીકાયનું વજ્રલોષ્ટક વડે ૨૧ વખત પીસાવા છતાં પણ એક પ્રકારના કેટલાક જીવો જેઓ સ્પૃષ્ટ પણ નથી=પીસાવાદિ ક્રિયાથી તેઓ સ્પૃષ્ટ પણ નથી." **તેથી ફલિત થાય છે કે (પૃથ્વીકાયમાં અસંખ્ય અત્યંત સૂક્ષ્મજીવો છે.)**

**૧૪. રાત્રિભોજન :- અને રાત્રિમાં ભોજન=ભુક્તિ તે રાત્રિભોજન છે તે પણ હેય છે; કેમ કે ઘણા જીવોના સંપાતનો સંભવ હોવાને કારણે આ લોકના પરલોકના અનેક દોષથી દુષ્ટપણું છે જે કારણથી કહેવાયું છે –**

"ખાનારને શાકની મધ્યમાં પિપીલિકા=કીડી, બુદ્ધિને હણે છે માખી વમનને કરે છે, જૂ જલોદરને કરે છે, કરોળિયો કોઢરોગને કરે છે. વાળ સ્વરનો ભંગ કરે છે. કાંટો અને લાકડું ગળામાં ભરાઈ જાય છે. અલી=વીંછી, તાલુને વીંધે છે." **(સંબોધ પ્રકરણ, શ્રા. ૮૦-૮૧)**

**અહીં=શ્લોકમાં, વ્યંજન વાર્તાકશાકરૂપ અભિપ્રેત છે અને તેનું વૃન્ત વાર્તાકશાકનું વૃન્ત વૃશ્ચિક આકાર જ છે. એથી તેની મધ્યમાં પડેલા=શાકની મધ્યમાં પડેલા, અસૂક્ષ્મ પણ વીંછીનું અલક્ષ્યપણું હોવાથી ખાવાનો સંભવ છે. એ પ્રકારે અતિવિશેષ છે=અતિભેદ છે. 'નિશિથચૂર્ણિ'માં પણ કહેવાયું છે –**

"ગરોળીના અવયવથી મિશ્ર એવા ભોજનથી પેટમાં ગરોળીઓ ઉત્પન્ન થાય છે."

**આ રીતે (રાત્રિના વિશે આહારાદિમાં) સર્પાદિની લાળોના અને સર્પાદિના મલ-મૂત્રાદિના પાતાદિ પણ થાય.**

**અને**

"રયણીઅરા=રાત્રિમાં ફરનારા જામિણિસુ=રાત્રિના વિશે સમંતેણ=સમન્ત=સર્વ રીતે, મહિઅલ=પૃથ્વીને માલિંતિ=માણે છે=ફરે છે. તેઓ પણ રાત્રિમાં ખાનારા જીવને સ્પષ્ટ છલે છે=ઉપદ્રવ કરે છે." **(સંબોધ પ્રકરણ શ્રા. ૮૨)**

**વળી, રાત્રિભોજન કરાયે છતે અવશ્ય પાકનો સંભવ છે=રાત્રિના વિશે રસોઈનો સંભવ છે. તેમાં=રાત્રે, રસોઈ કરવામાં જીવનિકાયનો વધ અવશ્યંભાવી છે. અને વાસણ ધોવા આદિમાં પાણીમાં રહેલા જીવોનો નાશ છે. પાણીને કાઢવાથી ભૂમિ પર રહેલા કંથવા કીડી આદિ જંતુનો ઘાત થાય છે. તે પ્રાણીના રક્ષણની ઈચ્છાવાળા પણ શ્રાવકે રાત્રિભોજન કરવું જોઈએ નહિ. જેને કહે છે –**

"વાસણ ધોવા આદિમાં કંથવા આદિ જીવોનો ઘાત છે. એ વગેરે રાત્રિભોજનના દોષોનું કોણ વારણ કરવા સમર્થ છે ?" **(સંબોધ પ્રકરણ શ્રા. ૮૩)**

**અને જોકે સિદ્ધમોદક આદિ=પૂર્વમાં બનાવેલા લાડુ આદિ, ખજૂર, દ્રાક્ષ આદિના ભક્ષણમાં અન્નનો પાક નથી અને વાસણ ધોવા આદિનો સંભવ નથી તોપણ કંથવા-પનકાદિ જીવોના ઘાતનો સંભવ હોવાથી તેનો પણ=સિદ્ધમોદકાદિનો પણ, ત્યાગ જ યુક્ત છે.**

**જે કારણથી 'નિશિથ ભાષ્ય'માં કહેવાયું છે –**

"જો કે પ્રાસુક દ્રવ્ય છે=ઓદનાદિ અચિત્ત દ્રવ્ય છે. તોપણ કુંથુપણગાદિ=આગંતુક એવા કંથવાદિ અને પણગાદિ, દુર્દશ્ય છે=રાત્રિમાં દુર્દશ્ય છે. પ્રત્યક્ષ જ્ઞાની પણ=અવધિજ્ઞાન આદિવાળા અથવા કેવલી, વિશુદ્ધ ભક્તપાન જોઈ શકે છે તોપણ રાત્રિભોજનનો પરિહાર કરે છે."

"જો કે દીવા આદિના પ્રકાશમાં કીડી આદિ દેખાય છે. તોપણ અનાચીર્ણ છે=તીર્થંકર-ગણધર આદિ વડે અનાચીર્ણ છે. જે કારણથી મૂલવ્રતની વિરાધના છે=છઠ્ઠા મૂલગુણવ્રતની વિરાધના છે=રાત્રિભોજન કરવામાં મૂલગુણવ્રતની વિરાધના છે." **(નિશીથ ભાષ્ય ગા. ૩૪૧૧, ૩૪૧૨)**

**અને આના ફળને કહે છે=રાત્રિભોજનના ફળને કહે છે –**

"ઘુવડ, કાગડો, બિલાડા, ગીધ, શમ્બર, ભૂંડ, સાપ, વીંછી, ઘો રાત્રિભોજનથી (બીજા ભવમાં) થાય છે."

**બીજા પણ કહે છે –**

"સ્વજન માત્ર પણ મરે છતે સૂતક થાય છે. સૂર્ય ગયે છતે કેવી રીતે ભોજન કરાય ? ॥૧॥

પાણી લોહી થાય છે અને અન્ન માંસ થાય છે તે કારણથી રાત્રિમાં ભોજનઆસક્તને ગ્રાસમાં=ખાવામાં, માંસ ભક્ષણ છે." ॥૨॥

**સ્કન્દપુરાણમાં રુદ્રપ્રણીત 'કપાલમોચન સ્તોત્ર'માં સૂર્યસ્તુતિ સ્વરૂપ સૂત્રમાં પણ કહેવાયું છે –**

"નિત્ય એક વખત ખાવાથી અગ્નિહોત્રનું ફળ થાય છે અને નિત્ય અનસ્ત ભોજનવાળાને=સૂર્યાસ્ત પહેલાં ભોજન કરનારને તીર્થયાત્રાનું ફળ થાય છે." ॥૧॥

**અને**

"રાત્રિમાં આહુતિ નથી, સ્નાન નથી, શ્રાદ્ધ નથી, દેવતાનું અર્ચન નથી, દાન વિહિત નથી વળી વિશેષથી ભોજન વિહિત નથી." ॥૨॥ **(યોગશાસ્ત્ર-૩/૫૬)**

**આયુર્વેદમાં પણ કહ્યું છે –**

"ચંડરોચિના=સૂર્યના, અપાયથી=અસ્તથી, હૃદયકમળનો અને નાભિકમળનો સંકોચ થાય છે. આથી રાત્રિમાં ખાવું ન જોઈએ. સૂક્ષ્મજીવોના આહારથી પણ રાત્રિમાં ખાવું જોઈએ નહિ." ॥૧॥ **(યોગશાસ્ત્ર-૩/૫૬)**

**તે કારણથી=પૂર્વમાં રાત્રિભોજનના દોષો બતાવ્યા તે કારણથી, વિવેકીએ રાત્રિમાં ચાર પ્રકારના આહારનો પરિહાર કરવો જોઈએ. તેની અશક્તિ હોતે છતે=ચારે પ્રકારના આહારના ત્યાગની અશક્તિ હોતે છતે, અશન અને ખાદિમનો ત્યાગ કરવો જોઈએ. અને સ્વાદિમ એવું સોપારી આદિ પણ દિવસે સમ્યગ્ શોધન આદિ યતનાથી જ ગ્રહણ કરવું જોઈએ અન્યથા ત્રસ હિંસાદિ દોષો છે અને મુખ્યવૃત્તિથી સવારમાં અને સાંજના રાત્રિનું પ્રત્યાસનપણું હોવાથી=રાત્રિ નજીક હોવાથી બે-બે ઘડી ભોજન ત્યાગ કરવો જોઈએ. જે કારણથી 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં કહ્યું છે –**

"નિશાભોજનના દોષને જાણનારો દિવસના મુખમાં=સવારમાં, અને દિવસના અવસાનમાં=સંધ્યામાં, બે બે ઘડીનો ત્યાગ કરતો=આહારનો ત્યાગ કરતો, જે પુરુષ ખાય છે. એ પુરુષ પુણ્યનું ભાજન છે." **(યોગશાસ્ત્ર-૩/૬૩)**

આથી જ રાત્રિની બે ઘડી પૂર્વે અને સવારમાં બે ઘડી પછી આહાર કરવો જોઈએ આથી જ, આગમમાં સર્વ જઘન્ય પચ્ચક્ખાણ નમસ્કાર સહિત મુહૂર્ત પ્રમાણ કહેવાયું છે. જોકે તે-તે કાર્યમાં વ્યગ્રપણાદિના કારણે તે પ્રમાણે સમર્થ થતો નથી=સૂર્યોદય પછી બે ઘડી અને સૂર્યાસ્ત પહેલાં બે ઘડી આહારત્યાગ કરવા માટે શ્રાવક સમર્થ થતો નથી. તોપણ આતપદર્શન આદિ દ્વારા=સૂર્યનાં કિરણોના દર્શન આદિ દ્વારા સૂર્યના ઉદયના નિર્ણયની અને સૂર્યના અસ્તના નિર્ણયની અપેક્ષા જ રાખે છે=રાત્રિભોજનના ત્યાગનો અર્થી જીવ અપેક્ષા જ રાખે છે.

અન્યથા=સૂર્યના ઉદય અને અસ્તની અપેક્ષા ન રાખે તો રાત્રિભોજનનો દોષ છે. અંધકારવાળા ભવનમાં પણ લજ્જાથી પ્રદીપના અકરણાદિના કારણે ત્રસાદિ હિંસાના નિયમનો ભંગ માયામૃષાવાદ આદિ અધિક દોષો પણ થાય છે. જે કારણથી કહેવાયું છે –

"નહિ કરું એ પ્રમાણે બોલીને તે જ પાપને ફરી સેવે છે. પ્રત્યક્ષ મૃષાવાદ અને માયાનિકૃતિનો પ્રસંગ છે=માયા-મૃષાવાદનો પ્રસંગ છે." ।।૧।।

"સ્વયં પાપ કરીને આત્માને શુદ્ધ જ કહે છે તે બેગણું પાપ કરે છે=તે જીવ બે ગણું પાપ કરે છે. બાલની બીજી મંદતા છે." ।।૨।।

**૧૫. બહુબીજ :- અને 'બહુબીજ' બહુબીજ અને અજ્ઞાતફલ એ પ્રમાણે દ્વન્દ્વ છે. ત્યાં=બહુબીજ અને અજ્ઞાતફલમાં, ઘણાં બીજો વર્તે છે - જેમાં તે બહુબીજ પમ્પોટકાદિ છે. અભ્યંતરમાં=પમ્પોટકાદિની અંદરમાં, પુટાદિ રહિત કેવલ બીજ હોય છે. અને પ્રતિબીજને આશ્રયીને જીવ ઉપમર્દનનો સંભવ હોવાથી તે=બહુબીજ, વર્જનીય છે. અને જે અભ્યંતર પુટાદિ સહિત બીજમય એવા દાડમ ટિન્દુરાદિ છે. તેનો અભક્ષ્યપણાથી વ્યવહાર થતો નથી.**

**૧૬. અજ્ઞાતફળ :- અને અજ્ઞાત એવું ફલ એ પ્રમાણે કર્મધારય સમાસ છે. અજ્ઞાતફળ સ્વ અને બીજા વડે જે જ્ઞાત નથી તેવું ફળ, ઉપલક્ષણપણાથી પત્ર, તે=અજ્ઞાતફળ અને અજ્ઞાતપત્ર, ભક્ષ્ય નથી; કેમ કે નિષિદ્ધ ફળમાં કે વિષફલમાં અજ્ઞાનથી પ્રવૃત્તિનો સંભવ છે. જે કારણથી અજ્ઞાન હોવાને કારણે પ્રતિષિદ્ધ ફળમાં=શાસ્ત્રે જેને ગ્રહણ કરવામાં નિષેધ કર્યો છે તેવા ફલમાં, પ્રવર્તમાનને વ્રતભંગ છે. વળી, વિષમય ફળમાં જીવિતનો વિનાશ થાય છે.**

**૧૭. સંધાન :- અને સંધાન અને અનંતકાય એ પ્રમાણે દ્વન્દ્વ છે. અહીં=સંધાન અને અનંતકાયમાં, લિમ્બુક બિલ્વક આદિનું સંધાન ત્યાજ્ય છે; કેમ કે અનેક સંસક્તિનું નિમિત્તપણું છે=અનેક જીવોની પ્રાપ્તિનું નિમિત્તપણું છે. અને સંધાનનું વ્યવહારવૃત્તિથી ત્રણ દિવસ પછી અભક્ષ્યપણું કહેવાય છે. 'યોગશાસ્ત્ર'ગ્રંથની વૃત્તિમાં પણ કહેવાયું છે.**

"આમ્રફલાદિનું સંધાન જો સંસક્ત થાય ત્યારે જિનધર્મપરાયણ શ્રાવક કૃપાલુપણું હોવાને કારણે ત્યાગ કરે." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૭૨ પૃ. ૪૬૭)**

**૧૮. અનંતકાય :- અનંતકાયિકા જીવો છે જેમાં તે અનંતકાયિક=અનંતજંતુના સમૂહના નિપાતનું**

**નિમિત્તપણું હોવાથી વર્જ્ય છે. જે કારણથી કહેવાયું છે –**

"મનુષ્યોથી સંપૂર્ણ નારકી અને દેવો, પંચેંદ્રિય તિર્યંચગણ, બેઈંદ્રિયાદિ તેઉકાય યથોત્તર આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, જીવો અસંખ્યાતા કહેવાયા છે. તેનાથી=તેઉકાયથી, ભૂ=પૃથ્વીકાય, જલ=અપ્કાય અને વાઉકાય યથાનુક્રમ સમધિક કહેવાયા છે. અને સર્વથી=પૂર્વમાં વર્ણન કરાયેલા સર્વ જીવોથી, મોક્ષમાં ગયેલા જીવો અનંતગુણા કહેવાયા છે તેનાથી પણ=સિદ્ધના જીવોથી પણ, અનંત અંશવાળા છે=અનંતકાયના જીવો અનંત સંખ્યામાં છે." ।।૧।।

**અને તે=અનંતકાય, આર્યદેશમાં પ્રસિદ્ધ બત્રીશ છે. તેને કહે છે –**

"(૧) સર્વ પણ કંદ જાતિ (૨) સૂરણકંદ અને વજ્રકંદ (૩) અલ્લહલિદ્રા (૪) તથા અલ્લ (૫) અને અલ્લકચ્ચૂરો (૬) શતાવરી (૭) વિરાલી (૮) કુંઆરી=કુંવરનું પાઠું (૯) અને થોહરી=થોર (૧૦) ગલોઈ (૧૧) લસણ (૧૨) વંશકરિલ્લા=વાંસ કારેલાં (૧૩) ગજ્જર=ગાજર (૧૪) લૂણો=લૂણ (૧૫) અને લોઢા (૧૬) ગિરિકંદ (૧૭) કિસલિપત્તા=પાનની કૂંપળો (૧૮) ખરિંસુઆ (૧૯) થેગ (૨૦) અલ્લમુત્થા (૨૧) લૂણરુક્ખછલ્લી (૨૨) ખિલ્લહડો અને (૨૩) અમયવલ્લી (૨૪) મૂળ (૨૫) અને ભૂમિરુહા (૨૬) વિરુઆ અને (૨૭) પ્રથમ ઢક્કવત્થુલો (૨૮) સૂઅરવલ્લો અને (૨૯) પલ્લંક=પાલક (૩૦) કોમલબિલિઆ (૩૧) આલુ - બટાકા અને (૩૨) પિંડાલુ. ।।૧-૨-૩-૪।।

આ=ઉપર કહ્યા તે બત્રીસ, 'અનંત' નામથી કહેવાય છે. અન્ય અનંતકાયને શાસ્ત્રથી લક્ષણ અને યુક્તિ વડે જાણવા." ।।૫।। **(સંબોધ પ્રકરણ, શ્રા. ૯૦-૪, પ્રવચન સારોદ્ધાર - ૨૩૬-૪૦)**

**વ્યાખ્યા=ઉપર આપેલ પાંચ શ્લોકોની વ્યાખ્યા કરેલ છે – સર્વ જ કંદજાતિ અનંતકાય છે. એ પ્રમાણે સંબંધ છે અને કંદ એટલે ભૂમિની મધ્યમાં રહેલ વૃક્ષનો અવયવ છે અને અહીં=અનંતકાયમાં, તે કંદો અશુષ્ક જ ગ્રહણ કરવા. વળી સુકાયેલાનું નિર્જીવપણું હોવાથી અનંતકાયપણું સંભવતું નથી. શ્રી હેમસૂરિએ પણ આ પ્રમાણે જ કહ્યું છે –** "સમગ્ર પણ આર્દ્રકંદ" **(યોગશાસ્ત્ર-૩/૪૪)**

"આર્દ્ર અશુષ્ક કંદ=નહિ સુકાયેલા, આદુનો કંદ (અનંતકાય છે.) વળી, સુકાયેલા એવા આદુના કંદનું નિર્જીવપણું હોવાથી અનંતકાયપણું સંભવતું નથી" એ પ્રમાણે યોગશાસ્ત્રના સૂત્ર અને વૃત્તિમાં કહેલ છે. **(યોગશાસ્ત્ર-૩/૪૪)**

**હવે તે જ કેટલાક કંદોને વ્યાપ્રિયમાણપણું હોવાથી=વ્યવહાર થતો હોવાથી, નામથી કહે છે –**

**(૧) સૂરણકંદ અર્શોઘ્ન કન્દવિશેષ છે. (૨) વજ્રકન્દ પણ કંદવિશેષ જ છે. (૩) લીલી અને સૂકી હળદર પ્રતીત જ છે. (૪) આદુ શૃંગબેર છે. (૫) આદુનો ચૂરો - આર્દ્રકચ્ચૂર તીખું દ્રવ્યવિશેષ પ્રતીત જ છે. (૬) શતાવરી (૭) વિરાલિક વેલડીનો પ્રકાર છે. (૭) કુમારી માંસલપ્રણાલ આકારપત્ર પ્રતીત જ છે. (૯) થોહરી સ્નુહીવૃક્ષ છે. (૧૦) ગડૂચી વેલડીવિશેષ પ્રતીત જ છે. (૧૧) લસણ કંદવિશેષ છે. (૧૨) વંશકારેલાં કોમળ નવા વાંસનો અવયવવિશેષ પ્રસિદ્ધ જ છે. (૧૩) ગાજર સર્વજન જાણે જ છે. (૧૪) લવણક વનસ્પતિવિશેષ બાળવાથી સર્જિજકા=સાજી બને છે. (૧૫) લોઢક પદ્મિની કંદ છે. (૧૬) ગિરિકર્ણિકા વેલડીવિશેષ છે. (૧૭) કિસલયરૂપ પત્રો પ્રૌઢ પત્રોથી પહેલા બીજના અંકુશની અવસ્થારૂપ સર્વ પણ અનંતકાયિકા છે પરંતુ કેટલા જ નહિ. (૧૮) ખરિંશુકા કન્દનો પ્રકાર છે. (૧૯) થેગ પણ કંદવિશેષ જ છે. (૨૦) આર્દ્રા મુસ્તા પ્રતીત જ છે. (૨૧) લવણના બીજા**

પર્યાયની ભ્રમર નામના વૃક્ષની છાલ, વળી બીજા અવયવો નહિ. (૨૨) ખિલ્લહડો લોકપ્રસિદ્ધ કંદ છે. (૨૩) અમૃતવેલડી વેલડીવિશેષ છે. (૨૪) મૂળા લોકપ્રતીત છે. (૨૫) ભૂમિરુહ ભૂમિમાં ઉત્પન્ન થનારા છત્ર આકારવાળા વર્ષાકાલમાં ઉત્પન્ન થતા ભૂમિસ્ફોટક (બિલાડીના ટોપ) અતિપ્રસિદ્ધ છે. (૨૬) વિરૂઢ - પલાળેલા કઠોળમાંથી નીકળતા અંકુરા છે. (૨૭) ઢંક વાસ્તુલ શાક વિશેષ છે. અને તે પ્રથમ ઉદ્‌ગત જ અનંતકાયિક છે પરંતુ છિન્નપ્રરૂઢ નથી. (૨૮) શૂકરસંજ્ઞક વલ્લ તે જ અનંતકાયિક છે પરંતુ ધાન્યના વલ્લ નથી. (૨૯) પાલક શાકનો ભેદ છે. (૩૦) કોમલ આંબલી=નહિ બંધાયેલ ઠળિયાવાળી આંબલી (૩૧) અને (૩૨) આલુ=બટાકા અને પિંડાલુ આદિ કન્દના ભેદો છે.

આ પૂર્વમાં કહેલા પદાર્થો સંખ્યાથી બત્રીશ અનંતકાય નામથી થાય છે, એ પ્રકારનો અર્થ છે અને આટલા જ અનંતકાય નથી પરંતુ અન્ય પણ છે તે પ્રમાણે કહે છે. અન્ય પણ=પૂર્વોક્ત અતિરિક્ત અનંતકાય લક્ષણ યુક્તિથી=આગળમાં કહેવાશે તે લક્ષણની વિચારણાથી, સમયથી=સિદ્ધાંતથી, તે જ અનંતકાય છે. જે આ પ્રમાણે છે –

"ઘોસાડ અને કરીરના અંકુરા, અતિકોમલ અબદ્ધ અસ્થિવાળા તિંદુક અને આમ્રફલ આદિ છે. વરુણ, વડ, લીમડા આદિના અંકુરા અનંતકાય છે." **(પ્રવચનસારોદ્ધાર ગા. ૨૪૧)**

ઘોષાતકી અને કરીરના અંકુરા, અતિકોમલ અબદ્ધ અસ્થિવાળા તિંદુક અને આમ્રફલ આદિ છે. અને વરુણ-વડ-લીમડા આદિના અંકુરા અનંતકાયિકા છે.

અને અનંતકાયનું લક્ષણ આ છે –

"ગુપ્ત નસ-સાંધા-પર્વવાળું=ગુપ્ત નસવાળું, ગુપ્ત સાંધાવાળું, ગુપ્ત પર્વવાળું, ભાંગતાં સરખા ભાગ થાય તેવું, તાંતણા વિનાનું અને છેદ કરવા છતાં ફરી ઊગનારું સાધારણ-વનસ્પતિકાયનું શરીર છે અને તેનાથી વિપરીત પ્રત્યેક છે." **(જીવાજીવાભિગમસૂત્ર, જીવવિચાર પ્રકરણ ગાથા ૧૨)**

આવા લક્ષણથી યુક્ત અન્ય પણ અનંતકાય થાય તે હેય છે જે કારણથી કહેવાયું છે –

"ચાર નરકનાં દ્વાર છે. પ્રથમ રાત્રિભોજન (૨) પરસ્ત્રીસંગમ (૩) સંધાન અને (૪) અનંતકાય છે." ॥૧॥

અનંતકાય અને અન્ય પણ અભક્ષ્ય અચિત્ત થયેલું પણ પરિહાર્ય છે; કેમ કે નિ:શૂકતા લૌલ્યવૃદ્ધિ આદિ દોષનો સંભવ છે અને પરંપરાથી સચિત્ત એવા ગ્રહણનો પ્રસંગ છે જે કારણથી કહેવાયું છે.

"એક વડે કરાયેલું અકાર્ય તેના પ્રત્યયથી ફરી અન્ય કરે છે. શાતાબહુલની પરંપરાથી સંયમ-તપનો વ્યુચ્છેદ થાય છે." ॥૧॥ **(પંચવસ્તુ-૫૯૧)**

"આથી જ ઉકાળેલા સેલ્લર, રાંધેલા આદુ-સૂરણ-વૃન્તાક આદિ અચિત્ત પણ સર્વ વર્જ્ય છે. વળી મૂળાનાં પાંચે અંગો પણ ત્યાજ્ય છે. વળી સૂંઠાદિ નામ અને સ્વાદના ભેદાદિથી કલ્પે છે. એ પ્રમાણે 'શ્રાદ્ધવિધિ' ગ્રંથની વૃત્તિમાં છે." ॥૧॥ **(શ્રાદ્ધવિધિ વૃત્તિ - પ.૪૨એ)**

૧૯. વૃન્તાક :- અને વૃન્તાક નિદ્રાબાહુલ્ય, કામઉદ્દીપન આદિ દોષપોષકપણું હોવાથી ત્યાજ્ય છે. અને બીજા પણ કહે છે –

"વળી જે વૃન્તાક, કાલિંગ અને મૂળાનો ભક્ષક છે તે મૂઢાત્મા અનંતકાલે હે પ્રિયે ! મારું સ્મરણ કરશે નહિ." **(શિવપુરાણ)**

**૨૦. ચલિતરસ :- અને ચલિત=વિનષ્ટ, રસ=સ્વાદ, ઉપલક્ષણપણાથી વર્ણાદિ=ચલિત વર્ણાદિ, છે જેને તે ચલિતરસ; કેમ કે કુથિત અન્ન પર્યુષિત દ્વિદલ, પૂપિકાદિ, કેવલ પાણીથી રંધાયેલ કૂરાદિનું અનેક જંતુથી સંસક્તપણું છે. પુષ્પિત ઓદન, પક્વાન્ન આદિ બે દિવસથી અતીત એવાં દહીં આદિ પણ ચલિત રસવાળાં છે. ત્યાં પક્વાન્ન આદિને આશ્રયીને આ પ્રમાણે કહેવાયું છે –**

"આરંભ કરાયેલા પ્રથમ દિવસથી વર્ષાઋતુમાં પંદર દિવસ, શિયાળામાં એક માસ અને ઉનાળામાં ૨૦ દિવસ સાધુને કલ્પે છે=પક્વાન્ન આદિ કલ્પે છે."

**વળી, કેટલાક આ ગાથાનું અલભ્યમાન સ્થાનપણું કહેતા જ્યાં સુધી ગંધ-રસાદિ દ્વારા વિનાશ ન પામે ત્યાં સુધી અવગાહિમ=તળેલું, શુદ્ધ છે, એ પ્રમાણે કહે છે. બે દિવસથી અતીત એવા દહીંમાં પણ જીવસંસક્તિ છે. જે પ્રમાણે કહ્યું છે –**

"જો મગ-અડદ આદિ વિદલ=દ્વિદળ, કાચા ગોરસમાં પડે તો ત્રસજીવની ઉત્પત્તિ કહી છે. અને દહીંમાં પણ બે દિવસ ઉપર ત્રસજીવોની ઉત્પત્તિ કહે છે." ॥૧॥

"છાશ, કાંજી, તીમનાદિમાં રસથી ઉત્પન્ન થયેલા પાયુ કૃમિની આકૃતિવાળા અતિસૂક્ષ્મ જીવો થાય છે" **એ પ્રમાણે 'હારિભદ્રી દશવૈકાલિક' વૃત્તિમાં પણ કહેવાયું છે. (૪/૧-૫.૧૪૧)**

"બે દિવસથી અતીત દહીંમાં પણ જીવો થાય છે." **એ પ્રમાણે હેમસૂરિનું=હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાનું, વચન છે. (યોગશાસ્ત્ર-૩/૭)**

**૨૧. તુચ્છ ફળ :- અને તુચ્છ=અસાર, પુષ્પ અને ફળ તે આદિ છે જેને તે પુષ્પફલાદિ=તુચ્છ પુષ્પફલાદિ - 'च' સમુચ્ચમાં છે. 'આદિ' શબ્દથી મૂલ-પત્રાદિનો પરિગ્રહ છે. ત્યાં તુચ્છ પુષ્પ અરણિ, કરીર, શિગ્રૂ, મધૂક આદિ સંબંધી છે. તુચ્છ ફળ મધૂક, જંબુ, ટિમ્બરુ, પીલુ, પાકેલાં કરમદાં, ઈંગુદીફલ, પિંચૂ, મકુર, વાલુઉલિ, બૃહદ્બદર, કચ્ચ, કોઠિંબડાં, ખસખસ આદિ છે. વર્ષાઋતુમાં તન્દુલીયક આદિનાં પત્ર બહુજીવ સંમિશ્રપણું હોવાથી ત્યાજ્ય છે. અન્ય પણ આવા પ્રકારના મૂળા આદિ ત્યાજ્ય છે. અથવા જે અર્ધનિષ્પન્ન કોમળ ચવલક અને મગની શીંગો આદિ ત્યાજ્ય છે; કેમ કે તેના ભક્ષણમાં તેવા પ્રકારની તૃપ્તિ નથી અને ઘણી વિરાધના છે.**

**૨૨. દ્વિદળ :- અને આમ એ પ્રમાણે અને આમ=કાચું, એવું ગોરસ તે આમગોરસ, ત્યાં સંપૃક્ત= આમગોરસયુક્ત કાચા દૂધ-દહીં-છાશથી સંમિલિત દ્વિદળ હેય છે; કેમ કે કેવલીગમ્ય, સૂક્ષ્મજીવ સંસક્તિનો સંભવ છે અને 'સંસક્ત નિર્યુક્તિ' આદિમાં કહેવાયું છે –**

"સર્વ પણ દેશોમાં, સર્વ પણ તેવા પ્રકારના કાળમાં, કાચા ગોરસથી યુક્ત એવાં કઠોળમાં નિગોદ અને પંચેંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે." ॥૧॥ **(સંબોધ પ્રકરણ શ્રા. ૮૪)**

**વળી દ્વિદળનું લક્ષણ આ પ્રમાણે કહે છે –**

"જે પીલાયે છતે સ્નેહ=તેલ, નીકળતું નથી તેને દ્વિદલ કહે છે. દ્વિદળમાં પણ ઉત્પન્ન થયેલું=બે ફાડિયામાં પણ ઉત્પન્ન થયેલું, સ્નેહયુક્ત=તેલયુક્ત, દ્વિદલ થતું નથી." ॥૧॥ **(સંબોધ પ્રકરણ શ્રા. ૮૫)**

**અહીં આ સ્થિતિ છે. કેટલાક ભાવો હેતુગમ્ય છે. વળી, કેટલાક આગમગમ્ય છે. ત્યાં જે જે પ્રકારે હેતુગમ્ય છે તે, તે પ્રકારે જ પ્રવચનધર વડે પ્રતિપાદન કરવા યોગ્ય છે. આગમગમ્યમાં હેતુને અને હેતુગમ્યમાં વળી આગમ માત્ર પ્રતિપાદન કરતો ઉપદેશક આજ્ઞાવિરાધક થાય. જે કારણથી કહેવાયું છે –**

"જે ઉપદેશક હેતુવાદ પક્ષમાં હેતુથી અને આગમમાં આગમિક છે તે સ્વસમય પ્રજ્ઞાપક છે, અન્ય સિદ્ધાંતનો વિરાધક છે." ॥૧॥ **(પંચવસ્તુ-૯૯૩)**

**આ રીતે કાચા ગોરસથી યુક્ત દ્વિદલમાં, પુષ્પિત ઓદનમાં, બે દિવસથી અતીત દહીંમાં અને કુથિત અન્નમાં હેતુગમ્ય જીવનો સદ્ભાવ નથી. પરંતુ આગમગમ્ય જ છે. તેથી તેઓમાં જે જીવો છે તે કેવલી વડે જોવાયા છે.**

**બાવીશ અભક્ષ્યનું વર્જન કરવું જોઈએ. એ પ્રમાણે પૂર્વમાં યોજન કરાયેલું જ છે. એ પ્રમાણે ત્રણેય શ્લોકનો અર્થ છે.**

**ભાવાર્થ :-**

ભોગોપભોગવ્રતવાળા શ્રાવકને વર્જનીય બાવીશ અભક્ષ્ય કયા છે ? તે ત્રણ શ્લોકથી ગ્રંથકારશ્રી બતાવે છે –

વર્જનીય એવી ચાર મહાવિગઈમાંથી મદ્ય અને માંસનું સ્વરૂપ પૂર્વમાં બતાવ્યું. હવે મધ અને માખણનું સ્વરૂપ બતાવે છે –

**૩. મધ :-**

મધના ત્રણ ભેદો છે. મધમાં અનેક જીવો ઉત્પન્ન થાય છે તેથી દયાળુ સ્વભાવવાળા શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ.

**૪. માખણ :-**

વળી, માખણ પણ મહાવિગઈ છે. અને તેમાં પણ એક અંતર્મુહૂર્ત પછી સૂક્ષ્મજંતુ ઉત્પન્ન થાય છે. માટે માખણનો પણ દયાળુ સ્વભાવવાળા શ્રાવકે ત્યાગ કરવો જોઈએ.

આ રીતે ચાર મહાવિગઈનું સ્વરૂપ બતાવ્યા પછ ઉદુમ્બરપંચકનું સ્વરૂપ બતાવે છે.

**૫ થી ૯ ઉદુમ્બરપંચક :-**

ઉદુમ્બરપંચકમાં 'મશક' આકારવાળા ઘણા સૂક્ષ્મ ત્રસજીવો થાય છે, તેથી શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ.

લોકમાં પણ ઉદુમ્બરપંચક ત્યાજ્ય છે તે પ્રકારે પ્રસિદ્ધ છે. તેનું ઉદ્ધરણ ગ્રંથકારશ્રીએ આપેલ છે, જેનો ભાવાર્થ આ પ્રમાણે છે –

કોઈકના ચિત્તમાં કોઈક પ્રત્યે રાગ થાય ત્યારે તે પુરુષ તેના ચિત્તમાં પ્રવેશ કરે છે. તે તેના ચિત્તમાં ક્યાંકથી પ્રવેશ પામે છે. કોઈક હેતુથી પ્રવેશ પામે છે. કોઈકના વડે પ્રવેશ પામે છે.

તે કઈ રીતે પ્રવેશ પામે છે ? તેમાં દૃષ્ટાંત કહે છે –

ઉદુંબરપંચકમાં પ્રાણીનો ક્રમ જે રીતે પ્રવેશ પામે છે તે રીતે ક્ષણમાં પ્રવેશ પામે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે રાગીના ચિત્તમાં કોઈ વ્યક્તિનો પ્રવેશ થાય તે રીતે ઉદુમ્બર ફલમાં ક્ષણમાત્રમાં જીવો પ્રવેશ પામે છે. તેથી ઉદુમ્બરપંચક ત્યાજ્ય છે. વળી, તે રાગી જીવના ચિત્તમાં પ્રવેશ પામેલો જીવ તે રાગી પાત્રને પછાડે, પાડે, વિઘટન કરે કે ઘણી કદર્થના કરે તોપણ તેના ચિત્તમાંથી તે રાગી પાત્ર નીકળે છે અથવા નથી નીકળતો.

આ રીતે બતાવી સંસારી જીવોનો રાગ કેવો અસમંજસ છે તેમ શ્લોકમાં બતાવેલ છે. તેમાં દૃષ્ટાંત તરીકે ઉદુમ્બર ફલમાં પ્રવેશ પામતા જીવોના ક્રમથી તે રાગીના ચિત્તમાં તે પુરુષ પ્રવેશ પામે છે, તેમ કહેલ છે. તેથી નક્કી થાય છે કે ઉદુમ્બરફલમાં ઘણા જીવો છે માટે શ્રાવકે ઉદુમ્બરપંચકનો ત્યાગ કરવો જોઈએ.

**૧૦. હિમ :-**

વળી, બરફ અસંખ્ય અપ્કાયરૂપ હોવાથી ત્યાજ્ય છે. જોકે પાણીમાં અસંખ્ય અપ્કાયના જીવો છે છતાં તેનો પરિહાર અશક્ય છે જ્યારે બરફ તો સ્વાદ અર્થે વપરાય છે. જેમાં અસંખ્ય જીવોની હિંસા થાય છે માટે દયાળુ એવા શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ.

**૧૧. વિષ :-**

વિષ ખાવાથી શરીરની અંદર રહેલા જીવોનો ઘાત થાય છે. અને મરણ સમયમાં મહામોહનો ઉત્પાદક છે, માટે વર્જ્ય છે.

આશય એ છે કે કેટલાક જીવો મૃત્યુનું કારણ ન બને તે રીતે અલ્પ પ્રમાણમાં વિષ ખાય છે અથવા મંત્રથી હણાયેલી શક્તિવાળું વિષ ખાય છે. તે પ્રકારે ખાનારને તે વિષનું વ્યસન લાગુ પડે છે. તે વિષ ખાવાથી શરીરમાં રહેલા જીવોનો ઘાત થાય છે. વિષ ખાનાર જીવને મરણ સમયે મહામોહ ઉત્પન્ન થાય છે તેથી શ્રાવકે વિષ ખાવું જોઈએ નહિ.

**૧૨. કરા :-**

શ્રાવકે કરા ખાવા જોઈએ નહિ, કારણ કે પાણીના કરાઓ અસંખ્યાત જીવાત્મક છે. માટે દયાળુ શ્રાવકે ત્યાગ કરવો જોઈએ. પાણી વગર નિર્વાહ નથી તેથી પાણીને અભક્ષ્ય કહેલ નથી પરંતુ કરા તો શોખ અર્થે લોકો ખાય છે અને શ્રાવક દયાળુ હોવાથી તેનું વર્જન કરે.

**૧૩. મૃદ્જાતિ :**

સર્વ પણ માટી, દેડકા આદિ પંચેંદ્રિય પ્રાણીની ઉત્પત્તિનું નિમિત્ત હોવાથી અને મરણ આદિ અનર્થને કરનારી હોવાથી=ખાનારને અનર્થની પ્રાપ્તિ હોવાથી, ત્યાજ્ય છે. માટીના ભક્ષણમાં અસંખ્ય પૃથ્વીકાયની વિરાધના પણ થાય છે. વળી, મીઠું પણ અસંખ્ય પૃથ્વીકાય જીવાત્મક હોવાથી સચિત્ત છે=જીવ સંસક્ત છે માટે ત્યાજ્ય છે. અને અગ્નિકાય આદિ પ્રબલ શસ્ત્રના યોગથી જ મીઠું અચિત્ત થાય છે પરંતુ કૂટવાથી કે પીસવાથી અચિત્ત થતું નથી. માટે શ્રાવકે માટી કે સચિત્ત મીઠાનો ત્યાગ કરવો જોઈએ.

**૧૪. રાત્રિભોજન :-**

શ્રાવકે રાત્રિમાં ભોજન કરવું જોઈએ નહિ; કેમ કે ઘણા પ્રકારના જીવોના સંપાતનો સંભવ હોવાને કારણે આલોક અને પરલોકમાં અનર્થની પ્રાપ્તિ થાય છે. જેમ, અંધારાને કારણે ભોજનમાં એવાં કોઈ જંતુ આવી જાય તો વર્તમાનમાં જ અનેક પ્રકારના રોગો થાય છે. જેથી અસમાધિનો પ્રસંગ આવે અને ઘણા જીવોની હિંસા કરવાને કારણે પરલોકમાં અનર્થ થાય છે. માટે શ્રાવકે રાત્રિભોજન વર્જન કરવું જોઈએ.

વળી, દિવસમાં કરાયેલ લાડુ, ખજૂર, દ્રાક્ષાદિના ભક્ષણમાં રાત્રે પાકનો સંભવ નથી કે રાત્રિમાં વાસણ ધોવા આદિનો સંભવ નથી તેથી અન્ય ભોજનમાં જેટલી વિરાધના છે તેવી વિરાધના નથી તોપણ કંથવા આદિ કોઈ સૂક્ષ્મ જીવો તેમાં પ્રાપ્ત થાય અને રાત્રિના કારણે તે દેખાય નહીં તો હિંસાનો સંભવ છે.

વળી, પ્રદીપ આદિના પ્રકાશમાં તેવા જીવો દેખાય છે, તેથી તે હિંસાનો પરિહાર થઈ શકે છે. તોપણ શાસ્ત્રકાર રાત્રિભોજન અનાચીર્ણ કહે છે માટે શ્રાવકે રાત્રિભોજન કરવું જોઈએ નહિ.

વળી, રાત્રિભોજનથી થતી હિંસાને કારણે ઘણા તિર્યંચભવોની પ્રાપ્તિ છે માટે દુર્ગતિના પાતથી રક્ષણના અર્થી શ્રાવકે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ.

વળી, શ્રાવકે શક્ય હોય તો ચારે પ્રકારના આહારનો રાત્રે ત્યાગ કરવો જોઈએ. આમ છતાં ચારે પ્રકારના આહારના ત્યાગ માટેનું સામર્થ્ય પ્રગટ્યું ન હોય તો અશન અને ખાદિમનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ અને સ્વાદિમમાં સોપારી આદિ દિવસના સમ્યક્ જોઈને રાખેલ હોય અને રાત્રે યતનાપૂર્વક તેને વાપરવી જોઈએ, જેથી ત્રસજીવોની હિંસા થાય નહિ.

વળી, શ્રાવકે પ્રધાન રીતે સવારે સૂર્યોદય પછી બે ઘડી અને રાત્રે સૂર્યાસ્ત થતા પૂર્વે બે ઘડી ભોજનનો ત્યાગ કરવો જોઈએ; કેમ કે શાસ્ત્રમાં સર્વ જઘન્ય પચ્ચક્ખાણ નવકાર સહિત મુહૂર્ત પ્રમાણ છે. તેથી પચ્ચક્ખાણના અર્થી શ્રાવકે સૂર્યોદયથી બે ઘડી પછી આહાર વાપરવો જોઈએ અને સાંજે સૂર્યાસ્ત પહેલાં બે ઘડી પૂર્વે પચ્ચક્ખાણ કરવું જોઈએ. તે-તે પ્રવૃત્તિમાં વ્યગ્રપણાને કારણે કોઈ શ્રાવક બે ઘડી પૂર્વે આહાર ત્યાગ ન કરી શકે તોપણ સૂર્યાસ્તનો નિર્ણય કરીને સૂર્યાસ્ત પૂર્વે અવશ્ય આહારનો ત્યાગ કરવો જોઈએ. અન્યથા સૂર્યાસ્ત થઈ ગયો હોય છતાં હજી પ્રકાશ દેખાય છે તેમ માનીને ભોજન કરવામાં આવે તો રાત્રિભોજનનો દોષ લાગે છે.

વળી, સૂર્યાસ્તનો નિર્ણય કર્યા વગર આહાર વાપરનારને પોતાનું ઘર અંધકારવાળું હોય તો વિચાર આવે કે હું પ્રદીપ આદિ કરીશ તો રાત્રે ખાઉં છું તેવું લાગશે તેથી પ્રદીપ આદિ કરે નહીં અને બહાર પ્રકાશ દેખાય છે તેમ માનીને આહાર કરે તો અંધકારને કારણે ત્રસાદિની હિંસાના પરિહારની પ્રતિજ્ઞાનો ભંગ થાય અને માયામૃષાવાદ આદિ દોષ પણ લાગે; કેમ કે પોતે સૂર્યાસ્તનો નિર્ણય કર્યા વગર વાપરે છે છતાં હું રાત્રે ખાતો નથી તે પ્રકારે કોઈને કહે ત્યારે માયામૃષાવાદ આદિ દોષો લાગે. માટે શ્રાવકે સૂર્યાસ્ત થયો છે કે નહીં ? તેનો નિર્ણય કરીને જ સાંજના આહારનો ત્યાગ કરવો જોઈએ અને સવારે પણ સૂર્યોદય થયો છે, તેનો નિર્ણય કરીને આહાર વાપરવો જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે સવારના સૂર્યોદય પછી અંતર્મુહૂર્તે આહાર વાપરવાથી નવકારશીનું પ્રત્યાખ્યાન થાય છે તે રીતે સાંજના પણ સૂર્યાસ્ત પૂર્વે બે ઘડી આહારત્યાગ કરવાથી પચ્ચક્ખાણની પ્રાપ્તિ થાય છે. જેઓ સવારના સૂર્યોદય પછી તરત વાપરે છે અને સાંજના સૂર્યાસ્ત સુધી આહાર વાપરે છે તેઓને પચ્ચક્ખાણની પ્રાપ્તિ નથી અને રાત્રિભોજનનો દોષ પણ નથી પરંતુ સૂર્યાસ્ત થઈ ગયો હોય અને આહાર વાપરે અથવા સૂર્યોદય પૂર્વે આહાર વાપરે તો રાત્રિભોજન દોષની પ્રાપ્તિ થાય.

તેમાં સાક્ષી આપે છે –

જેઓ હું રાત્રિભોજન કરતો નથી એ પ્રમાણે કહીને તેનું સેવન કરે છે, તે પ્રત્યક્ષ મૃષાવાદી છે અને માયામૃષાવાદનો પ્રસંગ છે. વળી, પાપ કરીને આત્માને શુદ્ધ માને છે તે બે ગણું પાપ કરે છે. આ પ્રકારની બાલની બીજી મંદતા છે.

તેનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ રાત્રે નહીં ખાવાની પ્રતિજ્ઞા કરીને સૂર્યોદય અને સૂર્યાસ્તનો નિર્ણય કર્યા વગર સૂર્યોદય પૂર્વે કે સૂર્યાસ્ત પછી પણ ક્યારેક વાપરે છે તેઓ પ્રત્યક્ષ મૃષાવાદી છે અને બીજાને કહે કે હું રાત્રે ખાતો નથી તે માયામૃષાવાદી છે. અને રાત્રિભોજન કરી કહે કે હું રાત્રિભોજન કરતો નથી અને પોતાના આત્માને શુદ્ધ માને છે તેથી બે ગણું પાપ કરે છે. એક પચ્ચક્ખાણના ઉલ્લંઘનનું પાપ અને બીજું પોતે પાપ કરીને પોતાને શુદ્ધ માને છે તે રીતે બીજું પાપ કરે છે. આવા પ્રકારના બાળજીવોની પ્રથમ જ્ઞાનની મંદતા છે અને બીજી આચારની મંદતા છે. અર્થાત્ યથાર્થ જ્ઞાન પણ નથી અને યથાર્થ આચાર પણ નથી તેથી સર્વ વિરાધક છે.

### ૧૫. બહુબીજ :–

વળી, શ્રાવકે બહુબીજનું વર્જન કરવું જોઈએ. જે ફળમાં વચમાં પડો ન હોય અને કેવલ બીજમય હોય તે બહુબીજ કહેવાય. જેમાં વચમાં પડ હોય અને ઘણાં બીજ હોય તે બહુબીજ ન કહેવાય. આથી દાડમ આદિમાં બહુ બીજ હોવા છતાં વચમાં પડો છે, માટે બહુબીજ નથી. બહુબીજમાં જેટલાં બીજો હોય તે સર્વમાં સ્વતંત્ર જીવ હોય છે તેથી તેવી વસ્તુ ખાવાથી ઘણા જીવોની હિંસા થાય છે. તેથી દયાળુ સ્વભાવવાળા શ્રાવકે બહુબીજનું વર્જન કરવું જોઈએ.

**૧૬. અજ્ઞાતફળ :-**

વળી, અજ્ઞાતફળનું શ્રાવકે વર્જન કરવું જોઈએ. જે ફળ પોતાને જ્ઞાત નથી અને બીજા પાસેથી તે કયું ફળ છે તેનો નિર્ણય થતો નથી તે અજ્ઞાતફળ કહેવાય અને તે અજ્ઞાતફળ ખાવાથી શાસ્ત્રમાં નિષિદ્ધ ફળની કે વિષવાળા ફળની પ્રાપ્તિ થઈ શકે. તેથી વ્રતભંગનો કે જીવનના નાશનો સંભવ છે માટે શ્રાવકે અજ્ઞાતફળનો પણ ત્યાગ કરવો જોઈએ.

**૧૭. સંધાન :-**

વળી, શ્રાવકે સંધાનનો ત્યાગ કરવો જોઈએ. સંધાન એટલે બોળઅથાણાં. જેમાં અનેક જીવોની નિષ્પત્તિનો સંભવ છે. તેથી દયાળુ સ્વભાવવાળો શ્રાવકે સંધાનનો ત્યાગ કરવો જોઈએ. બોળઅથાણાં વગેરે ત્રણ દિવસ પછી અભક્ષ્ય થાય છે. તે પ્રકારનો વ્યવહાર છે. તેથી ત્રણ દિવસની અંદર બનાવેલ તે વસ્તુ ગ્રહણ કરવાથી દોષની પ્રાપ્તિ નથી.

**૧૮. અનંતકાય :-**

વળી, અનંતકાયમાં એક શરીરમાં અનંતા જીવો હોય છે અને સામાન્યથી સર્વ ત્રસ જીવો અને સર્વ પ્રત્યેક એકેન્દ્રિય જીવો કરતાં અનંતગુણા સિદ્ધના જીવો છે. તેનાથી પણ અનંતગુણા અનંતકાયના એક શરીરમાં જીવો છે. માટે ઘણી બધી સંખ્યાવાળા એકેન્દ્રિય જીવો અનંતકાયમાં હોવાથી દયાળુ એવા શ્રાવકે અનંતકાયનું વર્જન કરવું જોઈએ.

**૧૯. વૃન્તાક=રીંગણ :-**

વળી, શ્રાવકે રીંગણનો ત્યાગ કરવો જોઈએ; કેમ કે રીંગણાં ખાવાથી ઘણી નિદ્રા આવે છે અને કામઉદ્દીપન દોષોની પ્રાપ્તિ છે, માટે શ્રાવકને રીંગણાં ત્યાજ્ય છે.

**૨૦. ચલિતરસ :-**

વળી ચલિતરસ અર્થાત્ જે વસ્તુના રસ, ગંધ આદિ કંઈક વિપરીત થઈ ગયેલા હોય તે ચલિતરસ કહેવાય. તેમાં અનેક જંતુઓની નિષ્પત્તિ થાય છે તેથી દયાળુ શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ. તેથી પક્વાન્ન આદિ પણ સ્વાદથી ચલિત થયેલા હોય તો શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ અને બે દિવસથી ચલિત એવું દહીં આદિ પણ ચલિતરસમાં ગણાય છે માટે શ્રાવકે ત્યાગ કરવો જોઈએ.

**૨૧. તુચ્છ ફળ :-**

શ્રાવકે તુચ્છ પુષ્પ-ફલાદિનો ત્યાગ કરવો જોઈએ. તુચ્છ=અસાર એવાં તુચ્છ પુષ્પ અને ફલાદિનો ત્યાગ કરવો જોઈએ, 'આદિ' શબ્દથી મૂળ, પત્ર વગેરેનું ગ્રહણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે વસ્તુમાં તૃપ્તિ થવાની સંભાવના ઓછી હોય અને વિરાધના વધુ હોય તેવી અસાર વસ્તુ શ્રાવક ખાય નહીં; કેમ કે શ્રાવક ભોગના અર્થી હોવા છતાં દયાળુ સ્વભાવવાળા હોય છે તેથી જેમાં વિરાધના ઘણી હોય અને તૃપ્તિ ઓછી હોય તેવી વસ્તુનો ત્યાગ કરે છે.

**૨૨. દ્વિદળ :-**

વળી, શ્રાવક ગરમ નહીં થયેલાં દૂધ, દહીં, છાશ સાથે કઠોળ ભેગાં કરીને વાપરે નહિ; કેમ કે કાચા દૂધ આદિમાં કઠોળનો સંસર્ગ થાય તો કેવલીગમ્ય એવા સૂક્ષ્મજીવોની ઉત્પત્તિનો સંભવ છે. અને 'સંસક્તનિર્યુક્ત' ગ્રંથમાં કહેલ છે કે કાચાં દૂધ-દહીંના સંસર્ગથી કઠોળમાં નિગોદ અને પંચેંદ્રિયજીવો ઉત્પન્ન થાય છે. તેથી તે શાસ્ત્રવચનને ગ્રહણ કરીને દયાળુ શ્રાવકે કાચાં દૂધ-દહીં આદિ સાથે કઠોળનો આહાર કરવો જોઈએ નહિ.

વળી, દ્વિદળ કોને કહેવાય ? તેનું લક્ષણ કરતા કહે છે –

જે મગ આદિ કઠોળના બે ભાગ કરવામાં આવે તો તેમાં તેલનો અંશ નથી તે દ્વિદળ કહેવાય. અને જેમાં તેલનો અંશ છે તેવા સીંગદાણા વગેરે દ્વિદળ કહેવાય નહીં. તેથી મગ આદિ દ્વિદળનો કાચા દૂધ આદિ સાથે મિશ્રણ થાય તો જીવ ઉત્પત્તિ થાય અને સીંગદાણા આદિનું મિશ્રણ થાય તો જીવ ઉત્પત્તિ નહીં થાય. માટે તે પ્રમાણે યતના કરીને કાચા દૂધ આદિ સાથે શ્રાવક દ્વિદળનું વર્જન કરે.

**ટીકા :-**

**योगशास्त्रे तु षोडश वर्जनीयानि प्रतिपादितानि यथा –**

"मद्यं मांसं नवनीतं, मधूदुम्बरपञ्चकम् ।
अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ।।१।।
आमगोरससम्पृक्तं, द्विदलं पुष्पितौदनम् ।
दध्यहर्द्वितयातीतं, क्वथितान्नं च वर्जयेत् ।।२।।" **[३/६-७]**

**अन्यसकलाभक्ष्यवर्जनं च –**

"जन्तुमिश्रं फलं पुष्पं, पत्रं चान्यदपि त्यजेत् ।
सन्धानमपि संसक्तं, जिनधर्मपरायणः ।।३।।" **[योगशास्त्रे ३/७२] इति सङ्ग्रहश्लोकेनोक्तम् ।**

**अत्र च सप्तमव्रते सचित्ताऽचित्तमिश्रव्यक्तिः श्राद्धविध्युक्ता पूर्वं सम्यक् ज्ञेया युज्यते यथा चतुर्दशादिनियमाः सुपाल्या भवन्तीति । तद्व्यक्तिर्यथा-प्रायः सर्वाणि धान्यानि धानकजीराऽजमक-विरहालीसूआराईखसखसप्रभृतिसर्वकणाः, सर्वाणि फलपत्राणि, लवणखारीक्षारकः रक्तसैन्धवसञ्च-लादिरकृत्रिमः क्षारो मृत्खटी वर्णिकादि आर्द्रदन्तकाष्ठादि च व्यवहारतः सचित्तानि ।**

**जलेन क्ष्वेदिताश्चणकगोधूमादिकणाश्चणकमुद्गादिदालयश्च क्लिन्ना अपि क्वचिन्नखिका-सम्भवान्मिश्राः, तथा पूर्वं लवणादिप्रदानं बाष्पादिप्रदानं वालुकादिक्षेपं वा विना सेकिताश्चणका गोधूमयुगन्धर्यादिधानाः क्षारादिप्रदानं विना लोलिततिला ओलकउम्बिकापृथुकसेकितफलिका-**

**पर्प्पटिकादयो मरिचराजिकावघारादिमात्रसंस्कृतचिर्भटिकादीनि सचित्तान्तर्बीजानि सर्वपक्वफलानि च मिश्राणि, यद्दिने तिलकुट्टिः कृता तद्दिने मिश्रा, मध्येऽन्नरोटिकादिक्षेपे तु मुहूर्त्तादनु प्रासुका । दक्षिणमालवादौ प्रभूततरगुडक्षेपेण तद्दिनेऽपि तस्याः प्रासुकत्वव्यवहारः, वृक्षात्तत्कालगृहीतं गुन्दलाक्षाछल्ल्यादि तात्कालिको नालिकेरनिम्बूकनिम्बाऽऽम्रेक्ष्वादीनां रसः तात्कालिकं तिलादितैलं तत्कालभग्नं निर्बीजीकृतं नालिकेरशृङ्गाटपूगीफलादि निर्बीजीकृतानि पक्वफलानि गाढमर्द्दितं निष्कणं जीरकाऽजमकादि च मुहूर्त्तं यावन्मिश्राणि, मुहूर्त्तादूर्ध्वं तु प्रासुकानीति व्यवहृतिः । अन्यदपि प्रबलाग्नियोगं विना यत्प्रासुकीकृतं स्यात्तन्मुहूर्त्तावधि मिश्रं तदनु प्रासुकं व्यवह्रियते, यथा प्रासुकनीरादि, तथा कच्चफलानि कच्चधान्यानि गाढं मर्दितमपि लवणादि च प्रायोऽग्न्यादिप्रबलशस्त्रं विना न प्रासुकानि ।**

**योजनशतात्परत आगतानि हरीतकीखारिकीकिसिमिसिद्राक्षाखर्जूरमरिचपिप्पलीजातिफलबदामवायमअक्षोटकनमिजांपिस्तांचिणीकबाबास्फुटिकानुकारिसैन्धवादीनि सर्जिकाबिडलवणादिः कृत्रिमः क्षारः कुम्भकारादिपरिकर्मितमृदादिकम् एलालविङ्गजावित्रीशुष्कमुस्ताकोङ्कणादिपक्वकदलीफलान्युत्कालितशृङ्गाटकपूगादीनि च प्रासुकानीतिव्यवहारो दृश्यते, उक्तमपि श्रीकल्पे–**

"जोयणसयं तु गतं (गन्ता), अणहारेणं तु भंडसंकंती ।
वायागणिधूमेण य, विद्धत्थं होइ लोणाइ ।।१।।" **[बृहत्कल्पभाष्य ९७३/प्रवचनसारोद्धारे १००१, निशीथभाष्य ४८३३]**

लवणादिकं स्वस्थानात् गच्छत् प्रत्यहं बहुबहुतरादिक्रमेण विध्वस्यमानं योजनशतात्परतो गत्वा सर्वथैव विध्वस्तम् अचित्तं भवति । शस्त्राभावे योजनशतगमनमात्रेणैव कथमचित्तीभवतीत्याह–"अनाहारेण" यदुत्पत्तिदेशादिकं साधारणं तत्ततो व्यवस्थितं स्वोपष्टम्भकाहारविच्छेदाद्विध्वस्यते; तच्च लवणादिकं "भाण्डसंक्रान्त्या" पूर्वस्मात् पूर्वस्मात् भाजनादपरभाजनेषु यद्वा पूर्वस्या भाण्डशालाया अपरस्यां भाण्डशालायां संक्रम्यमाणं विध्वस्यते, तथा वातेन वाऽग्निना वा महानसादौ धूमेन वा लवणादिकं विध्वस्तं भवति । लोणाई इत्यत्रादिशब्दादमी द्रष्टव्याः ।

"हरियालमणोसिलपिप्पलीअखज्जूरमुद्दिआ अभया ।
आइन्नमणाइन्ना, तेविहु एमेव नायव्वा ।।२।।" **[बृहत्कल्पभाष्य ९७४, निशीथभाष्य ४८३४, प्रवचनसारोद्धार १००२]**

हरितालं मनःशिला पिप्पली च खर्जूरः एते प्रसिद्धाः, मुद्रि(मृद्वी)का द्राक्षा, अभया हरीतकी, एतेऽप्येवमेव लवणवद्योजनशतगमनादिभिः कारणैरचित्तीभवन्तो ज्ञातव्याः, परमेकेऽत्राचीर्णाः, अपरेऽनाचीर्णाः । तत्र पिप्पलीहरीतकीप्रभृतय आचीर्णा इति गृह्यन्ते । खर्जूरमुद्रि(मृद्वी)कादयः पुनरनाचीर्णा इति न गृह्यन्ते ।

अथ सर्वेषां सामान्येन परिणमनकारणमाह –

“आरुहणे ओरुहणे, निसिअणगोणाइणं च गाउम्हा ।

भूम्माहारोच्छेए, उवक्कमेणं च परिणामो ।।३।।” **[बृहत्कल्पभाष्ये ९७५, निशीथभाष्ये ४८३५, प्रवचनसारोद्धारे १००३]**

शकटादिषु लवणादीनां यद्भूयो भूय आरोहणमवरोहणं च, तथा यत्तस्मिन् शकटादौ लवणादिभारोपरि मनुष्या निषीदन्ति, तेषां गवादीनां च यः कोऽपि पिष्टा(पृष्ठा)दिगात्रोष्मा तेन वा परिणामो भवति । तथा यो यस्य भौमादिकः पृथिव्यादिक आहारस्तद्व्यवच्छेदे, तस्य परिणामः, उपक्रमः-शस्त्रम्, तच्च त्रिधा-स्वकाय-परकाय-तदुभयरूपम् ।

तत्र स्वकायशस्त्रं यथा–लवणोदकं मधुरोदकस्य, कृष्णभूमं वा पाण्डुभूमस्य, परकायशस्त्रं यथा–अग्निरुदकस्य, उदकं चाग्नेरिति, तदुभयशस्त्रं यथा–उदकमृत्तिका शुद्धोदकस्येत्यादि, एवमादीनि सच्चित्तवस्तूनां परिणमनकारणानि मन्तव्यानि ।

“उप्पलपउमाई पुण, उण्हे दिण्णाइँ जाम न धरिंति ।

मोग्गरगजूहिआओ, उण्हे छूढा चिरं हुंति ।।४।।

मगदंतिअपुप्फाइं, उदगच्छूढाइँ जाम न धरिंति ।

उप्पलपउमाइ पुणो, उदए छूढा चिरं हुँति ।।५।।” **[बृहत्कल्पभाष्य ९७८-९]**

उत्पलानि पद्मानि च उदकयोनिकत्वाद् उष्णे-आतपे दत्तानि “यामं” प्रहरमात्रं कालं “न ध्रियन्ते” नावतिष्ठन्ते, किन्तु प्रहरादर्वागेवाचित्तीभवन्ति । मुद्गरकाणि-मगदन्तिकापुष्पाणि यूथिकापुष्पाणि चोष्णयोनिकत्वादुष्णे क्षिप्तानि चिरमपि कालं भवन्ति, सचित्तान्येव तिष्ठन्तीभावः । मगदन्तिकापुष्पाणि उदके क्षिप्तानि याममपि न ध्रियन्ते, उत्पलपद्मानि पुनरुदके क्षिप्तानि चिरमपि भवन्ति ।

“पत्ताणं पुप्फाणं, सरडुफलाणं तहेव हरिआणं ।

बिंटंमि मिलाणंमी, णायव्वं जीवविप्पजढं ।।६।।” **[बृहत्कल्पभाष्य ९८०]**

“पत्राणां पुष्पाणां सरडुफलानामबद्धास्थिकफलानां वास्तुलादीनां सामान्यतस्तरुणवनस्पतीनां वा वृन्ते=मूलनाले म्लाने सति ज्ञातव्यं जीवविप्रयुक्तमेतत्पत्रादिकम्” **[प. ३०८] इति श्रीकल्पवृत्तौ ।**

**शाल्यादिधान्यानां तु श्रीपञ्चमाङ्गे षष्ठशतकसप्तमोद्देशके सचित्ताचित्तत्वविभाग एवमुक्तः ।**

“अह णं भंते? सालीणं वीहीणं गोहूमाणं जवाणं जवजवाणं एएसि णं धण्णाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं मंचाउत्ताणं मालाउत्ताणं उल्लित्ताणं पिहिआणं मुद्दिआणं लंछिआणं केवइअं कालं जोणी संचिट्ठइ? गोअमा! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं तिण्णि संवच्छराइं, तेण परं जोणी पमिलाइ पविद्धंसइ बीए अबीए भवइ । अह भंते? कलाय १ मसूर २ तिल ३ मुग्ग ४ मास ५ निप्फाव ६ कुलत्थ ७ अलिसंदग ८ सईण ९ पलिमंथग १० माईणं एएसि णं धण्णाणं? जहा सालीणं तहा एआणवि नवरं पञ्च संवच्छराइं सेसं तं चेव । अह भंते ? अयसि

१ कुसुंभग २ कोद्दव ३ कंगु ४ बरट्ट ५ रालग ६ कोडूसग ७ सण ८ सरिसव ९ मूलबीअ १० माईणं धण्णाणं ? सत्त संवच्छराइं" । **[सू० २४६]**

**अत्र पूर्वसूरिकृतगाथा यथा –**

"जव १ जवजव २ गोहुम ३ सालि ४ वीहि ५ धण्णाण कुट्ठयाईसुं ।
खिविआणं उक्कोसं, वरिसतिगं होइ सजीअत्तं ।।१।।

तिल १ मुग्ग २ मसुर ३ कलाय ४ मास ५ चवलय ६ कुलत्थ ७ तुवरीणं ८ ।
तह वट्टचणय ९ वल्लाण १०, वरिसपणगं सजीअत्तं ।।२।।

अयसी १ लट्टा २ कंगू ३, कोडूसग ४ सण ५ बरट्ट ६ सिद्धत्था ७ ।
कुद्दव ८ रालग ९ मूलगबीयाणं १० सत्त वरिसाणि ।।३।।" **[]**

**कर्पासस्याचित्तता त्रिवर्षानन्तरं स्याद् । यदुक्तं कल्पबृहद्भाष्ये –**

"सेंडुगं तिवरिसाइ, गिह्णंति" **[ ] सेडूकं त्रिवर्षातीतं विध्वस्तयोनिकमेव कल्पते,** "सेडूकः कर्पास" **इति तद्वृत्तौ ।**

**पिष्टस्य तु मिश्रताद्येवमुक्तं पूर्वसूरिभिः –**

"पणदिण मीसो लुट्टो, अचालिओ सावणे अ भद्दवए ।
चउ आसोए कत्तिअमगसिरपोसेसु तिन्नि दिणा ।।१।।

पणपहर माहफग्गुण, पहरा चत्तारि चित्तवइसाहे ।
जिट्ठासाढे तिपहर, तेण परं होइ अच्चित्तो ।।२।।" **[]**

**चालितस्तु मुहूर्त्तादूर्ध्वमचित्तः, तस्य चाचित्तीभूतानन्तरं विनशनकालमानं तु शास्त्रे न दृश्यते, परं द्रव्यादिविशेषेण वर्णादिविपरिणामाभवनं यावत्कल्पते, उष्णनीरं तु त्रिदण्डोत्कलनावधि मिश्रम्, यदुक्तं पिण्डनिर्युक्तौ –**

"उसिणोदगमणुवत्ते, दंडे वासे अ पडिअमित्तंमि ।
मुत्तूणादेसतिगं, चाउलउदगेऽबहुपसन्नं ।।१।।" **[गा. १८]**

**व्याख्या-**अनुद्वृत्तेषु त्रिदण्डेषु-उत्कालेषु जलमुष्णं मिश्रम्, ततः परमचित्तम्, तथा वर्षे-वृष्टौ पतितमात्रायां ग्रामादिषु प्रभूतमनुष्यप्रचारभूमौ यज्जलं तद्यावन्न परिणमति तावन्मिश्रम्, अरण्यभूमौ तु यत्प्रथमं पतति तत्पतितमात्रं मिश्रम्, पश्चान्निपतत् सचित्तम्, आदेशत्रिकं मुक्त्वा तन्दुलोदकमबहुप्रसन्नं मिश्रम्, अतिस्वच्छीभूतं त्वचित्तम् ।

अत्र यत्र आदेशा यथा-केचिद्वदन्ति तन्दुलोदके तन्दुलप्रक्षालनभाण्डादन्यत्र भाण्डे क्षिप्यमाणे त्रुटित्वा भाण्डपार्श्वे लग्ना बिन्दवो यावन्न शाम्यन्ति तावन्मिश्रम्, अपरे तु तथैव जाता यावद् बुद्बुदा न शाम्यन्ति तावत्, अन्ये तु

यावत्तन्दुला न सिद्ध्यन्ति तावत्, एते त्रयोऽप्यादेशा अनादेशाः, रूक्षेतरभाण्डपवनाग्निसम्भवादिभिरेषु कालनियमस्याभावात्, ततोऽतिस्वच्छीभूतमेवाचित्तम् ।

"नीव्वोदगस्स गहणं, केई भाणेसु असुइ पडिसेहो ।

गिहिभायणेसु गहणं, ठिअवासे मीसगं छारो ।।२।।" **[पिण्डनिर्युक्ति ३२]**

नीव्रोदकं हि धूमधूम्रीकृतदिनकरकरसम्पर्कसोष्मनीव्रसम्पर्कादचित्तम्, अतस्तद्ग्रहणे न काचिद्विराधना, केचिदाहुः- स्वभाजनेषु तद्ग्राह्यम्, अत्राचार्यः प्राह-अशुचित्वात्स्वपात्रेषु ग्रहणप्रतिषेधः, ततो गृहिभाजने कुण्डिकादौ ग्राह्यम्, वर्षति मेघे च तन्मिश्रम्, ततः स्थिते वर्षेऽन्तर्मुहूर्त्तादूर्ध्वं ग्राह्यम्, जलं हि केवलं प्रासुकीभूतमपि प्रहरत्रयादूर्ध्वं भूयः सचित्तं स्यादतस्तन्मध्ये क्षारः क्षेप्यः, एवं स्वच्छतापि स्याद्" **इति पिण्डनिर्युक्तिवृत्तौ ।**

**तन्दुलधावनोदकानि प्रथमद्वितीयतृतीयानि अचिरकृतानि मिश्राणि, चिरं तिष्ठन्ति त्वचित्तानि, चतुर्थादिधावनानि तु चिरं स्थितान्यपि सचित्तानि प्रासुकजलादिकालमानमेवमुक्तं प्रवचनसारोद्धारादौ-**

"उसिणोदगं तिदंडुक्कालिअं फासुअजलं जईकप्पं ।

नवरि गिलाणाइकए, पहरतिगोवरिवि धरिअव्वं ।।१।।

जायइ सचित्तया से, गिम्हासुं पहरपंचगस्सुवरिं ।

चउपहरुवरिं सिसिरे, वासासु जलं तिपहरुवरिं ।।२।।" **[८८१-२, विचारसारे २५७-८]**

**तथाऽचेतनस्यापि कङ्कडुकमुद्गहरीतकी-कुलिकादेरविनष्टयोनिरक्षणार्थं निःशूकतादिपरिहारार्थं च न दन्तादिभिर्भज्यते, यदुक्तं श्रीओघनिर्युक्तिपञ्चसप्ततितमगाथावृत्तौ-**"अचित्तानामपि केषाञ्चिद्वनस्पतीनामविनष्टा योनिः स्याद् गडूचीमुद्गादीनाम् । तथाहि-गुडुची शुष्काऽपि जलसेकात्तादात्म्यं भजन्ती दृश्यते एवं कङ्कडुकमुद्गादिरपि, अतो योनिरक्षणार्थमचेतनयतना न्यायवत्येवेति" **[तुला-४१ तमगाथावृत्तिः, प. ३४]**

**एवं सचित्ताचित्तादिव्यक्तिं ज्ञात्वा सप्तमव्रतं नामग्राहं सचित्तादिसर्वभोग्यवस्तुनैयत्यकरणादिना स्वीकार्यम् यथाऽऽनन्द-कामदेवादिभिः स्वीकृतम्, तथाकरणाशक्तौ तु सामान्यतोऽपि सचित्तादि-नियमाः कार्याः । ते चैवम् -**

"सच्चित्त १ दव्व २ विगई ३, वाणह ४ तंबोल ५ वत्थ ६ कुसुमेसुं ७ ।

वाहण ८ सयण ९ विलेवण १० बंभ ११ दिसि १२ ण्हाण १३ भत्तेसुं १४।।१।।" **[सम्बोधप्र. श्रावक. ११]**

**तत्र मुख्यवृत्त्या सुश्रावकेण सचित्तं सर्वथा त्याज्यं, तदशक्तौ नामग्राहम्, तथाऽप्यशक्तौ सामान्यत एकद्व्यादि नियम्यं, यतः-'निरवज्जाहारेण'मिति पूर्वलिखिता गाथेति । परं प्रतिदिनैकसचित्ताभिग्रहिणो हि पृथक् पृथक् दिनेषु परावर्त्तनेन सर्वसचित्तग्रहणमपि स्यात्, तथा च न विशेषविरतिः, नामग्राहं**

**सचित्ताभिग्रहे तु तदन्यसर्वसचित्तनिषेधरूपं यावज्जीवं स्पष्टमेवाधिकं फलम् । उक्तं च –**

"पुष्फफलाणं च रसं, सुराइ मंसाण महिलिआणं च ।
जाणंता जे विरया, ते दुक्करकारए वंदे ।।१।।" []

**सचित्तेष्वपि नागवल्लीदलानि दुस्त्यजानि, शेषसचित्तानां प्रायः प्रासुकीभवनं स्वल्पकालमध्येऽपि दृश्यते एषु तु निरन्तरं जलक्लेदादिना सचित्तता सुस्थैव, कुन्थ्वादिविराधनापि भूयसी च, तत एव पापभीरुणा त्याज्यानि अन्यथाऽपि रात्रौ न व्यापार्याणि । रात्रिव्यापारणेऽपि दिवा संशोधनादियतनाया एव मुख्यता, ब्रह्मचारिणा तु कामाङ्गत्वात्त्याज्यान्येव, सचित्तभक्षणे दोषस्तु अनेकजीवविराधनारूपः, यतः प्रत्येकसचित्तेऽप्येकस्मिन् पत्रफलादावसङ्ख्यजीवविराधनासंभवः । यदागमः–**

"जं भणिअं पज्जत्तगनिस्साए वुक्कमंत अपजत्ता ।
जत्थेगो पज्जत्तो, तत्थ असंखा अपज्जत्ता ।।१।।" []

**बादरेष्वेकेन्द्रियेष्वेवमुक्तम्, सूक्ष्मेषु तु यत्रैकोऽपर्याप्तस्तत्र तन्निश्रया नियमादसङ्ख्याः पर्याप्ताः स्युरित्याचाराङ्गवृत्त्यादौ प्रोक्तम् । एवमेकस्मिन्नपि पत्रादावसङ्ख्यजीवविराधना तदाश्रितजल-नील्यादिसंभवे त्वनन्ता अपि । जललवणादि चासङ्ख्यजीवात्मकमेव, यदार्षम् –**

"एगंमि उदगबिंदुमि, जे जीवा जिणवरेहिं पण्णत्ता ।
ते जइ सरिसवमित्ता, जंबुद्दीवे न मायंति ।।१।।
अद्दामलगप्पमाणे, पुढविक्काए हवंति जे जीवा ।
ते पारेवयमित्ता, जंबुद्दीवे न मायंति ।।२।।" **[सम्बोधसत्तरि ९५-९४]**

**सर्वसचित्तत्यागेऽम्बडपरिव्राजकसप्तशतशिष्यनिदर्शनम्, एवं सचित्तत्यागे यतनीयमिति प्रथम-नियमः १ ।**

**सचित्तविकृतिवर्जं यन्मुखे क्षिप्यते तत्सर्वं द्रव्यं, क्षिप्रचटीरोटिकानिर्विकृतिकमोदक-लपनश्री-पर्पटिकाचूरिमकरम्बकक्षैरेय्यादिकं बहुधान्यादिनिष्पन्नमपि परिणामान्तराद्यापत्तेरेकैकमेव द्रव्यम् । एकधान्यनिष्पन्नान्यपि पूलिकास्थूलरोट्टकमण्डकखर्खरकघूघरीढोक्कलथूलीवाटकणिक्कादीनि पृथक् पृथक् नामास्वादवत्त्वेन पृथक् पृथक्द्रव्याणि, फलफलिकादौ तु नामैक्ये भिन्नभिन्नास्वादव्यक्तेः परिणामान्तराभावाच्च बहुद्रव्यत्वम्, अन्यथा वा सम्प्रदायादिवशाद् द्रव्याणि गणनीयानि, धातुमयशिला-काकराऽङ्गुल्यादिकं द्रव्यमध्ये न गणयन्ति २ ।**

**विकृतयो भक्ष्याः षट्, दुग्ध १ दधि २ घृत ३ तैल ४ गुड ५ सर्वपक्वान्न ६ भेदात् ३ । 'वाणह'त्ति उपानद्युग्मं मोचकयुग्मं वा, काष्ठपादुकादि तु बहुजीवविराधनाहेतुत्वात्त्याज्यमेव श्रावकैः**

४ । ताम्बूलं पत्रपूगखदिरवटिकाकत्थकादि स्वादिमरूपम् ५ । वस्त्रं पञ्चाङ्गादिर्वेषः धौतिक-पौतिक-रात्रिवस्त्रादि वेषे न गण्यते ६ । कुसुमानि शिरःकण्ठक्षेपशय्योच्छीर्षकाद्यर्हाणि, तन्नियमेऽपि देवशेषा कल्पते ७ । वाहनं रथाश्वादि ८ । शयनं खट्वादि ९ । विलेपनं भोगार्थं चन्दन-जवादिचूअकस्तूर्यादि, तन्नियमेऽपि देवपूजादौ तिलकस्वहस्तकङ्कणधूपनादि कल्पते १० । अब्रह्म दिवा रात्रौ वा पत्न्याद्याश्रित्य ११ । दिक्परिमाणं सर्वतोऽमुकदिशि वा इयदवधिगमनादिनियमनम् १२ । स्नानं तैलाभ्यङ्गादिपूर्वकम्, देवपूजार्थं करणे न नियमभङ्गः, लौकिककारणे च यतना रक्ष्या १३ । भक्तं राद्धधान्य-सुखभक्षिकादि सर्वं त्रिचतुःसेरादिमितम्, खडबूजादिग्रहणे बहवोऽपि सेराः स्युः १४ । एतदुपलक्षणत्वादन्येऽपि शाकफलधान्यादिप्रमाणारम्भनैयत्यादिनियमा यथाशक्ति ग्राह्याः ।।३४।।

**ટીકાર્થ :-**

योगशास्त्रे ..... ग्राह्याः ।। **વળી, યોગશાસ્ત્રમાં વર્જન કરવા યોગ્ય ૧૬ વસ્તુનું પ્રતિપાદન છે. જે આ પ્રમાણે –**

"મદ્યનું, માંસનું, નવનીતનું=માખણનું, મધનું, ઉદુમ્બર પંચકનું, અનંતકાયનું, અજ્ઞાતફલનું, રાત્રિભોજનનું, કાચા ગોરસથી યુક્ત દ્વિદળનું, પુષ્પિત ઓદનનું, બે દિવસથી અતીત દહીંનું, અને કુથિત અન્નનું વર્જન કરવું જોઈએ." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૬-૭)**

**અને અન્ય સકલ અભક્ષ્યનું વર્જન કરવું જોઈએ.**

"જિનધર્મપરાયણ એવા શ્રાવકે જંતુમિશ્ર ફલનો, જંતુમિશ્ર પુષ્પનો, જંતુમિશ્ર પત્રનો અને જંતુમિશ્ર અન્ય પણ વસ્તુનો અને સંસક્ત એવા સંધાનનો પણ ત્યાગ કરવો જોઈએ." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૭૨)**

**એ પ્રમાણે સંગ્રહ શ્લોકથી કહેવાયું છે.**

**અહીં સાતમા વ્રતમાં પૂર્વમાં સમ્યક્ જ્ઞેય=જાણવા યોગ્ય, એવી 'શ્રાદ્ધવિધિ'માં કહેવાયેલ સચિત્ત-અચિત્ત મિશ્ર વ્યક્તિ યોજન કરાય છે=તેનું પરિજ્ઞાન કરાય છે, જે રીતે ચૌદ નિયમ સુપાલ્ય થાય છે.**

**અને તેની વ્યક્તિ=સચિત્ત-અચિત્ત-મિશ્રની અભિવ્યક્તિ, આ પ્રમાણે છે –**

**પ્રાયઃ સર્વ ધાન્યો ધાણા-જીરુ-અજમો-વરિયાળી - સૂઆ-રાઈ-ખસખસ પ્રભૃતિ=બધા, કણો=દાણા, સર્વ ફળ-પત્રો, લવણખારીક્ષારક, લાલ સૈન્ધવ, સંચળ આદિ, અકૃત્રિમ ક્ષાર, મૃત્ખટી, વર્ણિકાદિ અને લીલાં દાતણ આદિ વ્યવહારથી સચિત્ત છે.**

**પાણીથી પલાળેલા ચણા, ઘઉં આદિ કણો અને ચણા-મગ આદિની દાળો ભીની હોવા છતાં પણ નખિકાનો સંભવ હોવાથી મિશ્ર છે.**

**અને પૂર્વે લવણ આદિના પ્રદાન વગર=મીઠું આદિ નાખ્યા વગર, બાષ્પાદિના પ્રદાન વગર=બાફ્યા**

વગર, વાલુકાદિના ક્ષેપ વગર=રેતી નાખ્યા વગર, શેકાયેલા ચણા, ઘઉં, યુગન્ધરીના ધાણા=જુવારની ધાણી મિશ્ર છે એમ પાછળ સાથે અન્વય છે. ક્ષારાદિના પ્રદાન વિના લોલિત એવા તલ=ખાંડેલા તલ, ઓલક, ઉમ્બિકા, પૃથુક સેકિત ફલિકા, પર્પટિકા આદિ મિશ્ર છે એમ પાછળ સાથે અન્વય છે. મરચાં, રાઈના વઘાર આદિ માત્રથી સંસ્કૃત ચીભડાં આદિ અને સચિત્ત અંતર્બીજવાળાં સર્વ પાકાં ફળો મિશ્ર છે. અને જે દિવસે તલકુટ્ટિ=ખાંડેલા તલ, કર્યા હોય તે દિવસે મિશ્ર છે. વળી મધ્યમાં=ખાંડેલા તલની મધ્યમાં અન્નરોટિકાદિનો ક્ષેપ કરાયે છતે મુહૂર્ત=૪૮ મિનિટ, પછી અચિત્ત થાય છે. દક્ષિણ માલવદેશમાં ઘણો ગોળ નાંખવાને કારણે તે જ દિવસે પણ=તિલકુટ્ટિ જે દિવસે કરી હોય તે દિવસે પણ, તેના અચિત્તપણાનો વ્યવહાર છે. વૃક્ષ ઉપરથી તત્કાલ ગ્રહણ કરેલ ગુંદર, લાખ, છાલ આદિ એક મુહૂર્ત=૪૮ મિનિટ, સુધી મિશ્ર છે. તરત કાઢેલ નારિયેળનું પાણી, લીંબુનો રસ, લીમડાનો રસ, કેરીનો રસ, શેરડીનો રસ, એક મુહૂર્ત સુધી મિશ્ર છે. તરત કાઢેલું તલ આદિનું તેલ, તરત ભંગાયેલા નિર્બીજ કરેલાં નારિયેળ, શૃંગાટ=શીંગોડાં, સોપારી આદિ એક અંતર્મુહૂર્ત સુધી મિશ્ર છે. અને નિર્બીજ કરાયેલાં પાકાં ફળો, ગાઢ મર્દિત નિષ્કણ=બારીક વાટેલાં, જીરુ-અજમો આદિ એક અંતર્મુહૂર્ત સુધી મિશ્ર છે. વળી મુહૂર્ત=૪૮ મિનિટ, પછી અચિત્ત છે એ પ્રકારનો વ્યવહાર છે. બીજા પણ પ્રબલ અગ્નિના યોગ વગર જે પ્રાસુક કરાયેલું છે તે એક મુહૂર્ત સુધી મિશ્ર છે ત્યારપછી અચિત્તનો વ્યવહાર થાય છે. જે પ્રમાણે અચિત્ત જલ આદિ. અને કાચાં ફળો, કાચાં ધાન્યો અને ગાઢ મર્દિત પણ લવણ આદિ પ્રાયઃ અગ્નિ આદિના પ્રબલ શસ્ત્ર વગર અચિત્ત નથી.

સો યોજનથી પર આવેલા=સો યોજન દૂરથી આવેલાં, વરિયાળી, ખારેક, કિસમિસ, દ્રાક્ષ, ખજૂર, મરી, પિપ્પલી, જાતિફલ=જાયફળ, બદામ, વાયમ, અક્ષોટક=અખરોટ, નમિજા, પીસ્તા, ચિણીકબાબા, સ્ફટિક જેવા સૈન્ધવઆદિ સર્જિકા, બિડલવણ આદિ, કૃત્રિમ ક્ષાર, કુંભારથી મસળાયેલી માટી આદિ, એલચી, લવિંગ, જાવિત્રી, શુષ્ક મુસ્તા, કોંકણ આદિ દેશમાં પાકેલાં કેળાં, ઉત્કાલિત=ઉકાળેલાં શીંગોડાં=બાફેલાં શીંગોડાં, સોપારી આદિ અચિત્ત છે. એ પ્રમાણે વ્યવહાર દેખાય છે. 'શ્રીકલ્પ' ગ્રંથમાં પણ કહેવાયું છે.

"સો યોજન ગયેલ અનાહારથી=આહારના અભાવથી, વળી ભાંડની સંક્રાંતિથી, વાયુ - અગ્નિ અને ધૂમથી લવણાદિ વિધ્વસ્ત થાય છે=અચિત્ત થાય છે." ।।૧।। **(બૃહત્કલ્પભાષ્ય-૯૭૩, પ્રવચનસારોદ્ધાર-૧૦૦૧, નિશીથભાષ્ય-૪૮૩૩)**

લવણ આદિ સ્વસ્થાનથી જતા પ્રતિદિવસ બહુ-બહુત્તર આદિ ક્રમથી વિધ્વસ્યમાન=અચિત્ત થતું, સો યોજન પરથી જઈને સર્વથા જ વિધ્વસ્ત=અચિત્ત થાય છે.

શસ્ત્રના અભાવમાં સો યોજન જવા માત્રથી જ કેમ અચિત્ત થાય છે ?=મીઠું આદિ કેમ અચિત્ત થાય છે એથી કહે છે –

અનાહારને કારણે જે ઉત્પત્તિ દેશ આદિ સાધારણ છે તે તેનાથી વ્યવસ્થિત છે=તેનાથી સચિત્ત રહે છે. અને સ્વ ઉપષ્ટંભક આહારના વિચ્છેદથી વિધ્વસ્ત થાય છે=અચિત્ત થાય છે. અને તે લવણાદિ ભાંડની સંક્રાંતિથી=પૂર્વ-પૂર્વના

ભાજનથી બીજા ભાજનમાં અથવા પૂર્વની ભાંડશાલાથી બીજી ભાંડશાલામાં સંક્રમણ કરાતું=ફેરવાતું, વિધ્વસ્ત થાય છે=અચિત્ત થાય છે, અને વાયુથી અથવા અગ્નિથી અથવા રસોડા આદિમાં ધુમાડાથી લવણાદિક વિધ્વસ્ત થાય છે=અચિત્ત થાય છે. લોણાઈ એ પ્રકારના શબ્દમાં 'આદિ' શબ્દથી આગળની ગાથામાં કહે છે એ વસ્તુ જાણવી.

"હરિયાલ, મણશિલ, પિપ્પલી, ખજૂર, મુદ્રિઆ=દ્રાક્ષ, અભયા=હરડે તે પણ આચીર્ણ-અનાચીર્ણ આ પ્રમાણે જાણવા." ॥૨॥ **(બૃહત્કલ્પભાષ્ય-૯૭૪, નિશિથભાષ્ય-૪૮૩૪, પ્રવચનસારોદ્ધાર-૧૦૦૨)**

હરિતાલ, મનઃશિલ, પિપ્પલી અને ખજૂર આ પ્રસિદ્ધ છે. મુદ્રિકા=દ્રાક્ષ, અભયા=હરડે, એ પણ આ રીતે જ લવણની જેમ યોજનશતગમન આદિ કારણથી અચિત્ત થતાં જાણવાં, પરંતુ એક અહીં=હરિતાલ આદિના વિભાગમાં, આચીર્ણ છે=અચિત્ત તરીકે સ્વીકૃત છે. બીજાં અનાચીર્ણ છે=અચિત્ત તરીકે વ્યવહાર થતો નથી. ત્યાં પિપ્પલી હરડે વગેરે આચીર્ણ છે એ પ્રમાણે ગ્રહણ થાય છે. ખજૂર, મુદ્રિકા=દ્રાક્ષ આદિ, અનાચીર્ણ છે એ પ્રમાણે ગ્રહણ થાય છે.

હવે સર્વના સામાન્યથી જ પરિણમનનાં કારણોને કહે છે=અચિત્તરૂપે થવાનું કારણ કહે છે –

"આરોહણમાં, અવરોહણમાં, નિસિદનમાં=તેના ઉપર બેસવામાં, ગાય આદિની ગરમીથી, ભૂમિના આહારના ઉચ્છેદમાં અને ઉપક્રમથી (લવણાદિ પદાર્થોના) પરિણામ થાય છે=અચિત્ત થાય છે." ॥૩॥ **(બૃહત્કલ્પભાષ્ય ૯૭૫, નિશીથભાષ્ય ૪૮૩૫, પ્રવચનસારોદ્ધાર-૧૦૦૩)**

ગાડાંઓમાં લવણ આદિનું જે ફરી ફરી આરોહણ અવરોહણ છે તેના કારણે લવણાદિ અચિત્ત થાય છે એમ અન્વય છે અને જે તે ગાડાંઓમાં લવણઆદિ ભારની ઉપર મનુષ્યો બેસે છે તેના કારણે પરિણામ થાય છે=અચિત્ત થાય છે, એમ અન્વય છે. તે ગવાદિની જે કોઈપણ પીઠ આદિ ગાત્રની ઉષ્મા છે તેનાથી પરિણામ થાય છે=સચિત્ત લવણાદિ અચિત્ત થાય છે અને જે જેનો ભૌમાદિક પૃથિવ્યાદિક આહાર છે તેના વ્યવચ્છેદમાં=આહારના વ્યવચ્છેદમાં, તેનો પરિણામ થાય છે=લવણાદિ અચિત્ત થાય છે. ઉપક્રમ=શસ્ત્ર, તે ત્રણ પ્રકારના છે. સ્વકાય-પરકાય અને તદુભયરૂપ. ત્યાં સ્વકાયશસ્ત્ર જે પ્રમાણે ખારું પાણી મધુર પાણીનું શસ્ત્ર છે અથવા કાલી જમીન પાંડુભૂમિનું શસ્ત્ર છે. પરકાયશસ્ત્ર આ પ્રમાણે છે. અગ્નિ પાણીનું શસ્ત્ર છે. પાણી અગ્નિનું શાસ્ત્ર છે. તદુભય શસ્ત્ર આ પ્રમાણે છે. પાણીવાળી માટી શુદ્ધ પાણીનું શસ્ત્ર છે. ઈત્યાદિ=એ વગેરે, સચિત્ત વસ્તુના પરિણમનનાં કારણો જાણવાં.

"વળી ઉત્પલ પદ્માદિ ગરમીમાં રખાયેલાં પ્રહર માત્ર પણ ધારણ કરતાં નથી=સચિત્ત રહેતાં નથી. મોગરા અને જૂઈ આદિ ગરમીમાં મુકાયેલાં ચિરકાળ સુધી રહે છે=લાંબા સમય સુધી સચિત્ત રહે છે. મગદન્તિકા પુષ્પો પાણીમાં મુકાયેલાં પ્રહર પણ રહેતાં નથી=એક પ્રહર પણ સચિત્ત રહેતાં નથી. વળી ઉત્પલ પદ્માદિ પાણીમાં મુકાયેલાં ચિરકાળ રહે છે=લાંબા સમય સુધી સચિત્ત રહે છે." ॥૪-૫॥ **(બૃહત્કલ્પભાષ્ય ૯૭૮-૭૯)**

ઉત્પલ અને પદ્મ ઉષ્ણમાં=તડકામાં, મુકાયેલા એક પ્રહર માત્ર કાલ રહેતાં નથી. પરંતુ એક પ્રહરથી પૂર્વે જ અચિત્ત થાય છે. કેમ કે, ઉદકયોનિકપણું છે=ઉત્પલ અને પદ્મ પાણીમાં ઉત્પન્ન થનારાં છે. મુદ્‌ગરક=મગદન્તિકા પુષ્પો અને યૂથિકા પુષ્પો ઉષ્ણમાં=તડકામાં, મુકાયેલાં ચિર પણ કાળ રહે છે=સચિત્ત જ રહે છે; કેમ કે ઉષ્ણયોનિકપણું છે=મુદ્‌ગર અને યૂથિકા પુષ્પો ગરમ વાતાવરણમાં જ ઉત્પન્ન થાય છે. મગદન્તિકા પુષ્પોને પાણીમાં રાખેલાં એક પ્રહર રહેતાં નથી. વળી, ઉત્પલ-પદ્માદિ પાણીમાં રાખેલાં ચિર પણ કાળ રહે છે=સચિત્ત રહે છે.

"પાંદડાના, પુષ્પોના, સરડુ ફળોના અને હરિઆણં=તરુણ વનસ્પતિના વૃન્ત મ્લાન થયે છતે=મૂળનાલ મ્લાન થયે છતે, જીવ વિપ્રયુક્ત જાણવું=અચિત્ત જાણવું." ॥૬॥ **(બૃહત્કલ્પભાષ્ય-૯૮૦)**

"પત્રોના, પુષ્પોના, સરડુ ફળોના=નહિ બંધાયેલા અસ્થિવાળા ફળોના, વાસ્તુલાદીના, સામાન્યથી તરુણ વનસ્પતિનાં વૃન્ત=મૂલનાલ, મ્લાન થયે છતે જીવ વિપ્રયુક્ત આ પત્રાદિક જાણવાં=અચિત્ત થયેલાં આ પત્રાદિ જાણવાં." **એ પ્રમાણે 'શ્રી કલ્પવૃત્તિ'માં કથન છે. (કલ્પવૃત્તિ - પ.૩૦૮)**

**વળી, શાલ્યાદિ ધાન્યોનું શ્રી પાંચમા અંગમાં છટ્ઠા શતકના સાતમા ઉદ્દેશામાં સચિત્ત-અચિત્તપણાનો વિભાગ આ પ્રમાણે કહેવાયો છે –**

"હે ભગવન્ ! શાલી, વ્રીહિ, ઘઉં, જવ, જવજવો, આ ધાન્યો કોઠારમાં રખાયેલાં, પલ્લામાં રખાયેલાં, મંચામાં રખાયેલાં, માળામાં રખાયેલાં, ઉદલિપ્ત હોય=ખુલ્લાં હોય, પિહિત હોય=ઢંકાયેલાં હોય, મુદ્રિત હોય, લાંછિત હોય તોપણ કેટલો કાળ એમની યોનિ રહે છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૩ વર્ષ. ત્યારપછી યોનિ મ્લાન થાય છે. પ્રધ્વંસ પામે છે. બીજ અબીજ થાય છે. હવે હે ભગવન્ ! કલાય, મસૂર, તલ, મગ, અડદ, નિષ્ફાવ, કુલત્થ, અલિસંદગ, સઈણ, પલિમંથગ આદિ આ ધાન્યોનું જે પ્રમાણે સાલીનું છે તે પ્રમાણે આ બધાનું પણ જાણવું. ફક્ત ૫ વર્ષ પછી અચિત્ત થાય છે. શેષ તે પ્રમાણે જ છે=શાલિ વગેરેના જેવું જ છે. હવે હે ભગવન્ ! અયસી, કુસુંભગ, કોદ્રવ, કંગુ, બરટ્ટ, રાલગ, કોડૂસગ, શણ, સરસવ, મૂલબીજ આદિ ધાન્યો સાત વરસ સચિત્ત હોય છે." **(ભગવતી સૂત્ર શતક-૬, ઉદ્દેશો-૭, સૂ. ૨૪૬)**

**આના વિષયમાં પૂર્વસૂરિકૃત ગાથા આ પ્રમાણે છે –**

"જવ, જવજવ, ઘઉં, શાલિ, વ્રીહિ, ધાન્યોનું કોઠારાદિમાં રખાયેલાં ઉત્કૃષ્ટ ત્રણ વર્ષ સજીવપણું છે. ।।૧।।

તલ, મગ, મસૂર, કલાય, અડદ, ચવલય=ચોળા, કુલત્થ, તુવેર, વટ્ટચણય, વલ્લાણનું પાંચ વર્ષ સજીવપણું છે. ।।૨।।

અળસી, લટ્ટા, કંગૂ, કોડૂસગ, શણ, બરટ્ટ, સિદ્ધત્થા, કુદ્રવ, રાલગ, મૂલગબીજનું સાત વર્ષ સજીવપણું છે." ।।૩।। ()

**કપાસની અચિત્તતા ત્રણ વર્ષ પછી થાય. જે કારણથી કલ્પ બૃહદ્ભાષ્યમાં કહેવાયું છે –**

સૂત્ર - "સેડૂગ=કપાસ, ત્રણ વરસ અતીત ગ્રહણ થાય છે." ()

**સેડૂગ ત્રણ વર્ષથી અતીત વિધ્વસ્ત યોનિક જ કલ્પે છે.** "સેડૂક એટલે કપાસ" () **એ પ્રમાણે તેની વૃત્તિમાં છે.**

**વળી, પિષ્ટની=પિસાયેલી વસ્તુની, મિશ્રતા આદિ આ પ્રમાણે પૂર્વસૂરિ વડે કહેવાય છે –**

"શ્રાવણ અને ભાદરવા માસમાં અચાલિત એવો લોટ=નહિ ચાળેલો એવો લોટ, પાંચ દિવસ સુધી મિશ્ર છે. આસો માસમાં ચાર દિવસ સુધી મિશ્ર છે. કારતક, માગશર અને પોષ માસમાં ત્રણ દિવસ સુધી મિશ્ર છે. મહા અને ફાગણ માસમાં પાંચ પ્રહર સુધી મિશ્ર છે. ચૈત્ર-વૈશાખમાં ચાર પ્રહર સુધી મિશ્ર છે. જેઠ-અષાઢ માસમાં ત્રણ પ્રહર સુધી મિશ્ર છે. ત્યારપછી અચિત્ત થાય છે." ()

**વળી, ચાળેલો લોટ મુહૂર્ત પછી અચિત્ત થાય છે. અને તેનું=લોટનું, અચિત્તીભૂત અનન્તર=અચિત્ત થયા પછી=વિનાશ પામતું કાલમાન શાસ્ત્રમાં દેખાતું નથી. પરંતુ દ્રવ્યાદિના વિશેષથી, વર્ણાદિના**

**વિપરિણામનું અભવન કલ્પાય છે=વર્ણાદિના નહીં, બદલાવાથી લોટનું કાલમાન કલ્પાય છે. ગરમ પાણી ત્રણ વખતના ઉકાળા સુધી મિશ્ર છે. ત્યારપછી અચિત્ત થાય છે જે કારણથી 'પિંડનિર્યુક્તિ' ગ્રંથમાં કહેવાયું છે –**

"અનુવત્તે દંડે=ત્રણ ઉકાળા ન થયેલા હોતે છતે, ગરમ પાણી મિશ્ર છે. વર્ષાઋતુમાં પાણી પતિત માત્ર હોતે છતે મિશ્ર છે=પ્રથમ વરસાદમાં વરસેલું પાણી, મિશ્ર છે. આદેશ ત્રણને મૂકીને ચોખાનું પાણી અબહુપસન્ન મિશ્ર છે." **(પિંડનિર્યુક્તિ - ગા. ૧૮)**

**વ્યાખ્યા** - અનુદ્દવૃત્ત ત્રણ દંડ હોતે છતે=ત્રણ ઉકાળા નહીં આવે છતે, ઉષ્ણ પાણી મિશ્ર છે. ત્યારપછી અચિત્ત છે અને વર્ષામાં=વરસાદમાં પતિત માત્રામાં, ગ્રામાદિમાં ઘણા મનુષ્યની પ્રચારભૂમિમાં જે જળ છે તે જ્યાં સુધી પરિણમન પામતુંનથી ત્યાં સુધી મિશ્ર છે. વળી, અરણ્યભૂમિમાં જે પ્રથમ (વરસાદ) પડે છે. તે પતિત માત્ર મિશ્ર છે. પાછળથી પડતું સચિત્ત છે. આદેશત્રિકને મૂકીને ચોખાનું પાણી અબહુપસન્ન મિશ્ર છે. વળી, અતિસ્વચ્છીભૂત અચિત્ત છે.

અહીં ત્રણ આદેશો આ પ્રમાણે છે. ૧. ચોખાના પાણીમાં ચોખાના ધોવાયેલા વાસણથી અન્ય વાસણમાં નંખાતું ચોખાનું પાણી ત્રુટિત થઈને વાસણની પાસે લાગેલા બિંદુ જ્યાં સુધી શાંત થતા નથી ત્યાં સુધી મિશ્ર છે. એ પ્રમાણે કેટલાક કહે છે. ૨. વળી, તે પ્રમાણે જ થયેલા બુદ્દબુદા=બીજા વાસણમાં નંખાયેલા પરપોટા જ્યાં સુધી શમે નહીં ત્યાં સુધી મિશ્ર છે. એમ બીજા કહે છે. . વળી, ચોખા જ્યાં સુધી રંધાય નહીં ત્યાં સુધી મિશ્ર છે. એમ અન્ય કહે છે. આ ત્રણેય પણ આદેશો=ત્રણ મતો, અનાદેશ છે=અપ્રમાણ છે; કેમ કે રૂક્ષ એવું બીજું વાસણ, પવન કે અગ્નિના સંભવ આદિથી આમાં=મિશ્રણમાં, કાલનિયમનો અભાવ છે. તેથી અતિસ્વચ્છીભૂત જ=વાસણમાં મલ નીચે બેસી જવાથી થયેલ અતિસ્વચ્છ જલ જ, અચિત્ત છે.

"નીવાના પાણીનું ગ્રહણ=સાધુને વસ્ત્ર ધોવા માટે નીવાના પાણીનું ગ્રહણ છે. કેટલાક, ભાજનમાં ગ્રહણ કરવાનું કહે છે=સાધુના ભાજનમાં ગ્રહણ કરવાનું કહે છે. અશુચિ હોવાને કારણે=નીવાના પાણીમાં અશુચિ હોવાને કારણે પ્રતિષેધ છે=સાધુના ભાજનમાં ગ્રહણનો પ્રતિષેધ છે. ગૃહસ્થના ભાજનમાં ગ્રહણ છે=વસ્ત્ર ધોવા માટે સાધુ નીવાનું પાણી ગૃહસ્થના વાસણમાં ગ્રહણ કરે. સ્થિત વર્ષા હોતે છતે મિશ્રણ છે=વરસાદ ચાલુ હોતે છતે તે પાણી મિશ્ર છે. છાર=નીવાનું પાણી ગ્રહણ કર્યા પછી તેમાં ક્ષાર નાખવો જોઈએ." **(પિંડનિર્યુક્તિ - ૩૨)**

"નીવાનું પાણી અત્યંત ઉષ્ણ એવા સૂર્યનાં કિરણોના સંપર્કથી ગરમ એવા નીવાના સંપર્કથી અચિત્ત થાય છે. આથી તેના ગ્રહણમાં=સાધુને વસ્ત્ર ધોવા અર્થે નીવાના પાણીના ગ્રહણમાં, કોઈ વિરાધના નથી. કેટલાક કહે છે. સ્વભાજનમાં=સાધુએ પોતાના ભાજનમાં, તે=નીવાનું પાણી ગ્રહણ કરવું જોઈએ. અહીં આચાર્ય કહે છે. અશુચિપણું હોવાથી સ્વપાત્રમાં=સાધુને પોતાના પાત્રમાં, ગ્રહણનો પ્રતિષેધ છે. તેથી કુંડી આદિરૂપ ગૃહસ્થના ભાજનમાં ગ્રહણ કરવું જોઈએ. વરસાદ વરસતે છતે તે મિશ્ર છે. ત્યારપછી સ્થિત વર્ષા હોતે છતે=વરસાદ બંધ થયે છતે, અંતર્મુહૂર્ત પછી ગ્રહણ કરવું જોઈએ=તે વરસાદનું પાણી ગ્રહણ કરવું જોઈએ. પાણી કેવલ અચિત્ત પણ ત્રણ પ્રહર પછી સચિત્ત થાય છે. આથી તેની મધ્યમાં=નીવાના પાણીની મધ્યમાં ક્ષાર નાખવો જોઈએ. આ રીતે સ્વચ્છતા પણ થાય" **એ પ્રમાણે 'પિંડનિર્યુક્તિ વૃત્તિ'માં છે.**

**ચોખાના ધોવાણનું પહેલું, બીજું, ત્રીજું પાણી અચિરકૃત મિશ્ર છે=તરતનું ધોવાયેલું પાણી મિશ્ર**

**છે. વળી, લાંબો સમય રહેલું અચિત્ત છે. વળી, ચોથા આદિ વખત ચોખાનું ધોવાયેલું પાણી લાંબો સમય રહેવા છતાં પણ સચિત્ત છે. અચિત્ત જલાદિનું કાલમાન 'પ્રવચન સારોદ્ધાર' આદિ ગ્રંથોમાં આ પ્રમાણે કહેવાયું છે –**

"ત્રણ ઉકાળાથી ઉકાળાયેલું ઉષ્ણ પાણી પ્રાસુક જલ સાધુને કલ્પે છે. ફક્ત ગ્લાન આદિને કારણે ત્રણ પ્રહરની ઉપરમાં પણ ધારણ કરવું જોઈએ. ।।૧।।

તે=ઉકાળેલુ પાણી, ઉનાળામાં પાંચ પ્રહર પછી સચિત્તપણાથી થાય છે=સચિત્ત થાય છે. શિયાળામાં ચાર પ્રહર પછી સચિત્ત થાય છે. વર્ષાઋતુમાં ગરમ પાણી ત્રણ પ્રહર પછી સચિત્ત થાય છે." ।।૨।। **(પ્રવચનસારોદ્ધાર-૮૮૧-૨, વિચારસાર - ૨૫૭-૮)**

**અને અચેતન પણ કંકડુ મગ, હરીતકી, કુલિકા આદિના અવિનષ્ટ યોનિના રક્ષણ માટે અને નિઃશૂકતા આદિના પરિહાર માટે દાંત આદિથી ભાંગવા જોઈએ નહિ. જે કારણથી 'ઓઘનિર્યુક્તિ' ગ્રંથની પંચોતેરમી ગાથાની વૃત્તિમાં કહેવાયું છે –**

'અચિત્ત પણ કેટલીક ગડૂચી, મુદ્ગ આદિ વનસ્પતિઓની અવિનષ્ટ યોનિ થાય. તે આ પ્રમાણે - સુકાયેલી પણ ગડૂચી પાણીના સિંચનથી તાદાત્મ્યને પામતી દેખાય છે=સચિત્ત થતી દેખાય છે - એ રીતે કંકડુ મુદ્ગ આદિ પણ સચિત્ત થતા દેખાય છે, આથી યોનિના રક્ષણ માટે અચેતનની યતના ન્યાયવાળી જ છે." **(તુલા-૭૧ તમ ગાથા-વૃત્તિ પત્ર ૩૪)**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સચિત્ત-અચિત્ત આદિ વ્યક્તિને=વસ્તુને, જાણીને નામગ્રાહ્ય એવું સાતમું વ્રત સચિત્ત આદિ સર્વ ભોગ્ય વસ્તુના નૈયત્યકરણ આદિ દ્વારા સ્વીકારવું જોઈએ. જે પ્રમાણે આનંદ-કામદેવ આદિ વડે સ્વીકારાયેલું, તે પ્રકારના કરણની અશક્તિમાં=નામગ્રહણપૂર્વક સચિત્ત આદિના નિયમના કરણની અશક્તિમાં, વળી સામાન્યથી પણ સચિત્ત આદિના નિયમો કરવા જોઈએ. અને તે આ પ્રમાણે છે –**

"સચિત્ત, દ્રવ્ય, વિગઈ, વાણહ, તંબોલ, વત્થ=વસ્ત્ર, ફૂલોમાં નિયમ કરવો જોઈએ. વાહણ=વાહન, શયન, વિલેપન, બ્રહ્મચર્ય, દિશા, સ્નાન અને ભક્તમાં નિયમ કરવો જોઈએ." ।।૧।। **(સંબોધપ્ર. શ્રા.૧૧)**

**૧. ત્યાં=ભોગોપભોગ વસ્તુના નૈયત્યકરણમાં, મુખ્યવૃત્તિથી સુશ્રાવકે સચિત્તનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તેની અશક્તિમાં નામગ્રહણ કરવા જોઈએ=સર્વથા સચિત્તના ત્યાગની અશક્તિમાં અમુક નામવાળી વસ્તુના ગ્રહણની મર્યાદા કરવી જોઈએ. તે પ્રમાણે પણ અશક્તિ હોતે છતે=નામગ્રહણપૂર્વક સચિત્તના ત્યાગની અશક્તિ હોતે છતે, સામાન્યથી એક-બે આદિનો નિયમ કરવો જોઈએ=એક-બે સચિત્ત વાપરીશ, વધુ નહીં એ પ્રમાણે નિયમ કરવો જોઈએ. જે કારણથી 'નિરવજ્જાહારેણં' એ પ્રમાણે પૂર્વલિખિત ગાથા છે. પરંતુ પ્રતિદિન એક સચિત્તના અભિગ્રહવાળાને જુદા જુદા દિવસોમાં પરાવર્તનથી સર્વ સચિત્તનું ગ્રહણ પણ થાય અને તે રીતે વિશેષ વિરતિ ન થાય. વળી, નામગ્રહણપૂર્વક સચિત્તનો અભિગ્રહ કરાયે છતે=આ-આ સચિત્ત વાપરીશ એ પ્રકારે**

નામગ્રહણપૂર્વક સચિત્તનો અભિગ્રહ કરાયે છતે, તેનાથી અન્ય સર્વ સચિત્તના નિષેધરૂપ જાવજ્જીવ સ્પષ્ટ જ અધિક ફ્લ છે અને કહેવાયું છે –

"પુષ્પ-ફ્લોના રસને, સુરા=મદિરાના રસને, માંસના રસને અને સ્ત્રીના ભોગના રસને જાણતા જેઓ વિરત છે, દુષ્કરકારક એવા તેઓને હું વંદું છું." ॥૧॥ ()

સચિત્ત દ્રવ્યોમાં પણ નાગવલ્લીનાં દલો દુસ્ત્યાજ્ય છે. શેષ સચિત્તોનું પ્રાયઃ પ્રાસુકીભવન સ્વલ્પકાલમાં પણ દેખાય છે. વળી, આમાં=નાગવલ્લીના દલમાં=નાગરવેલના પાનમાં, નિરંતર જલસિંચન આદિથી સચિત્તતા સુસ્થ જ છે અને કુંથુઆ આદિની વિરાધના પણ ઘણી છે. તેથી જ પાપભીરુ એવા શ્રાવકને ત્યાજ્ય છે. અન્યથા પણ=નાગરવેલનાં પાનનો ત્યાગ ન કરી શકે તોપણ, રાત્રિમાં નાગરવેલના પાનનો ત્યાગ કરવો જોઈએ, રાત્રિમાં નાગરવેલના પાનને ખાય તોપણ દિવસમાં સંશોધન આદિ યતનાની જ મુખ્યતા છે=દિવસે તે નાગરવેલનાં પાનો કુંથુઆ આદિથી સંસક્ત નથી તેનું સંશોધન આદિ કરીને યતનાપૂર્વક જ રાત્રે તે પાનોનો ઉપયોગ કરે તેની પ્રધાનતા છે. વળી, બ્રહ્મચારીને તો કામનું અંગપણું હોવાથી ત્યાજ્ય જ છે=નાગરવેલનાં પાનો ત્યાજ્ય જ છે. વળી, સચિત્તના ભક્ષણમાં અનેક જીવવિરાધનારૂપ દોષ છે. જે કારણથી એક એવા પ્રત્યેક સચિત્તમાં પણ પત્ર-ફ્લાદિમાં અસંખ્ય જીવની વિરાધનાનો સંભવ છે. જે કારણથી આગમ છે.

"જે કહેવાયું છે – પર્યાપ્તાની નિશ્રામાં વ્યુત્ક્રમ પામતા=ઉત્પન્ન થતા, અપર્યાપ્તા છે. જ્યાં એક પર્યાપ્તો છે ત્યાં અસંખ્ય અપર્યાપ્તા છે." ॥૧॥ ()

"બાદર એકેન્દ્રિયમાં પણ આ પ્રમાણે કહેવાયું છે=જ્યાં એક પર્યાપ્તો છે ત્યાં અસંખ્ય અપર્યાપ્તા છે એ પ્રમાણે કહેવાયું છે. વળી સૂક્ષ્મમાં જ્યા એક અપર્યાપ્તો જીવ છે ત્યાં તેની નિશ્રાથી=તે અપર્યાપ્તાજીવની નિશ્રાથી, નિયમથી અસંખ્ય પર્યાપ્તા હોય છે." એ પ્રમાણે 'આચારાંગ' ગ્રંથની વૃત્તિ આદિમાં કહેવાયું છે. આ રીતે એક પણ પત્ર આદિમાં અસંખ્ય જીવવિરાધના છે. વળી તેને આશ્રિત જલની નીલ આદિના સંભવમાં=નાગરવેલના પાનને આશ્રિત પાણીમાં નીલ-ફૂગ આદિના સંભવમાં, અનંતા પણ જીવોની વિરાધના છે અને જલ-લવણાદિ અસંખ્ય જીવાત્મક જ છે. જે કારણથી આર્ષ છે –

"એક પાણીના બિંદુમાં જે જીવો ભગવાન વડે કહેવાયા છે તે જો સરસવના દાણાના પ્રમાણવાળા થાય તો જંબુદ્રીપમાં સમાય નહિ. ॥૧॥

અદ્દામલગના પ્રમાણવાળા પૃથ્વીકાયમાં=લીલાં આંબળાના પ્રમાણવાળા પૃથ્વીકાયમાં, જે જીવો છે તે પારેવાના પ્રમાણવાળા થાય તો જંબુદ્રીપમાં સમાય નહિ." ॥૨॥ (સંબોધસત્તરિ - ૯૫-૯૪)

સર્વ સચિત્તના ત્યાગમાં અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યોનું દૃષ્ટાંત છે. એ રીતે સચિત્તના ત્યાગમાં યત્ન કરવો જોઈએ. એ પ્રથમ નિયમ છે=ચૌદ નિયમમાંથી પહેલો નિયમ છે.

૨. દ્રવ્ય :- સચિત્ત અને વિકૃતિથી રહિત જે મુખમાં નંખાય છે તે સર્વ દ્રવ્ય છે. ક્ષિપ્રચટી, રોટિકા,

નિર્વિકૃતિક મોદક, લપનશ્રી, પર્યટિકા ચૂરિમ, કરમ્બક, ક્ષૈરેય આદિ બહુધાન્યથી નિષ્પન્ન પણ પરિણામાન્તર આદિની પ્રાપ્તિ હોવાથી એક-એક જ દ્રવ્ય છે. અને એક ધાન્યથી નિષ્પન્ન પણ પૂલિકા, સ્થૂલ રોટ્ટક, મંડક, ખર્ખરક, ઘૂઘરી, ઢોક્કલ, થૂલીવાટ, કણિક્કા આદિ જુદાં જુદાં નામ અને સ્વાદપણાને કારણે જુદાં જુદાં દ્રવ્યો છે. વળી, ફલફલિકાદિમાં નામનું ઐક્ય હોતે છતે ભિન્ન-ભિન્ન આસ્વાદની વ્યક્તિને કારણે=ભિન્ન ભિન્ન સ્વાદની પ્રતીતિને કારણે, અને પરિણામાન્તરનો અભાવ હોવાને કારણે બહુદ્રવ્યપણું છે. અથવા બીજી રીતે સંપ્રદાયના વશથી દ્રવ્યોની ગણના કરવી જોઈએ. ધાતુમય શિલા, કાંકરા, અંગુલી આદિ દ્રવ્યમાં ગણાતાં નથી.

૩. વિકૃતિ=વિગઈ :- દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સર્વ પક્વાન્નના ભેદથી ભક્ષ્યવિકૃતિઓ ૬ છે.

૪. વાણહ=પગરખાં :- ઉપાનહયુગ્મ અથવા મોચકયુગ્મ, વળી લાકડાની પાદુકા આદિ બહુજીવ વિરાધનાના હેતુપણાથી શ્રાવકો વડે ત્યાજ્ય છે=બહુજીવ વિરાધનાનો હેતુ હોવાથી શ્રાવકે ત્યાગ કરવો જોઈએ.

૫. તાંબૂલ :- પત્ર, પૂગ, ખદિર, વટિકા, કત્થકાદિ સ્વાદિમરૂપ તાંબૂલ છે.

૬. વસ્ત્ર :- વસ્ત્ર પંચાંગ આદિ વેશ છે=પાંચ અંગ આદિનો વેશ છે. ધોતિયું, પૌતિક, રાત્રિનાં વસ્ત્રો વેશમાં ગણાતાં નથી.

૭. કુસુમ :- શિર-કંઠમાં ક્ષેપને યોગ્ય, શય્યા-ઉચ્છીર્ષક આદિ યોગ્ય=પથારી અને ઓશીકા પાસે રાખવા યોગ્ય ફૂલો છે. તેના નિયમમાં પણ દેવશેષ કલ્પે છે=દેવની શેષ કલ્પે છે.

૮. વાહન :- વાહન રથ, અશ્વ આદિ છે.

૯. શયન :- શયન ખાટલા આદિ છે.

૧૦. વિલેપન :- વિલેપન ભોગને યોગ્ય ચંદન, જવાદિ ચૂઅ, કસ્તૂરી આદિ છે. તેના નિયમમાં પણ=વિલેપનના નિયમમાં પણ, દેવપૂજાદિમાં તિલક, સ્વહસ્તમાં કંકણ, ધૂપન આદિ કલ્પે છે.

૧૧. અબ્રહ્મ :- અબ્રહ્મ દિવસ અને રાત્રિમાં પત્ની આદિને આશ્રયીને છે.

૧૨. દિક્પરિમાણ :- દિશા પરિમાણ સર્વથી=બધી દિશાઓથી, અથવા અમુક દિશામાં આટલી અવધિગમન આદિનો નિયમ છે.

૧૩. સ્નાન :- સ્નાન તેલ-અભ્યંગ આદિપૂર્વક છે. દેવપૂજા માટે સ્નાન કરવામાં નિયમનો ભંગ નથી અને લૌકિક કારણમાં યતનાથી રક્ષા કરવી જોઈએ=યતનાપૂર્વક મર્યાદિત સ્નાન કરવું જોઈએ.

૧૪. ભક્ત=ભોજન :- રંધાયેલું ધાન્ય, સુખભક્ષિકાદિ સર્વ=સુખડી આદિ સર્વ, ત્રણ શેર ચાર શેર આદિથી મિત કરે=હું ત્રણ શેર અથવા ચાર શેર આદિ વાપરીશ, અધિક નહીં એ પ્રમાણે ભોજનમાં મર્યાદા કરે. ખડભુજાદિના ગ્રહણમાં ઘણા શેરો થાય=તડબૂચ આદિના ગ્રહણમાં ઘણું પણ વજન થાય. તેથી તેને ખ્યાલમાં રાખીને નિયમ કરવો જોઈએ.

**આનું ઉપલક્ષણપણું હોવાથી=ભક્તનું ઉપલક્ષણપણું હોવાથી, અન્ય પણ શાક, ફલ, ધાન્ય આદિના પ્રમાણના આરંભના નૈયત્યાદિના નિયમો યથાશક્તિ ગ્રહણ કરવા જોઈએ. ।।૩૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ બાવીશ અભક્ષ્ય શ્રાવકને વર્જનીય છે, તેનું સ્વરૂપ બતાવ્યું. વળી, યોગશાસ્ત્રમાં અન્ય પ્રકારે સોળ અભક્ષ્ય વર્જનીય છે એમ બતાવેલ છે તેમાં પ્રસ્તુત બાવીશ અભક્ષ્યનો પ્રાયઃ સંગ્રહ થાય છે.

વળી, સાતમા વ્રતમાં 'શ્રાદ્ધવિધિ' ગ્રંથમાં કહ્યા અનુસાર સચિત્ત-અચિત્ત-મિશ્રનો બોધ કરીને ચૌદ નિયમ જે વર્તમાનના વ્યવહારમાં પ્રસિદ્ધ છે તે નિયમોને શ્રાવકે જાવજ્જીવને આશ્રયીને ગ્રહણ કરવા જોઈએ. જેથી ઘણા પ્રકારના આરંભનો નિષેધ થાય છે.

આ નિયમને પાળવા માટે કયાં ધાન્યો સચિત્ત છે ? કયાં ધાન્યો અચિત્ત છે ? અને કયાં ધાન્યો મિશ્ર છે ? તેનું સ્વરૂપ ટીકાકારશ્રીએ સ્પષ્ટ કરેલ છે. તે પ્રમાણે યથાર્થ બોધ કરીને સચિત્તનો ત્યાગ કરવો જોઈએ કે સચિત્તની મર્યાદા કરવી જોઈએ. વળી સચિત્ત વસ્તુમાં મીઠું વગેરે કઈ રીતે અચિત્ત થાય છે ? તેની મર્યાદા બતાવી છે. તે મર્યાદાનુસાર જે અચિત્ત પ્રાપ્ત થતું હોય તેનો ઉપયોગ સચિત્તના ત્યાગવાળા શ્રાવકે કરવો જોઈએ.

વળી, દળેલો લોટ મિશ્ર હોય છે અને ચાળ્યા પછી અંતર્મુહૂર્ત પછી અચિત્ત થાય છે. તેથી લોટનો રંધાયા સિવાય ઉપયોગ કરવાનો હોય તો સચિત્ત-અચિત્તનો નિર્ણય કરીને તે પ્રકારે યતના કરવી જોઈએ. લોટ દળાયા પછી કેટલા સમય પછી તે અભક્ષ્ય થાય છે તેની મર્યાદા શાસ્ત્રમાં દેખાતી નથી. પરંતુ તે દળાયેલા લોટના વર્ણાદિ વિપરીત પરિણામવાળા થાય તો તે લોટ કલ્પે નહીં તે પ્રકારનો વ્યવહાર છે.

વળી, ઉકાળેલું પાણી, ત્રણ ઉકાળા પછી અચિત્ત થાય છે ત્યાં સુધી મિશ્ર છે. વળી, વરસાદનું પાણી પડતું હોય ત્યારે માણસોની અવરજવરથી અચિત્ત ન થાય ત્યાં સુધી મિશ્ર કહેવાય છે. તેથી સચિત્ત આદિ પાણીમાંથી નહીં જવાની મર્યાદા કરનાર શ્રાવકે તેનું જ્ઞાન કરીને તે પ્રમાણે સચિત્તના પરિહાર માટે યતના કરવી જોઈએ. વળી, મનુષ્યની અવરજવર ન હોય તેવી અરણ્યભૂમિમાં જે પ્રથમ વરસાદ પડે છે તે વરસાદ પડવા માત્રથી મિશ્ર થાય છે. અને અંતર્મુહૂર્ત પછી અચિત્ત થાય છે. ત્યારપછી બીજા વરસાદનું પડેલું પાણી સચિત્ત હોય છે. માટે સચિત્ત પાણીમાં નહિ જવાની પ્રતિજ્ઞાવાળા શ્રાવકને પ્રથમ વરસાદ પડ્યા પછી અંતર્મુહૂર્ત પછી જવામાં બાધ નથી અને પ્રથમ વરસાદ સિવાયના વરસાદમાં જ્યાં સુધી પાણી વિદ્યમાન હોય ત્યાં સુધી તે પાણી સચિત્ત હોવાથી તે પાણીમાં જવાનો બાધ છે.

વળી, ચોખાને ધોઈને રાંધવામાં આવે છે તે ચોખાના પ્રથમના ત્રણ ધોવાણનું પાણી મિશ્ર હોય છે અને જ્યારે તે ધોવાણના પાણીનો મલ બેસી જાય છે અને ઉપરનું સ્વચ્છ પાણી દેખાય છે તે પાણી અચિત્ત છે. તે ચોખાનું ધોવાણ ચોથી વખત કે પાંચમી વખત કરવામાં આવે ત્યારે તે ધોવાયેલું પાણી ઘણો સમય

રાખવામાં આવે તોપણ અચિત્ત થતું નથી. તેથી એ પ્રકારે સચિત્ત-અચિત્તનો વિવેક કરીને શ્રાવક તે પાણીનો ઉપયોગ કરી શકે.

વળી, વર્ષાકાળમાં પ્રથમ વરસાદ વખતે નેવા ઉપરથી જે પાણી પડે છે તે અચિત્ત હોય છે તેથી સાધુ વસ્ત્ર ધોવા માટે તેનો ઉપયોગ કરે છે. પરંતુ તે નેવા ઉપરથી પડતું પાણી અશુચિવાળું હોય છે તેથી સાધુ ગૃહસ્થના ભાજનમાં ગ્રહણ કરે છે. વરસાદ શરૂ થાય તે પહેલાં નેવા આદિની નીચે તે ભાજન મૂકે છે અને જ્યાં સુધી વરસાદ પડે છે ત્યાં સુધી તે પાણી મિશ્ર હોય છે. તેથી ચાલુ વરસાદમાં સાધુ તે પાણી ગ્રહણ કરતા નથી પરંતુ વરસાદ બંધ થયા પછી અંતર્મુહૂર્ત પછી તે પાણી અચિત્ત થાય છે. તે પાણીનો ઉપયોગ વસ્ત્ર ધોવામાં સાધુ કરે છે. છતાં તે પાણી ત્રણ પ્રહર પછી ફરી સચિત્ત થાય છે. માટે તે પાણીનો વધારે રાખવાનો પ્રસંગ હોય તો સાધુ તેમાં ક્ષાર નાખે છે. તે ક્ષાર નાંખવાને કારણે તે નેવાનું પાણી સ્વચ્છ પણ થાય છે અને ત્રણ પ્રહરથી અધિક પણ વસ્ત્ર ધોવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. આ પ્રમાણે પાણીમાં સચિત્ત આદિની મર્યાદા છે.

**૧. સચિત્ત :-**

વળી, શ્રાવકે સચિત્ત-અચિત્ત આદિનો વિવેક જાણીને સચિત્ત આદિ વસ્તુનું નામગ્રહણપૂર્વક નિયમન કરવું જોઈએ. અર્થાત્ આ-આ નામવાળી સચિત્ત વસ્તુનો હું ઉપયોગ કરીશ અને અન્ય સચિત્ત વસ્તુનો ઉપયોગ કરીશ નહીં એ પ્રમાણે નિયમ કરવો જોઈએ. તે સચિત્ત આદિ ચૌદ વસ્તુ વિષયક નામગ્રહણપૂર્વક નિયમ કરવો જોઈએ. જે પ્રમાણે આનંદ-કામદેવ આદિએ સચિત્ત આદિ ૧૪ વસ્તુ વિષયક નામગ્રહણપૂર્વક નિયમ કર્યો હતો. કોઈ શ્રાવકની નામગ્રહણપૂર્વક તે-તે વસ્તુના નિયમ કરવાની શક્તિ ન હોય તો તે શ્રાવકે સામાન્યથી સચિત્ત આદિ ચૌદ વસ્તુ વિષયક નિયમો જાવજ્જીવને આશ્રયીને કરવા જોઈએ જેથી તે પ્રકારના આરંભ-સમારંભથી ચિત્તની નિવૃત્તિ થાય. વળી શ્રાવકની શક્તિ હોય તો સચિત્તનો સર્વથા ત્યાગ કરે અને શક્તિ ન હોય તો નામગ્રહણપૂર્વક આ-આ સચિત્ત વસ્તુ વાપરીશ, અન્ય કોઈ સચિત્ત વસ્તુ વાપરીશ નહીં એ પ્રમાણે નિયમ કરવો જોઈએ અને તે પ્રમાણે શક્તિ ન હોય તો જાવજ્જીવ સુધી પ્રતિદિન એક-બે આદિ સચિત્ત વાપરીશ એ પ્રમાણે નિયમ કરવો જોઈએ. ફક્ત પ્રતિદિન એક-બે સચિત્તની મર્યાદા હોવા છતાં વિશેષ વિરતિ પ્રાપ્ત થતી નથી. વળી જે જીવ નામગ્રહણપૂર્વક જાવજ્જીવ સુધી સચિત્તના ત્યાગનો નિયમ કરે છે તેમને જે નામવાળી સચિત્ત વસ્તુ વાપરવાની છૂટ રાખેલ છે તેનાથી અન્ય સર્વ સચિત્ત વસ્તુનો ત્યાગ જાવજ્જીવ સુધી થાય છે. તેથી સચિત્તની સંખ્યાની મર્યાદા કરનાર કરતાં સચિત્તના નામગ્રહણપૂર્વક ત્યાગની મર્યાદા કરનારને અધિક ફળની પ્રાપ્તિ છે.

**પાનની વિશેષ ત્યાજ્યતા :-**

વળી, સચિત્ત વસ્તુમાં પણ નાગરવેલનાં પાનને છોડવાં દુષ્કર છે; કેમ કે સ્વાદ અર્થે પાનના બીડા તરીકે તેનો ઉપયોગ થાય છે. પરંતુ જેમ બીજા પદાર્થો અલ્પકાળ પછી અચિત્ત થાય છે. તેમ પાનના બીડામાં

પાણીનો અંશ રહેવાને કારણે સચિત્ત જ રહે છે. વળી, કુંથુઆ આદિની વિરાધના ઘણી થાય છે તેથી પાપભીરુ એવા શ્રાવકે અન્ય સચિત્તમાં મર્યાદા કરેલ હોય તોપણ નાગરવેલના પાનનો ત્યાગ કરવો જોઈએ. આમ છતાં કોઈ શ્રાવકને પાનના બીડાની તે પ્રકારની લાલસા હોય અને ત્યાગ ન કરી શકે તોપણ રાત્રે મુખવાસની છૂટ રાખીને જેમ બે આહારનું પચ્ચક્ખાણ કરે છે તેમાં અન્ય મુખવાસ વાપરે છે તેમ નાગરવેલનાં પાન વાપરવાં જોઈએ નહિ; કેમ કે તેમાં ઘણી વિરાધના થવાનો સંભવ છે. આમ છતાં કોઈ શ્રાવકને દિવસે પાન ખાવાથી સંતોષ ન થાય અને રાત્રે પણ મુખવાસ તરીકે પાન ગ્રહણ કરે તેમ હોય તો તે નાગરવેલનાં પાન દિવસના સંશોધન આદિથી યતનાપૂર્વક ગ્રહણ કરે અને રાત્રે પણ દીવા આદિના પ્રકાશમાં જીવો છે કે નહીં તેનું સંશોધન કરીને યતનાપૂર્વક જ ગ્રહણ કરે જેથી ભોગોપભોગની મર્યાદાથી નાગરવેલના પાનનો ત્યાગ ન થઈ શકે તોપણ જીવરક્ષાકૃત યતનાથી લાભ થાય. વળી, નાગરવેલનાં પાન કામવૃત્તિનું તીવ્ર કારણ હોવાથી બ્રહ્મચારીએ ત્યાગ જ કરવો જોઈએ.

વળી, સચિત્તના ભક્ષણમાં નાગરવેલના પાનમાં અનેક જીવોની વિરાધના થાય છે; કેમ કે નાગરવેલના પાનમાં કુંથુઆ આદિ એક સચિત્ત જીવ હોય તેને આશ્રયીને અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે. તેના વિષમયાં આ મર્યાદા છે –

ત્રસજીવને આશ્રયીને એક સંમૂર્ચ્છિમ પર્યાપ્તા હોય ત્યાં તેને આશ્રયીને અસંખ્યાતા સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા હોય છે. વળી, બાદર એકેન્દ્રિયમાં પણ કોઈ એક બાદર એકેન્દ્રિય પર્યાપ્તો હોય તેને આશ્રયીને બાદર એકેન્દ્રિયમાં અપર્યાપ્તા અસંખ્યાતા હોય છે. વળી, સૂક્ષ્મ એકેન્દ્રિયમાં આ પ્રમાણે મર્યાદા છે. જ્યાં એક અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય છે ત્યાં તેની નિશ્રામાં નિયમથી અસંખ્યાતા એકેન્દ્રિય પર્યાપ્તા છે. વળી, નાગરવેલના પાનમાં જેમ સચિત્તકૃત દોષ છે તેમ એક સૂક્ષ્મ આદિ કંથવો હોય તેની નિશ્રામાં રહેલા અસંખ્ય અપર્યાપ્તા ત્રસજીવોની વિરાધનાનો સંભવ છે. વળી, નાગરવેલના પાનને આશ્રિત પાણીને કારણે નીલ-ફૂગ આદિ થાય તો અનંતા જીવોની વિરાધના પણ થાય. માટે વિવેકી શ્રાવકે નાગરવેલના પાનનો ત્યાગ કરવો જોઈએ. વળી, સર્વ સચિત્તત્યાગમાં અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યો દૃષ્ટાંત છે. તેથી અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યોની જેમ શક્તિમાન શ્રાવકે સચિત્તના ત્યાગના નિયમમાં યત્ન કરવો જોઈએ.

વળી, સચિત્તના ત્યાગની જેમ દ્રવ્યાદિ તેર વસ્તુ વિષયક પણ શ્રાવકે જાવજ્જીવ સુધી નિયમ ગ્રહણ કરવો જોઈએ. તેથી તે દ્રવ્યની નામના કઈ રીતે કરવી જોઈએ તેની સ્પષ્ટતા ટીકાકારશ્રી કરે છે.

**૨. દ્રવ્ય :-**

ઘણા ધાન્યમાંથી પરિણામાન્તરરૂપ એક વસ્તુ બનેલી હોય તો તે એક દ્રવ્ય તરીકે ગણાય છે. એક ધાન્યમાંથી જુદી જુદી વસ્તુ બનેલ હોય જેમ ઘઉંમાંથી રોટલી, ખાખરા વગેરે તો તે સર્વ વસ્તુ પૃથક્ દ્રવ્ય ગણાય છે. તેથી જાવજ્જીવ સુધી પ્રતિદિન કેટલા દ્રવ્યને હું વાપરીશ તેને આશ્રયીને શ્રાવકે નિયમ કરવો જોઈએ, જેથી ભોગોપભોગ વ્રતની પ્રાપ્તિ થાય. ધાતુમય શિલા=દાંત ખોતરવાની ધાતુમય સળી તથા કોઈ વસ્તુમાં આવેલા કાંકરા કે કોઈ પ્રસંગે આંગળીનો મુખમાં પ્રક્ષેપ કર્યો હોય તો તે દ્રવ્યમાં ગણાતાં નથી.

**૩. વિકૃતિ=વિગઈ :-**

વળી, છ વિગઈઓમાંથી શક્તિ અનુસાર શ્રાવકે જાવજ્જીવ સુધી વિગઈઓનો ત્યાગ કરવો જોઈએ.

**૪. વાણહ=ઉપાનહ, પગરખાં :-**

વળી શ્રાવકે જોડા, મોજડી આદિનો કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો તેની જાવજ્જીવ સુધી મર્યાદા કરવી જોઈએ. વળી, કેટલાક કાષ્ઠની પાદુકાદિ વાપરે છે તેની નીચે કોઈ જીવ આવે તો બચવાની શક્યતા ઓછી રહે છે. તેથી દયાળુ શ્રાવકે તેનો ત્યાગ કરવો જોઈએ.

**૫. તાંબૂલ :-**

તાંબૂલમાં સ્વાદિમ પદાર્થ આવે છે. તેમાં પણ કઈ કઈ વસ્તુ પોતાને વાપરવી તેના નામગ્રહણપૂર્વક નક્કી કરીને બાકીની વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. જેથી ભોગોપભોગનું પરિમાણ થાય.

**૬. વસ્ત્ર :-**

વસ્ત્રમાં ધોતિયું, પોતીકા, રાત્રે પહેરવાનાં વસ્ત્રોની ગણના થતી નથી; કેમ કે તે ભોગ માટે નથી. પરંતુ વેશભૂષા માટે વપરાતાં વસ્ત્રો કયાં-કયાં વાપરીશ ? તેના નામગ્રહણપૂર્વક સ્વીકારીને બાકીનાનો જાવજ્જીવ સુધી ત્યાગ કરવો જોઈએ. જેથી વેશભૂષાની વૃત્તિમાં સંકોચની પ્રાપ્તિ થાય.

**૭. પુષ્પો :-**

જેઓ શોખ માટે સુગંધી પુષ્પો વાપરે છે તેમાં પણ પરિમાણ કરવા અર્થે નામગ્રહણપૂર્વક નિયમને કરીને બાકીનાં પુષ્પોનો ત્યાગ કરવો જોઈએ. પુષ્પોનો ત્યાગ કરેલો હોય તોપણ દેવશેષ કલ્પે છે; કેમ કે તેમાં ભગવાન પ્રત્યેની ભક્તિની વૃત્તિ છે.

**૮. વાહન :-**

રથ-અશ્વ આદિ તેનું પણ નામગ્રહણ કરી આના સિવાય અન્ય વાહન જાવજ્જીવ વાપરીશ નહીં, તે પ્રકારનો નિયમ કરવો જોઈએ. જેથી વાહનના ઉપભોગમાં પરિમાણની પ્રાપ્તિ થાય અને વાહનના ઉપભોગ દ્વારા થતી હિંસાથી સંવર થાય.

**૯. શયન :-**

શયનમાં ખાટલા આદિ છે. તેમાં નામગ્રહણપૂર્વક અનિવાર્ય હોય એટલાને રાખીને બાકીનાનો ત્યાગ કરે.

**૧૦. વિલેપન :-**

ભોગ માટે ચંદન વગેરે કયાં કયાં સુગંધી દ્રવ્યો પોતે ત્યાગ કરી શકે તેમ નથી તેનું નામગ્રહણ કરીને શેષનો ત્યાગ કરે. વળી, વિલેપનનો ત્યાગ હોવા છતાં ભગવાનની પૂજા માટે પોતાના દેહ ઉપર જે કંઈ વિલેપન કરે તેમાં બાધ નથી; કેમ કે ભગવાનની ભક્તિ અર્થે તે પ્રકારનું વિલેપન છે, ભોગ અર્થે નથી.

**૧૧. અબ્રહ્મ :-**

દિવસ-રાત્રિમાં પત્ની આદિ આશ્રયીને અબ્રહ્મનું નિયમન કરે.

**૧૨. દિક્પરિમાણ :-**

દિક્પરિમાણના નિયમમાં સર્વ દિશામાં જાવજ્જીવ માટે ગમનાદિનું નિયમન કરે છે અથવા અમુક દિશામાં ગમનાદિનું જાવજ્જીવ માટે નિયમન કરે છે. દિશાના નિયમને કારણે અવધિથી અધિક ક્ષેત્ર વિષયક ભોગોપભોગ વિષયક મર્યાદા થાય છે. દિક્પરિમાણવ્રતમાં પણ આ રીતે દિશાની મર્યાદા છે, પરંતુ ત્યાં મર્યાદાથી અધિક દિશામાં અગમનને કારણે આરંભ-સમારંભનો ત્યાગ થાય છે.

**૧૩. સ્નાન :-**

સ્નાન તેલ-અભ્યંગાદિપૂર્વક થાય છે. દેવપૂજા માટે સ્નાન કરવામાં નિયમનો ભંગ નથી. પરંતુ લૌકિક કારણે સ્નાન દિવસમાં કેટલી વખત કરવું તે વિષયક નિયમન કરીને યતનાથી રક્ષા કરવી જોઈએ.

**૧૪. ભક્ત=ભોજન :-**

રંધાયેલું ધાન્ય સુખડી આદિ સર્વ એક દિવસમાં કેટલા શેર પ્રમાણ વાપરીશ તેની મર્યાદા કરીને જાવજ્જીવ સુધી પ્રતિજ્ઞા કરવી જોઈએ. વળી, તડબૂચ આદિનું ગ્રહણ શ્રાવક કરતો હોય તો વજનમાં ઘણા શેરની પ્રાપ્તિ છે તેને ખ્યાલમાં રાખીને વ્રતભંગ ન થાય તે રીતે ભોજનનો નિયમ કરવો જોઈએ.

અહીં ભોજનનું કથન ઉપલક્ષણ છે તેથી અન્ય પણ શાક, ફલ, ધાન્ય, આહાર આદિના પ્રમાણના આરંભના નૈયત્યાદિરૂપ નિયમ શક્તિ અનુસાર કરવા જોઈએ. તેથી આહાર વાપરવાના વિષયમાં વજનથી જેમ નિયમન કર્યું તેમ ગૃહકાર્ય અર્થે શાક, ફળ, ધાન્યાદિનો આરંભ કરવાનો પ્રસંગ આવે તો તે ભોજનથી અધિક છે. તે આરંભનો પણ શક્તિ અનુસાર નિયમ કરે કે આટલા શાક-ફલાદિથી વધુ આરંભ હું કરીશ નહિ.

આ પ્રમાણે ચૌદ નિયમથી ભોગોપભોગનું નિયમન કરવાથી ભોગ-ઉપભોગરૂપ જે આશ્રવ છે તેમાં જેટલા અંશથી ત્યાગ કર્યો છે તેટલા અંશથી સંવરની પ્રાપ્તિ થવાથી ઘણા કર્મબંધની નિવૃત્તિ થાય છે. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**इत्युक्तं भोगोपभोगव्रतम्, अथ तृतीयमनर्थदण्डविरमणाख्यं गुणव्रतमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વની ગાથામાં કહેવાયું એ પ્રમાણે, ભોગોપભોગવ્રત કહેવાયું. હવે, ત્રીજું અનર્થદંડવિરમણ નામનું ગુણવ્રત કહે છે –**

શ્લોક :-

शरीराद्यर्थविकलो, यो दण्डः क्रियते जनैः ।
सोऽनर्थदण्डस्तत्त्यागस्तार्त्तीयीकं गुणव्रतम् ।।३५।।

અન્વયાર્થ :-

शरीराद्यर्थविकलो=શરીર આદિના પ્રયોજન વિકલ, यो दण्डः=જે દંડ=જીવ ઉપમર્દ, जनैः=લોકો વડે, क्रियते=કરાય છે, सोऽनर्थदण्डः=તે અનર્થદંડ છે. तत्त्यागस्तार्त्तीयीकं गुणव्रतम्=તેનો ત્યાગ ત્રીજું ગુણવ્રત છે. ।।૩૫।।

શ્લોકાર્થ :-

**શરીર આદિના પ્રયોજન વિકલ જે દંડ=જીવ ઉપમર્દ, લોક વડે કરાય છે તે અનર્થદંડ છે. તેનો ત્યાગ ત્રીજું ગુણવ્રત છે. ।।૩૫।।**

ટીકા :-

**शरीरं=देह आदिशब्दात् क्षेत्रवास्तुधनधान्यपरिजनादिपरिग्रहस्तद्विषयो योऽर्थः=प्रयोजनं तेन विकलो=रहितो=निष्प्रयोजन इत्यर्थः, 'यो' 'दण्डः' दण्ड्यते पापकर्मणा लुप्यते येन स दण्डः भूतोपमर्दः, 'जनैः' मुग्धलोकैः 'क्रियते' विधीयते 'सोऽनर्थदण्डः' निष्कारणभूतोपमर्द्दलक्षणो दण्ड इतियावत्, 'तत्त्यागः' तत्परिहारः 'तार्तीयीकं' तृतीयमेव तार्तीयीकं स्वार्थे टीकण्प्रत्ययः, गुणव्रतं भवतीत्यक्षरार्थः ।**

**भावार्थस्त्वयम्—यः स्वस्वीयस्वजनादिनिमित्तं विधीयमानो भूतोपमर्दः सोऽर्थदण्डः सप्रयोजन इतियावत्, प्रयोजनं च येन विना गार्हस्थ्यं प्रतिपालयितुं न शक्यते, सोऽर्थदण्डः, विपरीतस्त्वनर्थदण्ड इति । यदाह —**

"जं इंदियसयणाई, पडुच्च पावं करेज्ज सो होई ।
अत्थे दंडो इत्तो, अन्नो उ अणत्थदंडोत्ति ।।१।।" **[सम्बोधप्र. श्राद्ध. ९८] ।।३५।।**

ટીકાર્થ :-

शरीरे ..... अणत्थदंडोत्ति ।।" શરીર=દેહ, આદિ શબ્દથી ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, પરિજનાદિનું ગ્રહણ છે. તેના વિષયવાળો જે અર્થ=પ્રયોજન, તેનાથી વિકલ=રહિત અર્થાત્ નિષ્પ્રયોજન, જે દંડ=ભૂતઉપમર્દ, મુગ્ધ લોકો વડે કરાય છે.

'દંડ' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

પાપકર્મથી દંડાય છે=લેપાય છે જેના વડે તે દંડ ભૂતઉપમર્દ છે. અને તેવો દંડ તે અનર્થદંડ

છે=નિષ્કારણ જીવના ઉપમર્દનરૂપ દંડ છે. તેનો ત્યાગ=તે પ્રકારના જીવના ઉપમર્દનો પરિહાર ત્રીજું જ ગુણવ્રત છે. એ પ્રમાણે શ્લોકનો અક્ષરાર્થ છે=શ્લોકના દરેક શબ્દનો અર્થ છે. શ્લોકમાં 'તાર્તીયીકં' શબ્દ છે. ત્યાં સ્વાર્થમાં 'ટીકણ્' પ્રત્યય છે. તેથી તાર્તીયીક એટલે ત્રીજું એવો અર્થ થાય છે.

વળી, ભાવાર્થ આ છે=શ્લોકનો ભાવાર્થ આ છે. જે સ્વ, સ્વીય કે સ્વજન આદિ નિમિત્ત કરાતો ભૂતોપમર્દ તે અર્થદંડ છે=સપ્રયોજન છે. અને પ્રયોજન જેના વગર=જે આરંભ વગર, ગૃહસ્થપણાનું પ્રતિપાલન કરવા માટે શક્ય નથી, તે=પ્રયોજન માટે કરાતો દંડ તે અર્થદંડ છે. વળી, વિપરીત અનર્થદંડ છે. જેને કહે છે –

"ઇંદ્રિય શયનાદિને આશ્રયીને જે પાપ કરાય છે તે અર્થદંડ છે. એનાથી અન્ય વળી અનર્થ દંડ છે." (સંબોધ પ્રકરણ- શ્રાદ્ધ૦ - ૯૮) ॥૩૫॥

**ભાવાર્થ :-**

શ્રાવકને શરીર માટે, ધન-ધાન્યાદિની પ્રાપ્તિ માટે કે સ્વજન આદિના પાલન માટે જે આરંભ-સમારંભ કરવો પડે છે તેનાથી જે પાપ બંધાય તે અર્થદંડ કહેવાય. અને શરીર આદિના પ્રયોજનથી રહિત કુતૂહલવૃત્તિથી કે અન્ય પ્રકારની કોઈ વૃત્તિથી આરંભ-સમારંભની કોઈ પ્રવૃત્તિ કરે તે અનર્થદંડરૂપ છે અને શ્રાવકે સર્વવિરતિની શક્તિનો સંચય કરવો છે તેથી તેવા નિષ્પ્રયોજન આરંભ-સમારંભનો અવશ્ય ત્યાગ કરે. તેવો ત્યાગ ત્રીજું ગુણવ્રત છે. ॥૩૫॥

**અવતરણિકા :-**

**उक्तमनर्थदण्डविरमणव्रतस्वरूपम्, अथानर्थदण्डभेदानाह –**

**અવતરણિકાર્થ :-**

**અનર્થદંડવિરમણ વ્રતનું સ્વરૂપ કહેવાયું. હવે અનર્થદંડના ભેદોને કહે છે –**

**શ્લોક :-**

सोऽपध्यानं पापकर्मोपदेशो हिंसकार्पणम् ।
प्रमादाचरणं चेति, प्रोक्तोऽर्हद्भिश्चतुर्विधः ।।३६।।

**અન્વયાર્થ :-**

**स=તે=અનર્થદંડ, अपध्यानं, पापकर्मोपदेशो हिंसकार्पणम् प्रमादाचरणं चेति=અપધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસકનું અર્પણ અને પ્રમાદનું આચરણ એ પ્રમાણે, चतुर्विधः=ચાર પ્રકારનો, अर्हद्भिः=ભગવાન વડે, प्रोक्तः=કહેવાયો છે. ॥૩૬॥**

શ્લોકાર્થ :-

તે=અનર્થદંડ અપધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસકનું અર્પણ અને પ્રમાદનું આચરણ એ પ્રમાણે ચાર પ્રકારનો ભગવાન વડે કહેવાયો છે. ।।૩૬।।

ટીકા :-

**'स' अनर्थदण्डः 'अपध्यानं' 'पापकर्मोपदेशो' 'हिंसकार्पणं' 'प्रमादाचरणं' च 'इति' एवंप्रकारैश्चतुर्विधः 'अर्हद्भिः' जिनैः 'प्रोक्तः' प्रज्ञप्तः, यतः सूत्रम् –**

"अणत्थादंडे चउव्विहे पण्णत्ते तंजहा – अवज्झाणायरिए, पमायायरिए, हिंसप्पदाणे, पावकम्मोवएसे अ" **त्ति । [आवश्यक मूलसूत्र ४५]**

**तत्राप्रशस्तं यत् ध्यानंस्थिराध्यवसानलक्षणं तदपध्यानम्, तच्चार्त्तरौद्रभेदाद्द्विधा, तत्र ऋतं-दुःखं तत्र भवमार्त्तम्, यदि वा आर्त्तिः-पीडा यातनं च तत्र भवमार्त्तम् । रोदयति परानिति रुद्रो दुःखहेतुस्तेन कृतं तस्य वा कर्म रौद्रम्, एतत्परिमाणं चान्तमुहूर्त्तम्, यतो हेमसूरिपादाः –**

"वैरिघातो नरेन्द्रत्वं, पुरघाताग्निदीपने ।

ख(खे)चरत्वाद्यपध्यानं, मुहूर्त्तात्परतस्त्यजेत् ।।१।।" **[योगशास्त्रे ३/७५] इति ।**

**तथा पातयति नरकादाविति पापम्, तत्प्रधानं तद्धेतुभूतं वा कर्म पापकर्म-कृष्यादि तस्योपदेशः-प्रवर्त्तनवाक्यं पापकर्मोपदेशः । स च यथा –**

**'क्षेत्रं कृष, वृषवृन्दं दमय, हयान् षण्डय, (शण्ढय) क्रथय शत्रून्, यन्त्रं वाहय, शस्त्रं सज्जय, पापोपदेशोऽयम्, एवं प्रत्यासीदति वर्षाकालो, दीयतां वल्लरेष्वग्निः, सज्जीक्रियतां हलफलादि, अतिक्रामति वापकालो, भृताः केदारा, गाह्यन्तां सार्द्धदिनत्रयमध्ये, उप्यन्तां च व्रीहयः, जातावयःस्था कन्यका विवाह्यतां शीघ्रम्, प्रत्यासीदन्ति प्रवहणपूरणदिवसाः प्रगुणीक्रियतां प्रवहणानि' इत्यादि सर्वोऽपि पापोपदेश उत्सर्गतः श्रावकेण त्याज्यः, अपवादतस्तु दाक्षिण्यादिविषये यतना विधेया । यतो योगशास्त्रे –**

"वृषभान् दमय क्षेत्रं, कृष षण्डय वाजिनः ।

दाक्षिण्याविषये पापोपदेशोऽयं न कल्पते ।।१।।" **[३/७६] इति ।**

**तथा हिंसन्तीति हिंसका-हिंसोपकरणानि आयुधानलविषादयस्तेषामर्पणं=दानं हिंसकार्पणम्, हिंस्रमपि हि उत्सर्गतो न देयम्, अपवादतस्तु दाक्षिण्यादिविषये यतना कार्या । यतो योगशास्त्रे –**

"यन्त्रलाङ्गलशस्त्राऽग्निमुशलोलूखलादिकम् ।

दाक्षिण्याविषये हिंस्रं, नार्पयेत् करुणापरः ।।१।।" **[३/७७] इति ।**

**तथा प्रमादेन प्रमादस्य वाऽऽचरणं प्रमादाचरणमिति प्रमादश्च**–"मज्जं विसयकसाया, णिद्दा विकहा य पञ्चमी भणिय" **त्ति [उत्तराध्ययननिर्युक्तिः गा. १८०] पञ्चविधस्तदाचरणमपि वर्ज्यमेव, एतत्प्रपञ्चो योगशास्त्रे यथा –**

"कुतूहलाद् गीतनृत्ते, नाटकादिनिरीक्षणम् ।
कामशास्त्रप्रसक्तिश्च, द्यूतमद्यादिसेवनम् ।।१।।
जलक्रीडान्दोलनादिविनोदो जन्तुयोधनम् ।
रिपोः सुतादिना वैरं, भक्तस्त्रीदेशराट्कथा ।।२।।
रोगमार्गश्रमौ मुक्त्वा, स्वापश्च सकलां निशाम् ।
एवमादि परिहरेत्, प्रमादाचरणं सुधीः ।।३।।" **[३/७८-८०]**

**वृत्तिलेशो यथा**–कौतुकान्निरीक्षणं तेन तेनेन्द्रियेण यथोचितं विषयीकरणम्, कुतूहलग्रहणाज्जिनयात्रादौ प्रासङ्गिकनिरीक्षणे च न प्रमादाचरणम् तथा कामशास्त्रे-वात्स्यायनादिकृते प्रसक्तिः-पुनः पुनः शीलनम् द्यूतमद्ये प्रसिद्धे, आदिशब्दान्मृगयादि तस्य सेवनं=परिशीलनम् १ ।

जलक्रीडा-तडागजलयन्त्रादिषु मज्जनोन्मज्जनशृङ्गिकाच्छोटनादिरूपा, तथा आन्दोलनं=वृक्षशाखादौ खेलनम्, आदिशब्दात्पुष्पावचयादि तथा जन्तूनां=कुक्कुटादीनां योधनं=परस्परेणाहननम्, रिपोः संबन्धिना पुत्रपौत्रादिना वैरम्, अयमर्थो-येन तावत्कथञ्चिदायातं वैरं तद्यः परिहर्तुं न शक्नोति, तस्यापि पुत्रपौत्रादिना यद्वैरं तत् प्रमादाचरणम् ।

भक्तकथा यथा–इदं चेदं मांस्पाकमाषमोदकादि साधु भोज्यम्, साध्वनेन भुज्यते, अहमपि चेदं भोक्ष्ये इत्यादिरूपा १ । स्त्रीकथा यथा स्त्रीणां नेपथ्याऽङ्गहारहावभावादिवर्णनरूपा–"कर्णाटी सुरतोपचारचतुरा लाटा विदग्धा प्रिये" [ ] त्यादिरूपा वा २ । तथा देशकथा यथा–"दक्षिणापथः प्रचुरान्नपानः स्त्रीसम्भोगप्रधानः, पूर्वदेशो विचित्रवस्तुगुडखण्डशालिमद्यादिप्रधानः, उत्तरापथे शूराः पुरुषाः, जविनो वाजिनो, गोधूमप्रधानानि धान्यानि, सुलभं कुङ्कुमम्, मधुराणि द्राक्षादाडिमकपित्थादीनि, पश्चिमदेशे सुखस्पर्शानि वस्त्राणि, सुलभा इक्षवः, शीतं वारी"त्यादि ३ । राजकथा यथा–"शूरोऽस्मदीयो राजा, सधनाश्चेडा, गजपतिर्गौडः, अश्वपतिस्तुरुष्कः" इत्यादि ४ एवं प्रतिकूला अपि भक्तादिकथा वाच्याः **[तुला योगशास्त्र टीका प. ४७३-४] इति मद्यादिपञ्चविधप्रमादस्य प्रपञ्चः ।**

**तथा तत्रैव –**

"विलासहासनिष्ठ्यूतनिद्राकलहदुष्कथाः ।
जिनेन्द्रभवनस्यान्तराहारं च चतुर्विधम् ।।१।।" **[योगशास्त्रे ३/८१] इति ।**

"जिनेन्द्रभवनस्य मध्ये विलासं=कामचेष्टाम्, हासं=कहकहध्वानं हसनम्, निष्ठ्यूतं=निष्ठीवनम्, कलहं=राटीम्,

दुष्कथां=चौरपारदारिकादिकथाम्, चतुर्विधाहारम् अशन-पान-खाद्य-स्वाद्यरूपम्, परिहरेदिति पूर्वतः संबन्धनीयम्" **इति [योगशास्त्रटीका प. ४७५] ।**

**तथाऽऽलस्यादिना घृत-तैल-जलादिभाजनानामस्थगनम्, मार्गे सति हरितकायाद्युपर्यशोधिताध्वनि वा गमनम्, अनालोकितस्थाने हस्तक्षेपादि, सत्यपि स्थाने सचित्तोपरि स्थित्यादि, वस्त्रादेर्वा मोचनम्, पनककुन्थ्वाद्याक्रान्तभुव्यवश्रावणादेस्त्यजनम्, अयतनया कपाटार्गलादानादि, वृथा पत्रपुष्पादित्रोटन-मृत्खटीवणिकादिमर्दनवह्न्युद्दीपनगवादिघातदानशस्त्रव्यापारणनिष्ठुरमर्मभाषणहास्यनिन्दाकरणादि, रात्रौ दिवाप्ययतनया वा स्नानकेशग्रथनरन्धनखण्डनदलनभूखननमृदादिमर्दनलेपनवस्त्रधापन-जलगालनादि च प्रमादाचरणम्, श्लेष्मादीनां व्युत्सर्गे स्थगनाद्ययतनापि प्रमादाचरणम्, मुहूर्त्तानन्तरं तत्र संमूर्छिममनुष्यसंमूर्च्छनतद्विराधनादिमहादोषसम्भवात्, अधिकरणभूतस्य शस्त्रादेर्मलमूत्रादेश्चाव्युत्-सर्जनमपि, तथा वृथा क्रियाधिकारित्वापत्तेः, शास्त्रे च्युतधनुरादिजीवानामपि क्रियाधिकारित्वोक्तेः, स्वकार्ये कृतेऽपि ज्वलदिन्धनप्रदीपादेरविध्यापनमपि तथा, अग्निविध्यापनापेक्षया तदुद्दीपने बहुजीवविराधनायाः प्रतिपादनात् । यतो भगवत्यां–**

"जे णं पुरिसे अगणिकायं निव्वावेइ, से णं पुरिसे अप्पकम्मतराए चेव"त्ति ।

**अपिहितप्रदीपचुल्हकादिधारणचुल्लकाद्युपरिचन्द्रोदयाप्रदानाद्यपि तथा, अशोधितेन्धनधान्य-जलादिव्यापारणमपि तथा, तद्यतना प्रथमव्रते प्रागुक्तैव, एष च चतुर्विधोऽप्यनर्थदण्डोऽनर्थहेतु-र्निरर्थकश्च । तथाहि–अपध्यानेन न काचिदिष्टसिद्धिः, प्रत्युत चित्तोद्वेगवपुःक्षीणताशून्यता-घोरदुष्कर्मबन्धदुर्गत्याद्यनर्थ एव । उक्तं च –**

"अणवट्ठिअं मणो जस्स, झायइ बहुआइं अट्टमट्टाइं ।
तं चिंतिअं च न लहइ, संचिणइ अ पावकम्माइं ।।१।।
वयकायविरहिआणवि, कम्माणं चित्तमित्तविहिआणं ।
अइघोरं होइ फलं, तंदुलमच्छुव्व जीवाणं ।।२।।".

**अतोऽशक्यपरिहारं जात्वपध्यानं क्षणमात्रं स्यात्, तदपि सद्य एव परिहार्यं मनोनिग्रहयतनया, यदाह मनोनिग्रहभावनाकृत् –**

"साहूण सावगाण य, धम्मो जो कोइ वित्थरो भणिओ ।
सो मणनिग्गहसारो, जं फलसिद्धी तओ भणिआ ।।१।।"

**पापोपदेशहिंस्रप्रदाने च स्वजनादावन्यथा निर्वाहादर्शनात् दुःशक्यपरिहारे, अन्येषु तु पापाद्यनर्थफले एव, तदुक्तं लौकिकैरपि–**

"न ग्राह्याणि न देयानि, पञ्च द्रव्याणि पण्डितैः ।
अग्निर्विषं तथा शस्त्रं, मद्यं मांसं च पञ्चमम् ।।१।।"

**प्रमादाचरितेऽपि मुधैवायतनादिनिमित्तो हिंसादिदोषः, अत एवाह –**

"तुल्लेवि उअरभरणे, मूढअमूढाण अंतरं पिच्छ ।
एगाण नरयदुक्खं, अन्नेसिं सासयं सुक्खं ।।१।।"

**यतनां विना च प्रवृत्तौ सर्वत्रानर्थदण्ड एव, अतः सदयतया सर्वव्यापारेषु सर्वशक्त्या श्रावकेण यतनायां यतनीयम्, यतः–**

"जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ।।१।।" **[उपदेशपदे ७६९]**

**निरर्थकपापेऽधिककर्मबन्धादिदोषोऽपि यतः –**

"अट्ठेण तं न बंधइ, जमणट्ठेणं तु थेवबहुभावा ।
अट्ठे कालाईआ, निआमगा नउ अणट्ठाए ।।१।।"

**अतश्चतुर्विधोऽप्ययं त्याज्य इति ।।३६।।**

**ટીકાર્થ :-**

**'स' अनर्थदण्डः ..... त्याज्य इति ।। તે=અનર્થદંડ અપધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસકનું અર્પણ અને પ્રમાદનું આચરણ એ પ્રકારે=ચાર પ્રકારનો ભગવાન વડે કહેવાયો છે. જે કારણથી સૂત્ર છે.**

"અનર્થદંડ ચાર પ્રકારનો કહેવાયો છે. આ પ્રમાણે – અપધ્યાનની આચરણા, પ્રમાદની આચરણા, હિંસક વસ્તુનું પ્રદાન અને પાપકર્મનો ઉપદેશ." **(આવશ્યક મૂલસૂત્ર-૪૫)**

**ત્યાં=ચાર પ્રકારના અનર્થદંડમાં, અપ્રશસ્ત સ્થિર અધ્યવસાયરૂપ જે ધ્યાન છે તે અપધ્યાન છે અને તે આર્ત્ત અને રૌદ્રના ભેદથી બે પ્રકારનું છે. ત્યાં=બે પ્રકારના ધ્યાનમાં ઋત=દુઃખ, તેમાં થનારું આર્ત્ત છે અથવા જો આર્તિ=પીડા અને યાતના તેમાં થનારું આર્ત્ત છે. બીજાને રડાવે તે રુદ્ર=દુઃખનો હેતુ. તેનાથી કરાયેલું અથવા તેનું કર્મ રૌદ્ર છે. આનું પરિમાણ=આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનું પરિમાણ, અંતર્મુહૂર્ત છે. જે કારણથી હેમસૂરિ મ.સા. કહે છે –**

"વૈરીનો ઘાત, નગરનો ઘાત, અગ્નિનું પ્રગટાવવું વિષયક રૌદ્રધ્યાન અને હું નરેન્દ્ર થાઉં, હું ખેચર થાઉં=હું આકાશમાં ઊડનારો થાઉં=ઇત્યાદિરૂપ અપધ્યાન=આર્તધ્યાન (તેનું પરિમાણરૂપ વ્રત) મુહૂર્તથી વધારે ત્યાગ કરે=મુહૂર્તથી વધુ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવા ન દે." ।।૧।। **(યોગશાસ્ત્ર ૩/૭૫)**

**અને નરકાદિમાં પાડે એ પાપ, તત્પ્રધાન અથવા તદ્‌હેતુભૂત એવું કર્મ=કૃષ્યાદિરૂપ પાપકર્મ, તેનો ઉપદેશ=પ્રવર્તન વાક્ય તે પાપકર્મનો ઉપદેશ છે અને તે આ પ્રમાણે છે –**

**"ક્ષેત્રને ખેડ, બળદના સમૂહનું દમન કર, ઘોડાને નપુંસક કર, શત્રુઓનો નાશ કર, યંત્રને ચલાવ, શસ્ત્રને સજ્જ કર" આ પાપોપદેશ છે. એ રીતે "વર્ષાકાળ પાસે આવે છે. વેલડીને સળગાવો, હલ-ફલાદિને સજ્જ કરો, વાવણીનો કાળ ચાલ્યો જાય છે, ક્યારાઓ ભરાઈ ગયા છે, સાડાત્રણ દિવસમાં એનું ગ્રહણ કરો અને ધાન્યની વાવણી કરો, કન્યા ઉંમરવાળી થઈ છે શીઘ્ર વિવાહ કરો, પ્રવહણ અને પૂરણના દિવસો પાસે આવી રહ્યા છે. પ્રવહણ પ્રગુણી કરો" ઈત્યાદિ સર્વ પણ પાપોપદેશ ઉત્સર્ગથી શ્રાવકે ત્યાગ કરવો જોઈએ. અપવાદથી વળી દાક્ષિણ્યાદિના વિષયમાં યતના કરવી જોઈએ. જે કારણથી 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે –**

"બળદોને દમન કર, ક્ષેત્રને ખેડ, ઘોડાને નપુંસક કર, દાક્ષિણ્યના અવિષયમાં આ પાપોપદેશ કલ્પતો નથી." ॥૧॥ **(યોગશાસ્ત્ર-૩/૭૬)**

**અને હિંસા કરે છે તે હિંસક છે=હિંસાનાં ઉપકરણો આયુધ, અગ્નિ, વિષ આદિ છે. તેઓનું=હિંસાના ઉપકરણનું, અર્પણ=દાન, હિંસકનું અર્પણ છે. હિંસ્ર પણ શસ્ત્રાદિ ઉત્સર્ગથી દેય નથી=શ્રાવક દ્વારા કોઈને આપવા યોગ્ય નથી. વળી, અપવાદથી દાક્ષિણ્ય આદિના વિષયમાં યતના કરવી જોઈએ=અશક્ય પરિહાર હોય એટલું જ આપવું જોઈએ પરંતુ વિચાર્યા વગર હિંસાનાં સાધનો આપવાં જોઈએ નહિ. જે કારણથી યોગશાસ્ત્રમાં કહ્યું છે –**

"યંત્ર, લાંગલ=ચાબખા, શસ્ત્ર, અગ્નિ, મુશલ=સાંબેલું, ઉલ્લુખલ આદિ હિંસક સાધનોને દાક્ષિણ્યના અવિષયમાં કરુણાપર શ્રાવક અર્પણ કરે નહિ." **(યોગશાસ્ત્ર-૩/૭૭)**

**અને પ્રમાદથી આચરણ અથવા પ્રમાદનું આચરણ એ પ્રમાદાચરણ છે અને પ્રમાદ –**

"મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ કહેવાયાં છે." **(ઉત્તરાધ્યયન નિર્યુક્તિ, ગા.૧૮૦)**

**પાંચ પ્રકારની તેની આચરણા પણ વર્જવી જોઈએ.**

**આનો=પાંચ પ્રકારના પ્રમાદનો, વિસ્તાર 'યોગશાસ્ત્ર'માં આ પ્રમાણે છે –**

"કુતૂહલથી ગીત, નૃત્ય, નાટકાદિનું નિરીક્ષણ, કામશાસ્ત્રની પ્રસક્તિ, દ્યૂતમદ્યાદિનું સેવન, જલક્રીડાનો, આંદોલન આદિનો વિનોદ=જલક્રીડાનો આનંદ અને હીંચકા આદિનો આનંદ, જંતુયોધન=જીવોને પરસ્પર યુદ્ધ કરાવે, શત્રુના પુત્રાદિ સાથે વેર, ભક્ત-સ્ત્રી-દેશ-રાજકથા=ભક્તાદિ ચાર કથા, રોગ અને માર્ગના શ્રમને છોડીને આખી રાત નિદ્રા કરવી એ વગેરે પ્રમાદાચરણનો બુદ્ધિમાન પુરુષ પરિહાર કરે." ॥૧-૨-૩॥ **(યોગશાસ્ત્ર-૩/૭૮-૭૯-૮૦)**

**વૃત્તિ લેશ આ પ્રમાણે છે –** "કૌતુકથી નિરીક્ષણ=તે-તે ઇંદ્રિયો દ્વારા યથાઉચિત વિષયનું કરણ, કુતૂહલનું ગ્રહણ હોવાથી જિનયાત્રાદિમાં અને પ્રાસંગિક નિરીક્ષણમાં પ્રમાદાચરણ નથી. અને વાત્સ્યાયન આદિ કૃત કામશાસ્ત્રમાં પ્રસક્તિ=ફરી ફરી શીલન, દ્યૂત કોડી આદિથી ક્રીડન છે અને મદ્ય પ્રસિદ્ધ છે. 'આદિ' શબ્દથી શિકાર આદિનું ગ્રહણ છે. તેનું સેવન=પરિશીલન, તે પ્રમાદાચરણ છે. જલક્રીડા=તળાવ, જલયંત્રાદિમાં=ફુવારા આદિમાં, મજ્જન-ઉન્મજ્જન, શૃંગિકા-છોટન=પીચકારી છોડવી આદિ રૂપ જલક્રીડા અને આંદોલન=વૃક્ષ શાખાદિમાં ખેલન, આદિ શબ્દથી પુષ્પ સંચય આદિ અને જંતુઓનું યોધન=કૂકડા આદિને પરસ્પર લડાવવા, શત્રુ સંબંધી પુત્ર-પૌત્રાદિ સાથે વેર. આ અર્થ

છે – જેની સાથે કોઈક રીતે આયાત વેર છે=પ્રાપ્ત થયેલું વેર છે. તેને જે પરિહાર કરવા માટે સમર્થ નથી, તેના પણ પુત્ર-પૌત્રાદિ સાથે જે વેર છે તે પ્રમાદ આચરણ છે. ભક્તકથા જે આ પ્રમાણે છે. અને આ-આ માંસ્પાક, અડદ, મોદક, લાડવા આદિ સાધુ ભોજ્ય છે=સુંદર ભોજન છે. આના વડે સુંદર ખવાય છે=ઘણું ખવાય છે. હું પણ ખાઈશ ઈત્યાદિરૂપ ભોજનકથા છે. સ્ત્રીકથા જે આ પ્રમાણે છે – સ્ત્રીઓના નેપથ્ય, અંગહાર, હાવભાવાદિ વર્ણનરૂપ સ્ત્રીકથા છે. અથવા "કર્ણાટીની સ્ત્રીઓ કામના ઉપચારમાં ચતુર હોય છે. લાટની સ્ત્રીઓ વિદગ્ધ=વિચક્ષણ, હોય છે." ઈત્યાદિ રૂપ સ્ત્રીકથા છે. અને દેશકથા આ પ્રમાણે છે – દક્ષિણાપથ પ્રચુર અન્નપાન, સ્ત્રીસંભોગપ્રધાન છે. પૂર્વનો દેશ વિચિત્ર વસ્તુ ગોળ, ખાંડ, ચોખા મદ્યાદિપ્રધાન છે. ઉત્તરાપથમાં પુરુષો શૂરવીર હોય છે. ઘોડાઓ ગતિવાળા હોય છે. ઘઉં પ્રધાન ધાન્ય હોય છે. કુંકુમ=કેસર, સુલભ હોય છે. દ્રાક્ષ, દાડમ, કપિત્થ=કોઠા, મધુર હોય છે. પશ્ચિમ દેશમાં સુખાકારી સ્પર્શવાળાં વસ્ત્રો, શેરડી સુલભ અને પાણી ઠંડું હોય છે. રાજકથા : જે આ પ્રમાણે છે – અમારો રાજા શૂરવીર છે. ચેડા દેશનો રાજા બહુ ધનવાન છે. ગૌડદેશનો રાજા બહુ હાથીવાળો છે. તુર્કસ્તાનનો રાજા અશ્વપતિ છે=ઘણા અશ્વવાળો છે. ઈત્યાદિ રાજકથા છે. આ રીતે પ્રતિકૂલ પણ ભક્તાદિ કથા જાણવી=પૂર્વમાં જેમ પ્રશંસાદિ રૂપે ભક્તકથાદિ બતાવી તે રીતે નિંદાદિરૂપ ભક્તાદિકથા જાણવી." **(તુલા યોગશાસ્ત્ર ટીકા, પ. ૪૭૩-૪)**

**આ પ્રમાણે મદ્યાદિ પાંચ પ્રકારના પ્રમાદનો વિસ્તાર છે. અને ત્યાં જ=પાંચ પ્રકારના પ્રમાદાચરણમાં,**

"જિનભવનમાં વિલાસ, હાસ્ય, થૂંકવું, નિંદ્રા; કલહ, દુષ્કથા, ચાર પ્રકારનો આહાર કરવો (પ્રમાદાચરણ છે.)" ॥૧॥ **(યોગશાસ્ત્ર ૩-૮૧)**

"જિનભવનની મધ્યમાં વિલાસ=કામચેષ્ટા, હાસ્ય=ખડખડ અવાજ રૂપે હસવું, નિષ્ઠિવન=થૂંકવું, કલહ=રાડો પાડવી, દુષ્કથા=ચોર, પરસ્ત્રી આદિની કથા, અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય રૂપ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે એ પ્રમાણે પૂર્વથી સંબંધ કરવો." **(યોગશાસ્ત્ર ટીકા- પ.૪૭૫)**

**અને આળસ આદિથી ઘી, તેલ,પાણી આદિનાં વાસણોને ખુલ્લાં મૂકવાં પ્રમાદાચરણ છે. માર્ગ હોતે છતે=અન્ય માર્ગ હોતે છતે, વનસ્પતિ આદિ ઉપર ગમન અથવા અશોધિત માર્ગમાં ગમન=જીવો છે કે નહીં તેને જોયા વગર માર્ગમાં જવું પ્રમાદાચરણ છે. અનાલોકિત સ્થાનમાં હસ્તક્ષેપાદિ=જોયા વગરના સ્થાનમાં હાથનું સ્થાપન કરવું કે બેસવું તે પ્રમાદાચરણ છે. વિદ્યમાન પણ સ્થાન હોતે છતે=અન્ય-સ્થાન વિદ્યમાન હોતે છતે પણ સચિત્ત ઉપર સ્થિતિ આદિ કરે અથવા વસ્ત્રાદિને મૂકે તે પ્રમાદાચરણ છે. પનક, કુંથુવાદિથી યુક્ત ભૂમિ ઉપર અવશ્રાવણ આદિનો ત્યાગ કરે=પેશાબ આદિ કરે એ પ્રમાદાચરણ છે. અયતનાથી કપાટ=દ્વારના અર્ગલા આપે=દ્વારની સ્ટોપર ખોલે - બંધ કરે. એ પ્રમાદાચરણ છે. ફોગટ=કારણ વગર પત્ર, પુષ્પાદિને તોડવાં, માટી-ખડી-વર્ણિકાનું મર્દન કરવું, અગ્નિને પ્રગટાવવો, ગાય આદિને ચાબખા મારવા; શસ્ત્રનો વ્યાપાર, નિષ્ઠુર એવું મર્મભાષણ, હાસ્ય-નિંદાનું કરણ આદિ પ્રમાદાચરણ છે. રાત્રિમાં અથવા દિવસમાં પણ અયતનાથી સ્નાન, વાળ ઓળવા, રાંધવું, ખાંડવું, દળવું, ભૂમિનું ખોદવું, માટી આદિનું મસળવું, લેપન, વસ્ત્ર ધોવા અને પાણીનું ગાળવું પ્રમાદાચરણ છે. શ્લેષ્માદિના ત્યાગમાં સ્થગન આદિની અયતના પણ=શ્લેષ્મમાં જીવો મરે નહીં તે માટે તેના ઉપર ધૂળ આદિ નાખવાના વિષયમાં અયતના પણ, પ્રમાદાચરણ છે;**

**કેમ કે ત્યાં=ત્યાગ કરાયેલા શ્લેષ્મ આદિમાં મુહૂર્ત પછી સમ્મૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. તેની વિરાધના આદિ મહાદોષનો સંભવ છે. અધિકરણભૂત શસ્ત્રાદિનું અને મલ-મૂત્રાદિનું અવ્યુત્સર્જન પણ પ્રમાદાચરણ છે; કેમ કે તે પ્રકારની=અધિકરણ રૂપ શસ્ત્રાદિનો કે મલ-મૂત્રાદિનો ત્યાગ ન કરાયો હોય તો આરંભ-સમારંભ થાય તે પ્રકારની, વૃથા ક્રિયાના અધિકારીપણાની પ્રાપ્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે કોઈની હિંસા કરવાને અનુકૂળ શસ્ત્રો કરી આપ્યાં નથી. છતાં તે શસ્ત્રોને છૂટાં ન કર્યાં હોય તો જીવને મારવાને અનુકૂળ શસ્ત્રાદિની ક્રિયાનું અધિકારીપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**શાસ્ત્રમાં ચ્યવી ગયેલા ધનુષ્ય આદિના જીવોના પણ ક્રિયાના અધિકારીત્વની ઉક્તિ છે=તે ધનુષ્યથી જે હિંસાદિ થાય છે તે ક્રિયાના હિંસાના અધિકારી તે ધનુષ્યના જીવો છે એ પ્રમાણે કથન છે. સ્વકાર્ય કરાયે છતે પણ બળતા ઇંધન અને પ્રદીપ આદિના અવિધાપન પણ તથા છે=વૃથા ક્રિયાના અધિકારીપણાની પ્રાપ્તિ રૂપ છે; કેમ કે અગ્નિના બુઝવવાની અપેક્ષાથી તેના ઉદ્દીપનમાં=અગ્નિને પ્રગટાવવામાં, બહુ જીવ વિરાધનાનું પ્રતિપાદન છે. જે કારણથી ભગવતીમાં કહ્યું છે –**

"જે પુરુષ અગ્નિકાયનું નિર્વાપન કરે છે=બુઝાવે છે, તે પુરુષ અલ્પ કર્મબંધ બાંધવા માટે સમર્થ થાય છે." ()

**અપિહિત પ્રદીપ ચૂલા આદિનું ધારણ=ખુલ્લા પ્રદીપ અને ખુલ્લા ચૂલા આદિને રાખવા, ચૂલા આદિ ઉપર ચંદરવા આદિનું અપ્રદાન આદિ પણ તથા છે=પ્રમાદાચરણ છે. અશોધિત ઇંધન, ધાન્ય, જલાદિનો ઉપયોગ કરવો પણ તથા છે=પ્રમાદાચરણ છે. તેની યતના=શોધિત એવા ઇંધન - ધાન્યાદિની યતના પ્રથમ વ્રતમાં પૂર્વમાં કહેવાયેલી જ છે અને આ ચાર પ્રકારનો પણ અનર્થદંડ અનર્થનો હેતુ અને નિરર્થક જ છે. તે આ પ્રમાણે – અપધ્યાનથી કોઈ પણ ઇષ્ટની સિદ્ધિ થતી નથી. ઊલટું ચિત્તનો ઉદ્વેગ, શરીરની ક્ષીણતા, શૂન્યતા, ઘોર દુષ્કર્મ બંધ, દુર્ગતિ આદિ અનર્થ જ છે.**

**અને કહેવાયું છે –**

"જેનું અનવર્તિત મન બહુ પ્રકારના આર્ત-રૌદ્ર ધ્યાન કરે છે અને તે ચિંતિતને પ્રાપ્ત કરતો નથી અને પાપકર્મોનો સંચય કરે છે. ॥૧॥

વાચા અને કાયાથી વિરહિત પણ ચિત્ત માત્રથી કરાયેલાં કર્મોનું તંદુલિયા મત્સ્યની જેમ જીવોને અતિ ઘોર ફળ થાય છે." ॥૨॥ ()

**આથી અશક્ય પરિહાર અપધ્યાન ક્ષણમાત્ર થાય તોપણ તરત જ મનોનિગ્રહની યતનાથી પરિહાર કરવો જોઈએ. જેને મનોનિગ્રહ ભાવના કરનારા કહે છે –**

"સાધુનો અને શ્રાવકોનો જે કોઈ ધર્મનો વિસ્તાર કહેવાયો છે તે મનનિગ્રહસાર છે. જે કારણથી ફલસિદ્ધિ=ધર્મના સેવનથી ફલની સિદ્ધિ, તેનાથી=મનોનિગ્રહથી કહેવાય છે." ॥૧॥ ()

**પાપોપદેશ અને હિંસાનું પ્રદાન=હિંસાનાં સાધનોનું પ્રદાન, સ્વજનાદિમાં અન્યથા નિર્વાહનું અદર્શન હોવાથી દુઃશક્ય પરિહારવાળા છે. અન્યમાં વળી પાપાદિ અનર્થફલવાળાં જ છે. લૌકિકો વડે પણ તે કહેવાયું છે –**

"પાંચ દ્રવ્યો પંડિતોએ કોઈની પાસેથી ગ્રહણ કરવાં જોઈએ નહીં કે કોઈને આપવાં જોઈએ નહિ.

કયાં ૫ દ્રવ્યો છે તે સ્પષ્ટ કરે છે –

અગ્નિ, વિષ, શસ્ત્ર, મદ્ય=મદિરા અને પાંચમું માંસ." ॥૧॥

**પ્રમાદના અચરિતમાં પણ અયતનાદિ નિમિત્ત વ્યર્થ જ હિંસાદિ દોષ છે. આથી જ કહે છે –**

"તુલ્ય પણ ઉદરભરણમાં મૂઢ-અમૂઢનું અંતર જુઓ. એકને=મૂઢને, નરકનું દુઃખ છે, અન્યને=અમૂઢને, શાશ્વત સુખ છે." ॥૧॥ ()

**અને યતના વગર પ્રવૃત્તિમાં સર્વત્ર અનર્થ દંડ જ છે. આથી સદયાપણાથી સર્વ વ્યાપારોમાં સર્વ શક્તિથી શ્રાવકે યતનામાં યત્ન કરવો જોઈએ જે કારણથી કહેવાયું છે –**

"યતના ધર્મની જનની છે અને યતના ધર્મનું પાલન કરનારી જ છે. યતના તેની=ધર્મની, વૃદ્ધિ કરનારી છે. યતના એકાંતે સુખને લાવનારી છે=મોક્ષસુખને લાવનારી છે." ॥૧॥ ()

**નિરર્થક પાપમાં અધિક કર્મબંધ આદિ દોષ પણ છે જે કારણથી કહેવાયું છે –**

"થોડો અને બહુભાવ હોવાને કારણે અર્થથી=અર્થદંડથી, તે બાંધતો નથી=પ્રયોજનથી કરાયેલાં કૃત્યોથી તે કર્મ બાંધતો નથી. જે અનર્થથી બાંધે છે. અર્થમાં=અર્થદંડમાં, કાલાદિ નિયામક છે. અનર્થમાં=અનર્થદંડમાં, કાલાદિ નિયામક નથી." ()

**આથી ચારે પણ પ્રકારનો આ=અનર્થદંડ ત્યાજ્ય છે. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં અનર્થદંડ બતાવ્યો તે અનર્થદંડ ચાર પ્રકારનો છે –

૧. અપધ્યાન=અપચિંતવન=નિરર્થક ચિંતવન.

૨. પાપકર્મનો ઉપદેશ=આરંભ-સમારંભવાળા કૃત્ય વિષયક બીજાને ઉપદેશ.

૩. હિંસકનું અર્પણ=હિંસાનાં કારણો બને એવાં સાધનો બીજાને આપવાં.

૪. પ્રમાદનું આચરણ=સંસારની સર્વ પ્રવૃત્તિઓમાં શક્ય એટલી ઉચિત યતના વગર તે-તે પ્રવૃત્તિ કરવી.

**૧. અપધ્યાન :-**

અપ્રશસ્ત એવો જે સ્થિર અધ્યવસાય તે અપધ્યાન છે. તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ભેદથી બે પ્રકારનો છે.

આર્તધ્યાનની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે –

'આર્ત' શબ્દ 'ઋ' ધાતુમાંથી બનેલ છે. તેથી ઋત=દુઃખ અને તેમાં જે થયેલું હોય તે આર્ત. તે પ્રકારની 'આર્ત' શબ્દની વ્યુત્પત્તિ છે. અથવા આર્તધ્યાનમાં 'આર્તિ' શબ્દ છે. તે પીડા અને યાતન અર્થમાં છે. તેમાં

થનારું આર્ત્ત છે=પોતાને પીડા થતી હોય કે બીજાને પીડા કરે તે વખતે વિહ્વળતાનો જે પરિણામ તે 'આર્તધ્યાન' છે.

રૌદ્રધ્યાનની વ્યુત્પત્તિ બતાવે છે –.

બીજાઓને રડાવે તે રુદ્ર. જે બીજાના દુઃખનો હેતુ છે. તેનાથી કરાયેલું રૌદ્રધ્યાન છે અથવા તે કૃત્ય રૌદ્રધ્યાન છે.

આ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું પરિમાણ અંતર્મુહૂર્તનું છે. અર્થાત્ શ્રાવકને કોઈક નિમિત્તે આર્તધ્યાન કે રૌદ્રધ્યાન થાય તો તરત સાવચેત થઈ તેનું વારણ કરે તો તે આર્તધ્યાન કે રૌદ્રધ્યાન અંતર્મુહૂર્તમાં નિવર્તન પામે છે. તે પ્રકારનું વારણ ન કરે તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પ્રવાહ ચાલે. તેથી અનર્થદંડના પરિહારના અર્થી શ્રાવકે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિહાર માટે સદા યત્ન કરવો જોઈએ.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને કહેનારાં વચનો યોગશાસ્ત્રમાં આ પ્રમાણે છે –

શત્રુનો ઘાત, કોઈ નગર પ્રત્યે દ્વેષ હોય તો તેનો ઘાત, અગ્નિનું પ્રગટીકરણ અથવા "હું નરેન્દ્ર થાઉં, હું આકાશમાં ઊડનારો થાઉં" ઇત્યાદિ ચિંતન તે અપધ્યાનરૂપ છે. શ્રાવકે મુહૂર્તની અંદર તેનો ત્યાગ કરવો જોઈએ અર્થાત્ તત્કાલ તેનો ત્યાગ કરવો જોઈએ.

**૨. પાપકર્મનો ઉપદેશ :–**

જે કૃત્યો જીવને નરકાદિમાં નાખે તે પાપકર્મ કહેવાય. તે પાપકર્મ ખેતી આદિની ક્રિયા છે; કેમ કે ખેતી આદિની ક્રિયામાં ઘણા ત્રસ જીવોનો સંહાર થાય છે. તેનો ઉપદેશ પાપકર્મનો ઉપદેશ છે.

કઈ રીતે ખેતી આદિ પાપકર્મનો ઉપદેશ આપવાનો પ્રસંગ શ્રાવકને પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે -

જો કોઈ શ્રાવક પાપકર્મના ઉપદેશના નિવારણરૂપ અનર્થદંડના પરિણામથી ભાવિત ન હોય તો કોઈને કહે કે ક્ષેત્રને ખેડ; કેમ કે ખેતીનો સમય થઈ ગયો હોય છતાં તે વ્યક્તિ અવિચારક રીતે ખેતીમાં યત્ન ન કરતો હોય અને તેનો તે પ્રકારનો પ્રમાદ જોઈને અવિચારક શ્રાવકને વિચાર આવે કે આ રીતે આ બેસી રહેશે તો ખેતીથી થનારા લાભો આને મળશે નહીં તેથી અવિચારક રીતે તેની લાગણીથી પ્રેરાઈને કહે કે ખેતી કર. અથવા કોઈ બળદને યથાર્થ દમન કરતો ન હોય તો કહે કે બળદને યથાર્થ દમન કર જેથી ખેતીનું કાર્ય સારું થાય અથવા ઘોડાને નપુંસક કર તેમ કહે અર્થાત્ ઘોડો અતિ ઉન્મત્ત હોય અને કાબૂમાં ન રહેતો હોય તો તેને કાબૂમાં રાખવા માટે કહે કે ઘોડાને નપુંસક કર. અથવા કહે કે શત્રુનો નાશ કર. અથવા કહે કે યંત્રને ચાલુ કર અથવા કહે કે શસ્ત્રને સજ્જ કર. આ સર્વ પાપોપદેશ છે.

આ પ્રકારનો પાપોપદેશ શ્રાવકે કરવો જોઈએ નહિ. છતાં વિચારણામાં મૂઢ શ્રાવક તે-તે પ્રકારની પ્રવૃત્તિ નહીં કરતા જીવોને જોઈને પોતે રહી શકે નહીં તો તે તે પ્રકારની પ્રેરણા કરીને અનર્થદંડને પ્રાપ્ત કરે છે.

વળી, આ સિવાય પણ કોઈને કહે કે વર્ષાકાળ આવી રહ્યો છે, વેલા આદિને સળગાવી નાખો તેથી સુંદર નવા વેલા થાય. અથવા કહે કે વર્ષાકાળ આવી રહ્યો છે માટે હળ-ફલાદિને સજ્જ કરો જેથી ખેતીમાં

વિલંબ થાય નહિ. કોઈને કહે કે વપનનો કાળ અતિક્રમ થાય છે, જલદી વાવણીની ક્રિયા કરો. ક્યારાઓ પાણીથી ભરાઈ ગયા છે માટે સાડા ત્રણ દિવસની અંદરમાં તેનું પાણી ગ્રહણ કરો અને ધાન્યની વાવણી કરો.

આ પ્રકારનાં કૃત્યોની પ્રેરણા કરવાથી તે કૃત્યોમાં થતાં આરભ-સમાંરભનું કરાવણ શ્રાવકને પ્રાપ્ત થાય. વળી કોઈની કન્યા ઉંમરવાળી થઈ હોય તો કહે કે તારી કન્યા વયવાળી થઈ છે માટે શીઘ્ર વિવાહ કર. આ પ્રકારના કથનમાં પણ કન્યા પ્રત્યેની અવિચારક લાગણી હોય છે. વસ્તુતઃ તેના ભોગાદિમાં અનુમોદન અને કરાવણનું પાપ લાગે છે. માટે શ્રાવકે આ પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ નહિ. વળી, કોઈને કહે કે શસ્ત્રને સજ્જ કરવાના દિવસો પાસે આવી રહ્યા છે માટે શસ્ત્રને સજ્જ કર. આ સર્વ ક્રિયાથી જે પાપો થવાની શક્યતા હોય તે પાપો કરાવવાનો અધ્યવસાય થાય છે તેથી શ્રાવકે આવાં પાપોનો ઉપદેશ ઉત્સર્ગથી ત્યાગ કરવો જોઈએ વળી, અપવાદથી દાક્ષિણ્યાદિના વિષયમાં યતના કરવી જોઈએ. અર્થાત્ પોતાના કુટુંબાદિ હોય અથવા તેવા પ્રકારના સંબંધવાળાનું કાર્ય હોય કે જેને કહેવું પડે તેવું છે તેવા સંજોગોમાં ઉચિત યતના કરવી જોઈએ. જેથી અધિક આરંભ-સમારંભ થાય નહિ.

### ૩. હિંસકનું અર્પણ :-

વળી, શ્રાવકે હિંસાનાં સાધનો કોઈને આપવાં જોઈએ નહીં આમ છતાં દાક્ષિણ્યનો વિષય હોય તો અપવાદથી યતનાપૂર્વક આપવાં જોઈએ. જેમ આડોશી-પાડોશી કોઈ વસ્તુ લેવા આવે અને તેઓને ન આપે તો ધર્મનો લાઘવ થાય. તે વખતે કોઈ હિંસાનું સાધન આપે તો કહે કે આવાં-આવાં અનુચિત કૃત્યોમાં તેનો ઉપયોગ કરશો નહિ. જેમ છરી આદિ આપે તો કહે કે અમે કંદમૂળ વાપરતા નથી માટે તેમાં ઉપયોગ કરશો નહિ પરંતુ સામેથી કોઈને કહે નહીં કે મારે ત્યાં આ વસ્તુ છે તમે લઈ જજો; કેમ કે તેઓના તે પ્રકારના આરંભમાં સાક્ષાત્ પ્રવર્તનનો પરિણામ થાય છે માટે દાક્ષિણ્યથી આપવાની ક્રિયામાં યતનાનો પરિણામ રહે છે.

### ૪. પ્રમાદાચરણ :-

પ્રમાદ પાંચ પ્રકારનો છે. મદિરાનું સેવન, વિષયનું સેવન, કષાયનું સેવન, નિદ્રા અને વિકથા તે પ્રમાદાચરણનું સ્વરૂપ યોગશાસ્ત્રમાં આ પ્રમાણે કહે છે –

કુતૂહલથી ગીત અને નૃત્યનું નિરીક્ષણ તે પ્રમાદાચરણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક ગીત-નૃત્યાદિને ઉત્સુકતાથી જુએ તે પ્રમાદાચરણ છે. પરંતુ સ્વાભાવિક રીતે જે કોઈનું ગીત ચાલતું હોય અને કાનથી સંભળાય અને ત્યાં સાંભળવા માટે ઉત્સુકતા ન કરે તો પ્રમાદાચરણ ન કહેવાય. વળી કુતૂહલથી ગીત-નૃત્ય કહેવાથી એ પ્રાપ્ત થયું કે જિનયાત્રામાં ગીત-નૃત્ય સાંભળે ત્યાં ભગવાનની ભક્તિનો અધ્યવસાય હોવાથી પ્રમાદાચરણ નથી. અથવા કોઈક પ્રવૃત્તિ કરતી વખતે સ્વાભાવિક સન્મુખ કોઈ ગીત-નૃત્ય કરતું હોય અને તેમાં કુતૂહલ ન હોય અને ચક્ષુથી તે દૃશ્ય દેખાય અને શ્રોત્રેન્દ્રિયથી ગીત સંભળાય તે પ્રમાદાચરણ નથી. કામશાસ્ત્રમાં કહેવાયેલી વાતોની વિચારણા કરવી

તે પ્રમાદાચરણ છે; કેમ કે તે-તે પ્રકારે કામની વૃત્તિ જાગ્રત થાય છે. વળી દ્યૂત અને મદ્યાદિનું સેવન પ્રમાદાચરણ છે. વળી, પાણીમાં ક્રીડા કરવી, હિંચકા પર આનંદ લેવો, પશુઓને પરસ્પર યુદ્ધ કરાવવું, શત્રુના પુત્રાદિ સાથે વેર કરવું તે સર્વ પ્રમાદાચરણ છે. વળી, ભક્તાદિ ચાર પ્રકારની કથા પ્રમાદાચરણ છે તેથી શ્રાવકે તે સર્વ કથાઓથી પર રહેવા પ્રયત્ન કરવો જોઈએ. વળી, રોગ ન હોય કે માર્ગનો શ્રમ ન હોય છતાં આખી રાત સૂએ તે પ્રમાદાચરણ છે. આવા સર્વ પ્રમાદાચરણનો શ્રાવકે પરિહાર કરવો જોઈએ.

વળી, અન્ય કેટલીક પ્રમાદની આચરણાઓ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

જેમ આળસ આદિથી ઘી, તેલ, પાણી, આદિનાં ભાજનો ખુલ્લાં મૂકે તો તેમાં જીવો પડે અને તેનો વિનાશ થાય તેના માટે ઉચિત યતના ન કરવામાં આવે તે પ્રમાદાચરણ છે. તેથી શ્રાવકે જીવરક્ષા માટે અવશ્ય ઉચિત યતના કરવી જોઈએ. વળી ગમનાદિ વખતે અન્યમાર્ગ વિદ્યમાન હોવા છતા વનસ્પતિ આદિ ઉપરથી ગમન કરે તે પ્રમાદાચરણ છે. વળી, કોઈક તેવા સંયોગોમાં વનસ્પતિ વગરનો માર્ગ ન હોય અને વનસ્પતિ ઉપરથી જવું પડે તેમ હોય તો શક્ય યતનાપૂર્વક શ્રાવકે જવું જોઈએ. વળી, જતી વખતે જમીનને જોયા વગર અયતના પૂર્વક જાય તો ગમનાદિમાં જીવો મરવાની સંભાવના રહે છે તે પ્રમાદાચરણ છે. માટે વાહનાદિમાં જવાનો પ્રસંગ ન હોય તો શ્રાવક પણ સાધુની જેમ ઇર્યાને શોધીને જ ગમનાદિ કરે. અન્યથા અનર્થદંડની પ્રાપ્તિ થાય. વળી, હાથનો ક્ષેપ-પગનો ક્ષેપ વગેરે કરતી વખતે તે સ્થાનને જોયા વગર હસ્તાદિનો ક્ષેપ કરે તો જીવ મરવાની સંભાવની રહે તે પ્રમાદાચરણ છે. તેથી શ્રાવકે ભૂમિ આદિનું નિરીક્ષણ કરીને હસ્તાદિનો ક્ષેપ કરવો જોઈએ.

અન્ય પણ સ્થાન વિદ્યમાન હોય છતાં પણ સચિત્ત વસ્તુ પર બેસે કે સચિત્ત વસ્તુ પર વસ્ત્રાદિ મૂકે તે પ્રમાદાચરણ છે. વળી, પનગ નામની વનસ્પતિ હોય કે કુંથુઆ આદિથી આક્રાન્ત હોય તેવી ભૂમિ પર માતરું આદિનો ત્યાગ કરે તે પ્રમાદાપરણ છે. માટે ભૂમિનું અવલોકન કરીને જીવરક્ષા માટે શ્રાવકે યત્ન કરવો જોઈએ.

વળી દ્વારોના અર્ગલા આદિને અયતનાપૂર્વક બંધ કરે કે ખોલે એ પ્રમાદાચરણ છે. તેથી જે સ્થાનમાં જીવહિંસાની સંભાવના જણાય તે સ્થાનમાં જોઈને જ તે પ્રકારની પ્રવૃત્તિ યતનાપૂર્વક શ્રાવકે કરવી જોઈએ, જેથી નિરર્થક જીવહિંસા ન થાય. વળી, કોઈક પ્રયોજન વગર કુતૂહલવૃત્તિથી પત્રપુષ્પના ત્રોટન આદિની ક્રિયા પ્રમાદાચરણ છે. વળી નિષ્ઠુર ભાષણ, મર્મને અડે એવું ભાષણ, હાસ્ય, નિંદા કરવી વગેરે પ્રમાદાચરણ છે. માટે શ્રાવકે તેવી કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ. વળી, રાત્રિમાં સ્નાનાદિ કરે તે પ્રમાદાચરણ છે અને દિવસે પણ જીવરક્ષા માટે ઉચિત યતના કર્યા વગર સ્નાનાદિ કરે તે સર્વ પ્રમાદાચરણ છે. શરીરની કે ગૃહકાર્યની કોઈપણ પ્રવૃત્તિમાં યતના વગર પ્રયત્ન થાય તો અનર્થદંડની પ્રાપ્તિ થાય. વળી, શ્લેષ્માદિને નાખ્યા પછી તેને માટી વગેરેથી ઢાંકવામાં પણ ઉચિત યતના કરવામાં ન આવે તો તે શ્લેષ્માદિમાં અનેક જીવોની હિંસા થવાનો સંભવ રહે માટે તે પ્રમાદાચરણ રૂપ છે. વળી, મુહૂર્ત પછી તે શ્લેષ્માદિમાં સંમૂર્ચ્છિમજીવો ઉત્પન્ન થશે તેની વિરાધના આદિ દોષોની પ્રાપ્તિ થાય માટે શ્રાવકે જીવરક્ષા માટે ઉચિત યતના કરવી જોઈએ. અન્યથા અનર્થદંડની પ્રાપ્તિ થાય. વળી, શસ્ત્રાદિ સજ્જ કરી રાખેલાં હોય તો તે

શસ્ત્રાદિથી હિંસા થવાનો સંભવ રહે માટે શસ્ત્રને સજ્જ વગરની અવસ્થામાં રાખવાનો યત્ન ન કરવામાં આવે તો તે પ્રમાદાચરણ છે. વળી, મલ-મૂત્રાદિ પણ સંમૂર્ચ્છિમ ન થાય તે માટે ઉચિત સ્થાને ત્યાગ કરવા જોઈએ. તે પ્રમાણે ન કરવામાં આવે તો પ્રમાદાચરણને કારણે અનર્થદંડની પ્રાપ્તિ થાય.

અહીં પ્રશ્ન થાય કે શસ્ત્રને છૂટાં મૂકવામાં ન આવે અને મલ-મૂત્રાદિનું ઉત્સર્જન કરવામાં ન આવે તો શું દોષ થાય ? તેથી કહે છે –

તે પ્રકારની વૃથા ક્રિયાના અધિકારીત્વની પ્રાપ્તિ છે=તે શસ્ત્રથી કોઈની હિંસા અન્ય કોઈ કરે તેને અનુકૂળ તેવી તે પ્રકારની વૃથા ક્રિયાનો અધિકારી તે શ્રાવક બને; કેમ કે જો તેણે શસ્ત્ર સજ્જ અવસ્થામાં ન રાખ્યાં હોય અને છૂટાં કરી રાખેલાં હોય તો કોઈ તેનો ઉપયોગ કરીને શીઘ્ર તે ક્રિયા કરે નહીં માટે શસ્ત્રથી હિંસાની ક્રિયા કરવામાં પોતે બળવાન કારણ બને છે. માટે શ્રાવકે શસ્ત્ર સજ્જ રાખવાં જોઈએ નહીં.

તેની પુષ્ટિ કરવા અર્થે જ કહે છે –

શાસ્ત્રમાં જે ધનુષ્યના જીવો ચ્યવી ગયા છે તે જીવોને પણ પોતાના શરીરથી થતી હિંસાની ક્રિયાના ફળના અધિકારી કહેલ છે. તેથી જેઓએ પોતાના શરીરને વોસિરાવ્યું નથી તેથી તેના શરીરથી થતી હિંસાનું પાપ જો તેને લાગતું હોય તો શસ્ત્રને સજ્જ અવસ્થામાં રાખવાથી તેનાથી થતી હિંસામાં શ્રાવકને અવશ્ય પાપની પ્રાપ્તિ થાય છે તેમ નક્કી થાય છે. વળી, મલ-મૂત્રાદિ શ્રાવક પરઠવે નહીં તો તેમાં પણ તે જીવોની ઉત્પત્તિ થાય તે પ્રકારની વૃથા ક્રિયાના અધિકારીપણાની પ્રાપ્તિ છે. વળી પોતાના કાર્ય માટે અગ્નિ વગેરે સળગાવેલ હોય, દીવો સળગાવેલો હોય અને કાર્ય થયા પછી બુઝવવામાં ન આવે તો પ્રમાદાચરણ રૂપ અનર્થદંડની પ્રાપ્તિ છે; કેમ કે અગ્નિના બુઝાવવાની અપેક્ષાએ તેને સળગાવવામાં ઘણા જીવોની વિરાધના છે તેમ ભગવતી સૂત્રમાં કહેલ છે માટે પોતાના પ્રયોજનથી અગ્નિ આદિ સળગાવ્યા હોય તોપણ અધિક હિંસાના નિવારણ અર્થે શ્રાવકે અગ્નિ આદિને બુઝવવા અર્થે યત્ન કરવો જોઈએ.

વળી, શ્રાવકે પ્રદીપ, ચૂલા આદિની ઉપર કોઈ વસ્તુ ઢાંકેલી ન હોય તો તેમાં જીવો પડવાથી હિંસા થાય તેથી જીવરક્ષા માટે ઉચિત યતના કરવામાં ન આવે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય. વળી, ચૂલા આદિ પર ચંદરવો ન બાંધે તો જીવહિંસા થવાની સંભાવવાને કારણે પ્રમાદાચરણ કહેવાય માટે અનર્થદંડની પ્રાપ્તિ થાય. વળી, ત્રસાદિ જીવોને જોયા વગર ઇંધન-ધાન્ય-જલાદિનો ઉપયોગ કરવામાં આવે તો જીવહિંસાની સંભાવનાને કારણે પ્રમાદાચરણ કહેવાય.

વળી, આ ચારે પ્રકારનો અનર્થદંડ અનર્થનો હેતુ છે અને નિરર્થક છે=આ લોકના કોઈ પ્રયોજનવાળો નથી. તે આ પ્રમાણે અપધ્યાનથી કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. પરંતુ ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. શરીર ક્ષીણ થાય છે. ચિત્તમાં શૂન્યતા જણાય છે. ઘોર દુષ્કર્મોનો બંધ થાય છે. દુર્ગતિ આદિના અનર્થો પ્રાપ્ત થાય છે. માટે અપધ્યાનથી કેવલ અનર્થ જ છે. કોઈ શુભફળ મળતું નથી. માટે શ્રાવકે તેના પરિહાર માટે જ યત્ન કરવો જોઈએ. વળી, શ્રાવકને તે પ્રકારની જીવનવ્યવસ્થાને કારણે પ્રસંગે અપધ્યાન થવાનો પ્રસંગ

આવે અને તેનો પરિહાર અશક્ય હોય તોપણ મનના નિગ્રહની યતનાથી શીઘ્ર તેનો પરિહાર કરવો જોઈએ.

મનોનિગ્રહની ભાવના માટે કહ્યું છે કે સાધુ અને શ્રાવકના ધર્મનો જે વિસ્તાર શાસ્ત્રમાં કહ્યો છે તે સર્વ વિસ્તાર વાચિક-કાયિક આચરણારૂપ નથી પરંતુ મનોનિગ્રહપ્રધાન છે.

તેથી એ ફલિત થાય કે સાધુના સર્વ આચારો પાંચ ઇંદ્રિયના સંવરપૂર્વક મનને ગુપ્તિમાં રાખે છે અને શ્રાવકના સર્વ આચારો મનને પાપવ્યાપારમાંથી નિવૃત્ત કરાવીને જયણા પ્રધાન હોય છે. તેથી સાધુના અને શ્રાવકના આચારોનું ફળ મળે છે અને જેઓ માત્ર કાયિક ક્રિયા કરે છે. મનનો નિગ્રહ કરતા નથી તેઓને સાધ્વાચારની ક્રિયાથી કે શ્રાવકાચારની ક્રિયાથી કોઈ મુખ્ય ફળ મળતું નથી, તુચ્છ સામાન્ય ફળ મળે છે. માટે કલ્યાણના અર્થીએ સ્વભૂમિકાનુસાર મનોનિગ્રહમાં યત્ન કરવો જોઈએ.

વળી, સ્વજનાદિમાં શ્રાવકથી પાપોપદેશ અને હિંસાના સાધનના પ્રદાનનો પરિહાર કરવો દુષ્કર છે; કેમ કે પુત્રાદિને તે પ્રકારનો ઉપદેશ આપવામાં ન આવે તો નિર્વાહ થાય નહીં. તેથી શ્રાવકે કુટુંબાદિ અર્થે પાપોપદેશ અને હિંસાનાં સાધનોના પ્રદાનમાં યતના કરવી જોઈએ અને અન્ય જીવોને આશ્રયીને પાપોપદેશ અને હિંસાના સાધનના પ્રદાનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

વળી, પ્રમાદાચરણમાં કોઈ પ્રયોજન વગર અયતનાદિ નિમિત્તે જ હિંસાદિ દોષો થાય છે.

તેની પુષ્ટિ કરવા માટે કહે છે –

તુલ્ય પણ ઉદરભરણની ક્રિયામાં મૂઢ જીવો અને અમૂઢ જીવોનું અંતર જુઓ. જેઓ મૂઢ છે તેઓ અયતનાપૂર્વક ઉદરભરણ માટે યત્ન કરી નરક આદિના દુઃખને પામે છે અને ભગવાનના વચનથી ભાવિત મતિવાળા છે એવા અમૂઢ જીવો તો ઉદરભરણની પ્રવૃત્તિમાં પણ શક્ય હોય તેટલી જીવરક્ષાની યતના કરે છે જેથી સંસારની પ્રવૃત્તિકાળમાં દયાનો પરિણામ વર્તે છે. તેના કારણે પરંપરાએ શાશ્વત એવા મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

સંક્ષેપથી અનર્થદંડના નિવારણ માટે શું કરવું જોઈએ ? તેથી કહે છે –

યતના વગરની પ્રવૃત્તિમાં સર્વત્ર અનર્થદંડ છે. આથી, દયાળુ શ્રાવકે સર્વકૃત્યોમાં સર્વ શક્તિથી યતના કરવી જોઈએ. જેથી અનર્થદંડની પ્રાપ્તિ થાય નહિ.

વળી, 'જયણા સર્વ કલ્યાણનું કારણ છે' એ પ્રકારના ઉપદેશપદના વચનથી એ પ્રાપ્ત થાય કે વિવેકી શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે જે દેશવિરતિનું પાલન કરે છે તે દેશવિરતિનાં સર્વ કૃત્યોમાં ઉચિત યતનાથી પ્રયત્ન કરે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય નહીં અને ઉચિત યતનાના બળથી શ્રાવકને ક્રમસર સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય જેથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય.

વળી, અર્થદંડ કરતાં અનર્થદંડમાં અધિક કર્મબંધનોનો દોષ છે તે બતાવે છે –

અર્થદંડની પ્રવૃત્તિકાળમાં શક્ય એટલી જીવરક્ષા માટેની યતના હોવાને કારણે કર્મબંધને અનુકૂળ થોડો

ભાવ છે માટે ત્યાં અલ્પકર્મબંધ છે અને અનર્થદંડમાં પ્રમાદ પ્રધાન છે. તેથી હિંસાનો બહુ ભાવ હોવાને કારણે ઘણો કર્મબંધ છે. વળી, અર્થદંડની પ્રવૃત્તિમાં કાલ, ક્ષેત્ર સંયોગ આદિ નિયામક છે પરંતુ પ્રમાદ નિયામક નથી જ્યારે અનર્થદંડની પ્રવૃત્તિમાં કાલાદિ નિયામક નથી પરંતુ પ્રમાદ જ નિયામક છે અને પ્રમાદથી સંસારની પ્રાપ્તિ થાય છે માટે શ્રાવકે ચારે પ્રકારનો અનર્થદંડ ત્યાગ કરવો જોઈએ. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**उक्तानि त्रीणि गुणव्रतानि, अथ शिक्षापदव्रतान्युच्यन्ते-तत्र शिक्षणं शिक्षाऽभ्यासस्तस्यै तस्या वा पदानि=स्थानानि तान्येव व्रतानि शिक्षापदव्रतानि तानि च चत्वारि भवन्ति । तद्यथा—सामायिकम्, देशावकाशिकम्, पौषधोपवासः, अतिथिसंविभागश्चेति, स्वल्पकालिकत्वाच्चैतेषां गुणव्रतेभ्यो भेदः, गुणव्रतानि तु प्रायो यावज्जीविकानि । एतेष्वपि –**

"सामायिकदेशावकाशिके प्रतिदिवसानुष्ठेये पुनः पुनरुच्चारणीये, पौषधोपवासाऽतिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ न प्रतिदिवसाचरणीयौ"–**[प.२३२] इति विवेक आवश्यकवृत्तौ कृतः ।**

**तत्राद्यं शिक्षापदव्रतमाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્રણ ગુણવ્રતો કહેવાયાં, હવે શિક્ષાપદ વ્રતોને કહેવાય છે. ત્યાં=શિક્ષાપદ વ્રતમાં, શિક્ષણ શિક્ષા છે=અભ્યાસ છે=સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ અભ્યાસ છે. તેના માટે પદો અથવા તેના પદો=સ્થાનો, તે જ વ્રતો=શિક્ષાનાં સ્થાનો તે જ વ્રતો, તે શિક્ષાપદવ્રત છે અને તે=શિક્ષાપદવ્રતનાં સ્થાનો, ચાર છે. તે આ પ્રમાણે – ૧. સામાયિક ૨. દેશાવગાસિક ૩. પૌષધોપવાસ અને ૪. અતિથિસંવિભાગ. અને આમનું=શિક્ષાપદવ્રતોનું, અલ્પકાલિકપણું હોવાથી ગુણવ્રતોથી ભેદ છે. વળી, ગુણવ્રતો પ્રાયઃ યાવજ્જીવ હોય છે. આમાં પણ=શિક્ષાવ્રતમાં પણ,**

"સામાયિક અને દેશાવગાસિક પ્રતિદિવસ આચરણા કરવા યોગ્ય છે=ફરી ફરી ગ્રહણ કરવા યોગ્ય છે. વળી પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ પ્રતિનિયત દિવસમાં અનુષ્ઠેય છે. અને પ્રતિદિવસ આચરણીય નથી." ॥૧॥ **(પ. ૨૩૨)**

**એ પ્રકારનો વિવેક 'આવશ્યક વૃત્તિ'માં કરેલો છે. ત્યાં=ચાર પ્રકારના શિક્ષાપદવ્રતમાં, આદ્ય શિક્ષાપદ વ્રતને કહે છે –**

**ભાવાર્થ :-**

ગુણવ્રતને કહ્યા પછી ગ્રંથકારશ્રી શિક્ષાપદવ્રતોને કહેવાની પ્રતિજ્ઞા કરે છે. જે પ્રવૃત્તિમાં સર્વવિરતિને અનુકૂળ શક્તિ સંચય થાય તેમ અભ્યાસ કરવામાં આવે તે શિક્ષા કહેવાય અને શિક્ષાના સ્થાનભૂત એવાં જે વ્રતો શિક્ષાપદવ્રત છે અને તે ચાર શિક્ષાવ્રતોમાં સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય આ રીતે થાય છે.

**૧. સામાયિક :-**

શ્રાવક પ્રતિદિન સામાયિક કરીને સામાયિકકાળ દરમ્યાન સુખદુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ પ્રત્યે સમાન પરિણામ થાય તે પ્રકારે સામાયિકના સ્વરૂપને ઉપસ્થિત કરીને તેવા સામાયિકના પરિણામ પ્રત્યે રાગ અને અસામાયિકના પરિણામ પ્રત્યે દ્વેષને સ્થિર કરીને સદા માટે સામાયિકના પરિણામને પ્રગટ કરવાની શક્તિનો સંચય કરે છે અને સાધુ સદા માટે સામાયિકના પરિણામવાળા હોય છે. જ્યારે શ્રાવક પ્રતિદિવસ પોતાની શક્તિ અનુસાર સામાયિક કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે.

**૨. દેશાવગાસિક :-**

શ્રાવક જીવન આરંભ -સમારંભમય છે. તેથી તપાવેલો લોખંડનો ગોળો જેમ જીવોનું ઉપમર્દન કરે તેમ શ્રાવકનું આરંભ-સમારંભમય જીવન સર્વ ક્ષેત્રમાં જીવોના ઉપમર્દનવાળું હોય છે. તેનો સંકોચ શ્રાવક દિક્પરિમાણવ્રતથી જાવજ્જીવ કરીને પરિમિત ક્ષેત્ર અવધિવાળી હિંસાની પ્રવૃત્તિને કરે છે. છતાં શ્રાવકને સાધુની જેમ સંપૂર્ણ નિરારંભ જીવન અત્યંત ઇષ્ટ છે. અને તેની શક્તિ નથી. આથી જ શાતાના અર્થે આરંભ-સમારંભ કરે છે તોપણ પ્રતિદિન ઉચિત કાલ સુધી વિશેષ ક્ષેત્રનું સંવરણ કરીને પોતાના આરંભ-સમારંભનો પરિણામ ક્ષેત્રની મર્યાદાથી અતિપરિમિત કરવા અર્થે દેશાવગાસિક વ્રત ગ્રહણ કરે છે. જે વ્રત દ્વારા પ્રતિદિવસ દેશાવગાસિક વ્રતના કાળ દરમ્યાન ક્ષેત્રનો ઘણો સંકોચ હોવાથી આરંભ-સમારંભનો પરિણામ તેટલા કાળ માટે તે ક્ષેત્રથી નિયમિત થાય છે. આ રીતે આરંભ-સમારંભનું નિયમન કરીને સંપૂર્ણ નિરારંભરૂપ ત્રણ ગુપ્તિને અનુકૂળ કંઈક-કંઈક શક્તિનો સંચય શ્રાવક કરે છે. તેથી દેશાવગાસિક વ્રત સર્વવિરતિને અનુરૂપ શિક્ષારૂપ છે.

**૩. પૌષધોપવાસ :-**

ચાર પ્રકારના પૌષધ છે.

૧. આહારપૌષધ.

૨. શરીરસત્કારપૌષધ.

૩. બ્રહ્મચર્યપૌષધ.

૪. અવ્યાપારપૌષધ.

આ ચાર પ્રકારના પૌષધ દ્વારા શ્રાવક સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે; કેમ કે ધર્મનું પોષણ કરે તે પૌષધ કહેવાય. એ પ્રકારની વ્યુત્પત્તિ અનુસાર આત્મામાં ઉત્તર-ઉત્તરના ધર્મની પુષ્ટિ થાય તેવા અનુષ્ઠાનને પૌષધકાળ દરમ્યાન સેવીને શ્રાવક સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. આથી જ સાધુ સદા શાતા અર્થે આહાર કરતા નથી તેમ શ્રાવક પણ ઉપવાસ વ્રત કરીને સાધુની જેમ અણાહારી ભાવ તરફ જવાના બળનો સંચય કરે છે. વળી, સાધુ સદા પૂર્ણ બ્રહ્મચારી છે, જ્યારે શ્રાવક પૌષધકાળ દરમ્યાન બ્રહ્મગુપ્તિને સેવીને સર્વથા બ્રહ્મચારી થવા પ્રયત્ન કરે છે. વળી સાધુ દેહ પ્રત્યે નિર્મમ હોવાથી સદા

શરીરનો સત્કાર કરતા નથી જ્યારે શ્રાવક પૌષધ દરમ્યાન શરીરનો સત્કાર ત્યાગ કરીને સાધુની જેમ સદા દેહ પ્રત્યે સતત નિર્મમ થવા પ્રયત્ન કરે છે. વળી, સાધુ સદા ત્રણ ગુપ્તિમાં રહીને મોક્ષસાધક યોગોને સેવનારા હોય છે તેથી કર્મબંધના કારણીભૂત વ્યાપારથી સર્વથા રહિત હોય છે. તેવી શક્તિના સંચય અર્થે શ્રાવક અવ્યાપાર પૌષધકાળ દરમ્યાન મન-વચન-કાયાને સંવૃત કરીને સંયમના પરિણામની વૃદ્ધિ માટે યત્ન કરે છે જેથી ચારે પ્રકારનો પૌષધ સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચયનું કારણ બને છે માટે પૌષધ તે શિક્ષાવ્રત છે.

**૪. અતિથિસંવિભાગ :-**

શ્રાવક અતિથિ એવા સાધુને પોતાના માટે કરાયેલા નિર્દોષ ભોજન દ્વારા વિવેકપૂર્વક સંવિભાગ કરીને= વિવેકપૂર્વક વહોરાવીને, સાધુના નિરારંભ જીવન પ્રત્યેના રાગની વૃદ્ધિ કરે છે. તેથી અતિથિસંવિભાગના ક્રિયાકાળમાં સાધુ પ્રત્યે વધતા જતા બહુમાનભાવને કારણે સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે. માટે અતિથિસંવિભાગ વ્રત વિવેકપૂર્વક કરવામાં આવે તો અવશ્ય સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને છે. માટે અતિથિસંવિભાગવ્રત સર્વવિરતિની શિક્ષારૂપ છે.

આ રીતે સામાયિક આદિ ચારે શિક્ષાવ્રતો સર્વવિરતિને અનુકૂળ શક્તિનું આધાન કરનાર હોવાથી શિક્ષાવ્રતો છે. વળી, ત્રણ ગુણવ્રતો પ્રાયઃ જાવજ્જીવનાં વ્રતો છે જ્યારે ચાર શિક્ષાવ્રતો અલ્પકાલીન હોવાથી ગુણવ્રતોથી તેનો ભેદ છે. તે આ રીતે –

સામાયિક અને દેશાવગાસિક પ્રતિદિન કર્તવ્ય હોવા છતાં દિવસના કિંચિત્કાલ માટે કર્તવ્ય છે. અને ગુણવ્રત તો જાવજ્જીવ માટેનાં કર્તવ્યો હોય છે. વળી, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ પ્રતિનિયત દિવસ અનુષ્ઠેય છે માટે સ્વલ્પકાલીન છે. આ રીતે શિક્ષાવ્રતથી ગુણવ્રતનો ભેદ બતાવીને પ્રથમ શિક્ષાપદ વ્રતને બતાવે છે –

**શ્લોક :-**

सावद्यकर्ममुक्तस्य, दुर्ध्यानरहितस्य च ।
समभावो मुहूर्त्तं तद् व्रतं सामायिकाह्वयम् ।।३७।।

**અન્વયાર્થ :-**

**सावद्यकर्ममुक्तस्य=સાવધકર્મથી મુક્ત, च=અને, दुर्ध्यानरहितस्य=દુર્ધ્યાન રહિત એવા શ્રાવકને, मुहूर्त्तं=મુહૂર્ત સુધી, समभावो=સમભાવ, तद्=તે, सामायिकाह्वयम्=સામાયિક નામનું, व्रतं=વ્રત છે. ।।૩૭।।**

**શ્લોકાર્થ :-**

**સાવધકર્મથી મુક્ત અને દુર્ધ્યાનથી રહિત એવા શ્રાવકને મુહૂર્ત સુધી સમભાવ તે સામાયિક નામનું વ્રત છે. ।।૩૭।।**

**ટીકા :-**

**सावद्यं-वाचिकं कायिकं च कर्म तेन मुक्तस्य, तथा दुर्ध्यानम्-आर्त्तरौद्ररूपं तेन रहितस्य प्राणिनः मनोवाक्कायचेष्टापरिहारं विना सामायिकं न भवतीति विशेषणद्वयम्, तादृशस्य 'मुहूर्त्तं' घटीद्वयकालं यावत् यो 'समभावो' रागद्वेषहेतुषु मध्यस्थभावस्तत् 'सामायिकाह्वयं' व्रतं ज्ञेयम्, समस्यरागद्वेषविमुक्तस्य सत आयो=ज्ञानादीनां लाभः प्रशमसुखरूपः, समानां वा-मोक्षसाधनं प्रति सदृशसामर्थ्यानां सम्यग्दर्शनज्ञानचारित्राणाम् आयो लाभः समायः, समाय एव सामायिकम्, विनयादित्वादिकण्, समायः प्रयोजनमस्येति वा सामायिकम्, यतः—**

"जो समो सव्वभूएसु, तसेसु थावरेसु अ ।
तस्स सामाइअं होइ, इइ केवलिभासिअं ।।१।।" **[आवश्यकनिर्युक्ति ७९८]**

**ટીકાર્થ :-**

**सावद्यं ..... केवलिभासिअं ।। સાવદ્ય એવા વાચિક અને કાયિક કર્મ, તેનાથી મુક્ત એવા પ્રાણીનો અને આર્તરૌદ્રરૂપ દુર્ધ્યાન તેનાથી રહિત પ્રાણીનો મુહૂર્ત=બે ઘડી કાળ સુધીનો, જે સમભાવનો પરિણામ=રાગ-દ્વેષના હેતુઓમાં મધ્યસ્થભાવ તે સામાયિક નામનું વ્રત જાણવું.**

અહીં સાવદ્યકર્મમુક્ત અને દુર્ધ્યાનરહિત એ વિશેષણ શ્રાવકનાં કેમ કહ્યાં છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે —

**મન-વચન-કાયાની ચેષ્ટાના પરિહાર વગર સામાયિક થતું નથી. એથી બે વિશેષણ છે=સંસારની પ્રવૃત્તિ વિષયક વાચિક અને કાયિક ક્રિયાના પરિહાર અર્થે સાવદ્યકર્મમુક્ત વિશેષણ છે અને સંસારની પ્રવૃત્તિ વિષયક મનોવ્યાપારના પરિહાર અર્થે દુર્ધ્યાનરહિત વિશેષણ છે. તેવા પ્રકારના શ્રાવકનો મુહૂર્ત સુધી સમભાવનો પરિણામ તે સામાયિક નામનું વ્રત છે, એમ અન્વય છે. સમને=રાગ-દ્વેષ વિમુક્ત છતાને, આય=જ્ઞાનાદિનો પ્રશમસુખરૂપ લાભ, અથવા સમાનામ્=સમોનો=મોક્ષસાધન પ્રત્યે સદશ સામર્થ્યવાળા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો, આય=લાભ, તે સમાય છે અને સમાય જ સામાયિક છે. વિનયાદિપણું હોવાથી 'इकण्' પ્રત્યય છે=સામાયિકમાં 'इकण्' પ્રત્યય છે અથવા સમાય પ્રયોજન છે આને એ સામાયિક. જે કારણથી કહેવાયું છે —**

"સર્વ ભૂતોમાં, ત્રસમાં અને સ્થાવરોમાં જે સમ છે=જે સમ પરિણામવાળો છે. તેને સામાયિક હોય છે એ પ્રમાણે કેવલી ભાસિત છે." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ-૭૯૮)**

**ભાવાર્થ :-**

સંસારમાં રહેલો શ્રાવક શક્તિ અનુસાર દેશવિરતિનું પાલન કરે છે. તોપણ દેહ પ્રત્યે મમત્વ છે. તેથી ભોગાદિ સામગ્રી પ્રત્યે મમત્વ છે. તે સર્વનો પરિહાર કરીને સંપૂર્ણ નિર્મમ થવાના આશયથી તેના અભ્યાસરૂપે સામાયિક વ્રતમાં યત્ન કરે છે તે વખતે તે શ્રાવક કાયિક અને વાચિક એવા સાવદ્યકર્મથી મુક્ત

બને છે. અર્થાત્ કાયાને સ્થિર આસનમાં રાખીને કાયા સાથે મન શાતા-અશાતના પરિણામ ન કરે તે પ્રકારની યતના કરે છે. વળી, વાચાને પણ જિનવચનાનુસાર નિયંત્રિત કરીને બાહ્યભાવોમાં સંશ્લેષ ન થાય તે રીતે પ્રવર્તાવે છે. તેથી કાયિક વાચિક ક્રિયા દ્વારા સાવદ્યપણાથી મુક્ત થાય છે અને મનથી આર્તધ્યાન-રૌદ્રધ્યાનનો પરિહાર કરે છે. તેથી આત્માના ગુણોની વૃદ્ધિને અનુકૂળ ધર્મધ્યાન - શુક્લધ્યાનમાં મન પ્રવર્તે તે પ્રકારનો યત્ન કરે છે તે વખતે તે મહાત્મા સ્વભૂમિકાનુસાર ઉચિત સ્વાધ્યાય કરીને જગતના સર્વભાવ પ્રત્યે સમભાવ વર્તે પરંતુ જગતના કોઈ પદાર્થને આશ્રયીને રાગનો સંશ્લેષ ન થાય અને જગતના કોઈ પદાર્થને આશ્રયીને દ્વેષનો પરિણામ ન થાય તે પ્રકારે ઉપયુક્ત થઈને અસંગભાવના પ્રકર્ષના ઉપાયરૂપ ઉચિત સ્વાધ્યાયથી આત્માને વાસિત કરે છે. આ પ્રકારે મુહૂર્ત સુધી જીવ સમભાવને ધારણ કરવામાં અને સમભાવની વૃદ્ધિને અનુકૂળ સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે તે શ્રાવકનું સામાયિક નામનું વ્રત છે.

સામાયિક શબ્દની વ્યુત્પત્તિ બતાવવા અર્થે કહે છે –

સમનો આય તે સામાયિક છે. સમ એટલે રાગ-દ્વેષથી રહિત એવા પુરુષને જે જ્ઞાનાદિનો પ્રશમના સુખરૂપ લાભ તે સમાય છે. અને સમાય જ સામાયિક છે અથવા મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે સમાન સામર્થ્યવાળો સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો જે લાભ તે સામાયિક છે. આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક વીતરાગ નથી છતાં તેનામાં વર્તતા રાગ-દ્વેષના પરિણામો સંસારના નિમિત્તને ગ્રહણ કરીને રાગ-દ્વેષની વૃદ્ધિ કરતા નથી પરંતુ સમભાવ પ્રત્યેનો રાગ અને અસમભાવ પ્રત્યેનો દ્વેષ રાગ-દ્વેષના ઉન્મૂલન માટે વ્યાપારવાળો છે. તેથી સમભાવના પરિણામરૂપ પ્રશમસુખ સ્વરૂપ જ્ઞાનાદિમાં યત્ન કરે છે અને અસમભાવ સ્વરૂપ સંસારી ભાવોમાંથી મન-વચન-કાયાના યોગોનું નિવર્તન કરે છે. તેથી જે શ્રાવક આ પ્રકારના સામાયિકના પરિણામને લક્ષ કરીને સામાયિકકાળ દરમ્યાન પ્રશમસુખ વધે એ પ્રકારે ચિત્તને શાંત-શાંતતર કરવા પ્રયત્ન કરે છે અને તેના ઉપાયભૂત શાસ્ત્રવચનથી આત્માને વાસિત કરે છે અને સામાયિક દરમ્યાન ચિત્ત શરીરના સુખ સાથે કે ઇંદ્રિયના સુખ સાથે જોડાઈને સમભાવનો પરિહાર ન થાય તે પ્રકારનો યત્ન કરે છે તેઓમાં સ્વભૂમિકાનુસાર સામાયિકનો પરિણામ વર્તે છે.

વળી, સામાયિકની બીજી વ્યુત્પત્તિથી કહ્યું કે સમ્યગ્દર્શન સમ્યક્જ્ઞાન અને સમયક્ચારિત્ર તે મોક્ષ પ્રત્યે સદૃશ સામર્થ્યવાળા છે તેનો લાભ સામાયિક છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોમાં માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટી છે. તે જીવોને પદાર્થનું યથાર્થ દર્શન થાય છે. તે સમ્યગ્દર્શનરૂપ છે અને આત્મા માટે યથાર્થદર્શન તે સામાયિકનો પરિણામ જ છે; કેમ કે સામાયિક એ જ આત્માનું પારમાર્થિક સ્વરૂપ છે. તેથી તેને સામાયિક જ તત્ત્વરૂપ દેખાય છે. વળી, શાસ્ત્રવચનના બળથી જે સામાયિકના સ્વરૂપને વિશેષથી જાણે છે તે સમ્યક્જ્ઞાન છે. સ્વશક્તિ અનુસાર આત્માના પરિણામને આત્મામાં પ્રગટ કરવા પ્રયત્ન કરે છે તે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ચારિત્રના ત્રણેય પરિણામો આત્મામાં મિલિત થઈને મોક્ષ પ્રત્યે સદૃશ સામર્થ્યવાળા છે; કેમ કે સમ્યગ્દર્શન આદિ ત્રણેય પરિણામથી પોતપોતાના પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે. જે શ્રાવકને સદૃશ સામર્થ્યવાળા એવા ત્રણ પરિણામનો લાભ થાય છે તે શ્રાવકમાં સામાયિકનો પરિણામ છે માટે મોક્ષના

અર્થી એવા શ્રાવક મન-વચન-કાયાને સંસારના ભાવોથી સંવૃત્ત કરીને આત્મામાં રત્નત્રયીનો પરિણામ પ્રગટ થાય તે રીતે દૃઢ યત્ન કરવો જોઈએ.

વળી, "આવશ્યક નિર્યુક્તિ" ગ્રંથમાં સામાયિકનો અર્થ કરતા કહ્યું છે કે જે જીવને સર્વ પૃથ્વી આદિ પાંચ મહાભૂતોમાં અર્થાત્ પૃથ્વી આદિના પુદ્ગલોમાં, ત્રસજીવોમાં અને સ્થાવર જીવોમાં સમાન પરિણામ છે તેને સામાયિક હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પુદ્ગલ દ્રવ્યને આશ્રયીને જેને કોઈ વિકાર પ્રવર્તતો નથી; કેમ કે સર્વ પુદ્ગલો પોતાને અનુપયોગી હોવાથી પોતાના માટે સમાન છે તેવો પરિણામ વર્તે છે. સંસારવર્તી ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારના જીવો છે તે બધા પોતાના તુલ્ય છે એવી બુદ્ધિ વર્તે છે. તેથી જેમ પોતાના અહિત માટે પોતે યત્ન ન કરે તેમ કોઈ ત્રસ કે સ્થાવરજીવને લેશ પણ પીડા થાય કે તેઓનું અહિત થાય તેવો પ્રયત્ન મનથી-વચનથી કે કાયાથી સમભાવવાળા મહાત્મા ન કરે. માટે સમભાવના અર્થી એવા શ્રાવકે સામાયિક દરમ્યાન ગૃહકાર્યને આશ્રયીને પુદ્ગલ સંબંધી કોઈ વિકાર ન થાય તે માટે સંવૃત થઈને યત્ન કરવો જોઈએ. જેથી સર્વભૂતો પ્રત્યે સમભાવનો પરિણામ નાશ પામે નહીં અને શરીરની ચેષ્ટા કરવી પડે ત્યારે લેશ પણ યતના વગર પ્રવૃત્તિ ન થાય તેવો યત્ન કરવો જોઈએ. જેથી ત્રસ અને સ્થાવર જીવો પ્રત્યે સમભાવનો પરિણામ સ્થિર રહે. આ પ્રકારનો કેવલી ભાસિત સામાયિકનો પરિણામ છે. વળી, આ રીતે સામાયિક દરમ્યાન પ્રતિદિન સમભાવનો અભ્યાસ કરીને જાવજ્જીવ સુધી તે પ્રકારના પરિણામને ધારણ કરવાનો બલસંચય થાય ત્યારે શ્રાવક સર્વવિરતિ ગ્રહણ કરવા માટે યત્ન કરે છે જેથી સુખપૂર્વક સર્વવિરતિની ધુરાને વહન કરી શકે છે.

**ટીકા :-**

**सामायिकस्थश्च श्रावकोऽपि यतिरिव, यदाह –**

"सामाइयंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।

एएण कारणेणं, बहुसो सामाइअं कुज्जा ।।१।।" **[आवश्यक मूल अ. ६/गा. २०, आवश्यक नि. ८०१, विशेषावश्यकभाष्य २६९०]**

**अत एव तस्य देवपूजनादौ नाधिकारः, यतो भावस्तवार्थं द्रव्यस्तवोपादानम्, सामायिके च सति सम्प्राप्तो भावस्तव इति किं द्रव्यस्तवकरणेन?, यदाह –**

"दव्वथओ भावथओ, दव्वथओ बहुगुणोत्ति बुद्धि सिआ ।

अणिउणजणवयणमिणं, छज्जीवहिअं जिणा बिंति ।।१।।" **[आवश्यकभाष्ये १९२]**

**आवश्यकसूत्रमपि** "सामाइअं नाम सावज्जजोगपरिवज्जणं णिरवज्जजोगपडिसेवणं च ।" **त्ति । [प्रत्याख्याना-वश्यक सू० ९ । आवश्यकचूर्णिः प० २९९, हारिभद्रीवृत्तिः प० ८३१]**

**तत्रायमावश्यकचूर्णिपञ्चाशकचूर्णियोगशास्त्रवृत्त्याद्युक्तो विधिर्यथा–**"श्रावकः सामायिककर्त्ता द्विधा

भवति, ऋद्धिमाननृद्धिकश्च योऽसावनृद्धिकः स चतुर्षु स्थानेषु सामायिकं करोति, जिनगृहे, साध्वन्तिके, पौषधशालायाम्, स्वगृहे वा, यत्र वा विश्राम्यति निर्व्यापारो वा आस्ते तत्र च यदा साधुसमीपे करोति तदाऽयं विधिः–यदि कस्माच्चिदपि भयं नास्ति, केनचिद्विवादो नास्ति, ऋणं वा न धारयति, मा भूत्तत्कृताकर्षणापकर्षणनिमित्तः सङ्क्लेशः, तदा स्वगृहेऽपि सामायिकं कृत्वा ईर्यां शोधयन् सावद्यां भाषां परिहरन् काष्ठलेष्ट्वादिना यदि कार्यं तदा तत्स्वामिनमनुज्ञाप्य प्रतिलिख्य प्रमार्ज्य च गृह्णन् खेलसिङ्घाणकादींश्चाविवेचयन् विवेचयंश्च स्थण्डिलं प्रत्यवेक्ष्य प्रमृज्य च पञ्चसमितिसमितस्त्रिगुप्तिगुप्तः साध्वाश्रयं गत्वा साधून्नमस्कृत्य सामायिकं करोति ।"

**तत्सूत्रं यथा –**

**'करेमि भंते! सामाइअं सावज्जं जोगं पच्चक्खामि जाव साहू पज्जुवासामि दुविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि' त्ति ।**

**अस्यार्थः–'करेमि' अभ्युपगच्छामि, भंते! इति गुरोरामन्त्रणम्, हे भदन्त! भदन्तः सुखवान् कल्याणवांश्च भवति, 'भदुङ् सुखकल्याणयोः' [धा.पा. ७२२] अस्यौणादिकान्तप्रत्ययान्तस्य निपातने रूपम्, आमन्त्रणं च प्रत्यक्षस्य गुरोस्तदभावे परोक्षस्यापि बुद्ध्या प्रत्यक्षीकृतस्य भवति, गुरोश्चाभिमुखीकरणेन सर्वो धर्मः गुरुपादमूले तदभावे स्थापनासमक्षं कृतः फलवानिति दर्शितम् । यतः–**

"नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते अ ।
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ।।१।।" **[विशेषावश्यकभाष्ये ३४५९]**

**अथवा भवान्त भन्ते इत्यार्षत्वान्मध्यव्यञ्जनलोपे रूपम्, भन्ते इति अत 'एत्सौ पुंसि मागध्याम्' [श्रीसि० ८-४-२८७] इत्येकारः, अर्द्धमागधत्वादार्षस्य । 'सामायिकम्' उक्तनिर्वचनम्, आत्मानं समभावपरिणतं करोमीत्यर्थः । कथमित्याह–'सावद्यं' अवद्यसहितं युज्यत इति योगो व्यापारस्तं 'प्रत्याख्यामि' प्रतीति प्रतिषेधे, आङाभिमुख्ये, ख्या प्रकथने [है. धा. पा. १०७१] ततश्च प्रतीपमभिमुखं ख्यापनं सावद्ययोगस्य करोमीत्यर्थः अथवा 'पच्चक्खामि'त्ति प्रत्याचक्षे 'चक्षिङ् व्यक्तायां वाचि' [हैमधातुपाठे २/६४] इत्यस्य प्रत्याङ्पूर्वस्य रूपम्, प्रतिषेधस्यादरेणाभिधानं करोमीत्यर्थः 'जाव साहू पज्जुवासामि' यावच्छब्दः परिमाणमर्यादाऽवधारणवचनः, तत्र परिमाणे यावत्साधुपर्युपासनं मम तावत् प्रत्याख्यामीति, मर्यादायां साधुपर्युपासनादर्वाक् अवधारणे=यावत्साधुः तावदेव न तस्मात्परत इत्यर्थः ।**

**'दुविहं तिविहेणं' द्वे विधे यस्य स द्विविधः सावद्ययोगः स च प्रत्याख्येयत्वेन कर्म सम्पद्यते, अतस्तं द्विविधं योगं करणकारणलक्षणम्, अनुमतिप्रतिषेधस्य गृहस्थेन कर्तुमशक्यत्वात् पुत्रभृत्यादि-**

कृतव्यापारस्य स्वयमकरणेऽप्यनुमोदनात् । 'त्रिविधेन' इति करणे तृतीया, मणेणमित्यादि सूत्रोपात्तं विवरणम्, मनसा वचसा कायेन चेति त्रिविधेन करणेन, न करोमि न कारयामीति सूत्रोपात्तमेव द्विविधमित्यस्य विवरणम् । अत्र उद्देशक्रममुल्लङ्घ्य व्यत्यासेन निर्देशस्तु योगस्य करणाधीनतादर्शनार्थम् करणाधीनता हि योगानां करणभावे भावात्तदभावेऽभावाच्च योगस्य, 'तस्से'ति तस्य अत्राधिकृतो योगः सम्बन्ध्यते, अवयवावयविभावलक्षणसम्बन्धे षष्ठीयम्, योगस्त्रिकालविषयस्तस्यातीतमवयवं 'प्रतिक्रमामि' निवर्त्ते प्रतीपं क्रमामीत्यर्थः, 'निन्दामि' जुगुप्से, 'गर्हामि' स एवार्थः, परं केवलमात्मसाक्षिकी गर्हा, भंते इति पुनर्गुरोरामन्त्रणं भक्त्यतिशयख्यापनार्थमपुनरुक्तम् अथवा सामायिकक्रियाप्रत्यर्पणाय पुनर्गुरोः सम्बोधनम् अनेन चैतत् ज्ञापितंसर्वक्रियावसाने गुरोः प्रत्यर्पणं कार्यमिति । उक्तं च भाष्यकारेण –

"सामाइअपच्चप्पणवयणो वाऽयं भयंतसद्दोऽवि ।
सव्वकिरिआवसाणे, भणिअं पच्चप्पणमणेण ।।१।।" [विशेषावश्यकभाष्ये ३५७१]

'अप्पाण'मिति आत्मानम् अतीतकालसावद्ययोगकारिणं 'वोसिरामी'ति व्युत्सृजामि, विशब्दो विविधार्थो विशेषार्थो वा, विविधं विशेषेण वा, भृशं त्यजामीत्यर्थः, सामायिकग्रहणकाले सावद्यात्म-पूर्वपर्यायत्यागाद्रत्नत्रयात्मनवपर्यायोत्पादात्पर्यायपर्यायिणोः स्यादभिन्नत्वादहं नव्य उत्पन्नः, "आया खलु सामाइअं" [ ] इत्याद्युक्तेः ।

अत्र च 'करेमि भंते सामाइअ'मिति वर्त्तमानस्य सावद्ययोगस्य, प्रत्याख्यामीत्यनागतस्य, 'तस्स भंते पडिक्कमामी'त्यतीतस्येति त्रैकालिकं प्रत्याख्यानमुक्तमिति त्रयाणां वाक्यानां न पौनरुक्त्यम् । उक्तं च–

"अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि" [पक्षिकसूत्रे] त्ति ।

अत्र च दण्डके सामान्यनियमग्रहणेऽपि विवक्षातः परम्पराप्रामाण्याच्च जघन्यतोऽपि मुहूर्त्तं तत्कर्त्तव्यम्, तथा प्रतिक्रमणसूत्रचूर्णिः –

"जाव नियमं पज्जुवासामित्ति-जइवि सामन्नवयणमेअं तहावि जहन्नओऽवि अंतोमुहुत्तं नियमे ठायव्वं, परओऽवि समाहीए ठायव्वं ।" इति ।

एवं कृतसामायिक ईर्यापथिक्याः प्रतिक्रामति, पश्चादागमनमालोच्य यथाज्येष्ठमाचार्यादीन् वन्दते पुनरपि गुरूं वन्दित्वा प्रत्युपेक्षितासने निविष्टः शृणोति, पठति, पृच्छति वा, एवं चैत्यभवनेऽपि द्रष्टव्यम्, यदा तु पौषधशालायां स्वगृहे वा सामायिकं गृहीत्वा तत्रैवाऽऽस्ते, तदा गमनं नास्ति ।

**यस्तु राजादिर्महर्द्धिकः स गन्धसिन्धुरस्कन्धाधिरूढच्छत्रचामरादिराज्यालङ्करणालङ्कृतो हास्तिकाश्वीयपादातिकरथकट्यापरिकरितो भेरीभाङ्कारभरिताम्बरतलो बन्दिवृन्दकोलाहलाकुलीकृतनभस्तलोऽनेकसामन्तमण्डलेश्वराहमहमिकासम्प्रेक्ष्यमाणपादकमलः पौरजनैः सश्रद्धमङ्गुल्योपदर्श्यमानो मनोरथैरुपस्पृश्यमानस्तेषामेवाञ्जलिबन्धान् लाजाञ्जलिपातान् शिरःप्रणामाननुमोदमानः 'अहो धन्यो धर्मो य एवंविधैरुपसेव्यते' इति प्राकृतजनैरपि श्लाघ्यमानोऽकृतसामायिक एव जिनालयं साधुवसतिं वा गच्छति, तत्र गतो राजककुदानि छत्रचामरोपानन्मुकुटखड्गरूपाणि परिहरति, आवश्यकचूर्णौ तु –**

"मउडं न अवणेइ, कुंडलाणि णाममुद्दं पुप्फतम्बोलपावारगमादि वोसिरइत्ति" **[प. ३००] भणितम्,**

**जिनार्चनं साधुवन्दनं वा करोति यदि त्वसौ कृतसामायिक एव गच्छेत्तदा गजाऽश्वादिभिरधिकरणं स्यात्, तच्च न युज्यते कर्त्तुम्, तथा (कृत) सामायिकेन पादाभ्यामेव गन्तव्यम्, तच्चानुचितं भूपतीनाम्, आगतस्य च यद्यसौ श्रावकस्तदा न कोऽप्यभ्युत्थानादि करोति, अथ यथाभद्रकस्तदा पूजा कृताऽस्तु इति पूर्वमेवासनं मुञ्चति, आचार्याश्च पूर्वमेवोत्थिता आसते, मा उत्थानाऽनुत्थानकृता दोषा भूवन्निति, आगतश्चासौ सामायिकं करोतीति पूर्ववत्, एतद्व्रतफलं च बहुनिर्जरारूपम्, अन्यदपि च, यदाहुः –**

"दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडिअं एगो ।
इअरो पुण सामइअं, करेइ न पहुप्पए तस्स ।।१।।
सामाइअं कुणंतो, समभावं सावओ अ घडिअदुगं ।
आउं सुरेसु बंधइ, इत्तिअमित्ताइं पलिआइं ।।२।।
बाणवइकोडीओ, लक्खा गुणसट्ठि सहस पणवीसं ।
नवसयपणवीसाए, सतिहा अडभागपलिअस्स ।।३।।" **[सम्बोधप्र. श्रा. ११३-५]**

**अङ्कतोऽपि ९२५९२५९२५ ८/९+१/३ ।**

"तिव्वतवं तवमाणो, जं नवि निट्ठवइ जम्मकोडीहिं ।
तं समभाविअचित्तो, खवेइ कम्मं खणद्धेणं ।।४।।
जे केऽवि गया मोक्खं, जेऽविअ गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइअमाहप्पेणं मुणेअव्वा ।।५।।" **[सम्बोधप्र. श्रा ११६-७]**

"हूयते न तप्यते न, दीयते वा न किञ्चन ।
अहो अमूल्यक्रीतीयं, साम्यमात्रेण निर्वृतिः ।।६।।" **।।३७।।**

**ટીકાર્થ :-**

**सामायिकस्थश्च ..... निर्वृतिः ।। અને સામાયિકમાં રહેલો શ્રાવક પણ સાધુ જેવો છે. જેને કહે છે -**

"સામાયિક કરાયે છતે શ્રમણના જેવો=સાધુના જેવો, જે કારણથી શ્રાવક થાય છે એ કારણથી બહુ વખત સામાયિક કરવું જોઈએ." **(આવશ્યક મૂલ અધ્યયન-૬, ગાથા-૨૦, આવશ્યક નિર્યુક્તિ-૮૦૧, વિશેષ આવશ્યક ભાષ્ય-૨૬૯૦)**

**આથી જ=સામાયિકમાં રહેલો શ્રાવક સાધુ જેવો છે આથી જ, તેને=સામાયિકમાં રહેલા શ્રાવકને, દેવપૂજન આદિમાં અધિકાર નથી. જે કારણથી ભાવસ્તવ માટે દ્રવ્યસ્તવનું ગ્રહણ છે=દ્રવ્યસ્તવનું સેવન છે, અને સામાયિક હોતે છતે ભાવસ્તવ જ પ્રાપ્ત થયેલ છે. એથી દ્રવ્યસ્તવના કરણ વડે શું ?=દ્રવ્યસ્તવનું ફળ ભાવસ્તવ પ્રાપ્ત થયું હોવાથી દ્રવ્યસ્તવ અનુપયોગી છે. જેને કહે છે –**

"દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે એ પ્રમાણે બુદ્ધિ થાય છે. 'इणं'=આ=દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે એ, અનિપુણજનનું વચન છે. કેમ અનિપુણજનનું વચન છે ? એથી કહે છે. જિનો છ જીવોનું હિત કહે છે=ષટ્કાય જીવોનું હિત કહે છે." **(આવશ્યક ભાષ્ય ૧૯૨)**

**આવશ્યક સૂત્રમાં પણ સામાયિક એટલે સાવદ્યયોગોનું પરિવર્જન અને નિરવદ્ય યોગોનું પ્રતિસેવન એ પ્રમાણે કહે છે. ત્યાં=સામાયિક ગ્રહણના વિષયમાં, આવશ્યક ચૂર્ણિ, પંચાશક ચૂર્ણિ, યોગશાસ્ત્ર વૃત્તિ આદિથી કહેવાયેલ આ વિધિ છે. જે આ પ્રમાણે છે –**

"સામાયિક કરનાર શ્રાવક બે પ્રકારના હોય છે. ઋદ્ધિવાળા અને ઋદ્ધિ વગરના. જે આ ઋદ્ધિ વગરના છે તે શ્રાવક ચાર સ્થાનોમાં સામાયિકને કરે છે. જિનગૃહમાં, સાધુ પાસે, પૌષધશાળામાં અથવા સ્વગૃહમાં જ્યાં વિશ્રામ પામે છે=આરંભ-સમારંભથી વિશ્રાંતિને પામે છે અથવા નિર્વ્યાપાર રહે છે=સાવદ્ય આરંભ-સમારંભના પરિહારપૂર્વક રહે છે. અને ત્યાં=ચાર સ્થાનોમાં, જ્યારે સાધુની પાસે સામાયિક કરે છે ત્યારે આ વિધિ છે. જો કોઈનાથી પણ ભય નથી, કોઈનાથી વિવાદ નથી અથવા કોઈનું ઋણ આપવાનું બાકી નથી જેને કારણે તેનાથી=ઋણ માગનારથી, કરાયેલ આકર્ષણ-અપકર્ષણ નિમિત્તે સંકલેશ ન થાય ત્યારે સ્વગૃહમાં પણ સામાયિકને કરીને ઈર્યાને શોધતો સાવદ્યભાષાનો પરિહાર કરતો જો કાષ્ઠ - લેષ્ટુ આદિથી પ્રયોજન હોય તો તેના સ્વામીને અનુજ્ઞાપન કરીને=તેના માલિકની પાસેથી યાચના કરીને, અને પ્રતિલેખન પ્રમાર્જન કરીને ગ્રહણ કરતો=કાષ્ઠ લેષ્ટુ આદિને ગ્રહણ કરતો, ખેલ-સિંઘાણ આદિનું અવિવેચન કરતો અને પરઠવવાની ભૂમિને વિવેચન કરતો, જોઈને અને પ્રમાર્જીને પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો શ્રાવક સાધુના સ્થાને જઈને સાધુને નમસ્કાર કરીને સામાયિક કરે છે."

**તે સૂત્ર=સાધુ પાસે સામાયિક કરે તે સૂત્ર, આ પ્રમાણે છે –**

**"હે ભદંત ! હું સામાયિક કરું છું. જ્યાં સુધી સાધુની પર્યુપાસના કરું છું ત્યાં સુધી સાવદ્યયોગોનું પચ્ચક્ખાણ કરું છું. કંઈ રીતે પચ્ચક્ખાણ કરું છું એથી કહે છે. દુવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરું છું એમ અન્વય છે. કઈ રીતે દુવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરે છે તે સ્પષ્ટ કરે છે. મનથી-વચનથી-કાયાથી હું પાપ કરતો નથી=સાવદ્યયોગ કરતો નથી, અને કરાવતો નથી તેનું=ભૂતકાળમાં કરેલા સાવદ્યયોગોનું, હે ભદંત ! હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું. આત્માને વોસિરાવું**

છું=ભૂતકાળમાં કરેલા સાવદ્યયોગોવાળા આત્માને હું વોસિરાવું છું."

'त्ति' શબ્દ સામાયિક સૂત્રની સમાપ્તિ માટે છે.

આનો=સામાયિક સૂત્રનો, અર્થ બતાવે છે –

કરું છું=સ્વીકારું છું=સ્વીકાર કરું છું. ભંતે ! એ ગુરુને આમંત્રણ છે=ગુરુને સંબોધન છે. તેનો અર્થ સ્પષ્ટ કરે છે. હે ભદન્ત !

'ભદન્ત' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

ભદન્ત=સુખવાન અને કલ્યાણવાન છે; કેમ કે ભદુઙ્ સુખકલ્યાણમાં છે. (ધા.પા. ૭૨૨) આનો=ભદુઙ્ શબ્દનો ઔણાદિક અન્તવાળા પ્રત્યયાન્તના નિપાતનમાં રૂપ છે=ભદન્ત શબ્દ છે અને આમંત્રણ પ્રત્યક્ષ એવા ગુરુને છે. તેના અભાવમાં=ગુરુના અભાવમાં પરોક્ષ પણ બુદ્ધિથી પ્રત્યક્ષીકૃત ગુરુને છે. અને ગુરુના અભિમુખીકરણથી સર્વધર્મ ગુરુના પાદમૂલમાં તેના અભાવમાં=ગુરુના અભાવમાં, સ્થાપના સમક્ષ કરાયેલ ફલવાન છે=સર્વ ધર્મ ફલવાન છે, એ પ્રમાણે બતાવાયેલ છે. જે કારણથી કહેવાયું છે –

"જ્ઞાનનો ભાગી થાય છે. સ્થિરતર દર્શન અને ચારિત્રમાં થાય છે. ધન્યપુરુષો યાવત્કાળ ગુરુકુલવાસને મૂકતા નથી." (વિશેષાવશ્યક ભાષ્ય-૩૪૫૯)

અથવા='ભંતે'શબ્દનો અથવાથી બીજો અર્થ કરે છે. 'ભવાન્ત' એ ભન્ત છે. 'ભન્તે' એ આર્ષપણું હોવાથી મધ્યવ્યંજનના લોપમાં ભન્તે એ પ્રમાણે રૂપ છે. આથી 'ऐत्सौ पुंसि मागध्याम्' એ પ્રમાણે શ્રી સિદ્ધહેમસૂત્ર(૮-૪-૨૮૭)થી 'એ' કાર છે; કેમ કે આર્ષનું અર્ધમાગધીપણું છે. સામાયિક પૂર્વમાં કહેલા સ્વરૂપવાળું છે. આત્માને સમભાવ પરિણત કરે છે.

કેવી રીતે આત્માને સમભાવ પરિણત કરે છે ? એથી કહે છે –

સાવદ્ય=અવદ્ય સહિત, એવો યોગ=વ્યાપાર, તેનું પચ્ચક્ખાણ કરું છું. 'सावद्य' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. અવદ્ય સહિત યોજન કરે એ યોગ સાવદ્ય એવો યોગ સાવદ્યયોગ તેનું હું પ્રત્યાખ્યાન કરું છું. 'પ્રત્યાખ્યાન કરું છું' એ શબ્દમાં 'પ્રતિ'શબ્દ છે એ પ્રતિષેધ છે. 'આઙ્' શબ્દ અભિમુખ અર્થમાં છે. 'ख्या' શબ્દ પ્રકથન અર્થમાં (હૈ.ધા.પા. ૧૦૭૧) છે અને તેથી='પ્રત્યાખ્યાન કરું છું." એ શબ્દમાં પ્રતિ, આ અને ખ્યા શબ્દનો અર્થ કર્યો તેનાથી પાછા પગે અભિમુખ સાવદ્યયોગોનું ખ્યાપન કરું છું એ પ્રકારે પ્રત્યાખ્યામિ શબ્દનો અર્થ છે. અથવા પચ્ચક્ખામિ એ પ્રત્યાચક્ષ અર્થમાં છે; કેમ કે 'चक्षिङ्' વ્યક્તિમાં અને વાણીમાં છે. (હેમધાતુપાઠ-૨/૬૪) એથી આનું='चक्षि' ધાતુનું પ્રતિ અને આઙ્ પૂર્વકનું રૂપ છે=પચ્ચક્ખાણનું એ પ્રકારનું રૂપ છે. તેનાથી શું અર્થ પ્રાપ્ત થાય એ સ્પષ્ટ કરે છે. પ્રતિષેધનું આદરથી કથન કરું છું એ પ્રમાણે 'પચ્ચક્ખાણ' સબ્દનો અર્થ છે. 'જ્યાં સુધી સાધુની ઉપાસના કરું છું.' તેમાં યાવત્ શબ્દ પરિમાણની મર્યાદાના અવધારણનું વચન છે=સામાયિકના કાળમાનરૂપ પરિમાણની મર્યાદા તેના નિર્ણયના કથનરૂપ છે. ત્યાં પરિમાણમાં જ્યાં સુધી સાધુની

પર્યુપાસના કરું ત્યાં સુધી મારું પ્રત્યાખ્યાન છે. મર્યાદામાં સાધુની પર્યુપાસનાથી પૂર્વે અવધારણમાં=જ્યાં સુધી સાધુ પર્યુપાસના છે ત્યાં સુધી જ મારું પચ્ચક્ખાણ છે. તેનાથી પરથી નથી=સાધુ પર્યુપાસના પછી પચ્ચક્ખાણ નથી એ પ્રકારનો અર્થ છે. 'દુવિધ-ત્રિવિધ'થી બે પ્રકાર છે જેને તે દ્વિવિધ સાવદ્યયોગ, અને તે=બે પ્રકારના ભેદવાળો સાવદ્યયોગ પ્રત્યાખ્યેયપણું હોવાને કારણે કર્મ પ્રાપ્ત થાય છે=પ્રત્યાખ્યાનની ક્રિયાનો વિષય થાય છે. આથી તે દ્વિવિધ કરણ-કારણલક્ષણ યોગ છે; કેમ કે અનુમતિના પ્રતિષેધનું ગૃહસ્થથી કરવું અશક્યપણું છે.

કેમ ગૃહસ્થથી અશક્યપણું છે ? એથી કહે છે –

પુત્ર, નોકર આદિથી કરાયેલા વ્યાપારનું સ્વયં અકરણમાં પણ અનુમોદન છે. 'ત્રિવિધથી' એ પ્રમાણે કરણ અર્થમાં તૃતીયા છે. 'मणेणमित्यादि' સૂત્રમાં કહેલા ત્રિવિધનું વિવરણ છે. મનથી, વચનથી અને કાયાથી એ પ્રકારના ત્રિવિધ કરણથી હું સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરું છું એમ અન્વય છે. હું કરતો નથી હું કરાવતો નથી એ, સૂત્રમાં કહેલા જ 'કરેમિ ભંતે' સૂત્રમાં કહેલા જ, દ્વિવિધ એ પ્રકારના આનું=શબ્દનું, વિવરણ છે. અહીં=કરેમિ ભંતે સૂત્રમાં, ઉદ્દેશક્રમને ઉલ્લંઘીને વ્યત્યયથી નિર્દેશ વળી યોગની કરણઆધીનતા દેખાડવા માટે છે. કરણના ભાવમાં=મન-વચન-કાયા રૂપ કરણના સદ્ભાવમાં યોગનો સદ્ભાવ હોવાથી અને તેના અભાવમાં=કરણના અભાવમાં યોગોની કરણઆધીનતા છે. 'તેનુ' અહીં=તસ્ય શબ્દમાં, અધિકૃત એવા યોગનો સંબંધ કરાય છે. અવયવ-અવયવીભાવ લક્ષણ સંબંધમાં આ ષષ્ઠી છે. યોગ ત્રિકાલ વિષયવાળો છે. તેના અતીત અવયવનું હું પ્રતિક્રમણ કરું છું=નિવર્તન કરું છું=પાછા પગલે ફરું છું, નિંદા કરું છું=જુગુપ્સા કરું છું, ગર્હા કરું છું તે જ અર્થ છે=નિંદાનો જ અર્થ છે. ફક્ત કેવલ આત્મસાક્ષીએ નિંદા છે. પરસાક્ષી ગર્હા છે. ભંતે એ પ્રમાણે ફરી ગુરુને આમંત્રણ છે. ભક્તિના અતિશયને બતાવવા માટે ફરી આમંત્રણ હોવાથી અપુનરુક્તિ છે=પુનરુક્ત દોષ નથી. અથવા સામાયિકની ક્રિયાના પ્રત્યર્પણ માટે ફરી ગુરુને સંબંધોન છે. અને આનાથી=ગુરુને ફરી સંબોધન કરીને સામાયિકની ક્રિયાનું પ્રત્યર્પણ કર્યું એનાથી, આ જ્ઞાપિત છે – સર્વક્રિયાના અવસાનમાં=અંતમાં, ગુરુને પ્રત્યર્પણ કરવું જોઈએ અને ભાષ્યકાર વડે કહેવાયું છે –

"અથવા આ ભદન્ત શબ્દ પણ=સામાયિક સૂત્રમાં અંતે આવેલો ભદન્ત શબ્દ પણ, સામાયિકના પ્રત્યર્પણના વચનવાળો છે=પોતે સામાયિક પૂર્ણ વિધિ અનુસાર કરી છે તેનું ગુરુને નિવેદન કરનાર આ વચન છે. આના દ્વારા=સામાયિકમાં પ્રત્યર્પણના વચન દ્વારા, સર્વ ક્રિયાના અવસાનમાં પ્રત્યર્પણ કહેવાયું છે=પ્રત્યર્પણ કરવું જોઈએ એ પ્રમાણે કહેવાયું છે." ॥૧॥ **(વિશેષાવશ્યક ભાષ્ય-૩૫૭૧)**

'અપ્પાણં' એ શબ્દ આત્માને બતાવે છે અને અતીતકાલ સાવદ્યયોગકારી એવા આત્માને હું વોસિરાવું છું. 'વિ' શબ્દ=વોસિરાવું છું તેમાં રહેલો 'વિ' શબ્દ, વિવિધ અર્થવાળો છે અથવા વિશેષ અર્થવાળો છે.

તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે –

**વિવિધ અથવા વિશેષથી અત્યંત ત્યાગ કરું છું એ પ્રકારનો અર્થ છે.**

'કરેમિ ભંતે' સૂત્રના અંતમાં કહેલા 'અપ્પાણં વોસિરામિ' શબ્દથી શું અર્થ ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**"સામાયિક ગ્રહણકાલમાં સાવદ્યરૂપ પૂર્વ પર્યાયના ત્યાગથી રત્નત્રયી સ્વરૂપ નવા પર્યાયના ઉત્પાદથી હું નવો ઉત્પન્ન થયો છું; કેમ કે પર્યાય-પર્યાયીનું કથંચિત્ અભિન્નપણું છે."**

સામાયિક ગ્રહણ કરનાર આત્મા સામાયિક ગ્રહણથી નવો ઉત્પન્ન કેમ થાય છે ? તેમાં યુક્તિ આપી કે પર્યાય-પર્યાયીનો કથંચિત અભેદ છે. તેમાં હેતુ કહે છે –

'આત્મા ખરેખર સામાયિક છે' **એ પ્રમાણે ઉક્તિ છે અને અહીં='કરેમિ ભંતે' સૂત્રમાં 'કરેમિ ભંતે સામાઈઅં' એ પ્રકારના વચનથી શ્રાવક વર્તમાનના સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરે છે. 'પ્રત્યાખ્યામિ' એ વચનથી શ્રાવક અનાગત સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરે છે=ભવિષ્યના સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરે છે. 'તસ્સ ભંતે' પડિક્કમામિ' એ પ્રકારના વચનથી શ્રાવક અતીત સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરે છે. એથી ત્રૈકાલિક પ્રત્યાખ્યાન કહેવાયું. એથી ત્રણ વાક્યોનું=કરેમિ ભંતે સામાઇઅં, પ્રત્યાખ્યામિ અને તસ્સ ભંતે પડિક્કમામિ એ ત્રણ વાક્યોનું, પુનઃઉક્તપણું નથી. અને કહેવાયું છે –**

"અતીતની નિંદા કરું છું, વર્તમાનનું સંવરણ કરું છું અને અનાગતનું પચ્ચક્ખાણ કરું છું." **(પાક્ષિક સૂત્ર)**

**અને આ દંડકમાં=કરેમિ ભંતે સૂત્રના દંડકમાં, સામાન્ય નિયમનું ગ્રહણ હોવા છતાં પણ='જાવ નિયમં' શબ્દથી સામાન્ય નિયમનું ગ્રહણ હોવા છતાં પણ, વિવક્ષાથી અને પરંપરાના પ્રામાણ્યથી= ગુરુપરંપરાના પ્રામાણ્યથી, જઘન્યથી પણ તે=સામાયિક, એક મુહૂર્ત કરવું જોઈએ. તે પ્રમાણે પ્રતિક્રમણ સૂત્રની ચૂર્ણિ છે –**

" 'જાવ નિયમં પજ્જુવાસામિ' એ પ્રમાણેનું વચન જોકે સામાન્ય વચન આ છે તોપણ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત નિયમથી રહેવું જોઈએ. ત્યારપછી પણ=અંતઃર્મુહૂર્ત પછી પણ, સમાધિ પ્રમાણે=ચિત્તના ઉત્સાહ પ્રમાણે, રહેવું જોઈએ=સામાયિકમાં રહેવું જોઈએ."

**આ રીતે કરાયેલ સામાયિકવાળો=ગુરુ સમીપે સામાયિક ગ્રહણ કરવા અર્થે ઘરેથી સામાયિક ગ્રહણ કરીને સાધુ સમીપે આવેલો એવો કૃતસામાયિકવાળો, ઈર્યાપથિકીનું પ્રતિક્રમણ કરે છે. પછી આગમનનું આલોચન કરીને=ગમણાગમણે બોલવા દ્વારા આલોચન કરીને, યથા જ્યેષ્ઠ - જ્યેષ્ઠના ક્રમથી આચાર્યાદિને વંદન કરે છે. ફરી પણ ગુરુને વંદન કરીને પ્રત્યુપેક્ષિત આસનમાં બેઠેલો સાંભળે છે=ગુરુના મુખથી સાંભળે છે અથવા ભણે છે=સૂત્ર ભણે છે અથવા પૃચ્છા કરે છે=તત્ત્વની પૃચ્છા કરે છે. આ રીતે=જે રીતે સાધુ સમીપે જવા માટે ઘરેથી સામાયિક ગ્રહણ કરીને જાય એ રીતે, ચૈત્યભવનમાં પણ જાણવું=ચૈત્યભવનમાં પણ ઘરેથી સામાયિક ગ્રહણ કરીને જાય એ પ્રમાણે જાણવું. વળી, જ્યારે પૌષધશાળામાં અથવા સ્વગૃહમાં સામાયિકને ગ્રહણ કરીને ત્યાં જ રહે છે. ત્યારે ગમન નથી.**

**વળી, જે રાજાદિ મહર્ધિક છે તે હાથીના સ્કંધ ઉપર આરૂઢ છત્ર-ચામર આદિ રાજ્યના અલંકરણથી અલંકૃત હાથી અશ્વ, પાયદળ, રથ, કટ્યાદિથી પરિકરિત ભેરી ભાંકારથી ભરિત અંબરતલવાળો બંદિવૃંદના કોલાહલથી આકુલીકૃત નભસ્તલવાળો, અનેક સામન્ત મંડલેશ્વર વડે અહમહમિકાથી જોવાતો ચરણકમળવાળો, નગરજનો વડે સશ્રદ્ધાપૂર્વક અંગુલીથી બતાવાતો, મનોરથોથી સ્પર્શ કરાતો તેઓના જ અંજલીબદ્ધ લાજાઅંજલીપાત રૂપ શિરપ્રણામોને અનુમોદન કરતો 'અહો ધન્ય ધર્મ છે જે આવા પ્રકારના રાજા વડે સેવાય છે.' એ પ્રમાણે સામાન્યજન વડે શ્લાઘા કરાતો અકૃત સામાયિકવાળો જ જિનાલયમાં અથવા સાધુની વસતીમાં જાય છે. ત્યાં ગયેલો છત્ર-ચામર-ઉપાન-મુકુટ-ખડ્ગરૂપ રાજાનાં ચિહ્નોને પરિહરે છે. વળી આવશ્યક ચૂર્ણિમાં –**

"મુકુટને દૂર કરતો નથી. કુંડલ, નામમુદ્રા, પુષ્પ, તંબોલ, પાવારગમાદિ વોસિરાવે છે. એ પ્રમાણે કહેવાયું છે." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ પત્ર-૩૦૦) કહેવાયું છે.**

**જિનાર્ચન અથવા સાધુને વંદન કરે છે. વળી, જો આ=રાજા, કૃતસામાયિકવાળો જ જાય તો ગજ-અશ્વાદિ અધિકરણ થાય અને તે=અધિકરણ, કરવું યોગ્ય નથી. અને કૃતસામાયિકવાળા રાજા વડે પગ વડે ચાલીને જ જવું જોઈએ અને તે=પગ વડે ચાલીને જવું તે, રાજાને અનુચિત છે. અને આવેલાને=ઉપાશ્રયમાં પોતાની સમૃદ્ધિથી આવેલા રાજાને, જો આ શ્રાવક છે તો કોઈપણ=કોઈપણ સાધુ, અભ્યુત્થાન આદિ કરતા નથી. હવે યથાભદ્રક છે=રાજા યથાભદ્રક છે, તો પૂજા કરાયેલી થાય=રાજાનો સત્કાર કરાયેલો થાય, એથી પૂર્વે જ=રાજાના આગમન પૂર્વે જ, આસનને મૂકે છે=સાધુ આસન ઉપર બેસી રહેતા નથી અને આચાર્ય પૂર્વમાં જ ઉત્થિત રહે છે=ઊભેલા રહે છે.**

કેમ આચાર્ય ઊભા જ રહે છે ? એથી કહે છે –

**ઉત્થાન-અનુત્થાનથી કરાયેલો દોષો ન થાય એથી આચાર્ય ઊભા રહે છે. અને આવેલો આ=રાજા, સામાયિકને કરે છે એ પ્રમાણે પૂર્વની જેમ જાણવું=જેમ ઘરેથી સામાયિક કરીને આવેલો શ્રાવક સાધુની સમીપ સામાયિક કરે છે એ રીતે રાજા પણ સાધુ સમીપે સામાયિક કરે છે. અને આ વ્રતનું ફળ બહુ નિર્જરારૂપ છે અને બીજું પણ છે=નિર્જરાથી અન્ય પણ ફળ છે. જેને કહે છે –**

"દિવસે દિવસે સુવર્ણની લાખ ખાંડી એક વ્યક્તિ આપે, વળી બીજી વ્યક્તિ સામાયિક કરે તેને=સામાયિક કરનારને, પહોંચે નહીં=સામાયિક કરનારની તુલ્ય સુવર્ણનું દાન કરનાર થાય નહિ. ।।૧।।

સામાયિકને કરતો અને બે ઘડી સમભાવવાળો શ્રાવક આટલા પ્રમિત પલ્યોપમવાળા સુરમાં=દેવભવ વિષયક, આયુષ્યને બાંધે છે." ।।૨।।

અને તે પલ્યોપમનું પ્રમાણ બતાવે છે –

"બાણુંક્રોડ, ઓગણસાઠ લાખ, પચ્ચીસ હજાર, નવસો પચ્ચીસ પલ્યોપમ ઉપર આઠ ભાગવાળા પલ્યોપમના સતિહા દેવાયુષ્ય બાંધે છે=૯૨ ક્રોડ, ૫૯ લાખ, ૨૫ હજાર, ૯૨૫ પલ્યોપમ ઉપર એક પલ્યોપમના ૩/૮ દેવાયુષ્ય બાંધે છે=૯૨,૫૯,૨૫,૯૨૫ ૩/૮ દેવાયુ બાંધે છે." ।।૩।। **(સંબોધ પ્રકરણ શ્રા. ૧૧૩-૫)**

"ક્રોડો જન્મ વડે તીવ્ર તપને કરતો જે નિવર્તન કરતો નથી=જે કર્મનું નિવર્તન કરતો નથી, સમભાવ ચિત્તવાળો ક્ષણાર્ધથી તે કર્મોને ખપાવે છે. ॥૪॥

જે કોઈપણ મોક્ષમાં ગયા, જે કોઈપણ મોક્ષમાં જાય છે, જે કોઈપણ મોક્ષમાં જશે તે સર્વે સામાયિકના માહાત્મ્યથી જાણવા." ॥૫॥ **(સંબોધ પ્રકરણ, શ્રા. ૧૧૬-૭)**

"હોમ કરાતો નથી તપ કરાતો નથી કે કંઈ અપાતું નથી. અહો ! આશ્ચર્ય છે કે આ અમૂલ્ય ખરીદી છે (જે) સામ્ય માત્રથી મોક્ષ છે." ॥૬॥ **(સંબોધ પ્રકરણ, શ્રા.) ॥૩૭॥**

**ભાવાર્થ :-**

સામાયિકનો અર્થ કર્યા પછી 'સામાયિક' નામના શિક્ષાવ્રતને કરનારો શ્રાવક સાધુ જેવો છે તે બતાવે છે –

જેમ સાધુ જાવજ્જીવ સુધી સમભાવવાળો હોય છે તેમ સામાયિકકાળમાં શ્રાવક પણ જગતના સર્વભાવો પ્રત્યે પોતાના ઉપયોગ દ્વારા સમભાવવાળા હોય છે. તેથી શ્રાવક પણ સાધુ જેવા છે. છતાં સાધુ ત્રિવિધ-ત્રિવિધથી સર્વ પાપોના વિરામવાળા છે. જ્યારે શ્રાવક સામાયિક દરમ્યાન પણ દ્વિવિધ-ત્રિવિધનું પ્રત્યાખ્યાન કરી શકે છે તેથી સંપૂર્ણ સાધુ સદૃશ નથી પરંતુ સાધુ થવા યત્ન કરે છે માટે સાધુ જેવા છે. તેથી શ્રાવકે શક્તિ હોય તો વારંવાર સામાયિક કરવું જોઈએ. જેથી સાધુની જેમ શ્રાવકને નિરારંભ જીવનની પ્રાપ્તિ થાય. વળી, સામાયિકમાં રહેલો શ્રાવક સમભાવના પરિણામમાં યત્નવાળો હોવાથી ભાવસ્તવમાં આરૂઢ છે. તેથી દેવપૂજાદિનો અધિકારી નથી; કેમ કે સામાયિકના પરિણામની પ્રાપ્તિ અર્થે જ દ્રવ્યસ્તવ શ્રાવકને કર્તવ્ય છે તેથી સામાયિકકાળ દરમ્યાન સમભાવના પરિણામવાળો શ્રાવક દ્રવ્યસ્તવનો અધિકારી નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવકમાં સામાયિકના પરિણામને કરવાની કુશળતા છે તે શ્રાવક શક્તિ અનુસાર સામાયિકને કરે ત્યારે દ્રવ્યસ્તવ ન કરે પરંતુ સદા માટે સામાયિકના પરિણામને ધારણ કરી શકતો નથી તેથી વિશેષ પ્રકારના સામાયિકના પરિણામની શક્તિના સંચય અર્થે ઉચિતકાળે દ્રવ્યસ્તવ પણ અવશ્ય કરે. ફક્ત સામાયિક ગ્રહણ કરે ત્યારે દ્રવ્યસ્તવ કરે નહિ.

વળી, સામાયિક ગ્રહણના વિષયમાં આ વિધિ છે –

સામાયિક કરનાર શ્રાવક બે પ્રકારના હોય છે : ૧. ઋદ્ધિવાળા ૨. ઋદ્ધિ વગરના.

જે ઋદ્ધિ વગરના શ્રાવકો છે તે પોતાના સંયોગો અનુસાર ચાર સ્થાને સામાયિક ગ્રહણ કરે છે : ૧. જિનગૃહમાં ૨. સાધુ પાસે ૩. પૌષધશાળામાં ૪. સ્વગૃહમાં.

સામાયિક ગ્રહણ કરે ત્યારે શ્રાવક સર્વ પ્રવૃત્તિઓથી વિશ્રામણ પામે છે અથવા નિર્વ્યાપારવાળા રહે છે. અર્થાત્ સંસારની સર્વ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થાય છે અને આત્માના સમભાવના પરિણામને પ્રગટ કરવા અર્થે ઉચિત યત્નવાળા થાય છે. વળી, તે અઋદ્ધિમાન શ્રાવક સાધુ સમીપે સામાયિક કરે ત્યારે જો રસ્તામાં કોઈની સાથે વિવાદ થવાનો ભય ન હોય તો સ્વગૃહમાં સામાયિક ગ્રહણ કરીને ઉપાશ્રય જાય છે. અથવા સાધુ પાસે જઈને સામાયિક ગ્રહણ કરે છે. જો સ્વગૃહમાં સામાયિક ગ્રહણ કરીને સમભાવના પરિણામને

વહન કરી શકે તેમ હોય તો સ્વગૃહથી સામાયિક ગ્રહણ કરીને જાય અન્યથા ઉપાશ્રયે જઈને સામાયિક ગ્રહણ કરે. જો સ્વગૃહથી સામાયિક ગ્રહણ કરી ઉપાશ્રયે જાય તો અત્યંત ઉપયોગપૂર્વક ઈર્યાસમિતિને પાળતો, કોઈ સાથે કંઈ બોલવાનો પ્રસંગ આવે તો સાવદ્યભાષાને નહીં બોલતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને સાધુના સ્થાને જાય અને ત્યાં જઈને સાધુને નમસ્કાર કરીને તેમની સમીપે ફરી સામાયિક ગ્રહણ કરે.

તે સામાયિક ગ્રહણનું સૂત્ર ગ્રંથકારશ્રી બતાવે છે –

સામાયિક ગ્રહણ કરતી વખતે શ્રાવક 'ભદન્ત' શબ્દથી ગુરુને ઉપસ્થિત કરે છે અને કહે છે કે હું સામાયિક ગ્રહણ કરું છું અર્થાત્ હું સમભાવના પરિણામને ઉલ્લસિત કરું છું. પરંતુ માત્ર સામાયિકના ઉચ્ચારણની ક્રિયા કરતો નથી.

કઈ રીતે સામાયિકના પરિણામને કરે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જ્યાં સુધી સાધુની પર્યુપાસના કરીશ ત્યાં સુધી મનથી-વચનથી-કાયાથી હું સાવદ્યયોગને કરીશ નહીં અને કરાવીશ નહીં.

તેથી એ પ્રાપ્ત થાય કે સાધુના પર્યુપાસના કાલ સુધી પોતે કોઈ બાહ્યપદાર્થ સાથે સંશ્લેષ પામીને મન-વચન-કાયાનો વ્યાપાર કરશે નહીં પરંતુ આત્માના સમભાવની વૃદ્ધિ થાય એ પ્રકારના ઉચિત યત્નને કરશે; કેમ કે મનથી-વચનથી-કાયાથી બાહ્યપદાર્થોનો સંશ્લેષ કરીને કોઈપણ કૃત્ય કરવામાં આવે તો તે સાવદ્ય પ્રવૃત્તિ બને છે. જેમ શરીરની અશાતા થાય તેના નિવારણ માટે કોઈ શરીરની ચેષ્ટા કરે તો તે સાવદ્યપ્રવૃત્તિ બને પરંતુ સમભાવમાં યત્ન કરવા અર્થે અને સમભાવની વૃદ્ધિ કરવા અર્થે કરાતા સ્વાધ્યાય આદિના યત્નના રક્ષણ અર્થે આવશ્યક ગણાય તો કોઈ શ્રાવક યતનાપૂર્વક કોઈ દેહની પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ સમભાવની વૃદ્ધિનો ઉપાય બને અને શાતા અર્થે કોઈ દેહની પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ સાવદ્યયોગ બને. તેથી સંસારનાં સર્વ કાર્યોથી ચિત્તને નિવર્તન કરી અને દેહ સાથેના શાતાના સંબંધને નિવર્તન કરીને સમભાવની વૃદ્ધિ થાય તે રીતે ઉચિતપ્રવૃત્તિ કરે તો શ્રાવકને દુવિધ-ત્રિવિધના સાવદ્ય આરંભની નિવૃત્તિ થાય છે.

આ રીતે પ્રતિજ્ઞા કર્યા પછી ભૂતકાળના કરાયેલા સાવદ્યવાળા આત્માને શુદ્ધ કરવા અર્થે કહે છે –

તેનું હું પ્રતિક્રમણ કરું છું અર્થાત્ ભૂતકાળમાં જે સાવદ્ય પ્રવૃત્તિ કરી છે, તેનાથી હું પાછો ફરું છું.

કઈ રીતે પાછો ફરે છે ? તેથી કહે છે –

નિંદા-ગર્હા કરવા દ્વારા હું પાછો ફરું છું.

તેથી એ પ્રાપ્ત થાય કે સામાયિક ગ્રહણ પૂર્વે જે સાવદ્ય પ્રવૃત્તિ પોતે કરી છે તે સાવદ્યપ્રવૃત્તિ પ્રત્યે નિંદા-ગર્હા દ્વારા શ્રાવક જુગુપ્સા ઉત્પન્ન કરે છે અને તેવા સાવદ્ય પ્રવૃત્તિવાળા આત્માને સામાયિક દરમ્યાન પોતે વોસિરાવે છે. જેથી સામાયિક દરમ્યાન સમભાવનો પરિણામ ઉલ્લસિત થાય છે.

વળી, સૂત્રમાં 'ભંતે' શબ્દ પ્રારંભમાં આવે છે અને અંતે પણ આવે છે. તે ગુરુના આમંત્રણ અર્થે છે. અને

ગુરુ પ્રત્યે ભક્તિનો અતિશય કરવા અર્થે બે વખત આમંત્રણનો પ્રયોગ છે. તેથી દોષ નથી. અથવા પોતે સામાયિક ગ્રહણ કર્યું છે તેનું નિવેદન કરવા અર્થે ફરી ગુરુને સંબોધન કરે છે. તેથી પોતે જે સામાયિક ગ્રહણ કર્યું છે, તે ક્રિયાનું પ્રતિક્રમણ અર્પણ થાય છે. જેમ રાજાની આજ્ઞા ગ્રહણ કરીને કોઈ કૃત્ય પૂરું કરે પછી ફરી રાજાને નિવેદન કરે કે મૈં આ કાર્ય એ પ્રમાણે કરેલું છે. એમ પ્રસ્તુતમાં પ્રથમ ગુરુને સંબોધીને હું સામાયિક કરું છું એ પ્રમાણે પ્રતિજ્ઞા કરે અને તે પ્રતિજ્ઞા 'ન કરેમિ ન કારવેમિ' સુધી પૂર્ણ થઈ તેનું નિવેદન કરવા અર્થે ફરી ગુરુને સંબોધન કરે છે અને ગુરુને કહે છે કે તેવા ભૂતકાળના અસામાયિકવાળા મારા આત્માનો હું ત્યાગ કરું છું.

વળી, હું સામાયિક કરું છું એ કથન દ્વારા વર્તમાનના સાવદ્યયોગનો પરિહાર થાય છે; કેમ કે હું સામાયિક કરું છું એમ કહીને ઉપયોગપૂર્વક બોલનાર શ્રાવક સમભાવના પરિણામને ઉલ્લસિત કરે છે. તેથી વર્તમાનમાં સાવદ્યયોગનો પરિહાર થાય છે.

વળી, 'સાવજ્જ જોગં પચ્ચક્ખામિ'થી માંડીને 'ન કરેમિ ન કારવેમિ' બોલવા દ્વારા ભવિષ્યકાળમાં સામાયિક કાળની અવધિ સુધી સાવદ્યયોગના પરિહારની પ્રતિજ્ઞા થાય છે. તેથી અનાગતનું પચ્ચક્ખાણ પ્રાપ્ત થાય છે અને 'તસ્સ ભંતે' 'પડિક્કમામિ' ઇત્યાદિ કથન દ્વારા ભૂતકાળના સાવદ્ય આરંભ પ્રત્યે જુગુપ્સા કરીને ભૂતકાળના સાવદ્યયોગવાળા આત્માને વોસિરાવવામાં આવે છે. એથી સામાયિક વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણ કાળના વિષયવાળું બને છે.

વળી, આ સામાયિક 'જાવ નિયમં પજ્જુવાસામિ'થી જઘન્યથી પણ અંતર્મુહૂર્ત પ્રમાણવાળું છે અને પોતાની સ્થિરતા વધુ જણાય તો એક અંતર્મુહૂર્ત પછી પણ શક્તિ હોય તો સામાયિકમાં જ રહેવું જોઈએ. પરંતુ સામાયિકની કાળ અવધિ પૂરી થાય કે તરત જ સામાયિક પારવી જોઈએ તેવો નિયમ નથી.

વળી, ઘરેથી સામાયિક ગ્રહણ કરીને શ્રાવક અત્યંત યતનાપૂર્વક ઉપાશ્રયે આવેલ હોવા છતાં સૂક્ષ્મ અયતનાને કારણે કોઈ દોષ લાગ્યો હોય તેની શુદ્ધિ અર્થે સાધુ પાસે જઈને ઇર્યાપથિકીનું પ્રતિક્રમણ કરે છે. પછી 'ગમણાગમણે'નું આલોચન કરે છે. ત્યારપછી ક્રમ અનુસાર સાધુઓને વંદન કરે છે. ત્યારપછી જે ગુરુ પાસે સ્વાધ્યાય કરવાનો હોય તેમને ફરી વંદન કરીને પ્રત્યુપેક્ષણાપૂર્વક આસનમાં બેસે છે અને ધર્મોપદેશ સાંભળે છે કે સૂત્રો ભણે છે કે તત્ત્વ વિષયક પૃચ્છા કરે છે.

વળી, જિનભવને સામાયિક ગ્રહણ કરવું હોય તોપણ ઘરેથી વિધિપૂર્વક સામાયિક ગ્રહણ કરીને યતનાપૂર્વક ચૈત્યમાં જાય છે અને ત્યાં ગયા પછી ઇરિયાવહિયા અને ગમનાગમનનું આલોચન કરીને ઉચિતવિધિથી ભગવાનની ભક્તિ કરે છે.

વળી, પૌષધશાળામાં કે ઘરે સામાયિક કરે તો ક્યાંય ગમન નથી. પરંતુ ત્યાં રહીને ઉચિત સ્વાધ્યાય આદિથી સામાયિકના પરિણામની વૃદ્ધિ કરે છે.

વળી, ઋદ્ધિમાન રાજા વગેરે સામાયિક કરે તો વૈભવપૂર્વક ઉપાશ્રય જાય જેથી શાસનની પ્રભાવના થાય. પરંતુ ઘરેથી સામાયિક ગ્રહણ કરીને ઉપાશ્રયે જવું રાજા માટે ઉચિત નથી. તેથી રાજાને માત્ર

સામાયિકના પરિણામનો જ આગ્રહ રાખીને ઘરેથી સામાયિક ગ્રહણ કરીને ઉપાશ્રયે જવું ઉચિત નથી પરંતુ જે રીતે અધિક લાભ થાય તે રીતે ઋદ્ધિમાન પુરુષે સામાયિક કરવું જોઈએ, જેથી શાસનની પ્રભાવના થાય. યોગ્યજીવોને ધર્મ પ્રત્યે સદ્ભાવ થાય.

વળી, જે મહાત્માઓ સમભાવના પરિણામને ઉલ્લસિત કરી સામાયિક કરે છે તેનું ફળ ઘણી નિર્જરા છે; કેમ કે અસમભાવથી જ કર્મ બંધાય છે. તે કર્મો સમભાવના પરિણામથી ઘણાં નાશ પામે છે. વળી સામાયિક દરમ્યાન જેમ સમભાવનો પરિણામ વર્તે છે તેમ સમભાવ પ્રત્યે રાગ પણ વર્તે છે. તેથી સામાયિકના પરિણામથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. જે દાનના પરિણામથી બંધાતા પુણ્ય કરતાં પણ ઘણું અતિશયવાળું પુણ્ય છે. અને જે શ્રાવક સમભાવની ધુરાને વહન કરીને બે ઘડી સામાયિક કરે છે તે શ્રાવક સામાયિક દરમ્યાન દેવલોક સંબંધી દીર્ઘ આયુષ્યનો બંધ કરે છે. તેથી સામાયિકનું ફળ ઘણી નિર્જરા અને સુગતિરૂપ દેવલોકની પ્રાપ્તિ છે. વળી, જે જીવો ક્રોડો જન્મ સુધી તીવ્ર તપ કરે છે તોપણ તે તપના કષ્ટથી એટલાં કર્મો ખપાવતા નથી જે સમભાવના ચિત્તવાળો શ્રાવક ક્ષણમાત્રમાં ખપાવે છે. વળી જે જીવો મોક્ષમાં ગયા છે અને જાય છે અને જે જવાના છે અને જે જશે તે સર્વે જીવો સામાયિકના પરિણામથી જ મોક્ષને પ્રાપ્ત કરે છે. માટે મોક્ષપ્રાપ્તિનો ઉપાય કે મોક્ષપ્રાપ્તિને અનુકૂળ નિર્જરાની પ્રાપ્તિનો ઉપાય સામાયિકના પરિણામ સિવાય અન્ય કોઈ વસ્તુ નથી. એથી માર્ગાનુસારી પ્રજ્ઞાથી શ્રાવકે સામાયિકના પરિણામને જાણીને સામાયિકનો પરિણામ ઉલ્લસિત થાય તે પ્રમાણે સામાયિક નામના શિક્ષાવ્રતમાં યત્ન કરવો જોઈએ. માત્ર ક્રિયાત્મક સામાયિક કરીને સંતોષ માનવો જોઈએ નહિ. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**इत्युक्तं सामायिकाख्यं प्रथमं शिक्षापदव्रतम्, अथ द्वितीयं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, સામાયિક નામનું પ્રથમ શિક્ષાપદવ્રત કહેવાયું. હવે બીજા એવા તેને=શિક્ષાપદવ્રતને, કહે છે –**

**શ્લોક :-**

संक्षेपणं गृहीतस्य, परिमाणस्य दिग्व्रते ।
यत्स्वल्पकालं तद् ज्ञेयं, व्रतं देशावकाशिकम् ।।३८।।

**અન્વયાર્થ :-**

**दिग्व्रते=દિગ્વ્રતના વિષયમાં, गृहीतस्य परिमाणस्य=ગૃહીત પરિમાણનું, यत्स्वल्पकालं संक्षेपणं=જે સ્વલ્પકાલ સંક્ષેપણ, तद्=તે, देशावकाशिकम् व्रतं ज्ञेयं=દેશાવગાસિક વ્રત જાણવું. ।।૩૮।।**

**શ્લોકાર્થ :-**

**દિગ્વ્રતના વિષયમાં ગૃહીત પરિમાણનું જે સ્વલ્પકાલ સંક્ષેપણ તે દેશાવગાસિકવ્રત જાણવું. ॥૩૮॥**

**ટીકા :-**

**'दिग्व्रते' प्रथमे गुणव्रते 'गृहीतस्य परिमाणस्य' यावज्जीवं संवत्सरं चतुर्मासीं वा यावद् दशदिक्षु योजनशताद्यवधिकसङ्कल्पितगमनादेरित्यर्थस्तस्य 'यत्' 'संक्षेपणं' सङ्कोचनं गृहशय्यास्थानादेः परतो निषेधरूपम्, कियत्कालमित्याह 'स्वल्पकालं' मुहूर्त्तप्रहरदिनाहोरात्रादि यावत्, यतः-**

"एगमुहुत्तं दिवसं, राइं पंचाहमेव पक्खं वा ।

वयमिह धारेह दढं, जावइअं उच्छहे कालं ॥१॥" **[सम्बोधप्र. श्रा. १२०] तद्देशावकाशिकं नाम व्रतं ज्ञेयम्, देशेदिग्व्रतगृहीतपरिमाणस्य विभागेऽवकाशः=अवस्थानं देशावकाशः, सोऽत्रास्तीति 'अतोऽनेकस्वराद्' [श्रीसि० ७-२-६]-इतीके देशावकाशिकम्, यतः सूत्रम्-**

"दिसिवयगहिअस्स दिसापरिमाणस्स पइदिणपरिमाणकरणं देसावगासिअं ।" **ति । [प्रत्याख्यानावश्यके सू. १०, हारिभद्री वृत्तिः प. ८९४]**

**दिग्व्रतसङ्क्षेपकरणम् अणुव्रतादिसङ्क्षेपकरणस्याप्युपलक्षणम्, एषामपि सङ्क्षेपस्यावश्यं कर्त्तव्यत्वात् प्रतिव्रतं च सङ्क्षेपकरणस्य भिन्नव्रतत्वे द्वादश व्रतानीतिसङ्ख्याविरोधः स्यादिति सर्वव्रतसंक्षेपरूपमिदं व्रतमिति व्यवस्थितम्, अत एव सम्प्रति श्रावकाः प्रत्यहमेतद्व्रतस्पर्शनाय पूर्वं सप्तमव्रते ये यावज्जीवं गृहीताश्चतुर्दश नियमास्तानेव प्रातः संक्षिप्य गृह्णन्ति संकोचयन्ति च सायं प्रत्याख्यानप्रान्ते 'देसावगासिअं पच्चक्खामी'त्यादिना, गुरुसमक्षं तद्व्रतं च प्रतिपद्यन्ते, उक्तं च-**

"देसावगासिअं पुण, दिसिपरिमाणस्स निच्चसंखेवो ।

अहवा सव्ववयाणं, संखेवो पइदिणं जो उ ॥१॥" **[सम्बोधप्र. श्रा. १२२]**

**स्वापाद्यवसरे च विशेषतः सर्वव्रतसंक्षेपरूपमिदं ग्रन्थिसहितादिना स्वीकार्यम्, उक्तं च दिनकृत्ये-**

"पाणिवहमुसादत्तं, मेहुणदिणलाभणत्थदंडं च ।

अंगीकयं च मुत्तुं, सव्वं उवभोगपरिभोगं ॥१॥

गिहि(ह)मज्झं मुत्तूणं, दिसिगमणं मुत्तु मसगजूआई ।

वयकाएहिं न करे, न कारवे गंठिसहिएणं ॥२॥" **[श्राद्धदिनकृत्ये गा. ३००-१]**

**दिणलाभत्ति-विद्यमानः परिग्रहो दिनलाभश्च प्रातर्न नियमित इदानीं तु तमपि नियच्छामीत्यर्थः । 'वयकाएहिं' ति मनसो निरोद्धुमशक्यत्वाद्वाक्कायाभ्यां न करोमि न कारयामीत्यर्थः ।**

**एतत्फलं चैवं–यथा हि केनचिन्मान्त्रिकेण सर्वाङ्गतं विषधरादिविषं निजमन्त्रप्रयोगेण दंश एवाऽऽनीयते, एवं धार्मिकेणाप्येतद्व्रतयोगेन बहुसावद्यव्यापारः संक्षिप्याधिकृतदेशमात्रे आनीयते, तत्संक्षेपे च कर्मणामपि संक्षेपस्ततश्च क्रमेण निःश्रेयसावाप्तिरिति ।।३८।।**

**ટીકાર્થ :-**

'दिग्व्रते' ..... निःश्रेयसावाप्तिरिति ।। **દિગ્વ્રતમાં=પ્રથમ ગુણવ્રતમાં, ગૃહીત પરિમાણનું=જાવજ્જીવ અથવા સંવત્સર અથવા ચાતુર્માસ સુધી દશદિશામાં યોજનશતાદિ અવધિક સંકલ્પિત ગમનાદિ હોવાથી એ પ્રકારનો અર્થ છે=ગૃહીત પરિમાણનો અર્થ છે. તેનું=ગૃહીત પરિમાણનું, જે સંક્ષેપણ= સંકોચન=ગૃહ, શય્યા સ્થાનાદિથી અન્યત્ર (બીજે) નિષેધરૂપ સંકોચન, કેટલો કાળ નિષેધ ? એથી કહે છે. સ્વલ્પકાલ=મુહૂર્ત, પ્રહર, દિવસ, અહોરાત્રિ આદિ સુધી જે નિષેધ તે દેશાવગાસિક નામનું વ્રત છે. જે કારણથી કહેવાયું છે –**

"અહીં=શ્રાવકપણામાં, એક મુહૂર્ત, દિવસ, રાત્રિ, પાંચ દિવસ અથવા પક્ષ=પખવાડિયું, જ્યાં સુધી કાલ પૂરો ન થાય ત્યાં સુધી દૃઢ વ્રત ધારણ કરે." ।।૧।। **(સંબોધ પ્રકરણ શ્રા. ૧૨૦)**

'દેશાવકાસિક' શબ્દની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે –

**દેશમાં=દિગ્વ્રતથી ગૃહીત પરિમાણના વિભાગમાં, અવકાશ=અવસ્થાન એ દેશ અવકાશ છે તે આમાં છે. 'अतोऽनेकस्वराद्' એ પ્રકારના સૂત્રથી 'इक' પ્રત્યય લાગ્યો તેનાથી દેશાવકાસિક શબ્દ બન્યો છે. જે કારણથી સૂત્ર છે –**

"દિશાના વ્રતના ગૃહીત એવા શ્રાવકને દિશાપરિમાણનું પ્રતિદિન પરિમાણનું કરણ દેશાવગાસિક છે." **(પ્રત્યાખ્યાન આવશ્યક સૂ. ૧૦, હારિભદ્રીવૃત્તિ પ. ૮૯૪).**

**'ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**દિગ્વ્રતના સંક્ષેપનું કરણ અણુવ્રતાદિના સંક્ષેપકરણનું ઉપલક્ષણ છે; કેમ કે આમના પણ=અણુવ્રતાદિના પણ, સંક્ષેપનું અવશ્ય કર્તવ્યપણું છે અને પ્રતિવ્રત સંક્ષેપકરણનું ભિન્નવ્રતપણું હોતે છતે બાર વ્રતો છે એ સંખ્યાનો વિરોધ થાય એથી સર્વવ્રતના સંક્ષેપરૂપ આ વ્રત છે=દેશાવગાસિક વ્રત છે, એ પ્રમાણે વ્યવસ્થિત છે. આથી જ વર્તમાનમાં શ્રાવકો પ્રતિદિવસ આ વ્રતના સ્પર્શન માટે, પૂર્વમાં સાતમાં વ્રતમાં જે યાવજ્જીવ ગૃહીત ચૌદ નિયમો છે તેને સવારમાં સંક્ષેપ કરીને ગ્રહણ કરે છે, અને સાંજના સંકોચ કરે છે અને પ્રત્યાખ્યાનના અંતમાં=પચ્ચક્ખાણના અંતે, 'देसावगासिअं पच्चक्खामि' ઇત્યાદિ દ્વારા ગુરુ સમક્ષ તે વ્રતને સ્વીકારે છે. અને કહેવાયું છે –**

"વળી, દેશાવગાસિક દિશિ પરિમાણનો નિત્ય સંક્ષેપ છે. અથવા સર્વ વ્રતોનો પ્રતિદિવસ જે સંક્ષેપ છે. (તે દેશાવગાસિક છે.)" ।।૧।। **(સંબોધ પ્રકરણ શ્રા. ૧૨૨)**

**અને સૂવાના અવસરે વિશેષથી સર્વવ્રતના સંક્ષેપરૂપ આ=દેશાવગાસિક વ્રત, ગ્રંથિ સહિત આદિ**

**દ્વારા સ્વીકારવું જોઈએ=આ વસ્ત્રની 'ગાંઠ હું છોડું નહીં ત્યાં સુધી મારું પચ્ચકખાણ છે' ઈત્યાદિ દ્વારા સ્વીકારવું જોઈએ અને 'દિનકૃત્ય' ગ્રંથમાં કહેવાયું છે –**

"અને અંગીકૃત સર્વ ઉપભોગ પરિભોગને છોડીને=રાત્રે સૂતી વખતે સ્વીકારાયેલા પથારી આદિ ઉપભોગ પરિભોગના સાધનને છોડીને ગૃહ મધ્યે દિશિગમનને છોડીને, મશગ જૂ આદિ છોડીને પ્રાણીવધ, મૃષા, અદત્ત, મૈથુન, દિણલાભ=વિદ્યમાન પરિગ્રહ, અનર્થદંડ વચન અને કાયાથી હું કરીશ નહીં અને કરાવીશ નહીં એ પ્રમાણે ગ્રંથિ સહિત પચ્ચકખાણ કરે." ॥૧-૨॥ **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૩૦૦-૩૦૧)**

ઉદ્ધરણના 'દિણલાભ'નો અર્થ કરે છે –

**વિદ્યમાન પરિગ્રહ અને દિવસનો લાભ, સવારમાં નિયમિત નહીં કરાયેલો હમણાં તેને પણ નિયમિત કરું છું એ પ્રકારનો અર્થ છે. 'वयकाएहि' એ પ્રકારના કથન દ્વારા મનનો નિરોધ કરવો અશક્ય હોવાથી વાણી અને કાયા દ્વારા હુ ન કરું અને ન કરાવું એ પ્રકારનો અર્થ છે.**

**અને આવું ફળ=દેશાવગાસિકવ્રતનું ફળ, આ પ્રમાણે છે. જે પ્રમાણે કોઈ માંત્રિક વડે સર્વ અંગગત સાપાદિનું વિષ પોતાના મંત્રના પ્રયોગથી દંશના સ્થાનમાં લવાય છે એ રીતે ધાર્મિક વડે પણ આ વ્રતના યોગથી બહુસાવદ્ય વ્યાપાર સંક્ષેપ કરીને અધિકૃત દેશમાત્ર સ્થાનમાં લવાય છે. અને તેના સંક્ષેપમાં=બહુસાવદ્ય વ્યાપારના સંક્ષેપમાં, કર્મોનો પણ સંક્ષેપ થાય છે. અને તેથી ક્રમશઃ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સંસારના પારમાર્થિક સ્વરૂપને જાણે છે અને સંસારના ઉચ્છેદનો ઉપાય સંપૂર્ણ સાવદ્યના ત્યાગપૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિપૂર્વક સાધુ, જીવન જીવે છે તેવો સ્પષ્ટ બોધ શ્રાવકને હોય છે. આવા સાધુજીવનના શક્તિના સંચય અર્થે પોતે દેશવિરતિ સ્વીકારે છે અને તે દેશવિરતિમાં છટ્ઠા અણુવ્રત દ્વારા જાવજ્જીવ કે ૧૨ મહિના આદિની મર્યાદા રૂપ ક્ષેત્રનો સંકોચ કરે છે. જેથી પોતાના દેશથી અવિરતિના પરિણામને કારણે જે આરંભ-સમારંભનો પરિણામ છે તેનો સંકોચ થાય છે. તે સંકોચનો અતિશય કરવા અર્થે પ્રતિદિન શક્તિ અનુસાર જઘન્યથી બે ઘડીનું કે તેથી અધિક કાલ-અવધિનું દેશાવગાસિક વ્રત ગ્રહણ કરે છે અને સંકલ્પ કરે છે કે ગૃહના શય્યાસ્થાનાદિ સિવાય હું બહાર ક્યાંય જઈશ નહીં અને આ વ્રત ગ્રહણ કર્યા પછી ઘરમાં બેસીને શક્તિ હોય તો ધર્મધ્યાનાદિને અનુકૂળ સ્વાધ્યાયાદિ કરે અને કદાચ તેવા સંયોગ ન હોય તો કોઈ ગૃહનાં કાર્ય કરે છતાં તે ગૃહાદિથી બહારના ક્ષેત્રથી કોઈ વસ્તુ મંગાવે નહીં કે કોઈ વસ્તુ પોતે લેવા જાય નહિ, કોઈને લેવા મોકલે નહીં અને કોઈ બહાર રહેલો પુરુષ હોય અને તેની પાસેથી કોઈ કામ કરાવવું હોય તો તેને બોલાવવા માટે કોઈપણ ઇશારાદિથી પ્રયત્ન કરે નહિ; કેમ કે તેમ કરવાથી બહારના ક્ષેત્રના કાર્ય સાથે સંબંધનો પરિણામ થાય છે. આ રીતે, સંકોચ કર્યા પછી સર્વવિરતિનો અત્યંત અર્થી એવો શ્રાવક અન્ય હિંસાદિનાં વ્રતોના સંકોચ અર્થે સૂતી વખતે વિશેષથી ગ્રંથિ સહિત પચ્ચક્ખાણ કરે

છે અને તે વખતે પ્રતિજ્ઞા કરે છે કે આ વસ્ત્રાદિની ગાંઠને હું છોડીશ નહીં ત્યાં સુધી રાત્રે સૂવા માટે સ્વીકારાયેલા ઉપભોગ-પરિભોગની સામગ્રીને છોડીને અન્ય કોઈ વસ્તુનો ઉપભોગ કરીશ નહીં અને ઘરની મધ્યમાં દિશાઓના ગમનને છોડીને હું ક્યાંય બહાર જઈશ નહીં અને રાત્રિના મચ્છર જૂ આદિ અનાભોગથી મરી જાય તેને છોડીને કોઈ પ્રાણીનો વધુ હું કરીશ નહિ. તેમજ કોઈપણ પ્રકારનો મૃષાવાદ, કોઈ પ્રકારનું અદત્તાદાન, મૈથુન અને મારો જે વિદ્યમાન પરિગ્રહ છે અને દિવસનો મને જે કોઈ લાભ થયો છે તે સર્વ વિષયોમાં હું કોઈ પ્રવૃત્તિ કરીશ નહીં અને અનર્થદંડનો પણ હું ત્યાગ કરું છું. મનનો સંકોચ કરવો દુષ્કર છે તેથી વચન અને કાયાથી હું કોઈ કાર્ય કરીશ નહીં અને કરાવીશ નહિ. આ પ્રકારે સર્વવિરતિના પરિણામના પ્રતિસંધાનપૂર્વક તેની શક્તિ સંચય અર્થે શ્રાવક પ્રતિદિન ક્ષેત્રનો સંકોચ કરે છે અને વિશેષથી રાત્રે ગ્રંથિ સહિત પચ્ચક્ખાણ કરે છે જેના કારણે તેના શરીરમાં રહેલા બાહ્ય પદાર્થના મમત્વરૂપ ઝેર અત્યંત અલ્પ થાય છે. જેમ આખા શરીરમાં વ્યાપ્ત થયેલું ઝેર માંત્રિક, મંત્ર દ્વારા દંશના સ્થાને લાવે છે, તેમ આત્મામાં ઘણા પદાર્થો પ્રત્યેના મમત્વરૂપ ઝેરને શ્રાવક ગ્રંથિ સહિત પચ્ચક્ખાણ દ્વારા સંકોચ કરીને સર્વવિરતિના નજીકની ભૂમિકાવાળા પરિણામને પ્રાપ્ત કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે ગ્રંથિ સહિત પચ્ચક્ખાણ કર્યું હોય ત્યારે કોઈ ત્રસ કે સ્થાવર જીવોની હિંસા ન થાય તે રીતે વચન અને કાયાથી શ્રાવકે હિંસાનો ત્યાગ કરવો જોઈએ. તેથી શ્રાવક કોઈ સચિત્ત વસ્તુને અડે નહિ, કાચા પાણી આદિનો પણ આરંભ કરે નહીં અને વચનથી પણ તેવું કાર્ય કરવાનું કોઈને કહે નહિ. વળી, ધર્મધ્યાનનું કારણ હોય તેવા વચનપ્રયોગને છોડીને અન્ય કોઈ આરંભ-સમારંભનો વચનપ્રયોગ પણ કરે નહીં અને અનાભોગથી સૂક્ષ્મ પણ મૃષાવાદની પ્રાપ્તિ ન થાય તે અર્થે અત્યંત, પ્રયોજન ન હોય તો કોઈ વચનપ્રયોગ કરે નહીં અને કોઈને કંઈ કહેવાનું પ્રયોજન થાય તો નિરવદ્ય ભાષા જ બોલે. વળી, અદત્તાદાનના પરિહાર માટે પણ સૂક્ષ્મ યતના કરે જેથી કોઈ જીવઅદત્તની પોતાને પ્રાપ્તિ ન થાય. કામના વિકારોનો અત્યંત નિરોધ કરે. પોતાનો ધનનો કે દિવસમાં કરેલા લાભનો વિચાર કરે નહિ. તેના વિશે કોઈ વચનપ્રયોગ ન કરે. વળી, કોઈ હાસ્યાદિ વચન દ્વારા કોઈ અનર્થદંડની પ્રાપ્તિ ન થાય તે પ્રકારે ચિત્તનો સંકોચ કરે અને આ પ્રમાણે સંકોચ કરેલો હોવાથી ઊંઘમાં પણ તે પ્રકારનો સંકોચ વિદ્યમાન હોવાથી સંવરભાવ વધે છે; કેમ કે વચન અને કાયાથી હું આ સર્વ આરંભ કરીશ નહીં તે પ્રકારનો સંકલ્પ પ્રતિજ્ઞાના બળથી ચિત્તમાં અવસ્થિત છે. તેથી રાત્રિમાં જાગે તોપણ સહસા ગમનની પ્રવૃત્તિ કે તેવા આરંભની પ્રવૃત્તિ શ્રાવક કરતો નથી. અનિવાર્ય જણાય તો ગાંઠને છોડીને યતનાપૂર્વક કરે છે. આ રીતે, આરંભ-સમારંભનો અત્યંત સંકોચ કરવાથી સતત વ્રતના પરિણામના બળથી સદ્ગતિની પ્રાપ્તિ સુલભ બને છે. આરંભકૃત કર્મબંધ અલ્પ થાય છે. ચિત્ત સદા સર્વવિરતિના પરમાર્થને જાણીને સર્વવિરતિની શક્તિ સંચય અર્થે પ્રયત્નશીલ બને છે અને કદાચ રાત્રે જાગી જાય તોપણ પ્રાયઃ શ્રાવક ધર્મજાગ્રિકા કરી આત્માને તત્ત્વથી ભાવિત કરે છે. આ રીતે, છઠ્ઠા વ્રતના સંકોચ અર્થે બતાવેલું દેશાવગાસિકવ્રત અન્ય પણ સર્વ વ્રતોના સંકોચ સાથે જોડાયેલું છે. તે ઉપલક્ષણથી જાણવું; કેમ કે તેમ ન સ્વીકારીએ તો છઠ્ઠા વ્રતના સંકોચરૂપ જેમ સ્વતંત્ર દેશાવગાસિક વ્રત છે તેમ પ્રાણાતિપાતાદિવ્રતના સંકોચરૂપ અન્ય વ્રતોની પણ પ્રાપ્તિ

થાય. તેથી શ્રાવકના ૧૨ વ્રતોની સંખ્યાનું ઉલ્લંઘન થાય. અને શાસ્ત્રમર્યાદા પ્રમાણે શ્રાવકનાં ૧૨ વ્રતોને સુરક્ષિત રાખવા અર્થે દેશાવગાસિકવ્રતના સંકોચ અંતર્ગત જ શક્તિ અનુસાર શ્રાવકે અન્ય વ્રતોનો પણ સંકોચ કરવો જોઈએ. **॥૩૮॥**

**અવતરણિકા :-**

**अभिहितं द्वितीयं शिक्षापदव्रतम्, अथ तृतीयं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**બીજું શિક્ષાપદવ્રત કહેવાયું. હવે ત્રીજા એવા તેને=શિક્ષાપદવ્રતને, કહે છે –**

**શ્લોક :-**

आहारतनुसत्काराऽब्रह्मसावद्यकर्मणाम् ।
त्यागः पर्वचतुष्टय्यां, तद्विदुः पौषधव्रतम् ।।३९।।

**અન્વયાર્થ :-**

**पर्वचतुष्टय्यां=પર્વચતુષ્ટયીમાં=ચાર પર્વમાં, आहारतनुसत्काराऽब्रह्मसावद्यकर्मणाम्=આહાર, શરીર-સત્કાર, અબ્રહ્મ અને સાવદ્યકર્મનો, त्यागः=ત્યાગ, तद्=તે, पौषधव्रतम्=પૌષધવ્રત, विदुः=કહે છે. ॥૩૯॥**

**શ્લોકાર્થ :-**

**ચાર પર્વમાં, આહાર, શરીરસત્કાર, અબ્રહ્મ અને સાવદ્યકર્મનો ત્યાગ તે પૌષધવ્રત કહે છે. ॥૩૯॥**

**ટીકા :-**

**पर्वचतुष्टयी अष्टमीचतुर्दशीपूर्णिमाअमावास्यालक्षणा तस्याम्, आहारःप्रतीतः, तनुसत्कारः स्नानोद्वर्त्तनवर्णकविलेपनपुष्पगन्धविशिष्टवस्त्रादिः, अब्रह्म=मैथुनम्, सावद्यकर्म=कृषिवाणिज्यादि, एतेषां यस्त्यागस्तत्पौषधव्रतं विदुर्जिना इत्यन्वयः । यतः सूत्रम्–**

"पोसहोववासे चउव्विहे पण्णत्ते तंजहा-आहारपोसहे, सरीरसक्कारपोसहे, बंभचेरपोसहे, अव्वावारपोसहे" **त्ति [प्रत्याख्यानावश्यक सूत्र. ११, हारिभद्री वृत्तिः प. ८३५]**

**तत्र पोषं=पुष्टिं, प्रक्रमाद्धर्मस्य धत्ते इति पोषधः, स एव व्रतं पोषधव्रतमित्यर्थः पोषधोपवास इत्यप्युच्यते, तथाहि–पोषध उक्तनिर्वचनोऽवश्यमष्टम्यादिपर्वदिनानुष्ठेयो व्रतविशेषस्तेनोपवसनम्-अवस्थानं पोषधोपवासः, अथवा पोषधः=अष्टम्यादिपर्वदिवसः, उपेति सह उपावृत्तदोषस्य सतो गुणैराहारपरिहारादिरूपैर्वास उपवासः, यथोक्तम्–**

"उपावृत्तस्य दोषेभ्यः, सम्यग्वासो गुणैः सह ।

उपवासः स विज्ञेयो, न शरीरविशोषणम् ।।१।।" **[धर्मबिन्दु ३/१८ टीका] इति ।**

**ततः, पोषधेषूपवासः पोषधोपवासः । आवश्यकवृत्तावित्थं व्याख्याततत्वात् । तथाहि–**

"इह पोषधशब्दो रूढ्या पर्वसु वर्त्तते, पर्वाणि चाष्टम्यादितिथयः, पूरणात्पर्व धर्मोपचयहेतुत्वादित्यर्थः । पोषधेषूपवसनं पोषधोपवासः नियमविशेषाभिधानं चेदमिति" **[आवश्यकहारिभद्री वृत्तिः प. ८३५]**

**इयं च व्युत्पत्तिरेव प्रवृत्तिस्त्वस्य शब्दस्याहारादिचतुष्कवर्जनेषु, समवायाङ्गवृत्तौ श्रीअभयदेवसूरिभिरेवमेव व्याख्याततत्वात् । पौषधश्चाहार १ शरीरसत्कार २ ब्रह्मचर्या ३-ऽव्यापार ४ भेदाच्चतुर्द्धा, एकैकोऽपि देशसर्वभेदाद्द्विधेत्यष्टधा, तत्राहारपोषधो-देशतो विवक्षितविकृतेरविकृतेराचाम्लस्य वा सकृदेव द्विरेव वा भोजनमिति, सर्वतस्तु चतुर्विधस्याप्याहारस्याहोरात्रं यावत्प्रत्याख्यानम् १ । शरीरसत्कारपोषधो देशतः शरीरसत्कारस्यैकतरस्याकरणम्, सर्वतस्तु सर्वस्यापि तस्याकरणम् २ । ब्रह्मचर्यपोषधोऽपि देशतो दिवैव रात्रावेव सकृदेव द्विरेव वा स्त्रीसेवां मुक्त्वा ब्रह्मचर्यकरणम्, सर्वतस्तु अहोरात्रं यावत् ब्रह्मचर्यपालनम् ३ । कुव्यापारपोषधस्तु-देशत एकतरस्य कस्यापि कुव्यापारस्याकरणम्, सर्वतस्तु सर्वेषां कृषिसेवावाणिज्यपाशुपाल्यगृहकर्मादीनामकरणम् ४ ।**

**इह च देशतः कुव्यापारनिषेधे सामायिकं करोति वा न वा, सर्वतस्तु कुव्यापारनिषेधे नियमात्करोति सामायिकम् अकरणे तु तत्फलेन वञ्च्यते, सर्वतः पोषधव्रतं च चैत्यगृहे वा साधुमूले वा गृहे वा पौषधशालायां वा त्यक्तमणिसुवर्णाद्यलङ्कारो व्यपगतमालाविलेपनवर्णकः परिहृतप्रहरणः प्रतिपद्यते, तत्र च कृते पठति, पुस्तकं वाचयति, धर्मध्यानं ध्यायति, यथा-एतान् साधुगुणानहं मन्दभाग्यो न समर्थो धारयितुमिति आवश्यकचूर्णि, श्रावकप्रज्ञप्तिवृत्त्याद्युक्तो विधिः ।**

**योगशास्त्रवृत्तौ त्वयमधिकस्तथाहि–**"यद्याहारशरीरसत्कारब्रह्मचर्यपोषधवत्कुव्यापारपोषधमप्यन्यत्रानाभोगेनेत्याद्याकारोच्चारणपूर्वकं प्रतिपद्यते, तदा सामायिकमपि सार्थकं भवति, स्थूलत्वात्पोषधप्रत्याख्यानस्य, सूक्ष्मत्वाच्च सामायिकव्रतस्येति, तथा पोषधवताऽपि सावद्यव्यापारो न कार्य एव, ततः सामायिकमकुर्वंस्तल्लाभाद्भ्रश्यतीति यदि पुनः सामाचारीविशेषात्सामायिकमिव द्विविधं त्रिविधेनेत्येवं पोषधं प्रतिपद्यते, तदा सामायिकार्थस्य पोषधेनैव गतत्वान्न सामायिकमत्यन्तं फलवत्, यदि परं पोषधसामायिकलक्षणं व्रतद्वयं प्रतिपन्नं मयेत्यभिप्रायात्फलवदिति" **[३/८५. प. ४८६-७]**

**एतेषां चाहारादिपदानां चतुर्णां देशसर्वविशेषितानामेकद्व्यादिसंयोगजा अशीतिर्भङ्गा भवन्ति ।**

**तथाहि–एककसंयोगाः प्रागुक्ता एवाष्टौ ।**

द्विकसंयोगाः षट्, एकैकस्मिंश्च द्विकयोगे देदे १ देस २ सदे ३ सस ४ एवं चत्वारश्चत्वारो भङ्गा भवन्ति, सर्वे चतुर्विंशतिः ।

त्रिकयोगाश्चत्वारो भवन्ति, एकैकस्मिंश्च त्रिकयोगे देशसर्वापेक्षया देदेदे १ देदेस २ देसदे ३ देसस ४ सदेदे ५ सदेस ६ ससदे ७ ससस ८ एवमष्टावष्टौ भवन्ति, सर्वे द्वात्रिंशत् ।

चतुष्कयोग एकः, तत्र देशसर्वापेक्षया षोडशभङ्गा देदेदेदे १ देदेदेस २ देदेसदे ३ देदेसस ४ देसदेदे ५ देसदेस ६ देससदे ७ देससस ८ सदेदेदे ९ सदेदेस १० सदेसदे ११ सदेसस १२ ससदेदे १३ ससदेस १४ सससदे १५ ससससस १६ एवं सर्वेषां मीलनेऽशीतिर्भङ्गाः स्युः ।

स्थापनायन्त्रकाणि चेमानि—एतेषां मध्ये पूर्वाचार्यपरम्परया सामाचारीविशेषेणाहारपोषध एव देशसर्वभेदाद्द्विधापि सम्प्रति क्रियते, निरवद्याहारस्य सामायिकेन सहाविरोधदर्शनात् सर्वसामायिकव्रतवता साधुना इव उपधानतपोवाहिश्रावकेणाप्याहारग्रहणात्, शेषास्त्रयः पोषधाः सर्वत एवोच्चार्यन्ते, देशतस्तैः प्रायः सामायिकस्य विरोधात्, यतः सामायिके 'सावज्जं जोगं पच्चक्खामी'त्युच्चार्यते, शरीरसत्कारादित्रये तु प्रायः सावद्यो योगः स्यादेव, निरवद्यदेहसत्कारव्यापारावपि विभूषादिलोभनिमित्तत्वेन सामायिके निषिद्धावेव, आहारस्य त्वन्यथा शक्त्यभावे धर्मानुष्ठाननिर्वाहार्थं साधुवदुपासकस्याप्यनुमतत्वात्, उक्तं चावश्यकचूर्णौ—

## पौषधस्याशीतिभङ्गयन्त्रकाणि

| एकसंयोगा देशतः ४ | एककभङ्गाः सर्वतः ४ | आहारशरीरयोगे ४ | आहारब्रह्मयोगे ४ |
|---|---|---|---|
| आ०पो०दे० १ | आ०पो०स० ५ | आ०पो०दे०स०पो०दे० १ | आ-पो०दे०बं०पो०दे० ५ |
| स०पो०दे० २ | स०पो०स० ६ | आ०पो०दे०स०पो०स० २ | आ०पो०दे०बं०पो०स० ६ |
| बं०पो०दे० ३ | बं०पो०स० ७ | आ०पो०दे०स०पो०दे० ३ | आ०पो०स०बं०पो०दे० ७ |
| अ०पो०दे० ४ | अ०पो०स० ८ | आ०पो०स०स०पो०स० ४ | आ०पो०स०बं०पो०स० ८ |

| आहारव्यापारयोगे ४ | शरीरब्रह्मयोगे ४ | शरीराव्यापारयोगे ४ | ब्रह्माव्यापारयोगे ४ |
|---|---|---|---|
| आ०पो०दे०अ०पो०दे०९ | स०पो०दे०बं०पो०दे०१३ | स०पो०दे०अ०पो०दे०१७ | बं०पो०दे०अ०पो०दे०२१ |
| आ०पो०दे०अ०पो०स१० | स०पो०दे०बं०पो०स०१४ | स०पो०स०अ०पो०स०१८ | बं०पो०दे०अ०पो०स० २२ |
| आ०पो०स०अ०पो०दे०११ | स०पो०स०बं०पो०दे०१५ | स०पो०स०अ०पो०दे०१९ | बं०पो०स०अ०पो०दे०२३ |
| आ०पो०स०अ०पो०स०१२ | स०पो०स०बं०पो०स०१६ | स०पो०स०अ०पो०स०२० | बं०पो०स०अ०पो०स०२४ |

**पौषधव्रताधिकारे तु–**

"तं सत्तिओ करिज्जा, तवो अ जं वण्णिओ समासेणं ।
देसावगासिएणं, जुत्तो सामाइएणं वा ।।१।।" **[तुला-आवश्यकचूर्णिः प. ३०४]**

**निशीथभाष्येऽप्युक्तं पौषधिनमाश्रित्य–**

"उद्दिट्ठकडंपि सो भुंजे" इति, चूर्णौ च "जं च उद्दिट्ठकडं तं कडसामाइओऽवि भुंजे" **इति ।**

**इदं च पोषधसहितसामायिकापेक्षयैव संभाव्यते, केवलसामायिके तु मुहूर्त्तमात्रमानत्वेन पूर्वाचार्यपरम्परादिनाऽऽहारग्रहणस्याक्रियमाणत्वात्, श्रावकप्रतिक्रमणसूत्रचूर्णावप्युक्तम्–**

"जइ देसओ आहारपोसहिओ तो भत्तपाणस्स गुरुसक्खिअं पारावित्ता आवस्सिअं करित्ता ईरिआसमिइए गंतुं घरं इरियावहिअं पडिक्कमइ, आगमणालोअणं च करेइ, चेइए वंदेइ, तओ संडासयं पमज्जित्ता पाउंछणे निसीअइ, भायणं पमज्जइ, जहोचिए अ भोअणे परिवेसिए पंचमंगलमुच्चारेइ, सरेइ पच्चक्खाणं, ओ वयणं पमज्जित्ता"–

**आहारादिचतुर्णां त्रिकयोगे भङ्गाः ४ । तत्रैकैकस्मिन् दे०दे०दे० इत्याद्यष्टयोजने ३२**

**आहारशरीरब्रह्मयौगिकस्य दे०दे०दे० इत्यादियोगेऽष्टौ**

**आ०पो०दे०स०पो०दे०बं०पो०दे० १**
**आ०पो०दे०स०पो०दे०बं०पो०स० २**
**आ०पो०दे०स०पो०स०बं०पो०दे० ३**
**आ०पो०दे०स०पो०स०बं०पो०स० ४**
**आ०पो०स०स०पो०दे०बं०पो०दे० ५**
**आ०पो०स०स०पो०दे०बं०पो०स० ६**
**आ०पो०स०स०पो०स०बं०पो०दे० ७**
**आ०पो०स०स०पो०स०बं०पो०स० ८**

**आहारशरीरअव्यापारयौगिकस्य दे०दे०दे० इत्यादियोगेऽष्टौ यथा**

**आ०पो०दे०स०पो०दे०अ०पो०दे० ९**
**आ०पो०दे०स०पो०दे०अ०पो०स० १०**
**आ०पो०दे०स०पो०स०अ०पो०दे० ११**
**आ०पो०दे०स०पो०स०अ०पो०स० १२**
**आ०पो०स०स०पो०दे०अ०पो०दे० १३**
**आ०पो०स०स०पो०दे०अ०पो०स० १४**
**आ०पो०स०स०पो०स०अ०पो०दे० १५**
**आ०पो०स०स०पो०स०अ०पो०स० १६**

| आहारब्रह्मअव्यापारयौगिकस्य देoदेoदेo इत्यादियोगेऽष्टौ यथा | शरीरब्रह्मअव्यापारयौगिकस्य पूर्ववत् अष्टभङ्गाः । |
|---|---|
| आoपोoदेoबंoपोoदेoअoपोoदेo १७ | सoपोoदेoबंoपोoदेoअoपोoदेo २५ |
| आoपोoदेoबंoपोoदेoअoपोoसo १८ | सoपोoदेoबंoपोoदेoअoपोoसo २६ |
| आoपोoदेoबंoपोoसoअoपोoदेo १९ | सoपोoदेoबंoपोoसoअoपोoदेo २७ |
| आoपोoदेoबंoपोoसoअoपोoसo २० | सoपोoदेoबंoपोoसoअoपोoसo २८ |
| आoपोoसoबंoपोoदेoअoपोoदेo २१ | सoपोoसoबंoपोoदेoअoपोoदेo २९ |
| आoपोoसoबंoपोoदेoअoपोoसo २२ | सoपोoसoबंoपोoदेoअoपोoसo ३० |
| आoपोoसoबंoपोoसoअoपोoदेo २३ | सoपोoसoबंoपोoदेoअoपोoदेo ३१ |
| आoपोoसoबंoपोoसoअoपोoसo २४ | सoपोoसoबंoपोoसoअoपोoसo ३२ |

"असरसरं अचवचवं, अद्दुअमविलंबिअं अपरिसाडिं ।
मणवयणकायगुत्तो, भुंजइ साहुव्व उवउत्तो ।।१।।" **[श्राद्धप्रतिक्रमणसूत्रचूर्णि]**

"जायामायाए भुच्चा फासुअजलेण मुहसुद्धिं काउं नवकारसरणेण उट्ठाइ, देवे वंदइ, वंदणयं दाउं संवरणं काऊण पुणोवि पोसहसालाए गंतुं सज्झाइंतो चिट्ठइ" **त्ति [ ] ।**

**अतो देशपोषधे सामायिकसद्भावे यथोक्तविधिना भोजनमागमानुमतमेव दृश्यते ।**

**ટીકાર્થ :-**

पर्वचतुष्टयी ..... दृश्यते । **ચાર પર્વ સંબંધી આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાસ રૂપ, તેમાં=ચાર પર્વમાં, પ્રતીત એવો આહાર, સ્નાન-ઉદ્વર્તન-વર્ણક-વિલેપન-પુષ્પગંધવિશિષ્ટ વસ્ત્રાદિરૂપ શરીરસત્કાર, અબ્રહ્મ=મૈથુન, સાવદ્યકર્મ=કૃષિ, વાણિજ્ય આદિ, આ સર્વનો જે ત્યાગ તે પૌષધવ્રત ભગવાન કહે છે, એ પ્રમાણે અન્વય છે. જે કારણથી સૂત્ર છે –**

"પૌષધોપવાસ ચાર પ્રકારનો છે તે આ પ્રમાણે – આહારપૌષધ, શરીરસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ, અવ્યાપારપૌષધ." ।।૧।। **(પ્રત્યાખ્યાનાવશ્યક સૂત્ર ૧૧, હારિભદ્રીવૃત્તિ પ. ૮૩૫)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**ત્યાં='પૌષધોપવાસ' શબ્દમાં, પોષને=પુષ્ટિને, પ્રક્રમથી ધર્મની પુષ્ટિને આપે એ પૌષધ. તે જ વ્રત પૌષધવ્રત છે. એ પ્રમાણે અર્થ છે. અને એ પૌષધવ્રત પૌષધોપવાસ એ પ્રમાણે પણ કહેવાય છે. તે આ પ્રમાણે – પૌષધ ઉક્ત નિર્વચનવાળો=હમણાં કહેવાયેલ વ્યુત્પત્તિવાળો પૌષધ, અવશ્ય અષ્ટમી આદિ પર્વ દિવસોમાં અનુષ્ઠેય વ્રતવિશેષ છે, તેનાથી ઉપવસન=અવસ્થાન, પૌષધોપવાસ છે.**

**'અથવા'થી પોષધોપવાસની અન્ય પ્રકારે વ્યુત્પત્તિ કરે છે –**

**પોષધ અષ્ટમી આદિ પર્વ દિવસ છે. 'उप' ઉપસર્ગ એ 'सह' અર્થમાં છે. ઉપાવૃતદોષવાળા છતા= પોતાનામાં વિદ્યમાન દોષોને સંકોચ કરીને પ્રવર્તતા છતા પુરુષનો, આહારના પરિહાર આદિ રૂપ ગુણોની સાથે વાસ ઉપવાસ છે. જે પ્રમાણે કહેવાયું છે –**

"દોષોથી ઉપાવૃત એવા જીવનો=દોષોથી સંવૃત્ત એવા જીવનો, ગુણોની સાથે સમ્યક્‌વાસ તે ઉપવાસ જાણવો. શરીરનું વિશોષણ નહિ=શરીરની શોષણની ક્રિયા નહિ." **(ધર્મબિંદુ ૩/૧૮ ટીકા)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**તેથી પૌષધોમાં=પર્વદિવસોમાં, ઉપવાસ તે પૌષધોપવાસ છે; કેમ કે "આવશ્યકવૃત્તિ"માં આ પ્રમાણે વ્યાખ્યાતપણું છે. તે આ પ્રમાણે –**

"અહીં='પૌષધોપવાસ' શબ્દમાં, 'પૌષધ' શબ્દ રૂઢિથી પર્વોમાં વર્તે છે. અને પર્વો અષ્ટમી આદિ તિથિઓ છે. પૂરણ કરનાર હોવાથી પર્વ છે=ધર્મઉપચયનું હેતુપણું હોવાથી પર્વ છે. એ પ્રકારનો અર્થ છે. પૌષધોમાં ઉપવસન=પર્વદિવસોમાં ગુણોની સાથે ઉપવસન, પૌષધોપવાસ છે અને આ નિયમવિશેષનું અભિધાન છે=પૌષધોપવાસ એ આત્માને નિયમ વિશેષમાં સ્થાપન કરવાની ક્રિયાના કથનરૂપ છે." **(આવશ્યક હારિભદ્રી વૃત્તિ-૫, ૮૩૫)**

**અને આ વ્યુત્પત્તિ જ છે. વળી, આ શબ્દની પ્રવૃત્તિ=પૌષધોપવાસ શબ્દની પ્રવૃત્તિ, આહારાદિ ચતુષ્ક વર્જનમાં છે=આહારાદિ ચારના વર્જનમાં છે; કેમ કે 'સમાવાયાંગવૃત્તિ'માં શ્રી અભયદેવસૂરિ વડે આ પ્રમાણે વ્યાખ્યાતપણું છે. પૌષધ ૧. આહાર ૨. શરીરસત્કાર ૩. બ્રહ્મચર્ય ૪. અવ્યાપાર ભેદથી ૪ પ્રકારનો છે. એક-એક પણ દેશ અને સર્વના ભેદથી બે પ્રકારનો છે એથી આઠ પ્રકારનો છે=ચાર પ્રકારના પૌષધો ૮ પ્રકારના છે.**

**ત્યાં=૪ પ્રકારના પૌષધમાં,**

**૧. આહાર પૌષધ : દેશથી વિવક્ષિત વિકૃતિનું એક વખત ભોજન કે બે વખત ભોજન અથવા અવિકૃતિનું એક વખત ભોજન કે બે વખત ભોજન અથવા આયંબિલનું એક વખત ભોજન કે બે વખત ભોજન. એ દેશથી આહારપૌષધ છે. વળી, સર્વથી આહારપૌષધ ચાર પ્રકારના આહારનું પણ અહોરાત્ર સુધી પ્રત્યાખ્યાન છે.**

**૨. શરીરસત્કાર પૌષધ : દેશથી શરીરસત્કારના એકતરનું અકરણ છે=દિવસમાં જે અનેક વખત શરીર-સત્કાર કરતો હોય તેનાથી એકતરનું અકરણ છે. વળી સર્વથી સર્વ પણ તેનું અકરણ છે=દિવસ દરમ્યાન શરીરસત્કારનું સંપૂર્ણ અકરણ છે.**

**૩. બ્રહ્મચર્ય પૌષધ : બ્રહ્મચર્યપૌષધ પણ દેશથી દિવસમાં અથવા રાત્રિમાં અથવા એક વખત જ અથવા બે વખત સ્ત્રીના સેવનને છોડીને બ્રહ્મચર્યનું સેવન છે. વળી સર્વથી અહોરાત્રિ સુધી બ્રહ્મચર્યનું પાલન છે.**

૪. કુવ્યાપાર પૌષધ : વળી, કુવ્યાપાર પૌષધ દેશથી કોઈપણ કુવ્યાપારનું એકતર અકરણ છે. વળી સર્વથી કૃષિસેવા-વાણિજ્ય-પશુપાલન-ગૃહકર્માદિ સર્વનું અકરણ છે.

અને અહીં=દેશ અને સર્વના ભેદમાં, દેશથી કુવ્યાપારના નિષેધમાં સામાયિક કરે છે અથવા નથી કરતો. વળી, સર્વ પ્રકારે કુવ્યાપારના નિષેધમાં નિયમથી સામાયિક કરે છે. વળી, અકરણમાં=સામાયિકના અકરણમાં, સામાયિકના ફળથી રહિત બને છે. ત્યાગ કરાયેલા મણિ-સુવર્ણ અલંકારવાળો, ત્યાગ કરાયેલ માળા, વિલેપન વર્ણકવાળો=શરીરવાળો, પરિહાર કરાયેલા પ્રહરણવાળો= પરિહાર કરાયેલા શસ્ત્રવાળો શ્રાવક ચૈત્યગૃહમાં અથવા સાધુ પાસે અથવા પૌષધશાળામાં સર્વથી પૌષધવ્રતને સ્વીકારે છે. અને ત્યાં કરાયે છતે=ચૈત્યગૃહાદિમાં પૌષધ કરાયે છતે, ભણે છે, પુસ્તકનું વાંચન કરે છે, ધર્મધ્યાન કરે છે. જે આ પ્રમાણે=આ સાધુગુણો=સાધુના ગુણોને હું મંદભાગ્યવાળો ધારણ કરવા સમર્થ નથી. એ પ્રમાણે 'આવશ્યકચૂર્ણિ-શ્રાવક પ્રજ્ઞપ્તિ વૃત્તિ' આદિમાં કહેવાયેલ વિધિ છે.

યોગશાસ્ત્રવૃત્તિમાં વળી આ અધિક છે. તે આ પ્રમાણે –

"જો આહાર-શરીર સત્કાર-બ્રહ્મચર્ય પૌષધવાળો કુવ્યાપાર પૌષધ પણ અનાભોગને છોડીને ઇત્યાદિ આકારોના ઉચ્ચારણપૂર્વક સ્વીકારે છે. ત્યારે સામાયિક પણ સાર્થક થાય છે=પૌષધથી ગ્રહણ કરાયેલ સામાયિક પણ ફલવાન થાય છે; કેમ કે પૌષધ પ્રત્યાખ્યાન વ્રતનું સ્થૂલપણું છે અને સામાયિક વ્રતનું સૂક્ષ્મપણું છે અને પૌષધવાળા પુરુષે પણ સાવદ્યવ્યાપાર કરવો જોઈએ નહીં જ. તેથી સામાયિકને નહીં કરવાથી તેના લાભથી વંચિત થાય છે. જો વળી સામાચારી વિશેષથી સામાયિકની જેમ દુવિધ-ત્રિવિધથી એ રીતે પૌષધ સ્વીકારે છે તો સામાયિકના કાર્યનું પૌષધથી જ પ્રાપ્તપણું હોવાથી સામાયિક અત્યંત ફલવાળું નથી. જો વળી પૌષધ અને સામાયિક લક્ષણ વ્રતદ્વય મારા વડે સ્વીકારાયું એ અભિપ્રાયથી ફલવાળું છે=કંઈક ફલવાળું છે." (યોગશાસ્ત્ર વૃત્તિ, ૩-૮૫, પ.૪૮૬-૭)

અને આ આહારાદિ ચાર પદોનો દેશ અને સર્વ વિશેષિતોના એક દ્વયાદિ સંયોગથી થનારા ૮૦ ભેદ થાય છે.

તે આ પ્રમાણે – એક એક સંયોગવાળા પૂર્વમાં કહેવાયેલા જ આઠ ભાંગા છે.

દ્વિક સંયોગવાળા ભાંગા ૬ છે. અને એક-એક દ્વિક સંયોગમાં

૧. દેદે=દેશ-દેશ ૨. દેસ=દેશ-સર્વ ૩. સદે=સર્વ-દેશ ૪. સસ=સર્વ-સર્વ. આ પ્રમાણે ચાર-ચાર ભાંગા થાય છે. અને સર્વના ૨૪ ભાંગા થાય છે=દ્વિકસંયોગી સર્વના ૨૪ ભાંગા થાય છે. (૬x૪=૨૪)

ત્રિકયોગવાળા ચાર થાય છે અને એક-એક ત્રિકયોગમાં દેશ અને સર્વની અપેક્ષાએ આઠ ભાંગા થાય છે.

| | |
|---|---|
| ૧. દેદેદે=દેશ-દેશ-દેશ | ૨. દેદેસ=દેશ-દેશ-સર્વ |
| ૩. દેસદે - દેશ-સર્વ-દેશ | ૪. દેસસ=દેશ-સર્વ-સર્વ |
| ૫. સદેદે=સર્વ-દેશ-દેશ | ૬. સદેસ=સર્વ-દેશ-સર્વ |
| ૭. સસદે=સર્વ-સર્વ-દેશ | ૮. સસસ=સર્વ-સર્વ-સર્વ. |

આ પ્રમાણે આઠ - આઠ થાય છે. સર્વ ૩૨ થાય છે. (૪x૮=૩૨)

ચતુષ્કસંયોગવાળા એક થાય છે. ત્યાં દેશ-સર્વની અપેક્ષાએ ૧૬ ભાંગા થાય છે.

| | |
|---|---|
| ૧. દેદેદેદે=દેશ-દેશ-દેશ-દેશ | ૨. દેદેદેસ - દેશ-દેશ-દેશ-સર્વ |
| ૩. દેદેસદે=દેશ-દેશ-સર્વ-દેશ | ૪. દેદેસસ=દેશ-દેશ-સર્વ-સર્વ |
| ૫. દેસદેદે=દેશ-સર્વ-દેશ-દેશ | ૬. દેસદેસ=દેશ-સર્વ-દેશ-સર્વ |
| ૭. દેસસદે=દેશ-સર્વ-સર્વ-દેશ | ૮. દેસસસ=દેશ-સર્વ-સર્વ-સર્વ |
| ૯. સદેદેદે=સર્વ-દેશ-દેશ-દેશ | ૧૦. સદેદેસ=સર્વ-દેશ-દેશ-સર્વ |
| ૧૧. સદેસદે=સર્વ-દેશ-સર્વ-દેશ | ૧૨. સદેસસ=સર્વ-દેશ-સર્વ-સર્વ |
| ૧૩. સસદેદે=સર્વ-સર્વ-દેશ-દેશ | ૧૪. સસદેસ=સર્વ-સર્વ-દેશ-સર્વ |
| ૧૫. સસસદે=સર્વ-સર્વ-સર્વ-દેશ | ૧૬. સસસસ=સર્વ-સર્વ-સર્વ-સર્વ |

એ પ્રમાણે બધા મળીને ૮૦ ભાંગા થાય.

એક સંયોગવાળા ભાંગા-૦૮

દ્વિક સંયોગવાળા ભાંગા-૨૪

ત્રિક સંયોગવાળા ભાંગા-૩૨

ચતુષ્ક સંયોગવાળા ભાંગા-૧૬

કુલ ભાંગા ૮૦

અને આ સ્થાપનાયંત્ર છે=૮૦ ભાંગાનું આ સ્થાપનાયંત્ર છે. આ ભાંગાઓમાં પૂર્વાચાર્યની પરંપરાથી અને સામાચારીવિશેષથી આહારપૌષધ જ દેશ અને સર્વના ભેદથી બે પ્રકારે પણ વર્તમાનમાં કરાય છે; કેમ કે નિરવદ્યઆહારનું સામાયિકની સાથે અવિરોધદર્શન છે.

અહીં પ્રશ્ન થાય કે સામાયિકના પરિણામમાં આહારની ક્રિયા શ્રાવકને કઈ રીતે સંભવે ? તેમાં હેતુ કહે છે –

સર્વ સામાયિકવ્રતવાળા સાધુની જેમ ઉપધાનતપ કરનારા શ્રાવક વડે પણ આહારનું ગ્રહણ છે. શેષ ત્રણ પૌષધો સર્વથી જ ઉચ્ચારણ કરાય છે; કેમ કે દેશથી તેની સાથે=દેશથી સ્વીકારેલ શેષવ્રતોની સાથે પ્રાયઃ સામાયિકનો વિરોધ છે. જે કારણથી સામાયિકમાં 'સર્વ સાવદ્યયોગનું પચ્ચકખાણ કરું છું.' એ પ્રમાણે ઉચ્ચારણ કરાય છે. વળી, શરીરસત્કારાદિ ત્રણમાં પ્રાયઃ સાવદ્યયોગ થાય જ. નિરવદ્યદેહસત્કાર વ્યાપારમાં પણ વિભૂષાદિ લોભનું નિમિત્તપણું હોવાને કારણે સામાયિકમાં નિષિદ્ધ જ છે=નિરવદ્ય અને સાવદ્ય બંને નિષિદ્ધ જ છે. વળી, આહારનું અન્યથા શક્તિના અભાવ હોતે છતે=આહાર ગ્રહણ કર્યા વગર સામાયિકના પરિણામને વહન કરવાની શક્તિનો અભાવ હોતે

છતે, ધર્માનુષ્ઠાનના નિર્વાહ માટે સાધુની જેમ ઉપાસકને પણ=શ્રાવકને પણ, અનુમતપણું છે=આહારનું અનુમતપણું છે.

આવશ્યક ચૂર્ણિમાં કહેવાયું છે.

પૌષધના ૮૦ ભાંગાનું યંત્ર :-

[૧] એક સંયોગી ભાંગા - કુલ - ૮

(૧) દેશથી - ૪ (૨) સર્વથી - ૪

૧. આહારપૌષધ દેશથી. ૫. આ. પૌ. સર્વથી

૨. શરીરસત્કારપૌષધ દેશથી ૬. શ. પૌ. સર્વથી

૩. બ્રહ્મચર્યપૌષધ દેશથી ૭. બ્ર. પૌ. સર્વથી

૪. અવ્યાપાર પૌષધ દેશથી ૮. અ. પૌ. સર્વથી

[૨] દ્વિસંયોગી ભાંગા : કુલ - ૨૪

(૧) આહાર શરીરયોગ=આહારપૌષધ અને શરીરસત્કાર પૌ.ના યોગના-૪ ભાંગા

૧. આ. પૌ. દે. શ. પૌ. દેશથી

૨. આ. પૌ. દે. શ. પૌ. સર્વથી

૩. આ. પૌ. સર્વથી શ. પૌ. દેશથી

૪. આ. પૌ. સર્વથી શ. પૌ. સર્વથી

(૨) આહાર બ્રહ્મયોગે=આહાર પૌ. અને બ્રહ્મચર્ય પૌ. ના યોગમાં - ૪ ભાંગા

૫. આ. પૌ. દે. બ્ર. પૌ. દે.

૬. આ. પૌ. દે. બ્ર. પૌ. સ.

૭. આ. પૌ. સ. બ્ર. પૌ. દે.

૮. આ. પૌ. સ. બ્ર. પૌ. સ.

(૩) આહારાવ્યાપારયોગે=આહારપૌષધ અને અવ્યાપાર પૌષધના યોગના - ૪ ભાંગા

૯. આ. પૌ. દે. અ. પૌ. દે.

૧૦. આ. પૌ. દે. અ. પૌ. સ.

૧૧. આ. પૌ. સ. અ. પૌ. દે.

૧૨. આ. પૌ. સ. અ. પૌ. સ.

(૪) શરીર બ્રહ્મયોગે - શરીરસત્કારપૌષધ અને બ્રહ્મચર્ય પૌષધના યોગના - ૪ ભાંગા

૧૩. શ. પૌ. દે. બં. પૌ. દે.

૧૪. શ. પૌ. દે. બં. પૌ. સ.

૧૫. શ. પૌ. સ. બં. પૌ. દે.

૧૬. શ. પૌ. સ. બ. પૌ. સ.

(૫) શરીરવ્યાપાર યોગે=શરીરસત્કારપૌષધ અને અવ્યાપાર પૌષધના યોગમાં=૪ ભાંગા

૧૭. શ. પૌ. દે. અ. પૌ. દે.

૧૮. શ. પૌ. સ. અ. પૌ. સ.

૧૯. શ. પૌ. સ. અ. પૌ. દે.

૨૦. શ. પૌ. સ. અ. પૌ. સ.

(૬) બ્રહ્માવ્યાપારયોગે=બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપાર પૌષધના યોગના - ૪ ભાંગા

૨૧. બ્ર. પૌ. દે. અ. પૌ. દે.

૨૨. બ્ર. પૌ. દે. અ. પૌ. સ.

૨૩. બ્ર. પૌ. સ. અ. પૌ. દે.

૨૪. બ્ર. પૌ. સ. અ. પૌ. સ.

આહારાદિ ચારેય પૌષધના ત્રિકસંયોગી ભાંગા - ૪ અને એક-એકના દેશ અને સર્વથી આઠ ૮x૪=૩૨.

[૩] ત્રિકસંયોગી ભાંગા કુલ ૩૨

(૧) આહારશરીરબ્રહ્મયોગિના દે. દે. દે. ઈત્યાદિ યોગમાં ૮ ભાંગા-

=આ. પૌ. શ. પૌ. અને બં. પૌ. ત્રણેના યોગના દેશ અને સર્વથીના યોગમાં ૮ ભાંગા

૧. આ. પૌ. દે. શ. પૌ. દે. બં. પૌ. દે.

૨. આ. પૌ. દે. શ. પૌ. દે. બં. પૌ. સ.

૩. આ. પૌ. દે. શ. પૌ. સ. બં. પૌ. દે.

૪. આ. પૌ. દે. શ. પૌ. સ. બં. પૌ. સ.

૫. આ. પૌ. સ. શ. પૌ. દે. બં. પૌ. દે.

૬. આ. પૌ. સ. શ. પૌ. દે. બં. પૌ. સ.

૭. આ. પૌ. સ. શ. પૌ. સ. બં. પૌ. દે.

૮. આ. પૌ. સ. શ. પૌ. સ. બં. પૌ. સ.

(૨) આહાર શરીર અવ્યાપાર યોગના દે. દે. દે. ઈત્યાદિ યોગના આઠ આ પ્રમાણે=આ. પૌ. શ. પૌ. અને અ. પૌ. ના દેશ અને સર્વના યોગમાં ૮ ભાંગા.

૯. આ. પૌ. દે. શ. પૌ. દે. અ. પૌ. દેશથી

૧૦. આ. પૌ. દે. શ. પૌ. દે. અ. પૌ. સર્વથી

૧૧. આ. પૌ. દે. શ. પૌ. સ. અ. પૌ. દેશથી

૧૨. આ. પૌ. દે. શ. પૌ. સ. અ. પૌ. સર્વથી

૧૩. આ. પૌ. સ. શ. પૌ. દે. અ. પૌ. દેશથી

૧૪. આ. પૌ. સ. શ. પૌ. દે. અ. પૌ. સર્વથી

૧૫. આ. પૌ. સ. શ. પૌ. સ. અ. પૌ. દેશથી

૧૬. આ. પૌ. સ. શ. પૌ. સ. અ. પૌ. સર્વથી.

(૩) આહાર બ્રહ્મ અવ્યાપારના યોગના દે. દે. દે. ઈત્યાદિના યોગમાં આઠ આ પ્રમાણે છે – આ. પૌ. બ્ર. પૌ. અને અ. પૌ. ના યોગના દેશ અને સર્વના યોગમાં ૮ ભાંગા

૧૭. આ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ.

૧૮. આ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૧૯. આ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૨૦. આ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ

૨૧. આ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ

૨૨. આ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૨૩. આ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૨૪. આ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ

(૪) શરીર બ્રહ્મઅવ્યાપાર યોગના પૂર્વની જેમ આઠ ભાંગા. યોગના દેશ અને સર્વના યોગથી ૮ ભાંગા

૨૫ શ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. દેસ

૨૬. શ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૨૭. શ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૨૮. શ. પૌ. દે બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ

૨૯. શ. પૌ. સ. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ

૩૦. શ. પૌ. સ. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૩૧. શ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૩૨. શ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ.

[૪] ચતુષ્કસંયોગી ભાંગા - દેશ અને સર્વના યોગ ૧૬ ભાંગા

૧. આ. પૌ. દે. શ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ

૨. આ. પૌ. દે. શ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૩. આ. પૌ. દે. શ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૪. આ. પૌ. દે. શ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ

૫. આ. પૌ. દે. શ. પૌ. સ. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ

૬. આ. પૌ. દે. શ. પૌ. સ. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૭. આ. પૌ. દે. શ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૮. આ. પૌ. દે. શ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ

૯. આ. પૌ. સ. શ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ

૧૦. આ. પૌ. સ. શ. પૌ. દે. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૧૧. આ. પૌ. સ. શ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૧૨. આ. પૌ. સ. શ. પૌ. દે. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ

૧૩. આ. પૌ. સ. શ. પૌ. સ. બ્ર. પૌ. દે. અ. પૌ. દેશ

૧૪. આ. પૌ. સ. શ. પૌ. સ. બ્ર. પૌ. દે. અ. પૌ. સર્વ

૧૫. આ. પૌ. સ. શ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. દેશ

૧૬. આ. પૌ. સ. શ. પૌ. સ. બ્ર. પૌ. સ. અ. પૌ. સર્વ.

વળી, પૌષધવ્રતના અધિકારમાં કહેવાયું છે –

"દેશાવગાસિક અથવા સામાયિકથી યુક્ત જે તપ સમાસથી=સંક્ષેપથી, વર્ણન કરાયો છે તે=તપ, શક્તિથી કરવો જોઈએ." (તુલા-આવશ્યક ચૂર્ણિ ૫.૩૦૪)

નિશિથ ભાષ્યમાં પણ પૌષધિ=પૌષધ કરનારને, આશ્રયીને કહેવાયું છે –

"ઉદ્દિષ્ટકૃત પણ તે વાપરે" એ પ્રમાણે ચૂર્ણિમાં કહેવાયું છે. અને "જે ઉદ્દિષ્ટકૃત છે તે કૃત-સામાયિકવાળો પણ વાપરે." 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને આ=નિશીથભાષ્યની ચૂર્ણિનું કથન, પૌષધ સહિતના સામાયિકની અપેક્ષાથી જ સંભાવના કરાય છે; કેમ કે કેવલ સામાયિકમાં જ મુહૂર્તમાત્રમાનપણું હોવાને કારણે પૂર્વાચાર્યની પરંપરાદિથી આહારગ્રહણનું અક્રિયમાણપણું છે.

**શ્રાવક પ્રતિક્રમણસૂત્ર ચૂર્ણિમાં પણ કહેવાયું છે –**

"જો દેશથી આહારપૌષધવાળો છે તો ભક્તપાનનું ગુરુસાક્ષીએ પારીને=ભક્તપાનનું પચ્ચક્ખાણ ગુરુસાક્ષીએ પારીને, એ નિમિત્તે 'આવસ્સિઅ' કરીને=હું અવશ્ય કાર્ય કરવા જાઉં છું. તેમ 'આવસ્સિઅ' બોલીને ઈર્યાસમિતિથી જઈને ઘરે 'ઈરિયાવહિયા'નું પ્રતિક્રમણ કરે પછી આગમનની આલોચના કરે='ગમણાગમણે' આલોવે. ચૈત્યવંદન કરે ત્યારપછી સંડાસા પ્રમાર્જીને પાઉંછણમાં=કટાસણાદિ ઉપર, બેસે. ભાજન=વાસણ,નું પ્રમાર્જન કરે અને યથોચિત ભોજન પીરસાયે છતે નવકારનું ઉચ્ચારણ કરે, પચ્ચક્ખાણનું સ્મરણ કરે પછી વદનને=મુખને, પ્રમાર્જન કરીને આહાર વાપરે."

કઈ રીતે આહાર વાપરે ? તે બતાવે છે –

"અસરસર=સરસર અવાજ વગર, અચવચવ=ચપચપ અવાજ વગર, અદ્રુત=ત્વરા વગર, અવિલંબિત=વિલંબન વગર, અપરિસાડિ=ભોજન બહાર ઢોળાય નહીં તેમ, સાધુની જેમ ઉપયુક્ત મન-વચન-કાયાથી ગુપ્ત એવો શ્રાવક ભોજન કરે." **(શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર ચૂર્ણિ)**

"ભોજન પૂર્ણ થયે છતે પ્રાસુકજલથી મુખશુદ્ધિ કરીને નવકારના સ્મરણથી ઊભો થાય. દેવને વંદન કરે, વંદન કરીને, સંવરણ કરીને=પચ્ચક્ખાણ કરીને, ફરી પણ પૌષધશાળામાં જઈને સ્વાધ્યાયથી રહે છે." ()

**'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**આથી દેશપૌષધમાં સામાયિકનો સદ્ભાવ હોવા છતાં ઉપરમાં કહેલ વિધિથી ભોજનનું આગમ અનુમત જ દેખાય છે.**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિની શિક્ષા અર્થે સ્વશક્તિ અનુસાર ચાર પર્વોમાં પૌષધવ્રતને કરે છે=આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એમ ચાર પર્વમાં પૌષધ કરે છે અર્થાત્ બે આઠમ, બે ચૌદશ પૂનમ અને અમાસ રૂપ એ છ દિવસ પર્વદિવસો છે તેથી આ પર્વદિવસોમાં વિશેષ આરાધના કરીને સર્વવિરતિના શક્તિના સંચય અર્થે શ્રાવક પૌષધ કરે છે.

'પૌષધ' સબ્દનો અર્થ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

જે ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ. આ પ્રકારની 'પૌષધ' શબ્દની વ્યુત્પત્તિ છે. અને શાસ્ત્રમાં શ્રાવક પૌષધોપવાસ કરે છે તેવો પ્રયોગ કરવામાં આવે છે.

તેથી ઉપવાસનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે –

આહારનો ત્યાગ માત્ર ઉપવાસ નથી પરંતુ દોષોના ત્યાગપૂર્વક ગુણોની સાથે વસવું તે 'ઉપવાસ' છે.

તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક સાધુની જેમ સંપૂર્ણ ગુણોને અનુકૂળ વ્યાપાર કરવા સમર્થ નથી તોપણ સર્વવિરતિની શક્તિના સંચયનો અત્યંત અર્થી છે તેથી પૌષધવ્રત ગ્રહણ કરીને પૂર્વના જે ભોગવિલાસરૂપ દોષો છે તેનાથી આત્માને સંવૃત કરીને આહારાદિના ત્યાગપૂર્વક ગુણોની સાથે વાસ કરે છે અર્થાત્ પોતાની સંજ્ઞાઓને તિરોધાન કરીને ગુણવૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળો થાય છે. આથી પર્વદિવસોમાં પોતાની શક્તિ

અનુસાર ચાર પૌષધમાંથી 'દેશ' અને 'સર્વ'ના બે વિકલ્પોમાંથી જે સંભવિત હોય તેને ગ્રહણ કરીને નિરારંભ જીવન જીવવાને અનુકૂળ શક્તિનો સંચય થાય તેવો યત્ન કરે છે.

વળી, 'પૌષધ' શબ્દનો અર્થ રૂઢિથી ચાર પર્વ ગ્રહણ કરવામાં આવેલ છે; કેમ કે ચાર પર્વ ધર્મના ઉપચયના હેતુ છે તેથી પર્વને જ 'પૌષધ' કહેવાય છે અને ચાર પર્વોમાં શ્રાવક ગુણોની સાથે વાસ કરવા માટે જે યત્ન કરે છે તે પૌષધોપવાસ વ્રત છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મની જે પુષ્ટિ કરે તે 'પૌષધ' કહેવાય અને ધર્મની પુષ્ટિ કરનાર પર્વદિવસો છે. તેથી પર્વદિવસો એ જ પૌષધ છે અને પર્વ દિવસોમાં શ્રાવક શક્તિ અનુસાર ચાર પૌષધમાંથી ઉચિત પૌષધને ગ્રહણ કરીને ગુણવૃદ્ધિને અનુકૂળ યત્ન કરે તો સર્વવિરતિને અનુકૂળ કંઈક-કંઈક શક્તિનો સંચય થાય છે. વળી પૌષધ ચાર પ્રકારના છે.

૧. આહારપૌષધ, ૨. શરીરસત્કારપૌષધ, ૩. બ્રહ્મચર્યપૌષધ, ૪. અવ્યાપારપૌષધ.

આહારના ત્યાગ દ્વારા સમભાવને અનુકૂળ શ્રાવક જે ઉદ્યમ કરે છે તે 'આહારપૌષધ' છે. શરીરના સત્કારના ત્યાગપૂર્વક સમભાવને અનુકૂળ શ્રાવક જે ઉદ્યમ કરે છે તે 'શરીરસત્કાર પૌષધ' છે. બ્રહ્મચર્યના પાલન દ્વારા શ્રાવક સમભાવને અનુકૂળ જે યત્ન કરે છે તે 'બ્રહ્મચર્યપૌષધ' છે. અને જીવનમાં આરંભ-સમારંભનો ત્યાગ કરીને સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાને અનુકૂળ શ્રાવક જે યત્ન કરે છે તે અવ્યાપાર પૌષધ છે.

સામાન્યથી મોક્ષના અર્થી જીવોએ ત્રણ ગુપ્તિમાં રહેવા માટે દૃઢ વ્યાપાર કરવો ઉચિત છે. અને તે દૃઢ વ્યાપાર તે જ 'અવ્યાપાર પૌષધ' છે. અને તેના અંગભૂત આહારપૌષધ આદિ ત્રણ પૌષધ છે. છતાં સંપૂર્ણ નિરારંભ જીવન જીવવાની શક્તિ જેનામાં નથી તેવો શ્રાવક સર્વ પૌષધને ગ્રહણ કરે તો દેહની વ્યાકુળતાને કારણે, ક્ષુધાદિની વ્યાકુળતાને કારણે ગુણવૃદ્ધિમાં ઉદ્યમ કરી શકે નહીં. તેવા શ્રાવકને સામે રાખીને પૌષધના દેશ અને સર્વને આશ્રયીને ૮૦ ભાંગા પાડવામાં આવ્યા છે. તેથી જે શ્રાવકને સર્વવિરતિ પ્રત્યે અત્યંત બહુમાન ભાવ છે, સર્વવિરતિના સ્વરૂપને વારંવાર પ્રીતિપૂર્વક ભાવન કરે છે અને પોતાનામાં સર્વવિરતિના પરિણામની પ્રાપ્તિ માટેની શક્તિનો સંચય થાય તેના અર્થે ચારે પ્રકારના પૌષધમાં અભિલાષવાળો પણ પોતાની શક્તિ પ્રમાણે ચારમાંથી યથાઉચિત એક-બે પૌષધ પણ કરે છે. અને એક પૌષધ પણ સર્વથી ન કરી શકે તો દેશથી પૌષધ કરે. જેથી તે પૌષધ દરમ્યાન પોતાની તે-તે સંજ્ઞાઓનું તિરોધાન થાય તે રીતે યત્ન કરીને ગુણની વૃદ્ધિ કરી શકે. જેમ કોઈ શ્રાવકની વારંવાર આહાર કરવાની અતિશય પ્રકૃતિ હોય તેવો પણ શ્રાવક પર્વદિવસે પોતાના ચિત્તનો વ્યાઘાત ન થાય તે રીતે એકાસણું-બિયાસણું આદિ કરીને પોતાની આહાર સંજ્ઞા શાંત થાય એ રીતે અને વારંવાર સર્વવિરતિનું સ્મરણ થાય તે રીતે ઉચિત યત્ન કરે તો અવશ્ય તે પ્રકારના યત્નથી સર્વવિરતિ પ્રત્યે રાગ વધે છે. તેને અનુકૂળ શક્તિ સંચય કરવાના આશયથી કરાયેલા આહારત્યાગનો યત્ન પણ ફળથી સર્વવિરતિનું કારણ બને છે.

સંક્ષેપથી એ ફલિત થાય કે જે શ્રાવકમાં સંપૂર્ણ ચારે પ્રકારના પૌષધ કરીને પરિણામની વિશુદ્ધિ કરવાની શક્તિ છે તેવો શ્રાવક ચાર પ્રકારના પૌષધો કરે તે ઉચિત છે. પરંતુ જે શ્રાવકમાં તેવી શક્તિ નથી છતાં

આહારપૌષધ સર્વથી ગ્રહણ કરે અને દિવસ દરમિયાન અંગશૈથિલ્યના કારણે સર્વ પ્રવૃત્તિનો વ્યાઘાત થતો હોય તો તે પૌષધની ક્રિયા પણ ગુણવૃદ્ધિનું કારણ બને નહીં, તેથી તેવા શ્રાવકે પોતાની શક્તિ અનુસાર દેશથી પૌષધ કરવો જોઈએ. વળી, કેટલાક જીવોની શારીરિક-માનસિક એવી પ્રકૃતિ હોય છે કે વારંવાર શરીરનો સત્કાર કરે તો જ સ્વસ્થતાપૂર્વક પ્રવૃત્તિ કરી શકે છે તેવો શ્રાવક શરીરસત્કાર ન કરે તો ઉચિત સ્વાધ્યાયાદિમાં યત્ન કરી શકે નહીં તેમ જણાય તો દેશથી શરીરસત્કારપૌષધ કરે તે ઉચિત છે અને દેશથી શરીરસત્કારપૌષધ કરીને સમભાવના પરિણામની વૃદ્ધિ થાય, સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય તે રીતે સ્વભૂમિકા અનુસાર યત્ન કરે તે ઉચિત છે. આથી જ શાસ્ત્રમાં પૌષધને આશ્રયીને થતા ૮૦ ભાંગા બતાવ્યા છે. જે ભાંગાઓનો બોધ કરીને જે ભાંગાથી શ્રાવક ગુણવૃદ્ધિ થાય તે પ્રકારના ભાંગાને સ્વીકારીને પૌષધમાં યત્ન કરે તે ઉચિત છે.

યોગશાસ્ત્રની વૃત્તિમાં કહ્યું છે કે કોઈ શ્રાવક આહારાદિ ચારે પ્રકારના પૌષધો કરે છતાં તે પૌષધ અનાભોગ અને સહસાત્કાર બે આગારથી જ કરે તો પૌષધવ્રત સ્થૂલ રૂપ બને છે અને પૌષધ લીધા પછી સામાયિક ઉચ્ચરાવે તો તે સામાયિક વ્રત સૂક્ષ્મ બને છે, તેથી તે બંનેનું ફળ પ્રાપ્ત થાય છે; કેમ કે પૌષધવ્રતમાં મનથી, વચનથી અને કાયાથી 'દ્વિવિધ-ત્રિવિધ'થી પચ્ચક્ખાણ નથી પરંતુ નવકારશી આદિ પચ્ચક્ખાણની જેમ સ્થૂલથી બાહ્ય આચરણા સ્વરૂપ ચાર પૌષધો છે.

જેમ નવકારશીમાં અનાભોગ-સહસાત્કારનો આગાર છે તેમ પૌષધમાં પણ તે ચાર પ્રકારની આચરણામાં અનાભોગ-સહસાત્કાર આગાર છે. જ્યારે સામાયિકમાં તો મનથી, વચનથી અને કાયાથી સાવદ્યના કરણ અને કરાવણનો પ્રતિષેધ છે તેથી બે આગારપૂર્વક પૌષધમાં સ્થૂલ આચરણાને આશ્રયીને આરંભનો ત્યાગ હતો અને સામાયિકના સ્વીકારવાથી સૂક્ષ્મ સાવદ્યનો ત્યાગ છે. માટે પૌષધથી સ્થૂલથી ત્યાગ સ્વીકારાય છે અને સામાયિકથી વિશેષ ત્યાગ સ્વીકારાય છે. તેથી બંનેનાં સ્વતંત્ર ફળ પ્રાપ્ત થાય છે. વળી, કોઈ શ્રાવક પૌષધ પણ બે આગારપૂર્વક ગ્રહણ ન કરે પરંતુ સામાયિકની જેમ જ દ્વિવિધ-ત્રિવિધથી ચાર પ્રકારના પૌષધ ગ્રહણ કરે તો પૌષધમાં જ પૌષધના પચ્ચક્ખાણથી દ્વિવિધ-ત્રિવિધથી સાવદ્યનો ત્યાગ થઈ જાય છે. તેથી સામાયિકનું ગ્રહણ પણ પૌષધના ગ્રહણથી જ પ્રાપ્ત થાય છે છતાં વ્યવહારથી બુદ્ધિ થાય છે કે મેં સામાયિક કર્યું છે અને પૌષધ પણ કર્યો છે. તેથી બે કૃત્ય કરવાના અધ્યવસાયકૃત ભેદ છે. પરિણામની દૃષ્ટિએ સર્વ સાવદ્યયોગનો દુવિધ-ત્રિવિધથી ત્યાગ પૌષધના પચ્ચક્ખાણથી પ્રાપ્ત થાય છે અને તેના તે જ ત્યાગની પ્રાપ્તિ સામાયિકના પરિણામથી પણ થાય છે.

અહીં વિશેષ એ છે કે સામાયિકનો પરિણામ સમભાવના પરિણામરૂપ છે. સાધુ જાવજ્જીવ સુધી સર્વભાવો પ્રત્યે સમભાવવાળા હોય છે. તેથી ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરે છે અને જેઓ ત્રિવિધ-ત્રિવિધનું પચ્ચક્ખાણ કરીને સર્વ પદાર્થો પ્રત્યે સમભાવનો પરિણામ ધારણ કરે છે, દેહ પ્રત્યે મમત્વ રાખતા નથી તેઓનું સ્વીકારેલું પચ્ચક્ખાણ સફળ છે; કેમ કે પચ્ચક્ખાણને અનુરૂપ પરિણામમાં ઉદ્યમ છે. જ્યારે શ્રાવક સાધુની જેમ સર્વભાવો પ્રત્યે સમભાવનો પરિણામ કરવા અસમર્થ છે; કેમ કે પૌષધ પાળ્યા પછી ભોગાદિ કરવાનો અધ્યવસાય સૂક્ષ્મ રીતે પૌષધકાળમાં પણ અતંરંગ પ્રવિષ્ટ છે. આથી જ એક

દિવસની કાળમર્યાદાથી સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને સાધુની જેમ જ સમભાવમાં ઉદ્યમ કરે છે છતાં એક દિવસ પછી પૌષધ પાળીને ભોગાદિ કરવાનો પરિણામ વિદ્યમાન હોવાથી સાવદ્યની અનુમતિનો પરિણામ શ્રાવક ત્યાગ કરી શકતો નથી તેથી જ દ્વિવિધ-ત્રિવિધથી સાવદ્યનો પરિહાર કરીને શ્રાવક સમભાવમાં ઉદ્યમ કરે છે. શ્રાવક ચારે પ્રકારના પૌષધ પણ અન્યત્ર અનાભોગ-સહસાત્કારથી નહીં પરંતુ દ્વિવિધ-ત્રિવિધથી ગ્રહણ કરે તો સામાયિકની જેમ સર્વ સાવદ્યનો ત્યાગ કરીને સમભાવમાં જ ઉદ્યમ કરે છે; કેમ કે અસમભાવના પરિણામથી જ સાવદ્યની પ્રવૃત્તિ થાય છે અને સમભાવના પરિણામથી જ સાવદ્યનો ત્યાગ થાય છે અને જ્યારે અનાભોગ કે સહસાત્કાર આગારને છોડીને પૌષધ ગ્રહણ કરવામાં આવે ત્યારે માત્ર પોતાના મન-વચન-કાયાના બાહ્ય કૃત્યને આશ્રયીને ૪ પ્રકારના પૌષધનો સ્વીકાર થાય છે તેથી મન-વચન-કાયાથી કરણ-કરાવણને આશ્રયીને પૌષધ હોવા છતાં સ્થૂલથી સ્વીકારાયેલા પૌષધમાં સમભાવનો અંશ અલ્પ છે. અને પરિણામને આશ્રયીને દુવિધ-ત્રિવિધથી સ્વીકારાયેલા પૌષધમાં આગાર નહીં હોવાથી સમભાવનો પરિણામ અધિક છે અને ત્રિવિધ-ત્રિવિધથી સાવદ્યના પરિહારમાં સમભાવનો પરિણામ અતિશયિત છે અને ત્રિવિધ-ત્રિવિધથી સાવદ્યના પરિહારરૂપ સામાયિકનો પરિણામ દીર્ઘકાળના સેવનથી ઉત્તરોત્તર ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા ક્ષાયિકભાવ તરફ જાય છે અને ક્ષાયિક ભાવના સમભાવનો પરિણામ વીતરાગને હોય છે.

વળી, વર્તમાનમાં ચાર પ્રકારના પૌષધ ગ્રહણ કરનારા શ્રાવકો આહારપૌષધ દેશથી પણ ગ્રહણ કરે છે અને સર્વથી પણ ગ્રહણ કરે છે અને જેઓ આહારપૌષધ દેશથી ગ્રહણ કરે છે તેઓ પણ સામાયિક ઉચ્ચરાવે છે.

અહીં પ્રશ્ન થાય કે 'દુવિધ-ત્રિવિધ'થી સાવદ્યનો ત્યાગ હોવા છતા સામાયિકમાં આહાર વાપરવાની ક્રિયા કઈ રીતે સંભવી શકે ? કેમ કે સમભાવના પરિણામમાં આહાર વાપરવાની ક્રિયાથી વ્યાઘાત થવાનો સંભવ છે. તેના સમાધાન રૂપે ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ શ્રાવક સર્વથી આહારનો ત્યાગ કરીને સમભાવના પરિણામને ઉત્થિત કરવા અસમર્થ હોય તેથી દેશથી આહારપૌષધ સ્વીકારીને નિરવદ્ય આહાર વાપરે તો સામાયિકના પરિણામમાં વ્યાઘાત થાય નહીં અર્થાત્ સાધુ જેમ પોતાના માટે કરાયેલું ન હોય તેવો દોષ રહિત આહાર વાપરીને સમભાવની ધુરાને વહન કરે છે તેમ વિવેકસંપન્ન શ્રાવક પણ વિચારે કે સર્વથા આહારનો ત્યાગ કરીને હું સમ્યક્ રીતે સ્વાધ્યાયાદિ કરી શકીશ નહીં, તેથી સ્વાધ્યાયાદિના અંગ રૂપ નિરવદ્ય આહાર ગ્રહણ કરીને અર્થાત્ પોતાના માટે કોઈ આહાર કરાયેલો ન હોય અને પોતાના ઘરમાં અન્ય માટે થતો હોય તેમાંથી પરિમિત આહાર ગ્રહણ કરીને પૌષધવ્રતનું પાલન કરે તો સામાયિકના પરિણામનો વ્યાઘાત થતો નથી; કેમ કે સર્વ સાવદ્યની નિવૃત્તિવાળા સાધુની જેમ ઉપધાનતપ કરનારા શ્રાવકોને પણ સામાયિક ઉચ્ચરાવીને આહાર ગ્રહણ કરવાની વિધિ છે. વળી આહારપૌષધ સિવાયના પૌષધ સર્વથી ઉચ્ચરાવાય છે; કેમ કે અન્ય ત્રણ પૌષધો દેશથી સ્વીકારે તો પ્રાયઃ તેનાથી સામાયિકની સાથે વિરોધની પ્રાપ્તિ થાય.

અહીં 'પ્રાયઃ' કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈ શ્રાવક જેમ આહાર વગર સમભાવના કંડકોમાં ઉદ્યમ કરવા અસમર્થ હોય તેથી સમભાવના રક્ષણના અંગ તરીકે નિર્દોષ આહાર વાપરે છે ત્યારે તે આહાર સામાયિકના પરિણામ સાથે કોઈ વ્યાઘાતનું કારણ બનતું નથી તેમ કોઈ શ્રાવક જલાદિ દ્વારા મુખશુદ્ધિ ન કરે અર્થાત્ એ પ્રકારે દેહનો સત્કાર ન કરે તો તથાસ્વભાવે જડતાને કારણે સમભાવમાં ઉદ્યમ થઈ શકે નહીં તેવું જણાય ત્યારે નિરવદ્ય એવા જલાદિથી કંઈક દેહનો સત્કાર કરીને પણ સામાયિકમાં ઉદ્યમ કરે તો સામાયિકનો પરિણામ થઈ શકે છે. છતાં વર્તમાનમાં આહારપૌષધને છોડીને અન્ય ત્રણ પૌષધો દેશથી સ્વીકારીને સામાયિકનું ગ્રહણ કરાતું નથી. પરંતુ ફક્ત આહારપૌષધ જ દેશથી સ્વીકારીને સામાયિકનું ગ્રહણ કરાય છે. અને સામાયિકમાં દેશથી દેહશુદ્ધિ કરવામાં આવે તો પ્રાયઃ વિભૂષાદિ રૂપ લોભનો પરિણામ થાય છે અર્થાત્ દેહ પ્રત્યેના મમત્વનો પરિણામ થાય છે, માટે સામાયિકમાં નિરવદ્ય એવા દેહસત્કારનો પણ નિષેધ કરાય છે જ્યારે આહાર ગ્રહણ વગર જેઓ ધર્મની ક્રિયામાં ઉદ્યમવાળા ન થઈ શકે તેવા જીવોને આશ્રયીને સામાયિક સ્વીકારવાપૂર્વક સ્વીકારાયેલા પૌષધમાં પણ દેશથી આહારની અનુજ્ઞા અપાય છે.

પૂર્વમાં કહ્યું કે શ્રાવક દેશથી આહારપૌષધ ગ્રહણ કરીને સામાયિક ઉચ્ચરાવે ત્યારે નિરવદ્ય આહાર ગ્રહણ કરે તો દેશથી સ્વીકારેલા આહારપૌષધમાં સામાયિકનો વ્યાઘાત થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે વર્તમાનમાં શ્રાવકો દેશથી આહારપૌષધ કરીને પોતાના ઘરે આહાર વાપરવા જાય છે અને તે આહાર પણ તેઓના માટે જ કરાયેલો હોય છે. કેટલીક વખતે તો તે વખતે જ ગરમ-ગરમ કરીને ભોજન પીરસાય છે તેથી તે સાવદ્ય આહારની સાથે સામાયિકના પરિણામનો વ્યાઘાત પ્રાપ્ત થાય. તેથી તે રીતે પૌષધ કરનારને સામાયિક ગ્રહણ કરવી ઉચિત ગણાય નહીં છતાં અપવાદથી પોતાના માટે કરાયેલો આહાર વાપરનાર શ્રાવકને દેશથી આહારપૌષધ સ્વીકારીને પણ સામાયિકનું ગ્રહણ કઈ રીતે સંગત છે તે 'નિશીથ ભાષ્ય'ના વચનથી ગ્રંથકારશ્રી બતાવે છે –

'નિશીથ ભાષ્ય'માં પૌષધવ્રતને આશ્રયીને કહ્યું છે કે પોતાના ઉદ્દેશથી કરાયેલો આહાર પણ શ્રાવક વાપરે અને ચૂર્ણિમાં કહ્યું કે જે શ્રાવક ઉદ્દેશથી કરાયેલો આહાર વાપરે છે તે સામાયિકવાળો શ્રાવક પણ વાપરે.

તેથી એ પ્રાપ્ત થાય કે નિશીથ ભાષ્યના વચનાનુસાર જેણે દેશથી આહારપૌષધ ગ્રહણ કર્યો હોય તે પોતાના ઉદ્દેશથી કરાયેલું ભોજન પણ વાપરે, પરંતુ તે પૌષધ કરનાર વ્યક્તિ સામાયિકમાં જ હોય તેવો અર્થ નિશીથ ભાષ્યના વચનથી પ્રાપ્ત થતો નથી. પરંતુ ચૂર્ણિકાર કહે છે કે કોઈ શ્રાવકે દેશથી આહારપૌષધ ગ્રહણ કર્યો હોય અને સામાયિક પણ ગ્રહણ કર્યું હોય છતાં અન્ય કોઈ ઉપાય ન હોય તો પોતાના માટે કરાયેલો આહાર વાપરે અને તેના દ્વારા દેહની પુષ્ટિ કરીને સામાયિકમાં યત્ન કરે તે ઉચિત છે, આ પ્રમાણે નિશીથચૂર્ણિના વચનથી સામાયિક સહિત પૌષધવાળા શ્રાવકો અન્ય કોઈ ઉપાય ન હોય તો પોતાના ઉદ્દેશથી કરાયેલો આહાર પણ વાપરે તેનો સ્વીકાર થાય છે તેવા પ્રકારની સંભાવના ગ્રંથકારશ્રીને જણાય

છે. પરંતુ જેઓ બે ઘડીનું સામાયિક ગ્રહણ કરે છે. તેઓ સામાયિકમાં આહાર ગ્રહણ કરે એવો અર્થ સ્વીકારી શકાય નહિ; કેમ કે બે ઘડીના સામાયિકમાં તો આહાર વાપરવાનું કોઈ પ્રયોજન નથી.

વળી, જે શ્રાવક ચાર પ્રકારના પૌષધ ગ્રહણ કરે અને આહારપૌષધ દેશથી ગ્રહણ કરે અને સાથે સામાયિકવ્રતનું ગ્રહણ કરે તે શ્રાવકને કરણ-કરાવણને આશ્રયીને મન-વચન-કાયાથી સાવદ્યનો અત્યંત પરિહાર કરવો આવશ્યક છે. તો જ સ્વીકારાયેલા પૌષધ અને સામાયિકની મર્યાદાનો નિર્વાહ થઈ શકે. તેથી પૌષધમાં આહાર અર્થે ઘરે જવાનો શ્રાવકને પ્રસંગ હોય ત્યારે પચ્ચક્ખાણને ગુરુસાક્ષીએ પારીને ઉપાશ્રયાદિ સ્થાનથી 'આવસ્સિઅ' કહી નીકળે. અને તેથી તેને સ્મૃતિમાં રહે કે સામાયિકના પરિણામને આવશ્યક એવું ભોજનનું કાર્ય કરવાનું છે; કેમ કે ભોજન વગર હું સામાયિકના પરિણામનો નિર્વાહ કરી શકું તેમ નથી. તેથી હું એ રીતે ભોજન કરું કે સામાયિકની ધુરાને સમ્યક્ વહન કરી શકું એ પ્રકારના ઉપયોગથી ઉપાશ્રયથી નીકળે છે અને સમભાવના પરિણામના રક્ષણ અર્થે ગમનકાળમાં કોઈ જીવ મરે નહીં તેની યતના અર્થે ઈર્યાસમિતિના પાલનપૂર્વક ઘરે જાય છે અને ઘરે પહોંચ્યા પછી ગમનાદિમાં કોઈ સૂક્ષ્મ સ્ખલના થઈ હોય તેની શુદ્ધિ અર્થે અત્યંત ઉપયોગપૂર્વક ઈર્યાવહિયાનું પ્રતિક્રમણ કરે છે. જેથી અનાભોગથી થયેલી સ્ખલનાની શુદ્ધિ થાય છે. ત્યારપછી ગમણાગમણેનું આલોચન કરે છે. ત્યારપછી ચૈત્યવંદન કરે છે જેથી ચૈત્યવંદનના બળથી પણ ભગવાનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત આહારમાં સંશ્લેષ પામીને સમભાવના પરિણામનો નાશ ન થાય તેવું નિર્માણ થાય છે. વળી ચૈત્યવંદન કર્યા પછી પોતે જે પચ્ચક્ખાણ સ્વીકાર્યું છે તેનું સ્મરણ કરે છે. તેથી હું પૌષધમાં છું, સામાયિકવ્રત વાળો છું, મેં દેશથી આહારપૌષધ ગ્રહણ કર્યો છે પરંતુ શરીરની શાતા અર્થે ગ્રહણ કર્યો નથી તે રીતે વિચારીને આહાર વાપરે છે જેથી આહારમાં ચિત્ત સંશ્લેષ ન પામે પરંતુ સામાયિકના પરિણામની વૃદ્ધિ અર્થે આહાર કરું છું, આ પ્રકારના ઉપયોગથી આહારકાળમાં પણ સંવરભાવનો નાશ થતો નથી.

આ રીતે આહારપૌષધ દેશથી હોતે છતે પણ સામાયિકના પરિણામનો સંભવ છે. તેથી પૂર્વમાં બતાવેલ વિધિ અનુસાર પૌષધ સહિતના સામાયિકમાં સાધુની જેમ ભોજન અનુમત છે, તેમ ફલિત થાય છે.

**ટીકા :-**

**पोषधग्रहणपालनपारणविधिस्त्वयम् –**

**'इह जंमि दिणे सावओ पोसहं लेइ, तंमि दिणे घरवावारं वज्जिअ पोसहसालाए गहियपोसह-जुग्गोवगरणो पोसहसालं साहुसमीवे वा गच्छइ, तओ अंगपडिलेहणं करिय, उच्चारपासवणे थंडिलं पडिलेहिय, गुरुसमीवे नवकारपुव्वं वा ठवणायरियं ठावइत्ता, इरियं पडिक्कमिय, खमासमणेण वंदिय, पोसहमुहपत्तिं पडिलेहइ, तओ खमासमणं दाउं उद्धट्ठिओ भणइ 'इच्छाकारेण संदिसह भगवन् ! पोसहं संदिसावेमि' बीयखमासमणेण 'पोसहं ठामि'त्ति भणिय नमुक्कारपुव्वं पोसहमुच्चारेइ ।**

**'करेमि भंते! पोसहं आहारपोसहं सव्वओ देसओ वा, सरीरसक्कारपोसहं सव्वओ, बंभचेरपोसहं सव्वओ, अव्वावारपोसहं सव्वओ चउव्विहे पोसह ठामि जाव अहोरत्तंपज्जुवासामि, दुविहं तिविहेणं,**

मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।'

एवं पुत्तिपेहणपुव्वं खमासमणदुगेण सामाइअं करिय पुणो खमासमणदुगेण जइ वरिसारत्तो तओ कट्ठासणगं सेसट्ठमासेसु पाउंछणगं संदिसाविअ खमासमणदुगेण सज्झायं करेइ ।

तओ पडिक्कमण पुव्वं करिय खमासमणदुगेण बहुवेलं संदिसाविय खमासमणपुव्वं पडिलेहणं करेमित्ति भणिय, मुहपत्तिं पाउंछणगं परिहरणं च पेहिय, सावियावि पुण पुत्तिं पाउंछणगमुत्तरीयं कंचुगं साडियं च पेहिय, खमासमणं दाउं भणइ 'इच्छकारि भगवन्! पडिलेहणा पडिलेहावउ' तओ इच्छंति भणिय, ठवणायरियं पेहिय, ठविय, खमासमणपुव्वं उवहिमुहपत्तिं पेहिय खमासमणदुगेण उवहिं संदिसाविय वत्थकंबलाइ पडिलेहेइ, तओ पोसहसालं जयणाए पमज्जिय, कज्जयं उद्धरिय, परिट्ठविय, इरियं पडिक्कमिय गमणागमणमालोइय खमासमणपुव्वं मंडलीए साहुव्व सज्झायं करेइ ।

तओ पढइ गुणइ पोत्थयं वा वाएइ, जाव पउणपोरिसी, तओ खमासमणपुव्वं पुत्तिं पेहिय तहेव सज्झायइ, जाव कालवेला, जइ देवा वंदियव्वा हुंति, तो आवस्सियापुव्वं चेइयहरे देवे वंदइ, जइ पारणइ तो पच्चक्खाणे पुण्णे खमासमणपुव्वं पुत्तिं पेहिय खमासमणं दाउं भणइ–

'पारावहं पोरिसी पुरिमड्ढो वा चउआहार कओ तिहार कओ आसि, निव्वीएणं आयंबिलेणं एगासणेणं पाणाहारेण वा जा काइ वेला तीए ।

तओ देवे वंदिअ सज्झायं करिय नियगिहे गंतुं जइ हत्थसयाओ बाहिं तो इरियं पडिक्कमिय आगमणमालोइय अहासंभवं अतिहिसंविभागवयं फासिय निच्चले आसणे उवविसिय हत्थे पाए मुहं च पडिलेहित्ता नमुक्कारं भणिय फासुयमरत्तदुट्ठो जिमेइ । पोसहसालाए वा पुव्वसंदिट्ठनियसयणेहिं आणियं, नो भिक्खं हिंडइ ।

**ટીકાર્થ :-**

पौषधग्रहण ..... हिंडइ । હવે પૌષધનું ગ્રહણ, પૌષધનું પાલન અને પૌષધના પારણ=પૌષધ પારવાની, વિધિ આ છે.

અહીં=પૌષધ ગ્રહણના પ્રક્રમમાં, જે દિવસે શ્રાવક પૌષધ લે છે તે દિવસે ઘર-વ્યાપારનું વર્જન કરીને પૌષધશાલામાં ગ્રહણ કર્યાં છે પૌષધયોગ્ય ઉપકરણો જેણે એવો શ્રાવક પૌષધશાળામાં પૌષધ કરે. અથવા સાધુ પાસે જાય છે ત્યારપછી અંગપડિલેહણ કરીને વડીનીતિ-લઘુનીતિ માટેની શુદ્ધભૂમિને પડિલેહણ કરીને ગુરુ પાસે અથવા નવકારપૂર્વક સ્થાપનાચાર્યને સ્થાપીને ઈરિયાવહિયાનું પ્રતિક્રમણ કરીને, ખમાસમણ આપીને પૌષધ મુહપત્તિનું પડિલેહણ કરે છે. ત્યારપછી ખમાસમણ આપીને

ઉત્થિત=ઊભો થયેલો બોલે છે. "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પોસહં સંદિસાવેમિ"=હે ભગવન્, ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો." શેની આજ્ઞા ? તેથી કહે છે. "પૌષધને હું ગ્રહણ કરું." બીજા ખમાસમણથી કહે છે. 'પોસહં ઠામિ'='હું પૌષધમાં સ્થિર થાઉં છું." આ પ્રમાણે બોલીને નવકારપૂર્વક પૌષધ ઉચ્ચરાવે છે.

**પૌષધ ઉચ્ચરાવવાનું સૂત્ર સ્પષ્ટ કરે છે.**

**"હે ભદંત ! હું પૌષધને કરું છું. આહારપૌષધ સર્વથી અથવા દેશથી, શરીરસત્કારપૌષધ સર્વથી, બ્રહ્મચર્યપૌષધ સર્વથી, અવ્યાપાર-પૌષધ સર્વથી કરું છું. ચાર પ્રકારના પૌષધમાં સ્થિર થાઉં છું. જ્યાં સુધી અહોરાત્ર છે ત્યાં સુધી હું પર્યુપાસના કરું છું=ચાર પ્રકારના પૌષધને સેવું છું.**

કઈ રીતે પર્યુપાસના કરું છું ? તેથી કહે છે –

**દુવિધ-ત્રિવિધથી પર્યુપાસના કરું છું.**

કઈ રીતે દુવિધ-ત્રિવિધથી પર્યુપાસના કરું છું ? તેથી કહે છે –

**મનથી, વચનથી અને કાયાથી હું કરીશ નહીં અને કરાવીશ નહિ=મન-વચન-કાયાથી પૂર્વના ચાર પ્રકારના પૌષધ ગ્રહણ કર્યા છે. તેની મર્યાદાથી વિપરીત હું કરીશ નહીં અને કરાવીશ નહિ.**

આ રીતે પ્રતિજ્ઞા કર્યા પછી પૂર્વના અપૌષધભાવના પરિહાર માટે કહે છે –

**હે ભગવન્ ! તેનું=પૂર્વના અપૌષધભાવનું, હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા આત્માને વોસિરાવું છું.**

**આ રીતે=પૌષધવ્રત ઉચ્ચરાવતી વખતે કર્યું એ રીતે, મુહપત્તિના પ્રેક્ષણપૂર્વક બે ખમાસમણાથી સામાયિકને કરીને=સામાયિક ગ્રહણ કરીને, જો વર્ષાઋતુ હોય તો કટ્ઠાસણગ=કાષ્ઠના આસનને અને શેષ આઠ માસમાં પાઉંછણને=ગરમ આસનને=કટાસણને, સંદિસાવીને=કટાસણ ઉપર બેસીને, ખમાસમણ દુગથી સજ્ઝાય કરે. ત્યારપછી પૂર્વમાં પ્રતિક્રમણ કરીને ખમાસમણ દુગથી બહુવેલ સંદિસાવીને ખમાસમણપૂર્વક પડિલેહણ કરું છું એ પ્રમાણે બોલીને મુહપત્તિને, પાઉંછણને અને ચરવળાને જોઈને=પડિલેહણ કરીને, શ્રાવિકા પણ ફરી મુહપત્તિ, પાઉંછણને, ઉત્તરિયાને, કંચુકને અને સાડીને જોઈને=પડિલેહણ કરીને ખમાસમણ આપીને બોલે છે. "ઇચ્છકારિ ભગવન્ ! પડિલેહણા પડિલેહડાવશોજી=હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક આદેશ આપો. હું પડિલેહણાનું પડિલેહણ કરું. ત્યારપછી આજ્ઞાના સ્વીકારરૂપ 'ઇચ્છં' એ પ્રમાણે કહીને સ્થાપનાચાર્યનું પ્રેક્ષણ કરીને, સ્થાપન કરીને, ખમાસમણપૂર્વક ઉપધિમુહપત્તિને જોઈને ખમાસમણ દુગથી ઉપધિ સંદિસાવીને વસ્ત્ર, કંબલાદિનું પડિલેહણ કરે. ત્યારપછી પૌષધશાળાને યતનાથી પ્રમાર્જીને કાજાનું ઉદ્ધરણ કરીને=કાજો કાઢીને, પરઠવીને ઇરિયાવહિયાનું પ્રતિક્રમણ કરીને 'ગમણાગમણે' આલોવીને ખમાસમણાપૂર્વક માંડલીમાં રહેલા સાધુની જેમ સ્વાધ્યાય કરે છે.**

**ત્યાર પછી ભણે છે, ગુણન કરે છે અથવા પુસ્તકને વાંચે છે જ્યાં સુધી પ્રથમ પોરસિ થાય, ત્યારપછી ખમાસમણપૂર્વક મુહપત્તિનું પ્રેક્ષણ કરીને તે જ પ્રમાણે સજ્ઝાયને કરે છે=સ્વાધ્યાય કરે છે, જ્યાં સુધી કાળવેળા થાય. જો દેવોને વંદન કરવાનાં હોય તો 'આવસ્સિઅ' પૂર્વક ચૈત્યગૃહમાં દેવને વંદન કરે. જો પારવાનું હોય=પચ્ચક્ખાણ પારવાનું હોય, તો પચ્ચક્ખાણ પૂર્ણ થાય ત્યારે ખમાસમણપૂર્વક મુહપત્તિનું પડિલેહણ કરીને ખમાસમણું આપી બોલે છે. પોરિસી, પુરિમુડ્ઢ અથવા ચાર આહાર કરાયો હોય=ચઉવિહાર ઉપવાસ કરાયો હોય, અથવા તિવિહાર કરાયો હોય=તિવિહાર ઉપવાસ કરાયો હોય, નીવિથી, આયંબિલથી, એકાસણાથી અથવા પાણહારથી પારું છું. જ્યાં સુધી કાળવેળા પૂર્ણ થાય=પૂરી થાય. ત્યાર પછી=પચ્ચક્ખાણ પાર્યા પછી દેવને વંદન કરીને સજ્ઝાય કરીને પોતાના ઘરમાં જવા માટે જો સો હાથથી બહાર હોય તો ઈરિયાવહિયાનું પડિક્કમણ કરીને, આગમનનું આલોચન કરીને=ગમણાગમણેનું આલોચન કરીને, યથાસંભવ અતિથિસંવિભાગવ્રતને સ્પર્શીને નિશ્ચલ આસનમાં બેસીને હાથ-પગ-મુખને પડિલેહણ કરીને, નવકાર બોલીને અરક્તદ્વેષવાળો પ્રાસુક જમે છે. અથવા પૌષધશાલામાં પૂર્વ સંદિષ્ઠ એવા નિજ સ્વજન વડે=પૂર્વમાં કહેલા પોતાના સ્વજન વડે, લાવેલું ભોજન જમે છે. ભિક્ષા માટે જતો નથી.**

**ભાવાર્થ :-**

શ્રાવક પૌષધ કઈ રીતે ગ્રહણ કરે તેની વિધિ બતાવે છે. જે દિવસે શ્રાવક પૌષધ ગ્રહણ કરે છે તે દિવસે ઘરના વ્યાપારોનો ત્યાગ કરીને પૌષધશાળામાં જાય, ત્યાં પૌષધનાં સર્વ ઉપકરણોને ગ્રહણ કરે, પૌષધશાળામાં બેસીને પૌષધ કરે અને ત્યાં બેસીને ચાર પ્રકારના પૌષધની મર્યાદાનુસાર સર્વ પ્રવૃત્તિ કરે અથવા સાધુ સમીપે જાય.

ત્યાં રહીને પૌષધ ગ્રહણ કરતા પૂર્વે શું કરે ? તે બતાવે છે –

સર્વ પ્રથમ શ્રાવક પોતાના દેહનું પડિલેહણ કરે; કેમ કે દેહનું પડિલેહણ કર્યા વગર પૌષધ ગ્રહણ કરવાનો પ્રારંભ કરે તો પોતાના દેહ ઉપર કોઈ સૂક્ષ્મજીવ હોય તો પૌષધગ્રહણના ક્રિયાકાળની પ્રવૃત્તિથી જ તેઓની હિંસા થાય. માટે તે પૌષધની ક્રિયા અત્યંત નિરવદ્ય આચારપૂર્વક થાય તે માટે શ્રાવક પૌષધની ક્રિયા કરતા પૂર્વે ઉચિત યતનાપૂર્વક દેહનું પડિલેહણ કરે છે. ત્યારપછી દિવસ દરમિયાન માતરું આદિ પરઠવવાનું સ્થાન જીવાકુલ નથી તે જોઈને અને જીવાકુલ હોય તો ઉચિત યતનાપૂર્વક તેનું પડિલેહણ કરે જેથી પૌષધ લીધા પછી તે સ્થાનમાં પરઠવવાને કારણે કોઈ જીવની વિરાધના થાય નહીં. ત્યારપછી ગુરુ સમીપે પૌષધ ગ્રહણ કરે અથવા નવકારપૂર્વક સ્થાપનાચાર્ય સ્થાપીને પૌષધ ગ્રહણ કરે. જે શ્રાવક સૂત્ર-અર્થ ભણેલ છે તે સ્થાપનાચાર્યને સ્થાપે ત્યારે પંચિંદિયસૂત્રમાં અત્યંત ઉપયોગવાળો થઈને ભાવાચાર્યની સ્થાપના કરે ત્યારે ભાવાચાર્યના ગુણોથી વાસિત થયેલું ચિત્ત હોવાથી હું ભાવાચાર્યને પરતંત્ર થઈ પૌષધ ગ્રહણ કરું છું તેવી બુદ્ધિ થાય છે. ત્યારપછી ઇર્યા પ્રતિક્રમણ કરે, અર્થાત્ ઇર્યાપથના શોધન અર્થે ઇરિયાવહિયા સૂત્ર બોલે જેનાથી પૂર્વના સર્વ આરંભ પ્રત્યે જુગુપ્સા કરીને ત્રણ ગુપ્તિને અભિમુખ પરિણામવાળો થાય છે; કેમ

કે ઇર્યાપથ તે સાધુપથ છે. અને અસાધુપથમાંથી નિવૃત્ત થઈને ત્રણ ગુપ્તિ રૂપ સાધુપથમાં જવા માટે પૌષધ ગ્રહણ કરતા પૂર્વે ઇર્યાપથનું પ્રતિક્રમણ કરાય છે. ત્યારપછી ખમાસમણથી મુહપત્તિના પડિલેહણનો આદેશ લઈને પૌષધ મુહપત્તિનું પડિલેહણ કરે છે. આ પ્રકારની પડિલેહણની ક્રિયાથી છ કાયના જીવની રક્ષાનો પરિણામ અતિશયિત થાય છે; કેમ કે શ્રાવકે પૌષધ દરમ્યાન અત્યંત યતનાપૂર્વક જીવરક્ષા માટે સર્વ પ્રવૃત્તિ કરવી આવશ્યક છે. ત્યારપછી ખમાસમણ આપીને ઊભો થઈને કહે કે "હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક આદેશ આપો. હું પૌષધને ગ્રહણ કરું." ત્યારપછી બીજું ખમાસમણ આપીને કહે છે કે "હું પૌષધમાં સ્થિર થાઉં." આ પ્રકારનો આદેશ માંગવાથી - તેમાં પ્રથમના આદેશથી પૌષધના પરિણામને અભિમુખ ભાવ થાય છે અને બીજા આદેશથી પૌષધમાં સ્થિર થવાનો પરિણામ થાય છે. પૌષધમાં સ્થિર થવાનો પરિણામ કર્યા પછી નવકારપૂર્વક પૌષધની પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે તેથી એ પ્રાપ્ત થાય કે પ્રતિજ્ઞા લેતા પૂર્વે પૌષધને અનુકૂળ ચિત્તનું નિર્માણ આવશ્યક છે. આથી જ શ્રાવક ઇરિયાવહિયા કરીને અત્યંત સંવરભાવવાળું ચિત્ત કરે છે. ત્યારપછી પૌષધમાં સ્થિર થવા માટે ઉચિત યતના કરે છે અને પૌષધને અનુકૂળ સ્થિર ચિત્ત થાય ત્યારપછી પૌષધની પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે. અને તે પૌષધની પ્રતિજ્ઞા આ પ્રમાણે છે.

"હે ભગવન્ ! હું પૌષધ કરું છું અર્થાત્ જેનાથી ધર્મની પુષ્ટિ થાય તેવા ચાર પ્રકારના પૌષધ હું ગ્રહણ કરું છું અને તે ચાર પૌષધમાં આહારપૌષધ શક્તિ હોય તો સર્વથી ગ્રહણ કરે છે અને શક્તિ ન હોય તો દેશથી ગ્રહણ કરે છે. શરીરસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપાર પૌષધ સર્વથી ગ્રહણ કરે છે. આ પ્રકારે ચાર પ્રકારના પૌષધને ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કર્યા પછી કહે છે કે હું ચાર પ્રકારના પૌષધમાં સ્થિર થાઉં છું.

ક્યાં સુધી સ્થિર થઈશ ? તેથી કહે છે –

જ્યાં સુધી અહોરાત્ર હું પૌષધવ્રતની પર્યુપાસના કરીશ ત્યાં સુધી હું પૌષધવ્રતમાં સ્થિર થાઉં છું.

કઈ રીતે પૌષધવ્રતમાં પોતે સ્થિર થાય છે ? તેથી કહે છે –

મન-વચન-કાયાથી પૌષધના પરિણામથી વિપરીત પ્રવૃત્તિ હું કરીશ નહીં કે કરાવીશ નહીં એવી દુવિધ-ત્રિવિધથી પ્રતિજ્ઞા ગ્રહણ કરું છું. તેથી પ્રતિજ્ઞાના દૃઢ સંકલ્પવાળો શ્રાવક પૌષધ દરમિયાન અંતરંગ રીતે કષાયનો ક્ષયોપશમભાવ પ્રવર્તે તે રીતે સંવૃત થઈને સતત ઉચિત સ્વાધ્યાયાદિ દ્વારા ગુણવૃદ્ધિને અનુકૂળ યત્ન કરવાના દૃઢ સંકલ્પવાળો થાય છે.

ત્યારપછી પૂર્વમાં જે અપૌષધના પરિણામમાં હતો તે અપૌષધના પરિણામ પ્રત્યે તીવ્ર જુગુપ્સા કરીને તે પરિણતિને આત્મામાંથી દૂર કરવા અર્થે કહે છે –

હે ભગવન્ ! તેની=પૂર્વની અપૌષધની, પરિણતિનું હું પ્રતિક્રમણ કરું છું અર્થાત્ તેવી પરિણતિથી અત્યંત પાછો ફરું છું. આ પ્રમાણે કહીને અપૌષધની પરિણતિમાંથી ચિત્તનું નિવર્તન કરીને પૌષધની પરિણતિમાં જવાને અનુકૂળ યત્નવાળો થાય છે અને 'પૂર્વની પૌષધની પરિણતિની હું નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા પરિણામવાળા આત્માને હું વોસિરાવું છું.' આ પ્રકારે બોલીને સાધુ જેમ ધર્મના ઉપકરણ રૂપે દેહને

ધારણ કરે છે. તેમ પૌષધના પરિણામની વૃદ્ધિના ઉપકરણરૂપે શ્રાવક દેહને ધારણ કરે છે. તે સિવાયના અપૌષધવાળા આત્માનો પૌષધ કાલાવધિ સુધી ત્યાગ કરે છે.

આ રીતે પૌષધ ઉચરાવ્યા પછી સામાયિકની પ્રતિજ્ઞા ગ્રહણ કરવા અર્થે ખમાસમણાપૂર્વક શ્રાવક સામાયિક મુહપત્તિ પડિલેહણનો આદેશ માંગે છે. અને બે ખમાસમણથી 'સામાયિક સંદિસાહુ' અને 'સામાયિક ઠાઉં' કહીને સામાયિકના પરિણામમાં=સમભાવના પરિણામમાં, સ્થિર થવા યત્ન કરે છે. ત્યારપછી 'કરેમિ ભંતે' સૂત્ર દ્વારા સામાયિકની પ્રતિજ્ઞા કરે છે. તે પ્રતિજ્ઞામાં પણ શ્રાવક કહે છે કે 'હે ભગવન્ ! હું સામાયિક કરું છું.'

આ પ્રકારની પ્રતિજ્ઞા દ્વારા સંકલ્પ કરી સામાયિકની કાલાવધિ સુધી સમભાવના ચિત્તનું નિર્માણ શ્રાવક કરે છે અને સામાયિકના પરિણામને વહન કરે છે.

વહન કરતાં સામાયિકના પરિણામને કઈ રીતે દૃઢ કરશે ? તેથી કહે છે –

વહન કરતાં સામાયિકના પરિણામને દૃઢ કરવા અર્થે શ્રાવક કહે છે કે સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરું છું અર્થાત્ મન-વચન-કાયાના યોગો સામાયિકના પરિણામને છોડીને અન્યત્ર બાહ્ય વિષયમાં ન જાય અને સામાયિકના પરિણામની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારમાં પ્રવર્તે તે પ્રકારે સાવદ્યયોગનું હું પચ્ચક્ખાણ કરું છું.

ક્યાં સુધી હું સામાયિકમાં રહેવાની પ્રતિજ્ઞા કરું છું. તેથી કહે છે જ્યાં સુધી હું પૌષધની પર્યુપાસના કરું છું=પૌષધવ્રતની પ્રતિજ્ઞા કરું છું ત્યાં સુધી, સામાયિકના પરિણામમાં રહેવાની પ્રતિજ્ઞા કરું છું.

કઈ રીતે સામાયિકના પરિણામમાં રહીશ ? તેથી કહે છે –

સાવદ્યયોગના પરિહારથી સામાયિકના પરિણામમાં રહીશ.

કઈ રીતે સાવદ્યયોગનો પરિહાર કરીશ ? તેથી કહે છે –

દ્વિવિધ-ત્રિવિધથી મન-વચન અને કાયાથી સાવદ્યયોગની પ્રવૃત્તિ હું કરીશ નહીં અને કરાવીશ નહિ. આ રીતે સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવાથી મન-વચન-કાયાના યોગો સાવદ્યની પ્રવૃત્તિથી નિવર્તન પામીને નિરવદ્ય એવા ગુણસ્થાનકની વૃદ્ધિમાં પ્રવર્તે છે. આ રીતે શ્રાવક દુવિહં-તિવિહંની પ્રતિજ્ઞા કરે છે.

આ પ્રકારની પ્રતિજ્ઞાને દૃઢ કરવા અર્થે શ્રાવકે પૂર્વમાં જે સાવદ્યપ્રવૃત્તિ કરી છે તેનાથી નિવર્તન પામવા અર્થે કહે છે –

હે ભગવન્ ! પૂર્વની સાવદ્યપ્રવૃત્તિનું હું પ્રતિક્રમણ કરું છું અર્થાત્ તે સાવદ્યપ્રવૃત્તિને અનુકૂળ જે પોતાના મન-વચન-કાયાના યોગો હતા તેનાથી હું અત્યંત પાછો ફરું છું અને પૂર્વમાં જે મેં સાવદ્યપ્રવૃત્તિ કરી છે તેની હું અત્યંત નિંદા અને ગર્હા કરું છું. જેથી તેવી સાવદ્ય પ્રવૃત્તિ પ્રત્યે જુગુપ્સાવાળું ચિત્ત બને છે. અને ત્યારપછી પ્રતિજ્ઞા કરે છે કે એવા સાવદ્યયોગની પ્રવૃત્તિવાળા આત્માને હું વોસિરાવું છું.

આ રીતે સામાયિકની પ્રતિજ્ઞા કરીને ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાના બળથી શ્રાવક પૌષધકાળની મર્યાદા સુધી સમભાવના પરિણામ માટે દૃઢ યત્ન કરશે તેવો શ્રુતનો સંકલ્પ કરીને પોતાના ચિત્તને સંવરભાવવાળું કરે છે. જેમ વિવેકસંપન્ન ગૃહસ્થ ઉપવાસનું પચ્ચક્ખાણ કરીને ઉપવાસ કાલાવધિ સુધી ચિત્ત ખાવાના વિચારો

ન કરે, ખાવાની ઇચ્છા ન કરે તેવા પ્રકારના સંવરભાવ અર્થે ઉપવાસનું પચ્ચક્ખાણ કરે છે. જેના બળથી દિવસ દરમિયાન ખાવાનો પરિણામ થતો નથી તેમ પ્રસ્તુત 'કરેમિ ભંતે' સૂત્રના બળથી કરાયેલી પ્રતિજ્ઞાના અવલંબનથી શ્રાવકને પ્રતિજ્ઞા કાલાવધિ સુધી સમભાવના પરિણામને છોડીને અન્ય પરિણામ સ્પર્શતો નથી. તેથી પૌષધકાળ સુધી સર્વ ભાવો પ્રત્યે સમભાવ વર્તે તે પ્રકારનો પ્રયત્ન થાય છે. આ રીતે સામાયિકની પ્રતિજ્ઞા કર્યા પછી બે ખમાસમણ દઈને 'બેસણે સંદિસાહુ' અને 'બેસણે ઠાઉં' એ પ્રકારે કહીને સામાયિકમાં સ્થિર થવા પ્રયત્ન કરે છે. અને જો વર્ષાઋતુ હોય તો કાષ્ઠના આસન પર બેસે જેથી કોઈ સૂક્ષ્મજીવોની વિરાધના થાય નહીં અને શેષ ૮ માસમાં કટાસણા પર બેસીને બે ખમાસમણ આપે છે અને કહે છે કે "સજ્ઝાય સંદિસાહુ" અને "સજ્ઝાય કરું" જેના દ્વારા સામાયિકના પરિણામને અનુકૂળ સ્વાધ્યાયમાં સ્થિર થવા પ્રયત્ન કરે છે. તેથી વિવેકી શ્રાવક પૌષધ દરમિયાન સમભાવના પરિણામની વૃદ્ધિનું કારણ બને તેવો ઉચિત સ્વાધ્યાય કરે છે.

ત્યારપછી શ્રાવક પૌષધની મર્યાદાનુસાર પ્રતિક્રમણ કરે છે અને પ્રતિક્રમણ કર્યા પછી બે ખમાસમણ દઈ 'બહુવેલ સંદિસાહુ' અને 'બહુવેલ કરશું' એમ બે આદેશ માંગ છે. જે આદેશ દ્વારા ગુણવાન એવા ભાવાચાર્યને પરતંત્ર સર્વ મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવાનું દૃઢ પ્રણિધાન થાય છે; કેમ કે શ્વાસોચ્છ્વાસ આદિ ક્રિયા પણ ગુણવાનગુરુને પૂછ્યા વગર કરવાનો નિષેધ છે. તેથી બહુ વાર થતી એવી શ્વાસોચ્છ્વાસ આદિ ક્રિયાનો પણ ભાવાચાર્ય પાસેથી આદેશ માંગીને તેઓને હું પરતંત્ર રહીશ એવો સંકલ્પ થાય છે. તેથી પૌષધકાળ સુધી ધર્મની પુષ્ટિ થાય તે પ્રકારે પૌષધની મર્યાદા સુધી રહેવાની ભાવાચાર્ય જે પ્રકારે અનુજ્ઞા આપે છે તે પ્રકારે દૃઢ યત્ન કરવાનો સંકલ્પ ઉલ્લસિત થાય છે. ત્યારપછી ખમાસમણપૂર્વક શ્રાવક પડિલેહણ કરવાનો આદેશ માંગે છે અને તે આદેશ માંગીને મુહપત્તિ, કટાસણું અને ચરવળાનું પડિલેહણ કરે છે. શ્રાવિકા પણ મુહપત્તિ, કટાસણું, ઉત્તરાસન, કંચુકી અને સાડીનું પડિલેહણ કરે છે. આ પ્રકારે પડિલેહણ કરવાથી જીવરક્ષાને અનુકૂળ દયાળુ ચિત્ત સ્થિર થાય છે. ત્યારપછી ખમાસમણ આપીને 'ઇચ્છકારી ભગવન્ ! પડિલેહણા પડિલેહડાવશોજી.' એ પ્રકારનો આદેશ માંગે છે. અને ત્યારપછી તે આદેશના સ્વીકાર અર્થે 'ઇચ્છં' કહીને સ્થાપનાચાર્યનું પડિલેહણ કરે છે. પછી સ્થાપનાચાર્યને સ્થાપીને ખમાસમણાપૂર્વક 'ઉપધિમુહપત્તિ' પડિલેહુનો આદેશ માંગી મુહપત્તિનું પડિલેહણ કરે છે. ત્યારપછી ખમાસમણથી 'ઉપધિ સંદિસાહુ' અને 'ઉપધિ પડિલેહું' એમ કહીને વસ્ત્ર-કંબલાદિનું પડિલેહણ કરે છે. ત્યારપછી પૌષધશાળાને યતનાથી પ્રમાર્જે છે અને પછી કાજાનું ગ્રહણ કરે છે અને પરઠવે છે. ત્યારપછી ઇર્યા પ્રતિક્રમણ કરે છે. ગમણાગમણેનું આલોચન કરે છે. આ સર્વક્રિયામાં ષટ્કાયના પાલનનો પરિણામ અત્યંત સ્થિર થાય છે. જેથી સમભાવની વૃદ્ધિ થાય છે. ત્યારપછી ખમાસમણાપૂર્વક માંડલીમાં બેઠેલા સાધુઓની જેમ સ્વાધ્યાય કરે છે.

શેનો સ્વાધ્યાય કરે ? તેથી કહે છે –

નવા ગ્રંથો ભણે છે. પૂર્વમાં કરેલા સ્વાધ્યાયનું સ્મરણ કરે છે અથવા પુસ્તક વાંચે છે. જે પ્રવૃત્તિથી શ્રાવકને સમભાવના પરિણામથી વૃદ્ધિ થતી દેખાય તે પ્રકારનાં વાંચનાદિ કરે છે.

ક્યાં સુધી વાંચન કરે ? તેથી કહે છે –

એક પોરિસી સુધી. ત્યારપછી ખમાસમણપૂર્વક મુહપત્તિનું પડિલેહણ કરીને તે પ્રમાણે જ ફરી સ્વાધ્યાયમાં બેસે છે. આ પ્રકારે સ્વાધ્યાયની વચમાં પોરિસીના સ્મરણ અર્થે અને પોરિસીનો કાળ સ્વાધ્યાયમાં સારી રીતે પસાર થયો છે તેને દૃઢ કરવા અર્થે મુહપત્તિના પડિલેહણપૂર્વક ફરી સ્વાધ્યાયની ક્રિયા કરે છે. ત્યારપછી ઉચિતકાળ થાય ત્યારે ભગવાનનાં દર્શન કરવા અર્થે દહેરાસર જાય છે અને જતી વખતે 'આવસ્સિઅ' કહી જાય છે જેથી સ્મરણ રહે છે કે હું સામાયિકના પરિણામની વૃદ્ધિ માટે આવશ્યકી ક્રિયા કરું છું. માટે ઇર્યાસમિતિપૂર્વક મારે ચૈત્યાલયમાં જવું જોઈએ અને ત્યાં જઈને ભગવાનના ગુણોમાં ચિત્તને સ્થિર કરીને દેવવંદન કરવું જોઈએ જેથી ભગવાનની ભક્તિના બળથી પણ સામાયિકનો પરિણામ દૃઢ થાય. ત્યારપછી જો આહાર વાપરવો હોય તો પચ્ચક્ખાણ પાળીને જે પ્રકારે પોતે પચ્ચક્ખાણ કર્યું હોય તેને અનુસાર એકાસણું આયંબિલ આદિમાં યત્ન કરે અને આહાર વાપરતા પૂર્વે પણ સામાયિકના પરિણામમાં ક્યાંય મ્લાનિ ન થાય તે પ્રકારે જીવરક્ષાનો સર્વ ઉચિત યત્ન શ્રાવકે કરવો જોઈએ. તેથી આહાર વાપરવા અર્થે ઘરે જાય ત્યારે પણ અત્યંત ઉપયોગપૂર્વક જાય. વાપરવાની પ્રવૃત્તિ પણ અત્યંત ઉપયોગપૂર્વક કરે. જેથી આહાર સંજ્ઞાની પુષ્ટિ ન થાય. પરંતુ કરેલી સામાયિકની પ્રતિજ્ઞાને સહાયક થાય તે પ્રકારે મર્યાદાપૂર્વક આહાર વાપરે.

વળી, કેટલાક શ્રાવકો પૂર્વમાં સ્વજનાદિને કીધેલું હોય તે પ્રમાણે તેઓ, પૌષધ કરનાર માટે પૌષધશાળામાં આહાર લઈ આવે અને ત્યાં વિધિપૂર્વક શ્રાવક આહાર વાપરે પરંતુ પૌષધમાં શ્રાવક સાધુની જેમ ભિક્ષા માટે જાય નહિ; કેમ કે તેમ કરવાથી ધર્મનો લાઘવ થાય છે. ભિક્ષા ગ્રહણ કરવાની અનુજ્ઞા માત્ર સાધુને જ છે અને અગિયારમી પ્રતિમાધારી શ્રાવકને પણ ધર્મનો લાઘવ ન થાય તે અર્થે પોતાના સ્વજનાદિના કુળમાં ભિક્ષા માટે જાય છે પરંતુ અન્યત્ર જતા નથી.

**ટીકા :-**

**तओ पोसहसालाए गंतुं इरियं पडिक्कमिय देवे वंदिय वंदणं दाउं तिहारस्स चउहारस्स वा पच्चक्खाइ, जइ सरीरचिंताए अट्ठो तो आवस्सियं करिय साहुव्व उवउत्तो निज्जीवे थंडिले गंतुं विहिणा उच्चारपासवणं वोसिरिय सोयं करिय पोसहसालाए आगंतुं इरियं पडिक्कमिय खमासमणपुव्वं भणइ–इच्छाकारेण संदिसह भगवन् ! गमणागमण आलोयउ ! इच्छं, वसति हुंता आवसी करी अवरदक्खिणदिसि जाइउ दिसालोअं करिय अणुजाणह जस्सुग्गहत्ति भणिय, संडासए थंडिलं च पमज्जिअ, उच्चारपासवणं वोसिरिय, निसीहियं करिय, पोसहसालाए पविट्ठा, आवंतजंतेहिं जं खंडिअं जं विराहिअं तस्स मिच्छामि दुक्कडं' ।**

**तओ सज्झायं करेति जाव पच्छिमपहरो, तओ खमासमणपुव्वं पडिलेहणं करेमि, बीयखमासमणेण**

पोसहसालं पमज्जेमित्ति भणिय सावओ पुत्तिं पाउंछणगं च पहिरणगं पेहेइ, साविया पुण पुत्तिं पाउंछणगं साडिअं कंचुगमुत्तरीयं च पेहेइ, तओ ठवणायरियं च पेहिय, पोसहसालं पमज्जिय खमासमणपुव्वं उवहिमुहपत्तिं पेहिय खमासमणेण मंडलीए जाणुट्ठिओ सज्झायं करिय वंदणं दाउं पच्चक्खाणं करिय खमासमणदुगेण उवहिं संदिसाविय वत्थकंबले पडिलेहिय सज्झायं करेइ । जो पुण अभत्तट्ठी सो सव्वोवहिअंते पहिरणगं साविया पुण गोसि व्व उवहिं पडिलेहेइ, कालवेलाए पुण खमासमणपुव्वं सज्झाए अंतो बहिं च बारस बारस काइय उच्चारभूमीओ पेहेइ यतः –

"बारस बारस तिन्नि अ, काइअउच्चारकालभूमीओ ।
अंतो बहिं च अहिआसे, अणहिआसेण पडिलेहा ।।१।।" [उपदेशमाला-गा. ३७५]

## स्थापना

| वडीनीति संथारानइं समीपिं | लघुनीति |
| --- | --- |
| आगाढे आसन्ने उच्चारे पासवणे अणहियासे १ | आगाढे आसन्ने पासवणे अणहियासे १ |
| आगाढे मज्झे उच्चारे पासवणे अणहियासे २ | आगाढे मज्झे पासवणे अणहियासे २ |
| आगाढे दूरे उच्चारे पासवणे अणहियासे ३ | आगाढे दूरे पासवणे अणहियासे ३ |
| उपाश्रयनां बार मांहिलइं पासइं | |
| आगाढे आसन्ने उच्चारे पासवणे अहियासे १ | आगाढे आसन्ने पासवणे अहियासे १ |
| आगाढे मज्झे उच्चारे पासवणे अहियासे २ | आगाढे मज्झे पासवणे अहियासे २ |
| आगाढे दूरे उच्चारे पासवणे अहियासे ३ | आगाढे दूरे पासवणे अहियासे ३ |
| उपाश्रयद्वार बाहिरलइं पासइं | |
| अणागाढे आसन्ने उच्चारे पासवणे अणहियासे १ | अणागाढे आसन्ने पासवणे अणहियासे १ |
| अणागाढे मज्झे उच्चारे पासवणे अणहियासे २ | अणागाढे मज्झे पासवणे अणहियासे २ |
| अणागाढे दूरे उच्चारे पासवणे अणहियासे ३ | अणागाढे दूरे पासवणे अणहियासे ३ |
| स्थण्डिलस्थाने | |
| अणागाढे आसन्ने उच्चारे पासवणे अहियासे १ | अणागाढे आसन्ने पासवणे अहियासे १ |
| अणागाढे मज्झे उच्चारे पासवणे अहियासे २ | अणागाढे मज्झे पासवणे अहियासे २ |
| अणागाढे दूरे उच्चारे पासवणे अहियासे ३ | अणागाढे दूरे पासवणे अहियासे ३ |

**तओ पडिक्कमणं करिय सइ संभवे साहूणं विस्सामणा खमासमणं दाऊण सज्झायं करेइ जाव पोरिसी, तओ खमासमणपुव्वं भणइ–इच्छाकारेण संदिसह भगवन्! बहुपडिपुन्ना पोरिसी राईसंथारए ठामि, तओ देवे वंदिय सरीरचिंतं सोहिय सव्वं बाहिरुवहिं पेहिय जाणुवरिं संथारुत्तरपट्टं मेलिय जओ पाए भूमिं पमज्जिय सणियं संथरइ, तओ वामपाएण संथारं संघट्टिय पुत्तिं पेहिय निसीही ३ नमो खमासमणाणं अणुजाणह जिट्ठिज्जत्ति भणंतो संथारए उवविसिय नमुक्कारतिअं तिन्नि वारे सामाइयं कड्ढिय –**

"अणुजाणह परमगुरू, गुरुगुणरयणेहिं मंडियसरीरा ।
बहुपडिपुन्ना पोरिसी, राईसंथारए ठामि ।।१।।
अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ।
कुक्कुडिपायपसारण, अतरंत पमज्जए भूमिं ।।२।।
संकोइयसंडासा, उव्वट्टंते य कायपडिलेहा ।
दव्वाइ उवओगं, ऊसासनिरुंभणाऽऽलोए ।।३।।" **[ओघनिर्युक्ति २०५-६]**
जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।
आहारमुवहि देहं, सव्वं तिविहेण वोसिरियं ।।४।।

**चत्तारि मंगलमिच्चाइभावणा भाविय नमुक्कारं समरंतो रओहरणाइणा सरीरगं संथारगस्सुवरिभागं च पमज्जिय वामपासेण बाहूवहाणेण सुयइ, जइ सरीरचिंताए अट्ठो संथारगं अन्नेण संघट्टाविय आवस्सियं करिय पुव्वपेहियथंडिले काइअं वोसिरिय इरियं पडिक्कमिय गमणागमणमालोइअ जहन्नेणवि तिन्नि गाहाओ सज्झाइय नमुक्कारं समरंतो तहेव सुयइ ।**

**पच्छिमजामे इरियं पडिक्कमिय कुसुमिणदुसुमिणकाउस्सग्गं चिइवंदणं च काउं आयरियाइ वंदिय सज्झायं करेइ, जाव पडिक्कमणवेला, तओ पुव्वं व पडिक्कमणाइ जाव मंडलीए सज्झाअं करिअ जइ पोसह पारिउकामो तो खमासमणं दाउं भणइ–**

**'इच्छाकारेण संदिसह भगवन्! मुहुपत्तिं पडिलेहेमि' गुरू भणइ 'पडिलेहह' तओ पुत्तिं पेहिय खमासमणं दाउं भणइ 'इच्छाकारेण संदिसह पोसह पारउ? गुरू भणइ 'पुणोवि कायव्वं' बीयखमासमणेणं भणइ 'पोसह पारिओ' गुरू भणइ 'आयरो न मुत्तव्वो' तओ उद्धट्ठिओ नमुक्कारं भणिय जाणुठिओ भूमिठियसिरो भणइ–**

**'सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ।**
**जेसिं पोसहपडिमा, अखंडिआ जीवियंतेवि ।।१।।**

धन्ना सलाहणिज्जा, सुलसा आणंद कामदेवा य ।

जेसि पसंसइ भयवं, दढव्वयं तं (दढव्वयत्तं) महावीरो ।।२।।

पोसहविधिं लीधउ विधिं पारिओ विधि करतां जइ कांई अविधिखंडनविराधन मनि वचनि कायाइं तस्स मिच्छामिदुक्कडं."

एवं सामाइअंपि, नवरं –

'सामाइयवयजुत्तो, जाव मणे होइ नियमसंजुत्तो ।

छिंदइ असुहं कम्मं, सामाइअ जत्तिआ वारा ।।१।।

छउमत्थो मूढमणो, कित्तिअमित्तं च संभरइ जीवो ।

जं च न सुमरामि अहं, मिच्छामिदुक्कडं तस्स ।।२।।

सामाइअपोसहसुट्ठिअस्स जीवस्स जाइ जो कालो ।

सो सफलो बोधव्वो, सेसो संसारफलहेऊ ।।३।।'

तओ सामायिक विधइं लिधउ इच्चाई भणइ, एवं दिवसपोसहंपि, नवरं 'जाव दिवसं पज्जुवासामि'त्ति भणइ, देवसिआइपडिक्कमणे कए पारेउं कप्पइ ।

रात्रिपोषधमप्येवं, नवरं मज्झण्हाओ परओ जाव दिवसस्स अंतोमुहुत्तो ताव घिप्पइ, तहा 'दिवससेसं रत्तिं पज्जुवासामि'त्ति भणइ, पोसहपारणए साहुसंभवे नियमा अतिहिसंविभागवयं फासिय पारेयव्वं' ।

अत्र च पर्वचतुष्टयीति तस्यामवश्यकर्त्तव्यत्वोपदर्शनार्थमुक्ता, न तु तस्यामेवेति नियमदर्शनाय,

"सव्वेसु कालपव्वेसु, पसत्थो जिणमए तहा जोगो ।

अट्ठमिचउद्दसीसुं, निअमेण हविज्ज पोसहिओ ।।१।।" त्ति आवश्यकचूर्ण्यादौ [भा. २ प. ३०४] तथादर्शनात् ।

न च "चाउदसट्ठमुद्दिट्ठपुण्णिमासीसु पडिपुण्णं पोसहं अणुपालेमाणा" इति सूत्रकृदङ्गादौ श्रावकवर्णनाधिकारीयाक्षरदर्शनादष्टम्यादिपर्वस्वेव पोषधः कार्यो न शेषदिवसेष्विति वाच्यम् ।

विपाकश्रुताङ्गे सुबाहुकुमारकृतपौषधत्रयाभिधानात् । तथा च सूत्रम्–

"तएणं से सुबाहुकुमारे अन्नया कयाइ चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासीसु जाव पोसहसालाए पोसहिए अट्ठमभत्तिए पोसहं पडिजागरमाणे विहरइ" त्ति । [श्रुतस्कन्ध २, अध्य. १ पृ. ६३८]

एतद्व्रतफलं त्वेवमुक्तम् –

"कंचणमणिसोवाणं, थंभसहस्सुस्सिअं सुवण्णतलं ।
जो कारिज्ज जिणहरं, तओवि तवसंजमो अहिओ ।।१।।" **[सम्बोधप्र. श्रा. १३०]**

**एकस्मिन् सामायिके मुहूर्त्तमात्रे** "बाणवई कोडीओ०" **[सम्बोधप्र. श्रा. ११५] इति गाथया प्रागुक्तलाभः । स त्रिंशन्मुहूर्त्तमानेऽहोरात्रपोषधे त्रिंशद्गुणो बादरवृत्त्या स चायम्–**

"सत्तत्तरि सत्त सया, सत्तहत्तरि सहसलक्खकोडीओ ।
सगवीसं कोडीसया, नवभागा सत्त पलिअस्स ।।१।।" **[सम्बोधप्र. श्रा. १३४]**

**अङ्कतोऽपि २७७७७७७७७७७ ७/९ एतावत्पल्यायुर्बन्ध एकस्मिन् पोषधे ।।३९।।**

**ટીકાર્થ :-**

**तओ ..... पोषधे ।। ત્યાર પછી=આહાર વાપર્યા પછી, શ્રાવક પોષધશાળામાં જઈને, ઈરિયાવહિયાનું પ્રતિક્રમણ કરીને, દેવને વંદીને, વંદન કરીને તિવિહાર અથવા ચઉવિહારનું પચ્ચક્ખાણ કરે છે. જો શરીરની ચિંતાનો અર્થ હોય=માતરું આદિ જવાની ઇચ્છા હોય તો આવસ્સિઅ કહીને સાધુની જેમ ઉપયુક્ત નિર્જીવ ભૂમિમાં જઈને વિધિપૂર્વક માતરું-સ્થંડિલ વોસિરાવે. શોચ કરીને=દેહની શુદ્ધિ કરીને પૌષધશાળામાં આવીને ઈર્યા પ્રતિક્રમણ કરીને ખમાસમણપૂર્વક કહે છે. "હે ભગવન્ ! ઇચ્છાકારથી આજ્ઞા આપો. ગમણાગમણે આલોઉં." ભાવાચાર્યની અનુજ્ઞા સ્વીકારવા અર્થે 'ઇચ્છં' કહે.**

'ઇચ્છં' કહ્યા પછી કઈ રીતે ગમણાગમણેનું આલોચન કરે છે ? તે સ્પષ્ટ કરે છે –

**વસતીમાં આવ્યો છતો 'આવસ્સિઅં' કહીને બીજી એવી દક્ષિણ દિશામાં જઈને દિશાનો આલોક કરીને=દિશાનું અવલોકન કરીને, અણુજાણહ જસ્સુગ્ગહ એ પ્રમાણે કહીને સંડાસા અને સ્થંડિલને પ્રમાર્જીને=માતરું-સ્થંડિલ કરવા બેસતી વખતે શરીરના અવયવોને અને પરઠવવાના સ્થાનને પ્રમાર્જીને અને ઉચ્ચાર-પાસવણને વોસિરાવીને=માતરું-સ્થંડિલ પરઠવીને, નિસીહિ કહીને પોષધશાળામાં પ્રવેશેલો, આવવા-જવાથી=માતરું-સ્થંડિલ પરઠવવા માટે આવવા-જવાથી, જે ખંડિત કરાયું હોય=સમિતિ-ગુપ્તિની સ્ખલના કરાઈ હોય, જે વિરાધના કરાઈ હોય તેનું મિચ્છામિદુક્કડમ્ આપું છું. ત્યારપછી સજ્ઝાય કરે છે જ્યાં સુધી દિવસનો છેલ્લો પહોર થાય. ત્યારપછી ખમાસમણાપૂર્વક પડિલેહણા કરે છે. બીજા ખમાસણાથી પોષધશાલાને પ્રમાર્જું છું એ પ્રમાણે બોલીને શ્રાવક મુહપત્તિ, કટાસણ અને ચરવળાનું પડિલેહણ કરે છે. શ્રાવિકા વળી, મુહપત્તિ, કટાસણું, ચરવળો, સાડી, કંચુક અને ઉત્તરાસનનું પડિલેહણ કરે છે. ત્યારપછી સ્થાપનાચાર્યનું પડિલેહણ કરીને પૌષધશાળાનું પ્રમાર્જન કરીને ખમાસમણાપૂર્વક ઉપધિ મુહપત્તિનું પડિલેહણ કરીને ખમાસમણથી માંડલીમાં જાનુથી રહેલો=બે પગ વચ્ચે હાથ રાખીને રહેલો, સજ્ઝાયને કરીને, વંદન આપીને, પચ્ચક્ખાણ કરીને ખમાસમણદુગથી ઉપધિ સંદિસાવીને વસ્ત્રકંબલનું પડિલેહણ કરીને સજ્ઝાય કરે છે=સ્વાધ્યાય કરે છે. જે વળી, ઉપવાસવાળો છે તે સર્વ ઉપધિના અંતમાં ચરવળાને અને વળી શ્રાવિકા સવારની જેમ ઉપધિનું પડિલેહણ કરે છે. કાળવેળાએ વળી ખમાસમણપૂર્વક વસતીની અંદર અને બહાર ૧૨-૧૨ કાઈક**

**ઉચ્ચાર ભૂમિઓને=લઘુનીતિ અને વડીનીતિની ભૂમિઓને જુએ છે. જે કારણથી "ઉપદેશમાલા"માં કહ્યું છે.**

બાર-બાર કાઈક-ઉચ્ચારભૂમિઓ કઈ કઈ રીતે છે ? તેથી કહે છે –

"ત્રણ=નજીક, મધ્યમ અને દૂર એમ ત્રણ, કાઈકની અને ઉચ્ચારની કાળની ભૂમિ છે=લઘુનીતિ અને વડીનીતિના કાળની ભૂમિ છે. તેથી ૬ની પ્રાપ્તિ થઈ અને તે ૬ ભૂમિઓ પૌષધશાળાની અંદર અને પૌષધશાળાની બહાર એમ ૧૨ ભૂમિઓની પ્રાપ્તિ થઈ અને તે અહિયાસે અને અણહિયાસે=સહિષ્ણુ અને અસહિષ્ણુને આશ્રયીને ૧૨-૧૨ થવાથી કુલ ૨૪ ભેદવાળી સ્થંડિલભૂમિ છે તેનું પડિલેહણ કરવું જોઈએ." ॥૧॥ **(ઉપદેશમાલા-ગા. ૩૭૫)**

**વડીનીતિ (ઝાડો-પેશાબ) માટે ૧૨** **લઘુનીતિ (પેશાબ) માટે ૧૨**

**સંથારાની નજીક-છ**

**૧. આગાઢે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે,**
**૨. આગાઢે આસન્ને પાસવણે અણહિયાસે,**
**૩. આગાઢે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે,**
**૪. આગાઢે મજ્ઝે પાસવણે અણહિયાસે,**
**૫. આગાઢે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે,**
**૬. આગાઢે દૂરે પાસવણે અણહિયાસે.**

**ઉપાશ્રયની અંદર-છ**

**૧. આગાઢે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે,**
**૨. આગાઢે આસન્ને પાસવણે અહિયાસે,**
**૩. આગાઢે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે,**
**૪. આગાઢે મજ્ઝે પાસવણે અહિયાસે,**
**૫. આગાઢે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે,**
**૬. આગાઢે દૂરે પાસવણે અહિયાસે**

**ઉપાશ્રયની બહાર-છ**

**૧. અણાગાઢે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે,**
**૨. અણાગાઢે આસન્ને પાસવણે અણહિયાસે,**
**૩. અણાગાઢે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે,**
**૪. અણાગાઢે મજ્ઝે પાસવણે અણહિયાસે,**
**૫. અણાગાઢે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે,**
**૬. અણાગાઢે દૂરે પાસવણે અણહિયાસે**

**સ્થંડિલ સ્થાને - શુદ્ધભૂમિમાં-છ**

**૧. અણાગાઢે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે,**
**૨. અણાગાઢે આસન્ને પાસવણે અહિયાસે,**
**૩. અણાગાઢે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે,**
**૪. અણાગાઢે મજ્ઝે પાસવણે અહિયાસે,**
**૫. અણાગાઢે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે,**
**૬. અણાગાઢે દૂરે પાસવણે અહિયાસે.**

**ત્યાર પછી પ્રતિક્રમણ કરીને જો સાધુનો સંભવ હોય તો વિશ્રામણા કરીને=સાધુની સેવા કરીને, ખમાસમણ આપીને સજ્ઝાય કરે છે.**

**ક્યાં સુધી સ્વાધ્યાય કરે ? તેથી કહે છે –**

**જ્યાં સુધી પોરિસી ત્યાં સુધી=પહેલો પ્રહર પૂરો થાય=રાત્રિનો પહેલો પ્રહર પૂરો થાય ત્યાં સુધી, સ્વાધ્યાય કરે. ત્યારપછી ખમાસમણપૂર્વક કહે છે. "ઇચ્છાપૂર્વક હે ભગવન્ ! આદેશ આપો. પોરિસી બહુ સારી રીતે પસાર થઈ છે. રાત્રિના સંથારામાં હું સ્થિર થાઉં છું. ત્યારપછી દેવને વાંદીને શરીર ચિંતાને કરીને સર્વ બહારની ઉપધિને જોઈને જાનુની ઉપર સંથારા--ઉત્તરપટ્ટાને મૂકીને જ્યારે પાદભૂમિને પ્રમાર્જીને સૂવાનો સંથારો પાથરે છે ત્યારે ડાબી બાજુથી સંથારાને સંઘટ્ટન કરીને=ભેગો કરીને, મુહપત્તિને જોઈને ત્રણ વખત નિસીહિ કહીને ક્ષમાશ્રમણને નમસ્કાર કરું છું. અણુજાણહ - જિટ્ઠિજ્જા એ પ્રમાણે બોલતો સંથારામાં બેસીને ત્રણ નવકાર અને ત્રણ વાર સામાયિક કહીને='કરેમિ ભંતે' સૂત્ર ત્રણવાર બોલીને**

"ઘણા ગુણરત્નથી મંડિત શરીરવાળા પરમગુરુ મને અનુજ્ઞા આપો.

શેની અનુજ્ઞા ? તેથી કહે છે –

પોરિસી બહુ સારી રીતે પસાર થઈ છે. માટે રાત્રે સંથારા પર હું સ્થિર થાઉં છું તેની અનુજ્ઞા આપો." ॥૧॥

"સંથારાની અનુજ્ઞા આપો.

કઈ રીતે સૂવાની અનુજ્ઞા આપે ? તેથી કહે છે –

બાહુના ઉવહાણથી=ઓશિકાથી, વામ પાસાથી=ડાબા પડખાથી, કુક્કુડિની જેમ પાદપ્રસારણવાળો અને અતરંત=હું રહી ન શકું તો, પ્રમાર્જના કરીને ભૂમિ ઉપર પગ મૂકીને સૂવાની અનુજ્ઞા આપો. ॥૨॥

કારણથી "પગનો સંકોચ કરવો પડે તો સંડાસાને પ્રમાર્જના કરીને=પગના સાંધાઓને પ્રમાર્જના કરીને, પગનો સંકોચ કરે અને પડખું ફેરવવું પડે તો કાયપડિલેહણા કરે. માતરું આદિ જવું પડે તો દ્રવ્યાદિનો ઉપયોગ કરે. ત્યારપછી ઉચ્છ્વાસનો રોધ કરે." ॥૩॥ **(ઓઘનિર્યુક્તિ-૨૦૫-૨૦૬)**

"આ રાત્રિના વિશે જો મારા દેહનો પ્રમાદ થાય=મારું મૃત્યુ થાય, તો આહાર, ઉપધિ અને દેહ સર્વને ત્રિવિધથી વોસિરાવું છું." ॥૪॥

**ચત્તારિ મંગલ ઈત્યાદિ ભાવના ભાવીને નવકારનું સ્મરણ કરતો રજોહરણ (ચરવળો) આદિથી શરીરને અને સંથારાના ઉપરિભાગનું પ્રમાર્જન કરીને ડાબા પડખે હાથના ઓશીકાથી સૂએ. જો શરીરની ચિંતાનો અર્થ છે=પ્રયોજન છે, તો સંથારાને અન્યભાગથી સંઘટ્ટન કરીને=ભેગો કરીને, આવસ્સિઅ કહીને, પૂર્વમાં જોયેલ સ્થંડિલમાં=શુદ્ધભૂમિમાં, માતરુંને વોસિરાવીને ઈર્યા પ્રતિક્રમણ કરીને ગમણાગમણેનું આલોચન કરીને જઘન્યથી ત્રણ-ત્રણ ગાથાનો સ્વાધ્યાયને કરતો, નવકારને સ્મરણ કરતો તે જ પ્રમાણે સૂએ. છેલ્લા પહોરમાં=રાત્રિના છેલ્લા પહોરમાં, ઈર્યાનું પ્રતિક્રમણ કરીને 'કુસુમિણદુસુમિણનો કાઉસગ્ગ કરીને અને ચૈત્યવંદન કરીને આચાર્યાદિને વંદન કરીને સજ્ઝાય=સ્વાધ્યાય કરે છે. જ્યાં સુધી પ્રતિક્રમણની વેળા થાય. ત્યારપછી પૂર્વમાં પ્રતિક્રમણ આદિ યાવત્ માંડલીમાં**

સ્વાધ્યાય કરીને જો પૌષધને પારવાની ઈચ્છા હોય તો ખમાસમણું આપીને કહે છે. "હે ભગવન્ ! ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો. મુહપત્તિનું પડિલેહણ કરું." ગુરુ કહે છે – 'પડિલેહણ કર.' ત્યારપછી મુહપત્તિનું પડિલેહણ કરીને ખમાસમણ આપીને કહે છે. "ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો. હું પૌષધ પારું ?" ગુરુ કહે છે – "ફરી પણ કરવા જેવું છે." બીજું ખમાસમણ આપીને કહે છે – "પૌષધ પાર્યો." ગુરુ કહે છે – "આચાર મૂકવો જોઈએ નહિ." ત્યારપછી ઊર્ધ્વસ્થિત નવકારને કહીને જાનુમાં રહેલો ભૂમિમાં સ્થાપન કરાયેલા શિરવાળો=ભૂમિ તરફ મસ્તક નમાવેલો, બોલે છે.

"સાગરચંદ્ર, કામ, ચંદવડિસ=ચંદ્રવડિસ રાજા, સુદર્શન=સુદર્શન શેઠ, ધન્નો=ધન્યકુમાર જેઓની પૌષધ પ્રતિમા જીવિતના ભોગે અખંડિત રખાઈ." ॥૧॥

"ધન્ના, સંલાહણિજ્જા, સુલસા, આનંદ અને કામદેવ જેઓના દૃઢવ્રતપણાની ભગવાન મહાવીરે પ્રશંસા કરી છે." ॥૨॥

પૌષધ વિધિએ લીધો, વિધિએ પાર્યો. વિધિ કરતાં જે કોઈ અવિધિ, ખંડન, વિરાધના મન-વચન-કાયાથી થઈ હોય તેનું મિચ્છામિ દુક્કડમ્.

આ રીતે=જેમ પૌષધ પાળવાની અનુજ્ઞા વગેરે લીધી એ રીતે, સામાયિક પણ પારવાની અનુજ્ઞા વગેરે લે, ફક્ત પૌષધ પાળવાના સૂત્રના સ્થાને સામાયિક પારવાનું સૂત્ર બોલે તે બતાવે છે –

"જયાં સુધી મનમાં સામાયિક વ્રત યુક્ત નિયમ સંયુક્ત હોય છે અને જેટલી વાર સામાયિક કરે છે તેટલીવાર અશુભકર્મનો છેદ કરે છે." ॥૧॥

"છદ્મસ્થ, મૂઢમનવાળો જીવ કેટલું માત્ર સ્મરણ કરે ? અર્થાત્ સામાયિક દરમ્યાન જે સ્ખલના કરી છે તેમાંથી કેટલું માત્ર સ્મરણ કરે ? અને જે મને સ્મરણ થતું નથી તેનું મિચ્છામિ દુક્કડમ્." ॥૨॥

"સામાયિક-પૌષધમાં સુસ્થિત જીવનો જે કાળ જાય છે તે સફળ જાણવો. શેષ સંસારના ફલનો હેતુ છે." ॥૩॥ ત્યારપછી સામાયિક વિધિએ લીધું ઈત્યાદિ બોલે છે.

એ રીતે દિવસ પૌષધ પણ અર્થાત્ પૂર્વમાં જે રીતે અહોરાત્ર પૌષધ કર્યો એ રીતે દિવસ પૌષધ પણ કરે છે. ફક્ત પૌષધ ઉચ્ચરાવતી વખતે 'જાવ દિવસં પજ્જુવાસામિ' એ પ્રમાણે કહે છે દેવસિઅ આદિ પ્રતિક્રમણ કરાયે છતે પારવું કલ્પે છે. રાત્રિપૌષધ પણ આ રીતે છે=દિવસ પૌષધની જેમ રાત્રિપૌષધ પણ આ રીતે છે. ફક્ત મધ્યાહ્ન પછી યાવત્ દિવસનો અંતર્મુહૂર્ત=સૂર્યાસ્ત પહેલાં એક અંતર્મુહૂર્ત બાકી રહે ત્યાં સુધીમાં, પૌષધ ગ્રહણ કરે અને દિવસ શેષ રાત્રિની હું પર્યુપાસના કરું છું એ પ્રમાણે બોલે=રાત્રિનો પૌષધ ગ્રહણ કરતી વખતે બોલે અને પૌષધના પારણામાં સાધુનો સંભવ હોતે છતે નિયમા અતિથિસંવિભાગવ્રત સ્પર્શીને પારવું જોઈએ.

અને અહીં=પૌષધ ગ્રહણના વિષયમાં, પર્વચતુષ્ટયી એ પ્રમાણે તેમાં=ચાર પર્વમાં, આવશ્યકર્તવ્યત્વ ઉપદર્શન માટે કહેવાયું છે=ચાર પર્વમાં અવશ્ય પૌષધ કરવો જોઈએ એ પ્રમાણે બતાવવા માટે કહેવાયું છે; પરંતુ ચાર પર્વમાં જ પૌષધ કરવો જોઈએ, અન્ય દિવસોમાં નહીં એ નિયમ બતાવવા માટે નહિ; કેમ કે

"સર્વકાળ અને સર્વ પર્વોમાં પ્રશસ્ત યોગ જિનમતમાં કરવો જોઈએ. અને આઠમ-ચૌદશમાં નિયમથી પૌષધવાળા થવું જોઈએ." ॥૧॥ **(આવશ્યકચૂર્ણિ આદિમાં, ભા. ૨, પ. ૩૦૪)**

**એ પ્રમાણે આવશ્યકચૂર્ણિમાં તે પ્રકારે દર્શન છે=સદા પૌષધ થઈ શકે તે પ્રકારે દર્શન છે.**

"ચૌદશ, આઠમ, ઉદ્દિષ્ઠ પૂનમ અને અમાસમાં સ્વીકારેલા પૌષધની અનુપાલના કરતા શ્રાવકો હોય છે." **એ પ્રમાણે સૂત્રકૃતાંગ આદિમાં શ્રાવકના વર્ણનના અધિકારીય અક્ષરનું દર્શન હોવાથી અષ્ટમી આદિ પર્વોમાં જ પૌષધ કરવો જોઈએ, શેષ દિવસોમાં નહીં તેમ ન કહેવું; કેમ કે 'વિપાકસૂત્ર'માં સુબાહુકૃત પૌષધત્રયનું અભિધાન છે અને તે પ્રમાણે સૂત્ર છે –**

"ત્યારે તે સુબાહુકુમાર અન્યદા ક્યારેક ચૌદશ, આઠમ, ઉદ્દિટ્ઠ પૂનમ અને અમાસમાં યાવત્ પૌષધશાળામાં પૌષધવાળા અટ્ઠમ ભક્તથી પૌષધને કરતો વિહરે છે." **(વિપાકસૂત્ર-શ્રુત સ્કન્ધ-૨, અધ્ય-૧, પૃ. ૬૩૮)**

**'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**વળી આ વ્રતનું ફ્લ=પૌષધવ્રતનું ફળ, આ પ્રમાણે કહેવાયું છે –**

"સુવર્ણ-મણિના સોપાનવાળું, હજાર થાંભલાઓથી સુશોભિત, સુવર્ણના તલવાળું જિનાલય જે કરાવે છે તેનાથી પણ તપ-સંયમ અધિક છે." ॥૧॥ **(સંબોધ પ્રકરણ, શ્રા. ૧૩૦)**

"એક મુહૂર્તમાત્ર સામાયિકમાં બાણું ક્રોડ ..." **સંબોધ પ્રકરણની એ ગાથાથી (સં.પ્ર. શ્રા.-૧૧૫) પ્રાગુક્ત=પૂર્વમાં કહેવાયેલો, લાભ છે=સંબોધ પ્રકરણમાં જે લાભ બતાવ્યો તે લાભ છે. તે ૩૦ (ત્રીસ) મુહૂર્ત માનવાળા અહોરાત્ર પૌષધમાં ત્રીશ ગણો બાદરવૃત્તિથી છે=સ્થૂલવૃત્તિથી છે, અને તે આ છે –**

"સત્તાવીશ અબજ, સિત્તોતેર ક્રોડ, સીત્યોત્તેર લાખ, સીત્તોતેર હજાર સાતસો સિત્તોતેર પલ્યોપમ અને પલ્યોપમના સાત નવમાંશ ભાગ, (એટલું દેવભવનું આયુષ્ય આઠ પ્રહરનો એક પૌષધ કરવાથી બંધાય છે.) **(સંબોધ પ્રકરણ શ્રા. ૧૩૪)**

**અંકથી પણ ૨૭,૭૭,૭૭,૭૭,૭૭૭ ૭/૯ આટલા પલ્યોપમનું આયુષ્યબંધ એક પૌષધમાં (બંધાય છે.) ॥૩૯॥**

**ભાવાર્થ :–**

શ્રાવક પૌષધવ્રતમાં કઈ રીતે આહાર વાપરે તેની વિધિ બતાવી. તે રીતે આહાર વાપર્યા પછી પૌષધશાળામાં જાય છે. તે વખતે અત્યંત ઇર્યાસમિતિપૂર્વક પૌષધશાળામાં જાય છતાં પ્રમાદવશ કોઈ સૂક્ષ્મ વિરાધના થઈ હોય તેના માટે ઇર્યા પ્રતિક્રમણ કરે છે. ત્યારપછી દેવવંદન કરે છે. દેવને વંદન કરીને તિવિહાર કે ચઉવિહારનું પચ્ચક્ખાણ કરે છે. તેથી જેને પાણી વગર ચાલે તેમ હોય તેવો શ્રાવક ચઉવિહારનું પચ્ચક્ખાણ કરે છે અને જે શ્રાવકને પાણી વાપર્યા વગર સ્વાધ્યાયાદિ થઈ શકે તેમ ન હોય તેવો શ્રાવક તિવિહારનું પચ્ચક્ખાણ કરે છે. જો માતરું આદિ અર્થે જવું હોય તો 'આવસ્સિઅ' કહીને સાધુની જેમ અત્યંત ઉપયુક્ત થઈને નિર્જીવ ભૂમિમાં વિધિપૂર્વક માતરું-સ્થંડિલ વોસિરાવે છે. શરીરની શુદ્ધિ કરીને ઇર્યાસમિતિપૂર્વક પૌષધશાળામાં આવે. અનાભોગથી કોઈ સ્ખલના થઈ હોય તેની શુદ્ધિ અર્થે અત્યંત

ઉપયોગપૂર્વક ઇર્યાપ્રતિક્રમણ કરે અને સ્થંડિલભૂમિથી પૌષધશાળામાં આવેલો હોય તેનું 'ગમણાગમણે'થી આલોચન કરે.

કઈ રીતે આલોચન કરે ? તે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગાથામાં બતાવ્યું છે –

તેનાથી જણાય છે કે પૂર્વમાં આ રીતે ગમણાગમણે આલોચનની વિધિ હશે. કોઈ કારણે વર્તમાનમાં અન્ય પ્રકારે વિધિ પ્રવર્તે છે. અહીં ગ્રંથકારશ્રીએ બતાવેલ વિધિ અનુસાર શ્રાવક સરળ ભાષામાં બોલે છે કે હે ભગવન્ ! મને ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો. આ પ્રમાણે ભાવાચાર્ય પાસે ઇચ્છાપૂર્વક આજ્ઞા માંગીને કહે છે કે હું ગમણાગમણેનું આલોચન કરું છું. ત્યારે ભાવાચાર્ય તેમને આલોચનની અનુજ્ઞા આપે છે. તેના સ્વીકાર અર્થે 'ઇચ્છં' કહે છે. 'ઇચ્છં' કહી આલોચન કરે છે કે વસતીમાંથી 'આવસ્સિઅ' એ પ્રમાણે બોલીને અપર એવી દક્ષિણ દિશામાં જઈને દિશાનું અવલોકન કરીને જેની આ ભૂમિ હોય તે મને અનુજ્ઞા આપો. એ પ્રમાણે કહીને સંડાસા અને સ્થંડિલને પ્રમાર્જીને=માતરું-સ્થંડિલ કરવા માટે બેસતી વખતે દેહનું પ્રમાર્જન કરીને અને પરઠવતી વખતે ભૂમિનું પ્રમાર્જન કરીને ઉચ્ચાર અને પાસવણને વોસિરાવીને અને નિસીહિ કરીને પૌષધશાળામાં પ્રવેશેલા મેં આવવા-જવાની પ્રવૃત્તિથી કંઈ ખંડિત કર્યું હોય અર્થાત્ સામાયિકના પરિણામમાં સ્ખલના કરી હોય, જે વિરાધિત કર્યું હોય=જે કોઈ જીવોની વિરાધના કરી હોય તેનું મિચ્છામિ દુક્કડમ્. આનાથી માતરું આદિ માટે જવાની ક્રિયા દરમિયાન શું-શું પ્રવૃત્તિ કરી છે તેનું સ્મરણ કરીને તેની વિરાધનાની શુદ્ધિ ગમણાગમણેના સૂત્રથી કરાતી હતી, તેવો અર્થ જણાય છે.

ત્યારપછી શ્રાવક સમભાવની વૃદ્ધિ થાય એ પ્રમાણે સ્વાધ્યાય કરે છે. એ સ્વાધ્યાય દિવસના છેલ્લા પહોર સુધી કરે છે અને ત્યારપછી ખમાસમણાપૂર્વક હું પડિલેહણ કરું એ પ્રમાણે આદેશ માંગીને અને બીજા ખમાસમણાથી પૌષધશાળા પ્રમાર્જું. એ પ્રમાણે કહીને શ્રાવક મુહપત્તિ, કટાસણું અને ચરવળાનું પડિલેહણ કરે છે. વળી શ્રાવિકા મુહપત્તિ, કટાસણું, ચરવળાનું, સાડી, કંચુક અને ઉત્તરાસનનું પડિલેહણ કરે છે. આ પડિલેહણની ક્રિયામાં ષટ્કાયના પાલનનો પરિણામ ઉલ્લસિત થાય એ પ્રકારે ભાવિત ચિત્તપૂર્વક કરવાથી સામાયિકનો પરિણામ સ્થિર થાય છે. ત્યારપછી શ્રાવક સ્થાપનાચાર્યજીનું પડિલેહણ કરે છે અને પૌષધશાળાને પ્રમાર્જે છે. અને ખમાસમણપૂર્વક ઉપધિ મુહપત્તિનું પડિલેહણ કરે છે અને ખમાસમણાથી જાનુથી રહેલો=ઉભડક બેઠેલો, સજ્ઝાય કરે છે. વંદન આપીને પચ્ચક્ખાણ કરે છે. ત્યારપછી બે ખમાસમણાપૂર્વક વસ્ત્ર, કંબલ વગેરેનું પડિલેહણ કરે છે. ત્યારપછી સજ્ઝાય કરે છે. આ સર્વ ક્રિયા અત્યંત ઉપયોગપૂર્વક કરવામાં આવે, ક્રિયા દરમ્યાન જીવરક્ષાનો અત્યંત યત્ન કરવામાં આવે, સામાયિકના પરિણામથી ભાવિત ચિત્તે કરવામાં આવે તો પૌષધનો અને સામાયિકનો પરિણામ સુરક્ષિત રહે છે. તેથી વિવેકી શ્રાવક અન્ય સર્વ વાતોનો પરિહાર કરીને, અન્ય સર્વ દિશામાં નિરીક્ષણનો પરિહાર કરી સ્થિર ચિત્તપૂર્વક અને જીવરક્ષાના અત્યંત પરિણામપૂર્વક વસ્ત્રાદિ પડિલેહણ કરે છે. વળી જેણે ઉપવાસ નથી કર્યો તેવો શ્રાવક સર્વ ઉપધિના અંતે પહિરણગ=ધોતિયાનું પડિલેહણ કરે. વળી, શ્રાવિકા સવારની જેમ સર્વ ઉપધિનું પડિલેહણ કરે. વળી, કાળવેળા થાય=સંધ્યાકાળ થાય, ત્યારે ખમાસમણાપૂર્વક સ્વાધ્યાયને અંતે વડીનીતિ-લઘુનીતિ માટેની બાર-બાર શુદ્ધભૂમિઓનું અવલોકન કરે. આ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે છતાં વર્તમાનમાં સંયોગ પ્રમાણે જે શક્ય હોય તે પ્રકારે માતરું આદિ પરઠવવાના સ્થાનને સાંજે

અવલોકન કરે જેથી રાત્રે પરઠવતી વખતે વિરાધના થવાની સંભાવના ઓછી રહે; કેમ કે સાંજે જોવાથી જો તે સ્થાનમાં જીવ વગેરેનો ઉપદ્રવ હોય તો તે સ્થાનનો પરિહાર કરીને અન્ય સ્થાનમાં પરઠવવા અંગે ઉચિત વિચાર થઈ શકે તેથી પૌષધકાળમાં જયણાના પરિણામના રક્ષણ અર્થે પરઠવવાના સ્થાનનું અવશ્યં નિરીક્ષણ કરવું જોઈએ.

આ રીતે ભૂમિનું અવલોકન કર્યા પછી સાંજના પૌષધવાળો શ્રાવક પ્રતિક્રમણ કરે અને સાધુ હોય તો તેમની વિશ્રામણા કરે, ભક્તિ કરે અને ખમાસમણ આપી તેમની પાસે સ્વાધ્યાય કરે.

તેથી એ પ્રાપ્ત થાય કે સાંજના પણ રાત્રિના પ્રથમ પહોર સુધી સામાયિકના પરિણામને અનુકૂળ ઉત્તમ ભાવો થાય તે રીતે પૌષધમાં શ્રાવકે સ્વાધ્યાય કરવો જોઈએ. એક પ્રહર પૂરો થયા પછી ખમાસમણ દઈને સ્થાપનાચાર્ય પાસે આદેશ માંગે છે કે હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક મને આજ્ઞા આપો. મારી પોરિસી સ્વાધ્યાયથી બહુ સારી પસાર થઈ છે. તેથી હવે રાત્રે સંથારામાં સ્થિર થાઉં. ત્યારપછી દેવને વંદન કરે જેથી પરમાત્માના ગુણોથી ચિત્ત અત્યંત વાસિત થાય. ત્યારપછી માતરું આદિની શંકા હોય તો તે કરીને સર્વ બાહ્ય ઉપધિનું અવલોકન કરીને સંથારા અને ઉત્તરપટ્ટાને પોતાના જાનુ ઉપર મૂકે અને ભૂમિને પૂંજીને સંથારો અને ઉત્તરપટ્ટો પાથરે. ત્યારપછી સંથારા ઉપર સ્વયં બેસે અને ડાબીબાજુથી સંથારાને ભેગો કરે જેથી પથરાયેલા સંથારા ઉપર કોઈ જીવ આદિની પ્રાપ્તિ ન થાય. પછી મુહપત્તિનું પડિલેહણ કરી ‘સંથારાપોરિસી’ ભણાવે. જેની વિધિ પૂર્વમાં જે પ્રમાણે હતી તે પ્રમાણે ગ્રંથકારશ્રી બતાવે છે –

તે વિધિ અનુસાર=ત્રણ વખત નિસીહિ કહીને ક્ષમાશ્રમણને નમસ્કાર કરે છે. જ્યેષ્ઠપુરુષો મને અનુજ્ઞા આપો એમ બોલીને સંથારા ઉપર બેસીને ત્રણ નવકાર અને ત્રણવાર સામાયિકસૂત્ર=‘કરેમિ ભંતે’ સૂત્ર બોલે છે. અને પોતે કઈ રીતે સંથારા ઉપર સૂઈ જશે ? તેનું સ્મરણ કરીને પ્રતિજ્ઞા કરે છે કે જો કદાચ આ રાત્રિએ હું મૃત્યુ પામું તો આહાર-ઉપધિ-દેહ સર્વને હું વોસિરાવું છું.

આ પ્રમાણે બોલવાથી ઊંઘમાં મૃત્યુ થાય તોપણ આહારાદિ સર્વ પદાર્થો પ્રત્યે મમત્વના ત્યાગનો અધ્યવસાય કરેલો હોવાથી અને જો તે પરિણામ અત્યંત સ્થિર થયેલો હોય તો સદ્ગતિની પ્રાપ્તિ સુલભ થાય છે. વળી ત્રણ વખત સામાયિકસૂત્ર બોલીને સામાયિકનો પરિણામ દૃઢ કરેલો હોવાથી અને સંથારા ઉપર સૂવાની વિધિનું સૂત્ર ઉપયોગપૂર્વક બોલાયેલું હોય તો તેના સંસ્કારો અત્યંત સ્થિર થયેલા હોય છે. તેથી ઊંઘમાં પણ તે વિધિ અનુસાર યત્ન થાય છે. જેનાથી ષટ્કાયના પાલનનો અધ્યવસાય અને પૌષધની મર્યાદા અનુસાર નિદ્રાકાળમાં પણ જાગૃતિ રહે છે. જોકે શ્રાવક પૌષધ દરમિયાન ધર્મના ઉપકરણ તરીકે દેહને ધારણ કરે છે. તોપણ વિશેષ પ્રકારના નિર્મમભાવ અર્થે મૃત્યુ વખતે જેમ સાધુ પોતાની સર્વ ઉપાધિ આદિને વોસિરાવે છે તેમ શ્રાવક પણ આ પ્રકારનો સંકલ્પ કરે છે કે કદાચ મારું મૃત્યુ થાય તો આ સર્વને હું વોસિરાવું છું. જેથી એ પ્રકારના સંસ્કારો સહિત ઉત્તમ ભાવિની પ્રાપ્તિ થવાની સંભાવના રહે છે. ત્યારપછી ચત્તારિ મંગલાદિ ભાવનાઓ કરીને નવકારને સ્મરણ કરતો ચરવળાથી શરીરને પ્રમાર્જીને અને સંથારાનો ઉપરનો ભાગ પ્રમાર્જન કરીને સંથારો પહોળો કરે છે. પછી ડાબી બાજુએ બાહુનો તકીઓ કરી સૂએ છે. જોકે જે શ્રાવકોને નિદ્રાની જરૂર નથી તેઓ આખી રાત્રિ પણ ધર્મજાગ્રિકા કરતા હોય છે. તેથી

રાત્રિ દરમિયાન "કર્મને પરતંત્ર પોતે કઈ રીતે અશરણ છે અને ભગવાનનો ધર્મ એ જ શરણ છે." ઇત્યાદિ ભાવન કરી પોતાના સમ્યગ્દર્શનને અત્યંત નિર્મળ કરવા યત્ન કરે છે. છતાં જે શ્રાવકોથી સૂવા સિવાય સામાયિકના પરિણામમાં દૃઢ યત્ન થઈ શકે તેમ નથી તેઓ યતનાપૂર્વક રાત્રે સૂએ છે અને ઊંઘમાં પણ ગાઢ ઊંઘ ન આવે એ અર્થે સ્થિર એક આસનમાં સૂએ છે. અને ચિત્ત નિરર્થક વિચારોમાં ન જાય તે પ્રકારે સૂએ છે. કોઈ કારણે દેહને સ્થિર રાખી ન શકે તો પડખું ફેરવતી વખતે અત્યંત ઉપયોગપૂર્વક પ્રમાર્જન કરીને પડખું ફેરવે છે. આ રીતે જો પ્રયત્ન કરવામાં ન આવે તો સામાયિક અને પૌષધનો પરિણામ ઓઘથી રહે અર્થાત્ સામાયિક અને પૌષધ પ્રત્યે માત્ર અહોભાવવાળો પરિણામ રહે પરંતુ પૌષધના પરિણામમાં અત્યંત રાગ અને સમભાવમાં અત્યંત રાગપૂર્વક સામાયિક અને પૌષધને અનુકૂળ પરિણામ થાય નહીં તેથી શ્રાવકે સદા વિચારવું જોઈએ કે ધર્મની પુષ્ટિ કરે તેવી ક્રિયા તે પૌષધની ક્રિયા છે અને સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ સર્વભાવો પ્રત્યે સમાન ચિત્ત વર્તે તેવો સમભાવનો રાગ તે સામાયિકનો પરિણામ છે માટે સતત સામાયિકના પરિણામનો રાગ રહે તે રીતે જ દિવસ દરમિયાન તો યત્ન કરવો જોઈએ પરંતુ સૂવાની ક્રિયામાં પણ સમભાવના રાગનો પરિણામ નાશ ન પામે તે રીતે યત્ન કરવો જોઈએ.

વળી, રાત્રે માતરું આદિ અર્થે ઊભા થવું પડે તો સંથારાને ભેગો કરીને 'આવસ્સિઅ' કહીને પૂર્વમાં જોયેલી ભૂમિમાં માતરું કરે. તેથી એ ફલિત થાય કે સંથારાને પૂંજીને ભેગો કરવામાં ન આવે તો તે સંથારામાં કોઈ જીવ આવી જાય તેથી તેની હિંસા થવાની સંભાવના રહે તેથી ક્યાંય જતી વખતે ખુલ્લો સંથારો મૂકીને પૌષધવાળો શ્રાવક જાય નહિ. વળી, માતરું કર્યા પછી વોસિરાવીને તે ક્રિયા દરમિયાન કોઈ સૂક્ષ્મ પણ પ્રમાદ થયો હોય તેની શુદ્ધિ અર્થે ઇર્યાપ્રતિક્રમણ અને ગમણાગમણેનું આલોચન કરે છે. અને ત્યારપછી સ્વાધ્યાય કરે છે. શક્તિ હોય તો દીર્ઘકાળ સ્વાધ્યાય કરે અને ઊંઘ આવતી હોય તો જઘન્યથી ત્રણ ગાથાનો સ્વાધ્યાય કરે અને નવકારના સ્મરણપૂર્વક એ રીતે સૂએ કે સૂતી વખતે પણ પંચપરમેષ્ઠિ પ્રત્યેના બહુમાનનો પરિણામ ચિત્તમાં સ્થિર રહે; કેમ કે જીવ માટે સર્વ કલ્યાણનું કારણ અરિહંત આદિ પંચપરમેષ્ઠિ પ્રત્યેનો વધતો જતો રાગનો પરિણામ જ છે. વળી, રાત્રિના છેલ્લા પહોરમાં ઊઠીને ઇરિયાવહિયા કરે ત્યારપછી કુસુમિણદુસુમિણનો કાઉસગ્ગ કરે, જેથી નિદ્રાના કાળમાં કોઈ પ્રમાદવશ કુઃસ્વપ્ન કે દુઃસ્વપ્ન આવ્યાં હોય તેની શુદ્ધિ થાય. ત્યારપછી ચૈત્યવંદન કરે જેથી ભગવાનના ગુણોથી ચિત્ત વાસિત થાય. અને આચાર્યાદિને વંદન કરે. સ્વાધ્યાય કરે.

ક્યાં સુધી સ્વાધ્યાય કરે ? તેથી કહે છે –

પ્રતિક્રમણનો કાળ થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે. ત્યારપછી પ્રતિક્રમણ આદિ કરીને ફરી સ્વાધ્યાય કરે. તેથી જે શ્રાવકને સવારમાં પૌષધ પારવાનો પરિણામ નથી તે દીર્ઘકાળ પૌષધમાં રહી સ્વાધ્યાય કરે અને પાછળથી પારે તો દોષ નથી. પરંતુ જેટલો સમય પૌષધમાં અધિક રહે તે ગુણકારી જ છે. તેથી બીજે દિવસે પ્રતિક્રમણ આદિ કરીને તરત જ પૌષધ પારવો જોઈએ તેવો નિયમ નથી. જ્યારે પૌષધ પારવાનો પરિણામ થાય તો ખમાસમણ આપીને કહે છે. "હે ભગવન્ ! મને ઇચ્છાપૂર્વક આદેશ આપો. હું મુહપત્તિનું પડિલેહણ કરું." ત્યારે ગુરુ કહે, "પડિલેહણ કર" એ પ્રમાણે અનુજ્ઞા આપે છે. ત્યારપછી જયણાના પરિણામપૂર્વક શ્રાવક મુહપત્તિનું પડિલેહણ કરે છે. પછી ખમાસમણ આપીને કહે છે કે "ઇચ્છાપૂર્વક મને

આજ્ઞા આપો. હું પૌષધ પારું ?" તે વખતે ગુરુ કહે છે ફરી પણ કરવું જોઈએ. તે સાંભળીને પૌષધ પ્રત્યેનો રાગભાવ વૃદ્ધિ પામે છે. આમ છતાં પોતાને તે પ્રકારની પૌષધ કરવાની દ્યુતિ નહીં હોવાથી બીજા ખમાસમણાને આપીને શ્રાવક ફરી આદેશ માંગે છે કે "પૌષધ પાર્યો." ગુરુ કહે છે. આચાર મૂકવો જોઈએ નહિ. જે સાંભળીને પૌષધ ફરી-ફરી સેવવાનો સંકલ્પ થાય છે. ત્યારપછી ઉભડક બેઠેલો નવકાર બોલીને જાનુમાં રહેલો ભૂમિ ઉપર મસ્તક નમાવેલો પૌષધ પારવાનું સૂત્ર બોલે છે. તે પૌષધ પારવાના સૂત્રમાં સાગરચંદ્ર આદિ શ્રાવકોએ કઈ રીતે પૌષધ પ્રતિમા ધારણ કરી હતી તેનું સ્મરણ કરાય છે અને સાગરચંદ્ર આદિ શ્રાવકોએ રાત્રિ દરમિયાન પણ ધર્મજાગરિકા કરીને પ્રાણના ભોગે પૌષધની પ્રતિમાને વહન કરી છે. તેનું સ્મરણ થવાથી તે ઉત્તમ પુરુષની જેમ મારે પણ પૌષધ કરવાની શક્તિનો સંચય કરવો જોઈએ. તેવો અધ્યવસાય થાય છે. વળી, વીરભગવાને આ સર્વના દૃઢવ્રતની પ્રશંસા કરી છે તેવું સ્મરણ થવાથી પોતાને પણ દૃઢવ્રતધારી થવાનો અધ્યવસાય થાય છે. આ રીતે પૌષધ પારવાનું સૂત્ર બોલીને શ્રાવક પૌષધ પ્રત્યેના દૃઢરાગની વૃદ્ધિ કરે છે. ત્યારપછી પૌષધમાં થયેલી સ્ખલનાની શુદ્ધિ અર્થે કહે છે કે મેં પૌષધ વિધિપૂર્વક લીધો છે. વિધિપૂર્વક પાળ્યો છે. છતાં વિધિ કરતાં જે કોઈ અવિધિ, ખંડન કે વિરાધન મન-વચન-કાયાથી થયું હોય તેનું હું મિચ્છામિ દુક્કડમ્ દઉં છું. આ પ્રમાણે બોલવાથી વિધિપૂર્વક પૌષધ કરવાનો રાગ દૃઢ થાય છે અને પારવાની ક્રિયામાં પણ અત્યંત વિધિપૂર્વક કરવાનો અધ્યવસાય ઉલ્લસિત થાય છે. જેથી પૌષધ પારતી વખતે પારવાનો પરિણામ ન થાય પરંતુ ફરી ફરી પૌષધ લેવાનો ભાવ થાય તેવો અધ્યવસાય કરે છે. આમ છતાં પ્રમાદવશ કોઈ વિધિની ખામી થઈ હોય, સમભાવના પરિણામનું ખંડન થયું હોય અને અયતનાને કારણે કોઈ વિરાધના થઈ હોય તે સર્વનું મિચ્છામિ દુક્કડમ્ આપે છે. આ રીતે પૌષધ પાળ્યા પછી સામાયિક પણ પાળવા માટે શ્રાવક યત્ન કરે છે. ફક્ત પૌષધ પાળવાના સૂત્રના સ્થાને સામાયિક પારવાનું સૂત્ર બોલે છે અને તે સામાયિક સૂત્ર પૂર્વમાં કંઈક ભિન્ન સ્વરૂપે બોલાતું હતું તેનો અર્થ આ પ્રમાણે છે. શ્રાવક સામાયિક વ્રત યુક્ત હોય અને જ્યાં સુધી મન સામાયિકના નિયમનથી યુક્ત હોય ત્યાં સુધી શ્રાવક અશુભકર્મને છેદે છે. તેથી શ્રાવકને ઉપસ્થિત થાય છે કે સામાયિક વ્રત સ્વીકારવા માત્રથી કાર્ય થતું નથી પરંતુ ચિત્ત સમભાવના પરિણામવાળું રહે તે પ્રમાણે યત્ન કરવાથી અશુભકર્મનો નાશ થાય છે. અને શક્તિ હોય તો જેટલો સમય સામાયિકમાં રહેવાય તેટલો સમય સામાયિકમાં રહેવાનો યત્ન કરવો જોઈએ. જેથી અશુભ કર્મ નાશ પામે. વળી, વિચારે છે કે છદ્મસ્થજીવ મૂઢમનવાળો હોય છે. તેથી મૂઢતાને વશ બાહ્ય પદાર્થોમાં ફરનારો છે. તેથી સામાયિકમાં સ્ખલનાઓ થાય તેમાંથી કેટલી માત્ર હું સ્મરણ કરી શકું અર્થાત્ મૂઢતાને કારણે સ્ખલનાનું સ્મરણ દુષ્કર છે તોપણ સામાયિકના પરિણામ પ્રત્યે દૃઢરાગ કરવા અર્થે કહે છે કે સામાયિકના પરિણામમાં જે સ્ખલનાઓ થઈ છે અને જેનું મને સ્મરણ થતું નથી તેનું હું મિચ્છામિ દુક્કડમ્ દઉં છું. આ પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક બોલવાથી સુવિશુદ્ધ સામાયિકના પરિણામ પ્રત્યે દૃઢ રાગ ઉલ્લસિત થાય છે.

વળી, સામાયિક અને પૌષધ પ્રત્યેનો રાગ સ્થિર કરવા અર્થે બોલે છે કે સામાયિક અને પૌષધમાં સુસ્થિત જીવને જે કાલ પસાર થાય છે તે કાલ તે જીવ માટે સફળ જાણવો. શેષકાળ સંસારના ફલનો હેતુ છે. આ

પ્રકારે ભાવન કરવાથી સમભાવના પરિણામ પ્રત્યેનો અને ધર્મની પુષ્ટિ કરે તેવા પૌષધના પરિણામ પ્રત્યેનો અત્યંતરાગ ઉલ્લસિત થાય છે. જેના સ્મરણને કારણે સંસારની પ્રવૃત્તિ કરતી વખતે પણ વારંવાર સામાયિક અને પૌષધનું સ્મરણ થાય છે.

ત્યારપછી કહે છે કે સામાયિક વિધિથી મેં લીધું છે. વિધિથી પાર્યું છે છતાં પ્રમાદવશ જે કોઈ અવિધિ દોષ થયો હોય, સામાયિકના પરિણામમાં ખંડન થયું હોય, અયતનાને કારણે કોઈ વિરાધના થઈ હોય તે સર્વનું હું મિચ્છામિ દુક્કડમ્ દઉં છું. આ પ્રમાણે ઉપયોગપૂર્વક કરવાથી વિધિનો પક્ષપાત, સમ્યક્ રીતે સામાયિક સેવવાનો અધ્યવસાય, ષટ્કાયના પાલનનો પરિણામ સ્થિર-સ્થિરતર થાય છે. અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું તે અહોરાત્ર પૌષધની વિધિ હતી. તે રીતે કોઈ દિવસે પૌષધ ગ્રહણ કરે અને કોઈ શ્રાવકમાં દિવસે પૌષધ કરવાની શક્તિ ન હોય તો રાત્રે પૌષધ ગ્રહણ કરે. ફક્ત રાત્રે પૌષધ ગ્રહણ કરનાર શ્રાવક મધ્યાહ્ન પછી સૂર્યાસ્ત પહેલાં એક અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે પૌષધ ગ્રહણ કરે તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ શ્રાવકને સવારના કોઈ ગૃહકાર્યને કારણે પૌષધ લેવો શક્ય ન જણાય તો મધ્યાહ્ન કાળમાં પૌષધ ગ્રહણ કરે અને મધ્યાહ્નકાળે પણ ગૃહકાર્યને કારણે પૌષધ ન લઈ શકે તો સૂર્યાસ્ત પૂર્વે એક અંતર્મુહૂર્ત પહેલાં અવશ્ય પૌષધ લે.

અહીં કોઈકને શંકા થાય કે ચાર પર્વમાં પૌષધ લેવાનું વચન મળે છે તેથી તે ચાર પર્વ સિવાય અન્ય પર્વમાં પૌષધ કરાય નહીં તે શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે "આવશ્યકચૂર્ણિ"માં કહ્યું છે કે સર્વકાળમાં અને સર્વ પર્વોમાં પ્રશસ્ત યોગ સેવવો જોઈએ. અને આઠમ-ચૌદશમાં નિયમથી પૌષધ કરવો જોઈએ. તેથી અર્થથી ફલિત થાય છે કે સર્વકાળમાં પૌષધ થઈ શકે.

વળી, 'સૂત્રકૃતાંગ' વચનથી કોઈ શંકા કરે છે કે 'સૂત્રકૃતાંગ'માં ચૌદશ, આઠમ, પૂનમ અને અમાસ તે ચાર પર્વદિવસોમાં પૌષધ ગ્રહણ કરવાનાં વચનો છે તેથી શ્રાવક તે દિવસોમાં જ પૌષધ કરે, અન્ય દિવસોમાં નહીં. એ પ્રકારની શંકા ઉચિત નથી; કેમ કે 'વિપાકસૂત્ર'માં સુબાહુકુમારે અટ્ઠમ કરી ત્રણ દિવસનો પૌષધ કર્યો હતો, તેવા પ્રકારનું વચન છે. તેથી 'સૂત્રકૃતાંગ'ના વચનાનુસાર ચાર પર્વોમાં અવશ્ય પૌષધ કરવો જોઈએ તેવો અર્થ ફલિત થાય. પરંતુ શેષ દિવસોમાં પૌષધનો નિષેધ 'સૂત્રકૃતાંગ'નું વચન કરતું નથી.

વળી, પૌષધ પ્રત્યે બદ્ધરાગ ઉલ્લસિત થાય તે અર્થે પૌષધના ફળનું વર્ણન ગ્રંથકારશ્રી કરે છે –

કોઈ વ્યક્તિ ભગવાન પ્રત્યેની ભક્તિથી સુવર્ણનું મંદિર બંધાવે તેના કરતાં પણ તપ-સંયમ અધિક છે. તે વચનથી પૌષધ અને સામાયિકનું ફળ દ્રવ્યસ્તવથી ઘણું અધિક છે તેમ ફલિત થાય છે. તેથી જે શ્રાવક ભગવાન પ્રત્યેના રાગથી ઉત્તમ દ્રવ્ય દ્વારા ભગવાનની ભક્તિ કરે છે તેના કરતાં જે શ્રાવક સામાયિકના પરિણામના રહસ્યને જાણનાર છે, પૌષધના પરમાર્થને જાણનાર છે - તે શ્રાવક પૌષધ અને સામાયિક દરમિયાન તે પ્રકારે ભાવોથી આત્માને વાસિત કરે છે, તે ઉત્તમ ભાવોથી નિર્જરા કરે છે માટે તપવાળા છે અને વિષયોથી ઇંદ્રિયોનો સંયમ કરીને સામાયિકના પરિણામને ધારણ કરનાર છે તેથી સંયમવાળા છે. તપ-સંયમ ભાવસ્તવરૂપ છે અને ભગવાનની પૂજા દ્રવ્યસ્તવરૂપ છે. તેથી દ્રવ્યસ્તવના ફળ કરતાં સામાયિકનું

ફળ અધિક છે. આમ છતાં ચિત્તની ભૂમિકા અનુસાર જે શ્રાવક તપ-સંયમની શક્તિના સંચય અર્થે દ્રવ્યસ્તવ કરે છે તેને દ્રવ્યસ્તવથી વિપુલ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. જે વ્યક્તિ સામાયિકના પરિણામને અનુકૂળ ચિત્તની ભૂમિકા નિષ્પન્ન કર્યા વગર સામાયિક ગ્રહણ કરે તો વિપુલ નિર્જરા પ્રાપ્ત કરી શકે નહીં. જે શ્રાવકના ચિત્તની ભૂમિકા સામાયિકના પરિણામને અનુકૂળ સંપન્ન થઈ છે તે શ્રાવક સામાયિક કરીને દ્રવ્યસ્તવ કરતાં પણ અધિક ફળ પ્રાપ્ત કરે છે. છતાં શ્રાવકે ઉચિતકાળે દ્રવ્યસ્તવ પણ સેવવો જોઈએ. જેથી વીતરાગની ભક્તિ દ્વારા સંયમની શક્તિનો સંચય થાય અને ઉચિત કાળે સામાયિકમાં પણ યત્ન કરવો જોઈએ. જેથી સર્વવિરતિને અનુકૂળ ચિત્ત નિર્માણ થાય. પરંતુ મૂઢતાથી દ્રવ્યસ્તવનો ત્યાગ કરી ચિત્તની ભૂમિકા વગર સામાયિક અધિક છે તેમ વિચારીને સામાયિકમાં યત્ન કરવો જોઈએ નહિ; કેમ કે વિવેકપૂર્વક ઉચિત કાળે ઉચિત ક્રિયા મહાફલવાળી બને છે. ॥૩૯॥

**અવતરણિકા :-**

**इति प्रतिपादितं तृतीयं शिक्षापदव्रतम्, अथ चतुर्थं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**એ પ્રમાણે=પૂર્વ ગાથામાં વર્ણન કર્યું એ પ્રમાણે, ત્રીજું શિક્ષાપદવ્રત પ્રતિપાદન કરાયું, હવે ચોથા એવા તેને=શિક્ષાપદવ્રતને, કહે છે –**

**શ્લોક :-**

आहारवस्त्रपात्रादेः, प्रदानमतिथेर्मुदा ।
उदीरितं तदतिथिसंविभागव्रतं जिनैः ।।४०।।

**અન્વયાર્થ :-**

**अतिथेः=અતિથિને, मुदा=પ્રીતિપૂર્વક, आहारवस्त्रपात्रादेः=આહાર, વસ્ત્ર, પાત્રાદિનું, प्रदानम्=પ્રદાન तद्=તે, अतिथइसंविभागव्रतं=અતિથિસંવિભાગ વ્રત, जिनैः=જિનો વડે, उदीरितं=કહેવાયું છે. ।।૪૦।।**

**શ્લોકાર્થ :-**

**અતિથિને પ્રીતિપૂર્વક આહાર, વસ્ત્ર, પાત્રાદિનું પ્રદાન, તે અતિથિસંવિભાગવ્રત જિનો વડે કહેવાયું છે. ।।૪૦।।**

**ટીકા :-**

**अतिथिः-तिथिपर्वादिलौकिकव्यवहारपरिवर्जको भोजनकालोपस्थायी भिक्षुविशेषः, उक्तं च–**

"तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजानीयात्, शेषमभ्यागतं विदुः ।।१।।" **इति ।**

**श्रावकस्य साधुरेवेति, तस्यातिथेः साधोः 'मुदा' हर्षेण गुरुत्वभक्त्यतिशयेन नत्वनुकम्पादिनेत्यर्थः 'प्रदानं' प्रकर्षेण मनोवाक्कायशुद्ध्या दानं=विश्राणनं, कस्य ? 'आहारवस्त्रपात्रादेः' तत्राहारोऽशनादिः चतुर्विधः, वस्त्रं प्रतीतम्, कम्बलो वा, पात्रं पतद्ग्रहादि, आदिशब्दात् वसतिपीठफलकशय्या-संस्तारकादिग्रहणम्, अनेन हिरण्यादिदाननिषेधः, तेषां यतेरनधिकारित्वात् 'तदतिथिसंविभागव्रतं' 'जिनैः' अर्हद्भिः 'उदीरितं' प्रतिपादितम् ।**

**तत्र अतिथेः-उक्तलक्षणस्य सङ्गतः-आधाकर्मादिद्विचत्वारिंशद्दोषरहितो विशिष्टो भागो=विभागः पश्चात्कर्मादिदोषपरिहारायांशदानरूपोऽतिथिसंविभागस्तद्रूपं व्रतम्-अतिथिसंविभागव्रतम्, आहारादीनां च न्यायार्जितानां प्रासुकैषणीयानां कल्पनीयानां च देशकालश्रद्धासत्कारक्रमपूर्वकमात्मानुग्रहबुद्ध्या यतिभ्यो दानमित्यर्थः ।**

**तत्र शाल्यादिनिष्पत्तिभागो देशः १, सुभिक्षदुर्भिक्षादिः कालः २, विशुद्धश्चित्तपरिणामः श्रद्धा ३, अभ्युत्थानासनदानवन्दनानुव्रजनादिः सत्कारः ४, यथासम्भवं पाकस्य देयादिपरिपाट्या प्रदानं क्रमः ५, तत्पूर्वकं देशकालाद्यौचित्येनेत्यर्थः । यदूचुः-**

"नायागयाणं कप्पणिज्जाणं अन्नपाणाईणं दव्वाणं देसकालसद्धासक्कारकमजुअं पराए भत्तीए आयाणुग्गहबुद्धीए संजयाणं दाणं अतिहिसंविभागो" ।

**अनूदितं चैतत् श्रीहेमसूरिभिः -**

"प्रायः शुद्धैस्त्रिविधविधिना प्रासुकैरेषणीयैः, कल्पप्रायैः स्वयमुपहितैर्वस्तुभिः पानकाद्यैः ।
काले प्राप्तान् सदनमसमश्रद्धया साधुवर्गान्, धन्याः केचित्परमवहिता हन्त सन्मानयन्ति ।।१।।
अशनमखिलं खाद्यं स्वाद्यं भवेदथ पानकं, यतिजनहितं वस्त्रं पात्रं सकम्बलप्रोञ्छनम् ।
वसतिफलकप्रख्यं मुख्यं चरित्रविवर्द्धनं, निजकमनसः प्रीत्याधायि प्रदेयमुपासकैः ।।२।।"

**तथा -**

"साहूण कप्पणिज्जं, जं नवि दिन्नं कहिंचि किंचि तहिं ।
धीरा जहुत्तकारी, सुसावगा तं न भुंजन्ति ।।३।।
वसहीसयणाऽऽसणभत्तपाणभेसज्जवत्थपायाई ।
जइवि न पज्जत्तधणो, थोवाविहु थोवयं दिज्जा ।।४।।" **[उपदेशमाला २३९-२४०, सम्बोधप्र. श्रावक. १३९-१४०]**

**वाचकमुख्यस्त्वाह -**

"किञ्चित् शुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं, पात्रं वा भेषजाद्यं वा ।।१।।
देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात्कल्पते कल्प्यम् ।।२।।" [प्रशमरतिप्र. १४६-७] ।

**ननु यथा शास्त्रे आहारदातारः श्रूयन्ते, न तथा वस्त्रादिदातारः, न च वस्त्रादिदानस्य फलं श्रूयते, तन्न वस्त्रादिदानं युक्तम्, नैवम्, भगवत्यादौ वस्त्रादिदानस्य साक्षादुक्तत्वात्, यथा –**

"समणे निग्गंथे फासुयएसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वत्थपडिग्गहकंबलपायपुंछणेणं पीढफलगसिज्जा-संथारएणं पडिलाभेमाणे विहरति ।" **इत्याहारवत्संयमाधारशरीरोपकारकत्वाद्वस्त्रादयोऽपि साधुभ्यो देयाः । [योगशास्त्र वृत्तिः ३/८७ प. ४९६-८]**

**संयमोपकारित्वं च वस्त्रादीनां यथोपपद्यते तथा यतिधर्माधिकारे वक्ष्यते ।**

**इह वृद्धोक्ता सामाचारी –**

**श्रावकेण पोषधं पारयता नियमात्साधुभ्यो दत्वा भोक्तव्यम्, कथम्? यदा भोजनकालो भवति, तदाऽऽत्मनो विभूषां कृत्वा प्रतिश्रयं च गत्वा साधून्निमन्त्रयते, 'भिक्षा गृह्णीतेति' साधूनां च तं प्रति का प्रतिपत्तिः? उच्यते, तदैकः पटलमन्यो मुखानन्तकमपरो भाजनं प्रत्युपेक्षते, माऽन्तरायदोषाः स्थापनादोषा वाभूवन्निति ।**

**स च यदि प्रथमायां पौरुष्यां निमन्त्र्यते, अस्ति च नमस्कारसहितप्रत्याख्यानी ततस्तद्गृह्यते, अथ नास्त्यसौ तदा न गृह्यते, यतस्तद्वोढव्यं भवति, यदि पुनर्घनं लगेत् तदा गृह्यते संस्थाप्यते च यो वा उद्घाटपौरुष्यां पारयति पारणकवानन्यो वा, तस्मै तद्दीयते पश्चात्तेन श्रावकेण ससंघाटको व्रजति, एको न वर्त्तते प्रेषयितुम्, साधू पुरतः श्रावकस्तु मार्गे(मार्गतो) गच्छति, ततोऽसौ गृहं नीत्वा तावासनेनोपनिमन्त्रयते यदि निविशेते तदा भव्यम्, अथ न निविशेते तथापि विनयः प्रयुक्तो भवति, ततोऽसौ भक्तं पानं च स्वयमेव ददाति, भाजनं वा धारयति, स्थित एव वाऽऽस्ते यावद्दीयते, साधू अपि पश्चात्कर्मपरिहारार्थं सावशेषं गृह्णीतः ततो वन्दित्वा विसर्जयति, अनुगच्छति च कतिचित्पदानि, ततः स्वयं भुङ्क्ते ।**

**यदि पुनस्तत्र ग्रामादौ साधवो न भवन्ति तदा भोजनवेलायां द्वारावलोकनं करोति, विशुद्धभावेन च चिन्तयति-यदि साधवोऽभविष्यन् तदा निस्तारितोऽभविष्यमिति, एष पोषधपारणके विधिः अन्यदा तु दत्वा भुङ्क्ते भुक्त्वा वा ददातीति ।**

**उमास्वातिवाचकविरचितश्रावकप्रज्ञप्तौ तु अतिथिशब्देन साध्वादयश्चत्वारो गृहीताः, ततस्तेषां संविभागः कार्य इत्युक्तं, तथा च तत्पाठः–**

"अतिथिसंविभागो नाम अतिथयः-साधवः साध्व्यः श्रावकाः श्राविकाश्च, एतेषु गृहमुपागतेषु भक्त्याऽभ्युत्थानासन-पादप्रमार्जननमस्कारादिभिरर्चयित्वा यथाविभवशक्ति अन्नपानवस्त्रौषधालयादिप्रदानेन संविभागः कार्यः" [ ] **इति ।**

**एतद्व्रताराधनायैव प्रत्यहं श्रावकेण** "फासुएणं एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वत्थपडिग्गहकंबल-पायपुंछणेणं पीढफलगसिज्जासंथारेणं ओसहभेसज्जेणं भयवं! अणुग्गहो कायव्वो" **इत्यादिना गुरूणां निमन्त्रणं क्रियते एतद्व्रतफलं च दिव्यभोगसमृद्धिसाम्राज्यतीर्थकृत्पदादिश्रीशालिभद्रमूलदेवाद्यन्तार्हदादीनामिव सर्वं प्रसिद्धम्, पारम्पर्येण मोक्षोऽपि फलमस्ति वैपरीत्ये तु दास्यदौर्गत्याद्यपीति ।**

**अभिहितं चतुर्थं शिक्षापदव्रतम्, तदभिधाने च प्रतिपादितानि ससम्यक्त्वानि द्वादश श्रावकव्रतानि तानि च विशेषतो गृहिधर्म इति योजितमेव ।।४०।।**

**ટીકાર્થ :–**

**अतिथिः ..... योजितमेव ।। અતિથિ=તિથિ, પર્વ આદિ લૌકિક વ્યવહાર પરિવર્જક ભોજનકાલ ઉપસ્થાયી=ભોજનકાળમાં ઉપસ્થિત થયેલા, ભિક્ષુવિશેષ છે. અને કહેવાયું છે –**

"તિથિ, પર્વ, ઉત્સવ સર્વ જે મહાત્મા વડે ત્યાગ કરાયા છે તેને અતિથિ જાણવો. શેષને અભ્યાગત જાણવો." ।।૧।। **()**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**શ્રાવકને સાધુ જ અતિથિ છે. તે અતિથિરૂપ સાધુને હર્ષથી ગુરુત્વની ભક્તિના અતિશયથી પરંતુ અનુકંપાદિથી નહિ, પ્રદાન=પ્રકર્ષથી મન-વચન-કાયાની શુદ્ધિ દ્વારા દાન=વિશ્રામણ. કોનું વિશ્રામણ ? તેથી કહે છે – આહાર વસ્ત્ર, પાત્રાદિનું વિશ્રામણ. ત્યાં આહાર અશનાદિ ચાર પ્રકારનો છે. વસ્ત્ર પ્રતીત છે અથવા કંબલ છે. પાત્ર પતદ્ગ્રહાદિ છે. આદિ શબ્દથી પીઠ-ફલક-શય્યા-સંથારા આદિનું ગ્રહણ છે. આના દ્વારા હિરણ્ય આદિ દાનનો નિષેધ છે; કેમ કે તેઓનું=હિરણ્યાદિનું, યતિને અનઅધિકારીપણું છે. તે અતિથિસંવિભાગ વ્રત જિનો વડે પ્રતિપાદન કરાયું છે. ત્યાં ઉક્ત લક્ષણવાળા અતિથિને સંગત=આધાકર્માદિ ૪૨ દોષથી રહિત વિશિષ્ટ ભાગ=વિભાગ=પશ્ચાત્કર્માદિદોષના પરિહાર માટે અંશદાનરૂપ વિભાગ, તે અતિથિસંવિભાગ, તે રૂપ વ્રત અતિથિસંવિભાગવ્રત છે. અને ન્યાયાર્જિત આહારાદિના પ્રાસુક, એષણીય અને કલ્પનીય એવા આહારાદિનું દેશ-કાળ-શ્રદ્ધા-સત્કાર-ક્રમપૂર્વક-આત્માનુગ્રહબુદ્ધિથી યતિઓને દાન એ પ્રમાણે અર્થ છે. ત્યાં=દેશ-કાલ આદિમાં ૧. શાલ્યાદિ નિષ્પત્તિવાળો દેશ છે. ૨. સુભિક્ષ-દુર્ભિક્ષ આદિ કાળ છે. ૩. વિશુદ્ધચિત્તનો પરિણામ શ્રદ્ધા છે. ૪.**

**અભ્યુત્થાન, આસનદાન, વંદન, અનુવ્રજન આદિ સત્કાર છે. ૫. યથાસંભવ પાકનો=આહારનો, દેયાદિ પરિપાટીથી પ્રદાન ક્રમ છે. તત્પૂર્વક=દેશ, કાલાદિના ઔચિત્યથી સાધુને દાન અતિથિસંવિભાગ છે એમ અન્વય છે. જે કારણથી કહેવાયું છે –**

"ન્યાય આગત કલ્પનીય અન્નપાનાદિ દ્રવ્યોનું દેશ-કાલ-શ્રદ્ધા-સત્કાર-ક્રમયુક્ત પરાભક્તિથી આત્માઅનુગ્રહ બુદ્ધિથી=મહાત્મા પોતાનો ઉપર અનુગ્રહ કરે છે તે પ્રકારની બુદ્ધિથી, સંયતોને દાન અતિથિસંવિભાગ છે."

**અને આ શ્રી હેમસૂરિ=શ્રી હેમચંદ્રાચાર્ય, વડે કહેવાયું છે –**

"પ્રાયઃ શુદ્ધ ત્રિવિધ વિધિથી પ્રાસુક, ઐષણીય, કલ્પપ્રાયઃ સ્વયં ઉપહિત પાનક આદિ વસ્તુઓ વડે કાળે ઘરે આવેલા સાધુવર્ગને અસાધારણ શ્રદ્ધાથી ધન્ય એવા કેટલાક પરમ અવહિત શ્રાવકો=અત્યંત અવધાન મનવાળા શ્રાવકો, સન્માન કરે છે. ।।૧।।

અશન અખિલ ખાદ્ય અને સ્વાદ્ય છે. અને પાનક, યતિજનને હિતકારી વસ્ત્ર, પાત્ર, સકંબલ-પ્રોચ્છન=કામળી સહિત આસન, છે. વસતિ, ફલક નામના મુખ્ય ચારિત્રના વિવર્ધન એવા પ્રદેયને નિજમનની પ્રીતિથી ઉપાસકોએ આપવા જોઈએ." ।।૨।। **(યોગશાસ્ત્ર વૃત્તિ. પ્રત નં. ૪૯૬ સંમાનયન્તિ)**

**અને**

"સાધુને કલ્પનીય જે કંઈ, કોઈક રીતે ત્યારે અપાયું નથી તેને યથોક્તકારી ધીર એવા સુશ્રાવકો વાપરતા નથી." ।।૩।।

"જો કે પર્યાપ્ત ધન ન હોય=અતિશયધન ન હોય, તોપણ વસતી-શયન-આસન-ભક્ત-પાન-ઔષધ થોડામાંથી પણ થોડું આપવું જોઈએ." ।।૪।। **(ઉપદેશમાલા - ૨૩૯-૨૪૦, સંબોધ પ્રકરણ, શ્રાવક ૧૩૯-૧૪૦)**

**વળી, વાચક મુખ્ય કહે છે=પૂ. ઉમાસ્વાતિ મ. સા. કહે છે –**

"કંઈક શુદ્ધ કલ્પ્ય અકલ્પ્ય થાય, અકલ્પ્ય પણ કલ્પ્ય થાય.

શું કલ્પ્ય અકલ્પ્ય થાય ? તેથી કહે છે –

પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર અથવા ઔષધ આદિ કલ્પ્ય અકલ્પ્ય થાય."

કઈ રીતે કલ્પ્ય અકલ્પ્ય અને અકલ્પ્ય પણ કલપ્ય થાય ? તેથી કહે છે –

"દેશ, કાળ, પુરુષ, અવસ્થા, ઉપયોગ, શુદ્ધિ, પરિણામોનો વિચાર કરીને કલ્પ્ય થાય છે. એકાન્તથી કલ્પ્ય કલ્પતું નથી." ।।૨।। **(પ્રશમરતિ પ્ર. ૧૪૬-૧૪૭)**

**'નનુ'થી શંકા કરે છે – જે રીતે શાસ્ત્રમાં આહારને આપનારા સંભળાય છે તે રીતે વસ્ત્રાદિ દાનને આપનારા સંભળાતા નથી અને વસ્ત્રાદિ દાનનું ફળ સંભળાતું નથી તે કારણથી વસ્ત્રાદિ દાન યુક્ત નથી એમ ન કહેવું; કેમ કે 'ભગવતી' આદિમાં વસ્ત્રાદિદાનનું સાક્ષાત્ ઉક્તપણું છે જે પ્રમાણે –**

"પ્રાસુક, એષણીય, અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી, વસ્ત્ર-પાત્ર, કંબલ-પાદપુંછનથી, પીઠ-ફલગ-શય્યા-વસતી-સંથારાથી પ્રતિલાભ પામતો શ્રમણ નિર્ગ્રંથ વિહરે છે." **()**

એથી આહારની જેમ સંયમના આધાર એવા શરીરનું ઉપકારકપણું હોવાથી વસ્ત્રાદિ પણ સાધુને દેય છે. (યોગશાસ્ત્રવૃત્તિ-૩/૮૭ પ. ૪૯૬-૮)

અને વસ્ત્રાદિનું સંયમ ઉપકારીપણું જે પ્રમાણે ઘટે છે તે પ્રમાણે યતિધર્મના અધિકારમાં કહેવાશે.

અહીં=અતિથિસંવિભાગવ્રતમાં, વૃદ્ધ ઉક્ત સામાચારી આ પ્રમાણે છે –

પૌષધ પારતા એવા શ્રાવક વડે નિયમથી સાધુઓને આપીને ભોજન કરવું જોઈએ.

કેવી રીતે? તેથી કહે છે –

જ્યારે ભોજનકાળ થાય છે ત્યારે આત્માની વિભૂષા કરીને અને ઉપાશ્રય જઈને સાધુઓને 'ભિક્ષા ગ્રહણ કરો' એ પ્રમાણે નિમંત્રણ કરે અને સાધુઓને તેને આશ્રયીને=નિમંત્રણ કરનાર શ્રાવકને આશ્રયીને, કયા પ્રકારનો વ્યવહાર છે ? તેનો ઉત્તર આપે છે –

ત્યારે એક સાધુ પડલાને, બીજો મુખાન્તકને અને ત્રીજો સાધુ ભાજનની પ્રત્યુપેક્ષા કરે.

કેમ કરે ? તેથી કહે છે –

અંતરાયદોષ અને સ્થાપનાદોષ ન થાય એથી આ રીતે પડિલેહણ કરે.

અને તે=નિમંત્રણ કરનાર શ્રાવક, જો પ્રથમ પોરિસીમાં નિમંત્રણ કરે અને નમસ્કાર સહિત પ્રત્યાખ્યાનીય કોઈ સાધુ છે, તો તેને ગ્રહણ કરે=શ્રાવકની ભિક્ષાને ગ્રહણ કરે. હવે નવકારસીવાળો સાધુ નથી તો ગ્રહણ ન કરે. જે કારણથી તેને વહન કરવી પડે=ગોચરી રાખી મૂકવી પડે. જો વળી શ્રાવક અત્યંત પાછળ લાગે તો ગ્રહણ કરાય છે=ભિક્ષા ગ્રહણ કરાય છે અને સંસ્થાપન કરાય છે=વાપરવાના કાળ સુધી સાધુ દ્વારા તે ભિક્ષા સ્થાપન કરાય છે. અથવા જે ઉદ્ઘાટપોરિસીમાં પારે છે=પોરિસિ થાય તરત પચ્ચક્ખાણ પારે છે અથવા પારણાવાળો અન્ય પણ=તપના પારણાવાળો અન્યપણ, કોઈ સાધુ છે તેને ભિક્ષા અપાય છે. પશ્ચાત્ એવા શ્રાવકથી સંઘાટક સહિત સાધુ જાય છે=સાધુ ગોચરી વહોરવા જાય ત્યારે શ્રાવક આગળ હોય અને તેની પાછળ સંઘાટક સહિત બે સાધુ ગોચરી અર્થે જાય છે. એક મોકલવો યોગ્ય નથી. વળી, સાધુની આગળ શ્રાવક માર્ગમાં જાય છે, ત્યારપછી આ=શ્રાવક, ઘરે લઈ જઈને તે બે મહાત્માને આસનથી નિમંત્રણ કરે છે. અર્થાત્ આસન આપીને બેસવાનું કહે છે. જો સાધુ બેસે તો સુંદર અને જો બેસે નહીં તોપણ વિનય કરાયેલો થાય છે. ત્યારપછી આ=શ્રાવક, ભક્ત-પાન સ્વયં જ આપે છે અથવા ભાજન ધારણ કરે છે=અન્ય કોઈ ઘરની વ્યક્તિ આપતી હોય ત્યારે પોતે ભાજન ધારણ કરે છે અથવા ઊભો રહેલો જ જુએ છે જ્યાં સુધી અપાય છે. સાધુ પણ પશ્ચાત્ કર્મના પરિહાર માટે સાવશેષ ગ્રહણ કરે છે. ત્યારપછી શ્રાવક વંદન કરીને વિસર્જન કરે છે અને કેટલાંક પગલાંઓ સાધુ પાછળ અનુસરણ કરે છે. ત્યારપછી સ્વયં જમે છે.

જો વળી, ત્યાં ગ્રામાદિમાં સાધુઓ ન હોય તો ભોજનવેળામાં દ્વારનું અવલોકન કરે છે અને વિશુદ્ધભાવથી ચિંતવન કરે છે. જો સાધુઓ હોત તો હું નિસ્તારિત થાત. એ પ્રકારે આ પૌષધના

**પારણામાં વિધિ છે. વળી અન્યદા=પૌષધ પારવાના સિવાયના કાળમાં, આપીને જમે=સાધુને આહાર પ્રદાન કર્યા પછી જમે અથવા પોતે આહાર વાપરીને સાધુને આપે.**

**વળી, ઉમાસ્વાતિવાચક વિરચિત 'શ્રાવક પ્રજ્ઞપ્તિ'માં અતિથિ શબ્દથી સાધુ આદિ ચાર ગ્રહણ કરાયાં છે અર્થાત્ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચાર ગ્રહણ કરાયાં છે. તેથી તેઓનો સંવિભાગ કરવો જોઈએ. અર્થાત્ તેઓની ભક્તિ કરવી જોઈએ એ પ્રમાણે કહેવાયું છે. અને તે પ્રમાણે=અતિથિસંવિભાગ વ્રતમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની ભક્તિ કરવી જોઈએ તે પ્રમાણે, તેનો પાઠ છે –**

"અતિથિસંવિભાગ - અતિથિ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે. ઘરે આવેલા એવા એઓને ભક્તિથી અભ્યુત્થાન, આસન, પાદપ્રમાર્જન નમસ્કારાદિ વડે અર્ચન કરીને પોતાના વિભવની શક્તિ અનુસાર અન્ન-પાન-વસ્ત્ર-ઔષધ-સ્થાન આદિના પ્રદાનથી સંવિભાગ કરવો જોઈએ." ।।૧।। ()

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**આ વ્રતની આરાધના માટે જ=અતિથિસંવિભાગવ્રતની આરાધના માટે જ, પ્રતિદિવસ શ્રાવકથી પ્રાસુક, એષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વડે વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપુંછનથી, પીઠ-ફલક, સિજ્જા=વસતી, સંથારા વડે, ઔષધ-ભેષજ વડે હે ભગવન્ ! અનુગ્રહ કરો. ઈત્યાદિ દ્વારા ગુરુને નિમંત્રણ કરાય છે. અને આ વ્રતનું ફળ દિવ્યભોગની સમૃદ્ધિ, સામ્રાજ્ય, તીર્થંકરપદ આદિશ્રી શાલિભદ્ર-મૂળદેવ-આદ્યઅર્હન્ત=પ્રથમ તીર્થંકર ઋષભદેવ આદિની જેમ સર્વ પ્રસિદ્ધ છે. અને પરંપરાથી મોક્ષ પણ ફળ છે. વળી, વિપરીતપણામાં=અતિથિ-સંવિભાગવ્રતની વિપરીત આચરણામાં દાસ્ય દૌર્ગત્યાદિ પણ છે=દાસપણું, દરિદ્રપણું આદિ પણ છે.**

**ચોથું શિક્ષાપદવ્રત કહેવાયું અને તેના કથનમાં=ચોથા શિક્ષાપદવ્રતના કથનમાં, સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બાર વ્રતો કહેવાયાં અને તે=બાર વ્રતો, વિશેષથી ગૃહસ્થધર્મ છે એ રીતે યોજન કરાયું જ છે. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવક ગુણવાન એવા સાધુને અત્યંત પ્રીતિપૂર્વક આહાર-વસ્ત્ર-પાત્રાદિનું દાન કરે તો તે દાનને અતિથિસંવિભાગવ્રત કહેવાય છે.

અતિથિસંવિભાગવ્રતમાં 'અતિથિ' શબ્દ કોનો વાચક છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

તિથિ-પર્વાદિ-લૌકિક વ્યવહાર જેમણે ત્યાગ કર્યો છે અને ભોજનકાળ વખતે વહોરવા માટે આવેલા છે તેવા ભિક્ષુવિશેષ=સાધુ, અતિથિ કહેવાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ સર્વ શક્તિથી સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમવાળા છે તેઓ માટે તિથિ પર્વ આદિ આરાધનાના દિવસો નથી પરંતુ સર્વ દિવસો આરાધના માટેના છે. જેઓ સર્વ દિવસોમાં શક્તિના પ્રકર્ષથી આરાધના કરતા નથી છતાં આરાધનાના અર્થી છે તેઓ પર્વ દિવસે વિશેષ આરાધના કરે છે, તેથી શ્રાવકો 'અતિથિ' નથી પરંતુ 'અતિથિ' શબ્દથી ભાવસાધુનું ગ્રહણ છે; કેમ કે ભાવસાધુ

સર્વ શક્તિથી પ્રતિદિન આત્મકલ્યાણ માટે યતમાન છે અને સંયમની વૃદ્ધિના ઉપાય રૂપે ભિક્ષા આવશ્યક જણાય ત્યારે ભિક્ષા અર્થે ઘરે આવેલા છે તે શ્રાવક માટે અતિથિ છે. માટે શ્રાવકને અતિથિ સાધુ જ છે. જ્યારે શેષ સ્વજનાદિ ઘરે આવેલા હોય તે 'અતિથિ' ન કહેવાય. પરંતુ 'મહેમાન' કહેવાય. આવા અતિથિવિશેષ એવા ભાવસાધુના ગુણોને જોઈને હર્ષપૂર્વક જે શ્રાવક મન-વચન-કાયાથી શુદ્ધિથી આહારાદિનું દાન કરે તે અતિથિસંવિભાગવ્રત છે. તેથી એ પ્રાપ્ત થાય કે દાન આપતી વખતે શ્રાવકને મનમાં પરિણામ થાય કે મારા આહાર-વસ્ત્રાદિનું સાફલ્ય મહાત્માની ભક્તિથી જ છે; કેમ કે સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરનારા આ મહાત્મા આ આહારાદિ ગ્રહણ કરશે તો મારા ઉપર ઉપકાર થશે. આ પ્રકારની મનની વિશુદ્ધિથી, વળી ઉચિત આહાર ગ્રહણ માટે મહાત્માને નિમંત્રણ કરે એ પ્રકારની વાણીની વિશુદ્ધિથી અને કાયાથી ઉચિત વિધિપૂર્વક આહાર આપે એ પ્રકારની કાયવિશુદ્ધિથી આહારાદિનું દાન તે અતિથિસંવિભાગવ્રત છે. અર્થાત્ અતિથિ એવા સાધુને પોતાની વસ્તુનો સંગત એવો વિભાગ તે અતિથિસંવિભાગવ્રત છે.

સંગત એવો વિભાગ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

સાધુના સંયમની વૃદ્ધિનું કારણ બને એવા આધાકર્માદિ બેતાલીશ દોષથી રહિત એવો સંગત વિભાગ છે.

'વિશિષ્ટ વિભાગ' શું છે ? તે સ્પષ્ટ કરે છે –

પશ્ચાત્કર્માદિ દોષ ન થાય તે વિશિષ્ટ વિભાગ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે વિશેષ કારણ ન હોય તો શ્રાવકે પોતાના માટે થયેલા આહારાદિ વસ્તુનો સાધુની ભક્તિમાં એ રીતે ઉપયોગ કરવો જોઈએ કે જેથી સાધુને નિર્દોષ એવા આહારાદિની પ્રાપ્તિ દ્વારા સુખપૂર્વક સંયમની વૃદ્ધિની પ્રાપ્તિ થાય.

તે આહારાદિનું દાન પણ કેવું હોવું જોઈએ ? તેથી કહે છે –

ન્યાયાર્જિત, પ્રાસુક, સાધુ માટે એષણીય=સાધુ માટે કલ્પનીય, હોવું જોઈએ.

વળી, તે દાન કેવી રીતે કરવું જોઈએ ? તેથી કહે છે –

દેશને અનુરૂપ, કાળને અનુરૂપ, શ્રદ્ધાને અનુરૂપ, સત્કારપૂર્વક, ક્રમપૂર્વક, આત્માની અનુગ્રહબુદ્ધિથી સાધુને દાન કરવું જોઈએ જેથી પરિણામની શુદ્ધિ થાય. ત્યાં દેશ, શાલ્યાદિની નિષ્પત્તિના વિભાગવાળો દેશ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે દેશમાં જે વસ્તુ થતી હોય તે દેશને અનુરૂપ તે વસ્તુનું દાન સાધુને કરવું જોઈએ; કેમ કે જે દેશમાં જે વસ્તુ વિશેષ પ્રમાણમાં થતી હોય તે વસ્તુ તે દેશને અનુકૂળ હોવાથી તે દેશમાં તે આહાર સાધુને પણ સંયમમાં ઉપકારક થાય છે. તેથી તે દેશ પ્રમાણે સાધુને દાન કરવું જોઈએ. વળી, સુભિક્ષ-દુર્ભિક્ષ આદિ કાળનો વિચાર કરીને તે પ્રમાણે દાન કરવું જોઈએ. જેથી દુર્ભિક્ષાદિ કાળમાં સાધુના સંયમના નિર્વાહ અર્થે ક્વચિત દોષવાળું આપે તોપણ આશય શુદ્ધ હોવાથી દોષરૂપ નથી. વળી, સાધુના ગુણોના સ્મરણપૂર્વક તેવા ગુણવાળા સાધુની સંયમવૃદ્ધિમાં મારી ભિક્ષા ઉપયોગી થાય તેવા વિશુદ્ધ પરિણામપૂર્વક દાન આપવું જોઈએ. વળી, સાધુ આવ્યા હોય ત્યારે ગુણસંપન્નનો આદર-સત્કાર કરવો જોઈએ. વળી,

આવેલા સાધુને જોઈને ભક્તિના અધ્યવસાયપૂર્વક શ્રાવક ઊભો થાય, સાધુને આસન પ્રદાન કરે, વંદન કરે અને તેમની પાછળ ચાલે ઇત્યાદિ સત્કારપૂર્વક દાન કરે, વળી, વહોરાવતી વખતે સુંદર વસ્તુ પ્રથમ વહોરાવે એ પ્રકારે યથાસંભવ દાનની પરિપાટીથી દાન આપે જેથી વિવેકપૂર્વકની ભક્તિ થાય.

આ રીતે અતિથિ સંવિભાગનો અર્થ કર્યા પછી અતિથિસંવિભાગવ્રત વિષયક પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.એ શું કહ્યું છે ? તે બતાવતાં કહે છે –

ત્રિવિધ મન-વચન-કાયાથી શુદ્ધ પ્રાસુક, એષણીય, કલ્પ્ય પોતાના માટે કરાયેલ પાનક આદિ વડે ઘરે આવેલા સાધુઓને અત્યંત શ્રદ્ધાપૂર્વક ધન્ય અને અત્યંત અવહિત મનવાળા=અત્યંત ભક્તિયુક્ત મનવાળા, શ્રાવકો સન્માનપૂર્વક અન્નપાનાદિનું સાધુને દાન કરે છે. આ પ્રકારના કથનમાં પ્રાયઃ શુદ્ધ કહેવાથી કારણે અશુદ્ધ આપનાર પણ શ્રાવક અતિથિસંવિભાગ કરનારા છે તે પ્રકારનો અર્થ ફલિત થાય છે. તોપણ વિશિષ્ટ કારણ ન હોય તો સાધુને શુદ્ધ ભિક્ષા જ પ્રદાન કરવી જોઈએ એ પ્રકારની શ્રાવકની મર્યાદા છે. સાધુને કલ્પનીય હોય છતાં કોઈક રીતે સાધુએ ત્યારે તે આહાર ગ્રહણ કરેલો ન હોય તો ધીર એવા સુશ્રાવકો તે દિવસે તે આહાર વાપરતા નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવકને સાધુ પ્રત્યે અત્યંત ભક્તિ છે અને તેની ભક્તિમાં વપરાયેલા આહાર જોઈને જ સંયમ પ્રત્યે બહુમાન થાય છે અને સાધુની ભક્તિમાં જે વસ્તુ વપરાઈ નથી તે વસ્તુની પોતાને વાપરવાની ઇચ્છા હોવા છતાં ન વાપરે તો સંયમ પ્રત્યેના બહુમાનનો ભાવ અતિશયિત થાય છે. અને સંયમના રાગી શ્રાવકો હમેશાં સંયમના રાગની વૃદ્ધિ થાય તે રીતે ઉચિત પ્રયત્ન કરે છે. વળી કોઈ શ્રાવક અલ્પ સમૃદ્ધિવાળો હોય તોપણ પોતાની પાસે જે કંઈ વસતી, શયન, આસન, ભક્ત-પાનાદિ હોય તે થોડામાંથી પણ થોડું આપે જેથી સુસાધુ પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય અને આ પ્રકારના પરિણામથી જ મહાનિર્જરા થાય છે.

વળી, પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ કહ્યું છે કે પિંડ, શય્યા, વસ્ત્રાદિ કલ્પ્ય પણ અકલ્પ્ય થાય અને અકલ્પ્ય પણ કલ્પ્ય થાય.

કઈ રીતે કલ્પ્ય પણ અકલ્પ્ય થાય ? તેથી ખુલાસો કરે છે –

દેશ, કાળ, પુરુષ, અવસ્થાદિને આશ્રયીને કલ્પ્ય અકલ્પ્ય થાય અને અકલ્પ્ય કલ્પ્ય થાય. તેથી એ પ્રાપ્ત થાય કે શુદ્ધ ભિક્ષા હોય છતાં સાધુના સંયમની વૃદ્ધિનું કારણ ન હોય તેવી કલ્પ્ય પણ ભિક્ષા સાધુ માટે અકલ્પ્ય છે અને કોઈક એવા વિષમ સંયોગોમાં અશુદ્ધ ભિક્ષા હોય છતાં સાધુના સંયમની વૃદ્ધિનું કારણ બને તેમ હોય તો તે કલ્પ્ય છે. તેથી કલ્પ્ય-અકલ્પ્યના વિવેકપૂર્વક શ્રાવકે સાધુને ભિક્ષા આપવી જોઈએ. જેથી તે ભિક્ષા દ્વારા સાધુ સંયમવૃદ્ધિ કરીને આત્મહિત સાધી શકે પરંતુ મૂઢતાથી વિવેક વગર ભિક્ષા આપવી તે શ્રાવક માટે ઉચિત નથી અને સંયમવૃદ્ધિનો ઉચિત વિચાર કર્યા વગર મૂઢતાથી ભિક્ષા ગ્રહણ કરવી તે સાધુ માટે ઉચિત નથી.

અહીં કોઈ શંકા કરે છે કે સાધુને આહારનું દાન શાસ્ત્રમાં સંભળાય છે. પરંતુ સાધુને વસ્ત્રાદિનું દાન

દેનારા શાસ્ત્રમાં સંભળાતા નથી અને વસ્ત્રાદિ દાનનું ફલ પણ સંભળાતું નથી માટે સાધુને વસ્ત્રાદિનું દાન આપવું ઉચિત નથી. તેનું નિવારણ કરવા અર્થે ગ્રંથકારશ્રી 'ભગવતી'ના વચનથી સ્પષ્ટ બતાવે છે –

સાધુને સંયમવૃદ્ધિમાં કારણભૂત જેમ આહારાદિ છે તેમ વસ્ત્રપાત્રાદિ છે અને વસતી આદિ પણ છે. અને તે સર્વનું દાન કરવાથી શ્રાવકને મહા ફળ થાય છે; કેમ કે સાધુને સંયમવૃદ્ધિનું જે કંઈ કારણ હોય તેવી પ્રવૃત્તિ કરવાથી પોતાને સંયમની પ્રાપ્તિ સુલભ બને છે માટે સાધુને વસ્ત્રાદિનું પણ દાન કરવું જોઈએ.

વળી, અતિથિસંવિભાગવ્રતમાં વૃદ્ધ પુરુષોથી કહેવાતી સામાચારી આ પ્રમાણે છે.

શ્રાવકે પૌષધને પાળીને નિયમથી સાધુને આહારાદિનું દાન કરીને પછી ભોજન કરવું જોઈએ.

કઈ રીતે શ્રાવકે સાધુને ભોજન પૂર્વે દાન કરવું જોઈએ ? તેથી કહે છે –

પૌષધ પાળ્યા પછી ઘરે જઈને જ્યારે ભોજનનો કાળ થાય ત્યારે સાધુ પ્રત્યેની ભક્તિનો અતિશય થાય તદર્થે વિભૂષા કરીને ઉપાશ્રયે જાય અને સાધુને વિનંતી કરે કે "મારી ભિક્ષા ગ્રહણ કરીને મને કૃતાર્થ કરો."

સાધુને પણ તે પૌષધવ્રતને કરનારા શ્રાવક પ્રત્યે શું ઉચિત વિધિ છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

શ્રાવકને ભોજનમાં અંતરાય ન થાય, સ્થાપનાદોષ ન થાય તે અર્થે એક સાધુ પાત્રાના પડલાનું પડિલેહણ કરે, બીજો સાધુ મુખાન્તક=ઝોળીનું પડિલેહણ કરે અને ત્રીજો સાધુ પાત્રાનું પડિલેહણ કરે જેથી ભિક્ષા માટે ગમનમાં વિલંબન ન થાય.

આ કથનથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક વિવેકસંપન્ન છે અને અતિથિસંવિભાગવ્રતની મર્યાદાને જાણનાર છે. તે શ્રાવક અવશ્ય પોતાના અર્થે ઉપસ્થિત નિર્દોષ ભોજન જ સાધુને આપીને પોતાના વ્રતનું પાલન કરે તેમ છે તેથી તેવા શ્રાવકનો ભક્તિનો પરિણામ વૃદ્ધિ પામે અને તેને અધિક નિર્જરા પ્રાપ્ત થાય તદર્થે તેની વિનંતીને સ્મૃતિમાં રાખીને સાધુ અવશ્ય વહોરવા જાય. પરંતુ સાધુને જણાય કે આ શ્રાવક મુગ્ધ છે, વિવેક વગરના છે. તેથી દોષિત ભિક્ષાની સંભાવના હોય અને સાધુને અર્થે કરેલું હોય તો ન પણ જાય; કેમ કે સાધુની મર્યાદા છે કે પોતાના સંયમમાં મલિનતા ન થાય તે રીતે જ ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ પરંતુ શ્રાવક વિનંતી કરે છે માટે અવશ્ય ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ તેવી મર્યાદા નથી.

વળી, જો શ્રાવક પ્રથમ પોરિસીમાં ભિક્ષા માટે નિમંત્રણ કરે અર્થાત્ શ્રાવકને નવકારશી જ કરવાની હોય તેથી સવારના પહોરમાં શીઘ્ર પારણું કરવા અર્થે સાધુને નિમંત્રણ કરવા આવે અને સાધુમાં પણ કોઈ તથાવિધ સંયોગને કારણે નવકારશી પચ્ચક્ખાણ કરનારા હોય તો નવકારશીના સમયે તેની ભિક્ષા ગ્રહણ કરવા અર્થે સાધુ જાય અને જો કોઈ નવકારશી કરનાર સાધુ ન હોય તો તેની ભિક્ષા ગ્રહણ કરે નહિ.

કેમ ભિક્ષા ગ્રહણ કરે નહીં ? તેથી કહે છે –

નવકારશીમાં કોઈ સાધુ વાપરનાર ન હોય તો સાધુને તે ભિક્ષા ગ્રહણ કરી સ્થાપન કરી રાખવી પડે તે સાધુ માટે દોષરૂપ છે. માટે સાધુ ગ્રહણ કરે નહીં અને જો તે શ્રાવક ભિક્ષા ગ્રહણ કરવા માટે ખૂબ

આગ્રહ કરે તો સાધુ નવકારશીના સમયે ભિક્ષા ગ્રહણ કરે અને પોતાના વાપરવાના કાળ સુધી ભિક્ષાનું સંસ્થાપન કરે.

આ કથન તે વખતે પ્રવર્તતી વૃદ્ધ સામાચારી અનુસાર કરેલ છે. કોઈ શાસ્ત્રના પાઠના બળથી ગ્રંથકારશ્રી કહેતા નથી. તેથી જણાય છે કે આવા પ્રસંગે શ્રાવકના દાન આપવાના પરિણામના રક્ષણ અર્થે અને તેના અતિશય આગ્રહને ખ્યાલમાં રાખીને સાધુ અપવાદથી સ્થાપનાદોષને ગૌણ કરીને પણ ભિક્ષા ગ્રહણ કરે તે ઉચિત છે તેમ વૃદ્ધ સામાચારી વર્તે છે.

જ્યારે સામાન્યથી તો સાધુ પોતાના સંયમની પ્રધાનતાથી ભિક્ષા ગ્રહણ કરનારા હોય છે. આથી જ વીરભગવાનને જીરણશેઠ ભિક્ષા ગ્રહણ કરવા માટે પ્રતિદિન વિનંતી કરે છે છતાં નિઃસ્પૃહશિરોમણિ એવા વીરભગવાને અત્યંત ભક્તિવાળા જીરણશેઠના ત્યાંથી ભિક્ષા ન ગ્રહણ કરતાં અભિનવશેઠને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરી. વળી, સાધુમાં નવકારશી કરનાર કોઈ ન હોય અને શ્રાવક પૌષધ પાર્યા પછી નવકારશીમાં ભિક્ષા માટે આગ્રહ કરે ત્યારે તે ભિક્ષાને ગ્રહણ કરીને સાધુને દીર્ઘકાળ સુધી સ્થાપન કરવી પડે તેના નિવારણ માટે જે પોરિસીના પચ્ચક્ખાણ પારનારા હોય તેમને તે ભિક્ષા આપે પરંતુ એકાસણું કરનારા અને સાઢપોરિસી પુરિમુઢ્ઢ કરનારા સાધુ પોતાના ભોજનકાળ સુધી તેને સ્થાપન કરીને રાખે નહીં અથવા કોઈ અન્ય પચ્ચક્ખાણ પારનારા હોય તો તેને તે ભિક્ષા આપે અને કોઈ વાપરનાર ન હોય તો પોતાના ભોજન અવસર સુધી પણ તે ભિક્ષાને સ્થાપન કરી રાખવી પડે. આ પ્રકારની વૃદ્ધ સામાચારી અનુસાર મર્યાદા છે.

વળી, ભિક્ષા ગ્રહણ કરવા અર્થે શ્રાવકને ત્યાં સાધુ કઈ રીતે જાય ? તે બતાવે છે –

તે શ્રાવકની સાથે બે સાધુ સંઘાટક જાય અને શ્રાવક પોતાનું ઘર બતાવવા અર્થે આગળ જાય અને સાધુ સંઘાટક તેની પાછળ તેને ત્યાં વહોરવા જાય પરંતુ એક સાધુ જાય નહીં અને પોતાના ઘરનો માર્ગ બતાવવા અર્થે શ્રાવક સાધુની આગળ ચાલે તેથી સાધુ સુખપૂર્વક ગમન કરી શકે. જોકે સામાન્યથી સાધુ પ્રત્યેની ભક્તિને કારણે શ્રાવક સાધુની પાછળ ચાલે, આગળ ન ચાલે પરંતુ પોતાના ઘરે સાધુને લઈ જવા અર્થે જ્યારે શ્રાવક આવેલા હોય ત્યારે કયા સ્થાને જવાનું છે તેનો નિર્ણય સાધુને નહીં હોવાથી શ્રાવક પાછળ ચાલે તો સાધુને ગમનમાં સ્ખલના થાય તેથી શ્રાવક આગળ ચાલે અને તેની પાછળ સાધુ ચાલે તેમાં અવિનયદોષની પ્રાપ્તિ થતી નથી. ત્યારપછી સાધુને ઘરે લઈ જઈને શ્રાવક સાધુને આસન આપીને બેસવા માટે નિમંત્રણ કરે છે. જો સાધુ નિવેશ કરે તો સુંદર અને જો સાધુ બેસે નહીં તોપણ ઉચિત વિનય કરાયેલો થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે સાધુને ઘરે લઈ ગયા પછી તેમને નિમંત્રણ કરીને તેમની પાસેથી ઉપદેશાદિ શ્રવણ કરે અને સાધુને પણ તે પ્રકારે લાભ જણાય તો ઉપદેશાદિ આપે અને સાધુને તે પ્રકારને બેસવાનો પરિણામ ન હોય તોપણ સાધુ પ્રત્યેની ભક્તિના વશથી તે પ્રકારે વિનય કરવાથી શ્રાવકને લાભ થાય છે. ત્યારપછી શ્રાવક અતિથિસંવિભાગવ્રતના પરિણામની વૃદ્ધિ માટે સ્વયં જ ભક્તપાન આદિ આપે

જેથી ભાવનો પ્રકર્ષ થાય અથવા ઘરની અન્ય વ્યક્તિ વહોરાવવા તત્પર થઈ હોય તો પોતે ભાજન ધારણ કરે તેથી હું મહાત્માની ભક્તિ કરું છું તેવો સુવિશુદ્ધ અધ્યવસાય થાય છે. અથવા વહોરાવવા માટે સ્વજનો તૈયાર હોય તોપણ જ્યાં સુધી સાધુને વહોરાવે ત્યાં સુધી ત્યાં ઊભો રહીને તે પ્રવૃત્તિને જુએ જેથી મારાં ભોજનાદિ સુસાધુની ભક્તિમાં વપરાય છે તેવો અધ્યવસાય થવાથી પરિણામની વૃદ્ધિ થાય. વળી, સાધુ પણ પશ્ચાત્કર્મના પરિહાર માટે થોડા પ્રમાણમાં જ ભિક્ષા ગ્રહણ કરે. ત્યારપછી શ્રાવક વંદન કરીને સાધુને વિસર્જન કરે અને સાધુની પાછળ કેટલાંક પગલાં પાછળ જાય છે. આ રીતે ઉચિત વિનય કરવાથી અને સાધુના સંયમગુણોનું નિત્ય સ્મરણ કરવાથી અતિથિસંવિભાગવ્રતના બળથી શ્રાવકને ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી શ્રાવક સ્વયં અહારાદિ વાપરે છે.

વળી, શ્રાવકે પૌષધ કર્યો હોય અને તે ગામમાં સાધુઓ ન હોય તો અતિથિસંવિભાગવ્રતના અર્થી શ્રાવક ભોજનવેળામાં દ્વારનું અવલોકન કરે. જેથી કદાચ કોઈ સાધુ પધારેલા હોય તો લાભ મળે. અને કોઈ સાધુ ન જણાય તો વિશુદ્ધભાવથી વિચારે કે જો સાધુઓ આ નગરમાં હોત તો હું તેઓની ભક્તિ કરીને નિસ્તારિત થાત. આ પ્રકારે પૌષધના પારણામાં વિધિ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે પૌષધના પારણામાં અવશ્ય અતિથિસંવિભાગ કરવો જોઈએ અને સાધુ ગ્રામાદિમાં વિદ્યમાન ન હોય તોપણ અતિથિસંવિભાગવ્રતનો ઉચિત પરિણામ કરેલો હોવાથી શ્રાવકને જીરણશેઠની જેમ સ્વઅધ્યવસાય અનુસાર અતિથિસંવિભાગવ્રતનું ફળ મળે છે; કેમ કે સુસાધુના ગુણોના સ્મરણપૂર્વક સુસાધુ પ્રત્યેની ભક્તિનો ઉચિત અધ્યવસાય વિવેકી શ્રાવક સાધુની અપ્રાપ્તિમાં પણ અવશ્ય કરે છે. વળી, પૌષધ ન હોય ત્યારે સાધુને આપીને પણ ભોજન કરે અથવા પોતે ભોજન કરી લીધું હોય તોપણ સાધુને આપે; કેમ કે કોઈ સાધુ નવકારશી કરનારા ન હોય અને શ્રાવક પોતાની શક્તિ અનુસાર નવકારશી આદિ કરતા હોય તો પોતે ભોજન કર્યા પછી પણ સુસાધુને નિમંત્રણ કરીને આહારાદિ વહોરાવે. આ પ્રકારની અતિથિસંવિભાગવ્રતની મર્યાદા છે.

તેથી એ ફલિત થાય કે પૌષધ ન કર્યો હોય તોપણ સુસાધુને નિર્દોષ ભિક્ષા વિવેકપૂર્વક આપે તે અતિથિસંવિભાગવ્રત જ છે; કેમ કે 'અતિથિસંવિભાગ' શબ્દની વ્યુત્પત્તિ છે કે અતિથિ એવા સાધુને સમ્=સંગત વિ=વિશેષ ભાગ=પોતાના માટે કરાયેલા ભોજનનો ભાગ કરીને વાપરવું. તેથી સુસાધુને સંયમને ઉચિત એવી નિર્દોષ ભિક્ષા વિભાગ કરીને જે શ્રાવકો આપે તે અતિથિસંવિભાગવ્રતને પાળનારા છે. ફક્ત આહારાદિ દાન વખતે જેટલા સૂક્ષ્મબોધપૂર્વક સાધુના ગુણોની સ્મૃતિ કે સાધુના ગુણો પ્રત્યે વધતુ જતું બહુમાન તેને અનુસાર શ્રાવકને નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, અતિથિસંવિભાગવ્રત વિષયક પૂ. ઉમાસ્વાતિ મ. સાહેબે 'શ્રાવક પ્રજ્ઞપ્તિ'માં કહ્યું છે કે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા જેઓ ઘરે આવેલાં હોય તેઓ અતિથિ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સિવાય ઘરે આવેલા અન્ય કોઈ હોય તે મહેમાન કહેવાય અને ગુણસંપન્ન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચાર અતિથિ કહેવાય. તેઓ ઘરે આવે ત્યારે ભક્તિથી

ઊભા થઈ તેઓને આસન આપે, તેઓના પાદ પ્રમાર્જન કરે, તેઓને નમસ્કાર કરે તે સર્વ પ્રકારના આદર-સત્કારપૂર્વક પોતાના વૈભવ અનુસાર અને પોતાની શક્તિ અનુસાર તેઓને અન્ન-પાન-વસ્ત્ર-ઔષધ રહેવા સ્થાનાદિ આપે તે અતિથિસંવિભાગવ્રત કહેવાય.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ શ્રાવક-શ્રાવિકા પણ અન્ય નગરથી આવેલાં હોય તો તેઓને શ્રાવક રહેવા સ્થાન આપે તે પણ અતિથિસંવિભાગવ્રત કહેવાય અને તેઓને ભક્તિપૂર્વક અન્નપાન આદિ આપે તો તે પણ અતિથિસંવિભાગવ્રત કહેવાય.

તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા તે-તે ઉત્તમ આચારોના બળથી તેઓમાં વર્તતા ઉત્તમ ગુણોનું સ્મરણ કરીને શક્તિ અનુસાર તેઓની ભક્તિ કરવાથી અતિથિસંવિભાગવ્રતની આરાધના થાય છે. આ અતિથિસંવિભાગવ્રત તે સાધુધર્મની શિક્ષારૂપ હોવાથી શ્રાવક-શ્રાવિકાની ભક્તિ કરવાથી પણ સાધુધર્મને અનુકૂળ શક્તિનો સંચય થાય છે; કેમ કે વિવેકસંપન્ન શ્રાવક કે શ્રાવિકાઓ હંમેશાં ભાવસાધુપણાની પ્રાપ્તિના અત્યંત અભિલાષવાળાં હોય છે તેથી તેઓના ભાવસાધુપણાના અત્યંત અભિલાષવાળા ગુણને સામે રાખીને કરાયેલી ભક્તિથી ભાવસાધુપણાની પ્રાપ્તિના બાધક કર્મનો નાશ થાય છે માટે શ્રાવક-શ્રાવિકાની ભક્તિથી પણ સાધુધર્મની શક્તિનો સંચય થાય છે.

વળી, અતિથિસંવિભાગવ્રતની આરાધના માટે જ વિવેકસંપન્ન શ્રાવક પ્રતિદિવસ પોતાના માટે કરાયેલા નિર્દોષ ભોજન, નિર્દોષ વસતી, નિર્દોષ વસ્ત્રાદિ હોય ત્યારે સાધુને વિનંતી કરે છે કે 'મને લાભ આપો.' તેથી નિર્દોષ આહારાદિ દ્વારા સાધુની ભક્તિ કરવાનો અધ્યવસાય શ્રાવકને પ્રતિદિવસ હોવાથી અને શક્તિ અનુસાર તે પ્રકારે યત્ન કરવાથી શ્રાવક દ્વારા અતિથિસંવિભાગવ્રતનું પાલન પ્રતિદિવસ પણ થાય છે અને આ અતિથિસંવિભાગવ્રતનું ફળ દિવ્યભોગોની સમૃદ્ધિ, સામ્રાજ્ય અને તીર્થંકરપદ આદિ છે. આથી જ શાલિભદ્રના જીવે પૂર્વભવમાં મુનિને ખીરનું દાન કરીને અતિથિસંવિભાગવ્રતનું પાલન કરેલ જેના ફળરૂપે શાલિભદ્રના ભવમાં દિવ્યભોગોની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ. મૂલદેવે અટવીમાં સાધુને અન્નદાન આપેલું અને તે અન્નદાનથી પ્રભાવિત થયેલા દેવ દ્વારા મૂલદેવને સામ્રાજ્યની પ્રાપ્તિ થઈ. અને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના જીવે ધન્ના સાર્થવાહના પ્રથમ ભવમાં સાધુને ઘૃતનું દાન કરીને 'બોધિબીજ' પ્રાપ્ત કરેલ જેના ફળરૂપે તીર્થંકરપદની પ્રાપ્તિ થઈ. તેથી અતિથિસંવિભાગવ્રતનાં ઉત્તમ ફળોનું સ્મરણ કરીને શ્રાવકે શક્તિ અનુસાર પ્રતિદિવસ અતિથિસંવિભાગવ્રતનું પાલન કરવું જોઈએ. વળી, જેઓ અતિથિસંવિભાગવ્રત સમ્યક્ સેવતા નથી કે અનાદરપૂર્વક સાધુને દાનાદિ કરે છે તેઓને બીજા ભવોમાં દાસપણું, દરિદ્રપણું આદિ પણ પ્રાપ્ત થાય છે. માટે કલ્યાણના અર્થીએ વિવેકપૂર્વક અતિથિસંવિભાગવ્રતનું પાલન કરવું જોઈએ.

અત્યાર સુધીના કથનથી છેલ્લે 'અતિથિસંવિભાગવ્રત' નામનું ચોથું શિક્ષાવ્રત કહેવાયું અને તે કહેવાથી શ્રાવકનાં બાર વ્રતોનું પ્રતિપાદન પૂર્ણ થયું; કેમ કે અતિથિસંવિભાગવ્રત અંતિમ વ્રત છે અને આ બાર વ્રતો ગૃહસ્થના વિશેષ ધર્મો છે. એ પ્રમાણે યોજન કરાયું; કેમ કે ગૃહસ્થના સામાન્ય ધર્મ પૂર્વમાં બતાવેલ, તેના કરતાં આ બાર વ્રતો શ્રાવકના વિશેષ ધર્મરૂપ છે. **॥૪૦॥**

**અવતરણિકા :-**

**अथ तच्छेषमतिचाररक्षणलक्षणं विशेषतो गृहिधर्मं प्रस्तौति –**

**અવતરણિકાર્થ :-**

**હવે તેનો શેષ અતિચારના રક્ષણરૂપ ગૃહસ્થધર્મ વિશેષથી બતાવે છે –**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ ગૃહસ્થધર્મનું સ્વરૂપ બતાવ્યું. તેમાં પ્રથમ સામાન્યથી ગૃહસ્થધર્મ બતાવ્યો. ત્યારપછી વિશેષથી ગૃહસ્થ ધર્મ બતાવ્યો. હવે તે ગૃહસ્થધર્મનો શેષ અંશ અતિચાર સ્વરૂપ છે. જે બતાવવાથી પૂર્ણ ગૃહસ્થધર્મનો બોધ થાય. તેથી હવે શેષ અંશરૂપ અતિચારના રક્ષણરૂપ ગૃહસ્થધર્મ વિશેષથી બતાવે છે –

**શ્લોક :-**

**एषां निरतिचाराणां, पालनं शुद्धभावतः ।**
**पञ्च पञ्चातिचाराश्च, सम्यक्त्वे च प्रतिव्रते ।।४१।।**

**અન્વયાર્થ :-**

**शुद्धभावतः=શુદ્ધ ભાવથી, निरतिचाराणां ऐषां=નિરતિચાર એવા આમનું, पालनं=પાલન, (વિશેષથી શ્રાવકધર્મ છે એમ અન્વય છે.) च=અને, सम्यक्त्वे प्रतिव्रते=સમ્યક્ત્વ સહિત પ્રતિવ્રતમાં, पञ्च पञ्च अतिचाराः=પાંચ પાંચ અતિચારો છે. ।।૪૧।।**

**શ્લોકાર્થ :-**

**શુદ્ધ ભાવથી નિરતિચાર એવા આમનું=સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનું, પાલન વિશેષથી શ્રાવકધર્મ છે એમ અન્વય છે. અને સમ્યક્ત્વ સહિત પ્રતિવ્રતમાં પાંચ-પાંચ અતિચારો છે. ।।૪૧।।**

**ટીકા :-**

**'एषां' सम्यक्त्वसहितद्वादशव्रतानां कीदृशानाम्? 'निरतिचाराणाम्' अतिचारा देशभङ्गहेतवः आत्मनोऽशुभाः परिणामविशेषाः, निर्गता अतिचारा येभ्यस्तेषां अतिचाररहितानामित्यर्थः, 'शुद्धभावतः' शुद्धः=अतिक्लिष्टमिथ्यात्वादिकर्मोदयकलङ्कपङ्करहितत्वेन निर्मलो, भावः=क्षायोपशमिकलक्षणः आत्मपरिणामस्तद्धेतुभूतेन 'पालनं' धारणं विशेषतो गृहिधर्मो भवतीति पूर्वेणान्वयः ।**

**निरतिचाराणाम् एषां पालनमित्युक्तमित्यतिचारज्ञानस्यावश्यकत्वात्तानेवाह–'पञ्च पञ्चेति' अतिचारा**

**उक्तस्वरूपाः पञ्च पञ्च भवन्ति, वीप्सायां द्वित्वम्, कुत्र? 'सम्यक्त्वे' पूर्वोक्तस्वरूपे 'च' पुनः 'प्रतिव्रते' वीप्सायामव्ययीभावस्ततो व्रते व्रत इत्यर्थः ।**

**ટીકાર્થ :-**

**एषां ..... इत्यर्थः । આમનું=સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનું.**

કેવા પ્રકારનાં બાર વ્રતોનું ? એથી કહે છે –

**નિરતિચાર એવાં બાર વ્રતોનું=અતિચારો દેશભંગના હેતુઓ આત્માના અશુભ પરિણામવિશેષ છે. અને ચાલ્યા ગયા છે અતિચારો જેમનામાંથી એવા અતિચાર રહિત બારવ્રતોનું, પાલન શુદ્ધભાવથી થાય છે=શુદ્ધ અર્થાત્ અતિક્લિષ્ટ મિથ્યાત્વ આદિ કર્મના ઉદયના કલંકરૂપ પંકથી રહિતપણું હોવાને કારણે નિર્મળ એવો ક્ષાયોપશમિક લક્ષણ આત્મપરિણામ રૂપ હેતુભૂત ભાવ તેનાથી ગૃહસ્થધર્મનું પાલન થાય છે=વિશેષથી ગૃહસ્થધર્મનું ધારણ થાય છે એ પ્રમાણે પૂર્વની સાથે અન્વય છે.**

**નિરતિચાર એવા આમનું પાલન એ પ્રમાણે શ્લોકના પૂર્વાર્ધથી કહેવાયું. એથી અતિચારોના જ્ઞાનનું આવશ્યકપણું હોવાથી તેઓને જ=અતિચારોને જ, કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. 'પાંચ-પાંચ' એ પ્રકારના અતિચારો ઉક્ત સ્વરૂપવાળા પાંચ-પાંચ થાય છે. વીપ્સા અર્થમાં દ્વિત્વ છે. અર્થાત્ 'पञ्च पञ्च' એ પ્રકારે બે વખત કથન છે.**

ક્યાં પાંચ-પાંચ અતિચારો થાય છે ? એથી કહે છે –

**પૂર્વોક્ત સ્વરૂપવાળા સમ્યક્ત્વમાં વળી પ્રતિવ્રતમાં થાય છે. વીપ્સામાં અવ્યવીભાવ છે તેથી 'વ્રતે-વ્રતે' એ પ્રકારનો 'પ્રતિવ્રતે'નો અર્થ છે.**

**ભાવાર્થ :-**

કોઈ શ્રાવક ગૃહસ્થના સામાન્ય ધર્મનો બોધ કરે અને સમ્યક્ત્વ સહિત ગૃહસ્થના વિશેષ પ્રકારનાં બાર વ્રતોનો બોધ કરે અને બોધ કર્યા પછી મન-વચન-કાયા અને કરણ-કરાવણને આશ્રયીને જે ભાંગાથી જે વ્રત પોતે પાળી શકે તેમ છે તે ભાંગાથી તે વ્રતને ઉચિત વિધિપૂર્વક ગ્રહણ કરે અને જે વ્રતો ગ્રહણ કર્યાં નથી તેની શક્તિ સંચય કરવાર્થે ઉચિત યત્ન કરે અને પ્રતિદિન પોતાનાં વ્રતો સર્વવિરતિનાં કારણ કઈ રીતે બને ? તેની સમ્યક્ ચિંતા કરે તે શ્રાવકમાં સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતોને પોતાની શક્તિ અનુસાર શુદ્ધ પાળવાનો પરિણામ છે અને તેવા શુદ્ધભાવથી આ બાર વ્રતોનું નિરતિચાર પાલન કરે છે.

અહીં પ્રશ્ન થાય કે 'શુદ્ધ ભાવ' શું છે ? તે સ્પષ્ટ કરવાર્થે ટીકાકારશ્રી કહે છે –

અતિક્લિષ્ટ મિથ્યાત્વાદિકર્મનું ઉદયરહિતપણું હોવાને કારણે નિર્મળ ક્ષયોપશમભાવનો આત્માનો પરિણામ છે તે શુદ્ધ ભાવ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતોનું પાલન કોઈ શ્રાવક કરતો હોય અને તે પાલનકાળમાં સમ્યક્ત્વના અતિચારના આપાદક ક્લિષ્ટ મિથ્યાત્વનો ઉદય થાય ત્યારે

સમ્યક્ત્વમાં અતિચાર લાગે છે અને દેશવિરતિનાં આપાદક કર્મોમાં અતિ ક્લિષ્ટ કર્મોનો ઉદય થાય ત્યારે દેશવિરતિના અતિચાર લાગે છે. તેથી જે શ્રાવક સતત અમૂઢભાવને ધારણ કરીને સમ્યક્ત્વને સ્થિર કરવા યત્ન કરે છે તેને સમ્યક્ત્વમાં અતિચારની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ આત્માને માટે એકાંત હિતકારી અવસ્થા સિદ્ધ અવસ્થા જ છે. તેથી તે અવસ્થાને પામતા એવા અરિહંત જ ઉપાસ્યદેવ છે. તેવી અવસ્થાને પ્રાપ્ત કરવા માટે અપ્રમત્ત રીતે યત્ન કરનારા સુસાધુ ગુરુ છે. અને વીતરાગ થવાનો એક ઉપાય બતાવનાર વીતરાગનું વચન છે. તે જ ધર્મ છે અને તે વચનાનુસાર ઉચિતપ્રવૃત્તિ કરવી તે જીવના માટે એકાંત હિત છે. આ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી જેઓ પ્રતિદિવસ પરિભાવન કરે છે તેઓમાં સતત અમૂઢભાવ વર્તે છે. તેથી સમ્યક્ત્વમાં અતિચાર આપાદક અતિક્લિષ્ટ મિથ્યાત્વનો ઉદય પ્રાપ્ત થતો નથી અને પોતે સ્વીકારેલાં વ્રતોને જે મર્યાદાથી પોતે સ્વીકારેલાં છે તે મર્યાદા અનુસાર પાલન કરવાર્થે પોતાના વ્રતનું નિત્ય સ્મરણ કરે છે. તેવા જીવોમાં ક્ષાયોપશમિકભાવરૂપ નિર્મળ આત્મપરિણામ વર્તે છે અને તેનાથી નિરતિચાર વ્રતોનું પાલન કરી શકે છે.

**ટીકા :-**

**નનુ સર્વવિરતાવેવાતિચારા ભવન્તિ, સંજ્વલનોદય એવ તેષામભિધાનાત્ યદાહ –**

"सव्वेवि अ अइआरा, संजलणाणं तु उदयओ हुँति ।
मूलछिज्जं पुण होइ, बारसण्हं कसायाणं ।।१।।" **[आवश्यकनि. ११२, पंचाशक १७/५०]**

**संज्वलनोदयश्च सर्वविरतानामेव, सम्यग्दृष्टिदेशविरतानां तु अप्रत्याख्यानप्रत्याख्यानावरणोदय इति न सम्यक्त्वे देशविरतौ चातिचारसंभवः युज्यते चैतद्, अल्पीयत्वाद्देशविरतेः कुन्थुशरीरे व्रणाद्यसंभवात्, तथाहि–प्रथमाणुव्रते स्थूलं संकल्पं निरपराधं द्विविधं त्रिविधेनेत्यादिविकल्पैर्विशेषितत्वेनातिसूक्ष्मतां गते देशाभावात्कथं देशविराधनारूपा अतिचाराः स्युः?, अतः सर्वनाश एव तस्योपयुज्यते, महाव्रतेषु तु ते संभवन्ति, महत्त्वादेव, हस्तिशरीरे व्रणपट्टबन्धादिवदिति ।**

**उच्यते-सम्यक्त्वे देशविरतौ चातिचारा न संभवन्तीत्यसंगतम् उपासकदशादिषु प्रतिव्रतमतिचारपञ्चकाभिधानात् । 'सव्वेवि अ अइआरा' इति च सर्वविरतिमेवाश्रित्य, नतु सम्यक्त्वदेशविरती, यतः 'सव्वेवि अ अइआरे'त्यादि गाथाया एवं व्याख्या, तथाहि–'संज्वलनानामुदये सर्वविरतावतिचारा भवन्ति, शेषाणामुदये तु मूलच्छेद्यमेव तस्यामिति' एवं च न देशविरतावतिचाराभावः ।**

**यदप्यधिकृतगाथापश्चार्द्धं प्रकारान्तरेण व्याख्यायते यथा–मूलच्छेदः सर्वविरतेः तृतीयानामुदये, देशविरतेर्द्वितीयानाम्, सम्यक्त्वस्य प्रथमानामिति, तेनापि देशविरत्यादौ नातिचाराभावस्तथाहि-यथा संज्वलनोदये सर्वविरतिरवाप्यते, तत्रातिचारश्च भवन्ति, एवं प्रत्याख्यानावरणोदये देशविरतिस्तदतिचाराश्च, अप्रत्याख्यानोदये सम्यक्त्वं तदतिचाराश्च भवन्तु, न्यायस्य समानत्वात् ।**

**विचित्रो ह्युदयः कषायाणाम्, ततोऽसौ गुणलाभस्याप्रतिबन्धकस्तदतिचाराणां च निमित्तं भवति, संज्वलनोदयवदिति ।**

**अन्ये पुनराहुः–'सम्यक्त्वदेशविरत्यतिचाराः क्रमेण प्रथमद्वितीयकषायोदयाद् भवन्ति, विचित्रो हि तदुदयो देशतः सर्वतश्च विराधनाया हेतुर्भवतीति यश्च कुन्थुदृष्टान्तोऽसावसङ्गत एव, दृष्टान्तान्तरबाधितत्वात्तस्य तथाहि–हस्तिनोऽतिलघुर्मनुष्यस्तस्य च व्रणादिः संभवत्येवेति । यच्चोच्यते-अनन्तानुबन्ध्यादिकषायद्वादशकस्य सर्वघातित्वेनाभिधानात्तदुदये सम्यक्त्वादीनां भङ्ग एवेति, तदयुक्तम्, सर्वविरत्यपेक्षयैव सर्वघातित्वेन तस्य शतकचूर्णौ व्याख्याततत्वात् न तु सम्यक्त्वाद्यपेक्षमिति, तथाहि तद्वाक्यम् –**

"भगवयाप्पणीयं पंचमहव्वयमइअं अट्ठारससीलंगसहस्सकलियं चारित्तं घायंतित्ति सव्वघाइणो" **[] त्ति ।।४१।।**

**ટીકાર્થ :-**

**ननु ..... त्ति ।। 'ननु'થી શંકા કરે છે – સર્વવિરતિમાં જ અતિચારો થાય છે; કેમ કે સંજ્વલનના ઉદયથી જ તેઓનું=અતિચારોનું, અભિધાન છે. જેને કહે છે –**

"વળી સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે. બાર કષાયના ઉદયથી વળી મૂલછેદ થાય છે." **(આવશ્યક નિર્યુક્તિ-૧૧૨, પંચાશક-૧૭/૫૦)**

**અને સર્વાવિરતિવાળાઓને જ સંજ્વલનકષાયનો ઉદય છે. વળી, સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિવાળાઓને અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનવરણનો ઉદય છે, એથી સમ્યક્ત્વમાં અને દેશવિરતિમાં અતિચારનો સંભવ નથી અને આ='ननु'થી શંકા કરી કહેલ કે સમ્યક્ત્વ અને દેશવિરતિમાં અતિચારનો સંભવ નથી એ, ઘટે છે; કેમ કે દેશવિરતિનું અલ્પીયપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે દેશવિરતિ અલ્પ હોય તેટલા માત્રથી અતિચાર સંભવે નહીં તેમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

**કુંથુઆના શરીરમાં વ્રણ આદિનો અસંભવ છે (તે રીતે કુંથુઆના શરીર તુલ્ય દેશવિરતિમાં અતિચારનો અસંભવ છે એમ અન્વય છે) તે આ પ્રમાણે – પ્રથમ અણુવ્રતમાં સ્થૂલ, સંકલ્પ, નિરપરાધ, દ્વિવિધિ-ત્રિવિધ ઇત્યાદિ વિકલ્પો વડે વિશેષિતપણું હોવાથી અતિસૂક્ષ્મતાને પામેલામાં, દેશનો અભાવ હોવાથી કેવી રીતે દેશવિરાધનારૂપ અતિચાર થાય ? અર્થાત્ થાય નહિ. આથી સર્વનાશમાં જ તેનો ઉપયોગ છે=કષાયોના ઉદયનો ઉપયોગ છે. વળી, મહાવ્રતોમાં તે સંભવે છે=અતિચારો સંભવે છે; કેમ કે મહાનપણું જ છે.**

**અહીં પ્રશ્ન થાય કે મહાવ્રત મોટાં હોવાથી અતિચાર કેવી રીતે સંભવે ? તેમાં હેતુ કહે છે –**

હાથીના શરીરમાં વ્રણ-પટ્ટ-બંધાદિની જેમ મહાવ્રતોમાં અતિચારોનો સંભવ છે. 'इति' શબ્દ 'ननु'થી કરાયેલી શંકાની સમાપ્તિમાં છે. તેનો ઉત્તર આપતાં 'उच्यते'થી કહે છે –

'સમ્યક્ત્વમાં અને દેશવિરતિમાં અતિચાર સંભવતા નથી.' એ કથન અસંગત છે; કેમ કે 'ઉપાસકદશા' આદિમાં પ્રતિવ્રતને આશ્રયીને=દેશવિરતિના દરેક વ્રતને આશ્રયીને, અતિચારપંચકનું અભિધાન છે=પાંચ-પાંચ અતિચારોનું અભિધાન છે.

પૂર્વપક્ષીએ 'આવશ્યક નિર્યુક્તિ' ગ્રંથની સાક્ષી આપીને કહેલ કે સર્વ પણ અતિચારો સંજ્વલનકષાયના ઉદયથી થાય છે. માટે દેશવિરતિ કે સમ્યક્ત્વમાં અતિચારો સંભવે નહીં તે કથનનું નિરાકરણ કરીને 'આવશ્યક નિર્યુક્તિ'ના પાઠનું તાત્પર્ય સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અને સર્વ પણ અતિચારો એ પ્રમાણે=આવશ્યક નિર્યુક્તિમાં જે કહ્યું છે એ પ્રમાણે, સર્વવિરતિને આશ્રયીને છે પરંતુ સમ્યક્ત્વને અને દેશવિરતિને આશ્રયીને નથી. જે કારણથી 'સર્વ પણ અતિચારો' ઈત્યાદિ ગાથાની આ પ્રમાણે વ્યાખ્યા છે. તે આ પ્રમાણે – "સંજ્વલનકષાયનો ઉદય થયે છતે સર્વવિરતિમાં અતિચારો થાય છે. વળી શેષ કષાયોના ઉદયમાં તેમાં=સર્વવિરતિમાં, મૂળ છેદ જ છે=સર્વવિરતિનો નાશ છે અને આ રીતે=આવશ્યક નિર્યુક્તિ ગાથાનો અર્થ ગ્રંથકારશ્રીએ કર્યો એ રીતે, દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી.

જે વળી અધિકૃત ગાથાનું પશ્ચાર્ધ=સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે એ ગાથાનો પશ્ચાર્ધ, પ્રકારાન્તરથી વ્યાખ્યાન કરાય છે. જે પ્રમાણે તૃતીય કષાયના ઉદયમાં=પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયમાં, સર્વવિરતિનો મૂલ છેદ છે. દ્વિતીય કષાયના ઉદયમાં=અપ્રત્યાખ્યાનકષાયના ઉદયમાં, દેશવિરતિનો મૂલ છેદ છે. પ્રથમ કષાયના ઉદયમાં=અનંતાનુબંધી કષાયના ઉદયમાં, સમ્યક્ત્વનો મૂલછેદ છે. એથી તેના કારણે પણ દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી. તે આ પ્રમાણે – જે રીતે સંજ્વલનના ઉદયમાં સર્વવિરતિ પ્રાપ્ત થાય છે અને ત્યાં=સર્વવિરતિમાં, અતિચારો થાય છે, એ રીતે, પ્રત્યાખ્યાનાવરણના ઉદયમાં દેશવિરતિ અને તેના અતિચારો થાય છે. અપ્રત્યાખ્યાનના ઉદયમાં સમ્યક્ત્વ અને તેના અતિચારો થાય છે; કેમ કે ન્યાયનું સમાનપણું છે=સર્વવિરતિમાં જે પ્રકારનો ન્યાય છે તે પ્રકારે સર્વત્ર ન્યાય છે.

કેમ પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી દેશવિરતિ અને તેના અતિચારો પ્રાપ્ત થાય ? ઇત્યાદિ શંકાને સામે રાખીને કહે છે –

કષાયોનો ઉદય વિચિત્ર છે. તેથી આ=કષાયોનો ઉદય, ગુણ-લાભનો અપ્રતિબંધક અને તેના અતિચારોનું નિમિત્ત થાય છે. સંજ્વલનના ઉદયની જેમ.

'इति' શબ્દ પ્રકારાન્તરથી કરેલ વ્યાખ્યાનની સમાપ્તિ અર્થે છે.

વળી, અન્ય કહે છે સમ્યક્ત્વ અને દેશવિરતિના અતિચારો ક્રમથી પ્રથમ અને દ્વિતીય કષાયના ઉદયથી થાય છે. 'हि'=જે કારણથી, વિચિત્ર એવો તેનો ઉદય=કષાયનો ઉદય, દેશથી અને સર્વથી

**વિરાધનાનો હેતુ થાય છે અને જે કુન્થુઆનું દૃષ્ટાંત છે એ અસંગત જ છે; કેમ કે તેનું=કુંથુઆના દૃષ્ટાંતનું, દૃષ્ટાન્તાન્તરથી બાધિતપણું છે. તે આ પ્રમાણે=હાથીના શરીરથી અતિ લઘુ મનુષ્ય છે અને તેને વ્રણાદિ સંભવિત છે.**

**'इति' શબ્દ 'तथाहि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે.**

**અને જે કહેવાય છે – અનંતાનુબંધી આદિ બાર કષાયોના સર્વઘાતીપણાથી અભિધાન હોવાને કારણે તેના ઉદયમાં=અનંતાનુબંધી આદિના ઉદયમાં, સમ્યક્ત્વ આદિનો ભંગ જ છે તે અયુક્ત છે; કેમ કે સર્વવિરતિની અપેક્ષાએ જ તેનું=અનંતાનુબંધી આદિ કષાયનું, સર્વઘાતીપણાથી 'શતકચૂર્ણિ'માં વ્યાખ્યાન છે. પરંતુ સમ્યક્ત્વઆદિની અપેક્ષાએ સર્વઘાતીત્વનું અભિધાન નથી. તે પ્રમાણે તેનું વાક્ય છે='શતકચૂર્ણિ'નું વાક્ય છે.**

"ભગવાન વડે પ્રણીત પાંચમહાવ્રતમય અઢાર હજાર શીલાંગથી કલિત એવા ચારિત્રનો ઘાત કરે છે. એથી સર્વઘાતી છે=અનંતાનુબંધી આદિ સર્વઘાતી છે."

**'ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ॥૪૧॥**

**ભાવાર્થ :-**

'નનુ'થી કોઈ શંકા કરે છે કે 'આવશ્યકનિર્યુક્તિ'માં કહ્યું છે કે સંજ્વલન કષાયના ઉદયથી સર્વ અતિચારો થાય છે. બાર કષાયથી વળી મૂળછેદ થાય છે. તેથી નક્કી થાય છે કે સર્વવિરતિવાળાને જ સંજ્વલન કષાયના ઉદયને કારણે અતિચારો થાય છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવોને અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી અને દેશવિરતિવાળા જીવોને પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી સમ્યક્ત્વ કે દેશવિરતિમાં અતિચાર થઈ શકે નહિ; કેમ કે અતિચારના નિયામક સંજ્વલન કષાયનો ઉદય છે, અન્ય કોઈ કષાય નથી. તેથી નક્કી થાય છે કે સમ્યક્ત્વમાં કે દેશવિરતિમાં અતિચારો ન થાય પણ મૂળછેદ જ થાય. વળી, આ કથન યુક્ત છે તેમ સ્વીકારવા માટે શંકાકાર યુક્તિ આપે છે. જેમ કુંથુઆનું શરીર નાનું હોય તેમાં વ્રણ આદિ થઈ શકે નહીં તેમ દેશવિરતિ અતિ નાની છે તેથી તેમાં અતિચાર થઈ શકે નહીં પરંતુ દેશવિરતિના આવારક કષાયના ઉદયથી દેશવિરતિનો નાશ જ થઈ શકે. વળી, દૃષ્ટાંતને સ્પષ્ટ કરવાર્થે પૂર્વપક્ષી કહે છે કે મહાવ્રત તે સંપૂર્ણ પ્રાણાતિપાતની વિરતિ છે. જ્યારે શ્રાવક પ્રથમ અણુવ્રત ગ્રહણ કરે છે ત્યારે હિંસાની વિરતિના વિભાગ પાડે છે અને કહે છે કે સૂક્ષ્મ પ્રાણાતિપાતનો હું ત્યાગ કરતો નથી. પરંતુ સ્થૂલથી પ્રાણાતિપાયનો હું ત્યાગ કરું છું અર્થાત્ ત્રસજીવોની હિંસાનો ત્યાગ કરું છું. માટે મહાવ્રતની અપેક્ષાએ અણુવ્રતને સ્થૂલ કહેવાથી અતિ નાના શરીરની પ્રાપ્તિ થઈ. વળી, સ્થૂલથી અહિંસાને સ્વીકાર્યા પછી પણ સંકલ્પપૂર્વક નિરપરાધ એવા ત્રસજીવોને હણીશ નહીં એવો વિકલ્પ કરે છે. તેથી સ્થૂલથી હિંસાની વિરતિના પણ નાના શરીરની પ્રાપ્તિ થઈ. વળી તે નિરપરાધના વિકલ્પને પણ ત્રિવિધ-ત્રિવિધથી ગ્રહણ કરતો નથી. પરંતુ દુવિધ-ત્રિવિધથી ગ્રહણ કરે છે તેથી અત્યંત નાના શરીરની પ્રાપ્તિ થઈ. આ રીતે પ્રાણાતિપાત વિરતિનો દેહ અતિ નાનો થવાથી તેમાં અતિચારો થઈ શકે નહીં આથી દેશવિરતિના આવારક કષાયના ઉદયથી સર્વનાશ જ થાય

અને મહાવ્રતમાં સંજ્વલનકષાયના ઉદયથી અતિચારો સંભવી શકે છે; કેમ કે મહાવ્રતની કાયા ઘણી મોટી છે. જેમ હાથીનું શરીર મોટું હોય તેમાં વ્રણ, પટ્ટ બંધનાદિ થઈ શકે છે, તેમ મહાવ્રત મોટી કાયાવાળા હોવાથી તેમાં અતિચાર અને અતિચારના શોધનની ક્રિયા થઈ શકે છે જ્યારે દેશવિરતિની કાયા નાની હોવાથી તેમાં અતિચાર થાય નહીં અને અતિચારના શોધનની ક્રિયા થઈ શકે નહીં આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનો ઉત્તર આપતા ગ્રંથકારશ્રી કહે છે –

સમ્યક્ત્વ અને દેશવિરતિમાં અતિચારો થતા નથી તે વચન પૂર્વપક્ષીનું સંગત નથી; કેમ કે 'ઉપાસક દશા' આદિમાં દેશવિરતિનાં બધાં વ્રતોને આશ્રયીને પાંચ-પાંચ અતિચાર કહ્યા છે. તેથી બાર વ્રતોના પાંચ-પાંચ અતિચારો છે. એ કથન શાસ્ત્રસંગત હોય ત્યારે 'આવશ્યકનિર્યુક્તિ'નો પાઠ ગ્રહણ કરીને સમ્યક્ત્વ અને દેશવિરતિમાં અતિચાર સંભવે નહીં તેમ કહેવું ઉચિત નથી.

અહીં પ્રશ્ન થાય કે 'આવશ્યક નિર્યુક્તિ'માં સ્પષ્ટ કહ્યું છે કે સંજ્વલન કષાયના ઉદયથી જ અતિચાર થાય છે. તેની સંગતિ કઈ રીતે થઈ શકે ? તેથી ગ્રંથકારશ્રી 'ઉપાસકદશા' ગ્રંથની સાથે વિરોધ ન આવે તે રીતે આવશ્યકનિર્યુક્તિના વચનનો અર્થ કરતાં કહે છે –

'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે કે 'સંજ્વલન કષાયના ઉદયથી સર્વ અતિચારો થાય છે.' એ કથન સર્વવિરતિને આશ્રયીને જ છે પરંતુ સમ્યક્ત્વ અને દેશવિરતિને આશ્રયીને નથી. તેથી આવશ્યક નિર્યુક્તિના કથનનો અર્થ એ પ્રમાણે કરવો જોઈએ કે 'સંજ્વલન કષાયના ઉદયમાં સર્વવિરતિમાં અતિચારો થાય છે અને શેષ બાર કષાયના ઉદયમાં સર્વવિરતિનો મૂલછેદ થાય છે અર્થાત્ સર્વવિરતિનો નાશ થાય છે.' આ પ્રમાણે સર્વવિરતિને આશ્રયીને 'આવશ્યકનિર્યુક્તિ'નો અર્થ કરવાથી દેશવિરતિમાં અતિચારનો અભાવ પ્રાપ્ત થશે નહીં. તેથી 'ઉપાસકદશા' આદિમાં જે દેશવિરતિના દરેક વ્રતના અતિચાર કહ્યા છે તે પણ સંગત થાય છે.

વળી, 'આવશ્યક નિર્યુક્તિ'ની ગાથાનો ઉત્તરાર્ધ અન્ય પ્રકારે વ્યાખ્યાન કરીને પણ દેશવિરતિમાં અતિચાર સંભવે તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

'આવશ્યક નિર્યુક્તિ'ના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે બાર કષાયના ઉદયથી મૂલછેદ થાય છે તેનો અર્થ આ પ્રમાણે કરવો. ત્રીજા એવા પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયમાં સર્વવિરતિનો મૂળછેદ થાય છે. બીજા એવા અપ્રત્યાખ્યાન કષાયના ઉદયમાં દેશવિરતિનો મૂલછેદ થાય છે. અર્થાત્ દેશવિરતિનો નાશ થાય છે. અને પ્રથમ એવા અનંતાનુબંધી કષાયના ઉદયમાં સમ્યક્ત્વનો નાશ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે દેશવિરતિમાં અને સમ્યક્ત્વમાં પણ અતિચાર સંભવે છે.

કઈ રીતે સર્વત્ર અતિચાર સંભવે છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

સંજ્વલન કષાયના ઉદયમાં સર્વવિરતિ પ્રાપ્ત થાય છે અને સંજ્વલન કષાયના ઉદયમાં સર્વવિરતિના અતિચારો પણ પ્રાપ્ત થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મંદ સંજ્વલનકષાયનો ઉદય થાય ત્યારે અતિચાર રહિત સર્વવિરતિ પ્રાપ્ત થાય છે અને સંજ્વલનકષાયનો ઉદય તીવ્ર બને ત્યારે સર્વવિરતિમાં અતિચારો પ્રાપ્ત થાય છે. આથી જ મુનિ જ્યારે જિનવચનના રાગથી સંયમમાં અપ્રમાદપૂર્વક યત્ન કરે ત્યારે સંજ્વલનકષાયનો ઉદય જિનવચનના રાગથી નિયંત્રિત હોવાને કારણે નિરતિચાર ચારિત્ર પ્રાપ્ત થાય છે. અને જ્યારે તે સંજ્વલન કષાયના ઉદય વખતે પ્રમાદને કારણે જિનવચનનું નિયંત્રણ તૂટે છે ત્યારે અતિચાર થાય છે. તેથી અપ્રશસ્ત એવા સંજ્વલનકષાયના ઉદયથી અતિચારની પ્રાપ્તિ થાય છે. એ રીતે મંદ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોતે છતે દેશવિરતિ પ્રાપ્ત થાય છે અને તીવ્ર પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય થવાથી દેશવિરતિમાં અતિચારો પ્રાપ્ત થાય છે. તેથી પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય સર્વવિરતિનો બાધક હોવા છતાં દેશવિરતિનો બાધક નહીં હોવાને કારણે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયમાં વર્તતા શ્રાવકને દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. વળી પ્રત્યાખ્યાનાવરણ કષાયનો મંદ ઉદય વર્તતો હોય ત્યારે શ્રાવક જિનવચનથી કષાયને નિયંત્રિત કરીને દેશવિરતિના ઉચિત આચારમાં અપ્રમાદથી યત્ન કરે છે ત્યારે દેશવિરતિમાં અતિચારની પ્રાપ્તિ થતી નથી. વળી, પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયવાળા શ્રાવકો જિનવચનથી કરાતા નિયંત્રણમાં સ્ખલના પામીને મોહને વશ પોતાના વ્રતમાં કંઈક મલિનતા કરે છે, ત્યારે એ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય અતિચારનું કારણ બને છે. આથી જ દેશવિરતિવાળા શ્રાવકો પોતાના ઉદયમાન કષાયને જિનવચનથી નિયંત્રિત કરવા અર્થે પ્રતિદિન સર્વવિરતિના સ્વરૂપને સાંભળે છે. સર્વવિરતિ પ્રત્યે રાગવૃદ્ધિ થાય તેવો યત્ન કરે છે. પોતાનાં લીધેલાં વ્રતોમાં ક્યાંય અતિચાર ન થાય તેની ચિંતા કરે છે. અને લીધેલાં વ્રતોનું નિત્ય સ્મરણ કરીને તેના અતિચારોના નિવારણ માટે લીધેલા વ્રતોનું એ રીતે પાલન કરે જેથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય તેવા શ્રાવકોને પ્રત્યાખ્યાનનાવરણ કષાયનો ઉદય હોવા છતાં અતિચારોની પ્રાપ્તિ થતી નથી અને જે શ્રાવકોને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોવા છતાં પોતાનાં વ્રતોમાં નિત્ય સ્મરણમાં સ્ખલના થાય છે અને બાહ્ય પદાર્થોને આશ્રયીને કંઈક મોહનો પરિણામ થાય છે, ત્યારે તે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી સ્વીકારાયેલાં વ્રતોમાં અતિચાર પ્રાપ્ત થાય છે.

વળી, અપ્રત્યાખ્યાન કષાયના ઉદયમાં સમ્યક્ત્વ અને તેના અતિચારો થાય છે; કેમ કે અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય દેશવિરતિનો બાધક છે તેથી દેશવિરતિની પ્રાપ્તિ થતી નથી. પરંતુ સમ્યક્ત્વનો બાધક નહીં હોવાથી તેના ઉદયમાં પણ=અપ્રત્યાખ્યાન કષાયના ઉદયમાં પણ, સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સમ્યગ્દૃષ્ટિ જીવો સતત અવિરતિનો નાશ કરવા માટે જિનવચનાનુસાર યત્ન કરે છે. તેથી તેઓના અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય જિનવચનથી નિયંત્રિત થઈને અવિરતિને ક્ષીણ કરવામાં પ્રવર્તે છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પ્રમાદને વશ હોય છે ત્યારે તેઓને ઉદયમાં આવતો અપ્રત્યાખ્યાન કષાય જિનવચનના નિયંત્રણથી રહિત થાય છે. ત્યારે સમ્યક્ત્વમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવ અતિચારના પરિહાર અર્થે સતત અમૂઢભાવમાં યત્ન કરે છે અને પોતાના અમૂઢભાવને સ્થિર કરવાર્થે જિનવચનાનુસાર સદા તત્ત્વનું અવલોકન કરે છે. જેથી સમ્યગ્દૃષ્ટિ જીવને સતત મોક્ષની ઇચ્છા અને મોક્ષના ઉપાયોને સેવવાની ઇચ્છા વર્તે છે. ત્યારે સમ્યક્ત્વમાં અતિચારની પ્રાપ્તિ થતી નથી

પરંતુ કોઈક નિમિત્તને પામીને સમ્યગ્દૃષ્ટિ જીવ પણ વિષયમાં મૂઢ બને તો અતિચારોની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે કષાયોના ઉદયથી ગુણનો લાભ અને અતિચાર બે વસ્તુની પ્રાપ્તિ કેમ થઈ શકે ? તેથી કહે છે –

કષાયોનો ઉદય વિચિત્ર પ્રકારનો છે. તેથી જ્યારે જીવમાં તે-તે કષાયનો ઉદય જિનવચનથી નિયંત્રિત પ્રવર્તતો હોય ત્યારે ગુણના લાભનો અપ્રતિબંધક બને છે. અને જ્યારે તે કષાયનો ઉદય બાહ્યપદાર્થને આશ્રયીને પ્રવર્તે છે ત્યારે અતિચારનો આપાદક થાય છે. જેમ સંજ્વલન કષાયના ઉદયવાળા મુનિ જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરીને જિનવચનના રાગથી નિરતિચાર ચારિત્ર પાળે છે અને સંજ્વલનકષાયનો ઉદય પ્રમાદનું કારણ બને છે ત્યારે મુનિને અતિચારની પ્રાપ્તિનું કારણ બને છે. તેમ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય દેશવિરતિના લાભનો અપ્રતિબંધક બને છે તેથી દેશવિરતિનો લાભ થાય છે અને જ્યારે પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય જિનવચનથી અનિયંત્રિત બને છે ત્યારે દેશવિરતિમાં અતિચાર પ્રાપ્ત થાય છે. આથી જ દેશવિરતિવાળા શ્રાવકો ભોગાદિ કરે છે ત્યારે પણ 'સલ્લં કામા વિષં કામા' આદિ દ્વારા જિનવચનનું સ્મરણ કરીને પોતાને ઉદયમાં આવતા પ્રત્યાખ્યાનકષાયના ઉદયને જિનવચનથી નિયંત્રિત કરીને વ્રણલેપની જેમ ભોગ કરે છે અને પોતાનાં લીધેલાં વ્રતોમાં ક્યાંય મ્લાનિ ન થાય તેની ચિંતા કરે છે. વળી તે રીતે અપ્રત્યાખ્યાનકષાયનો ઉદય સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિમાં અપ્રતિબંધક બને છે અને તે જ અપ્રત્યાખ્યાનકષાયનો ઉદય જિનવચનથી અનિયંત્રિત થાય છે ત્યારે સમ્યક્ત્વમાં અતિચારનું નિમિત્ત બને છે. આથી જ, સમ્યગ્દૃષ્ટિ જીવને જે અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય છે તે પણ જિનવચનથી નિયંત્રિત થઈને વિરતિને અનુકૂળ શક્તિસંચયમાં ઉદ્યમ કરાવે છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો અપ્રત્યાખ્યાન કષાયના ઉદયવાળા હોવા છતાં દ્રવ્યસ્તવ કરીને ભાવસ્તવની શક્તિનો સંચય કરે છે જે વિરતિને અનુકૂળ શક્તિસંચય સ્વરૂપે છે અને જ્યારે અવિરત સમ્યંગ્દૃષ્ટિ જીવો પ્રમાદને વશ હોય છે ત્યારે તેઓનો અપ્રત્યાખ્યાનકષાયનો ઉદય જ કંઈક મૂઢતા કરીને તેમના સમ્યક્ત્વને મલિન કરે છે.

વળી, સમ્યક્ત્વના અને દેશવિરતિના અતિચારો વિષયક અન્ય મત ગ્રંથકારશ્રી બતાવે છે અને તેઓ કહે છે કે સમ્યક્ત્વમાં અતિચાર અનંતાનુબંધી કષાયના ઉદયથી થાય છે અને દેશવિરતિના અતિચાર અપ્રત્યાખ્યાનકષાયના ઉદયથી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે અનંતાનુબંધીકષાય તો મિથ્યાત્વ સાથે સહચારી છે. તેથી અનંતાનુબંધીકષાયનો ઉદય સમ્યક્ત્વમાં અતિચાર પેદા કરાવે છે તે કેમ કહી શકાય ? તેથી કહે છે –

અનંતાનુબંધી કષાયનો ઉદય બે પ્રકારનો છે. દેશથી અનંતાનુબંધી કષાયનો ઉદય હોય ત્યારે તે અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વમાં અતિચાર ઉત્પન્ન કરે છે અને અનંતાનુબંધી કષાયનો ઉદય સર્વથી હોય ત્યારે સમ્યક્ત્વના નાશનું કારણ બને છે. તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવોને અપ્રત્યાખ્યાનકષાયનો ઉદય છે તેથી અવિરતિ છે. અને અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ છે તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે. છતાં તે અનંતાનુબંધી કષાય કંઈક સમ્યક્ત્વને મલિન કરે તેવો હોય ત્યારે અતિચારો પ્રાપ્ત થાય છે અને જ્યારે અનંતાનુબંધી કષાયનો વિશેષ ઉદય હોય ત્યારે તેની સાથે મિથ્યાત્વનો ઉદય થાય છે અને સમ્યક્ત્વથી

પાત થાય છે તે રીતે દેશવિરતિમાં પણ અપ્રત્યાખ્યાનકષાયના ઉદયથી અતિચારો થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રત્યાખ્યાનકષાયના ઉદયના કારણે સર્વવિરતિનો અભાવ હોય છે. અને અપ્રત્યાખ્યાન-કષાયના ક્ષયોપશમથી દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. છતાં અપ્રત્યાખ્યાનકષાયનો ઉદય દેશથી થાય ત્યારે દેશવિરતિમાં અતિચારો થાય છે અને અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય સર્વથી થાય ત્યારે દેશવિરતિનો નાશ થાય છે.

વળી, પૂર્વપક્ષીએ કુંથુઆનું દૃષ્ટાંત બતાવીને કહેલ કે દેશવિરતિમાં અને સમ્યક્ત્વમાં અતિચાર થઈ શકે નહીં તે દૃષ્ટાંત અસંગત છે; કેમ કે અન્ય દૃષ્ટાંત દ્વારા તેનો બોધ થઈ શકે છે. તે આ પ્રમાણે –

હાથીના શરીર જેવાં મહાવ્રતો છે. જેમ હાથીના શરીરમાં વ્રણ અને પટ્ટબંધ આદિ થઈ શકે છે તેમ મહાવ્રતોમાં પણ વ્રણ જેવા અતિચારો અને પટ્ટબંધાદિ જેવા અતિચારોનું શોધન થઈ શકે છે, તે રીતે હાથીના શરીર કરતાં અતિ લઘુ મનુષ્યનું શરીર છે અને તેના જેવી દેશવિરતિ છે, તેથી જેમ મનુષ્યના શરીરમાં પણ વ્રણ અને પટ્ટબંધાદિ થઈ શકે છે તેમ દેશવિરતિમાં પણ અતિચારો અને અતિચારોનું શોધન થઈ શકે છે.

અહીં કોઈ કહે કે 'અનંતાનુબંધી કષાયાદિ બાર કષાયો સર્વઘાતી હોવાને કારણે અનંતાનુબંધી કષાયના ઉદયથી સમ્યક્ત્વનો ભંગ થવો જોઈએ અને અપ્રત્યાખ્યાનકષાયના ઉદયથી દેશવિરતિનો ભંગ થવો જોઈએ પરંતુ અનંતાનુબંધીકષાયના ઉદયથી સમ્યક્ત્વમાં અને અપ્રત્યાખ્યાનકષાયના ઉદયથી દેશવિરતિમાં અતિચાર થઈ શકે નહિ. તો ગ્રંથકારશ્રી કહે છે –

તે કથન અયુક્ત છે; કેમ કે અનંતાનુબંધી કષાયાદિ બાર કષાયો 'શતકચૂર્ણિ'માં સર્વવિરતિની અપેક્ષાએ જ સર્વઘાતી કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે અનંતાનુબંધી કષાયાદિ બાર કષાયો સર્વવિરતિનો સંપૂર્ણ ઘાત કરનારા છે, દેશથી નહીં માટે સર્વઘાતી છે. આમ છતાં અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વની અપેક્ષાએ દેશઘાતી પણ છે અને સર્વઘાતી પણ છે. જ્યારે અનંતાનુબંધી કષાય દેશઘાતી હોય ત્યારે સમ્યક્ત્વમાં અતિચાર કરે છે અને જ્યારે અનંતાનુબંધી કષાય સર્વઘાતી હોય ત્યારે સમ્યક્ત્વનો નાશ કરે છે. વળી, અપ્રત્યાખ્યાનકષાય દેશવિરતિની અપેક્ષાએ સર્વઘાતી પણ છે અને દેશઘાતી પણ છે. અપ્રત્યાખ્યાન કષાય સર્વઘાતી હોય ત્યારે દેશવિરતિનો સર્વથા નાશ કરે છે અને દેશઘાતી હોય ત્યારે દેશવિરતિમાં અતિચાર કરે છે. તેથી અનંતાનુબંધી કષાયને સમ્યક્ત્વના અતિચાર આપાદક સ્વીકારવામાં વિરોધ નથી અને અપ્રત્યાખ્યાન કષાયને દેશવિરતિના અતિચાર આપાદક સ્વીકારવામાં વિરોધ નથી એ પ્રમાણે ફલિત થાય છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**तदेवं सम्यक्त्वे देशविरतौ चाऽतिचारसम्भवोऽस्तीति प्रतिपत्तव्यम्, तत्र सम्यक्त्वे प्रथमं तानाह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, સમ્યક્ત્વમાં અને દેશવિરતિમાં અતિચારનો સંભવ છે એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. ત્યાં સમ્યક્ત્વમાં પ્રથમ તેઓને=અતિચારોને, કહે છે –**

શ્લોક :-

पञ्चातिचाराः सम्यक्त्वे, हेयाः शङ्कनकाङ्क्षणे ।
विचिकित्सा कुदृष्टीनां, प्रशंसा तैश्च संस्तवः ।।४२।।

અન્વયાર્થ :-

सम्यक्त्वे=સમ્યક્ત્વમાં, पञ्चातिचाराः हेयाः=પાંચ અતિચારો હેય છે, शङ्कन-काङ्क्षणे=શંકા અને કાંક્ષા, विचिकित्सा=વિચિકિત્સા, कुदृष्टिनां प्रशंसा=કુદૃષ્ટિઓની પ્રશંસા, च=અને, तैः=તેઓની સાથે= કુદૃષ્ટિઓની સાથે, संस्तवः=સંસ્તવ. ।।૪૨।।

શ્લોકાર્થ :-

**સમ્યક્ત્વમાં પાંચ અતિચાર હેય છે – ૧. શંકા ૨. કાંક્ષા ૩. વિચિકિત્સા ૪. કુદૃષ્ટિઓની પ્રશંસા અને ૫. કુદૃષ્ટિઓની સાથે સંસ્તવ. ।।૪૨।।**

ટીકા :-

शङ्कनं च काङ्क्षणं चेति द्वन्द्वस्ततस्ते, विचिकित्सा, कुदृष्टीनां प्रशंसा, तैश्च संस्तवश्चेति पञ्चातिचाराः 'सम्यक्त्वे' सम्यक्त्वविषये 'हेयाः' त्याज्याः ।

तत्र शङ्कनं शङ्का सन्देह इतियावत् तच्च देशविषयं सर्वविषयं च, तत्र सर्वविषयम्-अस्ति नास्ति वा धर्म इत्यादि, जिनधर्मः सत्योऽसत्यो वेत्यादि वा देशसङ्कनं तु-एकैकवस्तुधर्मगोचरम्, यथाऽस्ति जीवः परं सर्वगतोऽसर्वगतो वा, सप्रदेशोऽप्रदेशो वा, पृथ्व्यादीनां कथं सजीवत्वम्? निगोदादयो वा कथं घटन्ते ?

इत्यादि, द्विधाप्यर्हदुक्ततत्त्वेष्वप्रत्ययरूपं सम्यक्त्वदूषकम् १ ।

काङ्क्षणम्-अन्यान्यदर्शनग्रहः, तदपि देशविषयं सर्वविषयं च, सर्वविषयं सर्वपाखण्डिधर्मा-काङ्क्षारूपम्, देशकाङ्क्षणं त्वेकादिदर्शनविषयम्, यथा सुगतेन भिक्षूणामक्लेशको धर्म उपदिष्टः स्नानाऽन्नपानाऽऽच्छादनशयनीयादिषु सुखानुभवद्वारेण, यदाह –

"मृद्वी शय्या प्रातरुत्थाय पेया, मध्ये भक्तं पानकं चापराण्हे ।
द्राक्षाखण्डं शर्करा चार्द्धरात्रे, मोक्षश्चान्ते शाक्यसिंहेन दृष्टः ।।१।।" एतदपि घटमानकमेवेति

तथा परिव्राजक-भौत-ब्राह्मणादयः स्नानादिपरायणा विषयानुपभुञ्जाना एव परलोकेऽप्यभीष्टसुखेन युज्यन्ते इति साधीयानेषो धर्म इत्यादि, दृश्यन्ते हि मुग्धबुद्धयः स्थलनिम्नक्षेत्रभूबीजवापककर्षुकवत् धर्मार्थितया सर्वदर्शनान्याराधयन्तः, एवं च काङ्क्षणमपि परमार्थतो भगवदर्हत्प्रणीतागमानाश्वासरूपं सम्यक्त्वं दूषयति २ ।

विचिकित्सा चित्तविप्लवः, फलं प्रति सन्देह इत्यर्थः स च सत्यपि युक्त्यागमोपपन्ने जिनधर्मेऽस्य महतस्तपःक्लेशस्य सिकताकणकवलवन्निःस्वादस्यायत्यां फलसंपद्भवित्री? अथ क्लेशमात्रमेवेदं निर्जराफलविकलमिति?, उभयथापि हि क्रिया दृश्यन्ते सफला निष्फलाश्च कृषीवलादीनाम्, अत इयमपि तथा संभाव्यते इति, विचिकित्सापि भगवद्वचनानाश्वासरूपत्वात्सम्यक्त्वस्य दोषः । इह द्रव्यगुणविषयायाः शङ्कायाः क्रियाविषयत्वेनास्या भेदः यद्वा विचिकित्सा सदाचारमुनीनामपि मलविषयिणी निन्दा, यथा-अस्नानेन प्रस्वेदजलक्लिन्नमलत्वाद्दुर्गन्धविषय इति, को दोषः स्याद्यदि प्रासुकवारिणा अङ्गक्षालनं कुर्वीरन्निति ?, इयमपि तत्त्वतो भगवद्धर्मानाश्वासरूपत्वात्सम्यक्त्वस्य दोषः ३ ।

तथा कुत्सिता जिनागमविपरीतत्वात् दृष्टिर्दर्शनं येषां ते कुदृष्टयो=मिथ्यादृष्टयस्तेषां=सर्वज्ञ-प्रणीतदर्शनव्यतिरिक्तानां=शाक्यकपिलकणादाऽक्षपादादिप्रणीतमतवर्त्तिनाम् पाखण्डिनामित्यर्थः । प्रशंसा=स्तुतिः 'पुण्यभाज एते, सुलब्धमेषां जन्म, दयालव एते' इत्यादिका, इयं तु व्यक्तमेव सम्यक्त्वदूषणम् ४ ।

तैः-कुदृष्टिभिश्चैकत्र संवासात् परस्परालापादिजनितपरिचयः संस्तवः, एकत्रवासे हि तत्प्रक्रिया-श्रवणात्तत्क्रियादर्शनाच्च दृढसम्यक्त्वस्यापि दृष्टिभेदः संभाव्यते, किमुत मन्दबुद्धेर्नवधर्मस्येति तत्संस्तवोऽपि दूषणम् ५ ।

**ટીકાર્થ :-**

शङ्कनं ..... दूषणम् ५ । શંકન અને કાંક્ષણ એ પ્રકારે દ્વન્દ્વ સમાસ છે. એથી તે બે અતિચારો છે. વિચિકિત્સા, કુદૃષ્ટિઓની પ્રશંસા, અને તેઓની સાથે=કુદૃષ્ટિઓની સાથે, સંસ્તવ એ પ્રમાણે પાંચ અતિચારો સમ્યક્ત્વમાં=સમ્યક્ત્વ વિષયમાં, હેય છે=ત્યાજ્ય છે.

શંકા :- ત્યાં=પાંચ અતિચારમાં, શંકન શંકા સંદેહ એ પ્રકારે અર્થ છે=શંકનનો અર્થ છે. અને તે=શંકન, દેશવિષયક અને સર્વવિષયક છે. ત્યાં સર્વવિષયક શંકન, 'ધર્મ છે કે નહીં' ઇત્યાદિ અથવા 'જૈનધર્મ સત્ય છે કે અસત્ય છે' ? ઇત્યાદિ રૂપ છે. વળી દેશશંકન એક એક વસ્તુના ધર્મવિષયક છે. જે પ્રમાણે જીવ છે પરંતુ સર્વગત છે કે અસર્વગત છે ? સપ્રદેશ છે કે અપ્રદેશ છે ? પૃથ્વી આદિમાં કેમ સજીવપણું છે ? અથવા નિગોદ આદિ કઈ રીતે ઘટે ? ઇત્યાદિ રૂપ દેશશંકન છે. બંને પ્રકારે પણ= દેશશંકન અને સર્વશંકન બંને પ્રકારે પણ, ભગવાને કહેલા તત્ત્વમાં અપ્રત્યયરૂપ સમ્યક્ત્વનું દૂષક છે.

કાંક્ષણ :- અન્ય અન્ય દર્શનનું ગ્રહણ. તે પણ=કાંક્ષણ પણ, દેશવિષયક અને સર્વવિષયક છે. સર્વવિષયક=સર્વપાખંડીધર્મની આકાંક્ષારૂપ, વળી દેશકાંક્ષણ એકાદિ દર્શન વિષયક છે. જે પ્રમાણે

સુગત વડે ભિક્ષુકોને સ્નાન, અન્ન-પાન, આચ્છાદન, શયનાદિમાં સુખાનુભવ દ્વારા અકલેશવાળો ધર્મ ઉપદેશ કરાયો છે. (એ પ્રમાણે વિચારીને તે ધર્મની આકાંક્ષા કરવી તે દેશવિષયક કાંક્ષા છે.) જેને કહે છે –

"કોમળ શય્યા, સવારે ઊઠીને પેયનું પાન કરવું, મધ્યાહ્‌ને ભોજન કરવું, સંધ્યાકાળે પાનક પીવું, દ્રાક્ષાખંડ અને શર્કરા અર્ધરાત્રે પીવી અને અંતે શાક્યસિંહ વડે=બૌદ્ધ વડે, મોક્ષ જોવાયો છે." ॥૧॥ ()

આ પણ ઘટમાન જ છે=બૌદ્ધ ભિક્ષુક કહે છે એ પણ ઘટમાન જ છે, એ પ્રમાણે દેશકાંક્ષન છે. અને પરિવ્રાજક ભૌત બ્રાહ્મણાદિ સ્નાનાદિ પરાયણ વિષયોને ભોગવતાં જ પરલોકમાં પણ અભીષ્ટસુખને પ્રાપ્ત કરે છે. એથી એ ધર્મ સારો છે ઈત્યાદિ. 'हि'=જે કારણથી, જલ નહીં પણ સ્થલ સ્વરૂપ નિમ્ન ક્ષેત્ર રૂપ ભૂમિમાં બીજવપન કરનાર ખેડૂતની જેમ ધર્માર્થીપણાથી સર્વ દર્શનના જીવો આરાધના કરતા મંદબુદ્ધિવાળા જીવો દેખાય છે. (આ રીતે વિચારવાથી સર્વ કાંક્ષન થાય છે) આ રીતે ભગવાન અરિહંતપ્રણીત આગમમાં અનાશ્વાસરૂપ કાંક્ષન પણ પરમાર્થથી સમ્યક્ત્વને દૂષિત કરે છે.

વિચિકિત્સા :- વિચિકિત્સા ચિત્તનો વિપ્લવ છે. ફલ પ્રત્યે સંદેહ છે એ પ્રમાણે અર્થ છે અને તે વિચિકિત્સારૂપ સંદેહ યુક્તિ અને આગમથી ઉપપન્ન જિનધર્મ હોતે છતે પણ રેતીના કણના કવલની જેમ નિઃસ્વાદ એવા આ મહાન તપકલેશના ફલની પ્રાપ્તિ ભવિષ્યમાં થશે ? અથવા, ક્લેશમાત્ર એવું આ=કષ્ટમય સંયમજીવન નિર્જરાફલ વિકલ છે ?

'हि'=જે કારણથી ખેડૂત આદિની સફળ અને નિષ્ફળ બંને રીતે ક્રિયા દેખાય છે આથી આ પણ=સંયમની ક્લેશરૂપ ક્રિયા પણ, તે પ્રમાણે સંભાવના કરાય છે=સફળ અને નિષ્ફળ છે તે પ્રકારે સંભાવના કરાય છે. એ પ્રમાણે વિચિકિત્સા પણ ભગવાનના વચનમાં અનાશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વનો દોષ છે. અહીં=વિચિકિત્સા અને શંકામાં, ક્રિયાના વિષયપણા રૂપે આનાથી=વિચિકિત્સાથી, દ્રવ્ય અને ગુણના વિષયવાળી શંકાનો ભેદ છે. અથવા સદાચાર વિષયવાળા મુનિની પણ મલ વિષયવાળી નિંદા વિચિકિત્સા છે. જે પ્રમાણે અસ્નાનને કારણે પ્રસ્વેદ અને જલથી યુક્ત મલપણું હોવાથી દુર્ગંધ વિષયક વિચિકિત્સા થાય છે. શું દોષ થાય જો પ્રાસુક પાણીથી સાધુઓ અંગનું ક્ષાલન કરે ? એ પ્રકારની વિચિકિત્સા થાય છે. આ પણ તત્ત્વથી ભગવાનના ધર્મમાં અનાશ્વાસરૂપપણું હોવાથી સમ્યક્ત્વમાં દોષ છે.

કુદૃષ્ટિપ્રશંસા :- અને જિનાગમથી, વિપરીતપણું હોવાથી કુત્સિત દૃષ્ટિ છે=દર્શન છે, જેઓને તે કુદૃષ્ટિઓ=મિથ્યાદૃષ્ટિઓ છે. તેઓની=સર્વજ્ઞપ્રણીત દર્શનથી વ્યતિરિક્ત એવા, શાક્ય-કપિલ-કણાદ-અક્ષપાદ આદિ પ્રણીત મતવર્તી પાખંડીઓની, પ્રશંસા=સ્તુતિ.

કેવા પ્રકારની સ્તુતિ ? એથી કહે છે –

આ પુણ્યભાગ્ છે, આ લોકોનો જન્મ સફળ છે, આ લોકો દયાળુ છે, ઈત્યાદિકા સ્તુતિ. વળી આ વ્યક્ત જ સમ્યક્ત્વનું દૂષણ છે.

**કુદૃષ્ટિપરિચય :- અને તે કુદૃષ્ટિઓની સાથે એક સાથે સંવાસને કારણે પરસ્પર આલાપાદિ જનિત પરિચય સંસ્તવ છે. એકત્રવાસમાં તત્ પ્રક્રિયાના શ્રવણથી=તે દર્શનના ધર્મની પ્રક્રિયાના શ્રવણથી, અને તે ક્રિયાના દર્શનથી=તે-તે દર્શનના આચારોના દર્શનથી, દૃઢ સમ્યક્ત્વવાળા જીવનો પણ દૃષ્ટિભેદ સંભાવના કરાય છે. તો વળી મંદબુદ્ધિવાળા અને નવા ધર્મવાળાને શું કહેવું ? એથી તેનો સંસ્તવ પણ=કુદૃષ્ટિવાળા જીવોનો પરિચય પણ, દૂષણ છે=સમ્યક્ત્વનું દૂષણ છે.**

**ભાવાર્થ :-**

શ્રાવક સમ્યક્ત્વ સ્વીકારે ત્યારપછી ઉચિત વિવેક ન હોય તો સમ્યક્ત્વમાં પાંચ અતિચારોમાંથી કોઈક અતિચાર થવાની સંભાવના રહે છે અને તે પાંચ અતિચારો સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી શ્રાવક માટે હેય છે.

કઈ રીતે પાંચ અતિચારો થાય છે ? તે બતાવે છે –

શ્રાવક સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી "અરિહંત જ મારા દેવ છે. સુસાધુ જ મારા ગુરુ છે અને સર્વજ્ઞપ્રણીત ધર્મ જ મારો ધર્મ છે. અને આ જ સુદેવ-સુગુરુ-સુધર્મ સર્વ કલ્યાણનું કારણ છે એમ પ્રતિદિવસ ભાવન કરીને સ્થિર કરે તો ગ્રહણ કરાયેલ સમ્યક્ત્વ ભગવાનના વચનમાં વધતી જતી રુચિને કારણે સ્થિર થાય છે. આમ છતાં, કોઈક નિમિત્તને પામીને ભગવાનના વચનને જાણવા માટે શ્રાવક યત્ન કરે છે ત્યારે બુદ્ધિની અલ્પતાને કારણે ભગવાને કહેલા પદાર્થમાં દેશથી કે સર્વથી શંકા થાય છે.

**૧. શંકા :-**

જેમ કોઈને શંકા થાય કે ધર્મ વાસ્તવિક છે કે કાલ્પનિક જ છે. અથવા ભગવાનનો જ ધર્મ સત્ય છે કે અસત્ય છે ? આ પ્રકારની શંકા કાર્ય-કારણભાવનો નિર્ણય નહીં થવાથી મંદબુદ્ધિવાળા જીવોને થાય છે. અર્થાત્ ભગવાનના ધર્મનું સેવન તત્કાલ મોહનો નાશ કરીને ગુણનિષ્પત્તિ કરે છે અને તે ગુણનિષ્પત્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતામાં વિશ્રાંત થાય છે. તે પ્રકારનું ભગવાનના ધર્મના સેવનનું કાર્ય છે તેવો સ્પષ્ટ બોધ નહીં હોવાને કારણે મંદબુદ્ધિવાળા જીવોને શંકા થાય છે; કેમ કે સંસારમાં તે-તે કૃત્યોનાં ફળો પ્રત્યક્ષથી દેખાય છે. તેમ પોતે જે ધર્માનુષ્ઠાન કરે છે તેનું ફળ પ્રત્યક્ષથી દેખાતું નથી. તેથી પોતે સ્વીકારેલો ધર્મ ખરેખર ધર્મરૂપ છે કે કલ્પનારૂપ છે ? તેમ પણ વિચારકને શંકા થઈ શકે છે. ક્યારેક વિચારકને એ પણ શંકા થાય કે ભગવાનનો કહેલો જૈનધર્મ સત્ય છે કે અસત્ય છે ? તે કેવી રીતે નક્કી થાય. આ પ્રકારની શંકા થાય તો ઓઘથી પણ ભગવાનના વચનમાં જે રુચિ હતી તે મ્લાન થાય છે.

વળી, કેટલાક જીવોને ધર્મ વિષયક શંકા થતી નથી અથવા ભગવાનનો ધર્મ સત્ય છે કે નહીં ? તેમ પણ શંકા થતી નથી પરંતુ ભગવાનના શાસનમાં જે પ્રકારે જીવ કહ્યો છે તેના એક દેશમાં શંકા થાય છે. તે આ રીતે - જીવ છે પરંતુ સર્વવ્યાપી છે કે અસર્વવ્યાપી છે ? જીવ પ્રદેશવાળો છે કે જીવ અપ્રદેશવાળો છે ? આ પ્રકારે શંકા થવાનું કારણ શાસ્ત્રાભ્યાસ કરતાં કરતાં અન્ય દર્શનનાં તેવા તેવા પ્રકારનાં વિપરીત વચનો પણ સાંભળવા મળે છે અને યુક્તિથી તે તે વચનોમાંથી કયું વચન યથાર્થ છે તેનો પોતે નિર્ણય ન કરી શકે ત્યારે મંદબુદ્ધિવાળા જીવોને શંકા થાય છે. વળી કોઈ વિચારકને પૃથ્વી આદિ જીવોમાંથી કોઈક જીવ

વિષયક જીવત્વની શંકા થાય છે. વળી કોઈક વિચારકને જે પ્રકારને નિગોદનું વર્ણન શાસ્ત્રમાં કર્યું છે તેના વિષયમાં શંકા થાય છે. આ પ્રકારની શંકા ભગવાનના વચનના અવિશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વના દૂષણરૂપ છે. તેથી વિચારકે વારંવાર અરિહંતનું, સુગુરુનું અને સર્વજ્ઞકથિત ધર્મનું સ્વરૂપ જાણવા યત્ન કરવો જોઈએ. જેથી મૂઢતાનો પરિહાર થાય અને વિચારવું જોઈએ કે મતિની દુર્બળતાને કારણે શાસ્ત્રવચનના કોઈક સ્થાને પોતે નિર્ણય ન કરી શકે તોપણ ભગવાને કહેલ ધર્મ સર્વજ્ઞકથિત છે માટે લેશ પણ શંકાનું સ્થાન નથી. આ પ્રકારે ભાવન કરીને ભગવાનના વચન પ્રત્યેની રુચિને અત્યંત સ્થિર કરવા પ્રયત્ન કરવો જોઈએ અને ભગવાનના વચનાનુસાર દૃઢ રુચિ કરીને તે જ રીતે ધર્માનુષ્ઠાન સેવવાં જોઈએ કે જેથી રાગાદિના ક્લેશનો નાશ થાય; કેમ કે અરિહંતાદિ ત્રણના સ્વીકારરૂપ સમ્યક્ત્વ રાગાદિના નાશના ઉપાયરૂપે જ ઇષ્ટ છે. માટે અરિહંતાદિનો શબ્દ માત્રથી સ્વીકાર સમ્યક્ત્વનું કારણ બનતું નથી અને અરિહંતાદિ ત્રણેમાં રુચિ કર્યા પછી પણ જેઓને શાસ્ત્રવચનોના તે-તે સ્થાનોમાં સંદેહ ઉત્પન્ન થાય છે તે સંદેહથી તેઓની જિનવચનાનુસાર કરાતી પ્રવૃત્તિમાં ઉદ્યમ શિથિલ થાય છે. માટે કોઈક નિમિત્તને પામીને કોઈક સ્થાનમાં નિર્ણય ન થાય તોપણ વિચારવું જોઈએ કે મારી મતિની દુર્બળતાને કારણે મને આ વસ્તુનો યથાર્થ નિર્ણય થતો નથી છતાં જિનવચન એકાંતે સુંદર છે; કેમ કે વીતરાગનું વચન રાગાદિનો ઉચ્છેદ કરીને વીતરાગતાનું કારણ છે માટે તે રીતે સેવવા માટે ઉદ્યમ કરવો જોઈએ. જેથી સમ્યક્ત્વ નાશ પામે નહિ.

**૨. કાંક્ષા :-**

વળી, સમ્યક્ત્વનો બીજો અતિચાર અન્ય-અન્ય દર્શનની આકાંક્ષા છે અને તે પણ દેશવિષયક અને સર્વવિષયક છે.

દેશવિષયક આંકાક્ષા કઈ રીતે થાય છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

બૌદ્ધદર્શનવાદી કહે છે કે ધ્યાનથી મોક્ષ છે અને ધ્યાનમાં દૃઢ યત્ન કરવા અર્થે શરીરને કષ્ટ આપવાથી કોઈ ફળ મળે નહીં પરંતુ શરીરને અપાતાં કષ્ટો ધ્યાનમાં અંતરાયરૂપ છે તેથી સ્નાન, અન્ન-પાન વગેરેથી શરીરને સાચવીને ધ્યાનમાં પ્રવૃત્તિ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

તેથી વિચારકને થાય છે કે આ પ્રકારની પ્રવૃત્તિ કરવાથી પણ કલ્યાણ થઈ શકે છે. માટે સર્વજ્ઞના દર્શન કરતાં તે બૌદ્ધદર્શન સુંદર જણાય છે. આથી જ સિદ્ધર્ષિગણિને પણ બૌદ્ધદર્શનનો મત સંગત જણાવાથી ત્યાં જવાનો પરિણામ થયેલો. આ પ્રકારની કાંક્ષાના નિવારણ અર્થે વારંવાર વિચારવું જોઈએ કે સ્વભાવથી જ જીવ અનુકૂળતાનો અર્થી છે અને દેહને સાચવવામાં વ્યગ્ર થયેલું ચિત્ત ક્યારેય શુભધ્યાન કરી શકે નહીં. માટે શુભધ્યાનના અર્થીએ દેહાદિના મમત્વનો ત્યાગ કરવો આવશ્યક છે અને દેહાદિના મમત્વને છોડવા અર્થે જ ભગવાને સાધુને સ્નાનાદિનો નિષેધ કરીને અપ્રમાદથી ધ્યાનની વૃદ્ધિ થાય તેવી ઉચિત ક્રિયાઓમાં દૃઢ યત્ન કરવાનું કહ્યું છે અને આથી જ જેઓ દેહાદિના તે પ્રકારના સ્નાનાદિ દ્વારા દેહના પાલન વગર ધર્માનુષ્ઠાન કરવા માટે અસમર્થ છે, તેવા શ્રાવકોને આશ્રયીને ભગવાને ગૃહસ્થધર્મ કહેલ છે, સાધુ ધર્મ

નહિ. માટે માત્ર દેહાદિના કષ્ટરૂપ ધર્મ ભગવાને કહેલ નથી. પરંતુ દેહાદિના લાલન-પાલનની પ્રવૃત્તિપૂર્વક ધ્યાનમાં યત્ન કરવાથી ધ્યાન સમ્યક્ પરિણમન પામતું નથી. તેથી દેહાદિના મમત્વના ત્યાગ અર્થે ઉચિત વિવેકપૂર્વક ધ્યાનમાં યતના કરવાની ભગવાનના શાસનની મર્યાદા છે. માટે માત્ર બાહ્ય સુખાકારી સુગત સાધુના આચારને જોઈને તે ધર્મની આકાંક્ષા કરવી વિવેકીને ઉચિત નથી.

વળી, કેટલાક મંદબુદ્ધિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો વિચારે છે કે ધર્મના અર્થીપણાથી જીવો સર્વદર્શનમાં આરાધના કરતા દેખાય છે. તેથી ભૂમિમાં બીજનું વપન કરીને ખેડૂત જેમ અન્ન પ્રાપ્ત કરે છે તેમ બધા દર્શનના જીવો પોતપોતાના ધર્મની આરાધના કરીને ધર્મનું ફળ મેળવે છે, માટે અન્યદર્શનનો ધર્મ પણ સુંદર જણાય છે. આ પ્રકારની આકાંક્ષા કરવાથી ભગવાનના ધર્મમાં અનાશ્વાસ=અવિશ્વાસ, થાય છે. તેથી સમ્યક્ત્વમાં અતિચાર લાગે છે. માટે સમ્યક્ત્વને સ્વીકાર્યા પછી તે પ્રકારના વિકલ્પો કર્યા વગર હંમેશાં શ્રાવકે દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપનું સૂક્ષ્મ આલોચન કરવું જોઈએ અને વિચારવું જોઈએ કે જે પ્રકારનું દેવનું સ્વરૂપ, ગુરુનું સ્વરૂપ અને ધર્મનું સ્વરૂપ ભગવાનના દર્શનમાં સૂક્ષ્મ બતાવ્યું છે, મોહનાશને અનુકૂળ તેવું સૂક્ષ્મ સ્વરૂપ અન્ય દર્શનમાં ક્યાંય ઉપલબ્ધ નથી. આથી જ અન્યદર્શનના સંન્યાસીના સ્થૂલ આચારો અને ભગવાનના બતાવેલા સાધ્વાચારના સૂક્ષ્મ આચારો વચ્ચેનો જે ભેદ છે તે જ બતાવે છે કે સર્વજ્ઞપ્રણીત ધર્મ જેવો સુંદર ધર્મ અન્યત્ર નથી.

**૩. વિચિકિત્સા :-**

વલી કેટલાક જીવો ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા કરીને સ્વભૂમિકાનુસાર ધર્મ સેવે છે તેઓ ધર્મના સેવનથી સમ્યક્ત્વને પામ્યા હોય તો સમ્યક્ત્વની નિર્મલતાને પ્રાપ્ત કરે છે. આમ છતાં કોઈક નિમિત્તને પામીને ધર્મના ફળના સંદેહરૂપ વિચિકિત્સા થાય ત્યારે તેઓનું સમ્યક્ત્વ દૂષિત બને છે અને વિચિકિત્સા થવાનું કારણ તેઓની મતિની દુર્બળતા છે. તેથી તેઓને વિચાર આવે છે કે ધર્મની પ્રવૃત્તિ અતિ ક્લેશરૂપ છે; કેમ કે ઇંદ્રિયોનો નિરોધ કરીને તપત્યાગની પ્રવૃત્તિરૂપ છે. પરંતુ તે ધર્મથી પોતાને ફળ મળશે કે નહીં તે પ્રકારે ક્યારેક શંકા થાય છે અને સ્થૂલબુદ્ધિથી વિચાર આવે છે કે આ પ્રકારના તપ-ત્યાગની આચરણા ક્લેશ માત્ર છે કે નિર્જરા ફલની પ્રાપ્તિ કરાવનાર છે ? તેથી ધર્મના ફળનો નિર્ણય થતો નથી; કેમ કે જેમ રેતીના કણના કવલમાં કોઈ સ્વાદ દેખાતો નથી તેમ ધર્મની પ્રવૃત્તિમાં સાક્ષાત્ કોઈ સ્વાદ આવતો નથી અને આ કષ્ટકારી જીવનનું ભવિષ્યમાં પણ કોઈ ફળ ન હોય તો મારો ધર્મ વિષયક સર્વ શ્રમ નિષ્ફળ જશે. આ પ્રકારની શંકા થવાને કારણે ધર્મમાં કરાતો પ્રયત્ન શિથિલ થાય છે. તેથી વિચારકે તે પ્રકારની વિચિકિત્સાને દૂર કરવાને અર્થે ભાવન કરવું જોઈએ કે જેમ સંસારમાં ધનાદિ અર્થે કરાતી પ્રવૃત્તિનું ધન પ્રાપ્તિરૂપ પ્રત્યક્ષ ફળ છે તેમ વિવેકપૂર્વક કરાયેલા ધર્મનું સ્વાનુભવસિદ્ધ ફલ છે. તે આ રીતે – જે શ્રાવકો પોતાની શક્તિનું સમ્યક્ આલોચન કરીને અરિહંતદેવની ઉપાસના કરે છે, સુસાધુની ઉપાસના કરે છે તે સર્વ પ્રવૃત્તિથી ચિત્તમાં વીતરાગતા કે સંયમ પ્રત્યે રાગ થાય છે. જે રાગ આત્માની અનાકુળ અવસ્થા પ્રત્યેનો રાગ છે. જેનાથી મોહના પરિણામો મંદ-મંદતર થાય છે. તેથી આત્મામાં મોહનાશને અનુકૂળ નિર્જરાની પ્રાપ્તિ અને

તીર્થંકરો અને સુસાધુ પ્રત્યેની ભક્તિથી થયેલા પ્રશસ્તરાગને કારણે પુણ્યબંધની પ્રાપ્તિરૂપ ફળ સ્વાનુભવસિદ્ધ છે; કેમ કે જ્યારે જ્યારે ધર્મ સેવાય છે ત્યારે ત્યારે જેટલા અંશમાં પ્રશસ્તરાગ છે તેટલા અંશમાં પુણ્યબંધ થાય છે અને જેટલા અંશમાં રાગાદિની અલ્પતા થાય છે તેટલા અંશમાં નિર્જરાની અવશ્ય પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે સૂક્ષ્મ આલોચન કરવાથી ફલના સંદેહરૂપ વિચિકિત્સા દૂર થાય છે.

વળી, કેટલાક જીવોને સદાચારવાળા મુનિઓનાં મલિન ગાત્રોને જોઈને જુગુપ્સા થાય છે તેથી વિચાર આવે છે કે જો સાધુઓ પ્રાસુક પાણીથી અંગક્ષાલન કરે તો શું દોષ છે ? આ પ્રકારની વિચિકિત્સા મોહના ઉદયથી થાય છે. તેના નિવારણ માટે શ્રાવકે વિચારવું જોઈએ કે સાધુ દેહ પ્રત્યેના સમત્વના ત્યાગ અર્થે મહા ઉદ્યમ કરનારા છે. તેથી દેહના પ્રત્યે સર્વ મમત્વનો ત્યાગ કરીને આત્માના ગુણોને વિકસાવવા માટે અપ્રમાદથી ઉદ્યમ કરનારા છે. આથી જ પોતાના દેહ પ્રત્યે પણ ઉપેક્ષા કરીને સંયમમાં દૃઢ ઉદ્યમ કરે છે. તેઓની અંતરંગ ઉત્તમપરિણતિની સદા અનુમોદના કરવી જોઈએ. પોતાને મલ પ્રત્યે જુગુપ્સા હોય તેટલા માત્રથી તેના પ્રત્યે દ્વેષ કરીને નિર્મમ થવાના ઉત્તમ આચારો પ્રત્યે ક્યારેય પણ અન્યથા વિચાર કરવો જોઈએ નહીં. આ પ્રકારે ભાવન કરવાથી સાધુના મલિન ગાત્ર પ્રત્યે થયેલ જુગુપ્સા નિવર્તન પામે છે.

**૪. કુદૃષ્ટિની પ્રશંસા :-**

ભગવાનના દર્શનથી વિપરીત દર્શનવાળા સંન્યાસીઓની સ્થૂલથી બાહ્ય ઉચિત આચરણા જોઈને કોઈ શ્રાવક તેઓની પ્રશંસા કરે અને વિચારે કે આ લોકોનો ધર્મ સફળ છે. વળી તાપસો આદિ દયાળુ સ્વભાવવાળા દેખાય તેથી વિચારે કે આ લોકોનો જન્મ સફળ છે. વસ્તુતઃ ભગવાનના શાસનના સૂક્ષ્મતત્ત્વને પામેલા નહિ હોવાથી તેઓની તે પ્રકારની પ્રશંસા કરવી ઉચિત નથી. છતાં અવિચારકતાને કારણે કોઈ શ્રાવક તેવી પ્રશંસા કરે તો સમ્યક્ત્વમાં દૂષણ છે.

વસ્તુતઃ સમ્યગ્દૃષ્ટિ જીવે સ્વશક્તિ અનુસાર શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મના પારમાર્થિક સ્વરૂપને સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણવા યત્ન કરવો જોઈએ અને તેમાં જ અતિશય-અતિશયતર રુચિ થાય તેવો યત્ન કરવો જોઈએ જેથી કંઈક વિવેકવાળા પણ ઘણા અવિવેકથી યુક્ત અન્ય દર્શનના સ્થૂલ આચારોમાં ઉત્તમતાનો ભ્રમ ન થાય.

**૫. કુદૃષ્ટિ સંસ્તવ=કુદૃષ્ટિઓનો પરિચય :-**

વળી કેટલાક શ્રાવકો સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી અન્યદર્શનવાળા સાથે પરિચયમાં રહે છે. અને પરદર્શનવાળા કુદૃષ્ટિના પરિચયને કારણે તેઓના ધર્મની પ્રક્રિયા સાંભળવાથી અને તેઓની ક્રિયાઓની આચરણા જોવાથી દૃષ્ટિભેદ થવાની સંભાવના રહે છે; કેમ કે તે-તે દર્શનની પણ કેટલીક ક્રિયા સ્થૂલદૃષ્ટિથી સુંદર હોય છે તોપણ ભગવાનના દર્શનની જેમ સૂક્ષ્મ વિવેકવાળી નથી. અને જે શ્રાવકની ભગવાનના દર્શનના પદાર્થો વિષયક સૂક્ષ્મપ્રજ્ઞા સ્થિર થયેલી નથી તેવા શ્રાવકોને નિમિત્તને પામીને અન્યદર્શનના તે-તે આચારો પણ સુંદર જણાય છે તેથી સમ્યક્ત્વના મલિનતાના પરિહાર અર્થે શ્રાવકે અન્યદર્શનવાળા સાથે પરિચયનો પરિહાર કરવો જોઈએ.

**ટીકા :-**

**पाखण्डिनां चौघतस्त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि भवन्ति, यत उक्तम्–**

"असिइसयं किरियाणं अकिरियवाईण होइ चुलसीई

अण्णाणिय सत्तट्ठी, वेणइयाणं च बत्तीसं ।।१।।" **[सूत्रकृतांग नि. ११९/प्रवचनसारोद्धारे ११८८]**

**इयमपि गाथा विनेयजनानुग्रहार्थं ग्रन्थान्तरप्रतिबद्धाऽपि लेशतो व्याख्यायते–'असिइसयं किरियाणं' अशीत्युत्तरं शतं क्रियावादिनाम्, तत्र न कर्त्तारं विना क्रिया संभवति, तामात्मसमवायिनीं वदन्ति ये तच्छीलाश्च ते क्रियावादिनः, ते पुनरात्माद्यस्तित्वप्रतिपत्तिलक्षणाः अनेनोपायेनाशीत्यधिकशतसङ्ख्या विज्ञेयाः, जीवाऽजीवाऽऽश्रवबन्धसंवरनिर्जरापुण्याऽपुण्यमोक्षाख्यान्नव पदार्थान् विरचय्य परिपाट्या जीवपदार्थस्याधः स्वपरभेदावुपन्यसनीयौ, तयोरधो नित्याऽनित्यभेदौ, तयोरप्यधः कालेश्वरा-ऽऽत्म-नियति-स्वभावभेदाः पञ्च न्यसनीयाः । पुनश्चेत्थं विकल्पाः कर्त्तव्याः-अस्ति जीवः स्वतो नित्यः कालत इत्येको विकल्पः । विकल्पार्थश्चायम्-विद्यते खल्वयमात्मा स्वेन रूपेण नित्यश्च कालतः कालवादिनः, उक्तेनैवाभिलापेन द्वितीयो विकल्पः ईश्वरकारणिनः, तृतीयो विकल्पः आत्मवादिनः** "पुरुष एवेदं सर्वम्" **[ऋग्वेद १०/९०/२] इत्यादि, नियतिवादिनश्चतुर्थो विकल्पः, पञ्चमविकल्पः स्वभाववादिनः, एवं स्वत इत्यजहता लब्धाः पञ्च विकल्पाः, परत इत्यनेनापि पञ्चैव लभ्यन्ते, नित्यत्वापरित्यागेन चैते दश विकल्पाः, एवमनित्यत्वेनापि दशैव, एकत्र विंशतिर्जीवपदार्थेन लब्धाः, अजीवादिष्वप्यष्टस्वेवमेव प्रतिपदं विंशतिर्विकल्पानाम्, अतो विंशतिर्नवगुणा शतमशीत्युत्तरं क्रियावादिनामिति ।**

**ટીકાર્થ :-**

पाखण्डिनां ..... क्रियावादिनामिति ।। **અને ઓઘથી પાંખડીઓના ૩૬૩ ભેદો છે જે કારણથી કહેવાયું છે –**

"ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪ થાય છે. અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ ભેદો છે." **(સૂત્રકૃતાંગ નિ. ૧૧૯, પ્રવચનસારોદ્ધાર-૧૧૮૮)**

**આ પણ ગાથા શિષ્યના અનુગ્રહ માટે ગ્રન્થાન્તર પ્રતિબદ્ધ પણ લેશથી વ્યાખ્યાન કરાય છે –** 'असिइसयं किरियाणं' **પ્રતીક છે. ક્રિયાવાદીના એકસો એંશી (૧૮૦). ત્યાં કર્તા વગર ક્રિયા સંભવતી નથી. આત્મસમવાયી એવી તેને=ક્રિયાને, જેઓ કહે છે તત્ શીલવાળા=ક્રિયાના આચરણાના સ્વભાવવાળા, તે ક્રિયાવાદી છે. તે વળી=તે ક્રિયા વળી, આત્માદિના અસ્તિત્વના સ્વીકાર સ્વરૂપ છે. આ ઉપાયથી ૧૮૦ સંખ્યા જાણવી. જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા-પુણ્ય-અપુણ્ય-મોક્ષ નામના નવ પદાર્થોનું વિરચન કરીને પરિપાટીથી જીવ પદાર્થની નીચે સ્વ-પર ભેદ ઉપન્યાસ કરવો.**

તે બેની નીચે=જીવ પદાર્થની નીચે સ્વ-પરનો ભેદ કર્યો તે બેની નીચે, નિત્ય - અનિત્યના ભેદનો ઉપન્યાસ કરવો. તેની પણ નીચે કાળ-ઈશ્વર-આત્મા-નિયતિ-સ્વભાવ રૂપ ૫ ભેદો સ્થાપન કરવા. અને વળી આ પ્રકારે વિકલ્પો કરવા જોઈએ. સ્વતઃ જીવ છે કાલથી નિત્ય છે એ પ્રકારનો એક વિકલ્પ છે. અને વિકલ્પનો અર્થ આ પ્રમાણે છે. ખરેખર આ આત્મા સ્વસ્વરૂપે વિદ્યમાન છે અને કાલથી નિત્ય છે એ પ્રમાણે કાલવાદીનો મત છે. ઉક્ત જ અભિલાપથી બીજો વિકલ્પ ઈશ્વરકારીનો છે. ત્રીજો વિકલ્પ આત્મવાદીનો છે. 'પુરુષ જ આ સર્વ છે.' (ઋગ્વેદ ૧૦-૯૦-૨) ઈત્યાદિ. નિયતવાદીનો ચોથો વિકલ્પ છે. સ્વભાવવાદીનો પાંચમો વિકલ્પ છે. આ રીતે સ્વતઃ એ પ્રમાણે નહીં છોડતા પ્રાપ્ત થયેલા પાંચ વિકલ્પો છે. પરતઃ એમાં વડે પણ પાંચ જ વિકલ્પો પ્રાપ્ત થાય છે. અને નિત્યત્વના અપરિત્યાગથી આ દશ વિકલ્પો પ્રાપ્ત થાય છે. એ રીતે અનિત્યતાથી પણ ૧૦ જ વિકલ્પો થાય છે. એક સ્થાનમાં જીવ પદાર્થથી ૨૦ વિકલ્પ પ્રાપ્ત થાય. અજીવાદિ પણ આઠમાં આ રીતે જ દરેક પદમાં ૨૦ વિકલ્પો પ્રાપ્ત થાય. આથી વીસમી નવગુણા એવા વીશ=એકસો એંશી ક્રિયાવાદીના ભેદો છે. (૨૦x૯=૧૮૦)

ક્રિયાવાદી (૨૦x૯ = ૧૮૦ ભેદ)

જીવ - અજીવ - આશ્રવ - બંધ - સંવર - નિર્જરા - પુણ્ય - અપુણ્ય - મોક્ષ ૯ પદાર્થો છે.




આમ સ્વતઃ નિત્યના ૫ ભેદ - સ્વતઃ અનિત્યના ૫ ભેદ=જીવના સ્વતઃ ૧૦ ભેદ થયા તે જ રીતે જીવના પરતઃ=૧૦ ભેદ થાય. જીવ સ્વતઃ=૧૦ ભેદ - જીવ પરતઃ ૧૦ ભેદ=જીવના કુલ ૨૦ ભેદ થયા.

તે જ રીતે બીજા અજીવાદિ દરેક પદાર્થના ૨૦ ભેદ થયા.

૯ પદાર્થના ૯x૨૦=૧૮૦ ભેદ કુલ થયા.

'इति' શબ્દ ક્રિયાવાદીના સમાપ્તિ અર્થે છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અન્ય દર્શનવાળા સાથે પરિચય કરવો જોઈએ નહીં તેથી હવે અન્ય દર્શનવાળા પાખંડીના સામાન્યથી ૩૬૩ ભેદો છે. તેને ગ્રંથકારશ્રી બતાવે છે –

જોકે તે ભેદો શ્રાવકધર્મના વર્ણનમાં સાક્ષાત્ ઉપયોગી નથી તોપણ અન્ય ગ્રંથોમાં તેનું વર્ણન હોવાથી અને પાખંડીઓ કેટલા પ્રકારના છે તેનો લેશથી બોધ કરાવવા માટે અહીં ગ્રંથકારશ્રી બતાવે છે.

**ક્રિયાવાદી :-**

૩૬૩ પાખંડીઓમાં ક્રિયાવાદીના ૧૮૦ ભેદો છે.

કઈ રીતે તેના ભેદોની પ્રાપ્તિ છે ? તેનું સંક્ષિપ્ત સ્વરૂપ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

મોક્ષમાર્ગની વ્યવસ્થા અને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય તે વ્યવસ્થાને જાણવા માટે ઉપયોગી જીવાદિ નવતત્ત્વનું જ્ઞાન છે. જેઓને સર્વદૃષ્ટિથી નવતત્વના જ્ઞાનનો યથાર્થ બોધ થાય તેઓને સદ્ગતિના ઉપાયો, મોક્ષના ઉપાયો વિષયક યથાર્થ જ્ઞાન થાય છે. છતાં નવ પદાર્થને અવલંબીને એકાંતવાદીઓના મતો ઊભા થાય છે. તેઓ નવ પદાર્થમાંથી કોઈ પણ પદાર્થને આશ્રયીને એકાંતથી તેનો સ્વીકાર કરે છે. તેને આશ્રયીને ક્રિયાવાદીના ૧૮૦ ભેદોની પ્રાપ્તિ થાય છે. જેમ કેટલાક આત્માને સ્વીકારે છે અને આત્મા સ્યાદ્વાદની દૃષ્ટિથી સ્વરૂપથી છે અને પર રૂપથી નથી; કેમ કે દરેક પદાર્થો પોતપોતાના સ્વરૂપે 'अस्ति' રૂપ છે તેમ પણ સ્વરૂપે 'नास्ति' રૂપ છે. વળી આત્મા દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. આ ચાર વસ્તુને એકાંતે ગ્રહણ કરીને કેટલાક આત્માને સ્વરૂપથી સ્વીકારે છે. પરરૂપથી સ્વીકારતા નથી અને કહે છે કે આત્મા સ્વરૂપથી જ છે અને પરરૂપથી નથી તેમ કહી શકાય નહીં પરંતુ સ્વરૂપથી જ છે તેમ કહી શકાય. વળી, કેટલાક આત્માને એકાંત નિત્ય માને છે, કેટલાક આત્માને અનિત્ય માને છે. તેથી આત્માને આશ્રયીને ચાર ભેદોની પ્રાપ્તિ થાય છે. વળી કાર્ય પ્રત્યે કાલ, ઈશ્વર, આત્મા, નિયતિ અને સ્વભાવ એ પાંચ કારણો છે. તેમાંથી કોઈ કાલથી જ સર્વ કાર્ય થાય છે તેમ માને છે. કોઈક ઈશ્વરથી જ બધા કાર્ય થાય છે તેમ માને છે. કોઈક આત્મા જ સ્વયં સર્વ કાર્ય કરે છે તેમ માને છે. તો વળી કોઈક નિયતિથી નિયતકાળે સર્વ કાર્ય થાય છે તેમ માને છે. વળી કોઈક સ્વભાવથી જ સર્વ કાર્ય થાય છે. તેમ માને છે અને તે સર્વ વિકલ્પોમાંથી એક-એક વિકલ્પ સ્વીકારીને સર્વ વ્યવસ્થા સંગત કરનારા ક્રિયાવાદી હોય છે. તેથી જીવને આશ્રયીને પૂર્વમાં ચાર ભેદો કરાયા તેમાં કાલાદિને આશ્રયીને પાંચ વિભાગોને સ્વીકારવાથી જીવને આશ્રયીને વીસ (૨૦) ભેદોની પ્રાપ્તિ થાય છે. તેથી એ વિકલ્પ પ્રાપ્ત થાય કે જીવ સ્વતઃ છે. કાળથી નિત્ય છે અને તેમાં કાળ જ સર્વ કાર્યો પ્રત્યે કારણ છે. એ પ્રકારનો કાલવાદીનો મત છે. તે પ્રથમ વિકલ્પ પ્રાપ્ત થયો. વળી, બીજા કહે છે કે જગતનું સર્વ કાર્ય ઈશ્વર કરનારા છે તેથી તેના મતાનુસાર જીવ સ્વતઃ છે, નિત્ય છે અને આ જગતની બધી વ્યવસ્થા ઈશ્વરથી કરાય છે. તેથી ઈશ્વરના અનુગ્રહથી જ જીવોનું હિત થાય છે. અને ઈશ્વરના નિગ્રહથી જીવોનું અહિત થાય છે. વળી ત્રીજો વિકલ્પ આત્મવાદીનો છે. તે કહે છે કે પુરુષથી અતિરિક્ત જગત કંઈક જ નથી તેથી જગતમાં જે કંઈ દેખાય છે તે પુરુષરૂપ જ છે. તેથી યુક્તિથી પુરુષ અદ્વૈતનું સ્થાપન કરે છે. બ્રહ્મ અદ્વૈત અર્થાત્ બ્રહ્મ અદ્વૈતનું સ્થાપન કરે છે. અર્થાત્ બ્રહ્માથી અતિરિક્ત કંઈ નથી. વળી ચોથો વિકલ્પ નિયતવાદીનો કરે છે. તે કહે છે જે કાળે જે વસ્તુ જે રૂપે થવાની નિયત હોય તે કાળે તે વસ્તુ તે સ્વરૂપે જ થાય છે. તેથી સર્વ કાર્યો પ્રત્યે નિયતિ જ કારણ છે. અને પાંચમો વિકલ્પ સ્વભાવવાદીનો છે. તે કહે છે કે વસ્તુનો જે પ્રમાણે સ્વભાવ હોય તે પ્રમાણે તેમાંથી કાર્ય થાય છે. તેથી જગતની સર્વ વ્યવસ્થા વસ્તુના સ્વભાવને આધીન છે. આ રીતે જીવાદિ નવ તત્ત્વમાંથી એક-એક તત્ત્વને ગ્રહણ કરીને તેના ઉપર એકાંતવાદનું સ્થાપન કરનારા ક્રિયાવાદી છે અને ક્રિયાવાદી આત્મકલ્યાણ અર્થે ક્રિયા કરવી જોઈએ તેમ માનનારા છે. તેથી પરલોક અર્થે ઉચિત તપ-

ત્યાગાદિની ક્રિયા કરે છે. પરંતુ એકાંતવાદ સૂક્ષ્મ યુક્તિથી સ્થિર કરવા પ્રયત્ન કરે છે. અનેકાંતવાદના પરમાર્થને જાણનારા નથી તેથી તેવા એકાંતવાદના પરિચયમાં આવવાથી જેની મતિ દુર્બળ છે તેવા જીવો ઓઘથી સ્યાદ્વાદની રુચિ રાખીને ભગવાનના વચનાનુસાર ધર્મ કરતા હોય, અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને સર્વજ્ઞપ્રણીત ધર્મ જ શુદ્ધ છે એમ સ્થિર બુદ્ધિપૂર્વક ધર્મ કરતા હોય તેઓ પણ એકાંતવાદીના પરિચયથી પદાર્થનો યથાર્થ નિર્ણય કરવા માટે અસમર્થ હોવાથી ભગવાનના વચનમાં સંદેહવાળા થાય છે. અને સન્માર્ગને છોડીને ઉન્માર્ગને સ્વીકારે તો તત્ત્વની પ્રાપ્તિ થાય નહીં માટે અપક્વ અવસ્થામાં પરદર્શનનો પરિચય વિનાશકારી છે. માટે સમ્યક્ત્વના અતિચારમાં પરદર્શનના પરિચયને અતિચારરૂપે કહેલ છે. તેથી જે શ્રાવક પરદર્શનના પરિચય વગર જૈનદર્શનની ઓઘથી રુચિ રાખીને જીવાદિ નવતત્ત્વનો યથાર્થ બોધ કરે છે તેને જીવાદિ નવતત્ત્વનો સૂક્ષ્મબોધ થાય છે. વળી અનુભવ અનુસાર તેને જણાય છે કે જીવાદિ નવ પદાર્થો પોતાના સ્વરૂપે વિદ્યમાન છે અને પર સ્વરૂપે અવિદ્યમાન છે. આથી ઘટને જોઈને આ પટ નથી તે બુદ્ધિ થાય છે. તેથી નક્કી થાય છે કે ઘટ પોતાના સ્વરૂપે વિદ્યમાન છે અને પર સ્વરૂપે અવિદ્યમાન પણ છે. વળી, સ્યાદ્વાદનો સૂક્ષ્મ અભ્યાસ કરવાથી તેને અનુભવ અનુસાર જણાય છે કે આત્માદિ દરેક પદાર્થો દ્રવ્ય રૂપે નિત્ય છે અને પર્યાયરૂપે અનિત્ય છે. વળી, કાર્ય માત્ર પ્રત્યે માત્ર કાલ કારણ નથી પરંતુ કાલાદિ પાંચ કારણોથી કાર્ય થાય છે. અને તેમાં ઈશ્વર કારણ પણ એ રીતે થઈ શકે છે કે ભગવાને કહેલાં વચનોને જે સેવે છે તેના પ્રત્યે ઈશ્વર હિતનું કારણ છે અને જે ભગવાનના વચનની વિરાધના કરે છે તેઓનું અહિત થાય છે તેથી ઉપચારથી જ ઈશ્વર અનુગ્રહ-નિગ્રહમાં કારણ છે. વસ્તુતઃ ભગવાનની આજ્ઞાના પાલનથી જ અનુગ્રહ થાય છે. અને ભગવાનની આજ્ઞાની વિરાધનાથી આત્માનો નિગ્રહ થાય છે અર્થાત્ દુર્ગતિની પ્રાપ્તિ થાય છે અને ભગવાનની આજ્ઞા સાથે ભગવાનનો અભેદ કરીને ભગવાનથી નિગ્રહ અને અનુગ્રહ થાય છે. તેમ ઉપચાર કરાય છે. આથી જ સ્યાદ્વાદના મતાનુસાર માત્ર કાલથી કાર્ય થતું નથી, માત્ર સ્વભાવથી કાર્ય થતું નથી પરંતુ પાંચ કારણોથી કાર્ય થાય છે. તેમાં ઈશ્વરને સ્થાને કર્મ જ કારણ છે છતાં કર્મબંધ અને કર્મ-નિર્જરા પ્રત્યે ભગવાનની આજ્ઞાનું પાલન અને ભગવાનની આજ્ઞાની વિરાધના કારણ છે તેથી કર્મના સ્થાને ઈશ્વરને ગ્રહણ કરેલા છે.

**ટીકા :-**

**'अकिरियाणं च भवति चुलसीति'त्ति अक्रियावादिनां भवति चतुरशीतिर्भेदा इति, न हि कस्यचिदवस्थितस्य पदार्थस्य क्रिया समस्ति, तद्भाव एवावस्थितेरभावादित्येवंवादिनोऽक्रियावादिनः, तथा चाहुरेके –**

"क्षणिकाः सर्वसंस्कारा, अस्थितानां कुतः क्रिया ? ।
भूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यते ।।१।।" **इत्यादि ।**

**एते चात्मादिनास्तित्वप्रतिपत्तिलक्षणा अमुनोपायेन चतुरशीतिर्द्रष्टव्याः, एतेषां हि पुण्या-ऽपुण्यवर्जितपदार्थसप्तकन्यासः, तथैव जीवस्याधः स्वपरविकल्पभेदद्वयोपन्यासः, असत्त्वादात्मनो**

नित्याऽनित्यभेदौ न स्तः, कालादीनां तु पञ्चानां षष्ठी यदृच्छा न्यस्यते । पश्चाद्विकल्पाभिलापः-नास्ति जीवः स्वतः कालत इत्येको विकल्पः, एवमीश्वरादिभिरपि यदृच्छावसानैः, सर्वे च षड्विकल्पाः, तथा नास्ति जीवः परतः कालत इति षडेव विकल्पाः एकत्र द्वादश एवमजीवादिष्वपि षट्सु प्रतिपदं द्वादश विकल्पाः, एकत्र सप्त द्वादशगुणाश्चतुरशीतिर्विकल्पा नास्तिकानामिति ।

**ટીકાર્થ :-**

**अकिरियाणं ..... नास्तिकानामिति ।। 'अकिरियाणं च भवति चुलसीति' એ પ્રમાણે પ્રતીક છે. અને અક્રિયાવાદીના ૮૪ ભેદો થાય છે. કોઈ અવસ્થિત પદાર્થની ક્રિયા નથી; કેમ કે તે ભાવમાં જ અવસ્થિતિનો અભાવ છે એ પ્રકારે બોલનારા અક્રિયાવાદી છે અને તે પ્રમાણે એક કહે છે –**

"સર્વ સંસ્કારો ક્ષણિક છે. અસ્થિત જીવોને કેવી રીતે ક્રિયા હોય ? જેઓની ભૂતિ તે જ ક્રિયા છે અને તે જ કારક કહેવાય છે." ।।૧।। () ઈત્યાદિ.

**આ ઉપાયથી આત્માદિના નાસ્તિત્વની પ્રતિપત્તિરૂપ આ ૮૪ ભેદો જાણવા. આમનો= અક્રિયાવાદીનો પુણ્ય-પાપ વર્જિત પદાર્થ સાતનો ન્યાસ છે. તે પ્રમાણે જ જીવની નીચે સ્વ-પરના વિકલ્પના ભેદદ્વયનો ઉપન્યાસ છે. આત્માનું અસત્વપણું હોવાથી નિત્યાનિત્ય ભેદ થતા નથી. વળી કાલાદિ પાંચમાં છઠ્ઠી યદચ્છા સ્થાપન કરાય છે. ત્યારપછી વિકલ્પનો અભિલાપ આ પ્રમાણે છે. જીવ સ્વતઃ કાલથી નથી એ પ્રમાણેનો એક વિકલ્પ છે. આ રીતે યદચ્છા અવસાનવાળા ઈશ્વરાદિ વડે વિકલ્પો છે. અને સર્વ છ વિકલ્પો છે અને કાલથી પરથી જીવ નથી એ પ્રમાણે ૬ જ વિકલ્પો કરવા. એક સ્થાનમાં=જીવાદિ એક સ્થાનમાં, બાર વિકલ્પો થયા. એ રીતે અજીવાદિ છમાં દરેક પદને આશ્રયીને બાર વિકલ્પો છે. એક ઠેકાણે ૭ને ૧૨ વડે ગુણવાથી ૮૪ વિકલ્પો નાસ્તિકોમાં છે. (૧૨ x ૭=૮૪)**

**અક્રિયાવાદી**




**આમ જીવ સ્વતઃના કાલાદિને આશ્રયીને ૬ ભેદ તે જ રીતે**

**જીવ પરતઃના કાલાદિને આશ્રયીને ૬ ભેદ**

**જીવના=૧૨ ભેદ**

**અને તે જ રીતે બાકીના અજીવાદિ પ્રત્યેકના ૧૨ ભેદ**

**=૧૨ x ૭=૮૪ કુલ ભેદ.**

**'इति' શબ્દ અક્રિયાવાદીના સમાપ્તિ અર્થે છે.**

**ભાવાર્થ :-**

**અક્રિયાવાદી :-**

અક્રિયાવાદી ક્ષણિકવાદી બૌદ્ધ છે. તેઓ માને છે કે દરેક પદાર્થો ક્ષણિક છે. તેથી તેના મતમાં નિત્યાનિત્યના બે વિકલ્પો નથી પરંતુ એક જ અનિત્યનો વિકલ્પ છે. વળી, ક્ષણિકવાદી બૌદ્ધમાં પણ કેટલાક બૌદ્ધ, જીવને સ્વતઃ છે. તેમ માને છે. તો કેટલાક કહે છે કે જીવ પરતઃ છે=અજીવની વ્યાવૃત્તિ રૂપ જ છે. તેનાથી અતિરિક્ત કોઈ જીવ નથી. તેથી જીવને આશ્રયીને સ્વતઃ પરતઃ બે વિકલ્પ પડે છે. વળી, અક્રિયાવાદીના મતાનુસાર જે વિકલ્પો પડે છે. તેમાં જીવાદિ સાત પદાર્થોને આશ્રયીને વિકલ્પો પડે છે. પુણ્ય-પાપને આશ્રયીને વિકલ્પો પડતા નથી.

કેમ પુણ્ય-પાપને આશ્રયીને વિકલ્પો નથી ? તેનું તાત્પર્ય ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કરેલ નથી તેથી બહુશ્રુતો વિચારે.

વળી, તે સાત પદાર્થોને આશ્રયીને વિકલ્પ પાડ્યા પછી કાલથી જ સર્વ કાર્ય થાય છે. ઈશ્વરથી જ સર્વ કાર્ય થાય છે તેમ ૫ વિકલ્પથી અતિરિક્ત યદચ્છાથી સર્વ કાર્ય થાય છે તેમ માનનાર પણ એક મત છે. તેના મતાનુસાર સર્વ કાર્ય યદચ્છાથી જ થાય છે=જે પ્રકારે જેની ઇચ્છા હોય તે પ્રમાણે તે કાર્ય કરે છે. અર્થાત્ દરેક પદાર્થો કોઈ નિયત રીતે કાર્ય કરતા નથી. પરંતુ તે પ્રકારની પોતાની પરિણતિ અનુસાર પ્રવૃત્તિ કરે છે. અને કાલાદિ ૬ને આશ્રયીને જીવાદિ ૭ પદાર્થો ગ્રહણ કરવામાં આવે અને તેમાં સ્વતઃ અને પરતઃને આશ્રયીને વિકલ્પ કરવામાં આવે તો ૮૪ ભેદો પ્રાપ્ત થાય છે અને પદાર્થોને એકાંત ક્ષણિક સ્વીકારનાર આ મત હોવાથી નાસ્તિકવાદી છે અને તેના મતે મોક્ષ અર્થે કોઈ ક્રિયા નથી; કેમ કે દરેક પદાર્થો બીજી ક્ષણમાં નાશ પામે છે તેથી જે ક્ષણમાં જે પદાર્થ ઉત્પન્ન થાય છે તે પદાર્થની ઉત્પત્તિ જ ક્રિયા છે. તેના સિવાય અતિરિક્ત કોઈ ક્રિયા નથી અને તે ઉત્પત્તિરૂપ ક્રિયા જ ઉત્તરની વસ્તુને કરે છે તેથી તે કારક છે. આ પ્રમાણે અક્રિયાવાદીનો મત છે.

**ટીકા :-**

**'अण्णाणिय सत्तट्ठित्ति' अज्ञानिकानां सप्तषष्टिर्भेदा इति तत्र कुत्सितं ज्ञानमज्ञानम्, तदेषामस्तीति अज्ञानिकाः, नन्वेवं लघुत्वात् प्रक्रमस्य प्राक् बहुव्रीहिणा भवितव्यम्, ततश्चाज्ञाना इति स्यात्, नैष दोषः, ज्ञानान्तरमेवाज्ञानं मिथ्यादर्शनसहचरित्वात् ततश्च जातिशब्दत्वात् गौरखरवदरण्य-मित्यादिवदज्ञानिकत्वमिति अथवा अज्ञानेन चरन्ति तत्प्रयोजना वा अज्ञानिकाः असंवित्त्यकृतबन्ध-वैफल्यादिप्रतिपत्तिलक्षणा अमुनोपायेन सप्तषष्टिर्ज्ञातव्याः-तत्र जीवादिनवपदार्थान्पूर्ववत् व्यवस्थाप्य**

पर्यन्ते चोत्पत्तिमुपन्यस्याधः सप्त सदादय उपन्यसनीयाः, सत्त्वम् असत्त्वम्, सदसत्त्वम्, अवाच्यत्वम्, सदवाच्यत्वम्, असदवाच्यत्वम्, सदसदवाच्यत्वमिति च । एकैकस्य जीवादेः सप्त सप्त विकल्पाः । एते नवसप्तकाः त्रिषष्टिः । उत्पत्तेस्तु चत्वार एवाद्या विकल्पास्तद्यथा-सत्त्वमसत्त्वं सदसत्त्वम् अवाच्यत्वं चेति, त्रिषष्टिमध्ये क्षिप्ताः सप्तषष्टिर्भवन्ति ।

को जानाति जीवः सन्? इत्येको विकल्पः, ज्ञातेन वा किम्?, एवमसदादयोऽपि वाच्याः, उत्पत्तिरपि किं सतोऽसतः सदसतोऽवाच्यस्येति, को जानातीत्येतत्? न कश्चिदपीत्यभिप्रायः ।

**ટીકાર્થ :-**

अण्णाणिय ..... कश्चिदपीत्यभिप्रायः 'अण्णाणिय सत्तट्ठि'त्ति પ્રતીક છે. અજ્ઞાનવાદીના ૬૭ ભેદો છે. ત્યાં કુત્સિક જ્ઞાન અજ્ઞાન છે. તે જેઓને છે=અજ્ઞાન જેઓને છે તે અજ્ઞાનિકો, 'ननु'થી શંકા કરે છે. આ રીતે પ્રક્રમનું લઘુપણું હોવાથી પૂર્વમાં બહુવ્રીહિ સમાસથી થવું જોઈએ. તેથી 'अज्ञानाः' એ પ્રમાણે થવું જોઈએ. આ દોષ નથી=બહુવ્રીહિ સમાસ થવો જોઈએ એ દોષ નથી; કેમ કે જ્ઞાનાન્તર જ અજ્ઞાન છે.

કેમ જ્ઞાનાન્તર અજ્ઞાન છે ? તેમાં હેતુ કહે છે –

મિથ્યાદર્શનનું સહચરીપણું છે અને તેથી જાતિ શબ્દપણું હોવાથી 'ગૌરખરવાળું અરણ્ય' ઇત્યાદિની જેમ 'અજ્ઞાનિકત્વ' શબ્દ બન્યો છે. અથવા અજ્ઞાનથી ચરે છે અથવા તત્ પ્રયોજનવાળા=અજ્ઞાન પ્રયોજનવાળા અજ્ઞાની છે. અસંવિત્તિ અકૃતબંધ વૈફલ્યાદિના પ્રતિપત્તિ સ્વરૂપ અજ્ઞાની છે=અસંવિત્તિ કરીને કર્યો છે બંધના વૈફલ્યાદિ તેના સ્વીકારવાવાળા અજ્ઞાનીઓ છે. આ ઉપાયથી ૬૭ ભેદો જાણવા. ત્યાં=અજ્ઞાનીના ભેદોમાં, જીવાદિ નવપદાર્થોને પૂર્વની જેમ વ્યવસ્થાપન કરીને અને પર્યન્તમાં ઉત્પત્તિનો ઉપન્યાસ કરીને નીચે સાત સદાદિનો ઉપન્યાસ કરવો.

અને તે સાત સદાદિ બતાવે છે –

૧. સત્ત્વ ૨. અસત્ત્વ ૩. સદસત્ત્વમ્=સત્ત્વાસત્ત્વમ્ ૪. અવાચ્યત્વ ૫. સદવાચ્યત્વ=સદ્અવાચ્યત્વ ૬. અસદ્ અવાચ્યત્વ અને ૭. સદ્અસદ્ અવાચ્યત્વ એ પ્રમાણે છે. એક-એક એવા જીવાદિના સાત-સાત વિકલ્પો થાય છે.એ જીવાદિ નવના સાત વિકલ્પો ૬૩ થાય છે. (૭ x ૯=૬૩) વળી, ઉત્પત્તિના ચાર જ આદ્ય વિકલ્પો છે તે આ પ્રમાણે – ૧. સત્ત્વમ્ ૨. અસત્ત્વમ્ ૩. સત્ત્વાસત્ત્વમ્ અને ૪. અવાચ્યત્વં એ પ્રમાણે ૬૩માં ક્ષિપ્ત એવા ૪ ભેદો થવાથી ૬૭ ભેદો થાય છે.

કઈ રીતે વિકલ્પ પાડવા તે સ્પષ્ટ કરે છે –

કોણ જાણે છે ? જીવ છે ? એ એક વિકલ્પ જાણવાથી શું ? એ રીતે અસદ્ આદિ પણ કહેવા. ઉત્પત્તિ પણ શું ? સદ્ની, અસદ્ની, સદ્અસદ્ની કે અવાચ્યની છે. એ પ્રમાણે આ કોઈ જાણે છે ? કોઈ પણ જાણતો નથી એ અભિપ્રાય છે.

જીવ - અજીવ - આશ્રવ - બંધ - સંવર - નિર્જરા - પુણ્ય - અપુણ્ય - મોક્ષ ૯ પદાર્થો છે.

સત્ત્વ અસત્ત્વ સત્ત્વાસત્ત્વ અવાચ્યત્વ સત્‌અવાચ્યત્વ અસદ્‌અવાચ્યત્વ સદ્‌અસદ્‌અવાચ્યત્વ

જીવ પદાર્થ એકના સદાદિને આશ્રયીને સાત ભેદ થાય. તે જ રીતે અજીવાદિ દરેક પદાર્થના સાત ભેદ થાય.

૯x૭=૬૩ ભેદ થયા તેમાં ઉત્પત્તિના ચાર ભેદો ઉમેરતા

સત્ત્વ અસત્ત્વ સત્ત્વાસત્ત્વ અવાચ્યત્વ

જીવાદિના ૬૩ ભેદ+૪ ભેદ=૬૭ કુલ ભેદો થયા.

**ભાવાર્થ :-**

**અજ્ઞાનવાદી :-**

અજ્ઞાનવાદીના ભેદો જીવાદિ નવ પદાર્થોને આશ્રયીને છે. અને સ્યાદ્વાદની સપ્તભંગીના જે સાત વિકલ્પો કરે છે તે સાત વિકલ્પ અનુસાર 'स्यात् घटो अस्ति स्यात् घटो नास्ति ।।' ઇત્યાદિ સાત વિકલ્પ પડે છે. તેવા જ સાત વિકલ્પોને આશ્રયીને નવ પદાર્થોના વિકલ્પો પાડવાથી ૯ ગુણિયા ૭=૬૩ વિકલ્પોની પ્રાપ્તિ થાય છે. વળી અજ્ઞાનવાદી ઉત્પત્તિને આશ્રયીને ૪ વિકલ્પ પાડે છે. જે ચાર વિકલ્પો અનુસાર સત્ત્વ, અસત્ત્વ, સત્ત્વાસત્ત્વ, અને અવાચ્યત્વ રૂપ ચાર ભેદ પડે છે. જેમ સપ્તભંગીમાં આ ચાર વિકલ્પો પૂર્ણ પદાર્થને આશ્રયીને પડે છે અને બાકીના ત્રણ વિકલ્પો પદાર્થના એક દેશને આશ્રયીને પડે છે અને ઉત્પત્તિમાં પદાર્થનો દેશ સંભવે નહીં તેથી ઉત્પત્તિને આશ્રયીને તેના વિકલ્પો પડતા નથી. એ પ્રમાણે અમને ભાસે છે. અને આ સપ્તભંગીના વિષયમાં વિશેષ બોધ 'દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ'થી જાણવો. આ રીતે અજ્ઞાનવાદીની ૬૭ ભેદની પ્રાપ્તિ છે.

વળી, અજ્ઞાનવાદીનો પ્રથમ વિકલ્પ છે કે જીવ છે ? એ કોણ જાણે છે ? અથવા જીવને જાણવાથી શું ? એમ કહીને જ્ઞાનનો અભાવ જ આત્મા માટે શ્રેય છે. કારણ કે સર્વ ચિંતાઓ ઉપાધિઓ બોધથી જ થાય છે. માટે પદાર્થનું અજ્ઞાન જ જીવ માટે શ્રેય છે. આ પ્રકારની અજ્ઞાનવાદીની માન્યતા છે.

**ટીકા :-**

**'वेणइयाणं च बत्तीसंति' वैनयिकानां च द्वात्रिंशद्भेदाः, विनयेन चरन्ति विनयो वा प्रयोजनमेषामिति वैनयिकाः एते चानवधृतलिङ्गाचारशास्त्रविनयप्रतिपत्तिलक्षणा अमुनोपायेन द्वात्रिंशदवगन्तव्याः- सुरनृपतिज्ञातियतिस्थविराऽवममातृपितॄणां प्रत्येकं कायेन वाचा मनसा दानेन च देशकालोपपन्नेन विनयः कार्यः इत्येते चत्वारो भेदाः सुरादिष्वष्टसु स्थानेष्वेकत्र मेलिता द्वात्रिंशदिति ।**

**ટીકાર્થ :-**

**वेणइयाणं ..... द्वात्रिंशदिति ।। 'वेणइयाणं च बत्तीसंति' પ્રતીક છે. અને વૈનયિકોના બત્રીસ ભેદો છે. વિનયથી આચરણ કરે છે અથવા વિનય પ્રયોજન છે જેમને, તે વૈનયિકો અને આ વૈનયિકોના ભેદો અનવધૃત લિંગ, આચાર અને શાસ્ત્રથી વિનયની પ્રતિપત્તિરૂપ જાણવા=લિંગના બળથી, આચારના બળથી કે શાસ્ત્રના બળથી ભેદ કર્યા વગર વિનયના કરવા સ્વરૂપ વૈનયિકો જાણવા. આ ઉપાયથી=આગળ બતાવે છે તે ઉપાયથી, બત્રીશ જાણવા. દેવ-રાજા-જ્ઞાતિ-યતિ-સ્થવિર-અવમ-માતા-પિતા પ્રત્યેકનો દેશ-કાલથી ઉપપન્ન એવા કાયાથી વાણીથી મનથી અને દાનથી વિનય કરવો જોઈએ. આ પ્રમાણે ૪ ભેદો સુરાદિ આઠ સ્થાનોમાં એક ઠેકાણે ભેગા કરાયેલા બત્રીશ થાય છે. ।।**

**વૈનયિકો=વિનયવાદી**

**સુર - નૃપતિ - જ્ઞાતિ - યતિ - સ્થવિર - અવમ - માતા - પિતા**

**કાયાથી વાણીથી મનથી દાનથી**

**સુરના જેમ કાયાથી - વાણીથી - મનથી - દાનથી ચાર ભેદો થાય છે તે રીતે નૃપતિ આદિ દરેકના ચાર-ચાર ભેદો થાય.**

**સુરાદિ આઠના ચાર ભેદો=૮x૪=૩૨ કુલ ભેદો થાય.**

**ભાવાર્થ :-**

**વૈનયિકવાદી :-**

વૈનયિકો મિથ્યાદૃષ્ટિ જીવો છે. તેઓ સર્વત્ર વિનયને જ પ્રધાન કરનાર હોય છે અને તેઓ દેવ-રાજા વગેરે આઠને આશ્રયીને વિનય કરવો જોઈએ એ પ્રકારનો ઉપદેશ આપે છે. તેથી તેઓના મતાનુસાર વિનય જ ધર્મ છે અને તેઓના કુલ બત્રીશ ભેદો પ્રાપ્ત થાય છે; કેમ કે તેઓ કહે છે કે સુરાદિ આઠનો કાયાથી, વાણીથી, મનથી અને દાનથી જે દેશ અને જે કાલમાં જે પ્રમાણે વિનય સંગત થતો હોય તે પ્રકારે વિનય કરવો તે જ ધર્મ છે. તેથી સુરાદિ આઠનો કાયાદિ ચારથી વિનય કરવાથી ૮ ગુણિયા ૪=૩૨ ભેદ પ્રાપ્ત થાય છે.

વળી, વિનય ધર્મનું મૂળ હોવા છતાં વૈનયિકો અવિવેકપૂર્વક વિનયની પ્રવૃત્તિ સ્વીકારનાર હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. છતાં વિનય કરવાની પ્રવૃત્તિ હોવાથી ઉચિત ઉપદેશાદિની સામગ્રી પ્રાપ્ત કરીને યોગ્ય જીવો ધર્મને પ્રાપ્ત કરે છે.

**ટીકા :-**

**सर्वसङ्ख्या पुनरेतेषां त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि न चैतत् स्वमनीषिकाव्याख्यानम्, यस्मादन्यैरप्युक्तम् –**

"आस्तिकमतमात्माद्या, नित्यानित्यात्मका नव पदार्थाः ।
कालनियतिस्वभावेश्वराऽऽत्मकृताः स्वपरसंस्थाः ।।१।।

कालयदृच्छानियतीश्वरस्वभावाऽऽत्मतश्चतुरशीतिः ।
नास्तिकवादिगणमतं, न सन्ति सप्त स्वपरसंस्थाः ।।२।।

अज्ञानिकवादिमतं, नव जीवादीन् सदादि सप्तविधं ।
भावोत्पत्तिं सदसद्द्वैतावाच्यं च को वेत्ति? ।।३।।

वैनयिकमतं विनयश्चेतोवाक्कायदानतः कार्यः ।
सुरनृपतियतिज्ञातिस्थविराऽवममातृपितृषु सदा ।।४।।"

**कृतं प्रसङ्गेनेति ।।४२।।**

**ટીકાર્થ :-**

**सर्वसंङ्ख्या ..... प्रसङ्गेनेति ।। વળી, આમની=પાખંડીઓની, સર્વ સંખ્યા ૩૬૩ની છે. અને આ=૩૬૩ ભેદો, ગ્રંથકારશ્રીએ પોતાની બુદ્ધિથી વ્યાખ્યાન કર્યા નથી જે કારણથી અન્ય વડે કહેવાય છે -**

"આસ્તિક મત આત્માદિ નિત્યાનિત્યાત્મક નવ પદાર્થો છે. (જે નવ પદાર્થો) કાળ-નિયતિ-સ્વભાવ-ઈશ્વર-આત્મકૃત સ્વ અને પરમાં રહેલા છે. ।।૧।।

નાસ્તિકવાદી ગણનો મત કાલ-યદચ્છા-નિયતિ-ઈશ્વર-સ્વભાવ અને આત્માથી સ્વ-પર રહેલા સાત પદાર્થો 'ન सन्ति'=નથી. અર્થાત્ ક્ષણિક છે. એ પ્રમાણે ૮૪ ભેદો છે=અક્રિયાવાદીના ૮૪ ભેદો છે. ।।૨।।

અજ્ઞાનવાદીનો મત નવ જીવાદિને સદાદિ સપ્તવિધ ભાવ ઉત્પત્તિ સદ્-અસદ્-દ્વૈત અને અવાચ્ય કોણ જાણે છે ? એ પ્રમાણે માને છે. ।।૩।।

વૈનયિકમત વિનય ચિત્ત-વાણી-કાયા અને દાનથી કરવો જોઈએ.

કોનો કરવો જોઈએ ? તેથી કહે છે –

દેવ-રાજા-યતિ-જ્ઞાતિ-સ્થવિર-અવમ-માતા-પિતાનો સદા કરવો જોઈએ." ।।૪।। ()

**પ્રસંગથી સર્યું=પ્રસંગથી ગ્રંથકારશ્રીએ પાખંડીના ૩૬૩ ભેદોનું વર્ણન કર્યું તેનાથી હવે અધિક કહેવાનું સર્યું. ।।૪૨।।**

## आत्माद्यस्तित्वप्रतिपत्तिलक्षणानां क्रियावादिनां १८० भेदयन्त्रम्

| | | | | | |
|---|---|---|---|---|---|
| अस्ति जीवः<br>२०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>कालः स्व.<br>नि. ई. आ. | अस्त्यजीवः<br>४०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व. नि.<br>ई. आ. | अस्ति पुण्यम्<br>६०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व. नि.<br>ई. आ. | अस्ति पापम्<br>८०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व. नि.<br>ई. आ. | अस्त्याश्रवः<br>१००<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व. नि.<br>ई. आ. | अस्ति संवरः<br>१२०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व. नि.<br>ई. आ. |
| अस्ति निर्जरा<br>१४०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व. नि.<br>ई. आ. | अस्ति बन्धः<br>१६०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व.<br>ई. नि. आ. | अस्ति मोक्षः<br>१८०<br>स्वतः परतः<br>१० १०<br>नित्योऽनित्यः<br>५ ५<br>का. स्व.<br>ई. नि. आ. | | | |

## आत्मादिनास्तित्वप्रतिपत्तिलक्षणानामक्रियावादिनां ८४ भेदयन्त्रकम्

अत्रात्मनोऽसत्त्वान्नित्याऽनित्यभेदौ न स्तः ।

| | | | |
|---|---|---|---|
| नास्ति जीवः<br>१२<br>स्वतः परतः<br>६ ६<br>कालतः स्व. नि.<br>ई. आ. य. | नास्त्यजीवः<br>२४<br>स्वतः परतः<br>६ ६<br>का. स्व. ई. नि.<br>आ. य. | नास्त्याश्रवः<br>३६<br>स्वतः परतः<br>६ ६<br>का. स्व. ई. नि.<br>आ. य. | नास्ति संवरः<br>४८<br>स्वतः परतः<br>६ ६<br>का. स्व. ई. नि.<br>आ. य. |
| नारित निर्जरा<br>६०<br>स्वतः परतः<br>६ ६<br>का. स्व. ई. नि.<br>आ. य. | नास्ति बन्धः<br>७२<br>स्वतः परतः<br>६ ६<br>का. स्व. ई. नि.<br>आ. य. | नास्ति मोक्षः<br>८४<br>स्वतः परतः<br>६ ६<br>का. स्व. ई. नि.<br>आ. य. | |

**को जानाति ? किं वा ज्ञातेनेतिप्रतिपत्तिलक्षणानामज्ञानवादिनां ६७ भेदयन्त्रम्**

| | | | | | |
|---|---|---|---|---|---|
| को जानाति जीवः<br>ज्ञातेन वा किं?<br>सन् १ असन् २<br>सदसन् ३ अवाच्यः<br>४ सद्वाच्यः ५<br>असद्वाच्यः ६<br>सदसदवाच्यः ७ | को जाना.<br>अजीवः १४<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>पुण्यं २१<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>पापं २८<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>आश्रवं ३५<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>संवरं ४२<br>ज्ञा.<br>सन् इ. ७ |
| | | को जाना.<br>निर्जराम् ४९<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>बन्धं ५६<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>मोक्षं ६३<br>ज्ञा.<br>सन् इ. ७ | को जाना.<br>उत्पत्ति ४<br>सतः १,<br>असतः २,<br>सदसतः ३,<br>अवाच्यतः ४ |

**ભાવાર્થ :-**

આ ઉદ્ધરણના શ્લોકોથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ શ્લોક અનુસાર આત્માદિ નવ પદાર્થો ગ્રહણ કરવાથી નવ તત્ત્વની પ્રાપ્તિ છે અને તે નિત્ય અને અનિત્ય સ્વીકારવાથી તેના બે વિકલ્પોની પ્રાપ્તિ છે અને સ્વ-પર રહેલા સ્વીકારવાથી સ્વરૂપથી છે પરરૂપથી નથી તે બે વિકલ્પોની પ્રાપ્તિ છે અને કાલ-નિયતિ-સ્વભાવ-ઈશ્વર-આત્મકૃત કહેવાથી તે પાંચ કારણોમાંથી એક-એક કારણનો સ્વીકાર છે. તેથી ક્રિયાવાદીના ૧૮૦ ભેદોની પ્રાપ્તિ થાય છે.

શ્લોક-૨ અનુસાર નાસ્તિકવાદી મતની પ્રાપ્તિ થાય છે. અને તેમાં ૮૪ ભેદોની પ્રાપ્તિ છે; કેમ કે તેઓ જીવાદિ સાત પદાર્થો વિષયક સ્વતઃ પરતઃ સત્ અસત્ અર્થાત્ સ્વરૂપથી સત્ અને પરરૂપથી અસત્ એમ બે વિકલ્પ સ્વીકારે છે અને તેઓ ક્ષણિકવાદી હોવાથી 'न सन्ति' કહે છે. અને તે સાત પદાર્થના કાલ- યદૃચ્છા-નિયતિ-ઈશ્વર-સ્વભાવ આત્માને આશ્રયીને વિકલ્પો પાડે છે. તેથી ૮૪ ભેદોની પ્રાપ્તિ થાય છે.

વળી, શ્લોક ૩ અનુસાર અજ્ઞાનવાદી મત પ્રાપ્ત થાય છે. તેઓ જીવાદિ નવ પદાર્થને આશ્રયીને સદાદિ સાત પ્રકારના વિકલ્પો કરે છે. અર્થાત્ સપ્તભંગીના કરાતા સાત વિકલ્પો અનુસાર સાત વિકલ્પો સ્વીકારે છે અને ભાવ ઉત્પત્તિને આશ્રયીને ચાર વિકલ્પો કરે છે સત્, અસત્, દ્વૈત=સત્અસત્ રૂપ દ્વૈત, અને અવાચ્ય એમ ચાર વિકલ્પ સ્વીકારે છે. અને અજ્ઞાનવાદી છે તેથી કહે છે કોણ જાણે છે ? અર્થાત્ કોઈ જાણતું નથી.

માટે અજ્ઞાન જ કર્મના અબંધનું કારણ છે તેમ સ્વીકારે છે. તેથી કહે છે કે બોધના કારણે જ કર્મ બંધાય છે અને અજ્ઞાનને કારણે બંધનું વૈફલ્યાદિ થાય છે.

શ્લોક-૪ અનુસાર વૈનયિક મતની પ્રાપ્તિ થાય છે અને તે મત ચિત્તથી-વાણીથી-કાયાથી અને દાનથી વિનય કરવાનો કહે છે. અને તે વિનય સુરાદિ ૮નો કરવાનો કહે છે તેથી ૩૨ ભેદોની પ્રાપ્તિ છે. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**सम्यक्त्वस्य प्रदर्शिताः पञ्चातिचाराः, अथ प्रथमाणुव्रतस्य तानाह –**

**અવતરણિકાર્થ :-**

**સમ્યક્ત્વના પાંચ અતિચારો બતાવાયા. હવે પ્રથમ અણુવ્રતના તેઓને=અતિચારોને, કહે છે –**

**શ્લોક :-**

वधो बन्धश्छविच्छेदोऽतिभारारोपणं क्रुधः ।
भक्तपानव्यवच्छेदोऽतिचाराः प्रथमव्रते ।।४३।।

**અન્વયાર્થ :-**

क्रुधः=ક્રોધવાળા, वधो=વધ, बन्धच्छविच्छेदोऽतिभारारोपणं=બંધ, છવિચ્છેદ, અતિભારનું આરોપણ, भक्तपानव्यवच्छेदो=ભક્ત-પાનનો વ્યવચ્છેદ, प्रथमव्रते=પ્રથમવ્રતમાં, अतिचाराः=અતિચારો, છે. ।।૪૩।।

**શ્લોકાર્થ :-**

**ક્રોધવાળા વધ, બંધ, છવિચ્છેદ, અતિભારનું આરોપણ, ભક્તપાનનો વ્યવચ્છેદ પ્રથમ વ્રતમાં અતિચારો છે. ।।૪૩।।**

**ટીકા :-**

क्रुध इति पदं सर्वत्र योज्यते, तत्र 'क्रुधः' क्रोधात् वधो बन्धः छविच्छेदोऽतिभारारोपणं भक्तपानव्यवच्छेदश्चकारो गम्य इति पञ्चातिचाराः 'प्रथमव्रते' आद्याणुव्रते ज्ञेया इत्यन्वयः ।

तत्र 'वधः' चतुष्पदादीनां लगुडादिना ताडनम्, स च स्वपुत्रादीनामपि विनयग्रहणार्थं क्रियते, अत उक्तं 'क्रोधादिति' प्रबलकषायोदयाद्यो वधः स प्रथमोऽतिचार इति भावः १ ।

'बन्धो' रज्ज्वादिना नियन्त्रणम्, सोऽपि पुत्रादीनां क्रियत इति क्रुध इति संबध्यते इति द्वितीयोऽतिचारः २ ।

छविः-शरीरं त्वग्वा तस्याश्छेदश्छविच्छेदः-कर्णनासिकागलकम्बलपुच्छादिकर्त्तनम्, अयमपि क्रुध इत्येव, तेन पादवल्मीकोपहतपादस्य पुत्रादेस्तत्करणेऽपि नातिप्रसङ्ग इति तृतीयोऽतिचारः ३ ।

अतिशयितो भारोऽतिभारो वोढुमशक्य इतियावत्, तस्यारोपणंगोकरभरासभमनुष्यादेः स्कन्धे पृष्ठे शिरसि वा स्थापनम्, इहापि क्रोधात्तदुपलक्षितलोभाद्वेतियोज्यमिति चतुर्थोऽतिचारः ४ ।

भक्तम्=अशनमोदनादि, पानं=पेयं जलादि, तयोर्व्यवच्छेदो=निषेधः, क्रुध एवेति पञ्चमोऽतिचारः ५ ।

अत्र चायमावश्यकचूर्ण्याद्युक्तो विधिः-वधो द्विपदानां चतुष्पदानां वा स्यात्, सोऽपि सार्थकोऽनर्थको वा तत्रानर्थकस्तावद्विधातुं न युज्यते, सार्थकः पुनरसौ द्विविधः-सापेक्षो निरपेक्षश्च, तत्र निरपेक्षो निर्दयताडनम्, स न कर्त्तव्यः, सापेक्षः पुनः श्रावकेणादित एव भीतपर्षदा भवितव्यम्, यदि पुनः कोऽपि न करोति विनयम्, तदा तं मर्माणि मुक्त्वा लतया दवरकेण वा सकृद्द्विर्वा ताडयेत् १ ।

बन्धोऽपि तथैव, नवरं निरपेक्षो निश्चलमत्यर्थं च बन्धनम्, सापेक्षो यो दामग्रन्थिना शिथिलेन, यश्च प्रदीपनादिषु मोचयितुं छेत्तुं वा शक्यते, एवं चतुष्पदानां बन्धः, द्विपदानामपि दासदासी-चौरपारदारिकप्रमत्तपुत्रादीनां यदि बन्धः तदा सविक्रमणा एव बन्धनीयाः, रक्षणीयाश्च, यथाऽग्निभयादिषु न विनश्यन्ति, तथा द्विपदचतुष्पदाः श्रावकेण त एव संग्रहीतव्या ये अबद्धा एवासते २ ।

छविश्छेदोऽपि तथैव, नवरं निरपेक्षो हस्तपादकर्णनासिकादि यन्निर्दयं छिनत्ति,सापेक्षः पुनर्गडं वा अरुर्वा छिन्द्याद्वा दहेद्वेति ३ ।

तथाऽतिभारोऽपि नारोपयितव्यः, पूर्वमेव हि द्विपदादिवाहनेन याऽऽजीविका सा श्रावकेण मोक्तव्या, अथान्या सा न भवेत्, तदा द्विपदो यं भारं स्वयमुत्क्षिपति अवतारयति च तं वाह्यते, चतुष्पदस्य तु यथोचितभारः किञ्चिदूनः क्रियते हलशकटादिषु, पुनरुचितवेलायामसौ मुच्यते ४ ।

तथा भक्तपानव्यवच्छेदो न कस्यापि कर्त्तव्यः, तीक्ष्णबुभुक्षो ह्येवं सति म्रियते, स्वभोजनवेलायां तु ज्वरितादीन् विना नियमत एवान्यान् विधृतान् भोजयित्वा स्वयं भुञ्जीत, भक्तपाननिषेधोऽपि सार्थकाऽनर्थकभेदभिन्नो बन्धवद्द्रष्टव्यः, नवरं सापेक्षो रोगचिकित्सार्थं स्यात्, अपराधकारिणि च वाचैव वदेद्-अद्य ते भोजनादि न दास्यते, शान्तिनिमित्तं चोपवासादि कारयेत्, किं बहुना? मूलगुणस्याहिंसालक्षणस्यातिचारो यथा न भवति तथा यतनीयम्, अतः पड्डुकछागोत्पत्त्यादिकबहुदोषहेतुं महिष्यजादिसङ्ग्रहं च वर्जयेदिति । ननु हिंसैव श्रावकेण प्रत्याख्याता, ततो बन्धादिकरणेऽपि न दोषः हिंसाविरतेरखण्डितत्वात्, अथ बन्धादयोऽपि प्रत्याख्यातास्तदा तत्करणे व्रतभङ्ग एव, विरतिखण्डनात्, किञ्च-बन्धादीनां प्रत्याख्येयत्वे व्रतेयत्ता विशीर्येत, प्रतिव्रतमतिचाराणामाधिक्यादिति, एवं च न बन्धादीनामतिचारतेति ।

उच्यते, सत्यम्, हिंसैव प्रत्याख्याता, न बन्धादयः, केवलं तत्प्रत्याख्यानेऽर्थतस्तेऽपि प्रत्याख्याता द्रष्टव्याः, हिंसोपायत्वात्तेषाम् । एवं चेत्तर्हि वधादिकरणे व्रतभङ्ग एव, नातिचारो, नियमस्यापालनात् । मैवम्, यतो द्विविधं व्रतम्-अन्तर्वृत्त्या बहिर्वृत्या च, तत्र मारयामीतिविकल्पाभावेन यदा कोपाद्यावेशान्निरपेक्षतया वधादौ प्रवर्त्तते, न च हिंसा भवति, तदा निर्दयतया विरत्यनपेक्षप्रवृत्तत्वेनान्तर्वृत्त्या तस्य भङ्गः, हिंसाया अभावाच्च बहिर्वृत्त्या पालनमिति, देशस्यैव भज्जनाद्देशस्यैव पालनाददतिचार-व्यपदेशः प्रवर्त्तते, तदुक्तम् –

"न मारयामीतिकृतव्रतस्य, विनैव मृत्युं क इहातिचारः? ।
निगद्यते यः कुपितो वधादीन्, करोत्यसौ स्यान्नियमानपेक्षः ।।१।।
मृत्योरभावान्नियमोऽस्ति तस्य, कोपाद्दयाहीनतया तु भग्नः ।
देशस्य भङ्गादनुपालनाच्च, पूज्या अतीचारमुदाहरन्ति ।।२।।" ()

यच्चोक्तं 'व्रतेयत्ता विशीर्येत' इति, तदयुक्तम्, विशुद्धाहिंसासद्भावे हि वधादीनामभाव एव, तत्स्थितमेतत्-बन्धादयोऽतिचारा एवेति । यद्वाऽनाभोगसहसाकारादिनाऽतिक्रमादिना वा सर्वत्रातीचारता ज्ञेया, तत्रानाभोगोऽसावधानता सहसाकारोऽविमृश्यकारित्वम्, आहुश्च –

"पुव्वं अपासिऊणं, छूढे पायंमि जं पुणो पासे ।
न य तरइ निअत्तेउं, पायं सहसाकरणमेअं ।।१।।"

अतिक्रमादिस्वरूपं च-व्रतभङ्गाय केनचिन्निमन्त्रणे कृतेऽप्रतिषेधादतिक्रमः १, गमनादिव्यापारे तु व्यतिक्रमः २, क्रोधाद्वधबन्धादावतिचारः ३, जीवहिंसादौ त्वनाचारः ४, वधादिग्रहणस्य चोपलक्षणत्वात्क्रोधादिना हिंसादिहेतुमन्त्रतन्त्रौषधप्रयोगादयोऽन्येऽप्यतिचारतयाऽत्र व्रतेऽवगन्तव्याः ।।४३।।

**ટીકાર્થ :-**

क्रुध इति ..... अवगन्तव्याः ।। 'क्रुध' એ પદ સર્વત્ર યોજન કરાય છે=પાંચ અતિચારમાં યોજન કરાય છે. ત્યાં ક્રુધનો અર્થ 'ક્રોધથી' ગ્રહણ કરવો તેથી ક્રોધથી વધ, ક્રોધથી બંધ, ક્રોધથી છવિચ્છેદ= ચામડી આદિનો છેદ, ક્રોધથી અતિભારનું આરોપણ અને ક્રોધથી ભક્તપાનનો વ્યવચ્છેદ અને 'च' કાર શ્લોકમાં અધ્યાહાર છે. એથી પ્રથમવ્રતમાં=આદ્ય અણુવ્રતમાં, પાંચ અતિચારો જાણવા. એ પ્રમાણે અન્વય છે. ત્યાં=પાંચ અતિચારોમાં,

૧. વધ :- વધ ચતુષ્પદાદિને લાકડી વગેરેથી તાડન છે અને તે સ્વપુત્રાદિને પણ વિનયગ્રહણ માટે કરાય છે. આથી 'ક્રોધથી' એ પ્રમાણે કહેવાયું. એથી એ પ્રાપ્ત થાય કે પ્રબળ કષાયના ઉદયથી આદ્ય એવો વધ=તાડન, એ પ્રકારનો પ્રથમ અતિચાર છે. એ પ્રકારનો ભાવ છે.

૨. બંધ :- બંધ રજ્જુ આદિથી નિયંત્રણ છે. તે પણ પુત્રાદિને કરાય છે. એથી ક્રુધ એ પ્રમાણે સબંધિત કરાય છે. એથી ક્રોધથી રજ્જુ આદિનો બંધ એ બીજો અતિચાર છે.

૩. છવિચ્છેદ :- છવિ=શરીર અથવા ચામડી, તેનો છેદ તે છવિચ્છેદ છે=કર્ણ, નાસિકા, ગલકમ્બલ, પુચ્છાદિનું કર્તન છે=છેદન છે. આ પણ ક્રુધ='ક્રોધથી' જ છે. તેથી પાદવલ્મીકથી ઉપહત પગવાળા પુત્રાદિના તેના કરણમાં પણ=છવિચ્છેદના કરણમાં પણ, અતિપ્રસંગ નથી=અતિચારનો પ્રસંગ નથી. એ પ્રકારે ત્રીજો અતિચાર છે.

૪. અતિભારારોપણ :- અતિશયિત ભાર અતિભાર=વહન કરવા માટે અશક્ય એવો ભાર, તેનું આરોપણ=ગાય, ઊંટ, ગધેડો, મનુષ્યાદિના સ્કંધ ઉપર પીઠ ઉપર કે માથા ઉપર સ્થાપન કરવું. અહીં પણ ક્રોધથી અથવા ક્રોધ ઉપલક્ષિત લોભથી એ પ્રમાણે યોજન કરવું=ક્રોધથી કે લોભથી અતિભારનું આરોપણ કરે તે અતિચાર છે. તેનું વર્જન કરવું.

૫. ભક્તપાન વ્યવચ્છેદ :- ભક્ત-અશન એવું ઓદનાદિ છે. પાન પેય એવું જલાદિ છે. તે બેનો વ્યવચ્છેદ=નિષેધ, ક્રોધથી જ એ પ્રકારે પાંચમો અતિચાર છે.

અહીં=આના વિષયમાં=અતિચારના વિષયમાં, 'આવશ્યકચૂર્ણિ' આદિમાં કહેવાયેલી આ વિધિ -

૧. વધ બે પગવાળા અથવા ચાર પગવાળાનો થાય તે પણ સાર્થક અથવા અનર્થક થાય. ત્યાં અનર્થક કરવું યોગ્ય નથી=અનર્થક વધ કરવો યોગ્ય નથી. અને સાર્થક વળી આ=વધ, બે પ્રકારનો છે. સાપેક્ષ અને નિરપેક્ષ. ત્યાં નિરપેક્ષ નિર્દય તાડન છે. તે કરવું જોઈએ નહિ=નિર્દય તાડન છે તે કરવું જોઈએ નહિ. વળી, સાપેક્ષ શ્રાવકે પ્રથમથી જ ભીત પર્ષદાવાળા થવું જોઈએ=શ્રાવકે, પુત્રાદિ વગર તાડને કહેવા માત્રથી ભય પામે તેવું વર્તન કરવું જોઈએ. જો વળી કોઈપણ વિનય ન કરે તો મર્મોને છોડીને=મર્મસ્થાનોને છોડીને, તેને લાતથી કે દોરડાથી એક-બે વખત તાડન કરે.

૨. બંધ પણ તે પ્રકારે જ કરે=તાડનની જેમ યતનાપૂર્વક કરે. ફક્ત અત્યંત નિશ્ચલ બંધન નિરપેક્ષ બંધન છે. સાપેક્ષ જે દોરડાની શિથિલ ગાંઠથી છે અને જે પ્રદીપ આદિમાં છોડાવવા માટે કે છેદવા માટે શક્ય છે. એ રીતે ચતુષ્પદોનો બંધ છે. વળી, દ્વિપદો એવાં દાસ-દાસી-ચોર-પારદારિક-પ્રમત્ત પુત્રાદિનો જો બંધ છે તો સવિક્રમણ જ બંધ કરવો જોઈએ=છૂટી શકે એવા જ બાંધવા જોઈએ. અને રક્ષણ કરવા જોઈએ. જે પ્રમાણે અગ્નિ-ભયાદિમાં વિનાશ ન પામે અને દ્વિપદ-ચતુષ્પદાદિ શ્રાવકે તે જ સંગ્રહ કરવા જોઈએ જે બંધાયા વગર રહે.

૩. છવિચ્છેદ પણ તે પ્રમાણે જ છે=વધ અને બંધની જેમ જ છે. ફક્ત નિરપેક્ષ હસ્ત-પાદ-કર્ણ-નાસિકાદિ જે નિર્દય છેદે છે તે નિરપેક્ષ છે. સાપેક્ષ વળી ગડ અથવા અરૂને છેદે છે અથવા બાળે છે.

૪. અતિભારારોપણ – અતિભાર પણ આરોપણ કરવો જોઈએ નહીં જે કારણથી શ્રાવકે પૂર્વમાં જ બે પગ આદિના વાહન દ્વારા આજીવિકા કરવી જોઈએ નહિ.

હવે અન્ય તે=આજીવિકા, ન થાય, તો બે પગવાળો પુરુષ જે ભારને સ્વયં જ ગ્રહણ કરે છે અને ઉતારે છે તે જ વહન કરાવો જોઈએ. અને ચતુષ્પદને યથા ઉચિતભાર કંઈક ઊન=ન્યૂન, હળ-શકટ આદિમાં કરાય છે. વળી, ઉચિતવેળામાં આ=ચતુષ્પદ, મુકાય છે=ભારથી મુક્ત કરાય છે.

૫. ભક્ત-પાન-વ્યવચ્છેદ – ભક્તપાનનો વ્યવચ્છેદ કોઈને પણ કરવો જોઈએ નહિ. જે કારણથી આ રીતે તીક્ષ્ણ=અતિશય, ભૂખવાળો મૃત્યુ પામે છે. વળી, સ્વભોજનવેળામાં તાવ આદિ વગરના અન્ય એવા પોતાના પરિવારને નિયમથી ભોજન કરાવીને સ્વયં ભોજન કરવું જોઈએ. ભક્ત-પાનનો નિષેધ પણ સાર્થક-અનર્થક ભેદવાળો બંધની જેમ જાણવો. ફક્ત સાપેક્ષ રોગ-ચિકિત્સા માટે છે. અને અપરાધ કરનારામાં આજે તને ભોજનાદિ અપાશે નહીં એ પ્રમાણે વાચાથી જ કહેવું અને શાંતિ નિમિત્તે ઉપવાસ આદિ કરાવો જોઈએ. વધારે શું કહેવું ? અહિંસા લક્ષણ મૂલગુણનો જે રીતે અતિચાર ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ. આથી જ પાડા-બોકડાની ઉત્પત્તિ આદિ બહુદોષના હેતુ એવા ભેંસ-બકરી આદિનો સંગ્રહ શ્રાવકે વર્જન કરવો જોઈએ.

'ननु'થી શંકા કરે છે – શ્રાવક વડે હિંસાનું પ્રત્યાખ્યાન કરાયું છે તેથી બંધાદિના કરણમાં પણ દોષ નથી; કેમ કે હિંસાની વિરતિનું અખંડિતપણું છે અને જો બંધાદિ પણ પ્રત્યાખ્યાન કરાયા, તો તેના કરણમાં વ્રતભંગ જ છે; કેમ કે વિરતિનું ખંડન છે=હિંસાની વિરતિનું ખંડન છે. વળી, બંધાદિનું પ્રત્યાખ્યેયપણું હોતે છતે=પ્રત્યાખ્યાન કરવા યોગ્યપણું હોતે છતે, વ્રતની મર્યાદા વિશીર્ણ થશે=વ્રતની સંખ્યા રહેશે નહિ; કેમ કે દરેક વ્રતના અતિચારનું આધિક્ય છે=દરેક વ્રતને આશ્રયીને અતિચારોનું અધિકપણું પ્રાપ્ત થવાથી વ્રતની ૧૨ની મર્યાદા રહેશે નહીં પરંતુ વ્રતની અધિક સંખ્યા પ્રાપ્ત થશે અને એ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, બંધાદિની અતિચારિતા નથી.

'इति' શબ્દ પૂર્વપક્ષની શંકાની સમાપ્તિ માટે છે.

તેનો ઉત્તર ગ્રંથકારશ્રી આપે છે –

'તારી વાત સાચી છે.' હિંસા જ પ્રત્યાખ્યાન કરાય છે, બંધાદિ નહિ. ફક્ત તેના પ્રત્યાખ્યાનમાં=હિંસાના પ્રત્યાખ્યાનમાં, અર્થથી તે પણ=બંધાદિ પણ, પ્રત્યાખ્યાન કરાયેલા જાણવા; કેમ કે તેઓનું=બંધાદિનું, હિંસાનું ઉપાયપણું છે. આ રીતે તો વધાદિ કરણમાં વ્રતભંગ જ છે. અતિચાર નથી; કેમ કે નિયમનું અપાલન છે. એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું. જે કારણથી બે પ્રકારનું વ્રત છે. અંતઃવૃત્તિથી અને બહિર્વૃત્તિથી. ત્યાં=બે પ્રકારના વ્રતમાં, હું મારું છું એ પ્રમાણેના વિકલ્પનો અભાવ હોવાથી જ્યારે ક્રોધના આવેશથી નિરપેક્ષપણાથી વધાદિમાં પ્રવર્તે છે અને હિંસા થતી નથી ત્યારે નિર્દયપણાને કારણે વિરતિથી અનપેક્ષપ્રવૃત્તપણું હોવાને કારણે અંતઃવૃત્તિથી=જીવના પરિણામથી, તેનો ભંગ છે=વ્રતનો ભંગ છે, અને હિંસાનો અભાવ હોવાને કારણે બહિર્વૃત્તિથી પાલન છે. એથી દેશના જ ભંગના કારણે અને દેશના પાલનને કારણે અતિચારનો વ્યપદેશ પ્રવર્તે છે. તે કહેવાયું છે.

"હું મારું નહીં એ પ્રમાણે કરાયેલા વ્રતવાળાને મૃત્યુ વગર=સામા જીવના મૃત્યુ વગર, અહીં=તાડનાદિની ક્રિયામાં,

શું અતિચાર છે ? તેનો ઉત્તર આપે છે. જે કુપિત વધાદિ કરે છે. આ=વધાદિ કરનાર શ્રાવક, નિયમના અનપેક્ષાવાળો છે=વ્રતની અપેક્ષા વગરનો છે. ॥૧॥

મૃત્યુનો અભાવ હોવાથી તેનો નિયમ છે=તેનું વ્રત છે. કોપને કારણે દયાહીનપણું હોવાથી વળી ભગ્ન છે=તેનું વ્રત ભગ્ન છે. દેશના ભંગના કારણે અને દેશના અનુપાલનને કારણે, પૂજ્યો અતિચાર કહે છે." ॥૨॥ ()

**જે પ્રમાણે કહેવાયું=શંકાકાર વડે કહેવાયું. વ્રતની મર્યાદા વિશીર્ણ થશે=વ્રતની સંખ્યા ૧૨ કરતાં અધિક પ્રાપ્ત થશે તે અયુક્ત છે; કેમ કે વિશુદ્ધ અહિંસાનો સદ્ભાવ હોતે છતે વધાદિનો અભાવ જ છે. તે કારણથી આ બંધાદિ અતિચાર જ છે. એ પ્રમાણે સ્થિત છે અથવા અનાભોગ-સહસાત્કાર આદિ દ્વારા અથવા અતિક્રમણાદિ દ્વારા સર્વત્ર અતિચારતા જાણવી=વધ, બંધાદિમાં અતિચારતા જાણવી. ત્યાં અનાભોગ અસાવધાનતા છે અને સહસાત્કાર વિચાર્યા વગર કારીપણું છે. અને કહ્યું છે.**

"પૂર્વમાં જોયા વગર પગ મૂકે છતે (અનાભોગ છે) જે વળી 'પાસે'=જુએ છે અને પગનું નિવર્તન કરવા માટે સમર્થ થતો નથી=દેખાતા જીવનું રક્ષણ કરવા માટે સમર્થ થતો નથી. એ સહસાત્કાર છે." ()

**અને 'અતિક્રમ' આદિનું સ્વરૂપ - વ્રતભંગ માટે કોઈક વડે નિમંત્રણ કરાયે છતે અપ્રતિષેધથી અતિક્રમ છે. ગમનાદિ વ્યપાર કરાયે છતે વળી વ્યતિક્રમ છે. ક્રોધથી વધ-બંધાદિમાં અતિચાર છે. વળી, જીવહિંસાદિમાં અનાચાર છે અને વધાદિના ગ્રહણનું ઉપલક્ષણપણું હોવાથી ક્રોધાદિથી હિંસાદિ હેતુ મંત્ર-તંત્ર-ઔષધ-પ્રયોગાદિ અન્ય પણ આ વ્રતમાં અતિચારપણાથી જાણવા. ॥૪૩॥**

**ભાવાર્થ :-**

**સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતના અતિચાર :-**

જે શ્રાવક સમ્યક્ત્વના પાંચ અતિચારના પરિહારપૂર્વક પ્રથમ અણુવ્રત ગ્રહણ કરે છે='મારે ત્રસ જીવોની હિંસા કરવી નહિ' એ પ્રમાણે પ્રથમ અણુવ્રત સ્વીકારે છે તે શ્રાવકને પ્રમાદને વશ પ્રથમ અણુવ્રતમાં પાંચ અતિચારોની પ્રાપ્તિ છે.

જેમ ક્રોધને વશ કોઈને તાડન કરે તો પ્રથમ અતિચારની પ્રાપ્તિ થાય. ત્યાં ક્રોધનો અર્થ કર્યો કે પ્રબલ કષાયના ઉદયથી. એથી એ પ્રાપ્ત થાય કે પુત્રાદિને વિનય માટે કે તેના ભાવિના હિત માટે તાડન કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ નથી પરંતુ કોઈના વર્તનને પોતે સહન ન કરી શકે અને તેના અનુચિત વર્તનને કારણે પ્રબળ કષાયનો ઉદય થાય અને તાડન કરે તો પ્રથમ વ્રતમાં 'વધ' નામનો અર્થાત્ 'તાડન' નામનો અતિચાર પ્રાપ્ત થાય છે. વળી રજ્જુ આદિથી કોઈને ગુસ્સાથી બાંધવામાં આવે ત્યારે 'બંધ' નામનો બીજો અતિચાર પ્રાપ્ત થાય છે. વળી, કોઈના પ્રત્યે ગુસ્સો આવવાથી તેના શરીરના કોઈ અવયવનો છેદ કરવામાં આવે ત્યારે 'છવિચ્છેદ' નામનો ત્રીજો અતિચાર પ્રાપ્ત થાય છે. વળી ક્રોધને વશ કે લોભને વશ પશુ આદિ ઉપર કે મનુષ્ય આદિ ઉપર અધિક ભાર આરોપણ કરવામાં આવે તો દયાનો પરિણામ ઘવાય છે તેથી

અહિંસા વ્રતમાં ચોથો અતિચાર પ્રાપ્ત થાય છે. વળી, ક્રોધને વશ તેઓને ભોજનાદિનો વ્યવચ્છેદ કરવામાં આવે ત્યારે પહેલા અણુવ્રતમાં પાંચમો અતિચાર પ્રાપ્ત થાય છે.

અતિચારના વિષયમાં 'આવશ્યક ચૂર્ણિ'માં આ પ્રકારનું કથન છે –

બે પગવાળાં એવાં દાસ-દાસી અને ચાર પગવાળાં એવાં પશુઓને તાડનરૂપ વધ થાય છે. તે તાડન પણ પ્રયોજનવાળું હોય છે. અર્થાત્ તેઓને ઉચિત પ્રવૃત્તિમાં યોજન કરવાના પ્રયોજનવાળું હોય છે અને અનર્થક પણ હોય છે. અર્થાત્ પોતાના અસહિષ્ણુ સ્વભાવને કારણે તેઓની કોઈક પ્રવૃત્તિ જોઈને તેઓના પ્રત્યે ગુસ્સો આવવાથી તાડન કરાય છે અને તે પ્રકારનું તાડન શ્રાવકે કરવું ઉચિત નથી અને કરે તો વ્રતભંગ જ થાય. વળી પ્રયોજનવાળું તાડન બે પ્રકારનું છે ૧. સાપેક્ષ. ૨. નિરપેક્ષ. જેમ કોઈને ઉચિત કૃત્ય કરાવવાના પ્રયોજનથી તાડન કરવામાં આવે ત્યારે પણ નિર્દય તાડન કરે તો તે નિરપેક્ષ તાડન છે અને તેવું તાડન શ્રાવકે કરવું જોઈએ નહીં અને સાર્થક એવું સાપેક્ષ તાડન કરવાનો પણ પ્રસંગ ન આવે તેના માટે શ્રાવકે પ્રથમથી તે પ્રકારે દાસ-દાસી કે પશુ આદિ રાખવાં જોઈએ કે જેથી તેઓને તાડન કરવાનો પ્રસંગ ન આવે. આથી જ દયાળુ સ્વભાવવાળા શ્રાવકો પશુ આદિને પણ તે રીતે જ રાખે છે, દાસદાસીને પણ તે જ રીતે રાખે છે કે જેથી તેઓ હંમેશાં શ્રાવકના ઉચિત વર્તનને જોઈને ઉચિત પ્રવૃત્તિ કરનારાં બને છે અને કોઈ ભૂલ થશે તો પોતાને ઠપકો મળશે એવા ભયથી ક્યારેય અનુચિત પ્રવૃત્તિ કરતાં નથી. આમ છતાં કોઈ શ્રાવકને એવાં દાસ-દાસીની અપ્રાપ્તિને કારણે કે કોઈ અન્ય કારણે તે દાસ-દાસી વિનય ન કરે તોપણ તેઓને નિર્દયપણાથી તાડન કરવું જોઈએ નહીં પરંતુ તેનાં મર્મસ્થાનોને લાગે નહીં તે રીતે એક-બે વખત તાડન કરે જેથી અહિંસાવ્રતમાં અતિચારની પ્રાપ્તિ ન થાય. વળી બંધ પણ દોરડાથી તેવો નિશ્ચલ બાંધે નહિ; કેમ કે નિશ્ચલબંધ નિરપેક્ષ બંધ છે અને તે રીતે બાંધવાથી અગ્નિ આદિમાં તેનું મૃત્યુ થવાનો પ્રસંગ આવે અને બહુ તોફાન આદિ કરતા હોય ત્યારે સાપેક્ષપણે દોરડાથી શિથિલ બાંધે જેથી અગ્નિ આદિના પ્રસંગમાં સુખપૂર્વક તેઓનું રક્ષણ થાય. વળી, તેવા કોઈક પ્રસંગથી તેઓને બાંધ્યા હોય ત્યારે અગ્નિ આદિ ઉપસ્થિત થાય તો શ્રાવકે તેઓનું રક્ષણ કરવા ઉચિત યત્ન કરવો જોઈએ. વળી, શ્રાવકે તેવાં જ પશુ આદિ કે દાસ-દાસી આદિ સંગ્રહ કરવાં જોઈએ કે જેમને બાંધવાની આવશ્યકતા રહે નહિ. તેથી બાંધવાકૃત ક્લેશનો પરિણામ પ્રાપ્ત થાય નહિ. વળી, ચામડીનો છેદ પણ શ્રાવકે નિરપેક્ષ રીતે કરવો જોઈએ નહીં પરંતુ કોઈ રોગ આદિને કારણે ગૂમડા આદિનો છેદ કરે તો દોષ નથી. વળી, શ્રાવકે બે પગવાળા મનુષ્ય પાસેથી કે પશુઓ પાસેથી કામ કરાવવું પડે તેવી આજીવિકા કરવી જોઈએ નહિ; કેમ કે તે પ્રકારની આજીવિકામાં બીજા જીવોને સંત્રાસ થવાને કારણે હૈયું કઠોર બને છે. પરંતુ અન્ય રીતે આજીવિકા ન થાય તો તેઓના ઉપર અતિશય ભારનું આરોપણ કરવું જોઈએ નહિ. વળી, ભારવહનનું કાર્ય પૂરું થાય કે તરત તેઓને તે ભારથી મુક્ત કરવાં જોઈએ જેથી બીજા જીવોની પીડા જોઈને પોતાના દયાળુ ચિત્તનું રક્ષણ થાય. વળી, દાસ-દાસી વગેરેને આહાર-પાણીનો વ્યવચ્છેદ શ્રાવકે કરવો જોઈએ નહિ. ફક્ત સ્વભોજનવેળામાં તેઓ જ્વર આદિવાળા હોય તો તેઓને ભોજન કરાયા વગર પણ પોતે ભોજન કરે તે સિવાય પોતાને આશ્રિત જે કોઈપણ હોય તે સર્વને ભોજન કરાવે પછી જ શ્રાવક ભોજન કરે. જેથી પોતાને આશ્રિત સર્વની

ઉચિત ચિંતા કરવાને અનુકૂળ દયાનો પરિણામ રહે અને જો શ્રાવક તેમ ન કરે અને બધાની ઉપેક્ષા કરીને સ્વયં ભોજન કરે તો બીજાની પીડા પ્રત્યેના કઠોર પરિણામને કારણે પોતાના અહિંસારૂપ અણુવ્રતમાં મલિનતા થાય છે. વિશેષથી શું ? પહેલાં અહિંસા લક્ષણ મૂળગુણનો અતિચાર ન થાય તે પ્રકારે શ્રાવકે યત્ન કરવો જોઈએ. આથી જ ભેંસ-બકરી વગેરેના ઉછેરમાં નવા નવા જીવોની ઉત્પત્તિ વગેરે અનેક દોષોની પ્રાપ્તિ છે. તેથી તેવાં કાર્ય શ્રાવકે વર્જન કરવાં જોઈએ.

અહીં કોઈ શંકા કરે છે કે શ્રાવકે હિંસા નહીં કરવાનું પચ્ચક્ખાણ કરેલ છે, તેથી તે તાડનાદિ કરે તેમાં કોઈ દોષ નથી; કેમ કે તાડનાદિ કરવા છતાં તે જીવની હિંસા થઈ નથી માટે અહિંસાવ્રતનું પાલન છે. જો એમ કહેવામાં આવે કે હિંસાવ્રતનું પ્રત્યાખ્યાન કરેલું છે તેમ તાડનાદિનું પણ પચ્ચક્ખાણ કરેલ છે માટે તાડનાદિ કરવામાં વ્રતનો ભંગ જ પ્રાપ્ત થાય. પરંતુ વ્રતના અતિચારો પ્રાપ્ત થાય નહિ; કેમ કે હિંસા અને તાડનાદિ સર્વનું પ્રત્યાખ્યાન છે. વળી હિંસા અને તાડનાદિનું પચ્ચક્ખાણ છે એમ સ્વીકારવામાં આવે તો એક હિંસાવ્રત થવાને બદલે હિંસા-તાડનાદિ મળીને વ્રતની સંખ્યા હિંસાને આશ્રયીને ૬ની પ્રાપ્તિ થાય અને તેમ સ્વીકારવાથી દરેક વ્રતોના અતિચાર સહિત વ્રતની સંખ્યા ગણવાથી ૧૨ વ્રતોની સંખ્યાની મર્યાદા રહે નહીં માટે બંધાદિનો અતિચાર કહી શકાય નહિ. આ પ્રકારની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

શ્રાવક હિંસાનું પ્રત્યાખ્યાન કરે છે, તે વખતે અર્થથી વધાદિનું પણ પચ્ચક્ખાણ થાય છે; કેમ કે દયાળુ સ્વભાવના રક્ષણ અર્થે કોઈના પ્રાણ નાશ કરવા ઉચિત નથી તેમ કોઈને પીડા આદિ કરવી પણ ઉચિત નથી અને તેમ સ્વીકારવાથી વધાદિ કરણમાં વ્રત ભંગ થશે. અતિચારની પ્રાપ્તિ નહીં થાય એ પ્રકારની શંકા કરવી નહિ; કેમ કે વ્યવહારનયની દૃષ્ટિથી વ્રત બે પ્રકારનું છે. બાહ્ય આચરણારૂપે અને અંતરંગ પરિણામરૂપ છે અને અંતઃપરિણામરૂપ વ્રત દયાળુ પરિણામ સ્વરૂપ છે અને બાહ્ય આચરણારૂપ વ્રત અહિંસાના કૃત્યરૂપ છે. તેથી કોઈ શ્રાવક 'આને હું મારી નાખું' એ પ્રકારના વિકલ્પ વગર ક્રોધાદિના આવેશથી નિરપેક્ષપણાપૂર્વક તાડનાદિમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે અંતરંગ વૃત્તિથી દયાનો પરિણામ નાશ પામે છે. તેથી વ્રત ભંગ થાય છે તોપણ બાહ્ય રીતે તે જીવોની હિંસા થઈ નથી તે દૃષ્ટિથી વ્રતનું રક્ષણ છે. આથી જ કોઈ શ્રાવકને સાક્ષાત્ કોઈને મારી નાખવાનો પરિણામ થયો હોય અને મારવા માટે પોતાનાથી શક્ય યત્ન કર્યો હોય છતાં તે જીવ મરે નહીં ત્યારે અંતઃવૃત્તિથી વ્રતનો નાશ થયો હોવા છતાં બહિર્ આચરણાથી પ્રાણીવધ થયેલો નહીં હોવાથી અતિચાર કહેવાય છે. આથી જ સિંહગુફાવાસી મુનિએ કોશા વેશ્યા પાસે કામની માંગણી કરી છતાં કાયાથી ભોગની પ્રવૃત્તિ થઈ ન હોવાથી અંતઃવૃત્તિથી ચોથું મહાવ્રત નાશ થયું હોવા છતાં બહિર્વૃત્તિથી મહાવ્રતનું પાલન હોવાને કારણે ચોથા વ્રતમાં અતિચાર સ્વીકારાય છે. માટે નિર્દયતાથી તાડનાદિ કરનારા શ્રાવકમાં ભાવથી વ્રત ભંગ હોવા છતાં તે પ્રવૃત્તિ કર્યા પછી પશ્ચાત્તાપ આદિ થાય અને તેની શુદ્ધિ અર્થે ગુરુ પાસે તે શ્રાવક પ્રાયશ્ચિત્ત માંગે ત્યારે અતિચારને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપે છે. અનાચારને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આવતું નથી અને જો હિંસા કરી હોય તો અનાચારનું પ્રાયશ્ચિત્ત આપે છે.

વળી, અતિચારની વિચારણા અન્ય રીતે પણ કરાય છે. જે શ્રાવકે અહિંસાવ્રતને સ્વીકાર્યું છે, દયાળુ સ્વભાવવાળો છે, તેથી તાડનાદિ ન થાય તેવા ઉચિત યત્નપૂર્વક સર્વ ઉચિત વ્યવહાર કરે છે. આમ છતાં ક્યારેક અનાભોગ સહસાત્કારથી તાડનાદિ થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. અથવા અતિક્રમ આદિથી અતિચારની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે – દયાળુ શ્રાવક અહિંસાવ્રતના રક્ષણ અર્થે સર્વ દાસ-દાસી સાથે દયાળુ સ્વભાવથી વર્તન કરે છે છતાં કોઈક એવા નિમિત્તને પામીને અસાવધાનતાને કારણે અર્થાત્ વ્રતની અનુપસ્થિતિને કારણે ગુસ્સો આવે અને તાડન કરે તે અનાભોગથી તાડન કહેવાય છે. વળી, ક્યારેક વ્રતની ઉપસ્થિતિ હોવા છતાં વ્રતનો વિચાર કર્યા વગર સહસા પ્રવૃત્તિ થાય ત્યારે સહસાત્કારથી તાડનાદિ થાય છે.

અનાભોગ અને સહસાત્કારના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે સાક્ષીપાઠ આપે છે. તેનો અર્થ આ પ્રમાણે છે –

પૂર્વમાં જોયા વગર પગ મૂકવામાં આવે ત્યારે જીવરક્ષા વિષયક અનાભોગ વર્તે છે=અનુપયોગ વર્તે છે તેમ પ્રસ્તુતમાં પણ દાસ-દાસી સાથે તાડનાદિની પ્રવૃત્તિકાળમાં વ્રતનું સ્મરણ ન થાય તે અનાભોગ વર્તે છે. વળી, જે જીવો છે તેમ જુએ છે છતાં પગનું નિવર્તન કરવા માટે સમર્થ થતો નથી તે સહસાત્કાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે જોવા માટે યત્ન કરે છે છતાં ત્વરાથી ગમનને કારણે જીવ દેખાય છે તોપણ તેના રક્ષણ માટે પગનું નિવર્તન કરી શકતો નથી, તે સહસાત્કાર દોષ છે. તેમ પોતાના વ્રતાનુસાર મારે ગુસ્સો કરવો ન જોઈએ તેવો શ્રાવકનો પરિણામ હોવા છતાં દાસ-દાસીની તેવી પ્રવૃત્તિ જોઈને વિચાર્યા વગર સહસા કોપને વશ તાડનાદિ થઈ જાય છતાં તરત જ નિવર્તનનો પરિણામ થાય છે, તે સહસાત્કાર છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અનાભોગથી અને સહસાત્કારથી થતી પ્રવૃત્તિકાળમાં પોતાના વ્રતના રક્ષણનો પરિણામ અંતઃવૃત્તિથી સર્વથા ગયો નથી. પરંતુ વ્રતની અનુપસ્થિતિને કારણે કે દાસ-દાસીના તેવા અનુચિત વર્તનને કારણે સહસા એવી પ્રવૃત્તિ થવા છતાં વ્રત પ્રત્યેનો અંતરંગ પરિણામ વિદ્યમાન હોવાથી શ્રાવક તે તાડનાદિની પ્રવૃત્તિથી નિવૃત્ત થાય છે. તોપણ વ્રત પ્રત્યેનો દૃઢ ઉપયોગ નહીં હોવાને કારણે અનાભોગથી કે સહસાત્કાર દોષની પ્રાપ્તિ થાય છે માટે તેટલા અંશથી વ્રત મલિન થાય છે.

વળી, અતિક્રમ આદિ થાય છે. તે આ રીતે –

વ્રત ભંગ માટે કોઈક નિમંત્રણ કરે અને તેનો પ્રતિષેધ ન કરે તો તે અતિક્રમ છે. જેમ દાસ-દાસીના કોઈ વર્તનને જોઈને કોઈ કહે કે આ લોકોને તાડન જ કરવું જોઈએ તો આ સીધા ચાલે અને બરાબર કામ કરે. તે વખતે તેનો પ્રતિષેધ ન કરવામાં આવે તો મૌનથી તે કરવા પ્રત્યેનો કંઈક પરિણામ થાય છે છતાં તેવું કૃત્ય કરે નહીં તે વખતે અતિક્રમરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે કોઈકનાં તે વચનો સાંભળીને પોતાને પણ દાસ-દાસીને તે પ્રકારે તાડન કરવાનો પરિણામ કંઈક સૂક્ષ્મ થાય છે. ફક્ત દયાળુ સ્વભાવને કારણે તે પ્રકારની પ્રવૃત્તિ કરી નથી. વળી કોઈકના તે પ્રકારના વચનને સાંભળીને તાડનાદિ કરવાના પ્રયોજનથી તાડન કરવા માટે ઉત્થિત થાય પરંતુ તાડન કર્યું ન હોય ત્યારે વ્યતિક્રમ નામનો અતિચાર પ્રાપ્ત

થાય છે; કેમ કે અતિક્રમ કરતાં કંઈક અધિક કઠોર પરિણામ થયો છે. વળી, ક્રોધને વશ તાડનાદિ કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે વ્યતિક્રમ કરતાં પણ અધિક કઠોર પરિણામ છે. આથી જ મારવાને અભિમુખ થયેલી અવસ્થારૂપ વ્યતિક્રમ કરતાં મારવાની ક્રિયાકાળમાં વિશેષ સંકલેશવાળો પરિણામ વર્તે છે. માટે અતિચાર છે. વળી, તાડનાદિ દ્વારા તે જીવની હિંસાદિ પ્રાપ્ત થાય તો અનાચાર પ્રાપ્ત થાય જેનાથી વ્રતભંગની પ્રાપ્તિ છે. આમ છતાં કોઈક જીવ આવેગને વશ તે પ્રકારે તાડન કરે અને તે જીવની હિંસા ન થાય અને શ્રાવકને પોતાના કૃત્યનો પાછળથી પશ્ચાત્તાપ થાય અને તેનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવા માટે યત્ન કરે ત્યારે તેના અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારને અનુરૂપ પ્રાયશ્ચિત્ત અપાય છે. અને હિંસાદિ થયેલ હોય તો વ્રતભંગને અનુરૂપ પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી, વધાદિ પાંચ અતિચારો બતાવાયા છે તે ઉપલક્ષણ છે. તેથી જેમ ક્રોધાદિથી કોઈ જીવ તાડનાદિમાં પ્રવર્તે તો પ્રથમ અણુવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. તેમ ક્રોધાદિથી કોઈ શત્રુ આદિને મારવા માટે મંત્ર-તંત્ર-ઔષધ-પ્રયોગ આદિ કરે અને તે જીવનું મૃત્યુ થયું ન હોય તો તે મંત્ર-તંત્ર પ્રયોગ કરનાર શ્રાવકને પ્રથમ અણુવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રાવકે નિત્ય પોતાના વ્રતની મર્યાદાનું સ્મરણ કરીને અને વ્રતમાં કઈ-કઈ રીતે અતિચારોનો સંભવ છે તેનું સ્મરણ કરીને અતિચારના પરિહાર માટે ઉચિત યત્ન કરવો જોઈએ અને પોતાનાં સ્વીકારાયેલાં વ્રતો કઈ રીતે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને તે પ્રકારે સદા ચિંતવન કરવું જોઈએ. જેથી શ્રાવકનાં વ્રતો સર્વવિરતિની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને.

જે શ્રાવકો વ્રતો ગ્રહણ કર્યા પછી અતિચારોનું નિત્ય સ્મરણ કરતા નથી, તેના પરિહાર માટે ઉચિત યત્ન કરતા નથી, પોતાનાં સ્વીકારાયેલાં વ્રતો ઉત્તરોત્તર અધિક અધિક સંવર દ્વારા સર્વવિરતિનું કઈ રીતે કારણ થશે તેનું સૂક્ષ્મ આલોચન કરતા નથી અને સમ્યક્ત્વને દૃઢ કરવા અર્થે નિત્ય સત્શાસ્ત્રોનું શક્તિ અનુસાર શ્રવણ કરતા નથી તેઓનાં વ્રતો સ્થૂલ આચારથી વ્રતરૂપ રહેવા છતાં ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બનતાં નથી. માટે ભાવથી દેશવિરતિ ગુણસ્થાનકના અર્થી શ્રાવકે નિત્ય સાધુધર્મનું પરિભાવન કરવું જોઈએ. શ્રાવકના ઉચિત આચારોનું સ્મરણ કરવું જોઈએ. અને અનાભોગ આદિથી વ્રતમાં મલિનતા ન થાય તે પ્રમાણે યત્ન કરવો જોઈએ. **II૪૩II**

**અવતરણિકા :-**

**अथ द्वितीयव्रतस्यातिचारानाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે બીજા વ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**सहसाभ्याख्यानं मिथ्योपदेशो गुह्यभाषणम् ।**
**कूटलेखश्च विश्वस्तमन्त्रभेदश्च सूनृते ।।४४।।**

**અન્વયાર્થ :-**

सूनृते=સૂનૃતમાં, सहसाभ्याख्यानं=સહસાભ્યાખ્યાન, मिथ्योपदेशो=મિથ્યા ઉપદેશ, गुह्यभाषणम्=ગુપ્તવાતનું ભાષણ, कूटलेखः=કૂટલેખ, च=અને, विश्वस्तमन्त्रभेदः=વિશ્વસ્ત વ્યક્તિના મંત્રનો ભેદ અતિચારો છે. ।।૪૪।।

**શ્લોકાર્થ :-**

**સૂનૃત નામના બીજા અણુવ્રતમાં, સહસાભ્યાખ્યાન, મિથ્યા ઉપદેશ, ગુપ્તવાતનું ભાષણ, કૂટલેખ અને વિશ્વસ્ત વ્યક્તિના મંત્રનો ભેદ અતિચારો છે. ।।૪૪।।**

**ટીકા :-**

**सत्यव्रते पञ्चातिचाराः ज्ञेयाः, तत्र सहसा=अनालोच्य 'अभ्याख्यानम्, असद्दोषाध्यारोपणं यथा- 'चौरस्त्वं पारदारिको वा' इत्यादि, अन्ये त्वस्य स्थाने रहस्याभ्याख्यानं पठन्ति, व्याचक्षते च-रहः= एकान्तस्तत्र भवं रहस्यम्, रहस्येनाभ्याख्यानम्-अभिशंसनमसदध्यारोपणं रहस्याभ्याख्यानम्, यथा वृद्धायै वक्ति 'अयं ते भर्त्ता तरुण्यामतिप्रसक्तः' तरुण्यै वक्ति 'अयं ते भर्त्ता प्रौढचेष्टितायां मध्यमवयसि प्रसक्तः' तथा 'अयं खरकामो मृदुकामः' इति वा परिहसति, तथा स्त्रियमभ्याख्याति भर्तुः पुरतः यथा-'पत्नी ते कथयति-एवमयं मां रहसि कामगर्दभः खलीकुरुते', अथवा दम्पत्योः अन्यस्य वा पुंसः स्त्रियो वा येन रागप्रकर्ष उत्पद्यते, तेन तादृशा रहस्येनानेकप्रकारेणाभिशंसनं हास्यक्रीडादिना, न त्वभिनिवेशेन, तथा सति व्रतभङ्ग एव स्यात्, अस्यासद्दोषाभिधानरूपत्वेन प्रत्याख्यातत्वात् । यदाह-**

"सहसब्भक्खाणाई, जाणंतो जइ करेज्ज तो भंगो ।
जइ पुणणाभोगाईहिंतो तो होइ अइआरो ।।१।।" ()

**इत्थं च परोपघातकमनाभोगादिनाऽभिधत्ते तदा सङ्क्लेशाभावेन व्रतानपेक्षत्वाभावान्न व्रतभङ्गः, परोपघातहेतुत्वाच्च भङ्ग इति भङ्गाऽभङ्गरूपः प्रथमोऽतिचारः १ ।**

**ટીકાર્થ :-**

सत्यव्रते ..... प्रथमोऽतिचारः १। (૧) સહસાભ્યાખ્યાન :- સત્યવ્રતમાં પાંચ અતિચારો જાણવા. ત્યાં=પાંચ અતિચારોમાં, સહસા=આલોચન કર્યા વગર, અભ્યાખ્યાન=કથન, અસદ્દોષનું આરોપણરૂપ છે. જે પ્રમાણે 'તું ચોર છે' અથવા 'તું પારદારિક છે' ઈત્યાદિ. વળી અન્ય આના સ્થાનમાં= સહસાભ્યાખ્યાનના સ્થાનમાં, રહસ્યાભ્યાખ્યાન કહે છે. અને કહે છે કે રહ એટલે એકાન્ત ત્યાં થનારું રહસ્ય. રહસ્યની સાથે અભ્યાખ્યાન=કથન. અર્થાત્ અસદ્આરોપણ એ રહસ્યાભ્યાખ્યાન છે. જે

**પ્રમાણે વૃદ્ધાને કહે છે. આ તારો ભર્તા તરુણ એવી સ્ત્રીમાં અતિ પ્રસક્ત છે અને તરુણ સ્ત્રીને કહે છે આ તારો ભર્તા પ્રૌઢ ચેષ્ટાવાળી મધ્યમવયની સ્ત્રીમાં પ્રસક્ત છે. અને આ ખરકામવાળો છે=અત્યંત કામવૃત્તિવાળો છે અથવા મૃદુકામવાળો છે એ પ્રમાણે પરિહાસ કરે છે અને ભર્તાની આગળ સ્ત્રીને કહે છે જે પ્રમાણે તારી પત્ની કહે છે. આ પ્રકારે આ કામગર્દભ મને એકાંતમાં હેરાન કરે છે અથવા દંપતીઓનું કે અન્ય પુરુષનું કે સ્ત્રીઓનું જેની સાથે રાગનો પ્રકર્ષ ઉત્પન્ન થાય છે, તેની સાથે તેવા પ્રકારના રહસ્યનું હાસ્ય-ક્રીડાદિ દ્વારા અનેક પ્રકારે કથન પરંતુ અભિનિવેશથી નહીં (તે રહસ્યાભ્યાખ્યાન છે) અને તે પ્રમાણે હોતે છતે=અભિનિવેશથી કહે તો વ્રતભંગ જ છે.**

કેમ અભિનિવેશથી વ્રતભંગ છે ? તેમાં હેતુ કહે છે –

**આનું=સહસાભ્યાખ્યાનનું, અસદ્દોષ અભિધાનરૂપપણું હોવાને કારણે પ્રત્યાખ્યાતપણું છે=પચ્ચક્ખાણ કરાયેલું છે. જેને કહે છે -**

"જો સહસાભ્યાખ્યાનાદિ જાણતો કરે તો ભંગ જ છે=વ્રતનો ભંગ છે. વળી જો અનાભોગાદિથી કરે તો અતિચાર થાય છે." ॥૧॥ ()

**અને આ રીતે પરઉપઘાતક વચનને અનાભોગાદિથી કરે છે. ત્યારે સંકલેશના અભાવને કારણે=બીજાને ઉતારી પાડવા રૂપ સંકલેશના અભાવને કારણે, વ્રત અનપેક્ષત્વનો અભાવ હોવાથી વ્રતભંગ નથી અને પરોપઘાતનું હેતુપણું હોવાથી વ્રતભંગ છે. તેથી ભંગ-અભંગરૂપ પ્રથમ અતિચાર છે.**

**ભાવાર્થ :-**

**સ્થૂલમૃષાવાદવિરમણવ્રતના અતિચાર :-**

**(૧) સહસાભ્યાખ્યાનઅતિચાર :-**

જે શ્રાવક સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરે છે તે શ્રાવક બીજાને પીડાકારી વચનપ્રયોગ ન થાય તેવા સુંદર આશયવાળો હોય છે. તેથી પ્રાયઃ કરીને કોઈને પીડાકારી વચન તે બોલે નહિ. આમ છતાં સહસા=વિચાર્યા વગર, કોઈકને પીડાકારી વચન બોલાય તે સહસાભ્યાખ્યાન છે. જે વચનમાં બીજાને પીડાકારી એવા દોષોનું આરોપણ હોય છે. જેમ કોઈને મશ્કરીમાં કહે કે 'તું ચોર છે' અથવા 'તું પરસ્ત્રી-લંપટ છું.' આ પ્રકારે દૃષ્ટાંત શીઘ્ર બોધ થાય માટે ટીકાકારશ્રીએ આપેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈને પણ પીડાકારી એવું આલોચન કર્યા વગર કથન કરવું તે સહસાભ્યાખ્યાન છે અને તે કથન ક્યારેક સત્ય હોય અને ક્યારેક અસત્ય પણ હોય. તેથી શ્રાવકે પ્રયોજન ન હોય તો પરને પીડા કરે તેવું સત્યવચન કે અસત્યવચન પણ કહેવું જોઈએ નહિ. આમ છતાં અનાદિના પ્રમાદ સ્વભાવને વશ કોઈકના કૃત્યને જોઈને વિચાર્યા વગર કોઈને પીડાકારી એવું વચન કહેવામાં આવે તો તે શ્રાવકને સહસાભ્યાખ્યાન અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી, કેટલાક ગ્રંથકારો સહસાભ્યાખ્યાનના સ્થાને રહસ્યાભ્યાખ્યાન કહે છે.

તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે કોઈકના એકાંતમાં થયેલા પ્રસંગનું કથન કરવામાં આવે અર્થાત્ કોઈ ન જાણતું હોય તેવું કથન કરવામાં આવે તે રહસ્યાભ્યાખ્યાન છે અને તે રહસ્યાભ્યાખ્યાન ક્યારેક વાસ્તવિક પણ હોય અને ક્યારેક અતિશયોક્તિવાળું પણ હોય તોપણ બીજાને પીડા કરનાર તે વચન હોવાથી અતિચારરૂપ છે. માટે શ્રાવકે કોઈનાં પણ ગુપ્તવચનો પોતે જાણતો હોય તેને હાસ્યાદિથી કોઈની આગળ પ્રગટ કરે નહિ. અને હાસ્યાદિથી કહે તો અતિચારની પ્રાપ્તિ થાય છે અને અભિનિવેશથી કહે તો વ્રતભંગ જ પ્રાપ્ત થાય. અર્થાત્ બીજાના ગુપ્તકથનો જાણીને તેને બધાની વચમાં હીન બતાવવા અર્થે કહે તો તે અભિનિવેશથી કથન છે અને તેવું કથન કરે તો વ્રતનો ભંગ જ થાય; કેમ કે બીજાને પીડાકારી એવા વચનપ્રયોગો અસદ્દોષના અભિધાનરૂપ છે અને તેવાં વચનો નહીં બોલવાનું પ્રત્યાખ્યાન કરેલ છે તેથી બીજાને બધાની વચ્ચે હીન કરવા અર્થે તેનાં વાસ્તવિક કથનો કે અવાસ્તવિક કથનો કહેવાથી તે કથનો અસદ્દોષરૂપ જ છે માટે વ્રતભંગ છે.

કેમ અભિનિવેશથી કોઈના દોષોનું કથન વ્રતભંગરૂપ છે ? તેમાં સાક્ષી બતાવે છે –

આ સહસાભ્યાખ્યાનાદિ છે. એ પ્રમાણે જાણતો સહસાભ્યાખ્યાનાદિ કરે તો વ્રતભંગ થાય છે. જો વળી, અનાભોગાદિથી કરે તો અતિચાર થાય છે.

તેથી એ ફલિત થાય કે કોઈની પણ કોઈ પ્રવૃત્તિ આ અનુચિત પ્રવૃત્તિ છે તેમ જાણવા છતાં તે કથનથી તેને પીડા થશે અને તે ઉચિત નથી તેમ જાણવા છતાં જો કથન કરે તો વ્રતભંગ થાય. પરંતુ તેવો કોઈ આશય ન હોય પણ હાસ્યાદિ વૃત્તિને કારણે અનાભોગાદિથી વિચાર્યા વગર કોઈકને કંઈક કહે તો તે કથન અતિચારરૂપ છે.

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

આ રીતે કોઈ શ્રાવક પરના ઉપઘાતને કરનાર વચન અનાભોગાદિથી=હાસ્યાદિથી, કહે ત્યારે સામી વ્યક્તિને પીડા કરવા રૂપ સંકલેશનો અભાવ છે. ફક્ત મજાક કરવાના સ્વભાવથી બોલાય છે. તેથી વ્રતની અનપેક્ષા નથી. અર્થાત્ બીજાવ્રતમાં બીજાને પીડાકારી વચન નહીં કહેવાનું પચ્ચક્ખાણ કરેલું તે મર્યાદાની અપેક્ષા વગર આ વચન બોલાયું નથી; કેમ કે હું તેને પીડા કરવા અર્થે કહેતો નથી. ફક્ત પ્રમોદ અર્થે કહું છું તેવો પરિણામ છે માટે વ્રતભંગ નથી. છતાં હાસ્યથી પણ બીજાને એવું વચન કહેવામાં પરને ઉપઘાતનો હેતુ બને છે. તેથી પોતાના અંતરંગ પરિણામથી વ્રતભંગ નથી અને બહિરંગ કૃત્યથી વ્રતભંગ છે; કેમ કે બહિરંગ કૃત્ય પરને પીડાકારી છે અને અંતરંગ પરિણામ બીજાને પીડા કરવાનો નથી માટે સહસાભ્યાખ્યાન બીજા વ્રતનો પ્રથમ અતિચાર છે.

**ટીકા :-**

**'मिथ्योपदेशः' असदुपदेशः, प्रतिपन्नसत्यव्रतस्य हि परपीडाकरं वचनमसत्यमेव, ततः प्रमादात् परपीडाकरणे उपदेशेऽतिचारो यथा वाह्यन्तां खरोष्ट्रादयो, हन्यन्तां दस्यव इति यद्वा यथा स्थितोऽर्थस्तथोपदेशः साधीयान्, विपरीतस्तु अयथार्थोपदेशो यथा परेण संदेहापन्नेन पृष्टे न तथोपदेशः**

यद्वा विवाहे (विवादे) स्वयं परेण वा अन्यतरातिसंधानोपायोपदेशः, अयं च यद्यपि मृषा (न) वादयामीत्यत्र व्रते भङ्ग एव, न वदामीति व्रतान्तरे न किञ्चन, तथापि सहसाकाराऽनाभोगाभ्यामतिक्रमादिभिर्वा मृषावादे परप्रवर्त्तनं व्रतस्यातिचारः । अथवा व्रतसंरक्षणबुद्ध्या परवृत्तान्तकथनद्वारेण मृषोपदेशं यच्छतोऽतिचारोऽयं, व्रतसापेक्षत्वान्मृषावादे परप्रवर्त्तनाच्च भग्नाभग्नरूपत्वाद्व्रतस्येति द्वितीयोऽतिचारः २ ।

❖ ટીકામાં અહીં 'यद्वा विवाहे' છે તે સ્થાને યોગશાસ્ત્ર અને તત્ત્વાર્થના વચનાનુસાર 'यद्वा विवादे' જોઈએ અને 'अन्यतराभिसंधानोपायोपदेशः'છે તે સ્થાને 'अन्यतरातिसंधानोपायोपदेशः' એ પ્રમાણે પાઠ જોઈએ. વળી ત્યારપછી 'अयं च यद्यपि मृषा वादयामीत्यत्र' એ પ્રમાણે પાઠ છે ત્યાં લહિયાની સ્ખલનાને કારણે 'न' શબ્દ ઉપલબ્ધ નથી પરંતુ 'अयं च यद्यपि मृषा न वादयामीत्यत्र' એ પ્રમાણે પાઠ હોવાની સંભાવના છે.

**ટીકાર્થ :-**

**'मिथ्योपदेशः' ..... द्वितीयोऽतिचारः २। (૨) મિથ્યોપદેશ :- મિથ્યા ઉપદેશ=અસદ્ ઉપદેશ, સ્વીકારાયેલા સત્યવ્રતવાળાને પરને પીડા કરનાર વચન અસત્ય જ છે. તેથી પ્રમાદથી પરને પીડા કરે એવા ઉપદેશમાં અતિચારની પ્રાપ્તિ છે. જે પ્રમાણે ગધેડા, ઊંટ આદિ વહન કરો. ચોરોને મારો અથવા જે પ્રમાણે વસ્તુ હોય તે પ્રમાણે ઉપદેશ શ્રેય છે. વળી, વિપરીત અયથાર્થ ઉપદેશ છે. જે પ્રમાણે સંદેહ પામેલા પર વડે પુછાયે છતે તે પ્રકારે ઉપદેશ ન અપાય અર્થાત્ યથાર્થ કથન ન કરાય તે મિથ્યા ઉપદેશ છે. અથવા વિવાદના વિષયમાં સ્વયં કે પર વડે અન્યતરના અતિસંધાનના ઉપાયનો ઉપદેશ=બે પક્ષમાંથી કોઈ એક પક્ષને ઠગવાના ઉપાયનો ઉપદેશ, મિથ્યાઉપદેશ છે. અને આ=વિવાદમાં સ્વયં કે પર દ્વારા અતિસંધાનનો ઉપદેશ આપે એ, જોકે હું મૃષા બોલાવીશ નહીં એ પ્રકારના વ્રતમાં ભંગ જ છે. હું મૃષા બોલીશ નહીં એ પ્રકારના વ્રતાંતરમાં=ફક્ત કરણને આશ્રયીને જ મૃષાવાદના ત્યાગરૂપ વ્રતાંતરમાં, ભંગ નથી, તોપણ=હું મૃષાવાદ કરીશ નહીં અને કરાવીશ નહીં એ પ્રકારનું વ્રત હોવા છતાં પણ, સહસાત્કાર અનાભોગ દ્વારા અથવા અતિક્રમાદિ દ્વારા મૃષાવાદમાં પરનું પ્રવર્તન=મૃષાવાદ કરવાનો પરને ઉપદેશ આપવો એ, વ્રતનો અતિચાર છે અથવા વ્રતના સંરક્ષણની બુદ્ધિથી પરના વૃત્તાંતના કથન દ્વારા મિથ્યાઉપદેશને આપતા શ્રાવકનો આ અતિચાર છે; કેમ કે વ્રતસાપેક્ષપણું હોવાથી અને મૃષાવાદમાં પરને પ્રવર્તન હોવાથી વ્રતનું ભગ્નાભગ્નરૂપપણું છે. એથી બીજો અતિચાર છે.**

**ભાવાર્થ :-**

**(૨) મિથ્યાઉપદેશઅતિચાર :-**

મિથ્યા ઉપદેશના ચાર ભેદો છે.

૧. પરને પીડાકારી સત્ય પણ વચન મૃષાવાદરૂપ છે. તેથી શ્રાવક કોઈને પીડા થાય તેવો વચનપ્રયોગ કરે નહિ. આથી જ આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરવાનો કોઈ ઉપદેશ આપે તે પણ મૃષાવાદ છે. ફક્ત

પોતાના જીવનની વ્યવસ્થા કે વ્યવસાયને કારણે માણસો પાસેથી કાર્ય કરાવવા માટે વિવેકપૂર્વક ભાષાનો પ્રયોગ કરે તો મૃષાવાદની પ્રાપ્તિ થાય નહિ.

૨. વસ્તુ જે પ્રમાણે હોય તેનાથી અન્ય પ્રકારનું કથન કરવું તે મિથ્યા ઉપદેશ છે.

૩. કોઈની સાથે વિવાદ થયો હોય ત્યારે બે પક્ષમાંથી કોઈ એક પક્ષ પ્રત્યે પોતાને પક્ષપાત હોય તેના કારણે જેના પ્રત્યે પોતાને પક્ષપાત હોય તેને, બીજાને ઠગવાનો ઉપાય સ્વયં બતાવે કે પર દ્વારા બતાવે ત્યારે 'મિથ્યા ઉપદેશ' નામનો અતિચાર પ્રાપ્ત થાય છે. જોકે બીજા મૃષાવાદવિરમણ અણુવ્રતમાં શ્રાવકે હું મિથ્યાઉપદેશ કરાવીશ નહીં અને હું મિથ્યા ઉપદેશ કરીશ નહીં એ પ્રમાણે પચ્ચક્ખાણ કરેલ હોય તો વ્રતનો ભંગ જ થાય; કેમ કે બીજાને ઠગવાનો ઉપદેશ આપવો તે મૃષાવાદના કરાવણ સ્વરૂપ છે. તેથી વ્રતનો ભંગ જ થાય છતાં અનાભોગ કે સહસાત્કારથી તે પ્રકારનો ઉપદેશ અપાયો હોય તો અતિચારની પ્રાપ્તિ થાય અથવા બીજાને તેવી સલાહ આપવાનો વિચાર માત્ર થયો હોય પરંતુ તે પ્રકારનો ઉપદેશ આપ્યો ન હોય તો અતિક્રમ આદિથી અતિચારની પ્રાપ્તિ થાય. અને જે શ્રાવકે બીજું વ્રત માત્ર કરણને આશ્રયીને ગ્રહણ કરેલું હોય કરાવણને આશ્રયીને ગ્રહણ કરેલું ન હોય તે શ્રાવકને બીજાને ઠગવાની સલાહ આપવામાં વ્રત ભંગ થતો નથી. ફક્ત પોતાની કરણ-કરાવણને આશ્રયીને બીજું વ્રત ગ્રહણ કરવાની શક્તિ નહીં હોવાથી માત્ર કરણને આશ્રયીને વ્રત ગ્રહણ કરેલ હોય તોપણ બીજાને મૃષાવાદ કરાવવામાં શક્ય એટલી યતના રાખવી જોઈએ તેથી નિષ્પ્રયોજન તે પ્રકારનો મિથ્યા ઉપદેશ બીજાને આપવો જોઈએ નહીં પરંતુ પોતાના તેવા પ્રકારના સંયોગોને કારણે જેણે બીજું વ્રત માત્ર સ્વયં કરણને આશ્રયીને ગ્રહણ કર્યું છે તેવો શ્રાવક પણ બીજાને મૃષાવાદ કરાવવામાં શક્ય એટલી ઉચિત યતના રાખે તો વ્રતભંગ થાય નહિ.

૪. વળી, કોઈ પોતાના વ્રતના સંરક્ષણની બુદ્ધિથી પરના વૃત્તાંતના કથન દ્વારા મિથ્યા ઉપદેશ આપે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય; કેમ કે પોતાને વ્રતનું રક્ષણ કરવું છે. તેથી સાક્ષાત્ મૃષાવાદનો ઉપદેશ આપતો નથી. પરંતુ સામી વ્યક્તિને મૃષા બોલવાને અનુકૂળ ઉપદેશ આપવા અર્થે તેને કોઈકનું દૃષ્ટાંત આપીને કહે કે આવા પ્રસંગે આ પુરુષે પરને આવા પ્રકારનો ઉત્તર આપીને પોતાના વિવાદમાં પોતાનું રક્ષણ કરેલું. તે વચન દ્વારા પરને પણ કેવી રીતે વિવાદમાં મૃષાવાદ કરવો તેનો બોધ થાય છે. તેથી પરને ઠગવામાં પ્રવૃત્તિ કરાવવાનો અધ્યવસાય વર્તે છે અને વ્રત સંરક્ષણની બુદ્ધિ પણ છે તેથી અતિચાર છે.

**ટીકા :-**

**તથા 'ગુહ્યં' ગૂહનીયં ન સર્વસ્મૈ યત્કથનીયં રાજાદિકાર્યસંબદ્ધં તસ્યાનધિકૃતેનૈવાકારેઙ્ગિતાદિભિ-ર્જ્ઞાત્વાઽન્યસ્મૈ પ્રકાશનં ગુહ્યભાષણમ્, યથા-એતે હીદમિદં ચ રાજવિરુદ્ધાદિકં મન્ત્રયન્તે, અથવા ગુહ્યભાષણં-પૈશૂન્યમ્, યથા-દ્વયોઃ પ્રીતૌ સત્યામેકસ્યાકારાદિનોપલભ્યાભિપ્રાયમિતરસ્ય તથા કથયતિ યથા પ્રીતિઃ પ્રણશ્યતિ, અસ્યાપ્યતિચારત્વં રહસ્યાભ્યાખ્યાનવદ્ભાસ્યાદિનૈવેતિ તૃતીયોઽતિચારઃ ૩ ।**

**ટીકાર્થ :-**

**તથા ..... તૃતીયોऽतिचारः ३ । (૩) ગુહ્ય ભાષણ :- અને ગુહ્ય=ગોપનીય, રાજાદિ કાર્ય સાથે સંબંધવાળું જે સર્વને કથનીય નથી, તેનું અનધિકૃત એવા પુરુષ વડે આકાર ઇંગિત આદિ વડે જાણીને અન્યને પ્રકાશન તે ગુહ્યભાષણ છે. જે પ્રમાણે આ લોકો આ અને આ રાજ્યવિરુદ્ધ આદિ મંત્રણા કરે છે. અથવા ગુહ્યભાષણ ચાડી છે. જે પ્રમાણે બે વ્યક્તિની પ્રીતિ હોતે છતે એક વ્યક્તિના આકારાદિ દ્વારા અભિપ્રાય જાણીને ઇતરને તે પ્રકારે કહે છે જે રીતે તેઓની પ્રીતિ નાશ પામે છે. આનું પણ અતિચારપણું રહસ્યાભ્યાખ્યાનની જેમ હાસ્યાદિથી જ છે. એ પ્રમાણે ત્રીજો અતિચાર છે.**

**ભાવાર્થ :-**

**(૩) ગુહ્યભાષણઅતિચાર :-**

કોઈની ગુપ્ત વાત બીજાને કહેવી જોઈએ નહિ; છતાં કોઈ વ્યક્તિ રાજ્યાદિની વિરુદ્ધ કે અન્ય કોઈના વિરુદ્ધ કાર્યની વિચારણા કરતા હોય અને તેની ચેષ્ટા દ્વારા તેના કાર્યનો નિર્ણય કરીને તેનું પ્રકાશન કરે તો તે ગુહ્યભાષણ મૃષાવાદનો અતિચાર છે; કેમ કે પરને પીડાકારી એવું તે વચન હોવાથી દોષરૂપ છે અને તેની ચેષ્ટાદિથી પોતે નિર્ણય કરીને પોતે સત્ય કહે છે, મૃષા કહેતો નથી તેવી બુદ્ધિ છે તેથી અતિચાર છે. ફક્ત જે વ્યક્તિને તે કૃત્યની ચિંતા કરવાની હોય તેવા અધિકારી વ્યક્તિ તે કૃત્ય કરે ત્યારે ગુહ્ય ભાષણ નથી અને જેમ ઘરની જવાબદાર વ્યક્તિ પોતાના સ્વજનાદિના હિત અર્થે તેના આકારાદિ દ્વારા કોઈ ચેષ્ટા જાણીને તેના અહિતથી રક્ષણ અર્થે તેનું ગુપ્ત પ્રકાશન કરે તે અતિચારરૂપ નથી. તે બતાવવા માટે અનધિકૃત પુરુષને ગ્રહણ કરેલ છે.

વળી, અન્ય રીતે ગુહ્યભાષણરૂપ અતિચાર બતાવે છે –

અને તે ગૂહ્ય ભાષણ બીજાની ચાડી ખાવા સ્વરૂપ છે. જેમ કોઈ બે વ્યક્તિ વચ્ચે પ્રીતિ હોય અને એકની કોઈ પ્રવૃત્તિનું કાર્ય તેના આકારાદિથી જાણીને હાસ્યાદિથી બીજાને કહે જેથી તે લોકોની પ્રીતિનો વિનાશ થવાની સંભાવના રહે તેવું કોઈકનું ગુપ્ત એવું કથન તે મૃષાવાદ વિરમણવ્રતનો અતિચાર છે. આથી શ્રાવકે અત્યંત ગંભીરપૂર્વક વિચારીને ઉચિત નિર્ણય કરીને જ વચન પ્રયોગ કરવો જોઈએ. પરંતુ હાસ્યથી, કુતૂહલથી કે મુખરપણાથી કોઈની કોઈ વસ્તુ જાણીને કોઈની પાસે ક્યારેય પ્રકાશન કરવી જોઈએ નહિ.

**ટીકા :-**

**तथा कूटम्-असद्भूतं तस्य लेखो=लेखनं कूटलेखः, अन्यसरूपाक्षरमुद्राकरणम् एतच्च यद्यपि 'कायेनासत्यां वाचं न वदामी'त्यस्य, 'न वदामि न वा वादयामी'त्यस्य वा व्रतस्य भङ्ग एव, तथापि सहसाकारा-ऽनाभोगादिनाऽतिक्रमादिना वाऽतिचारः, अथवा 'असत्यमित्यसत्यभणनं मया प्रत्याख्यातम्, इदं पुनर्लेखनमि'तिभावनया व्रतसापेक्षस्यातिचार एवेति चतुर्थः ४ ।**

**ટીકાર્થ :-**

**तथा ..... एवेति चतुर्थः ४ । (૪) કૂટલેખઅતિચાર :- અને કૂટ=અસદ્દ્ભૂત, તેનો લેખ=લેખન, તે કૂટલેખ છે. અન્ય સ્વરૂપે અક્ષરના મુદ્રાનું કરણ એ કૂટલેખ છે. અને આ=કૂટલેખ, જોકે કાયાથી અસત્યવાચા હું બોલીશ નહિ, એ પ્રકારના આનો=વ્રતનો અથવા કાયાથી અસત્ય હું બોલીશ નહીં અને બોલાવીશ નહીં એ પ્રકારના વ્રતનો ભંગ જ છે. તોપણ સહસાત્કાર અનાભોગાદિથી કે અતિક્રમાદિથી અતિચાર છે અથવા અસત્ય એટલે અસત્યનું કથન મારા વડે પચ્ચક્ખાણ કરાયું છે. વળી, આ લેખન છે કથન નથી. એ પ્રકારની ભાવનાને કારણે વ્રતસાપેક્ષ પુરુષને અતિચાર જ છે એ પ્રમાણે ચોથો અતિચાર છે.**

**ભાવાર્થ :-**

**(૪) કૂટલેખઅતિચાર :-**

કોઈ શ્રાવકે સ્થૂલમૃષાવાદવિરમણવ્રત ગ્રહણ કરેલું હોય અને લોભાદિને કારણે કૂટલેખ કરે તે વખતે તે વ્રતનો ભંગ જ થાય છે; કેમ કે મન-વચન-કાયાથી અસત્ય કરીશ નહીં અને હું અસત્ય કરાવીશ નહીં એ પ્રકારે જેનું પચ્ચક્ખાણ છે તેને કાયાથી હું અસત્ય વાચા બોલીશ નહીં એમ કહેવાથી કૂટલેખમાં કાયાથી અસત્ય વાચા બોલાય જ છે અથવા કાયાથી હું અસત્ય બોલીશ નહીં અને બોલાવીશ નહીં તે બંનેનો ભંગ કૂટલેખથી થાય છે; કેમ કે કૂટલેખ કરતી વખતે કાયાથી અસત્ય ભાષા બોલે છે અને તે કૂટલેખ બીજાને આપે છે કે બતાવે છે ત્યારે કાયાથી અસત્ય ભાષા બોલાવે છે તેથી વ્રતનો ભંગ જ છે. છતાં અનાભોગ-સહસાત્કારથી કૂટલેખ થયો હોય તો અતિચારરૂપ છે અથવા કૂટલેખ લખવાનો પરિણામ થયો હોય સાક્ષાત્ લખ્યું ન હોય ત્યારે અતિક્રમાદિથી અતિચારની પ્રાપ્તિ થાય. અથવા અસત્ય બોલવું તે વચનપ્રયોગરૂપ છે અને હું બોલતો નથી. હું લખું છું એ પ્રકારે મનમાં પરિણામ છે. તેથી કંઈક વ્રત પ્રત્યેના સૂક્ષ્મરાગના પરિણામને કારણે અતિચારરૂપ છે.

વસ્તુતઃ અતિચાર તે વ્રતના ભંગ સ્વરૂપ જ છે; કેમ કે વ્રતનું અતિચરણ તે અતિચાર છે. તેથી શ્રાવકે અનાભોગથી પણ વ્રતનું અતિચરણ ન થાય તે પ્રકારે સતત પોતાના વ્રતની મર્યાદાનું સ્મરણ કરવું જોઈએ અને અનાભોગાદિથી વ્રતની મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તે પ્રકારે આત્માને સતત ભાવિત રાખવો જોઈએ જેથી સુરક્ષિત રહેલું વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને મહાવ્રતનું કારણ બને.

**ટીકા :-**

**तथा विश्वस्ता=विश्वासमुपगता, ये मित्रकलत्रादयस्तेषां मन्त्रो=मन्त्रणम्, तस्य भेदः=प्रकाशनम् तस्यानुवादरूपत्वेन सत्यत्वाद्यद्यपि नातिचारता घटते, तथापि मन्त्रितार्थप्रकाशनजनितलज्जादितो मित्रकलत्रादेर्मरणादिसंभवेन परमार्थतोऽस्यासत्यत्वात्कथञ्चिद् भङ्गरूपत्वेनातिचारतैव, गुह्यभाषणे गुह्यमाकारादिना विज्ञायानधिकृत एव गुह्यं प्रकाशयति, इह तु स्वयं मन्त्रयित्वैव मन्त्रं भिनत्तीत्यनयोर्भेद इति पञ्चमोऽतिचारः ५ ।।४४।।**

**ટીકાર્થ :-**

**तथा ..... पञ्चमोऽतिचारः ५ ।। (૫) વિશ્વસ્તમંત્રભેદ=વિશ્વસ્ત મંત્રણાનો ભેદ :- અને વિશ્વસ્તા=વિશ્વાસને પામેલા, જે મિત્ર-સ્ત્રી આદિ છે તેઓનું મંત્રણ=તેઓની વિચારણા, તેનો ભેદ=તેનું પ્રકાશન, તેનું અનુવાદરૂપપણું હોવાને કારણે સત્યરૂપપણું હોવાથી જોકે અતિચારતા ઘટતી નથી તોપણ મંત્રિત અર્થના પ્રકાશનથી જનિત લજ્જાદિથી મિત્ર-સ્ત્રી આદિને મરણ આદિનો સંભવ હોવાને કારણે પરમાર્થથી આનું=મંત્રણાના પ્રકાશનનું, અસત્યપણું હોવાથી કથંચિત્ ભંગરૂપપણાને કારણે અતિચારતા જ છે. ગુહ્ય ભાષણમાં ગુહ્ય આકારાદિ દ્વારા ગુપ્તવાતને જાણીને અનધિકૃત પુરુષ જ ગુહ્યનું પ્રકાશન કરે છે. અને અહીં=વિશ્વસ્ત મંત્રના ભેદના અતિચારમાં, સ્વયં જ મંત્રણા કરીને તે મંત્રણાનું પ્રકાશન કરે છે. એ પ્રકારનો આ બે અતિચારનો ભેદ છે. એ પ્રકારનો પાંચમો અતિચાર છે. ।।૪૪।।**

**ભાવાર્થ :-**

**(૫) વિશ્વસ્તમંત્રભેદઅતિચાર :-**

કોઈ મિત્ર કે સ્ત્રી વગેરે પોતાની સાથે વિશ્વાસને પામેલા હોય અને તેઓની સાથે કોઈ પ્રવૃત્તિ થઈ હોય તે વખતે તે બંને વચ્ચેની કોઈ પ્રવૃત્તિની કોઈ ગુપ્ત વાત કોઈ અન્ય વચ્ચે પ્રકાશન કરવામાં આવે ત્યારે બીજા અણુવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે તે કથન વાસ્તવિક હોવાથી સત્યરૂપ છે. તોપણ બીજાને પીડાકારી હોવાથી કથંચિત્ ભંગરૂપ છે માટે અતિચાર સ્વરૂપ છે. આથી જ વિવેકી શ્રાવક વચનગુપ્તિને ધારણ કરીને ક્યારેય પણ કોઈની ગુપ્તવાત જાણતો હોય તે કથન સત્ય હોય તોપણ અનાભોગ સહસાત્કારથી પણ બોલે નહીં પરંતુ શ્રાવકવ્રત મર્યાદા અનુસાર દેશથી વચનગુપ્તિને ધારણ કરીને ઉચિત જ સંભાષણ કરે જેથી સ્વીકારેલ અણુવ્રત ક્રમસર વૃદ્ધિને પામીને મહાવ્રતને અનુકૂળ શક્તિ સંચયનું કારણ બને. આમ છતાં વ્રત સ્વીકાર્યા પછી જ્યારે જ્યારે જીવ પ્રમાદમાં હોય છે ત્યારે ત્યારે પોતાના જડ સ્વભાવના કારણે વ્રતની મર્યાદાનો વિચાર કર્યા વગર તે-તે પ્રકારે વ્રતનું ઉલ્લંઘન કરે તેવા અતિચારો સેવે છે. ફક્ત તે વખતે પણ સ્થૂલથી વ્રતના રક્ષણનો કંઈક પરિણામ છે તેથી તે વિચારે છે કે હું સત્ય કથન કરું છું, મૃષા કથન કરતો નથી તેમ વિચારીને અન્યને પીડાકારી એવું કથન કરે છે. તેટલા અંશમાં વ્રત પ્રત્યે કંઈક પરિણામ છે માટે અતિચાર કહેવાય છે. **।।૪૪।।**

**અવતરણિકા :-**

**अथ तृतीयव्रतातिचारानाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્રીજા વ્રતના અતિચારને કહે છે –**

**શ્લોક :-**

**स्तेनाहृतग्रहस्तेनप्रयोगौ मानविप्लवः ।**
**द्विड्राज्यगतिरस्तेये, प्रतिरूपेण च क्रिया ।।४५।।**

**અન્વયાર્થ :-**

स्तेनाहृतग्रहस्तेनप्रयोगौ=ચોર દ્વારા લાવેલી વસ્તુનું ગ્રહણ, ચોરને ચોરીમાં પ્રવર્તાવવો, मानविप्लवः=માનનો વિપ્લવ=કૂટ તોલ કૂટ માપ કરવાં, द्विड्राज्यगतिः=શત્રુના રાજ્યમાં ગમન, च=અને, प्रतिरूपेण क्रिया= પ્રતિરૂપથી ક્રિયા=નકલી વસ્તુ બનાવવી, अस्तेये=અસ્તેય વ્રતમાં અતિચારો છે. ।।૪૫।।

**શ્લોકાર્થ :-**

**ચોર દ્વારા લાવેલી વસ્તુનું ગ્રહણ, ચોરને ચોરીમાં પ્રવર્તાવવો, માનનો વિપ્લવ=કૂટતોલ - કૂટમાપ કરવાં, શત્રુના રાજ્યમાં ગમન અને પ્રતિરૂપ ક્રિયા=નકલી વસ્તુ બનાવવી (તે) અસ્તેય વ્રતમાં અતિચારો છે. ।।૪૫।।**

**ટીકા :-**

'स्तेनाहृतग्रहस्तेनप्रयोगौ' 'मानविप्लवो'=व्यत्ययो 'द्विड्राज्यगतिः' 'प्रतिरूपेण क्रिया' चेति 'अस्तेये' अदत्तादानविरमणरूपे तृतीयाणुव्रते प्रकरणात्पञ्चातिचारा ज्ञेया इति गम्यम् ।

तत्र स्तेनाः-चौरास्तैराहृतम्=आनीतं कनकवस्त्रादि, तस्य ग्रहः=आदानं, मूल्येन मुधिकया वा स स्तेनाहृतग्रहः, स्तेनाहृतं हि काणक्रयेण मुधिकया वा प्रच्छन्नं गृह्णंश्चौरो भवति, यतो नीतिः-

"चौरश्चौरापको मन्त्री, भेदज्ञः काणकक्रयी ।
अन्नदः स्थानदश्चेति, चौरः सप्तविधः स्मृतः ।।१।।" इति ।

ततश्चौर्यकरणाद् व्रतभङ्गः, वाणिज्यमेव मया क्रियते न चौरिकेत्यध्यवसायेन व्रतसापेक्षत्वाच्चाभङ्ग इति भङ्गाऽभङ्गरूपः प्रथमोऽतिचारः १ ।

तथा स्तेनानां प्रयोगः-अभ्यनुज्ञानं हरत यूयमिति हरणक्रियायां प्रेरणेतियावत् अथवा स्तेनोपकरणानि-कुशिकाकर्त्तरिकाघर्घरिकादीनि, तेषामर्पणं विक्रयणं वा स्तेनप्रयोगः अत्र च यद्यपि 'चौर्यं न करोमि न कारयामी'त्येवंप्रतिपन्नव्रतस्य स्तेनप्रयोगो व्रतभङ्ग एव, तथापि 'किमधुना यूयं निर्व्यापारास्तिष्ठत? यदि वो भक्तादि नास्ति तदाऽहं तद्ददामि, भवदानीतमोषस्य वा यदि विक्रायको न विद्यते तदाऽहं विक्रेष्ये' इत्येवंविधवचनैश्चौरान् व्यापारयतः स्वकल्पनया तद्व्यापारणं परिहरतो व्रतसापेक्षस्यासावतिचार इति द्वितीयोऽतिचारः २ ।

**तथा मीयते अनेनेति मानं-कुडवादि पलादि हस्तादि वा, तस्य विप्लवो=विपर्यासः=अन्यथाकरणं हीनाधिकत्वमितियावत्, हीनमानेन ददाति अधिकमानेन च गृह्णातीत्ययमपि तत्त्वतश्चौर एव, यदाह –**

"लौल्येन किञ्चित्कलया च किञ्चिन्मापेन किञ्चित्तुलया च किञ्चित् ।
किञ्चिच्च किञ्चिच्च समाहरन्तः, प्रत्यक्षचौरा वणिजो भवन्ति ।।१।।
अधीते यत्किञ्चित्तदपि मुषितुं ग्राहकजनं, मृदु ब्रूते यद्वा तदपि विवशीकर्त्तुमपरम् ।
प्रदत्ते यत्किञ्चित्तदपि समुपादातुमधिकं, प्रपञ्चोऽयं वृत्तेरहह गहनः कोऽपि वणिजाम्? ।।२।।"

**नचैवं श्रावकस्य युज्यत इति तृतीयोऽतिचारः ३ ।**

**तथा द्विषोः-विरुद्धयो राज्ञोरिति गम्यम्, राज्यं=नियमितभूमिः कटकं वा, तत्र गतिः=गमनं द्विड्राज्यगतिः, राज्ञाऽननुज्ञाते गमनमित्यर्थः । द्विड्राज्यगमनस्य यद्यपि स्वस्वामिनाऽननुज्ञातस्य** "सामी जीवादत्तं, तित्थयरेणं तहेवय गुरूहिं" **[नवपदप्रकरणे गा. ३८] इत्यदत्तादानलक्षणयोगेन तत्कारिणां च चौर्यदण्डयोगेनाऽदत्तादानरूपत्वाद् व्रतभङ्ग एव तथापि 'द्विड्राज्यगतिं कुर्वता मया वाणिज्यमेव कृतं न चौर्यमि'तिभावनया व्रतसापेक्षत्वाल्लोके च चौरोऽयमिति व्यपदेशाभावादतिचारता, उपलक्षणत्वाद्राजनिषिद्धवस्तुग्रहणमपि तथेति चतुर्थोऽतिचारः ४ ।**

**'चः' पुनः प्रतिरूपं=सदृशम्, व्रीहीणां पलञ्जिः, घृतस्य वसा, तैलस्य मूत्रम्, हिङ्गोः खदिरादि-वेष्टश्चणकादिपिष्टं गुन्दादि वा, कुङ्कुमस्य कृत्रिमं तत्, कुसुम्भादि वा, मञ्जिष्टादेश्चित्रकादि, जात्यकर्पूरमणिमौक्तिकसुवर्णरूप्यादीनां कृत्रिमतत्तदादि, तेन प्रतिरूपेण 'क्रिया' व्यवहारः, व्रीह्यादिषु पलञ्ज्यादि प्रक्षिप्य तत्तद्विक्रीणीते, यद्वाऽपहृतानां गवादीनां सशृङ्गाणामग्निपक्वकालिङ्गी-फलस्वेदादिना शृङ्गाण्यधोमुखानि प्रगुणानि तिर्यग्वलितानि वा यथारुचि विधायान्यविधत्वमिव तेषामापाद्य सुखेन धारणविक्रयादि करोतीति पञ्चमः ५ ।**

**मानविप्लवः प्रतिरूपक्रिया च परव्यंसनेन परधनग्रहणरूपत्वाद्भङ्ग एव, केवलं खात्रखननादिकमेव चौर्यं प्रसिद्धं, मया तु वणिक्कलैव कृतेतिभावनया व्रतरक्षणोद्यतत्वादतिचार इति ।**

**अथवा स्तेनाहृतग्रहादयः पञ्चाप्यमी व्यक्तचौर्यरूपा एव, केवलं सहसात्कारादिनाऽतिक्रमादिना वा प्रकारेण विधीयमाना अतिचारतया व्यपदिश्यन्ते, न चैते राजसेवकादीनां न संभवन्ति तथाहि-आद्ययोः स्पष्ट एव तेषां सम्भवः, द्विड्राज्यगतिस्तु यदा सामन्तादिः कश्चित्स्वस्वामिनो वृत्तिमुपजीवति, तद्विरुद्धस्य च सहायो भवति, तदा तस्यातिचारो भवति, मानविप्लवः प्रतिरूपक्रिया च यदा राजा भाण्डागारे मानान्यत्वं द्रव्याणां विनिमयं च कारयति तदा राज्ञोऽप्यतिचारो भवति ।।४५।।**

**ટીકાર્થ :-**

**स्तेनाहृतग्रह ..... भवति ।। ચોર વડે લાવેલી વસ્તુ સસ્તામાં મળતી હોવાથી ગ્રહણ, ચોરને ચોરી કરવામાં ઉત્સાહિત કરવા રૂપ સ્તેન પ્રયોગ, માનવિપ્લવ=ફૂટતોલ ફૂટમાપ રૂપ વ્યત્યય, શત્રુના રાજ્યમાં ગમન અને પ્રતિરૂપથી ક્રિયા=નકલી વસ્તુ બનાવવાની પ્રવૃત્તિ, એ અસ્તેયમાં=અદત્તાદાનવિરમણ વ્રતરૂપ ત્રીજા અણુવ્રતમાં, પ્રકરણને કારણે પાંચ અતિચારો જાણવા. અહીં 'જ્ઞેયા' શબ્દ શ્લોકમાં અધ્યાહાર છે.**

**ત્યાં ચોરો તેઓથી લાવેલું સુવર્ણ-વસ્ત્રાદિ તેનું ગ્રહણ=મૂલ્યથી ગ્રહણ કે વગર મૂલ્યથી ગ્રહણ, તે સ્તેનાહતગ્રહ છે. 'हि'=જે કારણથી, ચોરથી લાવેલું ધન આપવા દ્વારા કે ધન આપ્યા વગર પ્રચ્છન્ન ગ્રહણ કરતો ચોર કહેવાય છે. જે કારણથી નીતિ છે=નીતિશાસ્ત્ર છે –**

"ચોર, ચોર આપક, મંત્રી=મંત્રણા કરનાર, ભેદજ્ઞ=ચોરના ભેદોને જાણનાર, કાણકક્રયી=ધન આપીને ચોરની વસ્તુ ગ્રહણ કરનાર, અન્નદ=ચોરને આહાર આપનાર અને સ્થાનને દેનાર એ સાત પ્રકારના ચોર છે." ।।૧।। ()

**'इति' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**૧. સ્તેનાહતાદાન :- તેથી ચોરીના કરવાથી વ્રતભંગ છે. વાણિજ્ય જ=વેપાર જ, મારા વડે કરાય છે ચોરી નહિ, એ પ્રકારનો અધ્યવસાય હોવાને કારણે વ્રતસાપેક્ષપણું હોવાથી અભંગ છે, એથી ચોર દ્વારા લાવેલી વસ્તુના ગ્રહણમાં ભંગાભંગરૂપ પ્રથમ અતિચાર છે.**

**૨. સ્તેનપ્રયોગ :- અને ચોરોને પ્રયોગ=ચોરી માટે અનુજ્ઞા='તમે હરણ કરો' એ પ્રકારે હરણની ક્રિયામાં પ્રેરણા અથવા ચોરનાં ઉપકરણો=કુશિકા, કર્તરિકા, ઘર્ઘરિકા આદિ, તેઓને=ચોરોને, અર્પણ કરવાં અથવા વેચવાં તે 'સ્તેનપ્રયોગ' છે. અને અહીં જોકે હું ચોરી કરતો નથી, હું ચોરી કરાવતો નથી. એ પ્રકારે સ્વીકારેલા વ્રતવાળાને ચોરનો પ્રયોગ વ્રતભંગ જ છે. તોપણ 'કેમ તમે નિર્વ્યાપારવાળા બેઠા છો ?' જો ભોજનાદિ ન હોય તો હું તે=ભોજન, આપું છું. અથવા તારા વડે લાવેલ ચોરીના માલનો જો વિક્રાયક=ઘરાક, ન હોય તો હું વેચી આપીશ.' એ પ્રકારે વચન દ્વારા ચોરોને પ્રવૃત્ત કરતો સ્વકલ્પનાથી તેના વેપારને પરિહાર કરતા વ્રતસાપેક્ષ એવા શ્રાવકને અતિચાર છે. એ પ્રમાણે દ્વિતીય અતિચાર છે.**

**૩. માનવિપ્લવ :- અને આના દ્વારા વસ્તુનું માન કરાય તે 'માન' કહેવાય. અને તે માન કુડવાદિ, પલાદિ અથવા હસ્તાદિ છે. તેનો વિપ્લવ=વિપર્યાસ=અન્યથાકરણ=હીનાધિકપણું છે. હીનમાનથી આપે છે અને અધિક માનથી ગ્રહણ કરે છે. એથી આ=હીનાધિક માન કરનાર પણ, તત્ત્વથી ચોર જ છે. જેને કહે છે –**

"કંઈક લૌલ્યથી અને કોઈક કળાથી, કોઈક માપથી અને કોઈક તુલાથી કંઈક-કંઈક એકઠું કરતા વાણિયાઓ પ્રત્યક્ષ ચોરો કહેવાય છે.

જે કંઈ સહન કરે છે તે પણ ગ્રાહક જનને ઠગવા માટે અથવા મૃદુ બોલે છે તે પણ અપરને વિવશ કરવા

માટે=ઠગવા માટે, જે કંઈ આપે છે તે પણ અધિક ગ્રહણ કરવા માટે. ખેદની વાત છે કે વૃત્તિનો આ પ્રપંચ વાણિયાનો કોઈ પણ ગહન હોય છે." ।।૨।। ()

**અને શ્રાવકને આવું કરવું ઉચિત નથી=વણિક જેવી પ્રવૃત્તિ કરવી ઉચિત નથી. એથી ત્રીજો અતિચાર છે.**

**૪. દ્વિડ્રાજ્યગતિ :- અને શત્રુનો=વિરુદ્ધ રાજાનો, રાજ્ય=નિયમિત ભૂમિ અથવા કંટક=રાજ્યનો એક ભાગ. ત્યાં ગતિ=ગમન, તે શત્રુના રાજ્યમાં ગતિ છે=રાજાની અનનુજ્ઞા હોતે છતે ગમન છે. એ પ્રમાણે અર્થ છે. શત્રુના રાજ્યમાં ગમનનું જોકે સ્વસ્વામીની અનનુજ્ઞાનું** 'સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર વડે તે પ્રમાણે જ ગુરુ વડે અદત્ત.' **(નવપદ પ્રકરણ ગા. ૩૮) એ પ્રકારના અદત્તાદાન લક્ષણના યોગથી તેના કરનારને ચોરી સંબંધી દંડના યોગ વડે અદત્તાદાનરૂપપણું હોવાથી વ્રતભંગ જ છે. તોપણ 'શત્રુના રાજ્યમાં ગમનને કરનારા મારા વડે વાણિજ્ય જ કરાયું છે. ચોરી નહિ.' એ પ્રકારની ભાવના વડે વ્રતસાપેક્ષપણું હોવાથી અને લોકોમાં આ ચોર છે એ પ્રમાણે વ્યપદેશનો અભાવ હોવાથી અતિચારતા છે. ઉપલક્ષણપણું હોવાથી રાજાની નિષિદ્ધ વસ્તુનું ગ્રહણ પણ તે પ્રમાણે છે=અતિચાર છે. એ ચોથો અતિચાર છે.**

**૫. પ્રતિરૂપથી ક્રિયા :- અને વળી પ્રતિરૂપ=સદૃશ, વ્રીહિની સદૃશ પલંજિ=ધાન્યવિશેષ, ઘીની સદૃશ વસા=ચરબી, તેલની સદૃશ મૂત્રમ્, હિંગની સદૃશ ખદિરાદિનું વેષ્ટ, ચણકાદિનું પિષ્ટ અથવા ગુંદાદિ, કુંકુમ=કેસરનું કૃત્રિમ એવું તે અથવા કુસુમ્ભાદિ, મંજિષ્ટાદિનું સદૃશ ચિત્રકાદિ છે. જાત્યાદિ કર્પૂર, મણિ, મોતી, સુવર્ણ, ચાંદી આદિનું કૃત્રિમ તે-તે આદિ છે=તે-તે આદિ સદૃશ છે. તે પ્રતિરૂપથી ક્રિયા=વ્યવહાર, વ્રીહાદિમાં પલંજિ આદિનો પ્રક્ષેપ કરીને તે-તે વેચે છે અથવા ચોરાયેલી શિંગડાવાળી ગાયોનું અગ્નિથી પક્વ કાલિંગીફલના સ્વેદાદિ દ્વારા શિંગડાને અધોમુખવાળા અથવા પ્રગુણવાળા તિર્ચ્છા વળેલા યથારુચિ કરીને=તેઓને અન્યવિધત્વની જેમ કરીને=અન્ય ગાયની જેમ કરીને, સુખપૂર્વક ધારણ-વિક્રયાદિ કરે છે. એ પાંચમો અતિચાર છે.**

**માનવિપ્લવ અને પ્રતિરૂપથી ક્રિયા બંને પરને ઠગવા વડે પરના ધનનું ગ્રહણરૂપપણું હોવાથી ભંગ જ છે. ફક્ત ખાત્રખનનાદિક જ ચૌર્ય તરીકે પ્રસિદ્ધ છે. વળી, મારા વડે વણિકકળા જ કરાય છે. એ પ્રકારની ભાવનાથી વ્રતરક્ષણમાં ઉદ્યતપણું હોવાથી અતિચાર છે.**

**અથવા ચોરથી લાવેલ ગ્રહણાદિ પાંચે પણ આ=અતિચારો, વ્યક્ત ચોરીરૂપ જ છે. કેવલ સહસાત્કાર આદિ દ્વારા કે અતિક્રમાદિ દ્વારા પ્રકારથી કરાતા અતિચારપણાથી વ્યપદેશ કરાય છે. અને આ પાંચ અતિચારો રાજસેવકોને સંભવતા નથી એમ નહિ. તે આ પ્રમાણે — પ્રથમના બંને અતિચારોનો સ્પષ્ટ જ તેઓને સંભવ છે. વળી, શત્રુના રાજ્યમાં ગમન, જ્યારે કોઈક સામંતાદિ સ્વ-સ્વામીની વૃત્તિને ગ્રહણ કરે છે અને તેના વિરુદ્ધ રાજાને સહાયક થાય છે ત્યારે તેને અતિચાર થાય છે. માનવિપ્લવ અને પ્રતિરૂપ ક્રિયા જ્યારે રાજા ભંડારમાં માનનું અન્યપણું કે દ્રવ્યનો વિનિમય કરાવે છે ત્યારે રાજાને પણ અતિચાર થાય છે. ।।૪૫।।**

**ભાવાર્થ :-**

સુવર્ણાદિ વસ્તુઓ ચોરી કરીને લાવેલ હોવાથી સસ્તા ભાવમાં મળે છે. તેથી ધનના લોભના અર્થી એવા લોકો તેવા ચોર પાસેથી સુવર્ણાદિ વસ્તુઓ સસ્તા ભાવમાં ગ્રહણ કરે ત્યારે 'સ્તેનાહૃતગ્રહ' નામનો પ્રથમ અતિચાર પ્રાપ્ત થાય છે. વળી જે ચોરો પાસેથી સસ્તા ભાવમાં માલ ગ્રહણ કરતો હોય તેવો વણિક ચોરો ચોરી કરવામાં પ્રવૃત્ત થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરે ત્યારે 'સ્તેનપ્રયોગ' નામનો બીજો અતિચાર પ્રાપ્ત થાય છે. વળી, વ્યાપારમાં ખરીદવા માટે અને વેચવા માટે જુદાં તોલમાપ રાખે તે 'માનવિપ્લવ' નામનો ત્રીજો અતિચાર છે. પોતાના રાજાથી વિરુદ્ધ એવા રાજાના રાજ્યમાં ગમનનો નિષેધ હોય છતાં ધનાદિના લોભથી પોતે જાય ત્યારે વિરુદ્ધ રાજ્યગતિ નામનો ચોથો અતિચાર પ્રાપ્ત થાય છે. અને વ્યાપારમાં કીમતી વસ્તુના સદૃશ હલકી વસ્તુ ભેળવીને વેચાણ કરે ત્યારે 'પ્રતિરૂપથી ક્રિયા' નામનો પાંચમો અતિચાર પ્રાપ્ત થાય છે.

આ પાંચેય અતિચારો વસ્તુતઃ ચોરીરૂપ જ છે. તોપણ હું ચોરી કરતો નથી એ પ્રકારે કંઈક પરિણતિની અપેક્ષાએ અતિચાર કહે છે અથવા અનાભોગ-સહસાત્કારથી ક્યારેક થઈ જાય તો અતિચાર છે. અથવા એવું કૃત્ય કરેલું ન હોય છતાં તેવું કૃત્ય કરવાનો મનમાં વિકલ્પ થયો હોય ત્યારે અતિક્રમાદિથી અતિચાર છે. વસ્તુતઃ શ્રાવકે ચોરીના નિષેધનું પચ્ચક્ખાણ ગ્રહણ કરેલું હોય ત્યારે આ પાંચ અતિચારના ત્યાગનું પચ્ચક્ખાણ જ પ્રાપ્ત થાય છે; કેમ કે અતિચાર વ્રતના અતિચરણ સ્વરૂપ જ છે. ફક્ત તે અતિચરણનો અંશ અનાભોગાદિથી થાય છે. તે વખતે ફક્ત અનુપયોગદશાને કારણે થયેલું હોય તો તે અતિચરણ અંશ અલ્પ હોય છે. વળી, મનમાં સંકલ્પરૂપ થયું હોય પરંતુ કૃત્યરૂપે અતિચારનું સેવન ન થયું હોય તો અતિક્રમાદિ રૂપે કંઈક વ્રતનું ઉલ્લંઘન છે. અને જ્યારે લોભને પરવશ મનથી અન્ય અન્ય રીતે સમાધાન કરીને વ્રતના રક્ષણનો સંકલ્પ કરે ત્યારે ફક્ત વ્રતરક્ષણનો કંઈક પરિણામ છે. તેટલો શુભ અંશ છે. પરમાર્થથી વ્રતના ઉલ્લંઘનનો જ પરિણામ છે તેથી શ્રાવકે અદત્તાદાનવિરમણ વ્રત ગ્રહણ કર્યા પછી તેના સ્વરૂપનું સમ્યક્ સમાલોચન કરીને તે વ્રતની મર્યાદાને અત્યંત સ્થિર કરવી જોઈએ અને તે મર્યાદાથી વ્રતને ગ્રહણ કરીને તે વ્રત અનુસાર ગુપ્તિનો પરિણામ પ્રગટ થાય તેવો યત્ન કરવો જોઈએ જેથી અનાભોગથી પણ વ્રતના વિરુદ્ધ ભાવોની પ્રાપ્તિ થાય નહિ. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**इति प्रोक्तास्तृतीयव्रतातिचाराः, अथ चतुर्थव्रतस्य तानाह –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે ત્રીજા વ્રતના અતિચારો કહેવાયા. હવે ચોથા વ્રતના તેઓને=અતિચારોને, કહે છે -**

**શ્લોક :-**

**परवीवाहकरणं, गमोऽनात्तेत्वरात्तयोः ।**
**अनङ्गक्रीडनं तीव्ररागश्च ब्रह्मणि स्मृताः ।।४६।।**

**અન્વયાર્થ :-**

परवीवाहकरणं=પરવિવાહનું કરણ, अनात्तेत्वरात्तयोः गम=અનાત્ત અને ઇત્વર આત્ત એવી સ્ત્રીનું ગમન=સ્ત્રીનું સેવન, अनङ्गक्रीडनं=અનંગક્રીડન, च=અને, तीव्ररागः=તીવ્રરાગ, ब्रह्मणि=બ્રહ્મવ્રતમાં, स्मृताः=અતિચારો કહેવાયા છે. ॥૪૬॥

**શ્લોકાર્થ :-**

**પરવિવાહકરણ, અનાત્ત અને ઇત્વરાત્ત એવી સ્ત્રીનું સેવન, અનંગક્રીડા અને તીવ્ર રાગ બ્રહ્મચર્યવ્રતમાં અતિચારો કહેવાયા છે. ॥૪૬॥**

**ટીકા :-**

**परवीवाहकरणमनात्तागम इत्वरात्तागम अनङ्गक्रीडनं कामतीव्ररागश्चेति 'ब्रह्मणि' तुर्यव्रते पञ्चातिचाराः ।**

**तत्र परेषां-स्वस्वापत्यव्यतिरिक्तानां वीवाहकरणं-कन्याफललिप्सया स्नेहसम्बन्धादिना वा परिणयनविधानम्, इदं च स्वदारसन्तोषवता स्वकलत्रात्परदारवर्ज्जकेन च स्वकलत्रवेश्याभ्यामन्यत्र मनोवाक्कायैर्मैथुनं न कार्यं न च कारणीयमिति यदा प्रतिपन्नं भवति, तदा परवीवाहकरणं मैथुनकारणमर्थतः प्रतिषिद्धमेव भवति, तद्व्रती तु मन्यते-'विवाह एवायं मया विधीयते, न मैथुनं कार्यते', इति व्रतसापेक्षत्वाददतिचार इति । कन्याफललिप्सा च सम्यग्दृष्टेरव्युत्पन्नावस्थायां सम्भवति, मिथ्यादृष्टेस्तु भद्रकावस्थायामनुग्रहार्थं व्रतदाने सा सम्भवति ।**

**नन्वन्यविवाहनवत्स्वापत्यविवाहनेऽपि समान एव दोषः?, सत्यम्, यदि स्वकन्या न परिणाय्यते, तदा स्वच्छन्दकारिणी स्यात्, ततश्च शासनोपघातः स्यात्, विहितविवाहा तु पतिनियन्त्रितत्वेन न तथा स्यात्, परेऽप्याहुः-**

"पिता रक्षति कौमारे, भर्त्ता रक्षति यौवने ।
पुत्रास्तु स्थावरे भावे, न स्त्री स्वातन्त्र्यमर्हति ।।१।।" **[मनुस्मृति ९/३]**

**यस्तु दाशार्हस्य कृष्णस्य चेटकराजस्य च स्वापत्येष्वपि विवाहनियमः श्रूयते, स चिन्तकान्तर-सद्भावाद्द्रष्टव्यः, तथा चान्यस्यापि श्रावकस्यान्यचिन्तकसद्भावे तथैव न्याय्यः, अन्यचिन्ताकर्त्रभावे तु यथानिर्वाहं विवाहसङ्ख्यानियमो युक्तः, अन्ये त्वाहुः-परस्य=कलत्रान्तरस्य सत्यपि सज्जकलत्रे विशिष्टसन्तोषाभावात्पुनः स्वयं विवाहनं परविवाहनम्, अयं स्वदारसन्तुष्टस्यातिचारः प्रथमः १ ।**

**तथा अनात्ता=अपरिगृहीता वेश्या, स्वैरिणी, प्रोषितभर्तृका, कुलाङ्गना वाऽनाथा, तथा इत्वरी-प्रतिपुरुषमयनशीला वेश्येत्यर्थः सा चासावात्ता च कञ्चित्कालं भाटीप्रदानादिना सङ्गृहीता, पुंवद्भावे**

इत्वरात्ता विस्पष्टपटुवत्समासः अथवा इत्वरकालमात्ता इत्वरात्ता मयूरव्यंसकादित्वात् समासः कालशब्दलोपश्च, अनात्ता च इत्वरात्ता चेति द्वन्द्वः, तयोर्गमः=आसेवनम् ।

इयं चात्र भावना–अनात्तागमोऽनाभोगादिनाऽतिचारः, इत्वरात्तागमस्तु भाटीप्रदानादित्वरकाल-स्वीकारेण स्वकलत्रीकृत्य वेश्यां सेवमानस्य स्वबुद्धिकल्पनया स्वदारत्वेन व्रतसापेक्षत्वान्न भङ्गः, अल्पकालपरिग्रहाच्च वस्तुतोऽन्यकलत्रत्वाद्भङ्ग इति भङ्गाऽभङ्गरूपत्वादतिचारः २ ।

इमौ चातिचारौ स्वदारसन्तोषिण एव, न तु परदारवर्जकस्य, इत्वरात्ताया वेश्यात्वेन अनात्तायाः त्वनाथतयैवापरदारत्वात्, शेषास्त्वतिचारा द्वयोरपि इदं च हरिभद्रसूरिमतं, सूत्रानुपाति च । यदाहुः-

"सदारसंतोसस्स पंचइआरा जाणिअव्वा न समायरिअव्वा" । [उपासकदशाङ्गे अ. १. प. ५]

अन्ये त्वाहुः-इत्वरात्तागमः स्वदारसन्तोषवतोऽतिचारः, तत्र भावना कृतैव, अनात्तागमस्तु परदार-वर्जिनः, अनात्ता हि वेश्या, यदा तां गृहीतान्यसक्तभाटिकामभिगच्छति, तदा परदारगमनजन्यदोष-सम्भवात्कथञ्चित्परदारत्वाच्च भङ्गत्वेन वेश्यात्वाच्चाभङ्गत्वेन भङ्गा-भङ्गरूपोऽतिचारः इति द्वितीय-तृतीयौ २-३ । तथाऽनङ्गः-कामः, स च पुंसः स्त्रीपुंनपुंसकेषु सेवनेच्छा हस्तकर्मादीच्छा वा वेदोदयात्, योषितोऽपि योषिन्नपुंसकपुरुषासेवनेच्छा हस्तकर्मादीच्छा वा, नपुंसकस्यापि नपुंसक-पुरुषस्त्रीसेवनेच्छा हस्तकर्मादीच्छा वा, एषोऽनङ्गः नान्यः कश्चित् तेन तस्मिन् वा क्रीडनं रमणमनङ्गक्रीडनम्, यद्वा आहार्यैः काष्ठ-पुस्त-फल-मृत्तिका-चर्मादिघटितप्रजननैः स्वलिङ्गेन कृतकृत्योऽपि योषितामवाच्यदेशं भूयो भूयः कुथ्नाति, केशाकर्षण-प्रहारदान-दन्तनखकदर्थनादिप्रकारेण मोहनीयकर्मावेशात्तथा क्रीडति यथा बलवान् रागः प्रसूयते । अथवा अङ्गं-देहावयवो मैथुनापेक्षया योनिर्मेहनं च, तद्व्यतिरिक्तान्यनङ्गानिकुचकक्षोरुवदनादीनि तेषु क्रीडनमनङ्गक्रीडनमिति चतुर्थः ४ ।

तथा तीव्ररागः-अत्याग्रहः अर्थात् मैथुने परित्यक्तान्यसकलव्यापारस्य तदध्यवसायता, योषामुखक-क्षोपस्थान्तरेषु अवितृप्ततया प्रक्षिप्य लिङ्गं महतीं वेलां निश्चलो मृत ए(इ)वास्ते, चटक इव चटिकायां मुहुर्मुहुर्योषायामारोहति, जातबलक्षयश्च वाजीकरणान्युपयुङ्क्ते, 'अनेन खल्वौषधप्रयोगेण गजप्रसेकी तुरगावमर्द्दी च पुरुषो भवती'ति बुद्ध्येति पञ्चमः ५ । इह च श्रावको-ऽत्यन्तपापभीरुतया ब्रह्मचर्यं चिकीर्षुरपि यदा वेदोदयासहिष्णुतया तद्विधातुं न शक्नोति, तदा यापनामात्रार्थं स्वदारसन्तोषादि प्रतिपद्यते, मैथुनमात्रेण च यापनायां सम्भवत्यामनङ्गक्रीडनकामतीव्ररागावर्थतः प्रतिषिद्धौ, तत्सेवने च न कश्चिद्गुणः, प्रत्युत तात्कालिकी छिदा राजयक्ष्मादयश्च रोगा दोषा एव भवन्ति, एवं प्रतिषिद्धाचरणाद्भङ्गो नियमाबाधनाच्चाभङ्ग इत्यतिचारावेतौ ।

अन्ये त्वन्यथाऽतिचारद्वयमपि भावयन्ति-स हि स्वदारसन्तोषी मैथुनमेव मया प्रत्याख्यातमिति स्वबुद्ध्या वेश्यादौ तत्परिहरति नालिङ्गनादि, परदारवर्ज्जकोऽपि परदारेषु मैथुनं परिहरति नालिङ्गनादि, इति कथञ्चिद्व्रतसापेक्षत्वाददतिचारौ । एवं स्वदारसन्तोषिणः पञ्चातिचाराः परदारवर्जकस्य तूत्तरे त्रय एवेति स्थितम् ।

अन्ये त्वन्यथाऽतिचारान् विचारयन्ति, यथा –

"परदारवज्जिणो पंच हुंति तिन्नि उ सदारसंतुट्ठे ।
इत्थी उ तिन्नि पंच व, भंगविगप्पेहिं अइआरा ।।१।।" [नवपदप्रकरणे गा. ५४, सम्बोधप्रकरणे ७/४१]

इत्वरकालं या परेण भाट्यादिना गृहीता वेश्या तां गच्छतः परदारवर्जिनो भङ्गः, कथञ्चित् परदारत्वात्तस्याः, लोके तु परदारत्वारूढेर्न भङ्ग इत्यतिचारता १, अनात्तायामनाथकुलाङ्गनायां या गतिः परदारवर्ज्जिनः सोऽप्यतिचारः, लोके परदारत्वेन तस्या रूढत्वात् वास्तवकल्पनया च परस्य भर्त्तुरभावेनापरदारत्वाच्च २, शेषास्तु त्रयो द्वयोरपि भवेयुः ।

स्त्रियस्तु स्वपुरुषसन्तोषपरपुरुषवर्जनयोर्न भेदः, स्वपुरुषव्यतिरेकेणान्येषां परपुरुषत्वात् परविवाहकरणमनङ्गक्रीडनं कामतीव्ररागश्चेति त्रयः स्वदारसन्तोषिण इव स्वपुरुषविषयाः स्युरिति । पञ्च वा कथं ? इत्वरात्तगमनं तावत्सपत्नीवारकदिने स्वपतिः सपत्नीपरिगृहीतो भवति, तदा सपत्नीवारकं विलुप्य तं परिभुञ्जानाया अतिचारः, अनात्तगमस्त्वतिक्रमादिना परपुरुषमभिसरन्त्या अतिचारः, ब्रह्मचारिणं वा स्वपतिमतिक्रमादिनाऽभिसरन्त्या अतिचारः, शेषास्त्रयः स्त्रियाः पूर्ववत्, ब्रह्मचारिणस्तु पुंसः स्त्रियो वाऽतिक्रमादिनैव सर्वेऽप्यतिचारा इति ध्येयम् ।।४६।।

**ટીકાર્થ :-**

परवीवाह ..... ध्येयम् ।। પરવિવાહનું કરણ, નહીં ગ્રહણ કરાયેલી સ્ત્રીનું ગમન, ઇત્વર ગ્રહણ કરાયેલી સ્ત્રીનું ગમન, અનંગક્રીડા અને કામનો તીવ્રરાગ એ બ્રહ્મચર્યમાં=ચોથા વ્રતમાં, પાંચ અતિચારો છે. ત્યાં=પાંચ અતિચારમાં,

(૧) પરવીવાહકરણ :- પરના=પોતપોતાના પુત્રાદિથી વ્યતિરિક્તના વિવાહનું કરણ=કન્યાના ફળની લિપ્સાથી કે સ્નેહના સંબંધ આદિથી લગ્નનું કરાવવું, અને આ=પરવિવાહનું કરણ, સ્વદારાસંતોષવાળાએ સ્વસ્ત્રીથી અને પરદારાના વર્જકપણાથી સ્વસ્ત્રી અને વેશ્યા દ્વારા અન્યત્ર મન-વચન-કાયા વડે મૈથુન કરવું જોઈએ નહીં અને કરાવવું જોઈએ નહિ એ પ્રમાણે વ્રત સ્વીકાર્યું છે ત્યારે પરના વિવાહના કરણ રૂપ મૈથુનનું કારણ અર્થથી પ્રતિષિદ્ધ જ છે. અને તેનો વ્રતી વળી માને છે કે મારા વડે આ વિવાહ જ કરાય છે. મૈથુન કરાવાતું નથી. એ પ્રમાણે વ્રતનું સાપેક્ષપણું હોવાથી

અતિચાર છે. અને કન્યાફળની લિપ્સા સમ્યગ્દૃષ્ટિને અવ્યુત્પન્ન અવસ્થામાં સંભવે છે. અર્થાત્ સમ્યક્ત્વના સૂક્ષ્મબોધવાળી અવસ્થા હોય તો સંભવે નહીં પરંતુ તે પ્રકારની વ્યુત્પન્ન મતિ ન હોય ત્યારે સંભવે છે. વળી, મિથ્યાદૃષ્ટિને ભદ્રક અવસ્થામાં અનુગ્રહ માટે વ્રતદાન કરાયે છતે તે=કન્યાફળની લિપ્સા, સંભવે છે.

અન્ય વિવાહની જેમ પોતાના પુત્રાદિના વિવાહમાં પણ સમાન જ દોષ છે. એ પ્રમાણે કોઈ શંકા કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે. તારી વાત સત્ય છે. જો પોતાની કન્યાને પરણાવે નહીં તો સ્વચ્છન્દકારિણી થાય અને તેથી શાસનનો ઉપઘાત થાય. વળી, વિહિત વિવાહવાળી, પતિથી નિયંત્રણપણું હોવાને કારણે તે પ્રમાણે થતી નથી=સ્વચ્છંદકારિણી થતી નથી. અન્યદર્શનવાળા પણ કહે છે.

"પિતા કુમાર અવસ્થામાં રક્ષણ કરે છે=પિતા પુત્રીનું દુરાચારથી કુમાર અવસ્થામાં રક્ષણ કરે છે. યૌવન અવસ્થામાં ભર્તા રક્ષણ કરે છે. વળી સ્થાવરભાવમાં=વૃદ્ધાવસ્થામાં, પુત્રો રક્ષણ કરે છે. સ્ત્રી સ્વાતંત્ર્યપણાને યોગ્ય નથી." (મનુસ્મૃતિ-૯/૩)

વળી જે દાશાર્હ એવા કૃષ્ણરાજાને અને ચેટકરાજાને પોતાના પુત્રોના વિષયમાં પણ વિવાહનો નિયમ સંભળાય છે=પુત્રોના વિવાહ નહીં કરાવવાનો નિયમ સંભળાય છે. તે=નિયમ, ચિન્તકાન્તરના સદ્ભાવને કારણે જાણવો=પુત્રોના લગ્નની ચિંતા કરનાર અન્ય વિદ્યમાન હોવાને કારણે જાણવો. અને તે રીતે=જે રીતે કૃષ્ણ અને ચેડા મહારાજા પોતાના પુત્રોના વિવાહમાં પ્રયત્ન કરતા ન હતા તે રીતે, અન્ય પણ શ્રાવકને અન્યચિંતકના સદ્ભાવમાં તે પ્રમાણે જ ન્યાય છે=પુત્રના લગ્નની પ્રવૃત્તિમાં પ્રયત્ન ન કરવો તે ઉચિત છે. વળી, અન્ય ચિંતાને કરનારના અભાવમાં જે પ્રમાણે નિર્વાહ થઈ શકે તે પ્રમાણે વિવાહની સંખ્યાનો નિયમ કરવો જોઈએ. વળી, અન્ય કહે છે સજ્જ કલત્ર હોતે છતે પણ=પોતાની સ્ત્રી ભોગ માટે સમર્થ વિદ્યમાન હોવા છતાં પણ, વિશિષ્ટ સંતોષનો અભાવ હોવાને કારણે, પરનો=અન્ય સ્ત્રીનો, ફરી સ્વયં વિવાહ કરવો તે પરવિવાહ છે. આ=અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાં એ, સ્વદારાસંતુષ્ટને પ્રથમ અતિચાર છે.

(૨) અનાત્તગમન (૩) ઈત્વરઆત્તગમન :- અને નહીં ગ્રહણ કરાયેલ=અપરિગૃહીત એવી વેશ્યા, સ્વેચ્છાચારી સ્ત્રી, પતિથી મુકાયેલી સ્ત્રી, અથવા કુલાંગના એવી અનાથ અને ઈત્વરી=પ્રતિપુરુષને આશ્રયીને અયનશીલા=અનિયંત્રણવાળી વેશ્યા અને તે એવી આત્ત=ગ્રહણ કરાયેલી=કેટલોક કાળ ધન આપવા દ્વારા સંગ્રહ કરાયેલી, 'પુંવદ્ભાવે'=પુંવદ્ભાવમાં, ઈત્વરઆત્તા કહેવાય છે. વિસ્પષ્ટપટુવત્ સમાસ છે. અથવા ઈત્વરકાલ ગ્રહણ કરાયેલી ઈત્વર આત્ત છે. મયૂર વ્યંસકાદિપણું હોવાથી સમાસ છે. અને કાલ શબ્દનો લોપ છે. અને અનાત્તા અને ઈત્વરઆત્તા એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ છે. તે બેનું ગમન=અનાત્ત સ્ત્રી અને ઈત્વરઆત્ત સ્ત્રી બંનેનું ગમન=આસેવન, તે અનાત્ત-ઈત્વર આત્તનું ગમન છે. અને આ અહીં=અનાત્ત-આત્ત સ્ત્રીના ભોગના વિષયમાં, ભાવના — અનાત્તનું ગમન=નહિ ગ્રહણ કરાયેલી સ્ત્રીનું સેવન, અનાભોગાદિથી અતિચાર છે. વળી, ઈત્વર કાલ માટે ગ્રહણ કરાયેલી સ્ત્રીનું સેવન ધન પ્રદાનાદિથી ઈત્વરકાલના સ્વીકારથી પોતાની સ્ત્રી કરીને વેશ્યાનું સેવન કરનારને

સ્વબુદ્ધિની કલ્પનાથી સ્વદારાપણા રૂપે વ્રતનું સાપેક્ષપણું હોવાથી ભંગ નથી અને અલ્પકાલ માટે ગ્રહણ હોવાથી વસ્તુતઃ અન્યસ્ત્રીપણું હોવાથી=તે વેશ્યા અન્ય સ્ત્રી હોવાથી, ભંગ છે, એથી ભંગાભંગરૂપ હોવાથી અતિચાર છે. અને આ બે અતિચારો=નહિ ગ્રહણ કરાયેલ સ્ત્રીનું ગમન અને ઈત્વર કાલ માટે ગ્રહણ કરાયેલી સ્ત્રીનું ગમન એ બે અતિચારો, સ્વદારાસંતોષીને જ છે. પરંતુ પરદારાવર્જકને નહિ; કેમ કે ઈત્વરકાલ માટે ગ્રહણ કરાયેલી સ્ત્રીનું વેશ્યાપણું હોવાને કારણે, નહીં ગ્રહણ કરાયેલી સ્ત્રીનું અનાથપણું હોવાને કારણે જ પરસ્ત્રીપણું નથી. વળી શેષ અતિચારો બંનેને છે=સ્વદારાસંતોષી અને પરદારાવર્જક બંનેને પણ છે. અને આ હરિભદ્રસૂરિનો મત છે. અને સૂત્ર અનુપાતિ છે જે કારણથી કહે છે –

"સ્વદારા સંતોષવાળાને પાંચ અતિચારો જાણવા જોઈએ, આચરવા જોઈએ નહિ." (ઉપાસકદશાંગ અ. ૧ પત્ર. ૫)

વળી, અન્ય કહે છે – ઈત્વર કાલ માટે ગ્રહણ કરાયેલ સ્ત્રીનું સેવન સ્વદારાસંતોષવાળાને અતિચાર છે. ત્યાં ભાવના કરાયેલી જ છે. વળી પરદારા વર્જીને નહીં ગ્રહણ કરાયેલ સ્ત્રીનું સેવન અતિચાર છે. જે કારણથી નહીં ગ્રહણ કરાયેલી વેશ્યા છે જ્યારે અન્ય પુરુષ સંબંધી, ધનાદિથી ગ્રહણ કરાયેલી એવી તેને=વેશ્યાને, સેવે છે ત્યારે પરદારાગમનજન્ય દોષનો સંભવ હોવાથી, કથંચિત્ પરસ્ત્રીપણું હોવાને કારણે ભંગપણું હોવાથી અને વેશ્યાપણું હોવાને કારણે અભંગપણું હોવાથી ભંગાભંગરૂપ અતિચાર છે. આ પ્રમાણે બીજો-ત્રીજો અતિચાર છે.

(૪) અનંગક્રીડા :- અને અનંગ=કામ અને તે=કામ, પુરુષને વેદના ઉદયથી સ્ત્રી-પુરુષ-નપુંસકના વિષયમાં સેવનની ઈચ્છા અથવા હસ્તકર્માદિની ઈચ્છા, સ્ત્રીને પણ સ્ત્રી-નપુંસક-પુરુષના વિષયમાં સેવનની ઈચ્છા અથવા હસ્તકર્માદિની ઈચ્છા, નપુંસકને પણ નપુંસક-પુરુષ-સ્ત્રીના વિષયમાં સેવનની ઈચ્છા કે હસ્તકર્માદિની ઈચ્છા આ અનંગ અન્ય કંઈ નથી=ઈચ્છાથી અતિરિક્ત અન્ય કોઈ ક્રિયારૂપ નથી. તેના વડે=કામની ઈચ્છા વડે અથવા તેમાં ક્રીડન=કામની ઈચ્છામાં ક્રીડન=રમવું તે અનંગક્રીડન છે. અથવા આહાર્ય એવા કાષ્ઠ-પુસ્ત-ફલ-મૃત્તિકા-ચર્માદિ ઘટિત પ્રજનન વડે સ્વલિંગથી કૃતકૃત્ય પણ પુરુષ સ્ત્રીના અવાચ્ય દેશને ફરી ફરી ચેષ્ટા કરે, કેશાકર્ષણ-પ્રહારદાન-દાંત-નખ કદર્થનાદિ પ્રકારથી મોહનીયકર્મના આવેશથી તે પ્રકારે ક્રીડા કરે છે. જે પ્રકારે બળવાન રાગ થાય. અથવા અંગ=દેહના અવયવો, કામની અપેક્ષાએ સ્ત્રીની યોનિ અને પુરુષનું મેહન તેનાથી વ્યતિરિક્ત અન્ય અંગો=કુચ, કક્ષા, ઉરુ, વદન વગેરે અન્ય અંગો, તેઓમાં ક્રીડન અનંગક્રીડન છે. એ પ્રમાણે ચોથો અતિચાર છે.

(૫) તીવ્ર રાગ :- અને તીવ્રરાગ=અતિ આગ્રહ અર્થાત્ મૈથુનમાં પરિત્યક્ત અન્ય સકલ વ્યાપારવાળાને તેની અધ્યવસાયતા=કામની અધ્યવસાયતા, સ્ત્રીનાં મુખ-કક્ષ-ઉપસ્થાન્તરમાં અવિતૃપ્તપણાથી લિંગને નાખીને ઘણા કાળ સુધી મરેલાની જેમ નિશ્ચલ રહે છે. ચટિકાની ઉપર ચટકની જેમ વારંવાર સ્ત્રી ઉપર આરોહણ કરે છે અને બલક્ષયવાળો થયેલો વાજીકરણાદિ સેવે છે. 'આ ઔષધ પ્રયોગથી

ગજપ્રસેકી અને તુરગાવમર્દી પુરુષ થાય છે.' એ પ્રકારની બુદ્ધિથી વાજીકરણ સેવે છે, એ પાંચમો અતિચાર છે.

અને અહીં=અબ્રહ્મના વિષયમાં શ્રાવક અત્યંત પાપભીરુ હોવાને કારણે બ્રહ્મચર્યની ઈચ્છાવાળો પણ જ્યારે વેદના ઉદયના અસહિષ્ણુપણાને કારણે તેને કરવા માટે=બ્રહ્મચર્યના પાલન કરવા માટે, સમર્થ થતો નથી, ત્યારે યાપના માટે=કામની ઈચ્છાના શમન માટે, સ્વસ્ત્રીસંતોષ આદિ સ્વીકારે છે. અને મૈથુનમાત્રથી યાપના=શાંતિ થયે છતે, અનંગક્રીડન અને કામનો તીવ્રરાગ અર્થથી પ્રતિષિદ્ધ છે. અને તેના સેવનમાં કોઈ ગુણ નથી. ઊલટું તત્કાલ છિદા કે ક્ષય રોગના દોષો જ થાય છે. આ રીતે પ્રતિષિદ્ધના આચરણથી ભંગ અને નિયમના અબાધનથી અભંગ છે. એથી આ બે=અનંગક્રીડા અને તીવ્ર અનુરાગ એ બે અતિચાર છે.

વળી, અન્ય બે અતિચારને=અનંગક્રીડા અને તીવ્રરાગ એ બે અતિચારોને અન્ય પ્રકારે ભાવન કરે છે. તે સ્વદારાસંતોષી મૈથુન જ મારા વડે પ્રત્યાખ્યાન કરાયું છે એ પ્રકારની સ્વબુદ્ધિથી વેશ્યાદિમાં તેનો પરિહાર=મૈથુનનો પરિહાર, કરે છે. આલિંગનાદિનો=વેશ્યાને આલિંગનાદિનો પરિહાર કરતો નથી. પરદારાવર્જક પણ પરસ્ત્રીમાં મૈથુનનો પરિહાર કરે છે. આલિંગનાદિનો પરિહાર કરતો નથી. એથી ક્વચિત્ વ્રત સાપેક્ષપણું હોવાથી આ બે અતિચારો છે=સ્વદારાસંતોષીને અને પરદારાવર્જીને આશ્રયીને આ બે અતિચારો છે. આ રીતે='અન્ય' અર્થ કરે છે. એ રીતે, સ્વદારાસંતોષીને પાંચ અતિચારો છે અને પરદારાવર્જકને ઉત્તરના ત્રણ જ અતિચારો છે. એ પ્રમાણે સ્થિત છે=ઈત્વરઆત્તગમન, અનંગક્રીડા અને તીવ્રરાગ એ ત્રણ અતિચારો છે.

વળી, અન્ય, અન્ય પ્રકારે અતિચારોનો વિચાર કરે છે. જે આ પ્રમાણે –

"પરદારાવર્જી શ્રાવકને=પરસ્ત્રીવર્જક શ્રાવકને, પાંચ અતિચાર થાય છે. વળી સ્વદારાસંતુષ્ઠ શ્રાવક હોતે છતે ત્રણ અતિચારો થાય છે. અને સ્ત્રીના વિષયમાં ભંગના વિકલ્પોથી ત્રણ અથવા પાંચ અતિચાર જાણવા." (નવપદ પ્રકરણ ગા. ૫૪, સંબોધ પ્રકરણ ૭/૪૧)

૧. ઈત્વરકાળ=થોડા કાળ માટે પર વડે ધનાદિ દ્વારા જે ગ્રહણ કરાયેલી વેશ્યા છે તેને સેવન કરતા પરદારાવર્જીને ભંગ છે=વ્રતનો ભંગ છે; કેમ કે તેનું=અલ્પકાળ માટે ગ્રહણ કરાયેલ વેશ્યાનું, કથંચિત્ પરદારાપણું છે. વળી, લોકમાં પરદારાપણાથી=પરસ્ત્રીપણાથી અરૂઢ હોવાને કારણે ભંગ નથી એથી અતિચારતા છે.

૨. નહીં ગ્રહણ કરાયેલી અનાથ અને કુલાંગનામાં પરદારાવર્જીની જે પ્રવૃત્તિ છે તે પણ અતિચાર છે; કેમ કે લોકમાં પરસ્ત્રીરૂપે તેનું રૂઢપણું છે અને વાસ્તવની કલ્પનાથી=પરદારાના વર્જન કરનાર શ્રાવકની વાસ્તવની કલ્પનાથી, પર એવા ભર્તુનો અભાવ હોવાથી પરસ્ત્રીપણાનો અભાવ છે. વળી શેષ ત્રણેય બંનેને પણ છે=સ્વદારાસંતોષી અને પરદારાવર્જી બંનેને, પણ પરવિવાહકરણ, અનંગક્રીડા અને તીવ્રરાગ ત્રણેય અતિચાર છે.

**વળી, સ્ત્રીઓને સ્વપુરુષસંતોષ અને પરપુરુષવર્જનનો ભેદ નથી. કેમ કે, સ્વપુરુષના વ્યતિરેકથી અન્ય પુરુષોનું પરપુરુષપણું છે. પરવિવાહનું કરણ, અનંગક્રીડન અને કામનો તીવ્રરાગ એ ત્રણ સ્વદારાસંતોષીની જેમ સ્વપુરુષ વિષયવાળી સ્ત્રીને પણ થાય. અથવા પાંચ કેમ ?=પાંચ અતિચાર કેમ થાય ? અર્થાત્ સ્ત્રીને પાંચ અતિચાર કેમ થાય તે બતાવે છે –**

**ઈત્વર આત્તગમન=અલ્પકાળ માટે ગ્રહણનું ગમન, સ્વપત્નીના વારાના દિવસે સ્વપતિ, સપત્નીથી પરિગૃહીત થાય ત્યારે સપત્નીના વારાનો વિલોપ કરીને તેને=પતિને ભોગવનારી સ્ત્રીને અતિચાર થાય છે. વળી નહીં ગ્રહણ કરાયેલું ગમન અતિક્રમાદિ દ્વારા પરપુરુષને સેવતી સ્ત્રીને અતિચાર છે અથવા બ્રહ્મચારી એવા સ્વપતિને અતિક્રમાદિ દ્વારા સેવતી સ્ત્રીને અતિચાર છે. શેષ ત્રણ અતિચાર=પરવિવાહકરણ, અનંગક્રીડન, તીવ્રરાગ એ ત્રણ અતિચાર, સ્ત્રીને પૂર્વની જેમ છે. વળી, બ્રહ્મચારી પુરુષને કે બ્રહ્મચારી સ્ત્રીને અતિક્રમાદિથી જ સર્વ પણ અતિચારો જાણવા. ।।૪૬।।**

**ભાવાર્થ :-**

ચોથા વ્રતમાં પાંચ અતિચારો છે.

**(૧) પરવિવાહકરણ :-**

શ્રાવકના ચોથા વ્રતનો પ્રથમ અતિચાર પરના વિવાહનું કરણ છે. શ્રાવકને બ્રહ્મચર્ય પાળવાની ઉત્કટ ઇચ્છા હોય છે અને અબ્રહ્મ પ્રત્યે તીવ્ર જુગુપ્સા હોય છે. પરંતુ પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ નથી. છતાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિના સંચય અર્થે દેશથી બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરે છે. તેથી બ્રહ્મચર્યના રાગવાળા અને પૂર્ણ બ્રહ્મચર્યને પ્રાપ્ત કરવાના અર્થી એવા દેશથી બ્રહ્મચર્ય પાળનારા શ્રાવકે અબ્રહ્મના કારણભૂત પરવિવાહ કરાવવો જોઈએ નહિ. પરવિવાહ કરાવે તો બ્રહ્મચર્ય વ્રતનું ઉલ્લંઘન જ થાય છે. ફક્ત મુગ્ધતાથી તેને વિચાર આવે કે હું અબ્રહ્મનું સેવન કરાવતો નથી. માત્ર તેમના વિવાહને કરાવું છું. તેથી કંઈક વ્રતસાપેક્ષ પરિણામ હોવાને કારણે પરના વિવાહને કરાવવાની ક્રિયા અતિચારરૂપ છે.

વસ્તુતઃ શ્રાવક, જે દેશથી બ્રહ્મચર્યવ્રતનું ગ્રહણ કરે છે તે સંપૂર્ણ બ્રહ્મચર્ય પ્રત્યેના બળસંચય અર્થે છે અને તેવું સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનો અર્થી એવો શ્રાવક અબ્રહ્મનું પોષણ થાય તેવો વચનપ્રયોગ પણ કરે નહીં અને મનમાં તેવો વિચાર પણ કરે નહિ. પરંતુ અજ્ઞાનને વશ કે અવિચારકતાને વશ પરવિવાહ કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. ફક્ત પોતાના પુત્રો ઉન્માર્ગમાં ન જાય કે અસદાચારનું સેવન ન કરે તેવા શુભાશયથી અને તેના વિવાહની ચિંતા કોઈ કરે તેમ ન હોય તો તેમના હિતના પરિણામપૂર્વક પોતાના પુત્રાદિના લગ્ન કરાવે ત્યારે તેઓ કામ સેવીને કે સંસારના ભોગસુખો ભોગવીને સુખી થાય તેવો લેશ પણ અધ્યવસાય ન હોય અને તેઓ ઉન્માર્ગમાં ન જાય તેનું સ્મરણ કરીને તેના હિત અર્થે લગ્નાદિની પ્રવૃત્તિ કરે તો બ્રહ્મચર્ય પ્રત્યેનો પક્ષપાત રહેતો હોવાથી અતિચારની પ્રાપ્તિ થતી નથી. પરંતુ પુત્રાદિના રાગના કારણે તેઓ ભોગ ભોગવે અને સુખી થાય તેવી આશંસાપૂર્વક તેમનાં લગ્ન કરાવે તો સ્વીકારેલું દેશથી બ્રહ્મચર્યવ્રત મલિન થાય છે માટે અતિચારની પ્રાપ્તિ છે. તેથી શ્રાવકે પુત્રાદિ સિવાય અન્યના લગ્નમાં પ્રયત્ન કરવો

અનુચિત છે. પરંતુ પુત્રાદિના લગ્નની ચિંતા કોઈ કરે તેમ હોય તોપણ તેમના લગ્નાદિની પ્રવૃત્તિમાં શ્રાવકે રસ લેવો ઉચિત નથી. અને કોઈક કારણસર પુત્રાદિના હિત અર્થે તેના લગ્નની ચિંતા કરવી પડે તોપણ સતત ભાવન કરવું જોઈએ કે સંસારના ભોગની ક્રિયા સુખ માટેની ક્રિયા નથી. આ તો જીવની વિડંબના છે. છતાં પુત્રાદિ લગ્ન કર્યા વિના જીવી શકે તેમ નથી અને ઉચિત રીતે લગ્ન નહીં કરે તો ઉન્માર્ગમાં જશે અને તેઓ ઉન્માર્ગમાં ન જાય તેવા શુભાશયપૂર્વક અશક્ય પરિહાર હોય તેટલો જ તેના લગ્નમાં યત્ન કરે તો શ્રાવકને અતિચારની પ્રાપ્તિ થાય નહિ.

વળી, 'પરવિવાહકરણ'નો અર્થ બીજા અન્ય પ્રકારે કરે છે –

પોતાની સ્ત્રી સમર્થ વિદ્યમાન હોય તોપણ તેટલાથી તેને સંતોષ ન થતો હોય અને તેના કારણે અન્ય સ્ત્રી સાથે લગ્ન કરે તો તેને અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે જે શ્રાવકે પોતાની સ્ત્રીમાં સંતોષ માનવો જોઈએ તેવા આશયથી સ્વદારાસંતોષવ્રત લીધેલું છે, તે શ્રાવકે પોતાની સ્ત્રીથી અન્ય સ્ત્રીમાં ભોગની ઇચ્છા ન થાય તેવો જ પરિણામ ધારણ કરવો જોઈએ. આમ છતાં સ્વદારાસંતોષવ્રત ગ્રહણ કર્યા પછી પણ પ્રબળ કામવૃત્તિને કારણે બીજી સ્ત્રી પરણે ત્યારે તેને થાય કે તે પણ સ્ત્રી મારી જ છે. અને હું મારા સ્વદારાસંતોષવ્રતનું પાલન કરું છું તે અપેક્ષાએ વ્રતનો પરિણામ છે. વ્રત ગ્રહણ કરતી વખતે જે પોતાની સ્ત્રી છે તેટલામાં સંતોષ હું માનીશ તેવો પરિણામ હતો અને તેટલામાં સંતોષ નહીં થવાથી નવી સ્ત્રીનું ગ્રહણ કરે છે. માટે વ્રતનું ઉલ્લંઘન જ છે. માટે અતિચારની પ્રાપ્તિ છે. ફક્ત પોતાની સ્ત્રી ભોગ માટે અસમર્થ હોય અર્થાત્ રોગાદિને કારણે અસમર્થ થઈ હોય કે મૃત્યુ પામી હોય અને સ્વદારાસંતોષ વ્રત હોય તોપણ કામના સેવન વગર રહી શકે તેમ ન હોય તો અન્ય સ્ત્રીને પરણે તો અતિચારની પ્રાપ્તિ થાય નહીં છતાં સ્વદારાસંતોષ વ્રત લેનાર શ્રાવકે હંમેશાં કામવિકાર ક્ષીણ-ક્ષીણતર થાય તે રીતે કામની કુત્સિતતાનું સદા ભાવન કરવું જોઈએ અને કામની વૃત્તિ અલ્પ થાય તે રીતે જ કામનું સેવન કરવું જોઈએ. જેથી દેશથી ગ્રહણ કરાયેલું બ્રહ્મચર્યવ્રત સંપૂર્ણ બ્રહ્મચર્યની પ્રાપ્તિનું કારણ બને. જો એ રીતે પ્રયત્ન ન કરવામાં આવે તો તે દેશથી ગ્રહણ કરેલું બ્રહ્મચર્યવ્રત પરમાર્થથી દેશથી બ્રહ્મચર્યવ્રત બને નહિ; કેમ કે સર્વવિરતિની લાલસાવાળો દેશવિરતિનો પરિણામ છે.

**(૨) અનાત્તગમન – નહીં ગ્રહણ કરાયેલી સ્ત્રીનું સેવન, અને (૩) ઇત્વર આત્તગમન=અલ્પકાળ માટે ગ્રહણ કરાયેલી સ્ત્રીનું ગમન :-**

અનાત્તસ્ત્રી ૧. 'अपरिगृहीता वेश्या'=નહિ ગ્રહણ કરાયેલી સ્ત્રી અપરિગૃહીત વેશ્યા હોય છે.

૨. 'स्वैरिणी' પરણ્યા વગરની સ્વેચ્છાચારી સ્ત્રી છે.

૩. 'प्रोषितभर्तृका' - જેના પતિએ તેનો ત્યાગ કર્યો છે તેવી સ્ત્રી છે.

૪. 'कुलांगनाऽनाथा' - કુલવાન એવી સ્ત્રી જે પરણેલી હતી હવે પતિ વગરની છે તે કુલાંગના અનાથ છે.

ઇત્વર આત્તસ્ત્રી - ઇત્વર પરિગૃહીત=થોડા સમય માટે ધનાદિ આપી ગ્રહણ કરાયેલી વેશ્યા છે. નહીં

ગ્રહણ કરાયેલી સ્ત્રી અને ઇત્વરકાલ માટે ગ્રહણ કરાયેલી વેશ્યાના સેવનમાં બીજા-ત્રીજા અતિચારની પ્રાપ્તિ છે તે આ રીતે –

કોઈએ પરસ્ત્રીના ત્યાગની પ્રતિજ્ઞા કરેલી હોય ત્યારે અપરિગૃહીત એવી વેશ્યાદિના ત્યાગની પ્રતિજ્ઞા નથી અર્થાત્ નહીં ગ્રહણ કરાયેલી સ્ત્રીઓના ત્યાગની પ્રતિજ્ઞા નથી. પરંતુ અન્યની સ્ત્રીના ત્યાગની પ્રતિજ્ઞા છે. આથી જ જે શ્રાવક બ્રહ્મચર્યના પાલનના અર્થી છે છતાં પોતાની સ્ત્રીથી સંતોષ પામે તેમ નથી તેઓ અન્યની સ્ત્રીના ત્યાગની પ્રતિજ્ઞા કરે છે પરંતુ કોઈનાથી ગ્રહણ ન કરાયેલી હોય તેવી સ્ત્રીના ત્યાગની પ્રતિજ્ઞા કરતા નથી. છતાં શક્તિ અનુસાર વેશ્યાદિ પાસે જવાનો પણ પરિહાર કરે છે અને જ્યારે અશક્ય પરિહાર જણાય ત્યારે વેશ્યાગમનાદિ કરે તોપણ વેશ્યાદિના ત્યાગની પ્રતિજ્ઞા નહીં હોવાથી વ્રતભંગ થતો નથી.

વળી, પરદારાવર્જક શ્રાવકને ઇત્વરકાળ માટે ગ્રહણ કરાયેલી વેશ્યાદિને જોઈને અનાભોગાદિથી ભોગની ઇચ્છા પણ થઈ જાય કે ભોગની ક્રિયા ન કરે છતાં કોઈ અન્ય પ્રકારની ચેષ્ટા કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. વળી, સ્વદારાસંતોષવ્રતવાળા શ્રાવકને વેશ્યાદિ પ્રત્યે રાગ થાય ત્યારે તેને ધનાદિ આપીને કેટલાક કાળ માટે પોતાની સ્ત્રી કરે અને વિચારે કે અલ્પકાળ માટે આ મારી સ્ત્રી છે. પરસ્ત્રી નથી તે વખતે અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે સ્વબુદ્ધિથી મારી સ્ત્રી છે તેવી કલ્પના થાય છે અને તેના બળથી વ્રતના રક્ષણનો પરિણામ છે. અને પરમાર્થથી તેની સ્ત્રી નથી માટે વ્રતભંગ થાય છે. અને વ્રતંભગ અને અભંગ હોવાથી અતિચાર છે. આ પ્રકારની પ્રવૃત્તિમાં કંઈક વ્રત રક્ષણનો પરિણામ છે તેટલા જ અંશથી અતિચાર કહેવામાં આવે છે.

વસ્તુતઃ વેશ્યાદિ સ્વસ્ત્રી નથી છતાં ઉત્કટ કામની ઇચ્છાને કારણે તે પ્રકારનો પરિણામ થાય છે માટે તે રીતે વેશ્યાના સેવનમાં વ્રતના ઉલ્લંઘનનો જ પરિણામ છે. અને વ્રતના ઉલ્લંઘનનો પરિણામ વર્તતો હોય ત્યારે તે પરિણામ ગુણસ્થાનકનું કારણ બને નહીં પરંતુ કંઈક અંશે વ્રત પ્રત્યે રાગ છે તેથી વ્રતનું રક્ષણ કરવા અર્થે તે પ્રકારની કલ્પના કરીને વેશ્યાનું સેવન કરે છે. તેટલો શુભ અધ્યવસાય છે. તેથી અતિચારનો વ્યવહાર થાય છે, અનાચારનો વ્યવહાર થતો નથી.

વળી, અન્ય કહે છે કે ઇત્વર આત્ત ગમન સ્વદારાસંતોષવ્રતવાળાનો જ અતિચાર છે; કેમ કે સ્વદારાસંતોષવાળો પુરુષ ધનાદિ આપીને અલ્પકાળ માટે વેશ્યાને પોતાની સ્ત્રી કરી સેવે છે. તેને અતિચારની પ્રાપ્તિ થાય છે અને અનાત્તનું સેવન પરદારાવર્જીને છે; કેમ કે કોઈકની પત્નીરૂપે નહીં ગ્રહણ કરાયેલી એવી વેશ્યા અનાત્ત છે તેથી પરદારા નથી છતાં તે વેશ્યા કોઈક દ્વારા ધન આપીને અલ્પકાળ માટે પોતાની કરાયેલી હોય તે વખતે પરદારાવર્જી માટે તે વેશ્યા પણ પરદારા છે અને બીજા દ્વારા ધનાદિ આપીને ગ્રહણ કરાયેલી વેશ્યાને અતિરાગને કારણે તેવા નિમિત્ત પામીને પરદારાવર્જી સેવન કરે તો તેને અતિચારની પ્રાપ્તિ થાય.

**(૪) અનંગક્રીડન :-**

અનંગક્રીડનના અતિચારો અનેક રીતે પ્રાપ્ત થાય છે.

૧. પુરુષ-સ્ત્રી-નપુંસક આદિને વેદના ઉદયથી સ્ત્રી-પુરુષ કે નપુંસકના સેવનની ઇચ્છા અથવા તે પ્રકારની હસ્તાદિની ક્રિયા છે તે અનંગક્રીડા છે. તેથી અનંગક્રીડનમાં તે પ્રકારનો અભિલાષ થાય તે પ્રકારના અન્યના શરીરને સ્પર્શ વગેરેની ક્રિયા થાય છે તે અનંગક્રીડન નામનો અતિચાર છે.

૨. ભોગથી સંતોષ પામ્યા પછી કોઈક એવી વસ્તુ લઈને સ્ત્રી સાથે અસંબદ્ધ એવી ભોગની ચેષ્ટા કરે તે અનંગક્રીડન છે.

૩. ભોગની પ્રવૃત્તિ કર્યા પછી કે ભોગની પ્રવૃત્તિ કર્યા વગર સ્ત્રીના શરીર ઉપર હસ્તાદિ દ્વારા તે પ્રકારની ચેષ્ટા કરે જેથી વિકાર ઉત્પન્ન થાય તે અનંગક્રીડન નામનો અતિચાર છે.

**(૫) તીવ્રરાગ :-**

કોઈ શ્રાવકે સ્વદારાસંતોષવ્રત લીધેલું હોય અને પરસ્ત્રીગમન કરતો ન હોય, સ્વસ્ત્રીમાં જ સંતોષ રાખતો હોય છતાં મૈથુનના પરિણામને ક્ષીણ કરવામાં યત્ન ન કરે અને તે પ્રકારની ક્રિયા કરવામાં જ અત્યંત આનંદ આવે ત્યારે તીવ્રરાગથી જે કંઈ ચેષ્ટાઓ કરે તે 'તીવ્રરાગ' રૂપ પાંચમો અતિચાર છે. તેથી સ્થૂલદૃષ્ટિથી જોઈએ તો સ્વદારાસંતોષવ્રતવાળો શ્રાવક સાક્ષાત્ પરસ્ત્રીનું વર્જન કરે છે. અને પરદારાવર્જનવાળો શ્રાવક પોતાની શક્તિ અનુસાર વેશ્યાદિનું સેવન કરવા છતાં પરદારાવર્જન કરે છે. આમ છતાં કામરાગને ક્ષીણ કરવા યત્ન ન કરે તો અતિચારની પ્રાપ્તિ થાય; કેમ કે કામવૃત્તિનો નાશ કરવો તે વ્રત ગ્રહણનું મુખ્ય પ્રયોજન છે. છતાં સંપૂર્ણ કામવૃત્તિનો ત્યાગ કરવાની શક્તિ નથી તેથી કામની વૃત્તિ ક્ષીણ કરવા અર્થે શ્રાવક દેશથી વ્રતનું ગ્રહણ કરે છે અને જ્યારે જ્યારે કામવૃત્તિ થાય છે ત્યારે ત્યારે કામની કુત્સિતતાનું ભાવન કરીને કામવૃત્તિને શાંત કરવા યત્ન કરે છે અને જ્યારે તે વિકાર શમે નહીં ત્યારે યતનાપૂર્વક તેને શાંત કરવા યત્ન કરે છે. આ પ્રકારના યત્ન કરનાર શ્રાવકને તીવ્રરાગ થાય નહીં તેથી અતિચારની પ્રાપ્તિ થાય નહીં. પરંતુ વ્રત ગ્રહણ કર્યા પછી જે શ્રાવકો માત્ર સ્થૂલથી વ્રત પાળવાની રુચિવાળા છે અને અનાદિના અભ્યાસને કારણે કામમાં આનંદ લેવાની વૃત્તિવાળા છે તેવા શ્રાવકોને કામના સેવનમાં તીવ્રરાગ થાય છે તેથી વારંવાર તેની પુષ્ટિ કરવા જ યત્ન કરે છે તે દેશથી સ્વીકારાયેલા બ્રહ્મચર્યવ્રતમાં તીવ્રરાગ રૂપ અતિચાર છે. **॥૪૬॥**

**અવતરણિકા :-**

**अथ पञ्चमव्रतस्यातिचारानाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પાંચમા વ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**धनधान्यं क्षेत्रवास्तु, रूप्यस्वर्णं च पञ्चमे ।**
**गोमनुष्यादि कुप्यं चेत्येषां सङ्ख्याव्यतिक्रमाः ।।४७।।**

**અન્વયાર્થ :-**

धनधान्यं=ધન-ધાન્ય, क्षेत्र-वास्तु=ક્ષેત્ર-વાસ્તુ, च=અને, रूप्यसुवर्णं=ચાંદી અને સોનું, गोमनुष्यादि=ગાય-મનુષ્યાદિ, च=અને, कुप्यं=કુપ્ય, इति=એ પ્રકારની, एषां=આમની, सङ्ख्याव्यतिक्रमाः=સંખ્યાના વ્યતિક્રમો, पञ्चमे=પાંચમા અણુવ્રતમાં, અતિચારો છે. ।।૪૭।।

**શ્લોકાર્થ :-**

**ધન-ધાન્ય, ક્ષેત્રવાસ્તુ=અન્યભૂમિરૂપ ક્ષેત્ર અને રહેવાના સ્થાનરૂપ વાસ્તુ, રૂપ્ય સુવર્ણ=ચાંદી સુવર્ણ, ગોમનુષ્યાદિ=ગાય આદિ પશુઓ અને દાસ-દાસી આદિ મનુષ્યો અને કુપ્ય=સુવર્ણ અને ચાંદી સિવાયની અન્ય ધાતુઓ, એ પ્રકારની આમની સંખ્યાના વ્યતિક્રમો પાંચમા અણુવ્રતમાં અતિચારો છે. ।।૪૭।।**

**ટીકા :-**

**'धनधान्यं' 'क्षेत्रवास्तु' 'रूप्यस्वर्णं' 'गोमनुष्यादि' 'कुप्यं' चेति पञ्चानां सङ्ख्या-यावज्जीवं चतुर्मासादिकालावधि वा यत्परिमाणं गृहीतं तस्या ये अतिक्रमाः=उल्लङ्घनानि ते 'पञ्चमे' पञ्चमाणुव्रतेऽतिचारा ज्ञेयाः ।**

**तत्र 'धनं' गणिम १ धरिम २ मेय ३ परिच्छेद्य ४ भेदाच्चतुर्द्धा, यदाह –**

"गणिमं जाईफलफोफलाई, धरिमं तु कुंकमगुडाई ।
मेज्जं चोपडलोणाइ, रयणवत्थाइ परिछेज्जं ।।१।।" **[सम्बोधप्रकरणे श्रा. ५३]**

**धान्यं चतुर्विंशतिधा, व्रताधिकार एवोक्तं सप्तदशधापि, यतः –**

"साली १ जव २ वीहि ३ कुद्दव ४ रालय ५ तिल ६ मुग्ग ७ मास ८ चवल ९ चिणा १० ।
तुवरि ११ मसूर १२ कुलत्था १३, गोधुम १४ निप्फाव १५ अयसि १६ सिणा १७ ।।१।।"

**धनं च धान्यं चेति समाहारः, अत्राग्रे च समाहारनिर्देशात्परिग्रहस्य पञ्चधात्वेनातिचारपञ्चकं सुयोजनं भवति १ ।**

**क्षेत्रं-सस्योत्पत्तिभूमिः, तत्त्रिविधं-सेतुकेतूभयात्मकभेदात्, तत्र सेतुक्षेत्रं यदरघट्टादिजलेन सिच्यते १, केतुक्षेत्रमाकाशोदकपातनिष्पाद्यसस्यम् २, उभयमुभयजलनिष्पाद्यसस्यम् ३, वास्तु-गृहादि ग्रामनगरादि च, तत्र गृहादि त्रेधा-खातं भूमिगृहादि १ उच्छ्रितं प्रासादादि २ खातोच्छ्रितं भूमिगृहोपरिगृहादिसन्निवेशः ३, क्षेत्रं च वास्तु चेति समाहारद्वन्द्वः २ ।**

**तथा रूप्यं-रजतं, घटितमघटितं चानेकप्रकारम्, एवं सुवर्णमपि, रूप्यं च स्वर्णं चेति समाहारः ३ ।**

गावश्च मनुष्याश्चेति गोमनुष्यं तदादि यस्येति समासः, गवादि मनुष्यादि चेत्यर्थः, तत्र गवादि-गोमहिषमेषाऽविककरभसरभहस्त्यश्वादि, मनुष्यादि-पुत्रकलत्रदासदासीकर्मकरशुकसारिकादि ४ ।

तथा कुप्यं-रूप्यसुवर्णव्यतिरिक्तं कांस्यलोहताम्रसीसकत्रपुमृद्भाण्डत्वचिसारविकारोदङ्किककाष्ठ-मञ्चकमञ्चिकामसूरकरथशकटहलादिगृहोपस्कररूपमिति ५ ।

"यच्चात्र क्षेत्रादिपरिग्रहस्य नवविधत्वेन नवसङ्ख्यातिचारप्राप्तौ पञ्चसङ्ख्यात्वमुक्तम्, तत्सजातीयत्वेन शेषभेदानामत्रैवान्तर्भावात्, शिष्यहितत्वेन च प्रायः सर्वत्र मध्यमगतेर्विवक्षितत्वात् पञ्चकसङ्ख्ययै-वातिचारपरिगणनमुचितम् । अतो धनधान्यादिसङ्ख्ययातिचाराणां गणनमुपपन्नम्" [सू० १६० प० ४१-ए] इति धर्मबिन्दुवृत्तौ ।।४७।।

**ટીકાર્થ :-**

धनधान्यं ..... धर्मबिन्दुवृत्तौ ।। **"ધનધાન્ય", "ક્ષેત્રવાસ્તુ"=ખેતીની ભૂમિરૂપ ક્ષેત્ર અને રહેવાના સ્થાનરૂપ વાસ્તુ, 'રૂપ્યસુવર્ણ' ચાંદી અને સોનું, 'ગોમનુષ્યાદિ'=ગાય આદિ પશુઓ અને દાસદાસી આદિ મનુષ્યો અને 'કુપ્ય'=સુવર્ણ-ચાંદી સિવાય અન્ય ધાતુઓ એ પાંચની સંખ્યાનું જાવજ્જીવ સુધી કે ચારમાસાદિ કાલાવધિથી જે પરિમાણ ગ્રહણ કરાયું હોય તેના જે અતિક્રમો=ઉલ્લંઘનો, તે પાંચમા અણુવ્રતમાં અતિચારો જાણવા. ત્યાં=પાંચ પ્રકારના પરિમાણના વિષયમાં (૧) ધન ગણિમ ૧. ધરિમ ૨. મેય ૩. પરિચ્છેદ ૪. ભેદથી ચાર પ્રકારનું છે. જેને કહે છે –**

"ગણિમ જાયફળ-ફોફળ આદિ છે. ધરિમ કુંકુમ-ગોળ આદિ છે. મેય ચોપડલોણ આદિ છે. અને રત્ન-વસ્ત્રાદિ પરિશ્છેદ્ય છે." **(સંબોધ પ્રકરણ શ્રા. ૫૩)**

**(૨) ધાન્ય : ૨૪ પ્રકારનાં છે. વ્રત અધિકારમાં જ ૧૭ પ્રકારનાં કહેવાયાં છે. જે કારણથી કહેવાયું છે.**

"૧. શાલી ૨. જવ ૩. વીહિ ૪. કોદ્રવ ૫. રાલય ૬. તલ ૭. મગ ૮. માસ=અડદ ૯. ચોળા, ૧૦. ચિણા=ચણા ૧૧. તુવરિ=તુવેર, ૧૨. મસૂર ૧૩. કુલત્થા ૧૪. ઘઉં ૧૫. નિષ્ફાવ=વાલ ૧૬. અળસી ૧૭. સિણા=મઠ." **()**

**ધન અને ધાન્ય એ પ્રમાણે સમાહાર દ્વન્દ્વ સમાસ છે. અહીં અને આગળમાં=ધનધાન્યમાં અને આગળ એવાં ક્ષેત્રવાસ્તુ આદિમાં સમાહારનો નિર્દેશ હોવાથી પરિગ્રહનું પાંચ પ્રકારપણું હોવાને કારણે અતિચારપંચકનું સુયોજન થાય છે=સર્વત્ર અતિચારની પાંચ સંખ્યા છે એમ પ્રસ્તુતમાં પણ અતિચારની પાંચ સંખ્યાની સંગતિ થાય છે.**

**(૩) ક્ષેત્ર - ધાન્ય ઉત્પત્તિની ભૂમિરૂપ ખેતર છે. તે ત્રણ પ્રકારની છે. ૧. સેતુ ૨. કેતુ ૩. ઉભયાત્મકના ભેદથી ત્રણ પ્રકારનું છે. ત્યાં=ત્રણ પ્રકારમાં ૧. સેતુ ક્ષેત્ર જે અરઘટ્ટ આદિ જલથી સિંચન કરાય છે. ૨. કેતુ ક્ષેત્ર - આકાશના ઉદકના પાતથી નિષ્પાદ્ય ધાન્યવાળું છે. ૩. ઉભય બંને પ્રકારના જલથી નિષ્પાદ્ય ધાન્યવાળું છે.**

**(૪) વાસ્તુ-ઘર આદિ કે ગામ-નગર આદિ છે. ત્યાં=વાસ્તુમાં ગૃહાદિ ત્રણ પ્રકારનાં છે.**

**૧. ખાત એવાં ભૂમિગૃહાદિ=ખનન કરાયેલાં ભૂમિગૃહાદિ**

**૨. ઉચ્છ્રિત પ્રાસાદાદિ=નિર્માણ થયેલાં ઘર વગેરે**

**૩. ખાત ઉચ્છ્રિત=ભૂમિના ગૃહની ઉપર ગૃહાદિનો સન્નિવેશ=અમુક ભૂમિમાં ભોયરાદિનું બાંધકામ હોય અને અમુક ભૂમિ ઉપર બાંધકામ હોય તેવાં ગૃહાદિ.**

**અને ક્ષેત્ર અને વાસ્તુ એ પ્રમાણે સમાહાર દ્વન્દ્વ સમાસ છે.**

**(૫) રૂપ્ય – અને રૂપ્ય=ચાંદી ઘટિત અને અઘિટત અનેક પ્રકારવાળું છે=ઘડાયેલું અને નહીં ઘડાયેલું અનેક પ્રકારનું છે.**

**(૬) સુવર્ણ - એ રીતે સુવર્ણ પણ=ચાંદીની જેમ સુવર્ણ પણ, ઘડાયેલું અને નહીં ઘડાયેલું અનેક પ્રકારનું છે. રૂપ્ય અને સુવર્ણ એ પ્રમાણે સમાહાર દ્વન્દ્વ સમાસ છે.**

**(૭-૮) ગો-મનુષ્યાદિ - ગાય અને મનુષ્યાદિ એ ગો-મનુષ્ય તે આદિ છે જેને એ પ્રકારનો સમાસ છે=ગાય આદિ અને મનુષ્ય આદિ એ પ્રકારનો અર્થ છે. ત્યાં=ગાય આદિ અને મનુષ્ય આદિમાં, ગાય આદિ ગાય, ભેંસ ઘેટાં, બકરાં, ઊંટ, ગધેડા, હાથી, ઘોડા આદિ છે. મનુષ્ય આદિ પુત્ર-સ્ત્રી-દાસ-દાસી-કર્મકર-નોકર-પોપટ- મેના આદિ છે.**

**(૯) કુપ્ય – અને કુપ્ય=રૂપ્ય-સુવર્ણથી વ્યતિરિક્ત કાંસું-લોખંડ-તાંબું-સીસું-જસત-માટીનાં વાસણ-ત્વચિસારવિકા=વાંસના બનાવેલા ટોપલા, રોદંકિ, કાષ્ઠ મંચક-મંચિકા=લાકડાના બનાવેલા માંચડા, મસૂરક, રથ, ગાડું, હળ આદિ ગૃહનાં ઉપસ્કરરૂપ સાધનો છે.**

"અને જે અહીં ક્ષેત્રાદિ પરિગ્રહનું નવવિધપણાથી નવ સંખ્યાના અતિચારની પ્રાપ્તિ હોતે છતે પાંચ સંખ્યાપણું કહેવાયું; કેમ કે તેના સજાતીયપણાથી શેષભેદોનો આમાં જ=પાંચ સંખ્યામાં જ, અંતર્ભાવ છે.

કેમ પાંચ સંખ્યામાં કહે છે ? એથી કહે છે –

શિષ્યના હિતપણાથી પ્રાયઃ સર્વત્ર મધ્યમગતિનું વિવક્ષિતપણું હોવાથી પાંચ સંખ્યાથી જ અતિચારનું પરિગણન છે. આથી ધન-ધાન્યાદિ સંખ્યાથી અતિચારોનું ગણન ઉપપન્ન છે." **એ પ્રમાણે 'ધર્મબિંદુ વૃત્તિ'માં છે. ।।૪૭।।**

**ભાવાર્થ :-**

શ્રાવક પોતાના પરિગ્રહવ્રતને પરિમિત કરવા અર્થે જે કંઈ ધન-ધાન્યાદિ વસ્તુઓ રાખે છે તે સર્વના અવાંતર ભેદોને યથાર્થ જાણીને તે ભેદોની સંખ્યાનો નિયમ કરીને તેનાથી અધિક સંખ્યામાં તે વસ્તુ નહીં રાખવાનો સંકલ્પ કરે છે. તે પ્રમાણે સંકલ્પ કરીને પોતાના પરિગ્રહના દરેક ભેદોને આશ્રયીને સંકોચ કરવા અર્થે યત્ન કરે છે. આમ છતાં પ્રમાદને વશ તે સર્વ ભેદોમાંથી કોઈ ભેદનું અનાભોગ-સહસાત્કાર આદિથી અતિક્રમ થાય તો અતિચારની પ્રાપ્તિ થાય. વસ્તુતઃ શ્રાવકે પોતે જ ભેદોને આશ્રયીને જે પ્રકારનો નિયમ કર્યો હોય તેનું નિત્ય સ્મરણ કરીને તે મર્યાદામાં લેશ પણ ઉલ્લંઘન ન થાય તે પ્રકારના વ્રતનો દૃઢ પરિણામ

ધારણ કરવો જોઈએ અને સતત તે મર્યાદાનું સ્મરણ કરીને તે પ્રકારના પરિગ્રહના સંવરભાવને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. છતાં વ્રતના સ્મરણ વિષયક એવો દૃઢ યત્ન જેને નથી તેથી અનાભોગ-સહસાત્કારાદિથી તે મર્યાદાનું ક્યારેક ઉલ્લંઘન થાય તો અતિચારની પ્રાપ્તિ થાય છે અથવા જે પરિગ્રહનું પરિમાણ કર્યું હોય તેનાથી અધિક કોઈક વસ્તુની સુખપૂર્વક પ્રાપ્તિ દેખાતી હોય તે વખતે તેને ગ્રહણ કરવાનો જરા પણ મનમાં વિચાર આવે તો અતિક્રમાદિથી અતિચારની પ્રાપ્તિ છે. તેથી વ્રતના સંરક્ષણના અર્થી શ્રાવકે જે પ્રમાણે વ્રત ગ્રહણ કર્યું છે તે પ્રકારના વ્રતના પાલન માટે દૃઢ પરિણામને ધારણ કરીને અને સ્વીકારેલા વ્રતનું પ્રતિદિન સ્મરણ કરીને તેને દૃઢ કરવા યત્ન કરવો જોઈએ જેથી મનથી પણ તે મર્યાદાથી અધિક ગ્રહણ કરવાનો પણ વિકલ્પ ઊઠે નહીં અને પરિગ્રહની નિઃસારતાનું ભાવન કરીને સતત નિષ્પરિગ્રહવ્રતની શક્તિનો સંચય થાય તે રીતે ઉદ્યમ કરવો જોઈએ; કેમ કે પરિગ્રહથી પરિગૃહીત શ્રાવક કર્મ બાંધીને સંસારમાં ભટકે છે અને પરિગ્રહના ભારથી મુક્ત નિર્લેપ મુનિઓ સદા અપરિગ્રહ ભાવનાવાળા હોવાથી સુખપૂર્વક સંસારરૂપી દરિયાને તરી શકે છે. જેમ ઘણા ભારથી લદાયેલો તરવૈયો દરિયામાં તરવા સમર્થ થતો નથી તેમ પરિગ્રહના ભારથી લદાયેલો જીવ સંસારસાગરને તરવા માટે સમર્થ થતો નથી. આ પ્રકારે ભાવન કરીને સ્વીકારાયેલા પરિગ્રહ પ્રત્યે પણ મૂર્ચ્છા ઓછી થાય અને અપરિગ્રહવ્રત પ્રત્યે દૃઢ રાગવૃદ્ધિ થાય તે રીતે ભાવન કરનાર શ્રાવક જ પરિગ્રહ પરિમાણના બળથી સર્વવિરતિની શક્તિનો સંચય કરી શકે છે. આ પ્રમાણે વિચારીને પરિગ્રહના સર્વ અતિચારોથી શ્રાવકે સદા આત્માનું રક્ષણ કરવું જોઈએ. ॥૪૭॥

**અવતરણિકા :-**

**ननु प्रतिपन्नसङ्ख्यातिक्रमा भङ्गा एव स्युः, कथमतिचाराः ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**સ્વીકારાયેલી સંખ્યાના અતિક્રમો ભંગ જ થાય. કેમ તે=અતિક્રમો, અતિચારો થાય ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૭માં કહ્યું કે ધન-ધાન્યાદિ પાંચની સંખ્યાના અતિક્રમો=વ્રતમાં ગ્રહણ કરાયેલી સંખ્યાની મર્યાદાના ઉલ્લંઘનો, અતિચાર છે. ત્યાં શંકા કરે છે કે જે શ્રાવકે જે પ્રકારની સંખ્યાનો સ્વીકાર કર્યો હોય તે સંખ્યાનું ઉલ્લંઘન કરે તો તે સંખ્યાના ઉલ્લંઘનો તે વ્રતના ભંગ જ કહેવાય. અતિચાર કઈ રીતે કહેવાય ? અર્થાત્ અતિચાર કહી શકાય નહીં એથી સંખ્યાના અતિક્રમો કઈ રીતે અતિચાર છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે -

**શ્લોક :-**

**'बन्धनात् योजनात् दानात्, गर्भतो भावतस्तथा ।**
**कृतेच्छापरिमाणस्य, न्याय्याः पञ्चापि न ह्यमी ।।४८।।'**

**અન્વયાર્થ :-**

बन्धनात्=બંધનથી, योजनात्=યોજનથી, दानात्=દાનથી, गर्भतो=ગર્ભથી, तथा=અને, भावतः=ભાવથી, कृतेच्छापरिमाणस्य=કરાયેલ ઈચ્છાપરિમાણવાળા શ્રાવકને, पञ्चापि=પાંચ પણ, ह्यमी=આ=ક્રમસર પાંચ પણ આ અતિચારો, न न्याय्याः=સેવવા ઉચિત નથી. ।।૪૮।।

**શ્લોકાર્થ :-**

**બંધનથી, યોજનથી, દાનથી, ગર્ભથી અને ભાવથી કરાયેલ ઈચ્છાપરિમાણવાળા શ્રાવકને પાંચ પણ આ અતિચારો સેવવા ઉચિત નથી. ।।૪૮।।**

**ટીકા :-**

'बन्धनात्' 'योजनात्' 'दानात्' 'गर्भतः' 'भावतः' 'अमी' गृहीतसङ्ख्यातिक्रमाः 'पञ्चापि' पञ्चसङ्ख्याका अपि 'कृतेच्छापरिमाणस्य' प्रतिपन्नपञ्चमव्रतस्य श्रावकस्य 'न न्याय्याः' न घटमाना व्रतमालिन्यहेतुत्वाद् ।

अयं भावः-न साक्षात्सङ्ख्यातिक्रमाः, किंतु व्रतसापेक्षस्य बन्धनादिभिः, पञ्चभिर्हेतुभिः स्वबुद्ध्या व्रतभङ्गमकुर्वत एवातिचारा भवन्ति बन्धनादयश्च यथासङ्ख्येन धनधान्यादीनां परिग्रहविषयाणां सम्बध्यते ।

तत्र धन-धान्यस्य बन्धनात्सङ्ख्यातिक्रमो, यथा कृतधनधान्यपरिमाणस्य कोऽपि लभ्यमन्यद्वा धनं धान्यं च ददाति, तच्च व्रतभङ्गभयाच्चतुर्मास्यादिपरतो गृह्णतः धनादिविक्रये वा कृते ग्रहीष्यामीतिभावनया बन्धनात् नियन्त्रणात्, रज्ज्वादिसंयमनात् सत्यङ्कारदानादिरूपाद्वा स्वीकृत्य तद्गेह एव स्थापयतोऽतीचारः १ ।

तथा क्षेत्रवास्तुनो 'योजनात्' क्षेत्रवास्त्वन्तरमीलनाद् गृहीतसङ्ख्यातिक्रमोऽतिचारो भवति, तथाहि-किलैकमेव क्षेत्रं वास्तु चेत्यभिग्रहवतोऽधिकतरत्तदभिलाषे सति व्रतभङ्गभयात् प्राक्तनक्षेत्रादिप्रत्यासन्नं तद्गृहीत्वा पूर्वेण सह तस्यैकत्वकरणार्थं वृतिभित्त्याद्यपनयने च तत्तत्र योजयतो व्रतसापेक्षत्वात्-कथञ्चिद्विरतिबाधनाच्चातिचारः २ ।

तथा रूप्यसुवर्णस्य 'दानात्' वितरणात्, गृहीतसङ्ख्याया अतिक्रमः, यथा केनापि चतुर्मासाद्यवधिना रूप्यादिसङ्ख्याविहिता, तेन च तुष्टराजादेः सकाशात्तदधिकं तल्लब्धम्, तच्चान्यस्मै व्रतभङ्गभयाद्ददाति पूर्णेऽवधौ ग्रहीष्यामीतिभावनयेति व्रतसापेक्षत्वात् कथञ्चिद्विरतिबाधनाच्चातिचार इति ३ ।

गोमनुष्यादेर्गर्भतः सङ्ख्यातिक्रमो यथा-किल केनापि संवत्सराद्यवधिना द्विपदचतुष्पदानां परिमाणं

कृतम्, तेषां च संवत्सराद्यवधिमध्य एव प्रसवेऽधिकद्विपदादिभावाद् व्रतभङ्गः स्यादिति तद्भयात्कियत्यपि काले गते गर्भग्रहणं कारयतो गर्भस्थद्विपदादिभावेन बहिर्गततदभावेन च कथञ्चिद् व्रतभङ्गादतिचारः ४ ।

कुप्यस्य भावतः सङ्ख्यातिक्रमो, यथा कुप्यस्य या सङ्ख्या कृता तस्याः कथञ्चिद्द्विगुणत्वे भूते सति व्रतभङ्गभयात्तेषां द्वयेन द्वयेनैकैकं महत्तरं कारयतः पर्यायान्तरकरणेन सङ्ख्यापूरणात् स्वाभाविकसङ्ख्याबाधनाच्चातिचारः ५ ।

अन्ये त्वाहुः-तदर्थित्वेन विवक्षितकालावधेः परतोऽहमेतत्करोटिकादि कुप्यं ग्रहीष्याम्यतो नान्यस्मै देयमिति पराप्रदेयतया व्यवस्थापयतोऽतिचारः, पञ्चेत्युपलक्षणमन्येषां सहसाकाराऽनाभोगादीनामिति ।।४८।।

**ટીકાર્થ :-**

बन्धनात् ..... अनाभोगादीनामिति ।। બંધનથી=ધન-ધાન્યના બંધનથી, યોજનથી=ક્ષેત્રવાસ્તુના યોજનથી, દાનથી=રૂપ્ય-સુવર્ણના દાનથી, ગર્ભથી=ગો-મનુષ્યાદિના ગર્ભથી અને ભાવથી=કુપ્યના ભાવથી, આ=ગૃહીત સંખ્યાના અતિક્રમો પાંચે પણ=પાંચ સંખ્યાવાળા પણ, કૃતેચ્છા પરિમાણવાળા શ્રાવકને=સ્વીકારેલા પાંચમા વ્રતવાળા શ્રાવકને 'न न्याय्याः'=ઘટમાન નથી; કેમ કે વ્રતના માલિન્યનું હેતુપણું છે.

આ ભાવ છે – સાક્ષાત્ સંખ્યાના અતિક્રમો નથી પરંતુ વ્રતસાપેક્ષવાળા શ્રાવકને બંધનાદિ વડે સંખ્યાના અતિક્રમો છે.

તે કથન સ્પષ્ટ કરે છે –

પાંચ હેતુઓ વડે સ્વબુદ્ધિથી વ્રતભંગને નહીં કરતા જ શ્રાવકને અતિચારો થાય છે અને પરિગ્રહના વિષયવાળા ધન-ધાન્યાદિના બંધનાદિ યથાસંખ્યાથી=યથાક્રમથી, સંબંધિત કરાય છે.

ત્યાં=પાંચ અતિચારોમાં

૧. બંધનથી :- ધન-ધાન્યાદિના બંધનથી સંખ્યાનો અતિક્રમ છે. જે પ્રમાણે – કરાયેલા ધન-ધાન્યના પરિમાણવાળા શ્રાવકને કોઈપણ પુરુષ, લભ્ય અને અન્ય ધન-ધાન્ય આપે અને તેને=આપેલા ધન-ધાન્યને, ચાર મહિના આદિ પછીથી ગ્રહણ કરતાં અથવા ધનાદિનો વિક્રય કરે છતે ગ્રહણ કરીશ એ પ્રકારની ભાવનાથી બંધનને કારણે=નિયંત્રણને કારણે, રજ્જુ આદિના સંયમનથી અથવા સત્યંકારના દાનાદિરૂપથી સ્વીકાર કરીને તેના ઘરમાં જ સ્થાપન કરતાં અતિચાર થાય છે.

૨. યોજનથી :- અને ક્ષેત્રવાસ્તુના યોજનથી=ક્ષેત્ર-વાસ્તુ અંતરના મિલનથી, ગ્રહણ કરાયેલ સંખ્યાનો અતિક્રમ અતિચાર થાય છે. તે આ પ્રમાણે – એક જ ક્ષેત્ર અથવા વાસ્તુ છે એ પ્રમાણે

અભિગ્રહવાળાને અધિકતર એવા તેનો અભિલાષ થયે છતે વ્રતભંગના ભયને કારણે પૂર્વના ક્ષેત્રાદિ પ્રત્યે આસન્ન એવા તેને=ક્ષેત્ર-વાસ્તુને, ગ્રહણ કરીને પૂર્વની સાથે તેના એકત્વકરણ માટે વાડ કે ભીંત આદિનું અપનયન કરાયે છતે તેનું=નવા ગ્રહણ કરાયેલા ક્ષેત્ર કે વાસ્તુનું, તેમાં યોજન કરવાથી=પૂર્વના ક્ષેત્રમાં યોજન કરવાથી વ્રતસાપેક્ષપણું હોવાને કારણે અને કોઈક અપેક્ષાએ વિરતિનો બાધ હોવાથી અતિચાર છે.

૩. દાનથી :- અને રૂપ્ય-સુવર્ણના દાનથી=વિતરણથી, ગૃહીત સંખ્યાનો અતિક્રમ છે. જે પ્રમાણે કોઈક શ્રાવકે બે-ચાર માસાદિની અવધિથી રૂપ્યાદિની સંખ્યા કરાયેલી હોય અને તેના વડે તુષ્ટ થયેલા એવા રાજાદિ પાસેથી તે અધિક=રૂપ્ય સુવર્ણ અધિક તેને પ્રાપ્ત થયું અને તે વ્રતના ભંગના ભયથી પૂર્ણ અવધિ થયે છતે હું ગ્રહણ કરીશ એ પ્રકારની ભાવનાથી અન્યને આપે છે એથી વ્રતસાપેક્ષપણું હોવાથી અને કોઈક રીતે વિરતિનું બાધન હોવાથી અતિચાર છે.

૪. ગર્ભથી :- ગો-મનુષ્યાદિનો ગર્ભથી સંખ્યાનો અતિક્રમ છે. જે પ્રમાણે ખરેખર કોઈના વડે પણ=કોઈક શ્રાવક વડે પણ, સંવત્સર આદિની અવધિ દ્વારા દ્વિપદ-ચતુષ્પદનું પરિમાણ કરાયું અને તેઓના=દ્વિપદ-ચતુષ્પદ આદિના, સંવત્સર આદિની અવધિ મધ્યે જ પ્રસવ થયે છતે અધિક દ્વિપદ આદિના ભાવને કારણે વ્રતભંગ થાય એથી તેના ભયથી કેટલોક પણ કાળ પસાર થયે છતે ગર્ભગ્રહણ કરાવતાં ગર્ભસ્થ દ્વિપદાદિ ભાવને કારણે અને બહિર્ગત તેના અભાવને કારણે કોઈક રીતે વ્રતનો ભંગ થવાથી અતિચાર છે.

૫. ભાવથી :- કુપ્યનો ભાવથી સંખ્યાનો અતિક્રમ છે. જે પ્રમાણે કુપ્યની જે સંખ્યા કરાઈ હોય તેનું કોઈ રીતે દ્વિગુણપણું થયે છતે વ્રતભંગના ભયથી તે બે-બે વડે એક-એક મોટું કરાવતા પર્યાન્તરના કરણની સંખ્યાનું પૂરણ થવાને કારણે અને સ્વાભાવિક સંખ્યાનો બાધ હોવાને કારણે અતિચાર છે.

વળી, અન્ય કહે છે –

તદ્અર્થીપણાથી=અધિક કુપ્યાદિના અર્થીપણાથી, વિવક્ષિત કાલની અવધિથી પછી હું આ કરોટિકાદિ કુપ્ય ગ્રહણ કરીશ. આથી બીજાને આપવું નહીં એ પ્રમાણે બીજાને અપ્રદેયપણાથી વ્યવસ્થાપન કરતા શ્રાવકને અતિચાર છે. 'પાંચ' એ ઉપલક્ષણ છે.

કોનું ઉપલક્ષણ છે ? એથી કહે છે –

અન્ય એવા સહસાત્કાર - અનાભોગ આદિનું ઉપલક્ષણ છે. ॥૪૮॥

**ભાવાર્થ :–**

શ્રાવક પરિગ્રહપરિમાણવ્રત ગ્રહણ કરે છે ત્યારે ગ્રહણ કરાયેલા પરિગ્રહથી અધિક પરિગ્રહ પ્રત્યેનો પરિમાણ ન થાય અને પરિગ્રહ જીવને, સંસારસાગરમાં ડુબાડનાર છે તેવી બુદ્ધિને સ્થિર કરવા યત્ન કરે છે, છતાં લોભને વશ પાંચ પ્રકારના અતિચારોની પ્રાપ્તિ થાય છે.

ધન-ધાન્યાદિનો અતિચાર બંધનને કારણે થાય છે. ક્ષેત્ર-વાસ્તુનો અતિચાર યોજનને કારણે થાય છે. કેટલાક કાળ સુધી અધિક રૂપ્ય-સુવર્ણ બીજાની પાસે સ્થાપન કરવા રૂપ દાનથી રૂપ્ય-સુવર્ણનો અતિચાર થાય છે. ગાય-મનુષ્ય આદિનો અતિચાર ગર્ભને કારણે થાય છે અને કુપ્યનો અતિચાર પર્યાન્તર કરવા રૂપ ભાવથી થાય છે તેથી આ પાંચ પ્રકારના અતિચારોમાં વાસ્તવિક રીતે વ્રતનું ઉલ્લંઘન છે તોપણ સ્વબુદ્ધિથી કંઈક વ્રતરક્ષણ કરવા માટેનો યત્ન છે તેટલા અંશથી વ્રત પ્રત્યે સાપેક્ષભાવ છે. માટે અતિચાર છે.

ટીકાના અંતે કહ્યું કે 'પાંચ' એ શબ્દ ઉપલક્ષણ છે. તેથી અનાભોગ-સહસાત્કાર અને અતિક્રમ આદિનું ગ્રહણ છે અને તે અતિચાર પૂર્વની ગાથાના ભાવાર્થમાં અમે સ્પષ્ટ કરેલ છે અને તે અતિચારમાં જેઓને અનાભોગથી અતિચાર થયા છે, તેઓ વાસ્તવિક રીતે વ્રતના રક્ષણના પરિણામવાળા હોય અને સ્મૃતિભ્રંશ માત્રથી અનાભોગ થયેલો હોય તો વ્રતરક્ષણનો પરિણામ ઘણો છે. તોપણ વ્રતના સ્મરણ પ્રત્યે ઉપેક્ષા છે તેટલા અંશથી વ્રત મલિન બને છે. વળી, જે શ્રાવકને વ્રતનું સ્મરણ પણ છે તોપણ કોઈક પ્રવૃત્તિકાળમાં સહસા વિપરીત પ્રવૃત્તિ થાય છે તે શ્રાવક પણ તે વ્રતના અતિક્રમનું તત્કાળ નિવર્તન કરે તો સહસા પ્રવૃત્તિ કરવા સ્વરૂપ અલ્પદોષ છે અને જેઓને વ્રતના અતિચાર પ્રત્યે ઉપેક્ષા છે. અને સહસાત્કારથી ઉલ્લંઘન થાય છે તેઓને વ્રતનો પરિણામ નથી છતાં સહસા ઉલ્લંઘન થયેલ છે, વાસ્તવિક ઉલ્લંઘન કરવાની વૃત્તિ નથી તેટલો શુભભાવ છે.

તેથી વ્રતને સુરક્ષિત રાખવાના અર્થી શ્રાવકે નિત્ય વ્રતની મર્યાદાનું સ્મરણ કરીને અનાભોગથી પણ વ્રતની મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તેવો દૃઢ યત્ન કરવો જોઈએ અને વારંવાર ભાવન કરવું જોઈએ કે સમુદ્રમાં તરવા માટે યત્ન કરનારો પુરુષ ઘણા પરિગ્રહથી લદાયેલો હોય તો, તરવામાં સમર્થ હોય તોપણ પરિગ્રહના ભારથી ડૂબી જાય છે તેમ સંસારસમુદ્રને તરવામાં જીવને પરિગ્રહ બંધનરૂપ છે. તેથી શક્તિ અનુસાર પરિગ્રહ પ્રત્યેના પ્રતિબંધને દૂર કરીને નિષ્પરિગ્રહ પરિણામવાળા થવા યત્ન કરવો જોઈએ. અને વારંવાર વિચારવું જોઈએ કે સર્વથા પરિગ્રહ વગરના સુસાધુઓ મમત્વના બંધન વગરના હોવાથી સુખપૂર્વક સંસારસાગરથી પાર પામે છે તેમ મારે પણ તુચ્છ એવા બાહ્ય પદાર્થો પ્રત્યે મમત્વનો ત્યાગ કરવો જોઈએ જેથી લોભાદિને વશ અતિચારોની પ્રાપ્તિ થાય નહિ. **॥૪૮॥**

**અવતરણિકા :-**

**उक्ता अणुव्रतानां प्रत्येकं पञ्च पञ्चातिचाराः, अथ गुणव्रतानामतिचाराभिधानावसरः, तत्रापि प्रथमं प्रथमगुणव्रतस्य दिग्विरमणलक्षणस्यातिचारानाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રત્યેક અણુવ્રતોના પાંચ અતિચારો કહેવાયા. હવે ગુણવ્રતોના અતિચારના કથનનો અવસર છે. ત્યાં પણ=ગુણવ્રતના અતિચારના કથનના અવસરમાં પણ, દિગ્‌વિરમણરૂપ પ્રથમ ગુણવ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

मानस्य निश्चितस्योर्ध्वाधस्तिर्यक्षु व्यतिक्रमाः ।
क्षेत्रवृद्धिः स्मृतिभ्रंशः, स्मृता आद्यगुणव्रते ।।४९।।

**અન્વયાર્થ :-**

निश्चितस्य मानस्य=નિશ્ચિત એવા માનનું, ऊर्ध्वाधस्तिर्यक्षु व्यतिक्रमाः=ઊર્ધ્વ, અધો અને તિર્યક્ દિશામાં વ્યતિક્રમો, क्षेत्रवृद्धिः=ક્ષેત્રની વૃદ્ધિ, स्मृतिभ्रंशः=સ્મૃતિનો ભ્રંશ, आद्यगुणव्रते स्मृता=પ્રથમ ગુણવ્રતના વિષયમાં અતિચારો કહેવાયા છે. ।।૪૯।।

**શ્લોકાર્થ :-**

**નિશ્ચિત એવા માનના ઊર્ધ્વ, અધો અને તિર્યક્=તિર્છી દિશામાં વ્યતિક્રમો, ક્ષેત્રની વૃદ્ધિ, સ્મૃતિનો ભ્રંશ પ્રથમ ગુણવ્રતના વિષયમાં અતિચારો કહેવાયા છે. ।।૪૯।।**

**ટીકા :-**

ऊर्ध्वाधस्तिर्यक्षु निश्चितस्य मानस्य व्यतिक्रमाः क्षेत्रवृद्धिः स्मृतिभ्रंशश्चेति पञ्चातिचाराः 'आद्यगुणव्रते, दिग्विरमणाख्ये 'स्मृताः' जिनैरित्यन्वयः, तत्र ऊर्ध्वं=पर्वतशिखरादौ, अधो=भूमिगृहादौ, तिर्यक्=पूर्वादिदिक्षु, 'निश्चितस्य' नियमितस्य 'मानस्य' प्रमाणस्य 'मया योजनशतादि यावद्गमनादि विधेयं न परत' इत्येवंरूपस्य व्यतिक्रमा एते त्रयोऽतिचाराः । यत्सूत्रम्–

"उड्ढदिसिपमाणाइक्कमे, अहोदिसिपमाणाइक्कमे, तिरिअदिसिपमाणाइक्कमे" [उपासकदशाङ्गसूत्रे अ. १ सू. ७ प. ६-ए, आवश्यकप्रत्याख्यान सू. ६] त्ति ।

एते चानाभोगाऽतिक्रमादिभिरेवातिचारा भवन्ति, अन्यथाप्रवृत्तौ तु भङ्गा एव, यस्तु न करोमि न कारयामीति वा नियमं करोति, स विवक्षितक्षेत्रात्परतः स्वयं गमनतः परेण नयनाऽऽनयनाभ्यां च दिक्प्रमाणातिक्रमं परिहरति, तदन्यस्य तु तथाविधप्रत्याख्यानाभावात् परेण नयनाऽऽनयनयोर्न दोष इति ३ ।

तथा क्षेत्रस्य-पूर्वादिदेशस्य दिग्व्रतविषयस्य ह्रस्वस्य सतो वृद्धिः-वर्द्धनं पश्चिमादिक्षेत्रान्तरपरिमाणप्रक्षेपेण दीर्घीकरणं क्षेत्रवृद्धिः, यथा किल केनापि पूर्वाऽपरदिशोः प्रत्येकं योजनशतं गमनपरिमाणं कृतम्, स चोत्पन्नप्रयोजन एकस्यां दिशि नवतिं योजनानि व्यवस्थाप्यान्यस्यां तु दशोत्तरं योजनशतं करोति, उभाभ्यामपि प्रकाराभ्यां योजनशतद्वयरूपस्य परिमाणस्याव्याहतत्वादित्येवमेकत्र क्षेत्रं वर्धयतो व्रतसापेक्षत्वादतिचार इति चतुर्थः ४ ।

तथा स्मृतेः-स्मरणस्य योजनशतादिरूपदिक्परिमाणविषयस्यातिव्याकुलत्वप्रमादित्वमत्यपाटवादिना भ्रंशो=ध्वंसः स्मृतिभ्रंशः तथाहि–केनचित्पूर्वस्यां दिशि योजनशतरूपं परिमाणं कृतमासीत्, गमनकाले च स्पष्टतया न स्मरति, किं शतं परिमाणं कृतमुत पञ्चाशत्? तस्य चैवमस्मृतौ पञ्चाशतमतिक्रामतोऽतिचारः शतमतिक्रामतो भङ्गः, सापेक्षत्वान्निरपेक्षत्वाच्चेति, तस्मात् स्मर्त्तव्यमेव गृहीतव्रतं, स्मृतिमूलं हि सर्वमनुष्ठानमिति पञ्चमोऽतिचारः ५ ।

इह चायं वृद्धसम्प्रदायः-यदि स्मृतिभ्रंशेनानाभोगाद्वा परिमाणमतिक्रान्तो भवति, तदा तेन ज्ञाते निवर्त्तितव्यम्, परतश्च न गन्तव्यम्, अन्योऽपि न विसर्ज्जनीयः, अथानाज्ञया कोऽपि गतो भवेत्तदा यत्तेन लब्धं, स्वयं विस्मृत्य गतेन वा, तन्न गृह्यत इति तीर्थयात्रादिधर्मनिमित्तं तु नियमितक्षेत्रात्परतोऽपि साधोरिवेर्यासमित्युपयोगेन गच्छतो न दोषः, धनार्जनाद्यैहिकफलार्थमेवाधिकगमनस्य नियमनादिति दिग्विरमणव्रतातिचाराः ।।४९।।

**ટીકાર્થ :-**

ऊर्ध्वाधस्तिर्यक्षु ..... दिग्विरमणव्रतातिचाराः ।। **૧-૨-૩ ઊર્ધ્વ-અધો-તિર્યક્ દિશાના વ્યતિક્રમો :-** ઊર્ધ્વ, અધઃ અને તિર્યક્ દિશામાં નિશ્ચિત એવા માનના=ક્ષેત્રની મર્યાદાના વ્યતિક્રમો, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃતિભ્રંશ એ દિગ્વિરમણ નામના આદ્યગુણવ્રતમાં પાંચ અતિચારો ભગવાન વડે કહેવાયા છે, એ પ્રમાણે અન્વય છે. ત્યાં=પાંચ અતિચારોમાં, ઊર્ધ્વ=પર્વતશિખરાદિમાં, અધઃ=નીચે ભૂમિ ગૃહાદિમાં તિર્યક્=તિર્છા પૂર્વ-પશ્ચિમ આદિ ચાર દિશામાં, નિશ્ચિત=નિયમિત એવા માનના=પ્રમાણના=મારા વડે સો યોજનાદિ સુધી ગમનાદિ કરવું જોઈએ આગળ નહીં એવા સ્વરૂપવાળા પ્રમાણના, વ્યતિક્રમો એ ત્રણ અતિચારો છે. જે કારણથી સૂત્ર છે –

"ઊર્ધ્વ દિશા પ્રમાણના અતિક્રમમાં, અધોદિશા પ્રમાણના અતિક્રમમાં, તિર્છાદિશા પ્રમાણના અતિક્રમમાં અતિચારો થાય છે." **(ઉપાસકદશાંગ સૂત્ર અ. ૧ સૂ. ૭. પ.૬-એ, આવશ્યક પ્રત્યાખ્યાન સૂ. ૬)**

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને આ=ઊર્ધ્વ, અધો અને તિર્યક્ દિશાના વ્યતિક્રમો અનાભોગ અતિક્રમાદિથી જ અતિચારો થાય છે. વળી અન્યથા પ્રવૃત્તિમાં ભંગ જ થાય છે. જે વળી 'હું કરું નહીં અને હું કરાવું નહિ' એ પ્રકારનો નિયમ કરે છે=સ્વીકારાયેલા દિશાના પરિમાણથી અધિક ક્ષેત્રમાં હું ગમનાદિ કરું નહીં અને હું ગમનાદિ કરાવું નહીં, એ પ્રકારનો નિયમ કરે છે, તે શ્રાવક વિવક્ષિત ક્ષેત્રથી આગળથી સ્વયં ગમનથી કે બીજા દ્વારા વસ્તુને લઈ જવા અને લાવવાથી દિક્પરિમાણના પ્રમાણનો અતિક્રમ પરિહાર કરે છે. વળી, તેનાથી અન્યને=જેણે માત્ર પોતાના ગમનનું પ્રત્યાખ્યાન કર્યું હોય તેવા શ્રાવકને, તેવા પ્રકારના પ્રત્યાખ્યાનનો અભાવ હોવાથી=બીજા પાસેથી મંગાવવાનું પચ્ચક્ખાણ નહીં હોવાથી, બીજા પાસેથી વસ્તુને મોકલવામાં કે લાવવામાં દોષ નથી.

૪. ક્ષેત્રવૃદ્ધિ :- અને દિક્‌વ્રતના વિષયવાળા પૂર્વાદિ દેશના ક્ષેત્રનું હ્રસ્વ હોવા છતાં=પરિમિત પ્રમાણ હોવા છતાં, વૃદ્ધિ=વર્ધન=પશ્ચિમ આદિ ક્ષેત્રના પરિમાણના પ્રક્ષેપ દ્વારા દીર્ઘીકરણ, ક્ષેત્રવૃદ્ધિ છે. જે પ્રમાણે કોઈના વડે પૂર્વ-પશ્ચિમ દિશામાં પ્રત્યેકને આશ્રયીને સો યોજન ગમન પરિમાણ કરાયું, અને ઉત્પન્ન પ્રયોજનવાળો એવો તે=શ્રાવક, એક દિશામાં નેવું યોજનનું વ્યવસ્થાપન કરીને વળી અન્યદિશામાં એકસો દશ યોજન ગમન કરે છે. બંને પણ પ્રકારથી બસો યોજનરૂપ પરિમાણનું અવ્યાહતપણું હોવાથી=પ્રતિજ્ઞા અનુસાર હોવાથી, એ રીતે એક સ્થાનમાં ક્ષેત્રને વધારવાથી વ્રત-સાપેક્ષપણાને કારણે અતિચાર છે.

૫. સ્મૃતિભ્રંશ :- અને સ્મૃતિનું=સો યોજનાદિરૂપ દિક્‌પરિમાણના વિષયરૂપ સ્મરણનું, અતિવ્યાકુલપણાથી, પ્રમાદીપણાથી અને મતિના અપાટવાદિથી ભ્રંશ=ધ્વંસ સ્મૃતિભ્રંશ છે. તે આ પ્રમાણે - કોઈકના વડે પૂર્વદિશામાં સો યોજનનું પરિમાણ કરાયું હતું અને ગમનકાળમાં સ્પષ્ટપણા રૂપે સ્મરણ નથી.

શું સ્મરણ નથી ? એ સ્પષ્ટ કરે છે –

સો યોજન પરિમાણ કરાયું છે કે ૫૦ યોજન કરાયું છે ? એ પ્રમાણે સ્મરણ નથી. તેની આ પ્રકારની અસ્મૃતિમાં ૫૦ યોજનના અતિક્રમણથી અતિચાર થાય અને સો યોજનના અતિક્રમણથી ભંગ થાય. સાપેક્ષપણું હોવાથી ૫૦ યોજનના ઉલ્લંઘનમાં અતિચાર થાય છે. અને નિરપેક્ષપણું હોવાથી ૧૦૦ યોજનના ઉલ્લંઘનમાં ભંગ છે. તેથી ગ્રહણ કરાયેલું વ્રત સ્મરણ જ કરવું જોઈએ; કેમ કે સ્મૃતિમૂલ જ સર્વ અનુષ્ઠાન છે. એ પ્રમાણે પાંચમો અતિચાર છે=સ્મૃતિભ્રંશરૂપ પાંચમો અતિચાર છે.

અને અહીં=સ્મૃતિભ્રંશ અતિચારના વિષયમાં, આ વૃદ્ધસંપ્રદાય છે. જો સ્મૃતિભ્રંશ કે અનાભોગથી પરિમાણ અતિક્રાન્ત થાય તો તેના વડે=પચ્ચક્‌ખાણ કરનાર શ્રાવક વડે, જ્ઞાત થયે છતે=મર્યાદાનું ઉલ્લંઘન થયું છે તેવું જ્ઞાત થયે છતે, નિવર્તન થવું જોઈએ અને પરતઃ=આગળ, જવું જોઈએ નહિ. અન્યને પણ વિસર્જન કરવું જોઈએ નહિ=પોતાની સાથે કોઈ અન્ય હોય તેને પણ તે કાર્ય કરવા માટે મોકલવો જોઈએ નહિ. હવે અનાજ્ઞાથી=પોતાના સૂચન વગર કોઈપણ ગયેલો થાય ત્યારે તેના વડે જે પણ પ્રાપ્ત કરાયું અથવા સ્વયં વિસ્મરણ કરીને ગયેલા વડે જે પ્રાપ્ત કરાયુ તે ગ્રહણ કરાતું નથી. વળી, તીર્થયાત્રાદિ ધર્મ નિમિત્ત નિયમિત ક્ષેત્રથી આગળમાં પણ સાધુની જેમ ઈર્યાસમિતિના ઉપયોગથી જતા એવા શ્રાવકને દોષ નથી. ધનાર્જનાદિ ઐહિક ફલ માટે જ અધિક ગમનનું નિયમન છે. એ પ્રમાણે દિગ્‌પરિમાણ વ્રતના અતિચારો છે. ા૪૯ા

**ભાવાર્થ :-**

શ્રાવક સંપૂર્ણ સાવદ્યથી નિવૃત્તિના પરિણામવાળા નથી. તેથી ત્રસકાયની રક્ષા કરે છે, સ્થાવરમાં જયણા કરે છે. તોપણ જેમ લોખંડનો તપાવેલો ગોળો જ્યાં જાય ત્યાં ઘણા જીવોની વિરાધના કરે છે તેમ

બાહ્યપદાર્થના સંશ્લેષના અંતરંગ પરિણામવાળા શ્રાવકો જે ક્ષેત્રમાં જાય ત્યાં ઘણા જીવોની હિંસા કરે છે. ક્ષેત્રને આશ્રયીને તે હિંસાના પરિણામના દેશથી નિવર્તન અર્થે શ્રાવક દિશાનું પરિમાણ કરે છે. તેમાં ઊર્ધ્વદિશિ-અધોદિશિ અને તિર્ચ્છા દિશિ=પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશાનું જે પરિમાણ પોતે ચાર માસ-૧૨ માસ કે જીવન સુધીનું કરેલું હોય તે પરિમાણથી અધિક ગમન કરે તો વ્રતભંગ થાય. આમ છતાં અનાભોગ-સહસાત્કારથી અધિક ગમન થયું હોય અને તે ક્ષેત્રમાં ગયા પછી ખ્યાલ આવ્યો કે મર્યાદાનું ઉલ્લંઘન થયું છે અને જો તે શ્રાવક તે ક્ષેત્રમાં કોઈ કાર્ય કર્યા વગર પાછો આવે તો ત્રણ દિશાને આશ્રયીને, તે ત્રણ દિશામાંથી જે દિશાનું ઉલ્લંઘન થયું હોય તે દિશાના અતિચારની પ્રાપ્તિ થાય છે. તે વખતે શ્રાવકને વ્રતભંગનો વાસ્તવિક પરિણામ નથી તેથી શ્રાવક જે પ્રયોજનથી ત્યાં ગયેલ છે તે કાર્યને કર્યા વગર જ પાછો ફરે છે. તોપણ સ્વીકારાયેલા વ્રતના પ્રત્યે દૃઢ પક્ષપાત રૂપ પરિણામ નથી. આથી જ અનાભોગથી કે સહસાત્કારથી સ્વીકારાયેલી મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. તેથી વ્રતના અંતરંગ પરિણામ વિષયક બેદરકારી છે માટે અતિચારની પ્રાપ્તિ છે. વળી, તે ત્રણ દિશામાંથી કોઈપણ દિશાનું કોઈક કાર્યનું પ્રયોજન ઉપસ્થિત થાય અને વ્રતની મર્યાદા હોવા છતાં ત્યાં જવાનો મનથી પરિણામ થાય પરંતુ જાય નહીં તોપણ અતિક્રમાદિથી અતિચારની પ્રાપ્તિ થાય છે.

વસ્તુતઃ જેમ જીવવાની ઇચ્છાવાળો મનુષ્ય મનથી પણ વિષ ખાવાનો વિચાર કરતો નથી. તેમ વ્રત પ્રત્યેના દૃઢરાગવાળો શ્રાવક મનથી પણ વ્રતની મર્યાદાથી અધિક ગમન કરવાનો વિકલ્પ કરતો નથી. આથી જ તે ક્ષેત્રથી અધિક ક્ષેત્રમાં નહીં જવાના પરિણામરૂપ સંવરના પરિણામની પ્રાપ્તિ થાય છે. જેથી કર્મબંધના સંકોચની પ્રાપ્તિ થાય છે. અને જેઓનું ચિત્ત એ પ્રકારના સંવરભાવવાળું નથી તેથી કોઈક પ્રયોજનથી લાભ દેખાય તો મનમાં જવાની ઇચ્છા થાય છે. અથવા અનાભોગ-સહસાત્કારાદિથી ગમન કરે છે. તેથી સ્પષ્ટ થાય છે કે વ્રતનો દૃઢ પરિણામ નથી. માટે સંવર નથી, છતાં કંઈક વ્રતનો રાગ છે અને વ્રતનું ઉલ્લંઘન પણ છે માટે અતિચાર છે.

વળી, કોઈ શ્રાવકે ઊર્ધ્વ-અધઃ કે તિર્ચ્છા એવી ચાર દિશામાં ગમનની મર્યાદાનું વ્રત ગ્રહણ કરેલ હોય અને તે ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં જવાથી કોઈક લાભ દેખાય ત્યારે તે લાભની ઉત્કટ ઇચ્છાથી અને કંઈક વ્રતના રક્ષણના પરિણામથી અન્ય દિશાના ક્ષેત્રનો સંકોચ કરીને કોઈ એક દિશામાં ક્ષેત્રની વૃદ્ધિ કરે છે. ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. વાસ્તવિક રીતે આમ ક્ષેત્રવૃદ્ધિ કરવાથી સ્વીકારાયેલા વ્રતનું ઉલ્લંઘન જ છે તોપણ મારે વ્રતરક્ષણ કરવું છે તેથી બુદ્ધિથી અન્ય દિશામાં સંકોચ કરે છે. તેથી કંઈક વ્રત પ્રત્યેના રાગનો પરિણામ છે. તેને સામે રાખીને જ ક્ષેત્રવૃદ્ધિને વ્રતભંગ ન કહેતાં અતિચાર કહેલ છે.

વસ્તુતઃ આ પ્રકારે ક્ષેત્રની વૃદ્ધિ કરીને ગમન કરવાનો વિચાર માત્ર કરે તોપણ વ્રતનો પરિણામ નાશ પામે છે. અને ગમન કરે ત્યારે તો પરમાર્થથી વ્રતનો પરિણામ નથી તેથી વ્રતઉલ્લંઘનકૃત અનર્થની જ પ્રાપ્તિ છે. અને જે શ્રાવકનું ચિત્ત આ પ્રકારના વ્રતમાં ગમે ત્યારે પરિવર્તન કરીને કાર્ય કરવાની પરિણતિવાળું છે તે શ્રાવક તેવા પ્રયોજનવાળો ન બને ત્યારે પણ તે પ્રકારના સંવરભાવવાળો નથી. તેથી

પરમાર્થથી કર્મબંધની પ્રાપ્તિમાં સંકોચરૂપ સંવરભાવનો અભાવ હોવાથી સ્વીકારેલા વ્રતના ફળની પ્રાપ્તિ થતી નથી. માટે શ્રાવકે પોતાના આરંભમય જીવનનો વારંવાર વિચાર કરીને સંપૂર્ણ નિરારંભ સાધુજીવન પ્રત્યે દૃઢ પક્ષપાત કરવો જોઈએ. અને પોતે જે વ્રતની મર્યાદા સ્વીકારેલી છે તેના પ્રત્યે દૃઢ પક્ષપાત કરીને અને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે રીતે સદા સર્વવિરતિના ભાવોથી આત્માને ભાવિત કરવો જોઈએ. જેથી દેશસંવર સર્વસંવરનું કારણ બને. આ રીતે પારમાર્થિક વ્રતના સેવનથી પાપની નિવૃત્તિ, સદ્ગતિની પ્રાપ્તિ અને સંવરભાવને કારણે ક્રમસર મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેઓ વ્રતપાલનમાં તે પ્રકારનો યત્ન કરતા નથી તેઓને સર્વવિરતિ પ્રત્યેનો બદ્ધરાગ નહીં હોવાથી સમ્યક્ત્વ પણ પ્રાપ્ત થતું નથી; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પણ સર્વવિરતિના પરિણામ પ્રત્યે ઉત્કટ રાગ વર્તે છે. માટે વ્રત ગ્રહણ કર્યા પછી શ્રાવકે ક્યારેય મનસ્વી રીતે ક્ષેત્રવૃદ્ધિ આદિ કરીને વ્રતને મલિન કરવું જોઈએ નહિ.

વળી, શ્રાવકે વ્રત સ્વીકાર્યા પછી પોતાના વ્રતનું નિત્ય સ્મરણ કરવું જોઈએ છતાં અન્ય પ્રવૃત્તિમાં અતિ વ્યાકુલપણાને કારણે કે પ્રમાદી સ્વભાવને કારણે કે ધારણાની અપટુતાને કારણે, સ્વીકારાયેલા વ્રતનું સ્મરણ ન રહે તો તે સ્મૃતિભ્રંશ વ્રત માટે દૂષણરૂપ છે. છતાં સ્મરણના અભાવને કારણે ક્યારેક શંકા થાય કે મેં સો યોજનનું પરિમાણ કર્યું છે કે ૫૦ યોજનનું કર્યું છે ? તે વખતે સો યોજનનું પરિમાણ કરેલું હોવા છતાં ૫૦ યોજનથી અધિક ગમનની પ્રવૃત્તિ કરે કે ગમનનો વિચાર માત્ર કરે તોપણ અતિચારની પ્રાપ્તિ થાય; કેમ કે જે શ્રાવકને વ્રત પ્રત્યેનો અત્યંત રાગ છે તે શ્રાવક પોતાના વ્રતના પરિમાણનું ઉલ્લંઘન કરીને કોઈ અન્ય પદાર્થની પ્રાપ્તિની ઇચ્છા રાખે નહીં પરંતુ સદા વિચારે કે મારા વ્રતની મર્યાદા લોભાદિ પરિણામના સંકોચ અર્થે છે અને તે સંકોચ અર્થે ગ્રહણ કરાયેલ વ્રતનું જો ઉલ્લંઘન કરવામાં આવે તો વ્રત પ્રત્યેના અનાદરને કારણે દીર્ઘ સંસારની પ્રાપ્તિ થશે.

વળી, દરેક અનુષ્ઠાનનું સ્મૃતિપૂર્વક સેવન કરવાથી જ ફલવાળું થાય છે. માટે જે વ્રત સ્વીકાર્યું હોય તેનું નિત્ય સ્મરણ કરીને તે વ્રતનું પાલન કરવું જોઈએ અને વ્રત ગ્રહણ કરવાનું મુખ્ય પ્રયોજન પાપની નિવૃત્તિ છે. તેથી વ્રતના પરિણામની સહેજ પણ મ્લાનિ ન થાય તે રીતે સદા વ્રતપાલન માટે યત્ન કરવો જોઈએ. જેથી પાપની નિવૃત્તિ થાય.

વળી, ક્ષેત્ર મર્યાદા કરવાનું મુખ્ય પ્રયોજન આરંભ-સમારંભની નિવૃત્તિ છે. તેથી તીર્થયાત્રાદિ ધર્મકૃત્યમાં ક્ષેત્રમર્યાદાનું ઉલ્લંઘ થતું નથી. આમ છતાં, જે શ્રાવક પોતાની કરાયેલી ક્ષેત્રમર્યાદાથી બહારના ક્ષેત્રમાં તીર્થયાત્રાદિ ધર્મકૃત્ય માટે જવા નીકળે ત્યારે સાધુની જેમ અત્યંત સંવૃત થઈને ઇર્યાસમિતિપૂર્વક ત્યાં જાય અને તે ક્ષેત્રમાં શ્રાવક ધર્મપ્રવૃત્તિ સિવાય અન્ય કોઈ પ્રવૃત્તિ ન કરે તો વ્રતનું ઉલ્લંઘન થતું નથી પરંતુ જે શ્રાવક વાહનાદિથી તીર્થયાત્રાદિ ધર્મકૃત્ય અર્થે જાય છે અને ત્યાં જઈને અન્ય કૃત્યો પણ ગૃહસ્થની જેમ કરે છે ત્યારે તે ક્ષેત્રમાં જે કંઈ આરંભ-સમારંભ થયો તે સર્વ આરંભ-સમારંભ તેના વ્રતના ઉલ્લંઘન સ્વરૂપ જ છે; કેમ કે દિક્પરિમાણ વ્રતમાં પોતાના સ્વીકારાયેલા ક્ષેત્રથી અધિક ક્ષેત્રમાં સર્વપ્રકારના આરંભ-સમારંભની નિવૃત્તિનો પરિણામ છે. અને તે નિવૃત્તિના પરિણામનું ઉલ્લંઘન થાય તો વ્રતભંગ થાય. **॥૪૯॥**

**અવતરણિકા :-**

अथ द्वितीयगुणव्रतस्य भोगोपभोगपरिमाणरूपस्यातिचारानाह –

**અવતરણિકાર્થ :-**

હવે ભોગોપભોગ પરિમાણરૂપ બીજાગુણવ્રતના અતિચારોને કહે છે –

**શ્લોક :-**

सचित्तस्तत्प्रतिबद्धः, संमिश्रोऽभिषवस्तथा ।
दुष्पक्वाहार इत्येते, द्वैतीयीके गुणव्रते ।।५० ।।

**અન્વયાર્થ :-**

सचित्तः=સચિત્ત, तत्प्रतिबद्धः=તેની સાથે પ્રતિબદ્ધ=સચિત્તની સાથે પ્રતિબદ્ધ, संमिश्रः=સંમિશ્ર, अभिषवः=અભિષવ, तथा=અને, दुष्पक्वाहार=દુષ્પક્વ આહાર, इत्येते=એ, द्वैतीयीके गुणव्रते=બીજા ગુણવ્રતના અતિચારો છે. ।।૫૦।।

**શ્લોકાર્થ :-**

**સચિત્ત, સચિત્તની સાથે પ્રતિબદ્ધ, સંમિશ્ર, અભિષવ અને દુષ્પક્વ આહાર એ બીજા ગુણવ્રતના અતિચારો છે. ।।૫૦।।**

**ટીકા :-**

सह चित्तेन=चेतनया वर्त्तते यः स सचित्तः, तेन=सचित्तेन प्रतिबद्धः=सम्बद्धस्तत्प्रतिबद्धः, सचित्तेन मिश्रः=सबलः संमिश्रः, अभिषवः=अनेकद्रव्यसन्धाननिष्पन्नः, दुष्पक्वो=मन्दपक्वः स चासावाहार-श्चेत्यतिचाराः 'द्वैतीयीके' द्वितीये स्वार्थे इकण् (श्रीसि० ६-४-१) 'गुणव्रते' भोगोपभोगपरिमाणाख्ये, ज्ञेया इति शेषः ।

तत्र सचित्तः-कन्दमूलफलादिः पृथिवीकायादिर्वा इह च निवृत्तिविषयीकृतेऽपि सचित्तादौ प्रवृत्तावतिचाराभिधानं व्रतसापेक्षस्यानाभोगा-ऽतिक्रमादिनिबन्धनप्रवृत्त्या द्रष्टव्यमन्यथा भङ्ग एव स्यात्, तत्रापि कृतसचित्तपरिहारस्य कृतसचित्तपरिमाणस्य वा सचित्तमधिकसचित्तं वाऽनाभोगादिना खादतः सचित्ताहाररूपः प्रथमोऽतिचारः, आहारशब्दस्तु दुष्पक्वाहार इत्यस्मादाकृष्य सम्बन्ध्यः, एवमुत्तरेष्वप्याहारशब्दयोजना भाव्या १ ।

सचित्तप्रतिबद्धः-सचेतनवृक्षादिसम्बद्धो गुन्दादिः, पक्वफलादिर्वा, सचित्तान्तर्बीजः खर्जूराऽऽम्रादिः, तदाहारो हि सचित्ताहारवर्ज्जकस्यानाभोगादिना सावद्याहारप्रवृत्तिरूपत्वादतिचारः अथवा बीजं त्यक्ष्यामि

**सचेतनत्वात्तस्य, कटाहं त्वचेतनत्वाद् भक्षयिष्यामीतिधिया पक्वं खर्जूरादिफलं मुखे प्रक्षिपतः सचित्तवर्ज्जकस्य सचित्तप्रतिबद्धाहारो द्वितीयः २ ।**

**सम्मिश्रः-अर्द्धपरिणतजलादिरार्द्रकदाडिमबीजपूरकचिर्भटिकादिमिश्रपूरणादिर्वा तिलमिश्रो यवधानादिर्वा, एतदाहारोऽप्यनाभोगाऽतिक्रमादिनाऽतिचारः अथवा सम्भवत्सचित्तावयवस्या-पक्वकणिक्कादेः पिष्टत्वादिनाअचेतनमितिबुद्ध्याऽऽहारः सम्मिश्राहारो व्रतसापेक्षत्वादतिचार इति तृतीयः ३ ।**

**अभिषवः-सुरासौवीरकादिर्मांसप्रकारखण्डादिर्वा सुरामध्वाद्यभिस्यन्दिवृष्यद्रव्योपयोगो वा, अयमपि सावद्याहारवर्ज्जकस्यानाभोगादिनाऽतिचार इति चतुर्थः ४ ।**

**तथा दुष्पक्वः-अर्द्धस्विन्नपृथुकतन्दुलयवगोधूमस्थूलमण्डककङ्कडुकफलादिरैहिकप्रत्यवायकारी यावता चांशेन सचित्तस्तावता परलोकमप्युपहन्ति । पृथुकादेर्दुष्पक्वतया संभवत्सचेतनावयवत्वात्पक्वत्वेनाचेतन इति भुञ्जानस्यातिचार इति पञ्चमः ५ ।**

**केचित्त्वपक्वाहारमप्यतिचारत्वेन वर्णयन्ति, अपक्वं च यदग्निनाऽसंस्कृतम्, एष च सचित्ताहारे प्रथमातिचारेऽन्तर्भवति तुच्छौषधिभक्षणमपि केचीदतिचारमाहुः, तुच्छौषधयश्च मुद्गादिकोमलशिम्बीरूपाः, ताश्च यदि सचित्तास्तदा सचित्तातिचार एवान्तर्भवन्ति, अथाग्निपाकादिनाऽचित्तास्तर्हि को दोषः ? इति, एवं रात्रिभोजनमद्यादिनिवृत्तिष्वपि अनाभोगाऽतिक्रमादिभिरतिचारा भावनीयाः ।**

**इत्थमतिचारव्याख्यानं तत्त्वार्थवृत्त्याद्यनुसारेण ज्ञेयम् ।**

**आवश्यकपञ्चाशकवृत्त्यादिषु तु अपक्व-दुष्पक्व-तुच्छौषधिभक्षणस्य क्रमेण तृतीयाद्यतिचारत्वं दर्शितम् । तत्राक्षेपपरिहारावित्थम् –**

"नन्वपक्वौषधयो यदि सचेतनास्तदा सचित्तमित्याद्यपदेनैवोक्तार्थत्वात्पुनर्वचनमसङ्गतम्, अथाचेतनास्तदा कोऽतिचारो ? निरवद्यत्वात्तद्भक्षणस्येति, सत्यम्, किन्त्वाद्यावतीचारौ सचेतनकन्दफलादिविषयावितरे तु शाल्याद्योषधिविषया इति विषयकृतो भेदः, अत एव मूलसूत्रे "अप्पउलिओसह(हि)भक्खणया" **[आवश्यक प्रत्याख्यान-सू०, उपासकदशाङ्ग सू० ७]** इत्याद्युक्तम्, ततोऽनाभोगाऽतिक्रमादिनाऽपक्वौषधिभक्षणमतिचारः, अथवा कणिक्कादेरपक्वतया सम्भवत्सचित्तावयवस्य पिष्टत्वादिनाऽचेतनमिदमितिबुद्ध्या भक्षणं व्रतसापेक्षत्वादतिचारः" । **[पञ्चाशकटीका १/२२ प. १९] दुष्पक्वौषधिभक्षणभावना तु पूर्वोक्तैव ।**

**तुच्छौषधिभक्षणे त्वित्थम्-**"ननु तुच्छौषधयोऽपक्वा दुष्पक्वाः सम्यक्पक्वा वा स्युः? यदाऽऽद्यौ पक्षौ तदा तृतीय-चतुर्थातिचाराभ्यामेवास्योक्तत्वात्पुनरुक्तत्वदोषः, अथ सम्यक्पक्वास्तदा निरवद्यत्वादेव काऽतिचारता तद्भक्षणस्येति?, सत्यम्, किन्तु यथाऽऽद्यद्वयस्योत्तरद्वयस्य च सचित्तत्वे समानेऽप्यनोषध्योषधिकृतो विशेषः, एवमस्य सचेतनौषधित्वाभ्यां समानत्वेऽप्यतुच्छ-तुच्छत्वकृतो विशेषो दृश्यः तत्र च कोमलमुद्गादि-

फलीर्विशिष्टतृप्त्यकारकत्वेन तुच्छाः सचित्ता एवानाभोगादिना भुञ्जानस्य तुच्छौषधिभक्षणमतिचारः, अथवाऽत्यन्तावद्यभीरुतयाऽचित्ताहारताऽभ्युपगता, तत्र च यत्तृप्तिकारकं तदचित्तीकृत्यापि भक्षयतु, सचेतनस्यैव वर्जनीयत्वाभ्युपगमात्, यत्पुनस्तृप्तिजननासमर्था अप्योषधीर्लौल्येनाचित्तीकृत्य भुङ्क्ते तत्तुच्छौषधिभक्षणमतिचारः, तत्र भावतो विरतेर्विराधितत्वाद् द्रव्यतस्तु पालितत्वादिति" **[१/२२, प. २०] पञ्चाशकवृत्तौ ।।५०।।**

**ટીકાર્થ :-**

**सह चित्तेन .... पञ्चाशकवृत्तौ ।। ૧. સચિત્ત :- ચિત્તથી સહિત=ચેતનાથી સહિત વર્તે છે જે તે સચિત્ત. તેનાથી=સચિત્તથી, પ્રતિબદ્ધ=સંબદ્ધ=જોડાયેલા, તત્પ્રતિબદ્ધ છે. સચિત્તથી મિશ્ર=સબલ, સંમિશ્ર છે. અભિષવ=અનેક દ્રવ્યના સંધાનથી નિષ્પન્ન, દારૂ આદિ છે. દુષ્પક્વ=મંદ પક્વ અને તે એવો આ આહાર દુષ્પક્વ આહાર છે આ અતિચારો બીજા ગુણવ્રતના છે=ભોગોપભોગ પરિમાણવ્રત નામના બીજા ગુણવ્રતમાં જાણવા. શ્લોકમાં 'ज्ञेया' એ પ્રમાણે અધ્યાહાર છે. ત્યાં સચિત્ત કંદ-મૂલ-ફ્લાદિ છે અને પૃથ્વીકાયાદિ છે. અને અહીં=બીજા ગુણવ્રતમાં, નિવૃત્તિ વિષયીકૃત એવા પણ સચિત્તાદિમાં પ્રવૃત્તિ થયે છતે અતિચારનું કથન વ્રતસાપેક્ષવાળા પુરુષને અનાભોગ અતિક્રમાદિને કારણે કરાયેલી પ્રવૃત્તિથી જાણવું. અન્યથા=અનાભોગાદિ વગર પ્રવૃત્તિમાં, ભંગ જ થાય=સ્વીકારાયેલા વ્રતનો ભંગ જ થાય. ત્યાં પણ કૃતસચિત્ત પરિહારવાળા શ્રાવકને અથવા કૃતસચિત્તના પરિમાણવાળા શ્રાવકને, સચિત્ત કે અધિક સચિત્ત અનાભોગાદિથી ખાવાથી સચિત્ત આહારરૂપ પ્રથમ અતિચાર થાય છે. વળી, આહાર શબ્દ દુષ્પક્વ આહાર એ પ્રકારના વચનમાંથી ગ્રહણ કરીને સંબંધ કરાય છે. એ રીતે ઉત્તરમાં પણ આહાર શબ્દની યોજનાનું ભાવન કરવું=દુષ્પક્વ આહારમાં રહેલા 'આહાર' શબ્દનું સર્વ અતિચારો સાથે સંયોજન કરવું.**

**૨. સચિત્તપ્રતિબદ્ધ :- સચેતન એવા વૃક્ષાદિ સાથે સંબદ્ધ=જોડાયેલા, ગુંદાદિ, અથવા પક્વ ફ્લાદિ છે. સચિત્ત છે અંદરમાં બીજ એવા ખજૂર, આંબા આદિ છે. તેનો આહાર, સચિત્તઆહારવર્જક શ્રાવકને અનાભોગાદિથી સાવદ્ય આહારની પ્રવૃત્તિરૂપપણું હોવાથી અતિચાર છે. અથવા હું બીજનો ત્યાગ કરું છું; કેમ કે તેનું=બીજનું, સચેતનપણું છે. વળી, કટાહનું=ઉપરના પક્વફળનું, અચેતનપણું હોવાથી હું ભક્ષણ કરીશ=હું ખાઈશ. એ પ્રકારની બુદ્ધિથી પક્વ એવા ખજૂરાદિ ફળને મુખમાં નાખતા સચિત્તવર્જક શ્રાવકને 'સચિત્ત પ્રતિબદ્ધ આહાર' બીજો અતિચાર છે.**

**૩. સંમિશ્ર :- અર્ધ પરિણત જલાદિ આર્દ્રક-દાડિમ-બીજપૂરક-ચીભડાં આદિ અથવા મિશ્ર પૂરણ આદિ અથવા તલથી મિશ્ર, જવ અથવા ધાણા આદિ આનો આહાર પણ=સંમિશ્રનો આહાર પણ, અનાભોગ-અતિક્રમાદિથી અતિચાર છે. અથવા સંભવતા સચિત્ત અવયવવાળા અપક્વ કણિક આદિનું પિષ્ટપણાદિને કારણે=પીસેલું હોવાને કારણે, અચેતન છે એવી બુદ્ધિથી જે આહાર તે સંમિશ્ર આહાર વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર છે. એ પ્રકારે ત્રીજો અતિચાર છે.**

**૪. અભિષવ :- સુરા-સૌવીરકાદિ અથવા માંસ પ્રકાર ખંડ આદિ સુરા-મધુ આદિ અભિસ્યન્દિ**

વૃષ્ય દ્રવ્યનો ઉપયોગ=માદક અને વિકારી દ્રવ્યનો ઉપયોગ, આ પણ સાવદ્ય આહારવર્જકને અનાભોગાદિથી અતિચાર છે. એ પ્રમાણે ચોથો અતિચાર છે.

૫. દુષ્પક્વ આહાર :- અને દુષ્પક્વ=અર્ધ દળાયેલા પૃથુક તંદુલ-યવ-ઘઉં-સ્થૂલ-મંડક-કંકડુક ફલાદિ આલોકના અનર્થને કરનારા અને જેટલા અંશથી સચિત્ત છે તેટલા અંશથી પરલોકને હણનારા છે=પાપબંધનું કારણ છે, અને પૃથુક આદિનું દુષ્પક્વપણું હોવાથી સંભવતા સચેતન અવયવપણું હોવાને કારણે અચેતન છે. એ પ્રમાણે ખાનારને અતિચાર છે. એ પાંચમો અતિચાર છે.

કેટલાક વળી, અપક્વ આહારને પણ અતિચાર રૂપે વર્ણન કરે છે. અને અપક્વ જે અગ્નિ દ્વારા અસંસ્કૃત છે અને આ=અપક્વ, સચિત્ત આહારરૂપ પ્રથમ અતિચારમાં અંતર્ભાવ પામે છે, અને કેટલાક તુચ્છ ઔષધિનું ભક્ષણ પણ અતિચાર કહે છે. મુદ્‌ગાદિની કોમળ શિમ્બીરૂપ તુચ્છ ઔષધિ છે. અને જો તે સચિત્ત છે તો સચિત્ત અતિચારમાં જ અંતર્ભાવ પામે છે અને જો અગ્નિ પાકાદિથી અચિત્ત છે. તો શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. અર્થાત્ અગ્નિપાકાદિથી અચિત્ત મુદ્‌ગાદિની કોમળ શિંગને ખાવામાં કોઈ દોષ નથી. એ રીતે રાત્રિભોજન મદ્ય આદિ નિવૃત્તિમાં પણ અનાભોગ અતિક્રમ આદિથી અતિચાર જાણવા. આ રીતે અતિચારનું વ્યાખ્યાન તત્ત્વાર્થવૃત્તિ આદિના અનુસારથી જાણવું.

વળી, 'આવશ્યક-પંચાશક વૃત્તિ' આદિમાં અપક્વ-દુષ્પક્વ-તુચ્છઔષધિ ભક્ષણનું ક્રમથી તૃતીય અતિચારપણું બતાવાયું છે. ત્યાં આક્ષેપ-પરિહાર આ પ્રમાણે છે=શંકા અને સમાધાન આ પ્રમાણે છે –

'નનુ'થી શંકા કરે છે. અપક્વ ઔષધિઓ જો સચેતન છે તો સચિત્ત છે એથી આદ્ય પદથી ઉક્ત કાર્યપણું હોવાથી, ફરી વચન અસંગત છે. અને જો અચેતન છે તો શું અતિચાર છે ? અર્થાત્ અતિચાર નથી; કેમ કે ભક્ષણનું નિરવદ્યપણું છે.

'इति' શબ્દ શંકાની સમાપ્તિ માટે છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

"તારી વાત સાચી છે પરંતુ આદ્ય અતિચારો=પ્રથમના બે અતિચારો, સચેતન એવા કન્દફલાદિ વિષયવાળા છે. વળી ઈતર=ત્રીજો અતિચાર, શાલ્યાદિ ઔષધિ વિષયવાળા છે. એથી વિષયકૃત ભેદ છે. આથી જ મૂળસૂત્રમાં 'अप्पउलि ओसह(हि)भवखणया' (આવશ્યક પ્રત્યાખ્યાન સૂત્ર, ઉપાસકદશાંગ સૂ. ૭) ઈત્યાદિ કહેવાયું છે, તેથી અનાભોગ અતિક્રમાદિથી અપક્વ ઔષધિનું ભક્ષણ અતિચાર છે અથવા કણિકાદિનું અપક્વપણું હોવાથી સંભવતા સચિત્ત અવયવનું પિષ્ટત્વાદિને કારણે=પીસાયેલા પિષ્ટાદિ છે ઈત્યાદિને કારણે અચેતન આ છે એવી બુદ્ધિથી ભક્ષણ, વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર છે." (પંચાશક ટીકા ૧/૨૨, પ.૧૯)

વળી દુષ્પક્વ ઔષધિની ભાવના પૂર્વમાં કહેવાયેલી જ છે.

વળી તુચ્છૌષધિના ભક્ષણમાં આ પ્રમાણે શંકા અને સમાધાન છે.

"'ननु'થી શંકા કરે છે – તુચ્છૌષધિઓ=તુચ્છ ફળો, અપક્વ-દુષ્પક્વ અથવા સમ્યક્ પક્વ હોય. જો આદ્ય બે પક્ષ છે=અપક્વ-દુષ્પક્વ બે પક્ષો છે. તો ત્રીજા અને ચોથા અતિચાર દ્વારા આનું ઉક્તપણું હોવાથી=દુષ્પક્વ આહારનું ઉક્તપણું હોવાથી=પુનઃઉક્તત્વદોષ છે=પાંચમા અતિચાર રૂપે પૃથક્ કહેવું તે દોષરૂપ છે. હવે સમ્યક્પક્વ છે તો નિરવદ્યપણું હોવાથી જ તેના ખાનારને અતિચારતા ક્યાં છે ? અર્થાત્ નથી.

'इति' શબ્દ શંકાની સમાપ્તિ અર્થે છે.

તેનો ઉત્તર આપે છે –

તારી વાત સાચી છે પરંતુ જે પ્રમાણે આદ્ય દ્વયના અને ઉત્તર દ્વયના=પહેલા અને બીજા અતિચારોને અને ત્રીજા અને ચોથા અતિચારોનું, સચિત્તપણું સમાન હોતે છતે પણ અનૌષધિ અને ઔષધિકૃત વિશેષ છે. એ રીતે આનું પણ=પાંચમા અતિચારનું પણ, સચેતનત્વ અને ઔષધિપણાથી, સમાનપણું હોવા છતાં પણ તુચ્છત્વ-અતુચ્છત્વ કૃતવિશેષ જાણવો. અને ત્યાં=તુચ્છત્વ-અતુચ્છત્વ ભેદમાં, વિશિષ્ટ તૃપ્તિનું અકારકપણું હોવાને કારણે કોમળ મુદ્ગાદિફલી તુચ્છ સચિત્ત જ છે. અનાભોગાદિથી ખાનારને તુચ્છૌષધિભક્ષણ અતિચાર છે. અથવા અત્યંત અવદ્યભીરુપણાને કારણે અચિત્તાહારતા સ્વીકારાયેલી છે=સચિત્તનો ત્યાગ સ્વીકારાયેલો છે. અને ત્યાં=સચિત્તના ત્યાગમાં, જે તૃપ્તિકારક છે તે અચિત્ત કરીને પણ ભક્ષણ કરાય; કેમ કે સચેતનનું જ વર્જનીયત્વ સ્વીકારાયું છે. જે વળી, તૃપ્તિને કરવામાં અસમર્થ પણ ઔષધિ લોલુપતાથી અચિત્ત કરીને ખાય છે તેને તુચ્છૌષધિભક્ષણ અતિચાર છે; કેમ કે ત્યાં=સચિત્તના ત્યાગમાં, ભાવથી વિરતિનું વિરાધિતપણું છે. વળી દ્રવ્યથી પાલિતપણું છે." **એ પ્રમાણે પંચાશકવૃત્તિમાં છે. (પંચાશકવૃત્તિ ૧/૨૨ પ.૨૦) ॥૫૦॥**

**ભાવાર્થ :-**

ભોગોપભોગ પરિમાણવ્રત કરનાર શ્રાવક શક્તિ હોય તો સચિત્તનો સર્વથા ત્યાગ કરે છે. અથવા સચિત્ત વસ્તુની સંખ્યાનું પરિમિતીકરણ કરે છે. આ રીતે, સચિત્તનો ત્યાગ કર્યા પછી અનાભોગથી, સહસાત્કારથી કે અતિક્રમાદિથી સચિત્તનું ભક્ષણ થાય તો ભોગોપભોગ પરિમાણ વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય. જેમ કોઈ શ્રાવકે સચિત્તનો સર્વથા ત્યાગ કર્યો હોય અને ભોજનની વસ્તુ સચિત્ત નથી તેવો ભ્રમ થયો હોય અને તેના કારણે અચિત્ત માની વાપરે ત્યારે અનાભોગથી અતિચાર થાય અને તે વસ્તુ સચિત્ત છે તેવું જ્ઞાન હોવા છતાં કોઈક વખતે સહસા મુખમાં મુકાઈ ગઈ ત્યારે સહસાત્કારથી અતિચારની પ્રાપ્તિ થાય. અથવા સચિત્તનો ત્યાગ હોવા છતાં કોઈક સચિત્ત વસ્તુ પોતાને અત્યંત પ્રિય હોય તો મનમાં ખાવાનો વિકલ્પ ઊઠે તો અતિક્રમાદિથી અતિચારની પ્રાપ્તિ થાય. અને જે શ્રાવકે સચિત્તની સંખ્યા પરિમિત કરી હોય છતાં અનાભોગથી, સહસાત્કારથી કે અતિક્રમાદિથી તે સંખ્યાનો અતિક્રમ કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય.

વસ્તુતઃ શ્રાવકે 'ભોગોપભોગ પરિમાણ વ્રત'ને સંકોચ કરીને દેશથી વિરતિ કરવાનો અધ્યવસાય કરેલો છે તેથી તે શ્રાવકે સતત ભાવન કરવું જોઈએ કે સુસાધુ સર્વથા ભોગ-ઉપભોગ કરતા નથી પરંતુ કેવલ સંયમના દેહનું પાલન કરે છે તેમ મારે પણ સંપૂર્ણ ભોગોપભોગ પરિમાણ વ્રતની વિરતિને પ્રાપ્ત કરવી જોઈએ. જેથી શીઘ્ર સંસારના પરિભ્રમણનો અંત થાય. પરંતુ હજી દેહના મમત્વને કારણે શાતાના અર્થે પોતે ભોગ-ઉપભોગ કરે છે. અને તેમાં દેશથી સંકોચ કરવા અર્થે સચિત્ત આહારનો ત્યાગ કરે છે અથવા સચિત્ત

આહારની સંખ્યાનું નિયમન કરે છે. અને જે પ્રમાણે વ્રત ગ્રહણ કર્યું હોય તે વ્રતનું નિત્ય સ્મરણ કરીને તે વ્રત દ્વારા ભોગોપભોગની વૃત્તિને નિત્ય સ્મરણ કરીને તે વ્રત દ્વારા ભોગોપભોગની વૃત્તિને શાંત કરવા અર્થે અને સર્વવિરતિની શક્તિ સંચય કરવા અર્થે શ્રાવકે સદા યત્ન કરવો જોઈએ. તે પ્રકારે જે વિવેકી શ્રાવક યત્ન કરે છે તે શ્રાવક સ્વીકારાયેલી વ્રતની મર્યાદાનું અનાભોગાદિથી પણ ઉલ્લંઘન કરતા નથી. પરંતુ જેઓને ભોગપભોગ પરિમાણ વ્રત દ્વારા તે પ્રકારનો દૃઢ અધ્યવસાય થયો નથી જેથી તેનું સ્મરણ કરીને સતત ભોગોપભોગ વૃત્તિને ક્ષીણ કરવા યત્ન કરતા નથી. તેઓના વ્રતનો પરિણામ કંઈક શિથિલ છે. આથી જ વ્રત પ્રત્યે દૃઢ અનુરાગ નથી. તેથી તેમને અનાભોગાદિથી અતિચારની પ્રાપ્તિ થાય છે. તેટલા અંશથી વ્રતના વિષયમાં મંદ ધર્મવાળા છે છતાં વ્રતના રક્ષણ પ્રત્યે કંઈક રુચિ છે તેથી અનાભોગાદિથી વ્રતનું ઉલ્લંઘન થાય છે ત્યારે વ્રતનો ભંગ નથી, અતિચાર છે એમ કહેલ છે. વસ્તુતઃ અનાભોગાદિથી તે વ્રતનું અતિચરણ છે અર્થાત્ વ્રતનું ઉલ્લંઘન જ છે. માટે ગુણસ્થાનકના પરિણામના અર્થી શ્રાવકે અતિચારનો પરમાર્થ જાણીને સર્વ યત્નથી અતિચારના વર્જન માટે યત્ન કરવો જોઈએ.

વળી, સચિત્તના ત્યાગી શ્રાવકને સચિત્ત સાથે પ્રતિબદ્ધ વસ્તુ હોય તે વસ્તુનો પણ ત્યાગ પ્રાપ્ત થાય છે. જેમ કોઈ સચિત્ત વસ્તુ સાથે તેને અડીને સચિત્ત બીજ આદિ એક ભાજનમાં પડ્યાં હોય તો અચિત્ત વસ્તુ સાથે સચિત્તનો સંબંધ હોવાને કારણે તે અચિત્ત વસ્તુને શ્રાવક ગ્રહણ કરે તોપણ સચિત્ત વસ્તુ સાથે સંબંધ હોવાને કારણે અતિચારની પ્રાપ્તિ થાય છે. માટે જે શ્રાવકે સચિત્તનો ત્યાગ કરેલો હોય અથવા સચિત્તની સંખ્યા પરિમિત કરેલી હોય અને તેનું ઉલ્લંઘન થાય તેમ હોય ત્યારે સચિત્ત પ્રતિબદ્ધ આહાર કરવાથી અતિચારની પ્રાપ્તિ છે.

વળી, કેટલીક વસ્તુ સચિત્તથી મિશ્ર હોય અર્થાત્ દળેલી કે રસ રૂપે કરાયેલી સચિત્તથી સંમિશ્ર હોય તેવી વસ્તુમાં કેટલાક અવયવો સચિત્ત હોય છે અને કેટલાક અવયવો અચિત્ત હોય છે. તેવી વસ્તુ સચિત્તનું વર્જન કરનાર શ્રાવક ગ્રહણ કરે તો અતિચારની પ્રાપ્તિ થાય છે તેથી સચિત્તના ત્યાગીએ કે સચિત્તની સંખ્યા પરિમિત કરી છે તેવા શ્રાવકે જો સચિત્તનો ત્યાગ કર્યો હોય તો સચિત્તથી મિશ્ર વસ્તુ પણ તેણે ગ્રહણ કરવી જોઈએ નહિ. પરંતુ સ્વીકારાયેલા વ્રતનું એ રીતે પાલન કરવું જોઈએ કે મનમાં પણ તેવી વસ્તુ ગ્રહણ કરવાનો પરિણામ થાય નહિ. અન્યથા, અતિક્રમાદિથી અતિચાર થાય છે.

વળી, અભિષવ=અનેક દ્રવ્યના મિશ્રણથી જેમાં જીવોત્પત્તિ થયેલી હોય તેવી વસ્તુ છે. સચિત્તના ત્યાગી શ્રાવક તેવી વસ્તુ ગ્રહણ કરે તો વ્રતનું ઉલ્લંઘન થાય છે. ફક્ત અનાભોગથી, સહસાત્કારથી કે અતિક્રમાદિથી તેવી વસ્તુના ગ્રહણનો પરિણામ થયો હોય તો તેમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. જોકે સચિત્ત વસ્તુના ત્યાગથી જ અનેક દ્રવ્યોનું સંધાન કે નિષ્પન્ન થયેલી વસ્તુ જીવ સંસક્ત હોવાથી વર્જ્ય બને છે. છતાં પણ કેટલાકને તેવાં અથાણાંદિ અતિ પ્રિય હોય છે અને તે જીવ સંસક્ત હોવા છતાં જીવ સંસક્ત નથી તેમ સ્વબુદ્ધિથી કલ્પના કરીને તેને ગ્રહણ કરે છે તે બતાવવા અર્થે તેવા દારૂ, જીવસંસક્ત અથાણાં આદિનો સ્વતંત્ર રૂપે 'અભિષવ'થી બતાવેલ છે.

વળી, દુષ્પક્વ આહાર કંઈક અંશથી સચિત્ત રહેવાની સંભાવના રહે છે. છતાં આ રંધાઈ ગયું છે તેથી અચિત્ત છે તેવી બુદ્ધિથી કોઈ શ્રાવક વાપરે તેથી અતિચારની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ સચિત્તના ત્યાગીને અર્ધ રંધાયેલો આહાર વાપરવાથી સચિત્ત ત્યાગના ભંગની પ્રાપ્તિ થાય છે; કેમ કે અર્ધ રંધાયેલ આહારમાં કંઈક સચિત્તના અંશો રહેવાની સંભાવના હોય છે તેથી અનાભોગ, સહસાત્કાર કે અતિક્રમાદિથી દુષ્પક્વ આહાર વાપરનાર શ્રાવકને અતિચારની પ્રાપ્તિ થાય છે. **॥૫૦॥**

**અવતરણિકા -**

**अथ भोगोपभोगातिचारानुपसंहरन् भोगोपभोगव्रतस्य लक्षणान्तरं तद्गतांश्चातिचारानुपदर्शयितुमाह -**

**અવતરણિકાર્થ :-**

**હવે ભોગોપભોગના અતિચારના ઉપસંહારને કરતાં ગ્રંથકારશ્રી ભોગોપભોગ વ્રતના લક્ષણાન્તરને અને તદ્‌ગત અતિચારોને બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

अमी भोजनमाश्रित्य, त्यक्तव्याः कर्मतः पुनः ।
खरकर्मत्रिघ्नपञ्चकर्मादानानि तन्मलाः ।।५१।।

**અન્વયાર્થ :-**

**अमी=આ પૂર્વમાં કહેલા પાંચ અતિચારો, भोजनमाश्रित्य=ભોજનને આશ્રયીને, त्यक्तव्याः=ત્યાગ કરવા યોગ્ય છે. पुनः=વળી, कर्मतः=કર્મથી, खरकर्मत्रिघ्नपञ्चकर्मादानानि=ખરકર્મરૂપ ત્રણથી ગુણિત પાંચ કર્માદાનો=૧૫ કર્માદાનો, तन्मलाः=તેના મલો, ત્યાગ કરવા યોગ્ય છે=ખરકર્મના ત્યાગરૂપ ભોગોપભોગ વ્રતના મલો ત્યાગ કરવા યોગ્ય છે. ।।૫૧।।**

**શ્લોકાર્થ :-**

**આ=પૂર્વમાં કહેલા પાંચ અતિચારો, ભોજનને આશ્રયીને ત્યાગ કરવા યોગ્ય છે. વળી ખરકર્મરૂપ ત્રણથી ગુણિત પાંચ કર્માદાનો=૧૫ કર્માદાનો, તેના મલો ત્યાગ કરવા યોગ્ય છે. ।।૫૧।।**

**ટીકા :-**

'अमी' उक्तस्वरूपाः पञ्चातिचारा 'भोजनमाश्रित्य' 'त्यक्तव्या' हेयाः, अथ कर्मतस्तानाह-तत्र भोगोपभोगसाधनं यद्द्रव्यं तदुपार्जनाय यत्कर्म=व्यापारस्तदपि भोगोपभोगशब्देनोच्यते, कारणे कार्योपचारात् इति, व्याख्यानान्तरं पूर्वमुक्तमेव ततश्च 'कर्मतः' कर्माश्रित्य भोगोपभोगोत्पादक-व्यापारमाश्रित्येत्यर्थः, 'पुनः' 'खरं' कठोरं यत् 'कर्म' कोट्टपालनगुप्तिपालनादिरूपं तत्त्याज्यम्, 'तन्मलाः' तस्मिन् खरकर्मत्यागलक्षणे भोगोपभोगव्रते मलाः=अतिचाराः त्रिघ्नाः=त्रिगुणिताः पञ्च

पञ्चदशेत्यर्थः कर्मादानानि-कर्मादानशब्दवाच्या भवन्तीतिशेषः, कर्मणां पापप्रकृतीनामादानानि कारणानीतिकृत्वा तेऽपि त्यक्तव्या इति पूर्वक्रियान्वयः ।।५१।।

**ટીકાર્થ :-**

**'अमी' ..... पूर्वक्रियान्वयः ।। આ=ઉક્ત સ્વરૂપવાળા પાંચ અતિચાર=શ્લોક - ૫૦માં કહેલ સ્વરૂપવાળા પાંચ અતિચારો, ભોજનને આશ્રયીને ત્યાજ્ય છે. હવે ક્રમથી તેઓને=ભોગોપભોગ વ્રતના અતિચારોને, કહે છે. ત્યાં=કર્મને આશ્રયીને ભોગોપભોગના અતિચારમાં, ભોગોપભોગનું સાધન જે દ્રવ્ય તેના ઉપાર્જન માટે જે કર્મ=વ્યાપાર, તે પણ ભોગોપભોગ શબ્દથી કહેવાય છે; કેમ કે કારણમાં=ભોગોપભોગના કારણરૂપ ધનઅર્જનની ક્રિયામાં, કાર્યનો ઉપચાર છે=ભોગોપભોગનો ઉપચાર છે. એ પ્રકારે વ્યાખ્યાનાંતર પૂર્વમાં=અવતરણિકામાં, કહેવાયું જ છે. તેથી કર્મને આશ્રયીને= ધનઅર્જન આદિ કૃત્યને આશ્રયીને=ભોગોપભોગ ઉત્પાદક વ્યાપારને આશ્રયીને વળી, ખર=કઠોર જે કર્મ=કોટ્ટપાલન, ગુપ્તિપાલનાદિરૂપ કર્મ, તે ત્યાજ્ય છે. તેમાં મલો=તે ખરકર્મ ત્યાગલક્ષણ ભોગોપભોગ વ્રતમાં મલો અર્થાત્ અતિચારો ત્રણથી ગુણિત પાંચ=૧૫ કર્માદાનો છે=કર્માદાન શબ્દ વાચ્ય છે. કર્મોનાં=પાપપ્રકૃતિઓનાં, આદાનો=કારણો છે. એથી કરીને કર્માદાનો છે એમ અન્વય છે. તે પણ=૧૫ કર્માદાનો પણ, ત્યાગ કરવાં જોઈએ. એ પ્રકારે પૂર્વક્રિયાની સાથે અન્વય છે=શ્લોકના પૂર્વાર્ધમાં રહેલા 'ત્યક્તવ્યા' શબ્દ સાથે અન્વય છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે ભોગોપભોગવ્રતના અતિચારોનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે, તે ઉપસંહાર વચન શ્લોકમાં આ પ્રમાણે છે. શ્લોક-૫૦માં કહેલા ભોજનને આશ્રયીને જે પાંચ અતિચારો છે તેનો ત્યાગ કરવો જોઈએ. આ કથનથી ભોગોપભોગના અતિચારોના ઉપસંહારની પ્રાપ્તિ થઈ. ત્યારપછી અવતરણિકામાં કહેલ કે ભોગોપભોગવ્રતનું લક્ષણાન્તર કહે છે. તે ભોગોપભોગનું સાધન એવું જે દ્રવ્ય તેના ઉપાર્જન માટે જે વ્યાપાર તે 'ભોગોપભોગ' શબ્દથી કહેવાય છે એમ જે ટીકામાં કહ્યું તે ભોગોપભોગવ્રતનું લક્ષણાન્તર છે; કેમ કે ભોજનની ક્રિયા સાક્ષાત્ ભોગ સ્વરૂપ છે. જ્યારે ધન-અર્જન આદિની ક્રિયા ભોગ સ્વરૂપ નથી. તોપણ ઉપચારથી તેને 'ભોગોપભોગ' શબ્દથી કહેવાય છે અને તે ક્રિયાને આશ્રયીને જે ભોગોપભોગ વ્રત છે તેના અતિચારો ૧૫ કર્માદાનો છે.

કેમ કર્માદાનો અતિચારો છે ? તેથી કર્માદાનોની વ્યુત્પત્તિથી અતિચારોને સ્પષ્ટ કરે છે –

"પાપપ્રકૃતિઓને બાંધવાનાં જે કારણો હોય તે કર્માદાન કહેવાય છે."

તેથી જેઓ ભોગવિલાસના પ્રયોજનથી ધન અર્જન અર્થે ૧૫ કર્માદાનમાંથી કોઈપણ કર્માદાનને સેવે છે. તેઓ પાપપ્રકૃતિઓ બાંધે છે. અને જેનાથી તે-તે કૃત્યોમાં થયેલ કઠોરતાના પરિણામને અનુરૂપ પોતાને અશાતાની પ્રાપ્તિ થશે તેવી પાપપ્રકૃતિઓ બાંધે છે.

વળી, ભોગોપભોગને આશ્રયીને ૧૫ કર્માદાનો છે. વાસ્તવિક રીતે તે વ્રતના ઉલ્લંઘન રૂપ જ છે; કેમ કે ભોગોપભોગના પરિમાણને કરનારા શ્રાવક સચિત્ત વસ્તુનો ત્યાગ કરીને પોતાનું દયાળુ ચિત્ત કરે છે. તેનો નાશ ૧૫ કર્માદાનના સેવનથી થાય છે. માટે ૧૫ કર્માદાનો વ્રતના ઉલ્લંઘનરૂપ છે. વળી, જે શ્રાવક સચિત્તનો ત્યાગ ન કરી શકે તે પણ શ્રાવક સચિત્તની સંખ્યાનું પરિમાણ કરીને કંઈક દયાળુ ચિત્ત પ્રાપ્ત કરે છે તેનો પણ નાશ કર્માદાનના સેવનથી થાય છે. જે શ્રાવક પોતાના દયાળુ સ્વભાવની વૃદ્ધિ અર્થે ભોગોપભોગ વ્રત ગ્રહણ કરે છે તે શ્રાવકને ભોગોપભોગ અર્થે ધનાર્જનાદિ કૃત્ય એવાં જ કરવાં જોઈએ કે જેમાં તેના દયાળુ સ્વભાવનો ભંગ ન થાય. આમ છતાં અવિચારકતાને કારણે, મૂઢતાને કારણે કે અતિ ધનના લોભને કારણે જે શ્રાવક ૧૫ કર્માદાનમાંથી જે કર્માદાન દ્વારા ધનપ્રાપ્તિ થાય તેમ જણાય તે પ્રકારનું કર્માદાન સેવે છે. તેનું દયાળુ ચિત્ત નાશ પામવાને કારણે ભોગોપભોગ વ્રતનું ઉલ્લંઘન થાય છે. છતાં ભોગોપભોગ વ્રત કરનાર શ્રાવક વિચારે કે મેં તો સચિત્તનો ત્યાગ કર્યો છે, ધનાર્જન અર્થે કર્માદાનોનો ત્યાગ કર્યો નથી, તેવી બુદ્ધિથી કર્માદાન સેવે છે, ત્યારે કંઈક વ્રતના રક્ષણનો પરિણામ છે. આથી જે સચિત્તનો પોતે ત્યાગ કર્યો છે તે સચિત્તને વાપરતો નથી. અને સચિત્તના ત્યાગથી નિષ્પાદ્ય દયાળુ ચિત્તનો નાશ કરીને પણ ધન-અર્જનમાં યત્ન કરે છે તેથી કર્માદાનનું સેવન કરનાર શ્રાવકથી ભોગોપભોગ વ્રતનું ઉલ્લંઘન થાય છે. માટે ૧૫ કર્માદાનોના સેવનને અતિચાર રૂપે કહેલ છે.

વસ્તુતઃ ભોગોપભોગપરિમાણવ્રત અર્થે જેમ સચિત્તનો ત્યાગ આવશ્યક છે કે સચિત્તની સંખ્યાનું નિયમન આવશ્યક છે તેમ કર્માદાનનો ત્યાગ પણ અર્થથી આવશ્યક છે. માટે સંપૂર્ણ ભોગોપભોગના પરિણામથી રહિત સુસાધુનું સ્મરણ કરીને તેવા સર્વવિરતિના પરિણામની શક્તિના સંચય અર્થે સ્વશક્તિ અનુસાર ભોગોપભોગ પરિમાણવ્રત ગ્રહણ કરવું જોઈએ અને તે ગ્રહણ કર્યા પછી ચિત્તના કઠોર ભાવની નિષ્પત્તિના કારણભૂત કર્માદાનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. જે પંદર કર્માદાનોનું સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળના બે શ્લોકથી બતાવશે. **॥૫૧॥**

**અવતરણિકા :-**

**अथ तान्येव नामतः श्लोकद्वयेनाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે તેને જ=૧૫ કર્માદાનોને જ, નામથી બે શ્લોક દ્વારા કહે છે –**

**શ્લોક :-**

**वृत्तयोऽङ्गारविपिनाऽनोभाटीस्फोटकर्मभिः ।**
**वाणिज्याका दन्तलाक्षारसकेशविषाश्रिताः ।।५२।।**
**यन्त्रपीडनकं निर्लाञ्छनं दानं दवस्य च ।**
**सरःशोषोऽसतीपोषश्चेति पञ्चदश त्यजेत् ।।५३।। युग्मम् ।।**

અન્વયાર્થ :-

अङ्गार=અંગાર કર્મ, विपिन=વનકર્મ, अनः=અનઃકર્મ=ગાડાં આદિ વાહનાદિ બનાવવાનું કર્મ, भाटी=ભાટીકર્મ=ભાડાથી વાહનાદિ ચલાવવાં, स्फोटकर्म=સ્ફોટન કર્મ=જમીનને ખોદવા વગેરેની ક્રિયા, ताभिः=તેનાથી, वृत्तयः=વૃત્તિઓ=આજીવિકા, दन्तलाक्षारसकेशविषाश्रिताः=દાંત-લાખ-રસ-કેશ-વિષ=ઝેરને આશ્રિત, वाणिज्याका=વ્યાપાર. ।।૫૨।।

यन्त्रपीडनकं=યંત્રપીડનકકર્મ, निर्लाञ्छनं च=અને નિર્લાંછનકર્મ, दवस्य दानं=દવનું દાન=અગ્નિનું દાન, सरः शोषो=સરોવરના પાણીનું શોષણ કરવું, च=અને, असतीपोषः=અસતીનું પોષણ, इति=એ પ્રમાણે, पञ्चदश=૧૫ કર્માદાનો, त्यजेत्=ત્યાગ કરે. ।।૫૩।।

શ્લોકાર્થ :-

**અંગારકર્મ, વનકર્મ, અનકર્મ=ગાડાં આદિ વાહનાદિ બનાવવાનું કર્મ, ભાટીકર્મ=ભાડાથી વાહનાદિ ચલાવવાં, સ્ફોટન કર્મથી=જમીન આદિ ખોદવાની ક્રિયાથી આજીવિકા, દન્ત-લાખ-રસ-કેશ-વિષથી આશ્રિત વ્યાપાર, યંત્રપીડનક, નિર્લાંછન, દવનું દાન=અગ્નિનું દાન, સરોવરનું શોષણ કરવું અને અસતીનું પોષણ એ પ્રમાણે ૧૫ કર્માદાનોનો ત્યાગ કરે. ।।૫૨-૫૩।।**

ટીકા :-

**कर्मशब्दः प्रत्येकं सम्बध्यते, अङ्गारकर्म, विपिनकर्म, अनःकर्म, भाटीकर्म, स्फोटकर्मेति, तैर्वृत्तयः-आजीविका अङ्गारकर्मादिवृत्तयः, तत्र कर्म-क्रिया करणमितियावत्, ततः काष्ठदाहेनाङ्गारनिष्पादनं अङ्गारकर्म तेनाजीविका-तद्विक्रयादिरूपा, तत्करणे हि षण्णां जीवनिकायानां विराधनासम्भवः, एवं ये येऽग्निविराधनारूपा आरम्भास्ते तेऽङ्गारकर्मण्यन्तर्भवन्ति, ते च भ्राष्ट्रकरणेष्टिकादिपाक-कुम्भकाराऽयस्कारस्वर्णकारकृत्यादयः, एत हि अङ्गारकर्मरूपास्तैर्जीवनमङ्गारकर्मवृत्तिरेवमग्रेऽपि भाव्यम् । यतो योगशास्त्रे –**

"अङ्गारभ्राष्ट्रकरणं, कुम्भायःस्वर्णकारिता ।
ठठारत्वेष्टिकापाकाविति ह्यङ्गारजीविका ।।१।।" [३/१०१]

**तत्र ठठारत्वं शुल्वनागवङ्गकांस्यपित्तलादीनां करणघटनादिना जीविका १ ।**

ટીકાર્થ :-

कर्मशब्दः ..... जीविका १। 'કર્મ' શબ્દ પ્રત્યેક સાથે સંબંધ કરાય છે.

તેથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે –

અંગાર કર્મ, વનકર્મ, અનઃકર્મ=યંત્ર બનાવવાનું કર્મ, ભાટીકર્મ=ભાડાથી વાહન ચલાવવાનું કર્મ,

**સ્ફોટકર્મ=જમીનને ફોડવાનું કર્મ તેઓથી=અંગારકર્માદિથી, વૃત્તિઓ=આજીવિકા, અંગારકર્માદિ વૃત્તિઓ છે. ત્યાં=અંગારકર્માદિમાં, કર્મ-ક્રિયા-કરણ એકાર્થવાચી શબ્દ છે. તેથી લાકડાને બાળવા દ્વારા અંગારાનું નિષ્પાદન અંગારકર્મ છે. તેનાથી આજીવિકા=તેના વિક્રયાદિરૂપ આજીવિકા, તેના કરણમાં=અંગારકર્મના કરણમાં, છ જીવનિકાયની વિરાધનાનો સંભવ છે. એ રીતે જે-જે અગ્નિ વિરાધનારૂપ આરંભો છે તે અંગારકર્મમાં અંતર્ભાવ થાય છે અને તે ભ્રાષ્ટકરણ=ભુંજવવાની ક્રિયા, ઈષ્ટકાદિપાક=ઈંટોને પકાવવી, કુંભાર-લોહાર-સોનારનાં કૃત્યાદિ. આ અંગારકર્મો રૂપ તેનાથી જીવન અંગારકર્મવૃત્તિ છે. એ રીતે આગળમાં પણ=વનકર્માદિમાં પણ, ભાવન કરવું. જે કારણથી 'યોગશાસ્ત્ર'માં કહેવાયું છે.**

"અંગારકરણ, ભ્રાષ્ટનું કરણ, કુંભ-લોહ-સુવર્ણની કારિતા, ઠઠારત્વ અને ઈંટનું પકાવવું એ અંગારજીવિકા છે." ॥૧॥ **(યોગશાસ્ત્ર ૩/૧૦૧)**

**ત્યાં=અંગારજીવિકામાં, ઠઠારત્વ શુલ્વ, નાગ, વંગ, કાંસું, પિત્તળ, આદિનું કરણ, ઘટન આદિ=ઘડવા આદિ દ્વારા, આજીવિકા. ૧।**

**ભાવાર્થ :-**

**(૧) અંગારકર્મ :-**

જે વેપારમાં અગ્નિકાયની વિરાધનાથી આજીવિકા થતી હોય તે સર્વ વેપાર 'અંગારકર્મ' કહેવાય છે. જોકે શ્રાવકે ત્રસની વિરાધનામાં સંકોચ કરવા અર્થે પહેલું અણુવ્રત લીધેલું છે છતાં સ્થાવર જીવો પ્રત્યે દયાળુ ચિત્ત રહે તે પ્રકારે ઉચિત પ્રયત્ન કરવાનો સંકલ્પ કરેલ છે. આથી જ ભોગોપભોગ વ્રતમાં પણ સચિત્તનો ત્યાગ કે સચિત્તની સંખ્યાનું પરિમાણ કરે છે. તેથી જે પ્રવૃત્તિઓમાં સાક્ષાત્ હિંસા થતી હોય તેવાં કૃત્યોમાં દયાળુ ચિત્ત ઘવાય છે. તેથી શ્રાવકે અગ્નિના આરંભો જે કૃત્યોમાં હોય તેવાં કૃત્યો કરીને આજીવિકા કરવી જોઈએ નહિ; કેમ કે અગ્નિકાયના જીવોની વિરાધનાની સાથે ત્રસાદિની વિરાધના થતી હોય છે.

અંગારકર્મ ચણા આદિને ભુંજવવાની ક્રિયા કરનાર, ઈંટને પકવવાની ક્રિયા કરનાર, ઘડા બનાવનાર કુંભાર ઘડાને ભઠ્ઠીમાં પકવે તે સર્વમાં પ્રાપ્ત થાય છે. વળી, લોહાર કે સોનાર દાગીના ઘડનાર પણ અગ્નિના બળથી તે-તે વસ્તુઓ ઘડવાની ક્રિયા કરે છે તેમાં અગ્નિકાયના જીવની વિરાધના અને અન્ય પ્રકારના જીવોની વિરાધના થાય છે. જેનું ચિત્ત ભગવાનના વચનથી ભાવિત છે તેને અગ્નિમાં જીવો જ દેખાય છે, આથી ગૃહકાર્યમાં પણ નિરર્થક અગ્નિકાયના જીવોની વિરાધના ન થાય તે પ્રકારે ઉચિત યત્ન કરે છે. તેથી શ્રાવકે આજીવિકા માટે અંગારકર્મનો ત્યાગ કરવો જોઈએ. **૧।**

**ટીકા :-**

**तथा 'विपिनं' वनं, तत्कर्मछिन्नाऽच्छिन्नवनपत्रपुष्पफलकन्दमूलतृणकाष्ठकम्बावंशादिविक्रयः कणदलपेषणं वनकच्छादिकरणं च, यतः –**

"छिन्नाच्छिन्नवनपत्रप्रसूनफलविक्रयः ।
कणानां दलनात्पेषाद्वृत्तिश्च वनजीविका ।।१।।" **[योगशास्त्रे ३/१०२] इति ।**

**अस्यां च वनस्पतेस्तदाश्रितत्रसादेश्च घातसम्भव इति दोषः २ ।**

**ટીકાર્થ :-**

**तथा ..... दोषः २ । અને વિપિન=વન, તેનું કર્મ=છિન્ન-અછિન્ન વન-પત્ર-પુષ્પ-ફલ, કંદમૂળ, તૃણ, કાષ્ઠ, કમ્બા=છાલ, વંશાદિનો વિક્રય=વેચવું, કણદલનું પેષણ=અનાજનું પીસવું, અને વનકચ્છાદિનું કરણ છે=વનમાં જલ સિંચનાદિનું કરણ છે. અર્થાત્ વનસ્થલી કરવાની ક્રિયા છે. જે કારણથી કહેવાયું છે –**

"છિન્ન-અછિન્ન વનનાં પત્રો, પ્રસૂન=ફણગા ફૂટેલાં, ફલ તેનો વિક્રય કણોના દલનથી=ફાડિયાં કરવાથી, અને અનાજના કણોને પીસવાથી વૃત્તિ=આજીવિકા, તે વનજીવિકા છે." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૧૦૨)**

**અને આમાં=વનજીવિકામાં, વનસ્પતિના જીવોના અને વનસ્પતિને આશ્રિત ત્રસાદિ જીવોના ઘાતનો સંભવ છે એથી દોષ છે. ૨।**

**ભાવાર્થ :-**

**(૨) વિપિન કર્મ :-**

શ્રાવક જેમ અગ્નિકાયની વિરાધનાથી આજીવિકા થાય તેવા વ્યાપારોનો ત્યાગ કરે છે તેમ વનસ્પતિના જીવોની વિરાધના થાય તેવા વ્યાપારોનો ત્યાગ કરે છે. તેથી સ્વયં વનસ્પતિનું છેદન કરે નહીં કે કોઈના દ્વારા છેદન કરાયેલી વનસ્પતિ હોય તેવી વનસ્પતિને વેચીને આજીવિકા કરે નહિ; કેમ કે તે પ્રકારની પ્રવૃત્તિમાં વનસ્પતિકાયના જીવોની વિરાધના થાય છે. અને વનસ્પતિને આશ્રિત ત્રસાદિ જીવોની પણ વિરાધના થાય છે. વળી, અનાજને દળવું, પીસવું વગેરેમાં પણ અનાજના જીવોની વિરાધના થાય છે. તેથી તેવાં કૃત્યોથી આજીવિકા કરે નહિ. વળી, વનસ્પતિની વૃદ્ધિ અર્થે જલસિંચનાદિ કરીને તેના દ્વારા પણ આજીવિકા કરે નહિ. આથી જ દયાળુ શ્રાવક પોતાના ઘરનાં કૃત્યોમાં પણ નિરર્થક વનસ્પતિ આદિ જીવોની હિંસા ન થાય અને વનસ્પતિના જીવોને આશ્રિત ત્રસાદિ જીવોની હિંસા ન થાય તે પ્રકારે ઉચિત યતના કરે છે અને ભોજનને આશ્રયીને હિંસાના પરિહાર અર્થે સચિત્તનો ત્યાગ કરનાર શ્રાવક ધનઅર્જનાદિ અર્થે વનસ્પતિકાય અને વનસ્પતિના જીવોને આશ્રિત અન્ય જીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ કરે નહીં અને કોઈક સંયોગથી એવાં કૃત્યો કરે તો શ્રાવકને કર્માદાનની પ્રાપ્તિ થાય. **૨।**

**ટીકા :-**

**'अनः' शकटं तत्कर्म च शकटशकटाङ्गघटनखेटनविक्रयादि । यदाह –**

"शकटानां तदङ्गानां, घटनं खेटनं तथा ।
विक्रयश्चेति शकटजीविका परिकीर्त्तिता ।।१।।" **[योगशास्त्रे ३/१०३]**

**तत्र शकटानामिति चतुष्पदवाह्यानां वाहनानाम्, तदङ्गानां चक्रादीनाम्, घटनं स्वयं परेण वा निष्पादनम्, खेटनं वाहनं च शकटानामेव सम्भवति, स्वयं परेण वा, विक्रयश्च शकटादीनां तदङ्गानां च, इदं कर्मापि सकलभूतोपमर्दजननम्, गवादीनां च वधबन्धादिहेतुः ३ ।**

**ટીકાર્થ :-**

**'अनः' ..... वधबन्धादिहेतुः ३ ।। 'अनः' શબ્દ શકટ અર્થમાં છે અર્થાત્ ગાડાના અર્થમાં છે. અને તેનું કર્મ=ગાડાને બનાવવું, ગાડાનાં અંગોને બનાવવાં, ગાડાને ચલાવવું અને ગાડાને વેચવું તે સર્વ શકટકર્મ છે, જેને કહે છે –**

"ગાડાને ઘડવું, ગાડાનાં અંગોને ઘડવાં, ગાડાને ચલાવવું અને ગાડાંઓનું વેચાણ કરવું" તે શકટજીવિકા કહેવાય છે." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૧૦૩)**

**ત્યાં=શકટજીવિકામાં, ગાડાંઓના=ચતુષ્પદથી વાહ્ય એવાં વાહનોના અને તેનાં અંગો ચક્રાદિનું ઘડવું=સ્વયં કે પર દ્વારા નિષ્પાદન કરવું, ખેડવું=ચલાવવું અને વહન કરવું શકટોનું જ સંભવ છે. સ્વયં કે પરદ્વારા ગાડાંઓનું વેચવું કે બીજા પાસે વેચાવવું અને તેનાં અંગોનું સ્વયં વેચવું કે બીજા પાસે વેચાવવું આ કર્મ પણ બધા જીવોના ઉપમર્દનનું કારણ છે અને ગાય વગેરેને વધ-બંધાદિનો હેતુ છે. ૩।**

**ભાવાર્થ :-**

**(૩) અનકર્મ=સાટીકર્મ :-**

ગાડાં વગેરે બનાવવાં, તેનાં અંગો બનાવવાં, તેને સ્વયં વેચવું, બીજા પાસે વેચાવવું તે સર્વમાં સાક્ષાત્ બીજા જીવોને પીડા હોવાથી શ્રાવકે તેવાં કાર્ય કરવાં જોઈએ નહિ; કેમ કે ગાડાં વગેરે ચલાવવાથી ગમનાદિમાં ત્રસાદિ જીવોની હિંસા થાય છે અને તેમાં વપરાતાં પશુઓને વધ-બંધાદિની પ્રાપ્તિ થાય છે. તે સર્વ પ્રવૃત્તિમાં ગાડાં બનાવનાર અને વેચનાર સાક્ષાત્ સંબંધવાળા થાય છે. તેથી તેવાં કૃત્યો દયાળુ શ્રાવકે કરવાં જોઈએ નહિ. અને વર્તમાનમાં જે યાંત્રિક સાધનો ચાલતાં હોય તેમાં પણ તે વાહનાદિના ગમનાદિમાં સાક્ષાત્ જીવોની હિંસા થતી હોય છે તેથી તેવાં સાધનો બનાવવાં કે તેવાં સાધનો ચલાવવામાં પણ તે પ્રકારના હિંસાદિ દોષોની પ્રાપ્તિ છે. માટે દયાળુ શ્રાવક સ્વયં વાહનાદિમાં ગમન કરે તોપણ તેવા આરંભ-સમારંભનાં કૃત્યો જેમાં ઘણાં હોય તેવાં સાધનો શ્રાવક બનાવે કે વેચે નહિ; કેમ કે તે સર્વ કૃત્યોમાં શ્રાવકનું દયાળુ ચિત્ત ઘવાય છે.

સામાન્યથી વિવેકસંપન્ન શ્રાવક ગૃહકાર્યમાં સ્થાવરજીવોની પણ શક્ય એટલી જયણા કરવા પ્રયત્ન કરે છે. ત્રસજીવોની હિંસા ન થાય તેવો ઉચિત યત્ન કરે છે. છતાં વાહનાદિના ગમનકાળમાં તે પ્રકારની યતના સંભવતી નથી તેથી શક્તિ અનુસાર તેવાં ગમનાદિનાં કૃત્યો શ્રાવક સ્વયં પરિમિત કરે છે. જેથી તેનો દયાનો પરિણામ સદા ચિત્તમાં વર્તે છે. જો તેવો શ્રાવક યંત્રો ચલાવવાં વગેરે કાર્યો આજીવિકા માટે કરે તો તેનાથી

થનારી હિંસા પ્રત્યે ઉપેક્ષાનો ભાવ થાય છે. તેથી શ્રાવકનું ચિત્ત કઠોર બને છે. માટે શ્રાવકે પોતાની આજીવિકા અર્થે તેવા આરંભ-સમારંભનાં કૃત્યો કરવાં જોઈએ નહિ. **૩।**

**ટીકા :-**

**'भाटीकर्म' शकटवृषभकरभमहिषखरवेसराऽश्वादेर्भाटकनिमित्तं भारवाहनं यतः—**

"शकटोक्षलुलायोष्ट्रखराऽश्वतरवाजिनाम् ।
भारस्य वाहनाद्वृत्तिर्भवेद् भाटकजीविका ।।१।।" **[योगशास्त्रे ३/१०४]**

**अत्रापि शकटकर्मोक्तो यो दोषः स संभवत्येव ४ ।**

**ટીકાર્થ :-**

**'भाटीकर्म' ..... संभवत्येव ४। 'ભાટીકર્મ' પ્રતીક છે. ગાડા દ્વારા બળદ, ઊંટ, પાડા, ગધેડા, ખચ્ચર, અશ્વ વગેરેનું ભાડા નિમિત્તે ભારવાહન ભાટીકર્મ છે. જે કારણથી કહેવાયું છે –**

"ગાડાના બળદો, ગાડાના પાડાઓ, ઊંટગાડી, ગધેડા, ખચ્ચર, ઘોડાઓના ભારના વહનથી વૃત્તિ ભાટકજીવિકા થાય છે." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૧૦૪)**

**અહીં પણ=ભાટીકર્મમાં પણ, શકટકર્મમાં કહેવાયેલા જે દોષો છે તે સંભવે જ છે. ૪।**

**ભાવાર્થ :-**

**(૪) ભાટીકર્મ :-**

જેઓ બળદ આદિ દ્વારા વાહનો ચલાવે છે અને તેના દ્વારા આજીવિકા કરે છે. તેઓને તે ગમનાદિ ક્રિયામાં બધા જીવોની હિંસા થવાનો સંભવ છે. પશુ આદિને વધ-બંધાદિની પીડાનો સંભવ છે. વળી ધન-અર્જન અર્થે પશુઓને અનેક પ્રકારની પીડા કરીને પોતાની આજીવિકા કરવી તે પ્રકારના કૃત્યમાં શ્રાવકનું દયાળુ ચિત્ત ઘવાય છે. માટે જેમાં સાક્ષાત્ પશુ આદિને પીડા થવાનો સંભવ હોય અને જે વાહન ચલાવવામાં આરંભ-સમારંભ થવાનો સંભવ હોય તેવાં વાહનો ચલાવીને આજીવિકા કરવી શ્રાવક માટે ઉચિત નથી. **૪।**

**ટીકા :-**

**'स्फोटः' पृथिव्या विदारणं तत्कर्म स्फोटकर्म, कूपाद्यर्थं भूखननहलखेटनपाषाणखननादि, यतः-**

"सरःकूपादिखननं, शिलाकुट्टनकर्मभिः ।
पृथिव्यारम्भसम्भूतैर्जीवनं स्फोटजीविका ।।१।।" **[योगशास्त्रे ३/१०५]**

**अनेन च पृथिव्या वनस्पतित्रसादिजन्तूनां च घातो भवतीति दोषः स्पष्ट एव, प्रतिक्रमणसूत्रवृत्तौ तु कणानां दलनपेषणादि स्फोटकर्मत्वेन प्रतिपादितमिति ।**

**ટીકાર્થ :-**

'स्फोटः' ..... प्रतिपादितमिति । **સ્ફોટ=પૃથ્વીનું વિદારણ તેનું કર્મ=સ્ફોટ કર્મ, કૂવાદિ માટે જમીનનું ખોદવું, હળથી ખેડવું અને પથ્થર આદિને ખોદવા એ સ્ફોટકર્મ છે. જે કારણથી કહેવાયું છે –**

"શિલાના કુટ્ટનકર્મ વડે સરોવર-કૂવાદિનું ખનન, પૃથ્વીના આરંભથી સંભૂત=યુક્ત, એવી પ્રવૃત્તિથી જીવવું તે સ્ફોટજીવિકા છે." ।।૧।। **(યોગશાસ્ત્ર-૩/૧૦૫)**

**અને આના દ્વારા=સ્ફોટજીવિકા દ્વારા, પૃથ્વીનો, વનસ્પતિ અને ત્રસાદિ જીવોનો ઘાત થાય છે, એથી હિંસારૂપ દોષ સ્પષ્ટ જ છે. વળી, પ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં કણોનું દલન-પેષણાદિ સ્ફોટકર્મપણારૂપે પ્રતિપાદન કરાયું છે.**

**ભાવાર્થ :-**

**(૫) સ્ફોટકર્મ :-**

કૂવા વગેરે ખોદાવવા અર્થે જમીનને તોડવામાં આવે તે વખતે પૃથ્વીકાયના, જમીનમાં વર્તતા ત્રસજીવો કે અન્ય પણ વનસ્પતિ આદિ સ્થાવર જીવોની હિંસા થાય છે. તેથી ભૂમિને ખોદીને કે જમીનને ખેડીને કે ખાણમાંથી પથ્થરાદિને કાઢીને તેના દ્વારા શ્રાવકે આજીવિકા કરવી જોઈએ નહીં. તેવાં કૃત્યો કરવાથી કર્માદાનની પ્રાપ્તિ છે. જે શ્રાવક ભોગપભોગની પ્રવૃત્તિમાં હિંસાને પરિમિત કરવા અર્થે સચિત્તનો ત્યાગ કરે છે કે સચિત્તની સંખ્યાનું નિયમન કરે છે તેવો શ્રાવક જે આજીવિકાની પ્રવૃત્તિમાં ત્રસ અને સ્થાવરજીવોની હિંસા હોય તેવાં કૃત્યો કરે તો સ્થાવર જીવો કે ત્રસજીવો પ્રત્યેનો દયાળુ ભાવ નાશ પામે છે. માટે ભોગપભોગ વ્રતનો સંકોચ કરીને સર્વવિરતિની શક્તિના સંચય અર્થે શ્રાવકે પૃથ્વી આદિના ફોડવાનાં કૃત્યો હોય તેવી પ્રવૃત્તિ દ્વારા આજીવિકા કરવી ઉચિત નથી. **૫।**

**ટીકા :-**

**अथोत्तरार्द्धेन पञ्च वाणिज्यान्याह 'वणिज्याका' इत्यादि, अत्राश्रिताशब्दः प्रत्येकं योज्यस्ततो दन्ताश्रिता-दन्त विषया वणिज्याका=वाणिज्यं दन्तक्रयविक्रय इत्यर्थः एवं लाक्षावणिज्या-रसवणिज्या-केशवणिज्या-विषवणिज्यास्वपि ।**

**तत्र दन्ता हस्तिनाम्, तेषामुपलक्षणत्वादन्येषामपि त्रसजीवावयवानां घूकादिनखहंसादिरोमचर्म-चमरशृङ्गशङ्खशुक्तिकपर्दकस्तूरीपोहीसकादीनाम्, वणिज्या चात्राकरे ग्रहणरूपा द्रष्टव्या, यत्पूर्वमेव पुलिन्दानां मूल्यं ददाति, 'दन्तादीन् मे यूयं ददत' इति, ततस्ते हस्त्यादीन् घ्नन्त्यचिरादसौ वाणिजक एष्यतीति पूर्वानीतांस्तु क्रीणातीति, त्रसहिंसा स्पष्टैवास्मिन् वाणिज्ये, अनाकरे तु दन्तादीनां ग्रहणे विक्रये च न दोषः । यदाहुः –**

"दन्तकेशनखाऽस्थित्वग्रोम्णो ग्रहणमाकरे ।
त्रसाङ्गस्य वणिज्यार्थं, दन्तवाणिज्यमुच्यते ।।१।।" **[योगशास्त्रे-३/१०६] ६ ।**

**लाक्षा जतुः, अत्रापि लाक्षाग्रहणमन्येषां सावद्यानां मनःशिलादीनामुपलक्षणम्, तदाश्रिता वणिज्या लाक्षावाणिज्यम्, लाक्षाधातकीनीलीमनःशिलावज्रलेपतुबरिकापट्टवासटंकणसाबूक्षारादि-विक्रयः । यतः-**

"लाक्षा-मनःशिला-नीली-धातकी-टङ्कणादिनः ।
विक्रयः पापसदनं, लाक्षावाणिज्यमुच्यते ।।१।।" **[योगशास्त्रे-३/१०७]**

**अस्मिंश्च लाक्षाया बहुत्रसाकुलत्वात्तद्रसस्य च रुधिरभ्रमकारित्वात्, धातकीत्वक्पुष्पयोर्मद्याङ्गत्वात् तत्कल्कस्य च कृमिहेतुत्वात्, गुलिकाया अनेकजन्तुघाताविनाभावित्वात्, मनःशिलावज्रलेपयोः सम्पातिमबाह्यजन्तुघातकत्वात्, तुबरिकायाः पृथिवीत्वादिना पटवासस्य त्रसाकुलत्वात्, टङ्कणक्षार-साबूक्षारादेर्बाह्यजीवविनाशनिमित्तत्वाच्च महानेव दोषः ७ ।**

**रसवणिज्या-मधुमद्यमांसम्रक्षणवसामज्जादुग्धदधिघृततैलादिविक्रयः, दोषास्तु नवनीते जन्तुमूर्छनम्, वसाक्षौद्रयोर्जन्तुघातोद्भवत्वम्, मद्यस्योन्मादजननत्वम्, तद्गतकृमिविघातश्च, दुग्धादौ सम्पातिम-जन्तुविराधना, दिनद्वयातीते दध्नि जन्तुसम्मूर्छनाऽपि ८ ।**

**केशशब्दः केशवदुपलक्षकः, ततो दासादिनृणां गवाश्वादितिरश्चां च केशवतां विक्रयः केशवणिज्या । यतः-**

"नवनीतवसाक्षौद्रमद्यप्रभृतिविक्रयः ।
द्विपाच्चतुष्पाद्विक्रयो वाणिज्यं रसकेशयोः ।।१।।" **[योगशास्त्रे-३/१०८]**

**अजीवानां तु केशादिजीवाङ्गानां विक्रयो दन्तवाणिज्यमिति विवेकः द्विपाच्चतुष्पाद्विक्रये तु तेषां पारवश्यं वधबन्धादयः क्षुत्पिपासा पीडा चेति दोषाः ९ ।**

**विषं-शृङ्गादि, तच्चोपलक्षणं जीवघातहेतूनामस्त्रादीनाम् ततो विषशस्त्रकुशीकुद्दालादिलोहहलादि-विक्रयो विषवणिज्या अस्मिंश्च शृङ्गकवत्सनागादेर्हरितालसोमलक्षारादेश्च विषस्य, शस्त्रादीनां च जीवितघ्नत्वं प्रतीतमेव दृश्यन्ते च जलार्द्रहरितालेन सहसैव विपद्यमाना मक्षिकादयः, सोमलक्षारादिना तु भक्षितेन बालादयोऽपि, विषादिवाणिज्यं च परेऽपि निषेधयन्ति, यतः-**

"कन्याविक्रयिणश्चैव, रसविक्रयिणस्तथा ।
विषविक्रयिणश्चैव, नरा नरकगामिनः ।।१।।" **इति ।**

**अरघट्टादियन्त्रविक्रयोऽपि योगशास्त्रे विषवाणिज्यतयोक्तो, यतः-**

"विषाऽस्त्रहलयन्त्राऽयोहरितालादिवस्तुनः ।
विक्रयो जीवितघ्नस्य, विषवाणिज्यमुच्यते ।।१।।" **[योगशास्त्रे-३/१०९] इति ।**

**ग्रन्थान्तरे तु यन्त्रपीडनकर्मण्येवेति १० ।**

**'यन्त्रपीडनकर्म' शिलोदूखलमुशलघरट्टाऽरघट्टकङ्कतादिविक्रयस्तिलेक्षुसर्षपैरण्डफलातस्यादिपीडन-दलतैलविधानं जलयन्त्रवाहनादि वा । यतः –**

"तिलेक्षुसर्षपैरण्डजलयन्त्रादिपीडनम् ।
दलतैलस्य च कृतिर्यन्त्रपीडा प्रकीर्त्तिता ।।१।।" **[योगशास्त्रे-३/११०]**

**अत्र यन्त्रशब्दः प्रत्येकं सम्बध्यते, तत्र तिलयन्त्रं तिलपीडनोपकरणम्, इक्षुयन्त्रं कोल्हुकादि, सर्षपैरण्डयन्त्रे तत्पीडनोपकरणे, जलयन्त्रमरघट्टादि, दलतिलं यत्र दलं तिलादि दीयते तैलं च प्रतिगृह्यते तद्दलतैलम्, तस्य कृतिर्विधानम्, अत्र दोषस्तु तिलादिक्षोदात्तद्गतत्रसजीववधाच्च । लौकिका अप्याहुः –**

"दशशूनासमं चक्रम्" **[मनुस्मृति ४/८५] इति ११ ।**

**नितरां लाञ्छनम्=अङ्गावयवच्छेदस्तेन कर्म=जीविका निर्लाञ्छनकर्म गवादिकर्णकम्बलशृङ्ग-पृच्छच्छेदनासावेधाऽङ्कनषण्डनत्वग्दाहादिउष्ट्रपृष्ठगालनादि च, यतः–**

"नासावेधोऽङ्कनं पुच्छ(मुष्क)च्छेदनं पृष्ठगालनम् ।
गोकर्णकम्बलच्छेदो, निर्लाञ्छनमुदीरितम् ।।१।।" **[योगशास्त्रे-३/१११]**

**तत्राङ्कनं=गवाऽश्वादीनां चिह्नकरणम्, मुष्कः=अण्डस्तस्य छेदनं=वर्द्धितकीकरणम्, अस्मिन् जीवबाधा व्यक्तैव १२ ।**

**दवस्य-दवाग्नेर्दानं=वितरणं दवदानम्, गहनदाहे सति भिल्लादयः सुखेन चरन्ति, जीर्णतृणदाहे वा नवतृणाङ्कुरोद्भेदाद् गवादयश्चरन्ति, यद्वा दग्धे क्षेत्रे सस्यसम्पत्तिवृद्धिः स्यादित्यादिबुद्ध्या कौतुकाद्वा, यद्वा मम श्रेयोऽर्थं मरणकाले इयन्तो धर्मदीपोत्सवाः करणीया इति पुण्यबुद्ध्या-ऽरण्येऽग्निप्रज्वालनं, यतः–**

"व्यसनात्पुण्यबुद्ध्या वा, दवदानं भवेत् द्विधा" **[योगशास्त्रे-३/११३] इति ।**

**तत्र व्यसनात्-फलनिरपेक्षतात्पर्यात्, तथा च वनेचरा एवमेवाग्निं ज्वालयन्ति, पुण्यबुद्ध्या वा तच्चोक्तरीत्याऽवसेयम्, अत्र च दोषो जीवकोटीनां वधरूपः स्पष्ट एव १३ ।**

**सरसः शोषः सरःशोषः-धान्यादिवपनार्थं सारणीकर्षणम्, सरोग्रहणं जलाशयान्तराणामुपलक्षणम्, तेन सिन्धु-द्रह-तडागादिपरिग्रहः, यतः—**

"सरःशोषः सरः-सिन्धु-ह्रदादेरम्बुसम्प्लवः" **[योगशास्त्रे-३/११३]**

**तत्रा-ऽखातं सरः, खातं तु तडागमित्यनयोर्भेदः, इह हि जलस्य तद्गतानां त्रसानां तत्प्लावितानां च षण्णां जीवनिकायानां वध इति दोषः १४ ।**

**असत्योदुःशीलास्तासां पोषणम्, लिङ्गमतन्त्रम्, शुकादीनां पुंसामपि पोषणमसतीपोषः, शुक-सारिकामयूरमार्जारमर्कटकुर्कुटकुर्कुरशूकरादितिरश्चां पोषणम्, तथा भाटीग्रहणार्थं दास्याः पोषः, गोल्लदेशे प्रसिद्धोऽयं व्यवहारः, एषां च दुःशीलानां पोषणं पापहेतुरेवेति दोषः १५ ।**

**इति पञ्चदशसङ्ख्यानि प्रस्तावात् कर्मादानानि अतिचाररूपत्वात् 'त्यजेत्' जह्यात्, श्रावक इति शेषः, इत्युक्तानि पञ्चदश कर्मादानानि, दिग्मात्रं चेदमेवंजातीयानां बहूनां सावद्यकर्मणाम्, न पुनः परिगणनमिति, इह चैवं विंशतिसङ्ख्यातिचाराभिधानमन्यत्रापि पञ्चातिचारसङ्ख्यया तज्जातीयानां व्रतपरिणामकालुष्यनिबन्धनविधीनां संग्रह इति ज्ञापनार्थम्, तेन स्मृत्यन्तर्द्धानादयो यथासम्भवं सर्वव्रतेष्वतिचारा द्रष्टव्याः, अत एव चात्र व्रते रात्रिभोजनमद्यादिनिवृत्तिष्वप्यतिचाराः पूर्वं भाविताः तथा चोक्तमुपासकदशाङ्गवृत्तौ** "य एते प्रतिव्रतं पञ्च पञ्चातिचारास्ते उपलक्षणमतिचारान्तराणामवसेयम्, नत्ववधारणम्, यदाहुः पूज्याः—

"पञ्चपञ्चातिचारा उ, सुत्तंमि जे पदंसिआ ।
ते नावहारणट्ठाए, किन्तु ते उवलक्खणं ।।१।।" **[उपासकदशाङ्गे अ. १/सू. ७ प. ६-ए ] ति ।**

**इदं चेह तत्त्वम् — यत्र व्रतविषयेऽनाभोगादिनाऽतिक्रमादिपदत्रयेण वा स्वबुद्धिकल्पनया वा व्रतसापेक्षतया व्रतविषयं परिहरतः[या]प्रवृत्तिः साऽतिचारः, विपरीततायां तु भङ्गः, इत्येवं सङ्कीर्णातिचारपदगमनिका कार्येति ।**

"नन्वङ्गारकर्मादयः कथं खरकर्मण्यतिचाराः ? खरकर्मरूपा ह्येते सत्यम्, खरकर्मरूपा एवैते, किन्त्वनाभोगादिना क्रियमाणाः खरकर्मवर्जनव्रतवतामतिचाराः स्युः, उपेत्य क्रियमाणास्तु भङ्गा एवेति ।" **[तुला-पञ्चाशकटीका १/२२, प. २१-ए । योगशास्त्रटीका ३/११३ प. ५५३] पञ्चाशकयोगशास्त्रवृत्त्योः ।।५२-५३।।**

**ટીકાર્થ :-**

**अथोत्तरार्द्धेन ..... पञ्चाशकयोगशास्त्रवृत्त्योः ।। હવે ઉત્તરાર્ધથી=શ્લોકના ઉત્તરાર્ધથી, પાંચ વાણિજ્યને કહે છે – પાંચ વાણિજ્ય કર્માદાનને કહે છે. 'वणिज्याका इत्यादि' પ્રતીક છે.**

અહીં 'આશ્રિત' શબ્દ પ્રત્યેકની સાથે યોજન કરવો. તેથી દંતઆશ્રિત=દંત વિષયવાળા વાણિજ્ય કર્મ દંત ક્રય-વિક્રય છે. એ રીતે લાક્ષવાણિજ્ય-રસવાણિજ્ય-કેશવાણિજ્ય-વિષવાણિજ્યમાં પણ યોજન કરવું.

૬. દંત વાણિજ્ય :- ત્યાં=પાંચ વાણિજ્યકર્મોમાં, દાંત હાથીઓના છે. તેઓનું ઉપલક્ષણપણું હોવાથી અન્ય પણ ત્રસ જીવોના અવયવોનું=ઘુવડ આદિના નખ, હંસ આદિના રોમ, ચર્મ, ચમર=ચમરી ગાયના વાળ, શિંગડાં, શંખ, શુક્તિ, કપર્દ=કોડી, કસ્તૂરી, પોહીસકાદિનું ઉપલક્ષણ છે. અને વાણિજ્ય અહીં આકરમાં=ખાણમાં, ગ્રહણરૂપ જાણવું. જે પૂર્વમાં જ ભીલ આદિને મૂલ્ય આપે છે અને 'દાંતાદિ તમે મને આપજો.' એ વાણિજ્ય કર્મ છે. તેનાથી=આકરમાં ગ્રહણ કરવાથી, તેઓ=ભીલો, હાથી આદિનો શીઘ્ર નાશ કરે છે. વળી, આ વાણિજક=વાણિયો, ગ્રહણ કરવા આવશે=આપણા હાથીદાંતો ગ્રહણ કરવા આવશે. એથી પૂર્વમાં લાવેલા હાથીદાંતો વાણિયો ખરીદે છે. એથી ત્રસહિંસા આ વાણિજ્યકર્મમાં સ્પષ્ટ છે. વળી અનાકરમાં=ઉત્પત્તિસ્થાનને છોડીને અન્ય સ્થાનમાં, દાંત આદિના ગ્રહણ અને વિક્રયમાં દોષ નથી=કર્માદાનનો દોષ નથી. જે કારણથી કહેવાયું છે –

"ત્રસનાં અંગ એવા દાંત-કેશ-નખ-હાડકાં-ચામડી-રોમનું આકરમાં વાણિજ્ય માટે ગ્રહણ દન્તવાણિજ્ય કહેવાય છે." ॥૧॥ **(યોગશાસ્ત્ર-૩/૧૦૬)**

૭. લાક્ષાવાણિજ્ય :- લાખ=જતુ, અહીં પણ=લાક્ષાવાણિજ્યમાં પણ, લાક્ષાનું ગ્રહણ અન્ય સાવદ્ય મનઃશીલાદિનું ઉપલક્ષણ છે. તેને આશ્રિત=લાક્ષાદિને આશ્રિત, વાણિજ્ય લાક્ષાવાણિજ્ય છે. લાક્ષા-ધાતકી-નીલી=ગળી, મનઃશિલા-વજ્રલેપ-તુંબરિકા-પટ્ટવાસ-ટંકણખાર, સાબુ, ક્ષાર આદિનો વિક્રય. જે કારણથી કહેવાયું છે –

"લાક્ષા-મનઃશિલા-નીલી=ગળી, ધાતકી-ટંકણખાર આદિનો વિક્રય પાપનું ઘર 'લાક્ષાવાણિજ્ય' કહેવાય છે." ॥૧॥ **(યોગશાસ્ત્ર-૩/૧૦૭)**

અને આ લાક્ષામાં ઘણા ત્રસજીવોનું આકુલપણું હોવાથી અને તેના રસનું રુધિરના ભ્રમનું કારીપણું હોવાથી, મહાન દોષ છે એમ અન્વય છે. ધાતકીત્વક્પુષ્પનું મદ્યાંગપણું હોવાથી અને તેના કલ્કનું કૃમિનું હેતુપણું હોવાથી મહાન દોષ છે. ગુલિકાનું=ગળીનું, અનેક જીવોના ઘાતની સાથે અવિનાભાવીપણું હોવાથી મહાન દોષ છે. મનઃશીલ અને વજ્રલેપનું સંપાતિમ બાહ્યજીવોનું ઘાતકપણું હોવાથી મહાન દોષ છે. તુંબરિકાનું પૃથ્વીત્વ આદિથી, પટવાસનું ત્રસાકુલપણું હોવાથી મહાન દોષ છે. ટંકણખાર-સાબુ-ક્ષારાદિનું બાહ્ય જીવોના વિનાશનું નિમિત્તપણું હોવાથી મહાન જ દોષ છે.

૮. રસવાણિજ્ય :- રસવાણિજ્ય મધ-મદ્ય-માંસ-માખણ-ચરબી-મજ્જા-દૂધ-દહીં-ઘી-તેલ આદિનો વિક્રય છે. વળી માખણમાં દોષો જીવોની ઉત્પત્તિ છે. વસા અને ક્ષૌદ્રનું=મધનું, જીવોના ઘાતથી ઉદ્ભવપણું છે. મદ્યનું ઉન્માદજનકપણું છે અને તદ્ગત=મદ્યગત, કૃમિના જીવોનો વિઘાત છે. દૂધ આદિમાં સંપાતિમજીવોની વિરાધના છે. બે દિવસના અતીત દહીંમાં સંમૂર્ચ્છન જીવોની વિરાધના છે.

૯. કેશ વાણિજ્ય :- કેશ શબ્દ કેશવાળી વસ્તુનું ઉપલક્ષક છે. તેથી દાસાદિ મનુષ્ય અને ગાય-ઘોડા આદિ કેશવાળા તિર્યંચોનો વિક્રય કેશવાણિજ્ય છે. જે કારણથી કહેવાયું છે –

"માખણ-વસા-ક્ષૌદ્ર-મદ્ય વગેરેનો વિક્રય, બે પગવાળા અને ચાર પગવાળાનો વિક્રય રસ-કેશનું વાણિજ્ય છે." ॥૧॥ (યોગશાસ્ત્ર-૩/૧૦૮)

વળી, અજીવ એવા કેશાદિ-રૂપ જીવોના અંગોનો વિક્રય દંતવાણિજ્ય છે. એ પ્રમાણે વિવેક છે=ભેદ છે.

(તેથી જેમ દંતવાણિજ્ય, ઉત્પત્તિસ્થાનમાંથી દાંત આદિના લેવાથી હિંસાનો દોષ હોવાથી કર્માદાન છે તેમ ઘેટા આદિના રોમ જ લોકો કાઢતા હોય તેઓ પાસેથી તેની ખરીદી કરવામાં દંતવાણિજ્યરૂપ કર્માદાનની પ્રાપ્તિ થાય પરંતુ બજારમાંથી કેશ ગ્રહણ કરીને વેપાર કરનારને કર્માદાનની પ્રાપ્તિ થતી નથી) વળી દ્વિપદ-ચતુષ્પદ આદિના વિક્રયમાં તેઓનું પરવશપણું, વધ-બંધાદિ અને ક્ષુધા-પિપાસાની પીડા એ પ્રમાણે દોષો છે.

૧૦. વિષ વાણિજ્ય :- વિષ શૃંગાદિ છે અને તે=વિષ, જીવઘાતના હેતુ એવા અસ્ત્રાદિનું ઉપલક્ષણ છે. તેથી વિષ-શસ્ત્ર-કુશી-કુહાડા આદિ - લોહહલાદિનો વિક્રય વિષ વાણિજ્ય છે. અને આમાં=વિષ વાણિજ્યમાં, શૃંગક-વત્સનાગાદિ-હરિતાલ-સોમલ ક્ષારાદિ વિષનું જીવિતનું નાશ કરવાપણું પ્રતીત જ છે. અને શસ્ત્રાદિનું જીવિતનું નાશ કરવાપણું પ્રતીત જ છે. અને જલથી આર્દ્ર એવા હરિતાલથી સહસા જ માખી આદિ મરતી દેખાય છે. વળી, ભક્ષિત એવા સોમલ ક્ષારાદિથી બાળકો આદિ મરતાં દેખાય છે. અને વિષાદિ વાણિજ્ય બીજાઓ-પણ=અન્યદર્શનવાળા પણ, નિષેધ કરે છે. જે કારણથી કહેવાયું છે –

"કન્યાનો વિક્રય કરનારા રસનો વિક્રય કરનારા, વિષનો વિક્રય કરનારા મનુષ્યો નરકગામી છે." ॥૧॥ ()

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અરઘટ્ટાદિ યંત્રનો વિક્રય પણ યોગશાસ્ત્રમાં 'વિષવાણિજ્ય' કહેવાયો છે. જે કારણથી કહેવાયું છે –

"જીવિતનો નાશ કરનાર વિષ-અસ્ત્ર-હલ-યન્ત્ર-લોખંડ-હરિતાલાદિ વસ્તુનો વિક્રય 'વિષવાણિજ્ય' કહેવાય છે." ॥૧॥ (યોગશાસ્ત્ર-૩/૧૦૯)

વળી, બીજા ગ્રંથોમાં યંત્રપીડન કર્મમાં ગ્રહણ કરેલ છે=અરઘટ્ટાદિ યંત્રના વિક્રયને યંત્રપીડનકર્મમાં ગ્રહણ કરેલ છે.

૧૧. યંત્રપીડનકર્મ :- યંત્રપીડન કર્મ શિલા=ઉદૂખલ-મુશલ-ઘરટ્ટ-અરઘટ્ટ-કંકતાદિનો વિક્રય, તલ-શેરડી-સરસવ-એરંડાફલ-આતસ્યાદિનું પીડન-દલન-તેલવિધાન=તેલ કાઢવું અથવા જલયંત્ર વાહનાદિ=જલયંત્રને ચલાવવાં આદિ યંત્રપીડનકર્મ છે. જે કારણથી કહેવાયું છે –

"તલ-શેરડી-સરસવ-એરંડો-જલયંત્રાદિનું પીડન અને દલતૈલની કૃતિ=તલ રૂપ દલ પીલવા આપી તલના તેલનું ગ્રહણ કરવું યંત્રપીડા કહેવાય છે." ॥૧॥ **(યોગશાસ્ત્ર-૩/૧૧૦)**

**અહીં યંત્ર શબ્દ પ્રત્યેક સાથે સંબંધ કરાય છે. ત્યાં તિલયંત્ર=તલપીડનનું ઉપકરણ, ઈક્ષુયંત્ર કોલ્હુકાદિ, સરસવ એરંડાનાં યંત્ર તેના પીડનનાં ઉપકરણો, જલયંત્ર અરઘટ્ટાદિ, દલતિલ જેમાં દલ એવા તલાદિ અપાય છે અને તેલ ગ્રહણ કરાય છે તે દલતલ તેની કૃતિ=તેનું વિધાન, વળી અહીં=યંત્રપીડન કર્મમાં, તિલાદિનો ક્ષોદ હોવાથી=તલાદિનું પીડન હોવાથી અને તદ્ગત ત્રસજીવોનો ઘાત હોવાથી દોષ છે. લૌકિકો=અન્ય દર્શનવાળા, પણ કહે છે –**

'દશ કતલખાના જેવું ચક્ર છે.' **(મનુસ્મૃતિ-૪/૮૫)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**૧૨. નિર્લાંછન કર્મ :- અત્યંત લાંછન=અંગ-અવયવોનો છેદ. તેનાથી કર્મ=જીવિકા, નિર્લાંછનકર્મ છે. ગાય આદિના કાન-કમ્બલ-શીંગડાં-પૂંછડાનો છેદ, નાસાનો વેધ-અંકન=ડામ આપીને ચિહ્ન કરે, ષંડન=નપુસંક કરે-ત્વગ્ દાહાદિ=ચામડીને બાળે આદિ, અને ઊંટના પૃષ્ઠનું ગાલનાદિ. જે કારણથી કહેવાયું છે –**

"નાસાવેધ, અંકન=ચિહ્નકરણ, મુષ્કનું છેદન=બળદના અંડનું છેદન, પૃષ્ઠનું ગાલન=પીઠનું ગાલન, ગાયના કાન-કમ્બલનો છેદ નિર્લાંછન કહેવાયું છે." ॥૧॥ **(યોગશાસ્ત્ર-૩/૧૧૧)**

**ત્યાં=નિર્લાંછન કર્મમાં, અંકન=ગાય-અશ્વાદિનું ચિહ્નકરણ છે. મુષ્ક=અંડ, તેનું છેદન છે=વર્દ્ધિતકીકરણ છે=નપુસંક કરાય છે. આમાં=અંકાદિમાં, જીવબાધા વ્યક્ત જ છે.**

**૧૩. દવનું દાન :- દવ=દવ-અગ્નિ, તેનું દાન=વિતરણ, દવદાન છે. ઘણો દાહ કરાયે છતે ભીલ આદિ સુખથી ફરે છે અથવા જીર્ણ તૃણદાહ કરાયે છતે, નવા તૃણના અંકુરાના ઉદ્ભેદના કારણે ગવાદિ ચરે છે. અથવા દગ્ધ ક્ષેત્રે હોતે છતે ધાન્યની પ્રાપ્તિની વૃદ્ધિ થાય ઈત્યાદિ બુદ્ધિથી અથવા કૌતુકથી અથવા મારા શ્રેય માટે મરણકાલમાં આટલા ધર્મદીવાના ઉત્સવો કરવા એ પ્રકારની પુણ્યબુદ્ધિથી જંગલમાં અગ્નિનું પ્રજ્વાલન. જે કારણથી કહેવાયું છે –**

"વ્યસનથી=આદતથી, અથવા પુણ્યબુદ્ધિથી દવનું દાન બે પ્રકારે થાય છે." **(યોગશાસ્ત્ર-૩/૧૧૩)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**ત્યાં=દવના દાનમાં, વ્યસનથી=ફલનિરપેક્ષ તાત્પર્યથી અને તે રીતે=વ્યસનથી જે રીતે અગ્નિ પ્રગટ કરાવે છે એ રીતે જ, વનમાં ફરનારા નિરપેક્ષ અગ્નિને બાળે છે. અથવા પુણ્યબુદ્ધિથી અને તે=પુણ્યબુદ્ધિથી અગ્નિનું બાળવું તે, ઉક્તરીતિથી=પૂર્વમાં કહ્યું કે મરણકાલમાં આટલા ધર્મદીપોત્સવો કરવા, એ રીતે જાણવું અને અહીં=વ્યસનથી કે પુણ્યબુદ્ધિથી, કરોડો જીવોના વધ રૂપ દોષ સ્પષ્ટ જ છે.**

૧૪. સરોવરનું શોષવું :- સરોવરનો શોષ સરઃશોષ છે. ધાન્યાદિને લાવવા માટે સારણી દ્વારા પાણીનું બહાર કાઢવું, સરોવરનું ગ્રહણ અન્ય જલાશયનું ઉપલક્ષણ છે. તેથી સિંધુ=નદી-દ્રહ-તળાવ આદિનું ગ્રહણ છે. જે કારણથી કહેવાયું છે –

"સરોવરનો શોષ-સરોવર, નદી-હદ આદિના પાણીનો સમ્પ્લવ છે=પાણી કાઢવું." **(યોગશાસ્ત્ર-૩/૧૧૩)**

ત્યાં=સરઃશોષમાં, નહીં ખોદાયેલું સરોવર વળી ખોદાયેલું તળાવ કહેવાય. એ પ્રકારનો આ બંનેનો ભેદ છે. અહીં=સરોવરના શોષણમાં પાણીના, પાણીમાં રહેલા ત્રસ જીવોના, અને તેનાથી=પાણીથી, પ્લાવિત ષડ્જીવનિકાયનો વધ છે એ પ્રમાણે દોષ છે.

૧૫. અસતીનું પોષણ :- અસતી=દુઃશીલ એવી સ્ત્રીઓનું પોષણ, લિંગ અતંત્ર છે='અસતી પોષણ'માં રહેલ સ્ત્રીલિંગ અનિયામક છે. તેથી શુકાદિ પુરુષોનું પણ પોષણ 'અસતી પોષણ' છે. પોપટ-મેના-મોર-બિલાડી-વાંદરા-કૂકડા-કુર્કુટ-કુર્કર-શૂકરાદિ તિર્યંચોનું પોષણ અને ભાટી ગ્રહણ માટે=ભાડાના ગ્રહણ માટે, દાસીનું પોષણ કરવું. ગોલદેશમાં આ પ્રસિદ્ધ વ્યવહાર છે અને આ દુઃશીલ એવાનું પોષણ પાપનો હેતુ જ એ પ્રમાણે દોષ છે.

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, પ્રસ્તાવથી ૧૫ સંખ્યાવાળાં કર્માદાનો અતિચારરૂપપણું હોવાથી ત્યાગ કરવાં જોઈએ. એ પ્રમાણે ૧૫ કર્માદાનો કહેવાયાં અને આ=૧૫ કર્માદાન, આવી જાતિવાળાં ઘણાં સાવદ્યકર્મોની દિશા માત્ર છે. પરંતુ પરિગણન નથી=૧૫ની જ સંખ્યા છે એ પ્રકારનું પરિગણન નથી. અહીં=ભોગોપભોગ વ્રતમાં, વીશ સંખ્યાના અતિચારનું કથન બીજામાં પણ=અન્ય વ્રતોમાં પણ, પાંચ અતિચારોની સંખ્યાથી તજ્જાતીય વ્રત પરિણામના કાલુષ્યના કારણને કરનારાનો, સંગ્રહ છે એ પ્રમાણે જ્ઞાપન માટે છે. તેથી સ્મૃતિ અંતર્ધાનાદિ યથાસંભવ સર્વ વ્રતોમાં અતિચાર જાણવા. અને આથી જ આ વ્રતમાં=ભોગોપભોગ વ્રતમાં, રાત્રિભોજન મદ્યાદિની નિવૃત્તિમાં પણ અતિચારો પૂર્વમાં બતાવાયા અને તે રીતે=દરેક વ્રતોમાં પાંચથી વધુ અતિચારો છે તે રીતે, ઉપાસકદશાંગ વૃત્તિમાં કહેવાયું છે –

"જે આ પ્રતિવ્રત પાંચ-પાંચ અતિચારો છે તે અતિચારાન્તરનું ઉપલક્ષણ જાણવું, પરંતુ અવધારણ નહિ=અતિચારની પાંચ જ સંખ્યા છે તે પ્રકારની મર્યાદાના અવધારણરૂપ નહિ."

જે કારણથી પૂજ્યો કહે છે –

"સૂત્રમાં પાંચ-પાંચ અતિચારો જે બતાવાયા છે તે અવધારણ માટે નથી પરંતુ તે ઉપલક્ષણ છે." અર્થાત્ બીજા અતિચારોનું ઉપલક્ષણ છે. **(ઉપાસકદશાંગસૂત્ર અધ્યયન-૧, સૂત્ર-૭, પત્ર-૬/એ)**

અને અહીં=અતિચારના વિષયમાં, આ તત્ત્વ છે. જે વ્રતના વિષયમાં અનાભોગાદિથી કે અતિક્રમાદિ પદત્રયથી કે સ્વબુદ્ધિ કલ્પનાથી, વ્રતસાપેક્ષપણું હોવાને કારણે વ્રતના વિષયને પરિહાર કરતી જે પ્રવૃત્તિ છે. તે અતિચાર છે. વળી વિપરીતપણામાં ભંગ છે. એ રીતે સંકીર્ણ અતિચારના પદની ગમનિકા કરવી જોઈએ=અતિચારના સ્વરૂપને જાણવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

'નનુ'થી શંકા કરે છે –

અંગારકર્મ ખરકર્મમાં=કઠોર કર્મમાં, કેવી રીતે અતિચાર છે ? અર્થાત્ ખરકર્મ રૂપ જ આ=અંગારકર્માદિ, છે.

"તેનો ઉત્તર આપતાં કહે છે – તારી વાત સાચી છે. આ=અંગારકર્માદિ, ખરકર્મરૂપ જ છે=કઠોરકર્મરૂપ જ છે. પરંતુ અનાભોગાદિથી કરાતા ખરકર્મના વર્જનના વ્રતવાળા શ્રાવકના અતિચારો થાય છે. વળી ઉપેત્ય કરાતા=જાણીને કરાતા, ભંગ જ છે=ખરકર્મના વર્જકવાળા શ્રાવકના વ્રતના ભંગરૂપ જ છે." **એ પ્રમાણે પંચાશક અને યોગશાસ્ત્રની વૃત્તિમાં છે. (તુલા-પંચાશક ટીકા ૧/૨૨, પ.૨૧-એ, યોગશાસ્ત્ર ટીકા ૩/૧૧૩, પ. ૫૫૩) ॥૫૨-૫૩॥**

**ભાવાર્થ :–**

જે વ્યાપારમાં કઠોરતાનો પરિણામ થાય તેને ખરકર્મ કહેવાય છે. અને તેવાં ખરકર્મોથી આજીવિકા કરવામાં આવે તેને 'કર્માદાન' કહેવામાં આવે છે. તેના સંક્ષેપથી ૧૫ ભેદો કહ્યા છે. ઉપલક્ષણથી અનેક ભેદોની પ્રાપ્તિ છે. તેમાં જે ક્રિયાઓમાં સાક્ષાત્ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયજીવોની હિંસા થાય તેવાં કૃત્યોપૂર્વક જે આજીવિકા કરવામાં આવે તે કર્માદાન છે. આથી જ શ્રાવક પોતાના ગૃહકાર્ય માટે અગ્નિકાયનો ઉપયોગ કરે છે તોપણ શક્ય એટલી યતના રાખી ઉપયોગ કરે છે. તેથી દયાળુ સ્વભાવ રહે છે. જ્યારે ધનાર્જન અર્થે અગ્નિકાયની સાક્ષાત્ વિરાધના થતી હોય તેવો સર્વ વ્યાપાર કરે ત્યારે આરંભમય તે પ્રવૃત્તિ પ્રત્યે અર્થાત્ અગ્નિકાયની વિરાધના પ્રત્યે ઉપેક્ષા થવાને કારણે કઠોર પરિણામ થાય છે. માટે તેવા વ્યાપારને ખરકર્મરૂપ=કઠોરકર્મરૂપ, કર્માદાન કહેવાય છે. તે રીતે સચિત્ત વનસ્પતિનું છેદન-ભેદન થતું હોય તેવાં ફલાદિ લઈને વેચવાની ક્રિયા કોઈ કરતું હોય તો તે કર્માદાનમાં જાય છે. વળી, પંચેંદ્રિયને પીડા થાય તેવાં પશુ આદિના પાલનમાં પણ કર્માદાનની પ્રાપ્તિ થાય છે; કેમ કે તે પ્રકારની પીડા કરવાના પ્રસંગમાં શ્રાવકનું હૈયું કઠોર બને છે. વળી, હાથીદાંત વગેરે જીવોની હિંસાથી જ પ્રાપ્ત થાય છે. તેથી જ્યાં તેવી હિંસા થતી હોય ત્યાંથી તેની ખરીદી કરવામાં સાક્ષાત્ હિંસામાં સહકાર આપવાનો પ્રસંગ આવે છે. તેથી કર્માદાન છે. પરંતુ હિંસાથી જ પ્રાપ્ત થયેલા હાથીદાંત પશુઓનાં રોમાદિ સાક્ષાત્ જીવસંસક્ત નથી. પરંતુ જીવના શરીરના અંગો છે અને તેને બજારમાંથી લઈને કોઈ વેચતું હોય તો ત્યાં કર્માદાનની પ્રાપ્તિ થતી નથી.

વળી, તલ-શેરડી આદિ વનસ્પતિ પણ જીવથી યુક્ત છે. તેવી વસ્તુઓને પીલીને તેનાથી કોઈ આજીવિકા કરે ત્યારે સાક્ષાત્ જીવ રૂપ તલાદિને પીલતી વખતે શ્રાવકનું હૈયુ કઠોર બને છે. તેથી તેવી ક્રિયાથી આજીવિકામાં પણ કર્માદાન સ્વીકારેલ છે. તેથી શ્રાવકે વારંવાર પૃથ્વીકાયાદિ જીવોમાં પણ જીવો છે તેઓ પ્રત્યે પણ દયાળું ચિત્ત રહે તે પ્રકારે જ ગૃહસ્થજીવનની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવી જોઈએ. અને વિશેષથી તેવા જીવોની હિંસાનો પ્રસંગ હોય તેવા વ્યાપારાદિનો પરિહાર કરવો જોઈએ. માટે ભોગોપભોગવિરમણ વ્રત દ્વારા સચિત્તાદિના પરિહારથી જેમ શ્રાવક દયાળુ ચિત્ત કરે છે તેમ વ્યાપારમાં પણ સાક્ષાત્ જીવોને પીડા થાય તેવાં કૃત્યોના પરિહારથી પોતાનો દયાળુ સ્વભાવ જીવંત રાખે છે અને જે શ્રાવકનો દયાળુ સ્વભાવ હોય તેને પરમદયાળુ એવા મુનિઓ સદા સ્મૃતિમાં રહે છે. **॥૫૨-૫૩॥**

**અવતરણિકા :-**

इत्युक्ता भोगोपभोगव्रतातिचाराः, अथानर्थदण्डविरमणव्रतस्य तानाह –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે=પૂર્વમાં બતાવ્યા એ પ્રમાણે, ભોગોપભોગવ્રતના અતિચારો કહેવાયા.

હવે અનર્થદંડવિરમણવ્રતના તેઓને=અતિચારોને કહે છે –

**શ્લોક :-**

प्रोक्तास्तुतीये कन्दर्पः, कौत्कुच्यं भोगभूरिता ।
संयुक्ताधिकरणत्वं, मौखर्यं च गुणव्रते ।।५४।।

**અન્વયાર્થ :-**

तृतीये गुणव्रते=ત્રીજા ગુણવ્રતમાં, कन्दर्पः=કંદર્પ कौत्कुच्यं=કૌત્કુચ્ય, भोगभूरिता=ભોગની અતિશયતા, संयुक्ताधिकरणत्वं=સંયુક્ત અધિકરણપણું, च=અને, मौखर्यं=મૌખર્ય, प्रोक्ताः=અતિચારો કહેવાયા છે. ।।૫૪।।

**શ્લોકાર્થ :-**

**ત્રીજા ગુણવ્રતમાં કન્દર્પ, કૌત્કુચ્ય, ભોગભૂરિતા=ભોગોની અતિશયતા, સંયુક્ત અધિકરણપણું અને મૌખર્ય અતિચારો કહેવાયા છે. ।।૫૪।।**

**ટીકા :-**

कन्दर्पः कौत्कुच्यं भोगभूरिता संयुक्ताधिकरणत्वं मौखर्यं चेति पञ्चातिचाराः 'तृतीये गुणव्रते' अनर्थदण्डविरतिरूपे प्रोक्ताः जिनैरिति शेषः ।

तत्र 'कन्दर्पः' कामस्तद्धेतुस्तत्प्रधानो वा वाक्प्रयोगोऽपि कन्दर्पः, मोहोद्दीपकं वाक्कर्मेति भावः इह चेयं सामाचारी-श्रावकेण न तादृशं वक्तव्यं येन स्वस्य परस्य वा मोहोद्रेको भवति, अट्टट्टहासोऽपि न कल्पते कर्त्तुम्, यदि नाम हसितव्यं तदेषदेवेति प्रथमः १ ।

कुत्-कुत्सायां निपातः, निपातानामानन्त्यात् । कुत् कुत्सितं कुचति कुचभ्रूनयनौष्ठनासा-करचरणमुखविकारैः सङ्कुचतीति कुत्कुचस्तस्य भावः कौत्कुच्यम्-अनेकप्रकारा भण्डादि-विडम्बनक्रियेत्यर्थः अथवा कौकुच्यमिति पाठः, तत्र कुत्सितः कुचः=सङ्कोचादिक्रियाभाक् तद्भावः कौकुच्यं, अत्र च श्रावकस्य न तादृशं वक्तुं चेष्टितुं वा कल्पते, येन परे हसन्ति, आत्मनश्च लाघवं भवति, प्रमादात्तथाऽऽचरणे चातिचार इति द्वितीयः २ ।

एतौ द्वावपि प्रमादाचरितव्रतस्यातिचारौ, प्रमादरूपत्वादेतयोः तथा भोगस्य उपलक्षणत्वादुपभोगस्य च-उक्तनिर्वचनस्य स्नानपानभोजनचन्दनकुङ्कुमकस्तूरिकावस्त्राऽऽभरणादेर्भूरितास्वस्वीयकुटुम्ब-व्यापारणापेक्षयाऽधिकत्वम्, अयमपि प्रमादाचरितस्यातिचारः विषयात्मकत्वादस्याः ।

इहापीयं सामाचारी आवश्यकचूर्ण्याद्युक्ता–यदि उपभोगानि तैलाऽऽमलकादीनि बहूनि गृह्णाति, तदा तल्लौल्येन बहवः स्नातुं तडागादौ व्रजन्ति, ततश्च पूतरकादिवधोऽधिकः स्यात्, स्यादेवं ताम्बूलादिष्वपि विभाषा, न चैवं कल्पते, तत्र को विधिरुपभोगे? स्नानेच्छुना तावत् गृह एव स्नातव्यम्, नास्ति चेत्तत्र सामग्री तदा तैलाऽऽमलकैः शिरो घर्षयित्वा तानि च सर्वाणि शाटयित्वा तडागादीनां तटे निविष्टोऽञ्जलिभिः स्नाति, तथा येषु पुष्पादिषु कुन्थ्वादयः सम्भवन्ति तानि परिहरति, एवं सर्वत्र वाच्यमिति तृतीयः ३ ।

तथाऽधिक्रियते दुर्गतावात्माऽनेनेत्यधिकरणम्-उदूखलादिसंयुक्तं च अर्थक्रियायाः करणयोग्यम्, ततः संयुक्तं च तदधिकरणं चेति समासः, उदूखलेन मुशलम्, हलेन फालः, शकटेन युगम्, धनुषा च शरा इत्यादिरूपमित्यर्थः, तद्भावः संयुक्ताधिकरणत्वम्, एतच्च हिंस्रप्रदानव्रतस्यातिचारः ।

अत्रापि वृद्धसम्प्रदायः-श्रावकेण हि संयुक्तान्यधिकरणानि न धारणीयानि, संयुक्ताधिकरणं हि यः कश्चिदाददीत, वियुक्ते तु तत्र परः सुखेन प्रतिषेधितुं शक्यत इति चतुर्थः ४ ।

तथा मुखमस्यास्तीति मुखरः-अनालोचितभाषी वाचाटस्तद्भावो मौखर्यं=धाष्टर्यं प्रायमसभ्या-सम्बद्धबहुप्रलापित्वम्, अयं च पापोपदेशस्यातिचारः, मौखर्ये सति पापोपदेशसम्भवादिति पञ्चमः ५ ।

"अपध्यानाचरितव्रते त्वनाभोगादिना अपध्याने प्रवृत्तिरतिचार इति स्वयमभ्यूह्यम्, कन्दर्पादयश्चाकुट्ट्या क्रियमाणा भङ्गा एवावसेया" [सू. १६३ प. ४३ बी] इति धर्मबिन्दुवृत्तौ इत्युक्ता गुणव्रतातिचाराः ।।५४।।

**ટીકાર્થ :-**

कन्दर्पः ..... गुणव्रतातिचाराः ।। કન્દર્પ, કૌત્કુચ્ય, ભોગની અતિશયતા, સંયુક્ત અધિકરણપણું અને મૌખર્ય આ પાંચ અતિચારો અનર્થદંડ વિરતિરૂપ ત્રીજા ગુણવ્રતમાં ભગવાન વડે કહેવાયા છે. શ્લોકમાં 'जिनैः' શબ્દ અધ્યાહાર છે. તે બતાવવા માટે 'जिनैरिति शेषः' એમ કહેલ છે. ત્યાં=પાંચ અતિચારોમાં,

૧. કન્દર્પ :- કન્દર્પ=કામ, તેનો હેતુ અથવા તત્પ્રધાન વાણીનો પ્રયોગ પણ કન્દર્પ છે. મોહની ઉદ્દીપક એવી વાણીની ક્રિયા કન્દર્પ છે, એ પ્રકારનો ભાવ છે.

અને અહીં=કન્દર્પના પરિહારના વિષયમાં, આ સામાચારી છે=આ આચાર છે. શ્રાવકે તેવું બોલવું જોઈએ નહીં કે જેનાથી પોતાને કે પરને મોહનો ઉદ્રેક થાય. અટ્ટહાસ્ય પણ કરવું કલ્પે નહિ. જો ક્યારેક હસવું પડે તો અલ્પ જ હસે. એ પ્રકારનો=કામનો ઉદ્રેક કરે તેવો વાક્પ્રયોગ કરે એ પ્રકારનો, પ્રથમ અતિચાર છે.

૨. કૌત્કુચ્ય :- 'कुत्' શબ્દ કુત્સામાં નિપાત છે; કેમ કે નિપાતોનો આનન્ત્ય છે. કુત્=કુત્સિત કુચ્-ભ્રૂ-નયન-ઔષ્ઠ નાસા-કર-ચરણ અને મુખના વિકારો વડે સંકોચ કરે છે. એ કુત્સિત કુચ કુત્કુચ, તેનો ભાવ કૌત્કુચ્ય છે. અનેક પ્રકારની ભંડાદિની વિડંબનાની ક્રિયા છે.

અથવા કૌકુચ્ય એ પ્રમાણે પાઠ છે ત્યાં કુત્સિત કુચ સંકોચાદિ ક્રિયાને કરનાર તેનો ભાવ કૌકુચ્ય છે. અને અહીં=કૌત્કુચ્યના વિષયમાં, શ્રાવકને તેવા પ્રકારનું બોલવા માટે કે ચેષ્ટા કરવા માટે કલ્પતું નથી. જેનાથી બીજા હસે અને આત્માનો લાઘવ થાય. અને પ્રમાદથી તેવા પ્રકારની આચરણામાં અતિચાર છે. આ પ્રમાણે બીજો અતિચાર છે.

આ બંને પણ=કંદર્પ અને કૌત્કુચ્ય એ બંને પણ, પ્રમાદ આચરિત વ્રતના અતિચારો છે=પ્રમાદની આચરણાના વિરમણવ્રતના અતિચારો છે; કેમ કે આ બંનેનું પ્રમાદરૂપપણું છે.

૩. અને ભોગનું ઉપલક્ષણપણું હોવાથી અને ઉક્ત નિર્વચનવાળા ઉપભોગનું સ્નાન-પાન-ભોજન-ચંદન-કુંકુમ=કેસર, કસ્તૂરિકા-વસ્ત્ર-આભરણાદિની ભૂરિતા=સ્વ અને સ્વીય કુટુંબ વ્યાપારની અપેક્ષાએ અધિકપણું, આ પણ=ભોગોપભોગનું અધિકપણું પણ, પ્રમાદ આચરિતનો અતિચાર છે; કેમ કે આનું=ભોગ-ઉપભોગના અતિશયનું, વિષયાત્મકપણું છે=વિષયસેવન સ્વરૂપ છે.

અહીં પણ=ભોગોપભોગની પરિમિતતાના વિષયમાં પણ, 'આવશ્યકચૂર્ણિ' આદિમાં આ સામાચારી કહેવાઈ છે –

જો ઉપભોગો તેલ-આંબળાદિ બહુ ગ્રહણ કરે તેના લૌલ્યથી ઘણા સ્નાન કરવા માટે તળાવાદિમાં જાય છે અને તેનાથી પોરાદિનો વધ અધિક થાય છે. આ પ્રમાણે તાંબૂલાદિમાં પણ વિભાષા છે=અધિક પ્રમાણમાં તાંબૂલાદિ ખાય તો અધિક આરંભ કરે એ પ્રકારની વિભાષા છે અને આ રીતે શ્રાવકને કલ્પતુ નથી.

ત્યાં ઉપભોગમાં શું વિધિ છે ? તેથી કહે છે –

સ્નાનઈચ્છુક શ્રાવકે ઘરમાં જ સ્નાન કરવું જોઈએ. જો ત્યાં સામગ્રી ન હોય તો તેલ-આંબળા વડે મસ્તકને ઘસીને અને તે સર્વને શાટન કરીને=ખંખેરીને, તળાવાદિના તટમાં બેઠેલો અંજલિથી સ્નાન કરે અને જે પુષ્પાદિમાં કુંથુવા આદિ સંભવે તેનો પરિહાર કરે, એ રીતે સર્વત્ર કહેવું=સર્વ પ્રવૃત્તિઓમાં, એ રીતે યતના કરવી જોઈએ. આ ભોગોપભોગની અતિશયતા રૂપ ત્રીજો અતિચાર છે.

૪. સંયુક્ત અધિકરણત્વ :- અને આના વડે આત્મા દુર્ગતિનો અધિકારી થાય એ અધિકરણ છે.

શું અધિકરણ છે ? તે સ્પષ્ટ કરે છે –

**અને ઉદૂખલાદિ સંયુક્ત અર્થક્રિયાના કરણ યોગ્ય અધિકરણ છે તેથી સંયુક્ત એવું તે અધિકરણ એ પ્રમાણે સમાસ છે.**

કઈ રીતે સંયુક્ત અધિકરણ બને ? તે સ્પષ્ટ કરે છે –

**ઉદૂખલથી સંયુક્ત મુશલ, હલથી સંયુક્ત ફાલ, ગાડાથી સંયુક્ત યુગ=ધુરા, ધનુષની સાથે સંયુક્ત બાણ=કામઠાની સાથે સંયુક્ત તીર ઈત્યાદિ રૂપ સંયુક્ત અધિકરણ છે. તેનો ભાવ=સંયુક્ત અધિકરણનો ભાવ, સંયુક્ત અધિકરણપણું છે અને આ=સંયુક્ત અધિકરણપણું એ, હિંસાના સાધનના પ્રદાનના વ્રતનો અતિચાર છે=હિંસાના સાધનના પ્રદાનના વિરમણ વ્રતનો અતિચાર છે.**

**અહીં પણ વૃદ્ધ સંપ્રદાય છે –**

**શ્રાવકે સંયુક્ત અધિકરણ ધારણ કરવાં જોઈએ નહિ. 'हि'=જે કારણથી, સંયુક્ત, અધિકરણને જે કોઈ ગ્રહણ કરે. વળી વિયુક્ત એવા તેમાં પરને સુખથી નિષેધ કરી શકાય છે એથી સંયુક્ત અધિકરણપણું ચોથો અતિચાર છે.**

**૫. મૌખર્ય :- અને આનું મુખ છે એ મુખર=અનાલોચિત ભાષી=વાચાળ. તેનો ભાવ મૌખર્ય=ધૃષ્ટપણું= પ્રાયઃ અસભ્ય-અસંબદ્ધ-બહુપ્રલાપીપણું. અને આ પાપોપદેશનો અતિચાર છે; કેમ કે મુખરપણું હોતે છતે પાપોપદેશનો સંભવ છે; એ=મુખરપણું પાંચમો અતિચાર છે.**

"અપધ્યાન આચરિત વ્રતમાં=અપધ્યાન આચરિત વિરમણ વ્રતમાં, વળી અનાભોગાદિથી અપધ્યાનમાં પ્રવૃત્તિ અતિચાર છે. એ પ્રમાણે સ્વયં ઊહ કરવો. કંદર્પાદિ આકુટ્ટીથી કરાતા=આ અતિચાર છે એ પ્રમાણે જાણીને કરાતા, ભંગ જ જાણવા." **(ધર્મબિંદુ વૃત્તિ સૂ. ૧૬૩ પ. ૪૩ બી) એ પ્રમાણે 'ધર્મબિંદુ' વૃત્તિમાં ગુણવ્રતના અતિચારો કહેવાયા છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

અનર્થદંડવિરમણવ્રતમાં ચાર પ્રકારના અનર્થદંડની વિરતિ કરાય છે.

૧. પ્રમાદ આચરણાની વિરતિ.

૨. હિંસાનાં સાધનોના પ્રદાનની વિરતિ.

૩. પાપોપદેશની વિરતિ.

૪. અપધ્યાનની વિરતિ.

પ્રમાદ આચરણાની વિરતિમાં શ્રાવક કંદર્પ-કૌત્કુચ્ય અને ભોગોપભોગની અધિકતાનો ત્યાગ કરે છે. આમ છતાં અનાદિના અતિ અભ્યાસને કારણે ક્યારેક કામની વૃત્તિ થાય તેવો વચનપ્રયોગ પણ થાય કે સહસા જોરથી હસવા આદિની ક્રિયા થાય ત્યારે પ્રમાદ આચરણાની વિરતિમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. જે શ્રાવક અનર્થદંડની વિરતિમાં પ્રમાદની આચરણાના ત્યાગનું પચ્ચક્ખાણ કર્યું છે તેમ જાણે છે છતાં નિરપેક્ષ રીતે કામની વાતો કે હાસ્યાદિ કૃત્ય કરતો હોય તો વ્રતભંગની પ્રાપ્તિ થાય.

વળી, પ્રસંગે કોઈને હસાવવા માટે કે રમૂજ કરવા માટે મુખ આદિની ચેષ્ટાઓ કરે એ પણ પ્રમાદ આચરણા છે. તેથી પ્રમાદ આચરણાના વિરમણવ્રતવાળા શ્રાવકે એવી કોઈ ચેષ્ટા કરવી જોઈએ નહીં પરંતુ, અનાભોગ-સહસાત્કારાદિથી ક્યારેક એવી ચેષ્ટા થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ છે. અને વ્રત લીધેલું હોવા છતાં કોઈ વિચારણા કર્યા વગર નિરપેક્ષ રીતે એવી ચેષ્ટા કરે તો વ્રતનો ભંગ જ થાય.

વળી, શ્રાવક શરીરની શાતાનો અર્થી છે તેથી સાધુપણું ગ્રહણ કરવા સમર્થ નથી; છતાં શરીરની શાતાને અનુકૂળ ભોગોપભોગ કરે તે અર્થદંડરૂપ છે. પરંતુ પોતાના શરીરને બાધ કરે તે પ્રકારે ભોજનાદિ કરે અથવા પોતાના અને પોતાના કુટુંબીઓના વ્યવહારની અપેક્ષાએ જે સ્નાનાદિ થતાં હોય તેના કરતા અધિક પ્રમાણમાં સ્નાનાદિ કરે તો વધારે પડતી ભોગવિલાસની પ્રવૃત્તિ પ્રજ્જ્વલિત થાય છે જે પ્રમાદની આચરણારૂપ છે અને અનર્થદંડની વિરતિ વખતે તેવા પ્રમાદની આચરણાની વિરતિનું પચ્ચક્ખાણ શ્રાવક કરે છે છતાં અનાભોગાદિથી ક્યારેક વધુ પડતું ભોજન, વધુ પડતાં સ્નાનાદિ કરવામાં આવે તો અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવક પાપનાં સાધનો મુશલાદિ ઘરમાં રાખે તોપણ એ રીતે રાખે કે જેથી તે સાધનોનો કોઈ સહજ રીતે ઉપયોગ કરે અને આરંભ-સમારંભ થાય તેવો પ્રસંગ પ્રાપ્ત થાય નહીં. અને પોતે પણ શક્તિ અનુસાર યતનાપૂર્વક તેનો ઉપયોગ કરે અને એવાં પાપનાં સાધનો કોઈ માંગે અને ન આપે તો ધર્મનો લાઘવ થાય. તેથી શ્રાવક એવાં સાધનો ભેગાં કરીને રાખે નહીં પરંતુ તે સાધનો છૂટાં એવી રીતે રાખેલાં હોય કે જેના કારણે કોઈ માંગે ત્યારે તેનો બીજો અવયવ ક્યાંક હશે-જોવો પડશે ઇત્યાદિ કહીને વારણ થઈ શકે. આ પ્રકારની પાપના અધિકરણની પૃથક્ રાખવાની યતના હિંસાના સાધનના અપ્રદાનના નિયમના રક્ષણ અર્થે શ્રાવક અવશ્ય કરે. છતાં પ્રમાદવશ અનાભોગાદિથી સંયુક્ત અધિકરણ રાખવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો હિંસાના સાધનના વિરમણવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય; કેમ કે કોઈ માંગવા આવે તો નિષેધ કરાય નહીં અને પોતે તેની પૂર્વમાં ઉચિત યતના જે કરવી જોઈએ તે નહીં કરેલ હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે પાપનો ઉપદેશ નહીં આપવાનો નિયમ અનર્થદંડ વિરમણવ્રતમાં ગ્રહણ કરેલ છે, છતાં જેનો અતિશય બોલવાનો સ્વભાવ હોય અર્થાત્ આલોચન કર્યા વગર બોલવાનો સ્વભાવ હોય તેવો જીવ પ્રાયઃ કરીને અસભ્ય, અસંબદ્ધ, બહુ પ્રલાપ કરે છે તેનાથી ઘણા પ્રકારનાં પાપના ઉપદેશની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રાવકે તેવું બોલવું જોઈએ નહીં છતાં અનાભોગ-સહસાત્કારથી ક્યારેક બોલાઈ જાય ત્યારે અતિચારની પ્રાપ્તિ છે.

વળી, શ્રાવક અનર્થદંડ વિરમણ વ્રતગ્રહણ કરે છે ત્યારે અપધ્યાનની આચરણાના ત્યાગનો નિયમ કરે છે. તેથી પોતાના ભોગાદિ અર્થે ઉપયોગી હોય એટલી જ તે વિચારણા કરે છે અને સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સંસારના સ્વરૂપની, મોક્ષમાર્ગની, સર્વવિરતિના સ્વરૂપની ઉચિત વિચારણા કરે છે. પરંતુ જે વિચારણામાં કોઈ ફળની પ્રાપ્તિ નથી તેવી નિરર્થક વિચારણા તે અપધ્યાનની આચરણા છે. અને તેવી વિચારણા જે શ્રાવક કરે તેને વ્રતભંગની પ્રાપ્તિ થાય. આમ છતાં અનાભોગ-સહસાત્કારથી કોઈ નિરર્થક વિચારણા થઈ જાય તો અતિચારની પ્રાપ્તિ થાય.

આનાથી એ ફલિત થાય કે શ્રાવકે અનર્થદંડ વિરમણવ્રત ગ્રહણ કર્યા પછી સતત સાધુધર્મને અનુકૂળ શક્તિસંચય થાય એ રીતે મન-વચન-કાયાનો સંવર કરવા યત્ન કરવો જોઈએ. ફક્ત સાધુની જેમ ભોગ-ઉપભોગનો ત્યાગ કરી શકે તેમ નથી. તેથી શક્તિ અનુસાર ભોગ-ઉપભોગની મર્યાદા કરીને સંવર વધારવા યત્ન કરે તે સિવાયની નિરર્થક પ્રવૃત્તિથી કોઈ કર્મબંધ ન થાય તે રીતે જીવનમાં મન-વચન-કાયાની ઉચિત યતના કરે જેથી ગ્રહણ કરાયેલાં અણુવ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને. **॥૫૪॥**

**અવતરણિકા :-**

**अथ शिक्षाव्रतातिचाराभिधानावसरः, तत्रापि सामायिकव्रतस्य तावत्तानाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે, શિક્ષાવ્રતના અતિચારના કથનનો અવસર છે. તેમાં પણ=શિક્ષાવ્રતના અતિચારોમાં પણ, સામાયિકવ્રતના તેઓને=અતિચારોને, કહે છે –**

**શ્લોક :-**

योगदुष्प्रणिधानानि, स्मृतेरनवता(धा)रणम् ।
अनादरश्चेति जिनैः, प्रोक्ताः सामायिकव्रते ।।५५।।

**અન્વયાર્થ :-**

**सामायिकव्रते=સામાયિકવ્રતમાં, योगदुष्प्रणिधानानि=મનોયોગ દુષ્પ્રણિધાન, વચનયોગ દુષ્પ્રણિધાન, કાયયોગ દુષ્પ્રણિધાન, स्मृतेरनवधारणम्=સ્મૃતિનું અનવધારણ, च=અને, अनादरः=અનાદર, इति=એ પ્રમાણે, जिनैः=જિનો વડે, प्रोक्ताः=અતિચારો કહેવાયા છે. ॥૫૫॥**

**શ્લોકાર્થ :-**

**સામાયિકવ્રતમાં યોગ દુષ્પ્રણિધાનો=મનોયોગ દુષ્પ્રણિધાન, વચનયોગ દુષ્પ્રણિધાન અને કાયયોગ દુષ્પ્રણિધાન, સ્મૃતિનું અનવધારણ અને અનાદર એ પ્રમાણે જિનો વડે અતિચારો કહેવાયા છે. ॥૫૫॥**

**ટીકા :-**

योगदुष्प्रणिधानादयः प्रक्रमात् पञ्चातिचाराः 'सामायिकव्रते जिनैः प्रोक्ताः' इत्यन्वयः, तत्र योगाः-कायवाङ्मनांसि, तेषां दुर्दुष्टानि प्रणिधानानि प्रणिधयः दुष्प्रणिधानानि, सावद्ये प्रवर्त्तना-लक्षणानीत्यर्थः । तत्रापि शरीरावयवानां पाणिपादादीनामनिभृततावस्थापनं कायदुष्प्रणिधानम्,

**वर्णसंस्काराभावोऽर्थानवगमश्चापलं च वाग्दुष्प्रणिधानम्, क्रोधलोभद्रोहाऽभिमानेर्ष्यादयः कार्य-व्यासङ्गसम्भ्रमश्च मनोदुष्प्रणिधानम्, एते त्रयोऽतिचाराः । यदाहुः—**

"अणविक्खिआपमज्जिअ, थंडिल्ले ठाणमाइ सेवंतो ।
हिंसाऽभावेवि न सो, कडसामइओ पमायाओ ।।१।।
कडसामइओ पुव्विं, बुद्धीए पेहिऊण भासेज्जा ।
सइ निरवज्जं वयणं, अण्णह सामाइअं न हवे ।।२।।
सामाइअं तु काउं, घरचिंतं जो अ चिंतए सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामइअं ।।३।।" **[श्रावकप्रज्ञप्ति ३१५-३१४-३१३, सम्बोधप्रकरण ७/१०९]**

**ટીકાર્થ :-**

**योगदुष्प्रणिधानादयः ..... सामइअं ।।" સામાયિકવ્રતમાં પ્રકમથી યોગદુષ્પ્રણિધાન આદિ પાંચ અતિચારો જિનો વડે કહેવાયા છે એમ અન્વય છે. ત્યાં યોગો કાયા-વાણી-મન છે. તેઓનાં દુષ્ટ પ્રણિધાનો=પ્રણિધિઓ દુષ્પ્રણિધાનો છે, સાવદ્યમાં પ્રવર્તન સ્વરૂપ છે, એ પ્રકારનો અર્થ છે. ત્યાં પણ=યોગદુષ્પ્રણિધાનોમાં પણ, શરીરના અવયવો હાથ-પગ આદિનું અનિભૃતતા અવસ્થાપન=અસંવર રૂપે અવસ્થાપન, કાયદુષ્પ્રણિધાન છે. વર્ણ-સંસ્કારનો અભાવ, અર્થનો અનવગમ અને ચપળપણું= બોલવામાં ચપળપણું, વાણીનું દુષ્પ્રણિધાન છે. ક્રોધ-લોભ-દ્રોહ-અભિમાન-ઈર્ષ્યાદિ અને કાર્યના વ્યાસંગનો સંભ્રમ=સામાયિક રૂપ કૃત્યના વિષયમાં ચિત્તની સંભ્રમ અવસ્થા, મનઃદુષ્પ્રણિધાન છે. આ ત્રણ અતિચારો છે. જેને કહે છે –**

"અણવિક્ખિઅ=નહિ જોવાયેલ, અપ્રમાર્જિત ભૂમિમાં સ્થાનાદિને સેવતો હિંસાના અભાવમાં પણ કૃતસામાયિકવાળો પ્રમાદથી તે નથી=હિંસાના અભાવવાળો નથી. ।।૧।।

કૃતસામાયિકવાળાએ પૂર્વમાં બુદ્ધિથી વિચારીને બોલવું જોઈએ. જો નિરવદ્ય વચન છે (તો બોલે) અન્યથા સામાયિક ન થાય. ।।૨।।

વળી, સામાયિકને કરીને જે શ્રાવક ઘરની વિચારણા કરે છે. આર્તના વશને પામેલા એવા તેનું સામાયિક નિરર્થક છે." ।।૩।। **(શ્રાવક પ્રજ્ઞપ્તિ-૩૧૫/૩૧૪/૩૧૩, સંબોધ પ્રકરણ-૭/૧૦૯)**

**ભાવાર્થ :-**

સામાયિકવ્રતમાં મન-વચન-કાયાના યોગોનું દુષ્પ્રણિધાન, સામાયિકની સ્મૃતિનું અનવધારણ અને સામાયિકના પ્રત્યે અનાદરભાવ એ સામાયિકવ્રતના પાંચ અતિચારો છે. તેમાં જે શ્રાવક સામાયિક ગ્રહણ કરે છે ત્યારે સ્થિર આસનમાં બેસીને સ્વાધ્યાયાદિ એ રીતે કરે છે જેથી સમભાવની વૃદ્ધિ થાય. આમ છતાં કોઈક કારણથી સામાયિકના પરિણામની વૃદ્ધિના અર્થે શરીરના અવયવોને હલાવવાનું પ્રયોજન ઊભું થાય ત્યારે

ભૂમિને જોઈને, ભૂમિ જીવ રહિત છે તેનો નિર્ણય થાય ત્યારપછી ઉચિત વિધિથી તેનું પ્રમાર્જન કરે અને ત્યારપછી તે સ્થાનને સેવે. તેમાં કોઈ પ્રમાદ કરે તો કોઈ જીવની હિંસા ન થાય તોપણ જીવરક્ષાને અનુકૂળ ઉચિત યતનામાં પરિણામના અભાવને કારણે કાયાને આશ્રયીને હિંસાને અનુકૂલ વ્યાપાર છે. વળી, સ્થિર આસનમાં બેસીને કાયાને સ્થિર રાખીને સ્વાધ્યાયાદિમાં યત્ન કરીને શ્રાવક શરીરના અવયવો હાથ-પગ વગેરેને સંવૃત સ્થાપન ન કરે પરંતુ સ્વાધ્યાયાદિ કરતાં હસ્તાદિ નિષ્પ્રયોજન પ્રવર્તાવે તે કાય-દુષ્પ્રણિધાન છે. માટે શ્રાવકે સામાયિક દરમ્યાન કાયાના સર્વ અવયવોને નિભૃતતા અવસ્થાપન કરવા જોઈએ. અર્થાત્ સંવૃત ગાત્રવાળા થવું જોઈએ, જેથી કાયદુષ્પ્રણિધાન નામના અતિચારની પ્રાપ્તિ થાય નહિ.

વળી, શ્રાવક સામાયિક દરમ્યાન સૂત્ર-અર્થનું પરાવર્તન કરીને સામાયિકના પરિણામની વૃદ્ધિ કરે છે. છતાં પ્રમાદને વશ બોલાતાં સૂત્રોના પદેપદમાં ઉપયોગ ન રાખે તો તે સૂત્રોના વર્ણોના સંસ્કારો આત્મામાં પડે નહિ. જેથી તે સૂત્રો બોલવાની ક્રિયા વાક્દુષ્પ્રણિધાન બને છે. વળી, કોઈ શ્રાવક સૂત્રોના પદેપદમાં ઉપયોગ રાખીને સૂત્ર બોલે છે. છતાં સૂત્રના અર્થનું પ્રતિસંધાન કરીને તે અર્થના બળથી સામાયિકના પરિણામની વૃદ્ધિમાં યત્ન ન કરે તો અર્થના અનવગમરૂપ વાક્દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય છે. વળી, વચનપ્રયોગમાં ચપળતા હોય અર્થાત્ સામાયિક સાથે કોઈ પ્રયોજન ન હોય તેવા વચનપ્રયોગ કરે તે વાક્દુષ્પ્રણિધાન છે. આથી જ ઉદ્ધરણમાં કહ્યું કે કૃતસામાયિકવાળો શ્રાવક પૂર્વમાં બુદ્ધિથી જે બોલવું હોય તેનો નિર્ણય કરીને પછી બોલે અને જો નિરવદ્ય વચન હોય તો બોલે પરંતુ સહસા વિચાર્યા વગર બોલે તો સામાયિક ન થાય. તેથી સામાયિક દરમ્યાન શ્રાવકે વાક્ગુપ્તિમાં રહેવું જોઈએ અને સામાયિકના પરિણામની વૃદ્ધિના પ્રયોજનથી સામાયિકનાં વૃદ્ધિના કારણીભૂત સૂત્રોથી આત્માને અત્યંત વાસિત કરવો જોઈએ અને અનાભોગાદિથી પણ બોલાતાં સૂત્રોના વર્ણોમા પદેપદમાં ઉપયોગ ન રહે કે અર્થમાં ઉપયોગ ન રહે તો વાક્દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય.

વળી, સામાયિક દરમ્યાન બાહ્યપદાર્થ વિષયક કોઈ વિચાર કરવામાં આવે તો ક્રોધ-લોભ આદિ કોઈ મનઃદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય છે અને ઉચિત સ્વાધ્યાયાદિમાં ઉપયોગ હોય છતાં તે સ્વાધ્યાયાદિનું કાર્ય સામાયિકનો પરિણામ છે. તે વિષયમાં વ્યાસંગનો સંભ્રમ વર્તે અર્થાત્ તેનો=સ્વાધ્યાયાદિના કાર્યરૂપ સામાયિકના પરિણામનો દૃઢ સંકલ્પ કરીને મનોવ્યાપાર થાય નહિ તો કાર્ય વ્યાસંગ સંભ્રમરૂપ મનઃદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય છે. માટે સામાયિક દરમ્યાન સમભાવના પરિણામનું લક્ષ્ય કરીને અત્યંત ઉપયોગપૂર્વક ત્રણેય યોગો પ્રવર્તાવવા જોઈએ. છતાં અનાભોગાદિથી કે સહસાત્કારથી કાયદુષ્પ્રણિધાન, વાક્દુષ્પ્રણિધાન કે મનઃ દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય તો સામાયિકવ્રતમાં આ ત્રણ અતિચારની પ્રાપ્તિ થાય છે.

**ટીકા :-**

**तथा स्मृतेः-सामायिककरणावसरविषयायाः कृतस्य वा सामायिकस्य प्रबलप्रमादयोगादनवता-(धा)रणम्=अनुपस्थापनम्, एतदुक्तं भवति–'मया कदा सामायिकं कर्त्तव्यम्?' 'कृतं वा मया सामायिकं न वा' इति एवंरूपस्मरणभ्रंशोऽतिचारः, स्मृतिमूलत्वान्मोक्षानुष्ठानस्य, यदाहुः –**

"न सरइ पमायजुत्तो, जो सामइअं कया य कायव्वं? ।

कयमकयं वा तस्स हु, कयंपि विहलं तयं नेयं ।।१।।" **[श्रावकप्रज्ञप्ति ३१६, सम्बोधप्रकरण ७/११०] ति चतुर्थः ४ ।**

**तथाऽनादरः-अनुत्साहः प्रतिनियतवेलायां सामायिकस्याकरणम्, यथाकथञ्चिद्वा करणम्, करणानन्तरमेव पारणं च, यदाहुः—**

"काऊण तक्खणं चिअ, पारेइ करेइ वा जहिच्छाए ।

अणवट्ठिअसामाइअ, अणायराओ न तं सुद्धं ।।१।।" **[श्रावकप्रज्ञप्ति ३१७] ति पञ्चमोऽतिचारः ५ ।**

**अत्राह—कायदुष्प्रणिधानादौ सामायिकस्य निरर्थकत्वादिप्रतिपादनेन वस्तुनोऽभाव एवोक्तः, अतिचारश्च मालिन्यरूप एव भवतीति कथं सामायिकाभावेऽयं भवेत्? अतो भङ्गा एवैते नातिचारा इति, उच्यते-अनाभोगतोऽतिचारत्वम् ।**

**ननु द्विविधं त्रिविधेनेति सावद्यप्रत्याख्यानं सामायिकम्, तत्र च कायदुष्प्रणिधानादौ प्रत्याख्यानभङ्गात् सामायिकाभाव एव, तद्भङ्गजनिते(तं)च प्रायश्चित्तं विधेयं स्यात्, मनोदुष्प्रणिधानं चाशक्यपरिहारम्, मनसोऽनवस्थितत्वात्, अतः सामायिकप्रतिपत्तेः सकाशात्तदप्रतिपत्तिरेव श्रेयसी, यदाहुः—**"अविधि-कृताद्वरमकृतम्" **[ ] इति । नैवम्, यतः सामायिकं द्विविधं त्रिविधेन प्रतिपन्नम्, तत्र च मनसा वाचा कायेन च सावद्यं न करोमि न कारयामीति षट् प्रत्याख्यानानीत्येकतरप्रत्याख्यानभङ्गेऽपि शेषसद्भावात् मिथ्यादुष्कृतेन मनोदुष्प्रणिधानमात्रशुद्धेश्च न सामायिकात्यन्ताभावः, सर्वविरतिसामायिकेऽपि तथाऽभ्युपगतम्, यतो गुप्तिभङ्गे मिथ्यादुष्कृतं प्रायश्चित्तमुक्तम्, यदाह —**

"बीओ उ असमिओमित्ति कीस सहसा अगुत्तो वा ।" **[] इति द्वितीयोऽतिचारः समित्यादिभङ्गरूपोऽनुतापेन शुध्यतीत्यर्थः, इति न प्रतिपत्तेरप्रतिपत्तिर्गरीयसीति, किञ्च — सातिचारादप्यनुष्ठानादभ्यासतः कालेन निरतिचारमनुष्ठानं भवतीति सूरयः । यदाह —**

"अभ्यासोऽपि प्रायः, प्रभूतजन्मानुगो भवति शुद्धः" **[ ] इति ।**

**बाह्या अपि —** "अभ्यासो हि कर्मणां कौशलमावहति, नहि सकृन्निपातमात्रेणोदबिन्दुरपि ग्राव्णि निम्नतामादधाति ।" **[ ]**

**न चाविधिकृताद्वरमकृतमिति युक्तम्, असूयावचनत्वादस्य, यदाहुः —**

"अविहिकया वरमकयं, उस्सुअ(असूय)वयणं भणंति समयण्णू ।

पायच्छित्तं जम्हा, अकए गुरुअं कए लहुअं ।।१।।" **()**

**तस्माद्धर्मानुष्ठानं निरन्तरं कार्यमेव, किंतु तत्कुर्वता सर्वशक्त्या विधौ यतनीयम्, इदमेव च श्रद्धालोर्लक्षणम्, आहुश्च –**

"विहिसारं चिय सेवइ, सद्धालू सत्तिमं अणुट्ठाणं ।

दव्वाइदोसनिहओवि, पक्खवायं वहइ तंमि ।।१।। **[धर्मरत्नप्रकरणे गा. ९१]**

धण्णाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धण्णा ।

विहिबहुमाणी धण्णा, विहिपक्खअदूसगा धण्णा ।।२।। **[सम्बोधप्रकरणे सुगुरु० ३४०]**

आसन्नसिद्धिआणं, विहिपरिणामो उ होइ सयकालं ।

विहिचाओ अविहिभत्ती, अभव्वजियदूरभव्वाणं ।।३।।" **[सम्बोधप्रकरणे देवाधि. १९३] ति ।**

**कृषिवाणिज्यसेवादि भोजनशयनाऽऽसनगमनवचनाद्यपि द्रव्यक्षेत्रकालादिविधिना पूर्णफलवन्नान्यथा, अत एव सकलपुण्यक्रियाप्रान्तेऽविध्याशातनानिमित्तं मिथ्यादुष्कृतं दातव्यमेवेत्यलं प्रसङ्गेन ।।५५।।**

**ટીકાર્થ :-**

**तथा ..... प्रसङ्गेन ।। ૪. સ્મૃતિ અનવધારણ :- અને સ્મૃતિનું=સામાયિકના કરણના અવસરના વિષયવાળી સ્મૃતિનું અથવા કરાયેલા સામાયિકની સ્મૃતિનું, પ્રબલ પ્રમાદના યોગથી અનવધારણ= અનુપસ્થાપન, સામાયિકવ્રતનો અતિચાર છે. આ કહેવાયેલું થાય છે. 'મારે ક્યારે સામાયિક કરવી જોઈએ અથવા મારા વડે સામાયિક કરાયું કે નહીં' એ સ્વરૂપ સ્મરણનો ભ્રંશ અતિચાર છે; કેમ કે મોક્ષ-અનુષ્ઠાનનું સ્મૃતિ મૂલપણું છે. જે કારણથી કહેવાયું છે –**

"પ્રમાદયુક્ત એવો જે શ્રાવક ક્યારે સામાયિક કરવું જોઈએ અને કરાયું અથવા ન કરાયું સ્મરણ કરતો નથી તેનું કરાયેલું પણ તે=સામાયિક, વિફલ જાણવું." ॥૧॥ **(શ્રાવક પ્રજ્ઞપ્તિ-૩૧૬, સંબોધપ્રકરણ-૭/૧૧૦) એ ચોથો અતિચાર છે.**

**૫. અનાદર :- અને અનાદર=અનુત્સાહ=પ્રતિનિયત વેળામાં સામાયિકનું અકરણ અથવા યથા કથંચિત્કરણ અને કરણ અનંતર જ પારણ. જે કારણથી કહેવાયું છે –**

"કરીને=સામાયિક કરીને, તે જ ક્ષણે પારે છે. અથવા યથાઈચ્છાએ કરે છે=જેમ તેમ કરે છે. અનવસ્થિત સામાયિકવાળાનો અનાદર હોવાથી તે=સામાયિક, શુદ્ધ નથી." ॥૧॥ **(શ્રાવક પ્રજ્ઞપ્તિ-૩/૭)**

**અહીં શંકા કરે છે – કાયદુષ્પ્રણિધાનાદિમાં, સામાયિકના નિરર્થકપણાદિના પ્રતિપાદનથી વસ્તુનો= સામાયિકરૂપ વસ્તુનો, અભાવ જ કહેવાયો. અને અતિચાર માલિન્યરૂપ જ છે, એથી કેવી રીતે સામાયિકના અભાવમાં આ=અતિચાર થાય ? આથી આ ભંગો જ છે અતિચારો નથી.**

**આ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –**

**અનાભોગથી અતિચારપણું છે.**

'નનુ'થી શંકા કરે છે – 'દ્વિવિધ'-'ત્રિવિધ'થી સાવદ્યનું પ્રત્યાખ્યાન સામાયિક છે અને ત્યાં=સાવદ્યના પ્રત્યાખ્યાનમાં, કાયદુષ્પ્રણિધાનાદિમાં પચ્ચક્ખાણનો ભંગ હોવાથી સામાયિકનો અભાવ જ છે. અને તત્ ભંગજનિત પ્રાયશ્ચિત્ત વિધેય થાય=કાયદુષ્પ્રણિધાનાદિમાં સામાયિકના ભંગજનિત પ્રાયશ્ચિત્ત કર્તવ્ય થાય, અને મનનું દુષ્પ્રણિધાન અશક્ય પરિહારવાળું છે; કેમ કે મનનું અનવસ્થિતપણું છે. આથી=મનઃદુષ્પ્રણિધાનમાં સામાયિકના ભંગની પ્રાપ્તિ હોવાથી, સામાયિકના સ્વીકારથી સામાયિકનો અસ્વીકાર જ શ્રેયકારી છે. જે કારણથી કહ્યું છે –

'અવિધિથી કરાયેલા અનુષ્ઠાનથી નહીં કરાયેલું સારું છે.' ()

'इति' શબ્દ શંકાની સમાપ્તિ માટે છે.

તેનો ઉત્તર આપતાં કહે છે –

એ પ્રમાણે નથી. જે કારણથી સામાયિક દ્વિવિધ-ત્રિવિધથી સ્વીકારેલું છે અને ત્યાં મન-વચન અને કાયાથી સાવદ્ય હું કરું નહીં અને હું કરાવું નહીં એ પ્રકારે ૬ પ્રત્યાખ્યાનો છે. એથી એક પ્રત્યાખ્યાનના ભંગમાં પણ શેષનો સદ્ભાવ હોવાથી=એક પ્રત્યાખ્યાનમાં ભંગમાં પણ બાકીનાં પાંચ પ્રત્યાખ્યાનનો સદ્ભાવ હોવાથી અને મિથ્યાદુષ્કૃતથી મનઃ દુષ્પ્રણિધાન માત્રની શુદ્ધિ હોવાથી સામાયિકનો અત્યંત અભાવ નથી. સર્વવિરતિ સામાયિકમાં પણ તે પ્રકારે સ્વીકાર છે=મનગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃતથી શુદ્ધિ છે તે પ્રકારે સ્વીકાર છે. જે કારણથી ગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. જેને કહે છે –

"બીજો અતિચાર અસમિતિમાં છે અથવા ખરેખર સહસા અગુપ્તનો છે." ()

એથી સમિતિ આદિના ભંગ રૂપ બીજો અતિચાર અનુતાપથી શુદ્ધ થાય છે. એ પ્રમાણે અર્થ છે. એથી સ્વીકારથી=સામાયિકના સ્વીકારથી, અસ્વીકાર=સામાયિકનો અસ્વીકાર, શ્રેયકારી નથી. વળી સાતિચાર અનુષ્ઠાનથી પણ અભ્યાસને કારણે કાલથી નિરતિચાર અનુષ્ઠાન થાય છે એ પ્રમાણે સૂરિ કહે છે. જેને કહે છે –

"ઘણા જન્મના અનુસરણવાળો અભ્યાસ પણ પ્રાયઃ શુદ્ધ થાય છે." ()

'इति' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

બાહ્ય પણ=અન્યદર્શનવાળા પણ, કહે છે –

"ક્રિયાનો અભ્યાસ કૌશલ્યને પ્રાપ્ત કરાવે છે. એક વખત નિપાત માત્રથી પાણીનું બિંદુ પણ પથ્થરમાં નિમ્નતાને ધારણ કરતું નથી જ." અર્થાત્ ઘણાં બિંદુના પાતથી પથ્થરમાં ઘસારાને કારણે ખાડો પડે છે. (તેમ ઘણા અભ્યાસથી જીવ ક્રિયામાં કુશળ બને છે.)

'અને અવિધિથી કરાયેલા અનુષ્ઠાનથી ન કરવું સારું' એ વચન યુક્ત નથી; કેમ કે આનું='અવિધિથી કરાયેલા અનુષ્ઠાનથી ન કરવું સારું' એ વચનનું, અસૂયાવચનપણું છે=ઉચિતક્રિયા પ્રત્યે દ્વેષરૂપ છે. જેને કહે છે –

"અવિધિથી કરાયેલા કરતાં નહીં કરાયેલું સારું છે. અસૂયાવચન સમયને જાણનાર કહે છે. જે કારણથી નહીં કરવામાં ગુરુ પ્રાયશ્ચિત્ત છે. કરવામાં=અવિધિથી પણ અનુષ્ઠાન કરવામાં, લઘુ પ્રાયશ્ચિત્ત છે." **()**

**તે કારણથી ધર્માનુષ્ઠાન નિરંતર કરવું જ જોઈએ. પરંતુ તેને=ધર્માનુષ્ઠાનને, કરતા પુરુષે સર્વશક્તિથી વિધિમાં યત્ન કરવો જોઈએ, આ જ શ્રદ્ધાળુનું લક્ષણ છે. અને કહે છે –**

"શક્તિમાન શ્રદ્ધાળુ વિધિસાર જ અનુષ્ઠાન સેવે છે. દ્રવ્યાદિ દોષથી નિહત પણ તેમાં=વિધિમાં, પક્ષપાતને ધારણ કરે છે. ।।૧।। **(ધર્મરત્ન પ્રકરણ ગા. ૯૧)**

ધન્ય જીવોને વિધિનો યોગ છે=પરિપૂર્ણ વિધિપૂર્વક અનુષ્ઠાનનું સેવન છે. વિધિના પક્ષના આરાધકો સદા ધન્ય છે. વિધિના બહુમાની ધન્ય છે. વિધિ પક્ષના અદૂષકો ધન્ય છે. ।।૨।। **(સંબોધપ્રકરણ સુગુરુ ૩૪૦)**

આસન્નસિદ્ધિ જીવોને હંમેશાં વિધિનો પરિણામ હોય છે. અભવ્ય જીવ અને દુર્ભવ્યોને વિધિનો ત્યાગ અને અવિધિથી ભક્તિ હોય છે." ।।૩।। **(સંબોધપ્રકરણ - દેવાધિ૰ ૧૯૩)**

**કૃષિ-વાણિજ્ય સેવાદિ ભોજન-શયન-આસન-ગમન-વચનાદિ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિની વિધિથી પૂર્ણ ફલવાળાં છે. અન્યથા નથી. આથી જ સકલ પુણ્યક્રિયાના પ્રાંતમાં=સકલ ધર્મક્રિયાના અંતમાં, અવિધિ-આશાતનાના નિમિત્તે મિથ્યાદુષ્કૃત્ય આપવું જોઈએ જ. એથી પ્રસંગથી સર્યું. ।।૫૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે પ્રતિદિન પોતાનાં નિયત કૃત્યો ઉચિત કાળે કરવાં તે કર્તવ્ય છે. જે શ્રાવક સામાયિક વ્રત ગ્રહણ કરે છે તે શ્રાવક પ્રતિદિન કે અમુક દિવસ માટે મારે સામાયિક કરવું જોઈએ તેવી પ્રતિજ્ઞા કરે છે અને કરેલી તે પ્રતિજ્ઞાનું શ્રાવકે નિત્ય સ્મરણ રાખવું જોઈએ. જેથી વિસ્મરણ વગર સામાયિકના ઉચિત કાળે સામાયિકની ક્રિયા કરે અને કોઈ લાભાલાભનું કારણ હોય અને સામાયિકના નિયત કાળમાં ફેરફાર કરવાનો આવે તોપણ નિત્ય સામાયિકના ગ્રહણ કરવાના કાળનું સ્મરણ કર્યા પછી આજે આ પ્રકારનો વિશેષ લાભ છે. માટે સામાયિકના સમય વખતે હું અત્યારે સામાયિક કરતો નથી, છતાં પછી કરીશ એવો સંકલ્પ કરે છે. પરંતુ તેવું કોઈ કારણ ન હોય તો સામાયિક કરવાના ઉચિત કાળે શ્રાવક અવશ્ય સામાયિક કરે અને જે શ્રાવક પોતાના ઉચિત કૃત્યની નિત્ય સ્મૃતિ કરવાની પ્રકૃતિવાળા નથી તેઓને સામાયિક કરવાના અવસરનું વિસ્મરણ થાય અને પાછળથી સામાયિક કરે તોપણ સ્મૃતિમાં સામાયિકનું અનવધારણ પ્રબલ પ્રમાદદોષને કારણે થાય છે તે સામાયિક વ્રત માટે અતિચાર છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સામાયિક વ્રતના અર્થીએ શક્તિ હોય તો નિયતકાળે જ સામાયિક કરવાનો સંકલ્પ કરવો જોઈએ. નિયતકાળે જ ભગવાનની પૂજા કરવી જોઈએ. કોઈક કારણથી તે નિયતકાળે જ કરવું અશક્ય જણાય તોપણ તે કાળે સામાયિક કરવાના કૃત્યનું સ્મરણ કરવું જોઈએ; કેમ કે મોક્ષના અનુષ્ઠાનની નિત્ય સ્મૃતિ રાખવાથી મોક્ષ પ્રત્યે રાગ સ્થિર રહે છે. અને ઉચિતકાળે તે અનુષ્ઠાન કરવાનો પ્રયત્ન થાય છે. સામાયિક કરવામાં ઉચિતકાળનું વિસ્મરણ થયું તે બતાવે છે કે ચિત્તમાં સામાયિક કરવાના કાળનું સ્મરણ રાખવાની તે જીવની પ્રકૃતિ નથી. તેથી તે પ્રકારનો સામાયિક પ્રત્યે આદર નથી. તે રૂપ પ્રબલ પ્રમાદ દોષ છે.

વળી, કોઈ શ્રાવક ઉચિતકાળે સામાયિક ગ્રહણ કરે ત્યારે પણ હું સામાયિકમાં છું તેથી સામાયિકના પરિણામોની વૃદ્ધિ થાય એ રીતે જ મારે મન-વચન-કાયાને પ્રવર્તાવવાં જોઈએ. એ પ્રકારે શ્રાવકે સામાયિક કરવું જોઈએ. જેથી સ્વશક્તિ અનુસાર સમભાવના પરિણામરૂપ સામાયિકની પ્રાપ્તિ થાય. પરંતુ સામાયિકના કાળ દરમ્યાન સ્વાધ્યાયાદિ કરતી વખતે પણ મારા વડે સામાયિકના પરિણામમાં યત્ન કરાયો કે ન કરાયો ? એ પ્રકારનું સ્મરણ જે શ્રાવકને થતું નથી તે સામાયિકનો અતિચાર છે; કેમ કે સ્મૃતિ વગર કરાયેલું સામાયિક નિષ્ફળ છે. છતાં સામાયિક વ્રત લીધેલું છે તેથી બાહ્ય ચેષ્ટાથી સામાયિક ઉચ્ચરાવે છે અને સ્વાધ્યાયાદિ કરે છે એટલો વ્રતનો સાપેક્ષ પરિણામ છે. એથી વ્રતભંગ નથી પણ અતિચાર છે એમ કહેલ છે. આમ છતાં સામાયિક દરમ્યાન મારે સામાયિકના પરિણામમાં યત્ન કરવો જોઈએ તેવું સ્મરણ જેઓ રાખતા નથી તેનું અનુષ્ઠાન વિફલ જ છે. માટે શ્રાવકે સામાયિકના ઉચિતકાળનું સ્મરણ સદા રાખવું જોઈએ. જેથી સામાયિકના અકરણકાળમાં પણ સામાયિક પ્રત્યે રાગનો અધ્યવસાય રહે છે અને ઉચિતકાળે સામાયિક કરવાનો પરિણામ રહે છે. અને ઉચિતકાળે સામાયિક કરે છે ત્યારે પણ હું સામાયિકમાં છું માટે સામાયિકના પરિણામની નિષ્પત્તિને અનુકૂળ મારે યત્ન કરવો જોઈએ એ પ્રકારે સ્મૃતિપૂર્વક સામાયિક જે શ્રાવક કરે છે તેનું સામાયિક ક્યારેક યોગદુષ્પ્રણિધાનથી સ્ખલના પામતું હોય તોપણ સામાયિક પ્રત્યેના રાગના પરિણામને કારણે સફળ બને છે.

વળી, સામાયિકનું વિસ્મરણ સામાયિકમાં અતિચાર છે તેમ સામાયિક કરવામાં અનુત્સાહ સામાયિક વ્રતમાં અતિચાર છે.

સામાયિકમાં અનુત્સાહ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

પ્રતિનિયત વેળાએ સામાયિક ન કરે અથવા યથાકથંચિત્ કરે. અને સામાયિક કર્યા પછી તરત પારે. તે અનુત્સાહ જ છે.

આશય એ છે કે સામાયિકની સ્મૃતિ રાખવાની ટેવ નથી તેવો શ્રાવક સામાયિકના ઉચિતકાળનું સ્મરણ રાખતો નથી. અને જે શ્રાવકને સામાયિકના ઉચિતકાળનું સ્મરણ છે તોપણ તે ઉચિતકાળે સામાયિક કરવામાં જેને ઉત્સાહ થતો નથી અને વિચારે છે કે અત્યારે નહીં પછી કરીશ. એમ કરીને સામાયિક કરે છે તે બતાવે છે કે સામાયિક પ્રત્યે તીવ્ર બદ્ધરાગ નથી. જે શ્રાવકને સામાયિક પ્રત્યે તીવ્ર બદ્ધરાગ હોય તેને સામાયિકનો સમય આવે કે તરત જ સામાયિક કરવાનો ઉત્સાહ થાય છે. માટે જે શ્રાવકો અનુકૂળતાના સમયે સામાયિક કરનારા છે તે શ્રાવકોને સામાયિક પ્રત્યેના અનાદરના પરિણામરૂપ અતિચારની પ્રાપ્તિ છે; કેમ કે સામાયિક વ્રત લીધું છે તેથી સામાયિક કરે છે. છતાં પ્રતિનિયત વેળામાં સામાયિક કરવાનો ઉત્સાહ થતો નથી માટે સામાયિક પ્રત્યે બદ્ધરાગ નથી તેથી પોતાની અનુકૂળતા પ્રમાણે ગમે ત્યારે સામાયિક કરે છે.

વળી, સામાયિક કરવાના કાળમાં મારે સમભાવને અનુકૂળ ઉચિત યત્ન કરવો જોઈએ તે પ્રકારના ઉત્સાહથી જે શ્રાવક સામાયિક કરતા નથી પરંતુ જેમ-તેમ સામાયિક કરે છે, માટે સામાયિકના અધ્યવસાય

પ્રત્યે બદ્ધરાગ નથી અને બાહ્યથી સામાયિકની ક્રિયા કરે છે માટે સામાયિકના અનાદરરૂપ અતિચારની તે શ્રાવકને પ્રાપ્તિ છે.

વળી જે શ્રાવકને સામાયિકની પ્રવૃત્તિમાંથી આનંદ પ્રાપ્ત થતો નથી તેથી સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકને પારવાના અભિમુખ પરિણામવાળા છે તેથી સામાયિકનો સમય પૂરો થાય તે પહેલાં જ સામાયિક પારે છે. તે સર્વ પ્રવૃત્તિમાં સામાયિક પ્રત્યે અનાદર વર્તતો હોવાથી અતિચારની પ્રાપ્તિ છે. અર્થાત્ સામાયિકના વ્રતના ઉલ્લંઘનની પ્રાપ્તિ છે. ફક્ત સામાયિક ગ્રહણ કર્યું છે માટે સામાયિક કરે છે. તેને આશ્રયીને વ્રતભંગ નથી તેમ કહેલ છે. આમ છતાં અત્યંત અનાદરપૂર્વક જેઓ સામાયિક કરે છે તેના ફળરૂપે તેઓને દુર્ગતિની પ્રાપ્તિ થઈ શકે. માટે કલ્યાણના અર્થી જીવે સામાયિકના અતિચારનું સ્મરણ કરી શક્તિ અનુસાર તેના પરિહાર માટે સદા યત્ન કરવો જોઈએ.

સામાયિકના અતિચારોના કથનમાં કોઈ શંકા કરે છે –

કાયદુષ્પ્રણિધાનાદિમાં સામાયિક નિરર્થક છે એ પ્રકારનું પ્રતિપાદન કરવાથી સામાયિકનો અભાવ જ કહેવાયો. માટે માલિન્યરૂપ અતિચાર છે, એમ કેમ કહી શકાય ? તેના કરતાં સામાયિકવ્રતનો ભંગ જ કહેવો જોઈએ.

તેનો ઉત્તર આપતાં કહે છે –

અનાભોગથી અતિચાર છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવકો સામાયિક પ્રત્યે રાગવાળા છે, શક્તિ અનુસાર સામાયિકના પરમાર્થને જાણવા યત્ન કરે છે તે શ્રાવકોથી સામાયિકના કાળ દરમ્યાન અનાભોગથી કાયદુષ્પ્રણિધાનાદિ થઈ જાય તો સામાયિકના માલિન્યરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે પરંતુ જેઓ સામાયિક દરમ્યાન કાયદુષ્પ્રણિધાનાદિ સેવે છે તેના નિવારણ માટે કોઈ યત્ન કરતા નથી તેઓને પરમાર્થથી સામાયિક વ્રતનો ભંગ જ પ્રાપ્ત થાય છે.

વળી 'નનુ'થી અન્ય શંકા કરે છે –

સામાયિકમાં દ્વિવિધ-ત્રિવિધથી સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરાય છે. અને સામાયિક દરમ્યાન કાયદુષ્પ્રણિધાનાદિ અતિચારમાંથી કોઈ પણ અતિચારની પ્રાપ્તિ થાય તો સાવદ્યપ્રવૃત્તિની પ્રાપ્તિ થાય છે. તેથી સામાયિકનો અભાવ પ્રાપ્ત થાય માટે સામાયિકના ભંગજનિત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય અને નિપુણ પણ શ્રાવકને પ્રાયઃ મનઃદુષ્પ્રણિધાનનો પરિહાર અશક્ય છે; કેમ કે સામાયિકના પ્રારંભથી નિષ્ઠા સુધી સમભાવને અનુકૂળ અસ્ખલિત મનને પ્રવર્તાવવું દુષ્કર છે. તેથી સમભાવને સ્પર્શ કર્યા વગર લેશ પણ અન્ય પદાર્થ વિષયક મનનું ગમન થાય તો સાવદ્યયોગના પ્રત્યાખ્યાનના ભંગની પ્રાપ્તિ થાય. માટે સામાયિકનો સ્વીકાર કરવા કરતાં સામાયિક ગ્રહણ ન કરવું ઉચિત છે; કેમ કે અવિધિથી કરાયેલા અનુષ્ઠાનથી ન કરવું તે શ્રેયકારી છે. આ પ્રકારે કોઈની શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે શ્રાવક દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરે છે તેમના વચન અને કાયાને આશ્રયીને સાવદ્યયોગ હું કરીશ નહીં અને કરાવીશ નહીં અને એ પ્રકારનાં ૬ પચ્ચક્ખાણ કરે છે અને જે શ્રાવક તે છ પચ્ચક્ખાણનું સ્મરણ કરે છે અને તે પ્રકારે પાળવાનો તેનો અધ્યવસાય છે અને કોઈક નિમિત્તે મનની સ્ખલના થાય છે ત્યારે મનથી સાવદ્યયોગના પ્રત્યાખ્યાનના ભંગની પ્રાપ્તિ થાય તોપણ શેષ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનનો સંભવ છે; કેમ કે સાવદ્યયોગના પચ્ચક્ખાણમાં સ્વરૂપનું જ્ઞાન છે. શક્તિ અનુસાર સાવદ્યયોગના પચ્ચક્ખાણનું રક્ષણ કરવા યત્ન કરે છે છતાં અનાદિના પ્રમાદના સ્વભાવને કારણે મનોયોગ માત્રમાં દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થઈ કે કાયયોગ માત્રમાં પણ દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થઈ તોપણ દ્વિવિધ-ત્રિવિધના પચ્ચક્ખાણ પ્રત્યેનો બદ્ધરાગ હોવાથી તેને અનુરૂપ નિરવદ્યભાવને અનુકૂળ અંતરંગ પરિણામ વિદ્યમાન હોવાથી શેષ વિકલ્પથી સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન વિદ્યમાન છે. અને મિથ્યાદુષ્કૃત દેવાથી મનઃદુષ્પ્રણિધાન માત્રની શુદ્ધિની પ્રાપ્તિ છે. માટે સામાયિકનો અત્યંત અભાવ નથી પરંતુ શેષ પાંચ વિકલ્પોથી સાવદ્યયોગનું પચ્ચક્ખાણ વિદ્યમાન છે. અને અનાભોગથી સામાયિકના અધ્યવસાયને છોડીને અન્યત્ર ગયેલા મનના વિકલ્પની શુદ્ધિ મિથ્યાદુષ્કૃતથી થવાથી સામાયિકના પરિણામનું પુનઃ પ્રતિસંધાન થાય છે. માટે મનઃદુષ્પ્રણિધાનનો પરિહાર અશક્ય છે તેવા અવલંબનથી સામાયિક કરવું ઉચિત નથી તેમ કહેવું અસંગત છે; કેમ કે તેમ સ્વીકારવાથી માર્ગનો વિચ્છેદ થાય. વળી, સર્વવિરતિ સામાયિકમાં પણ ગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. તેથી દેશવિરતિ સામાયિકમાં પણ મનોગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત જ સ્વીકારવું જોઈએ. તેથી અભ્યાસદશામાં રહેલા જે શ્રાવકો મન-વચન-કાયાના છ વિકલ્પોને લક્ષમાં કરીને સાવદ્યયોગના પરિહાર માટે ઉચિત યતના કરતા હોય અને કોઈક નિમિત્તે મનઃદુષ્પ્રણિધાન થઈ જાય તેને સામે રાખીને સામાયિક કરવા કરતાં નહીં કરવું સારું એ પ્રકારે કહેવું ઉચિત નથી; કેમ કે સાતિચાર પણ અનુષ્ઠાન અભ્યાસથી જ ઘણા કાળે નિરતિચાર અનુષ્ઠાન થાય છે. આથી જ કહેવાયું છે કે યોગમાર્ગમાં કરાયેલો અભ્યાસ પ્રાયઃ ઘણા જન્મ સુધી અનુસરણ કરીને શુદ્ધ થાય છે. તેથી જે શ્રાવકો સંપૂર્ણ સાવદ્યયોગની નિવૃત્તિના અર્થી છે અને તેના ઉપાય રૂપે સામાયિક દરમ્યાન દ્વિવિધ-ત્રિવિધનું પચ્ચક્ખાણ કરીને સાવદ્યયોગની નિવૃત્તિ કરે છે અને તેમાં પ્રમાદને વશ ક્યારેક સ્ખલના થતી હોય તોપણ વારંવાર તે પ્રમાદની નિંદા કરીને શુદ્ધ સામાયિક કરવા યત્ન કરે છે. તેઓ પણ તે શુદ્ધ સામાયિક કરવાના સંસ્કારના બળથી જન્માન્તરમાં ફરી-ફરી એવી સામગ્રી મળતાં શુદ્ધ સામાયિક કરવા માટે યત્ન કરશે અને ઘણા ભવો સુધી તેવો યત્ન થવાથી અભ્યાસના બળથી શુદ્ધ સામાયિકને પ્રાપ્ત કરશે. વળી, દુષ્કર કાર્ય અભ્યાસથી જ પૂર્ણ શુદ્ધ થાય છે. તેથી અભ્યાસદશામાં સામાયિકમાં થતી સ્ખલનાને સામે રાખીને સામાયિકની પ્રવૃત્તિનો ત્યાગ કરવામાં આવે તો ક્યારેય શુદ્ધ સામાયિક પ્રાપ્ત થાય નહીં અને શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ વગર ક્યારેય સંસારનો અંત થાય નહીં. માટે સંસારના ઉચ્છેદના અર્થીએ સામાયિકમાં દૃઢ રાગ ધારણ કરીને અનાભોગાદિથી પણ કાયદુષ્પ્રણિધાનાદિ અતિચારો ન થાય એ પ્રકારે સદા યત્ન કરવો જોઈએ. છતાં નિમિત્તોને પામીને કોઈ અતિચાર થાય તો તે અતિચારોની શુદ્ધિ કરવા યત્ન કરવો જોઈએ પરંતુ સામાયિક ગ્રહણ કરવા પ્રત્યે ઉપેક્ષા ધારણ કરવી જોઈએ નહિ.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે 'અવિધિથી કરવા કરતાં ન કરવું સારું' એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન છે તે સામાયિક પ્રત્યેના દ્વેષનું વચન છે. ફક્ત જેઓને વિધિનો લેશ પણ રાગ નથી અને જેમતેમ સામાયિક કરે છે અને યથાતથા સામાયિક કરીને સામાયિકની આશાતના કરે છે તેવા જીવોને આશ્રયીને કોઈક સ્થાનમાં કહેવાયું છે કે અવિધિથી કરનારા કરતાં ન કરનારા સારા છે. પરંતુ વિધિના રાગી જીવો વિધિપૂર્વક યત્ન કરતા હોય અને યત્કિંચિત્ અવિધિ થાય એટલા માત્રથી 'અવિધિથી કરનારા કરતાં નહીં કરનારા સારા છે.' તેમ કહેવું ઉચિત નથી; કેમ કે અવિધિથી કરનારાને શાસ્ત્રમાં અલ્પ પ્રાયશ્ચિત્ત કહ્યું છે અને શક્તિ હોવા છતાં જેઓ સામાયિક કરતા નથી તેઓને અધિક પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તેથી એ ફલિત થાય કે જે શ્રાવકો પોતાની શક્તિ અનુરૂપ ઉચિત અનુષ્ઠાન કરતા નથી તેઓને તે અનુષ્ઠાન નહીં સેવનકૃત અને તે અનુષ્ઠાન પ્રત્યે અનાદર બુદ્ધિકૃત સતત પાપ લાગે છે અર્થાત્ ઘણાં પાપોની પ્રાપ્તિ છે. જેઓ પોતાની શક્તિનું સમાલોચન કરીને શક્તિ અનુસાર સામાયિકાદિ ઉચિત અનુષ્ઠાન કરે છે તેઓને સામાયિકાદિ અનુષ્ઠાન પ્રત્યે રાગ વર્તતો હોવાથી અને ભગવાનના વચનાનુસાર શુદ્ધ અનુષ્ઠાન કરવાની ઇચ્છા હોવાથી સામાયિક દરમ્યાન કોઈ સ્ખલના થાય તેટલા પ્રમાદકૃત અલ્પ પાપની પ્રાપ્તિ છે. માટે શ્રાવકે પોતાની શક્તિ અનુસાર ધર્માનુષ્ઠાન નિરંતર જ સેવવો જોઈએ અને અનુષ્ઠાનના સેવનકાળમાં સર્વ શક્તિથી વિધિમાં યત્ન કરવો જોઈએ. જેથી ભગવાનના વચન પ્રત્યેના રાગને કારણે પાપની પ્રાપ્તિ થાય નહીં. આ પ્રકારે વિધિ અનુસાર અનુષ્ઠાન કરવાની તીવ્ર રુચિ છે તે શ્રદ્ધાળુ શ્રાવકનું લક્ષણ છે અને આથી જ 'ધર્મરત્ન પ્રકરણ'માં કહ્યું છે કે ભગવાનના વચનમાં શ્રદ્ધાવાળો શ્રાવક શક્તિ પ્રમાણે સર્વ ઉચિત અનુષ્ઠાનો , વિધિપૂર્વક જ સેવે છે. અને દ્રવ્ય-ક્ષેત્ર આદિ પ્રતિકૂળ હોય જેના કારણે તે અનુષ્ઠાન કરી શકે તેમ ન હોય તોપણ સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન સેવવા માટે વિધિના પક્ષપાતને ધારણ કરે છે. જેને સ્વભૂમિકાનુસાર વિધિપૂર્વક અનુષ્ઠાન કરવાનો પક્ષપાત છે તેવો શ્રાવક વિધિમાં થતી યત્કિંચિત્ સ્ખલનાનું આલંબન લઈને ક્યારેય અનુષ્ઠાનનો ત્યાગ કરે નહિ. પરંતુ અનુષ્ઠાનમાં થતી સ્ખલનાના નિવારણ અર્થે સદા યત્ન કરે. આથી જ 'સંબોધ પ્રકરણ'માં કહ્યું છે કે પુણ્યશાળી જીવોને વિધિનો યોગ હોય છે. અર્થાત્ ભૂતકાળમાં ઘણો ધર્મ સેવીને શક્તિનો સંચય કર્યો છે તેવા પુણ્યશાળી જીવો વિધિપૂર્વક અનુષ્ઠાન કરી શકે છે. વળી, જેઓને વિધિનો અત્યંત રાગ છે તેઓને અનુષ્ઠાનમાં કોઈ સ્ખલના થતી હોય તોપણ સદા વિધિપક્ષના આરાધક છે તેઓ પણ ધન્ય છે. વળી, જેઓ વિધિપૂર્વક અનુષ્ઠાન કરી શકતા નથી, ઘણી સ્ખલનાઓ થાય છે, છતાં વિધિશુદ્ધ અનુષ્ઠાન કરવા પ્રત્યે બહુમાનભાવ ધારણ કરે છે તેઓ પણ ધન્ય છે; કેમ કે વિધિ પ્રત્યેના બહુમાનને કારણે જ તેઓના અવિધિના દોષો ક્ષીણ શક્તિવાળા થાય છે. વળી જેઓ વિધિનું શ્રવણ કરે છે ત્યારે વિધિ પ્રત્યે દ્વેષભાવ ધારણ કરતા નથી તેઓ વિધિપક્ષના અદૂષકો છે તે પણ ધન્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ મહાત્મા સામાયિકાદિ ઉચિત અનુષ્ઠાન અંતરંગ અને બાહ્ય વિધિથી અત્યંત સંવેગના પરિણામપૂર્વક કરે અને તે સાંભળીને જેઓને તે રીતે અનુષ્ઠાન કરવાની પ્રીતિ થાય છે, પરંતુ તે વિધિ પ્રત્યે દ્વેષ થતો નથી તેઓ પણ ધન્ય છે; કેમ કે વિધિના અદ્વેષરૂપ પ્રથમ યોગાંગને પામેલા છે. તેથી તેઓ પણ ક્રમસર ઉત્તરોત્તરની ભૂમિકાને પામીને વિધિપૂર્વક ક્રિયા કરનારા થશે.

વળી, 'સંબોધ પ્રકરણ'માં કહેલ છે કે જેઓ સદા સર્વ અનુષ્ઠાન વિધિપૂર્વક સેવી શકે છે તેઓ અલ્પકાળમાં અવશ્ય મોક્ષમાં જાય છે અને જેઓ વિધિનો ત્યાગ કરે છે અને અવિધિમાં ભક્તિવાળા છે અર્થાત્ અવિધિપૂર્વક જ અનુષ્ઠાન કરવાની વૃત્તિવાળા છે; કેમ કે મોહના ઉદયથી મોહની વૃદ્ધિ થાય તે પ્રકારે ધર્મ કરવાની તેઓની વૃત્તિ છે તે અભવ્ય અને દુર્ભવ્ય જીવો છે. આથી જ દુર્ભવ્ય અને અભવ્યના જીવો ક્યારેક બાહ્યથી ચારિત્રની સર્વ ક્રિયાઓ યથાર્થ કરે છે તોપણ વીતરાગ થવાને અનુરૂપ લેશ પણ પરિણામ ધારણ કરતા નથી. આથી જ અનુષ્ઠાનકાળમાં ષટ્કાયના પાલનના પરિણામરૂપ શુભલેશ્યા પણ કરે છે તોપણ ભોગમાં જ સારબુદ્ધિ ધારણ કરે છે માટે તેઓને તે ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિમાં અવિધિની જ ભક્તિ છે; કેમ કે ભગવાને બતાવેલ સર્વ અનુષ્ઠાનો સંવેગગર્ભ હોય છે. તેથી જેઓને લેશ પણ સંવેગનો પરિણામ નથી તેઓ અભવ્ય કે દુર્ભવ્ય જ છે.

વળી, સંસારની સર્વક્રિયાઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિથી વિધિપૂર્વક કરવાથી પૂર્ણ ફલવાળી થાય છે. તેથી સંસારમાં જેઓ વ્યાપાર પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળને સામે રાખીને ઉચિત રીતે કરે છે તેઓને વ્યાપારનું પૂર્ણ ફળ મળે છે. અન્યથા પૂર્ણ ફળ મળતું નથી. તેમ સર્વજ્ઞે કહેલાં સર્વ અનુષ્ઠાન સર્વજ્ઞે બતાવેલ વિધિથી થાય તો પૂર્ણફલવાળાં થાય છે અન્યથા થતાં નથી. અને શ્રાવક પણ સ્વભૂમિકાનુસાર જે અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાન પૂર્ણ વિધિપૂર્વક કરવાની બળવાન ઇચ્છાથી જ કરે છે. છતાં અનાદિના પ્રમાદના દોષને કારણે વિધિમાં જે કંઈ સ્ખલના થાય છે તે સ્ખલનાને અલ્પ કરવા અર્થે ક્રિયાની સમાપ્તિમાં શ્રાવક અવિધિ આશાતના નિમિત્તે મિથ્યાદુષ્કૃત આપે છે. જેથી અનુષ્ઠાનના સેવનકાળમાં સેવન થયેલ અવિધિને કારણે તે અનુષ્ઠાનની જે આશાતના થઈ છે તેના પ્રત્યે દ્વેષ થાય છે જેથી ઉત્તરોત્તરના અનુષ્ઠાનમાં તેવી આશાતના અલ્પ-અલ્પતર થાય અને ક્રમે કરીને વિધિપૂર્ણ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**अधुना देशावकाशिकव्रतातिचारानाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે દેશાવગાસિકવ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**प्रेषणाऽऽनयने शब्दरूपयोरनुपातने ।**
**पुद्गलप्रेरणं चेति, मता देशावकाशिके ।।५६।।**

**અન્વયાર્થ :-**

**प्रेषणाऽऽनयने=પ્રેષણ, આનયન, शब्दरूपयोरनुपातने=શબ્દનો અનુપાત અને રૂપનો અનુપાત, च= અને, पुद्गलप्रेरणं=પુદ્ગલનું પ્રેરણ, इति=એ, देशावकाशिके=દેશાવગાસિક વ્રતમાં, मता=અતિચારો કહેવાયા છે. ।।૫૬।।**

શ્લોકાર્થ :-

પ્રેષણ. આનયન. શબ્દનો અનુપાત, રૂપનો અનુપાત. પુદ્ગલનું પ્રેરણ એ દેશાવગાસિક વ્રતમાં અતિચારો કહેવાયા છે. ।।૫૬।।

ટીકા :-

प्रेषणं चानयनं चेति प्रेषणाऽऽनयने, शब्दश्च रूपं चैतयोरनुपातने=अवतारणे, शब्दानुपातो रूपानुपातश्चेत्यर्थः, पुद्गलप्रेरणं चेति पञ्चातिचारा 'देशावकाशिके' देशावकाशिकनाम्नि व्रते मता ।

अयं भावः—दिग्व्रतविशेष एव देशावकाशिकव्रतम्, इयाँस्तु विशेषो-दिग्व्रतं यावज्जीवं, संवत्सर-चतुर्मासीपरिमाणं वा, देशावकाशिकं तु दिवसप्रहरमुहूर्त्तादिपरिमाणम्, तस्य च पञ्चातिचारास्तद्यथा-

प्रेषणं=भृत्यादेर्विवक्षितक्षेत्राद् बहिः प्रयोजनाय व्यापारणम्, स्वयं गमने हि व्रतभङ्गः स्यादिति अन्यस्य प्रेषणम्, देशावकाशिकव्रतं हि मा भूद्गमनाऽऽगमनादिव्यापारजनितप्राण्युपमर्द इत्यभिप्रायेण गृह्यते, स तु स्वयं कृतोऽन्येन कारित इति न कश्चित्फले विशेषः, प्रत्युत स्वयं गमने ईर्यापथविशुद्धेर्गुणः, परस्य पुनरनिपुणत्वादीर्यासमित्यभावे दोष इति प्रथमोऽतिचारः १ ।

आनयनं-विवक्षितक्षेत्राद् बहिः स्थितस्य सचेतनादिद्रव्यस्य विवक्षितक्षेत्रे प्रापणं सामर्थ्यात्प्रेष्येण, स्वयं गमने हि व्रतभङ्गः स्यात्, परेण त्वानयने न भङ्ग इति बुद्ध्या यदाऽऽनाययति सचेतनादि द्रव्यं तदाऽतिचार इति द्वितीयः २ ।

शब्दस्य=क्षुत्कासितादेरनुपातनं=श्रोत्रेऽवतारणं शब्दानुपातनं, यथा विहितस्वगृहवृतिप्राकारादि-व्यवच्छिन्नभूप्रदेशाभिग्रहः प्रयोजने उत्पन्ने विवक्षितक्षेत्राद् बहिर्व्रतभङ्गभयात्स्वयं गन्तुं, बहिःस्थितं चाह्वातुमशक्नुवन् वृतिप्राकारादिप्रत्यासन्नवर्त्तीभूय कासितादिशब्दम् आह्वानीयानां श्रोत्रेऽनुपातयति, ते च तच्छ्रवणात्तत्समीपमागच्छन्तीति शब्दानुपातननामाऽतिचारस्तृतीयः ३ ।

एवं रूपानुपातनम्, यथा रूपं-शरीरसंबन्धि उत्पन्नप्रयोजनः शब्दमनुच्चारयन्नाह्वानीयानां दृष्टावनुपातयति, तद्दर्शनाच्च तत्समीपमागच्छन्तीति रूपानुपातनाख्योऽतिचारश्चतुर्थः ४ ।

तथा पुद्गलाः—परमाणवस्तत्सङ्घातसमुद्भवा बादरपरिणामं प्राप्ता लोष्टादयोऽपि, तेषां प्रेरणं-क्षेपणम् विशिष्टदेशाभिग्रहे हि सति कार्यार्थी परगृहगमननिषेधाद्यदा लोष्टकान् परेषां बोधनाय क्षिपति, तदा लोष्टातिपातसमनन्तरमेव ते तत्समीपमनुधावन्ति, ततश्च तान् व्यापारयतः स्वयमगच्छतोऽप्यतिचारो भवतीति पञ्चमः ५ ।

इह चाद्यद्वयमव्युत्पन्नबुद्धित्वेन सहसाकारादिना वा, अन्त्यत्रयं तु मायापरतयाऽतिचारतां यातीति विवेकः ।

इहाहुर्वृद्धाः-दिग्व्रतसंक्षेपकरणमणुव्रतादिसङ्क्षेपकरणस्याप्युपलक्षणं द्रष्टव्यम्, तेषामपि सङ्क्षेपस्यावश्यंकर्त्तव्यत्वात्, अत्राह – ननु अतिचाराश्च दिग्व्रतसङ्क्षेपकरणस्यैव श्रूयन्ते, न व्रतान्तरसङ्क्षेपकरणस्य, तत्कथं व्रतान्तरसङ्क्षेपकरणं देशावकाशिकव्रतमिति ? अत्रोच्यते – प्राणातिपातादिव्रतान्तरसङ्क्षेपकरणेषु वधबन्धादय एवातिचाराः, दिग्व्रतसङ्क्षेपकरणे तु सङ्क्षिप्तत्वात्क्षेत्रस्य प्रेष्यप्रयोगादयोऽतिचाराः, भिन्नातिचारसम्भवाच्च दिग्व्रतसङ्क्षेपकरणस्यैव देशावकाशिकत्वं साक्षादुक्तम् ।।५६।।

**ટીકાર્થ :-**

प्रेषणं ..... साक्षादुक्तम् ।। પ્રેષણ અને આનયન એ પ્રેષણ-આનયન છે. અને શબ્દ અને રૂપ એ બેનું અનુપાતન=અવતારણ અર્થાત્ શબ્દ અનુપાત અને રૂપ અનુપાત. અને પુદ્ગલનું પ્રેરણ એ પાંચ અતિચારો દેશાવગાસિકમાં=દેશાવગાસિક નામના વ્રતમાં, કહેવાયા છે.

આ ભાવ છે – દિગ્વ્રતવિશેષ જ=દિશાનું વ્રતવિશેષ જ, દેશાવગાસિકવ્રત છે. વળી, આટલું વિશેષ છે. દિગ્વ્રત જાવજ્જીવ, વર્ષનું અથવા ચાતુર્માસના પરિમાણવાળું છે. વળી દેશાવગાસિક દિવસપ્રહરમુહૂર્તાદિ પરિમાણવાળું છે અને તેના=દેશાવગાસિક વ્રતના, પાંચ અતિચારો છે તે આ પ્રમાણે છે.

૧. પ્રેષણ :- પ્રેષણ=માણસો આદિને વિવક્ષિત ક્ષેત્રથી બહાર પ્રયોજન માટે વ્યાપારવાળા કરવા. હિ=જે કારણથી, સ્વયં ગમનમાં વ્રતભંગ થાય એથી અન્યને પ્રેષણ. દેશાવગાસિક વ્રત ગમન-આગમનાદિ વ્યાપાર જનિત પ્રાણી ઉપમર્દ ન થાય એ અભિપ્રાયથી ગ્રહણ કરાય છે. વળી તે=કૃત્ય, સ્વયં કૃત કે અન્ય વડે કારિત હોય એથી ફ્લમાં કોઈ વિશેષ નથી=આરંભ-સમારંભ થવા રૂપ ફ્લમાં કોઈ ભેદ નથી. ઊલટું સ્વયં ગમનમાં ઈર્યાપથવિશુદ્ધિનો ગુણ છે. વળી, પરનું અનિપુણપણું હોવાથી ઈર્યાસમિતિના અભાવમાં દોષ છે એ 'પ્રેષણ' પ્રથમ અતિચાર છે.

૨. આનયન :- આનયન=વિવક્ષિત ક્ષેત્રથી બહાર રહેલ સચેતનાદિ દ્રવ્યનું વિવક્ષિત ક્ષેત્રમાં લાવવું. સામર્થ્યથી માણસ દ્વારા લાવવું 'हि' જે કારણથી, સ્વયં ગમનમાં વ્રતભંગ થાય. વળી પર દ્વારા આનયનમાં ભંગ નથી=વ્રતભંગ નથી, એ બુદ્ધિથી જ્યારે સચેતનાદિ દ્રવ્ય મંગાવે છે ત્યારે અતિચાર છે એ 'આનયન' બીજો અતિચાર છે.

૩. શબ્દનો અનુપાત :- ખોંખારા આદિનો અનુપાતન=કાનમાં અવતારણ શબ્દ અનુપાતન છે. જે પ્રમાણે વિહિત સ્વગૃહની વૃત્તિ ભીંત પ્રાકારાદિ વ્યવચ્છિન્ન ભૂ પ્રદેશના અભિગ્રહવાળો પ્રયોજન ઉત્પન્ન થયે છતે વિવક્ષિત ક્ષેત્રથી બહાર વ્રતભંગના ભયથી સ્વયં જવા માટે અને બહિર્સ્થિતને બોલાવવા માટે અસમર્થ ઘરની વૃત્તિ=ભીંત અને પ્રાકારાદિ પ્રતિ આસન્નવર્તી થઈને ખોંખારાદિ

શબ્દને બોલાવવા યોગ્યના કાનમાં અનુપાત કરે છે અને તે=તે શ્રોતા, તેના શ્રાવણથી તેની સમીપમાં આવે છે એ શબ્દ અનુપાતન નામનો ત્રીજો અતિચાર છે.

૪. રૂપ અનુપાતન :- એ રીતે=જે રીતે શબ્દ દ્વારા બહિર્ક્ષેત્રથી બોલાવે છે એ રીતે, રૂપનું અનુપાતન. જે પ્રમાણે ઉત્પન્ન પ્રયોજનવાળો=ક્ષેત્રની મર્યાદા કરીને રહેલો શ્રાવક બહારના ક્ષેત્રમાં કોઈક કાર્ય કરવાના ઉત્પન્ન પ્રયોજનવાળો, શબ્દને નહીં ઉચ્ચારતો બોલાવવા યોગ્ય પુરુષની દૃષ્ટિમાં શરીર સંબંધી રૂપને અનુપાત કરે છે=દેખાડે છે અને તેના દર્શનથી બહાર રહેલો પુરુષ તેની સમીપમાં આવે છે. એ રૂપ અનુપાતન નામનો ચોથો અતિચાર છે.

૫. પુદ્ગલ પ્રેરણ :- અને પુદ્ગલો=પરમાણુઓ, તેના સંઘાતથી ઉત્પન્ન થયેલા બાદર પરિણામને પામેલા માટીનાં ઢેફાં આદિ પણ પુદ્ગલો છે. તેઓનું=પુદ્ગલોનું, પ્રેરણ=ક્ષેપન અર્થાત્ વિશિષ્ટ દેશનો અભિગ્રહ હોતે છતે=પરિચિત ક્ષેત્રથી અધિક નહીં જવાનો અભિગ્રહ હોતે છતે, કાર્યનો અર્થી એવો શ્રાવક પરઘરમાં જવાનો નિષેધ હોવાને કારણે જ્યારે ઢેફાં આદિ પરના બોધ માટે નાંખે છે ત્યારે ઢેફાના અતિપાત સમનન્તર જ તેઓ તેની સમીપમાં આવે છે. અને ત્યાર પછી તેઓને વ્યાપાર કરાવતા=પોતાનું પ્રયોજન બતાવતા અને સ્વયં નહીં જતા પણ શ્રાવકને અતિચાર થાય છે. એ 'પુદ્ગલ પ્રેરણ' નામનો પાંચમો અતિચાર છે.

અહીં=પાંચ અતિચારમાં, પ્રથમના બે=પ્રેષણ અને આનયન, અવ્યુત્પન્ન બુદ્ધિપણાને કારણે અથવા સહસાત્કારાદિથી થાય છે. વળી પાછળના ત્રણ અતિચાર=શબ્દ અનુપાતન, રૂપ અનુપાતન, પુદ્ગલ પ્રેરણ માયામાં તત્પરપણાથી અતિચારતાને પામે છે એ પ્રકારનો વિવેક છે=ભેદ છે.

અહીં વૃદ્ધો કહે છે – દિશાના વ્રતનું સંક્ષેપકરણ અણુવ્રતાદિના સંક્ષેપકરણનું પણ ઉપલક્ષણ જાણવું; કેમ કે તેઓનું પણ=અણુવ્રતાદિનું પણ, સંક્ષેપનું અવશ્ય કર્તવ્યપણું છે.

અહીં કહે છે=શંકા કરે છે – અતિચારો દિગ્વ્રતના સંક્ષેપકરણના જ સંભળાય છે. વ્રતાન્તરના સંક્ષેપકરણના સંભળાતા નથી. તેથી વ્રતાન્તરનું સંક્ષેપકરણ દેશાવગાસિક વ્રત કેવી રીતે થાય? અર્થાત્ થાય નહિ. તે પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

પ્રાણાતિપાતાદિ વ્રતાન્તરના સક્ષેપકરણમાં વધ-બંધાદિ જ અતિચારો છે. વળી, દિગ્વ્રતના સંક્ષેપકરણમાં ક્ષેત્રનું સંક્ષિપ્તપણું હોવાથી પ્રેષ્ય પ્રયોગાદિ અતિચારો છે અને ભિન્ન અતિચારનો સંભવ હોવાથી=દિગ્વ્રત કરતાં દેશાવગાસિક વ્રતમાં ભિન્ન અતિચારનો સંભવ હોવાથી, દિગ્વ્રત સંક્ષેપકરણનું જ દેશાવકાસિકપણું સાક્ષાત્ કહેવાયું. ।।૫૬।।

**ભાવાર્થ :-**

શ્રાવક પોતે આરંભ-સમારંભની પ્રવૃત્તિવાળો છે અને સંપૂર્ણ નિરારંભ જીવન તેને પ્રિય છે છતાં ધનાદિની મૂર્ચ્છા છોડી શકે તેમ નથી. ધનાદિની મૂર્ચ્છાને સંક્ષેપ કરવા અર્થે વ્રતો ગ્રહણ કરે છે. અને તેમાં

પણ વિશેષથી છઠ્ઠા વ્રતમાં દિશાનું પરિમાણ કરે છે, જેથી ધનાદિની મૂર્ચ્છાને વશ બહારના ક્ષેત્રના આરંભ-સમારંભથી નિવર્તન પામે છે અને આ રીતે છઠ્ઠા વ્રતથી ક્ષેત્રનો સંકોચ કરેલ હોવા છતાં પ્રતિદિન અધિક ક્ષેત્રનો સંકોચ કરીને તે ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં થતા આરંભ-સમારંભથી નિવૃત્તિ કરવા અર્થે શ્રાવક દેશાવગાસિક વ્રત ગ્રહણ કરે છે. તે દેશાવગાસિક વ્રત જઘન્યથી બે ઘડી અને ઉત્કૃષ્ટથી એક દિવસનું શ્રાવક ગ્રહણ કરે છે. આ રીતે વ્રત ગ્રહણ કર્યા પછી પણ જીવ સ્વભાવસહજ લોભને વશ તે ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં રહેલી વસ્તુને પ્રાપ્ત કરવાનું પ્રયોજન ઉત્પન્ન થાય ત્યારે અવિવેકના કારણે શ્રાવક વિચારે કે મેં ક્ષેત્રની મર્યાદાથી બહાર નહીં જવાની પ્રતિજ્ઞા કરી છે. તેથી પોતે બહાર જતો નથી તો પણ, કોઈ દ્વારા બહારના ક્ષેત્રમાં વસ્તુ મોકલે ત્યારે બહારના ક્ષેત્રમાં વસ્તુને મોકલવાથી તે ક્ષેત્રમાં થતા આરંભ-સમારંભને કારણે શ્રાવકનું વ્રત મલિન થાય છે; કેમ કે બહારના ક્ષેત્રમાં થતા આરંભ-સમારંભની નિવૃત્તિ અર્થે શ્રાવકે દેશાવગાસિક વ્રત ગ્રહણ કરેલ છતાં કોઈકને મોકલીને બીજા પાસે તે પ્રકારનું કાર્ય કરાવે તો તે બહારના ક્ષેત્રમાં આરંભ-સમારંભની પ્રવૃત્તિ થાય છે. આથી વ્રતનું આરંભ-સમારંભની નિવૃત્તિરૂપ ફળ પ્રાપ્ત થતું નથી. ઊલટું પોતે વિવેકસંપન્ન હોય તો જીવરક્ષાના યત્નપૂર્વક બહારના ક્ષેત્રમાં જઈ તે કાર્ય કરે. જ્યારે બીજાને મોકલે ત્યારે તે જનાર પુરુષ અનિપુણ હોવાથી ઇર્યાસમિતિ આદિની યતના વગર જાય તો પ્રતિજ્ઞાના ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં અધિક આરંભ-સમારંભની પ્રાપ્તિ થાય છે. માટે પરમાર્થથી વ્રતનું ઉલ્લંઘન જ છે. ફક્ત મુગ્ધતાને કારણે તે શ્રાવક વિચારે છે કે હું બહારના ક્ષેત્રમાં જતો નથી માટે મારો વ્રતભંગ નથી. તેથી શ્રાવકમાં વ્રતનું રક્ષણ કરવાનો જેટલો પરિણામ છે તેટલા અંશથી વ્રતનો રાગ હોવાને કારણે 'પ્રેષણ' અતિચાર કહેલ છે.

વળી, જેમ બહારના ક્ષેત્રમાં કોઈ વસ્તુ મોકલાવે તેમ બહારના ક્ષેત્રથી કોઈ વસ્તુ બીજા પાસેથી મંગાવે ત્યારે 'આનયન' અતિચારની પ્રાપ્તિ થાય છે. વાસ્તવિક રીતે વ્રતની મર્યાદાથી બહારના ક્ષેત્રમાં આરંભ-સમારંભની નિવૃત્તિના પ્રયોજનથી વ્રત ગ્રહણ કરાય છે અને કોઈને તે ક્ષેત્રમાં મોકલવામાં આવે અને વસ્તુ મંગાવવામાં આવે ત્યારે બહારના ક્ષેત્રમાં આરંભ-સમારંભ કરાવીને વસ્તુની પ્રાપ્તિ કરવાનો અધ્યવસાય થાય છે તેથી વ્રત મલિન થાય છે. ફક્ત મુગ્ધતાને કારણે તે શ્રાવકને લાગે છે કે બહારના ક્ષેત્રમાં હું જતો નથી. બીજા દ્વારા મંગાવું છું માટે મારું વ્રત નાશ પામતું નથી. તેવી મુગ્ધ બુદ્ધિ હોવાને કારણે અતિચાર છે.

'પ્રેષણ' અને 'આનયન' આ બંને અતિચારો મુગ્ધતાથી થાય છે કે સહસાત્કારથી થાય છે. જે શ્રાવકને બોધ છે કે બહારના ક્ષેત્રમા આરંભ-સમારંભની મનોવૃત્તિના સંવર અર્થે મેં આ દેશાવગાસિક વ્રત ગ્રહણ કરેલ છે, તે શ્રાવક બહારના ક્ષેત્રમાં આરંભ-સમારંભ કરાવવાનો વિચાર પણ કરે નહિ. તેથી બીજાને મોકલીને બહારના ક્ષેત્રનું કાર્ય પણ કરે નહિ; કેમ કે કર્મબંધની પ્રાપ્તિ અસંવરભાવથી છે અને સંવૃત ચિત્ત જેટલું હોય તેટલો કર્મબંધ અટકે છે તેથી વિવેકસંપન્ન શ્રાવક ક્ષેત્રની મર્યાદા કર્યા પછી મર્યાદાની બહારના ક્ષેત્રમાં કાર્ય કરવાનો વિચાર માત્ર કરતો નથી. એટલું જ નહીં પણ કાલાવધિ પછી તે-તે ક્ષેત્રમાંથી તે-તે વસ્તુ મંગાવીશ કે મોકલીશ ઇત્યાદિ વિચાર પણ શ્રાવક વ્રતની અવધિકાલમાં કરતો નથી અને વિચારે છે

કે સંપૂર્ણ નિરવદ્યજીવન જીવનાર સાધુઓ ક્યાંય મમત્વવાળા નહીં હોવાથી તેઓને કોઈ પ્રકારના આરંભ-સમારંભ કૃત લેશ પણ કર્મબંધ થતો નથી. જ્યારે તુચ્છ બાહ્ય પદાર્થોના પ્રયોજનવાળો હું છું તેથી આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરીને કર્મ બાંધું છું પરંતુ તે આરંભ-સમારંભનો હું એ રીતે સંકોચ કરું કે જેથી મારું ચિત્ત તેટલા કાળ સુધી આરંભ-સમારંભથી સંવૃત થઈને સંયમની શક્તિના સંચયને અનુકૂળ બને. આવો વિવેકસંપન્ન શ્રાવક સ્વપ્નમાં પણ 'પ્રેષણ' અને 'આનયન' રૂપ અતિચાર સેવે નહિ.

વળી, કોઈ શ્રાવકને દેશાવગાસિક વ્રત ગ્રહણ કર્યા પછી તેવા પ્રકારના મોહના પરિણામને કારણે બહારના ક્ષેત્રથી વસ્તુનું પ્રયોજન ઉપસ્થિત થાય અને વ્રતના પરિણામ કરતાં મોહના પરિણામ પ્રબળ હોવાથી તે વસ્તુની પ્રાપ્તિના અર્થે શબ્દ દ્વારા, રૂપ દેખાડી કે પુદ્ગલનો પ્રક્ષેપ કરીને બહારના ક્ષેત્રમાં રહેલા પુરુષને બોલાવવા પ્રયત્ન કરે છે.

વસ્તુતઃ વ્રતમર્યાદાનુસાર તે જાણે છે કે મારાથી બહારના ક્ષેત્રમાંથી કોઈને બોલાવી શકાય નહિ. આથી સાક્ષાત્ શબ્દોથી પોતે બોલાવતો નથી. તેથી કંઈક વ્રતના રક્ષણનો પરિણામ છે પરંતુ વ્રતથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાની ઉત્કટ ઇચ્છા થઈ છે. તેથી આત્મવંચના કરીને બહારના ક્ષેત્રથી કોઈકને બોલાવવા પ્રયત્ન કરે છે તે વખતે સંવરનો ભાવ નથી. પરંતુ લીધેલી પ્રતિજ્ઞાથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાનો પરિણામ છે તેથી વિશેષ પ્રકારના કર્મબંધનું કારણ અને વ્રત ઉલ્લંઘનનો પરિણામ છે તોપણ કંઈક વ્રત પ્રત્યેનો રાગ છે તેથી સાક્ષાત્ બહારના ક્ષેત્રમાંથી કોઈ વ્યક્તિને શબ્દથી બોલાવતો નથી તેટલા શુભભાવને કારણે શબ્દ અનુપાત, રૂપ અનુપાત અને પુદ્ગલનું પ્રેરણ આદિ ત્રણને અતિચાર કહેલ છે.

અહીં જ્ઞાનવૃદ્ધ પુરુષો કહે છે કે દેશાવગાસિક વ્રત છઠ્ઠા દિગ્વ્રતના વ્રતને સંક્ષેપ કરવા સ્વરૂપ છે. ઉપલક્ષણથી સ્થૂલ પ્રાણાતિપાતવિરમણાદિ અણુવ્રતોના પણ સંક્ષેપકરણ સ્વરૂપ છે. તેથી વિવેકી શ્રાવકો પ્રતિદિન શક્તિ અનુસાર મુહૂર્તાદિ કાલ પ્રમાણ ક્ષેત્રનો સંકોચ કર્યા પછી હિંસાદિ આરંભની નિવૃત્તિ અર્થે અણુવ્રતોનો પણ વિશેષ સંકોચ કરવો જોઈએ. જેથી કેટલાક કાળ સુધી તે ક્ષેત્રમાં પણ શક્ય એટલા આરંભ-સમારંભનું નિવર્તન કરીને ધર્મપ્રધાન ચિત્ત નિષ્પન્ન થાય.

અહીં પ્રશ્ન થાય કે દેશાવગાસિક વ્રતથી જેમ દિશાનો સંકોચ કરાય છે તેમ અન્ય અણુવ્રતોનો પણ સંકોચ કરાતો હોત તો તે વ્રતોને આશ્રયીને પણ દેશાવગાસિક વ્રતમાં અતિચારનું કથન શાસ્ત્રકારે કરેલ હોય. અને શાસ્ત્રમાં તો દેશાવગાસિક વ્રતમાં માત્ર દિશાના સંકોચને આશ્રયીને અતિચારોનું કથન છે. તેથી અન્ય વ્રતોના સંકોચનું ઉપલક્ષણ દેશાવગાસિક વ્રત છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

અન્ય વ્રતોના સંકોચમાં તે-તે વ્રતોના અતિચારોની જ પ્રાપ્તિ છે. અન્ય કોઈ અતિચારોની પ્રાપ્તિ નથી. જ્યારે દેશાવગાસિક વ્રતથી દિશાના પરિમાણને સંકોચ કરવાને કારણે દિગ્વ્રતના અતિચારો કરતાં દેશાવગાસિકવ્રતના જુદા અતિચારો પ્રાપ્ત થાય છે. તેથી દેશાવગાસિકવ્રતમાં દિશાના સંકોચના જ અતિચારનું કથન છે. અન્ય વ્રતના અતિચારનું કથન નથી. **॥૫૬॥**

**અવતરણિકા :-**

इत्युक्ता देशावकाशिकव्रतातिचाराः, अथ पोषधोपवासव्रतस्य तानाह –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે દેશાવગાસિક વ્રતના અતિચારો કહેવાયા. હવે પોષધોપવાસ વ્રતના તેઓને=અતિચારોને, કહે છે –

**શ્લોક :-**

संस्तारादानहानान्यप्रत्युपेक्ष्याप्रमृज्य च ।
अनादरोऽस्मृतिश्चेत्यतिचाराः पोषधव्रते ।।५७।।

**અન્વયાર્થ :-**

अप्रत्युपेक्ष्याप्रमृज्य च संस्तारआदानहानानि=અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને સંથારો કરવો, અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને વસ્તુનું ગ્રહણ કરવું અને અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને વસ્તુનો ત્યાગ કરવો, च=અને, अनादरोऽस्मृतिः=અનાદર-અસ્મૃતિ, इति=એ, पोषधव्रते=પોષધવ્રતમાં, अतिचाराः=અતિચારો છે. ।।૫૭।।

**શ્લોકાર્થ :-**

**૧. અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને સંથારો કરવો ૨. અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને વસ્તુનું ગ્રહણ કરવું ૩. અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને વસ્તુનો ત્યાગ કરવો ૪. અનાદર અને ૫. અસ્મૃતિ એ પૌષધવ્રતમાં અતિચારો છે. ।।૫૭।।**

**ટીકા :-**

संस्तारादिपदत्रयाणां द्वन्द्वः, तेनाप्रत्युपेक्ष्याप्रमृज्य चेति प्रत्येकं सम्बध्यते, ततोऽप्रत्युपेक्ष्याप्रमृज्य च संस्तारः, अप्रत्युपेक्ष्याप्रमृज्य चादानम्, अप्रत्युपेक्ष्याप्रमृज्य च हानम्, अनादरोऽस्मृतिश्चेति पञ्चातिचाराः पोषधव्रते ज्ञेया इति सम्बन्धः ।

तत्र संस्तीर्यते प्रतिपन्नपोषधव्रतेन दर्भकुशकम्बलीवस्त्रादिः स संस्तारः, संस्तारशब्दश्च शय्योपलक्षणम्, तत्र शय्या=शयनं, सर्वाङ्गीणं वसतिर्वा, संस्तारश्चार्द्धतृतीयहस्तप्रमाणः, स च प्रत्युपेक्ष्य प्रमार्ज्य च कर्त्तव्यः, प्रत्युपेक्षणं=चक्षुषा निरीक्षणम्, प्रमार्जनं च=वस्त्रप्रान्तादिना तस्यैव शुद्धीकरणम्, अथाप्रत्युपेक्ष्याप्रमृज्य च संस्तारकं करोति तदा पोषधव्रतमतिचरतीति प्रथमोऽतिचारः १ ।

आदानं=ग्रहणं यष्टिपीठफलकादीनाम्, तदपि यष्ट्यादीनां निक्षेपस्योपलक्षणम्, तेनोभयमपि

प्रत्युपेक्ष्य प्रमृज्य च कार्यम्, अप्रत्युपेक्षितस्याप्रमार्जितस्य चादानं निक्षेपश्चातिचार इति द्वितीयः २।

हानं चोत्सर्गस्त्याग इतियावत् 'ओहाक् त्यागे' [धातुपाठे २।७३] इत्यस्य धातोः प्रयोगात्, तच्चोच्चारप्रश्रवणखेलसिङ्घाणकादीनां प्रत्युपेक्ष्य प्रमृज्य च स्थण्डिलादौ कार्यम्, अप्रत्युपेक्ष्याप्रमृज्य चोत्सर्जनमतिचार इति तृतीयः ३ ।

इह चाप्रत्युपेक्षणेन दुष्प्रत्युपेक्षणमप्रमार्जनेन च दुष्प्रमार्जनं सङ्गृह्यते, नञः कुत्सार्थस्यापि दर्शनात्, यथा कुत्सितो ब्राह्मणोऽब्राह्मणः, यत्सूत्रम् 'अप्पडिलेहिअदुप्पडिलेहिअसिज्जासंथारे, अप्पमज्जियदुप्पमज्जिअसिज्जासंथारए, अप्पडिलेहिअदुप्पडिलेहिअउच्चारपासवणभूमी, अप्पमज्जि-अदुप्पमज्जिअउच्चारपासवणभूमि' [उपासकदशाङ्गे सू. ७] त्ति ३ ।

तथाऽनादरः=अनुत्साहः पोषधव्रतप्रतिपत्तिकर्त्तव्यतयोरिति चतुर्थः ४ । तथाऽस्मृतिः=अस्मरणं तद्विषयैवेति पञ्चमः ५ ।।५७।।

**ટીકાર્થ :-**

संस्तारादिपदत्रयाणां ..... पञ्चमः ५ ।। સંસ્તારાદિપદત્રયનો=સંથારો, આદાન અને હાન રૂપ પદત્રયનો, દ્વન્દ્વ સમાસ છે, તે કારણથી અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જન કરીને એ પદ પ્રત્યેક સાથે સંબંધ કરાય છે. તેથી અપ્રત્યુપ્રેક્ષણ કરીને અને અપ્રમાર્જન કરીને સંથારો કરવો, અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જન કરીને વસ્તુનું ગ્રહણ કરવું અને અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જન કરીને વસ્તુનો ત્યાગ કરવો, અનાદર=પોષધવ્રતમાં અનાદર અને અસ્મૃતિ=પોષધવ્રતની અસ્મૃતિ, એ પાંચ અતિચારો પોષધવ્રતમાં જાણવા.

ત્યાં=પાંચ અતિચારોમાં,

૧. અપ્રત્યુપેક્ષિતઅપ્રમાર્જિતસંસ્તારકકરણ :- સ્વીકારેલા પૌષધવ્રતવાળા પુરુષથી દર્ભ-કુશ-કમ્બલી-વસ્ત્રાદિ પથરાય છે તે સંથારો છે અને સંથારો શબ્દ શય્યાનું ઉપલક્ષણ છે. ત્યા શય્યા-શયન અથવા સર્વાંગીણ વસતી છે=પૌષધ માટેની ભૂમિ છે, અને સંથારો સાડા ત્રણ હાથ પ્રમાણ છે. અને તે=સંથારો, ભૂમિને જોઈને અને પ્રમાર્જન કરીને કર્તવ્ય છે. પ્રત્યુપેક્ષણ ચક્ષુથી નિરીક્ષણ છે. અને પ્રમાર્જન વસ્ત્રના છેડા આદિ વડે તેનું જ=ભૂમિનું જ, શુદ્ધીકરણ છે. હવે ચક્ષુથી પ્રત્યુપેક્ષણ કર્યા વગર અને વસ્ત્રના છેડા આદિથી પ્રમાર્જના કર્યા વગર સંથારો કરે તો પૌષધવ્રતને અતિચરણ કરે છે. એ પ્રથમ અતિચાર છે.

૨. આદાન :- આદાન=ગ્રહણ લાકડી-પીઠ-ફલકાદિનું છે. તે પણ લાકડી આદિના નિક્ષેપનું ઉપલક્ષણ છે=મૂકવાનું ઉપલક્ષણ છે. તેથી ઉભય પણ=લેવું અનેમૂકવું બંને પણ, જોઈને અને પ્રમાર્જન કરીને કરવું જોઈએ. અપ્રત્યુપેક્ષિતનું અને અપ્રમાર્જિતનું ગ્રહણ અને નિક્ષેપ અતિચાર છે એ બીજો અતિચાર છે.

**૩. હાન :- અને હાન=ઉત્સર્ગ=ત્યાગ છે; કેમ કે 'ओहाक् त्यागे' એ પ્રકારના આ ધાતુનો પ્રયોગ છે અને તે=ત્યાગ, ઉચ્ચાર=વિષ્ટા, પ્રશ્રવણ=મૂત્ર, ખેલ=શ્લેષ્મ (થૂંક-બળખા) સિંઘાણ=નાસિકાનો મેલ આદિનું શુદ્ધ ભૂમિમાં પ્રત્યુપેક્ષણ કરીને અને પ્રમાર્જના કરીને ત્યાગ કરવો જોઈએ. અપ્રત્યુપેક્ષણ કરીને અને અપ્રમાર્જના કરીને ત્યાગ અતિચાર છે. એ ત્રીજો અતિચાર છે.**

**અને અહીં અપ્રત્યુપેક્ષણથી દુષ્પ્રત્યુપેક્ષણ અને અપ્રમાર્જનથી દુષ્પ્રમાર્જનનો સંગ્રહ કરાય છે; કેમ કે અપ્રત્યુપેક્ષણ અને અપ્રમાર્જનામાં જે 'ન' કાર અર્થમાં 'અ' શબ્દ છે. તેના કુત્સા અર્થનું પણ દર્શન છે. જે પ્રમાણે કુત્સિત બ્રાહ્મણ અબ્રાહ્મણ. જે પ્રમાણે સૂત્ર છે –**

"અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત શય્યા-સંથારો છે. અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યા અને સંથારો છે. અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત મલમૂત્રની ભૂમિ છે. અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત મલમૂત્રની ભૂમિ છે." **(ઉપાસકદશાંગસૂત્ર - સૂ. ૭)**

**૪. અનાદર :- અને અનાદર=અનુત્સાહ, પૌષધવ્રતના સ્વીકાર અને કર્તવ્યતાનો અનુત્સાહ છે.**

**૫. અસ્મૃતિ :- અને અસ્મૃતિ=અસ્મરણ, તદ્વિષય જ=પોષધવ્રતના સ્વીકાર અને કર્તવ્યતાના વિષય જ, અસ્મરણ એ પાંચમો અતિચાર છે. ।।૫૭।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુની જેમ પાંચ ઇંદ્રિય અને છટ્ઠા મનના સંવરપૂર્વક અને ષટ્જીવનિકાયની યતનાપૂર્વક સંયમનું પાલન થાય તેમ બાર પ્રકારની અવિરતિના ત્યાગરૂપ ચારિત્રની પરિણતિને પ્રગટ કરવાર્થે પૌષધવ્રત ગ્રહણ કરે છે. તેથી જેમ સાધુનું ચિત્ત સંસારના સર્વ ભાવોથી પર વીતરાગના વચનાનુસાર ઉચિતપ્રવૃત્તિ કરીને વીતરાગ થવા યત્ન કરે છે તે વખતે સંયમ અર્થે કોઈ પ્રવૃત્તિ કરવાનું પ્રયોજન હોય તો કાંટાથી આકર્ણિક ભૂમિમાં ગમનની જેમ યતનાપૂર્વક ક્રિયા કરે છે. તેમ શ્રાવક પણ પૌષધ દરમ્યાન પાંચ ઇંદ્રિય અને મનને સંવૃત કરીને જિનવચનથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે. સંયમના પ્રયોજનથી કોઈક પ્રવૃત્તિ કરે ત્યારે જીવરક્ષાર્થે સર્વ ઉચિત યતનાપૂર્વક અવશ્ય પ્રવૃત્તિ કરે છે. આમ છતાં અનાદિનો ભવ અભ્યસ્ત પ્રમાદ હોવાથી જીવરક્ષામાં ઉચિત યતના ન થાય તેવી પ્રવૃત્તિને આશ્રયીને ત્રણ અતિચારોની પ્રાપ્તિ છે. ૧. સંથારો કરવાને આશ્રયીને ૨. વસ્તુ ગ્રહણ કરવા અને મૂકવાને આશ્રયીને ૩. શરીરના મલ-મૂત્રાદિના ત્યાગને આશ્રયીને અતિચારોની પ્રાપ્તિ થાય છે. તેમાં સંથારા શબ્દથી પૌષધ માટે બેસવાનું આસન ગ્રહણ થાય છે. રાત્રે સૂવાનો સંથારો ગ્રહણ થાય છે અને પૌષધ માટે સ્વીકારાયેલ ઉચિત વસતી ગ્રહણ થાય છે.

પૌષધ દરમ્યાન શ્રાવક ચક્ષુથી ભૂમિનું અને સંથારાનું અવલોકન કરીને કોઈ જીવ નથી તેનો સમ્યક્ નિર્ણય કર્યા પછી ભૂમિનું પ્રમાર્જન કરે અને તેના પર આસન અને સંથારો પાથરે અને ઉચિત કાળે તે વસતીનું પ્રમાર્જન કરે અને તે કાર્ય કરવામાં અનાભોગ-સહસાત્કારથી સમ્યક્ પ્રત્યુપેક્ષણ કરવામાં ન આવે કે અપ્રત્યુપેક્ષણ કરવામાં આવે અને કદાચ સમ્યક્ પ્રત્યુપેક્ષણ કરેલ હોય તોપણ સમ્યક્ પ્રમાર્જન કરવામાં ન આવે કે દુષ્પ્રમાર્જન કરવામાં આવે તો પૌષધકાળ દરમ્યાન ષડ્જીવનિકાયના પાલનનો અધ્યવસાય

મલિન થાય છે. તેથી અતિચારની પ્રાપ્તિ થાય છે. જેઓ અનાભોગ સહસાત્કારથી તે રીતે આસનાદિ પાથરે છે જેથી અતિચારની પ્રાપ્તિ થાય છે તેઓને કંઈક વ્રતનો પરિણામ છે છતાં અણીશુદ્ધ વ્રત પાળવા માટે બદ્ધરાગ નથી. તેથી તે પ્રકારે પ્રમાદ થાય છે. માટે પૌષધવ્રત મલિન થાય છે અને જેઓ ઉપયોગ વગર જ સંથારો - આસન પાથરતા હોય કે વસતીનું પ્રમાર્જન કરતા હોય તેઓને ષટ્કાયના પાલનનો પરિણામ જ નથી. ફક્ત મુગ્ધતાથી પૌષધવ્રત પ્રત્યે કંઈક રાગ છે. તેથી પૌષધ કરે છે તોપણ વિશેષ બોધના અભાવને કારણે પૌષધવ્રતના સેવનથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય તેવા શ્રાવકો કરી શકતા નથી અને જે શ્રાવકો બાર પ્રકારની વિરતિના પરિણામપૂર્વક સર્વ યતનાથી સતત પ્રવૃત્તિ કરે છે તેઓ જ પૌષધવ્રતના બળથી સર્વવિરતિની શક્તિનો સંચય કરી શકે છે.

વળી, જેમ પૌષધ દરમ્યાન સંથારાને પાથરવામાં ઉચિત યતનાની અપેક્ષા છે. તેમ પૌષધ દરમ્યાન સ્વાધ્યાયાદિ અર્થે પીઠ-ફલકાદિનું ગ્રહણ આવશ્યક જણાય અને વૃદ્ધાદિ અવસ્થાને કારણે લાકડી આદિનું ગ્રહણ આવશ્યક જણાય ત્યારે તેના ગ્રહણ અને નિક્ષેપમાં પણ ઉચિત પ્રત્યુપેક્ષણ અને પ્રમાર્જના વિવેકસંપન્ન શ્રાવક અવશ્ય કરે. છતાં પ્રમાદને વશ અનાભોગાદિથી સમ્યક્ પ્રત્યુપેક્ષણ ન કરાયું હોય કે સમ્યક્ પ્રમાર્જના ન કરાઈ હોય ત્યારે વસ્તુના ગ્રહણ અને નિક્ષેપને આશ્રયીને અતિચારની પ્રાપ્તિ થાય છે. જેનાથી ષટ્કાયના પાલનનો અધ્યવસાય મલિન થાય છે. તેથી શ્રાવકે પોષધ દરમ્યાન અત્યંત દયાળુ ચિત્ત કરીને સર્વ ઉચિત યતના કરવી જોઈએ. જેથી અનાભોગાદિથી પણ વસ્તુનું ગ્રહણ અને નિક્ષેપ ઉચિત પ્રમાર્જના વગર થાય નહીં અને પ્રયોજન ન હોય તો કોઈ વસ્તુનું ગ્રહણ કર્યા વગર સતત પાંચ ઇંદ્રિય અને મનનો સંવર વૃદ્ધિ પામે તે રીતે શાસ્ત્રથી આત્માને ભાવિત કરવા શ્રાવકે યત્ન કરવો જોઈએ.

વળી, પૌષધ દરમ્યાન શરીરના મલાદિના ત્યાગની આવશ્યકતા જણાય ત્યારે પણ જે સ્થાનમાં મલાદિ ત્યાગ કરવાના હોય તે સ્થાન જીવાકુલ નથી તેનું અત્યંત ઉપયોગપૂર્વક અવલોકન કરીને અને ચક્ષુના અવિષયભૂત પણ કોઈ જીવ ન મરે તે માટે ઉચિત પ્રમાર્જના કરવી જોઈએ. અને ત્યારપછી જ મલાદિનો ત્યાગ કરવો જોઈએ કે જેથી જીવરક્ષાનો પરિણામ લેશ પણ મ્લાન ન થાય. અનાભોગાદિથી પણ કોઈ સ્ખલના થાય તો અતિચારની પ્રાપ્તિ થાય અને જેઓ તે પ્રકારની ઉચિત યતના કરતા નથી તેઓને ષટ્કાયના પાલનનો અધ્યવસાય જ નથી તેથી પોષધવ્રતનો પરિણામ જ નથી, ફક્ત ઓઘથી પોષધની ક્રિયાનો રાગ છે તેથી પોષધ કરે છે. તેટલા અંશમાં પોષધ ફલવાન છે. આ રીતે જીવરક્ષા અર્થે ઉચિત યતનાને આશ્રયીને ત્રણ અતિચારો બતાવ્યા પછી પોષધવ્રતની ક્રિયામાં ઉચિત સંવરભાવની સ્ખલનામાં થતા અતિચારો બતાવે છે.

શ્રાવક માટે પૌષધવ્રત આત્માને ધર્મમય બનાવવાને અનુકૂળ ઉત્તમ ક્રિયા છે. તેથી શ્રાવકને પૌષધવ્રત ગ્રહણ કરવાનો અત્યંત ઉત્સાહ હોય છે અને પૌષધવ્રત ગ્રહણ કરે ત્યારથી બાર પ્રકારની અવિરતિનો ત્યાગ કરીને વિરતિના પરિણામને ઉલ્લસિત કરવાનો અત્યંત ઉત્સાહ હોય છે. આમ છતાં જે શ્રાવકે પૌષધવ્રત ગ્રહણ કરેલ છે અને તે પ્રમાણે પર્વતિથિએ પોષધ કરે છે તોપણ આજનો મારો દિવસ સફળ છે કે જેથી હું સર્વ પાપોનો ત્યાગ કરીને સર્વવિરતિને અનુકૂળ મહાશક્તિનો સંચય કરીશ એ પ્રકારના

સંકલ્પપૂર્વક પોષધવ્રત સ્વીકારતી વખતે ઉત્સાહ નથી અને પૌષધવ્રત દરમ્યાન બાર પ્રકારની અવિરતિના પરિહાર માટે ઉચિત કર્તવ્યતાનો યત્ન નથી તેથી તે પ્રકારે દઢ યત્ન થતો નથી તે અનાદરરૂપ અતિચાર છે. અને જે શ્રાવકથી અનાભોગાદિથી ક્યારેક અતિચાર થાય છે, છતાં સતત ઉત્સાહપૂર્વક પોષધવ્રતની ક્રિયામાં દઢ યત્ન કરે છે તેઓમાં પોષધવ્રતથી ગુણ વૃદ્ધિ થાય છે. તોપણ અનાભોગાદિથી થતા અતિચારને કારણે ગુણવૃદ્ધિને અનુકૂળ વ્યાપાર મ્લાન થાય છે. અને જેઓ મુગ્ધતાથી પોષધ સ્વીકારે છે તેઓને આ પોષધવ્રત આત્મામાં મહાગુણના આધાનનું પ્રબળ કારણ છે તેવો કોઈ બોધ નહીં હોવાથી અને પૌષધની સર્વ ક્રિયાઓથી બાર પ્રકારની અવિરતિનો ઉચ્છેદ કરીને વિરતિના બળને સંચય કરનાર છે તેવો કોઈ બોધ નહીં હોવાથી તે પ્રકારના કર્તવ્યમાં કોઈ પ્રકારનો ઉત્સાહ નથી તેઓનો પોષધ સર્વવિરતિની શક્તિના સંચયનું કારણ બનતો નથી. છતાં તેઓને પોષધવ્રત પ્રત્યે કંઈક રાગ છે તેટલા અંશે તેમનું પોષધવ્રત સફળ છે.

વળી, જેઓને પોષધવ્રત મારા માટે અત્યંત કલ્યાણનું કારણ છે, ઉત્તમ ચિત્તનિષ્પત્તિનું બીજ છે, તેવી સ્મૃતિ વર્તે છે તેવા શ્રાવકો પોષધ કરવાના દિવસનું સતત સ્મરણ રાખે છે. જેથી પોષધને અનુકૂળ પર્વ દિવસ આવે ત્યારે ચિત્ત અત્યંત ઉત્સાહિત બને છે. પરંતુ જેઓના ચિત્તમાં તે પ્રકારની સ્મૃતિ નથી તેઓને ઉચિત કાળે પોષધ કરવાનું અસ્મરણ થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. વળી પોષધ ગ્રહણ કર્યા પછી ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ પાંચ ઇંદ્રિય અને મનના સંવર વિષયક ઉચિત કર્તવ્યનું જેઓને વિસ્મરણ છે તેઓને અસ્મૃતિરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે. વળી, જે શ્રાવકો પોષધ દરમિયાન પોતાના કર્તવ્યનું સતત સ્મરણ રાખીને ગુણવૃદ્ધિને અનુકૂળ સર્વ ઉચિત ક્રિયા કરે છે, તોપણ અનાભોગાદિથી ક્યારેક ઉચિત કૃત્યના અસ્મરણને કારણે અને મન અન્યથા વ્યાપારવાળું થાય છે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. જે મુગ્ધ શ્રાવકોને પોષધ દરમ્યાન પાંચ ઇંદ્રિય અને મનના સંવર કરવા વિષયક કોઈ સ્મરણ નથી તેઓ પોષધવ્રત દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિ કરતા નથી તોપણ મુગ્ધતાથી પોષધવ્રત પ્રત્યેનો રાગ હોવાથી તેટલા અંશમાં તેમની પોષધની ક્રિયા સફળ છે. ફક્ત વિવેકસંપન્ન શ્રાવક પોષધના પરમાર્થને જાણીને તેના સર્વ અતિચારોને સ્મૃતિમાં રાખીને શુદ્ધ પોષધ કરવા યત્ન કરે છે છતાં અનાભોગાદિથી સ્ખલના પામે છે ત્યારે અસ્મરણરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે. તોપણ તે અતિચારનું સ્મરણ કરીને અને તે અતિચારની નિંદા-ગર્હા કરીને શુદ્ધ પોષધ પાળવા યત્ન કરે છે તેવા શ્રાવકનો પોષધ અવશ્ય સર્વવિરતિની શિક્ષાનું કારણ બને છે તેથી તે શ્રાવકનું શિક્ષાવ્રત સફળ બને છે. **॥૫૭॥**

**અવતરણિકા :-**

**इत्युक्ताः पोषधव्रतातिचाराः, अथातिथिसंविभागव्रतस्य तानाह –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે પૌષધવ્રતના અતિચારો કહેવાયા છે. હવે અતિથિસંવિભાગ વ્રતના તેઓને=અતિચારોને, કહે છે –**

શ્લોક :-

सचित्ते स्थापनं तेन, स्थगनं मत्सरस्तथा ।
काललङ्घोऽन्यापदेश, इति पञ्चान्तिमे व्रते ।।५८।।

અન્વયાર્થ :-

सचित्ते स्थापनं=સચિત્તમાં સ્થાપન, तेन स्थगनं=તેનાથી સ્થગન=સચિત્તથી સ્થગન, मत्सरः=મત્સર, तथा=અને, काललङ्घोऽन्यापदेशः=કાલનો લંઘ=કાલનું ઉલ્લંઘન અને અન્યનો અપદેશ, इति=એ, पञ्च=પાંચ અતિચાર, अन्तिमे व्रते=અંતિમ વ્રતમાં, છે. ।।૫૮।।

શ્લોકાર્થ :-

**સચિત્તમાં સ્થાપન, સચિત્તથી સ્થગન, મત્સર, કાલનું ઉલ્લંઘન અને અન્યનો અપદેશ એ પાંચ અંતિમ વ્રતમાં અતિચારો છે. ।।૫૮।।**

ટીકા :-

सचित्ते स्थापनम्, तेन स्थगनम्, मत्सरः, काललङ्घोऽन्यापदेशश्चेति पञ्चातिचारा 'अन्तिमे व्रते' अतिथिसंविभागनाम्नि ज्ञेया इत्यन्वयः ।

तत्र सचित्ते-सचेतने पृथिवीजलकुम्भोपचुल्लीधान्यादौ स्थापनं=साधुदेयभक्तादेर्निक्षेपणम्, तच्चादानबुद्ध्या मातृस्थानतो निक्षिपतीति प्रथमः १ ।

तेन-सचित्तेन कन्दपत्रपुष्पफलादिना तथाविधयैव बुद्ध्या स्थगनं=पिधानमिति द्वितीयः २ ।

तथा मत्सरः-कोपः यथा साधुभिर्याचितः कोपं करोति, सदपि मार्गितं न ददाति अथवा अनेन तावद्रङ्केण याचितेन दत्तम्, किमहं ततोऽप्यून? इति मात्सर्याद्ददाति, अत्र परोन्नतिवैमनस्यं मात्सर्यम्, यदुक्तमनेकार्थसंग्रहे श्रीहेमसूरिभिः –

"मत्सरः परसम्पत्त्यक्षमायां तद्वति क्रुधि" [३/५७९] इति तृतीयः ३ ।

तथा कालस्य=साधूचितभिक्षासमयस्य लङ्घो=लङ्घनमतिक्रम इतियावत्, अयमभिप्रायः-कालं न्यूनमधिकं वा ज्ञात्वा साधवो न ग्रहीष्यन्ति ज्ञास्यन्ति च यथाऽयं ददातीत्येवं विकल्पतो दानार्थमभ्युत्थानमतीचार इति चतुर्थः ४ ।

तथाऽन्यस्य=परस्य सम्बन्धीदं गुडखण्डादीत्यपदेशो=व्याजोऽन्यापदेशः, यदनेकार्थसंग्रहे –

"अपदेशस्तु कारणे व्याजे लक्ष्येऽपि" [४/३१०] इति ।

अयं भावः-परकीयमेतत्तेन साधुभ्यो न दीयते इति साधुसमक्षं भणनम्, जानन्तु साधवो यद्यस्यैतद्भक्तादिकं भवेत् तदा कथमस्मभ्यं न दद्यात् ? इति साधुसंप्रत्ययार्थम्, अथवाऽस्माद्दानात् मम मात्रादेः पुण्यमस्त्विति भणनमिति पञ्चमः ५ ।

इत्थमतिचारभावना उपासकदशाङ्गवृत्त्यनुसारेणोक्ता, तत्र ह्याभोगेनापि विधीयमाना एते अतीचार-त्वेनैव समर्थिताः, तथा चैतत्पाठः-

"एते अतिचारा एव, न भङ्गा, दानार्थमभ्युत्थानाद्दानपरिणतेश्च दूषितत्वात्" [उपाशकदशाङ्गवृत्तिः १/६] भङ्गस्वरूपस्य चेहैवमभिधानात् यथा –

"दाणंतरायदोसा, न देइ दिज्जंतयं च वारेइ ।

दिण्णे वा परितप्पइ, इइ किविणत्ता भवे भङ्गो ।।१।।" त्ति ।

धर्मबिन्दु-योगशास्त्रवृत्त्यादौ तु "यदाऽनाभोगादिनाऽतिक्रमादिना वा एतानाचरति तदाऽतिचाराः, अन्यथा तु भङ्गा एव" [धर्मबिन्दुटीका प. ४५, तुला-योगशास्त्रटीका प. ५६४] ति भावितम्, निश्चयस्तु केवलिगम्यः ।

**ટીકાર્થ :-**

सचित्ते ..... केवलिगम्यः ।। સચિત્તમાં સ્થાપન, સચિત્તથી સ્થગન, મત્સર, કાલનું ઉલ્લંઘન અને અન્યનો અપદેશ એ પાંચ અતિચાર અંતિમ વ્રતમાં=અતિથિસંવિભાગ નામના અંતિમ વ્રતમાં, જાણવા. ત્યાં=પાંચ અતિચારમાં,

૧. સચિત્તમાં સ્થાપન :- સચિત્તમાં=સચેતન એવા પૃથ્વી-જલ-કુંભ ઉપચુલ્લી ધાન્યાદિમાં સ્થાપન=સાધુને આપવા યોગ્ય ભક્તાદિનું નિક્ષેપણ, અને તે=સચિત્તમાં સ્થાપન, અદાનબુદ્ધિને કારણે માતૃસ્થાનથી=માયાથી, નિક્ષેપ કરે છે એ પ્રથમ અતિચાર છે.

૨. સચિત્તથી સ્થગન :- તેનાથી=સચિત્તથી=સચિત્ત એવાં કંદ-પત્ર-પુષ્પ-ફલાદિથી તેવા પ્રકારની જ બુદ્ધિથી=અદાન બુદ્ધિના કારણે માતૃસ્થાનથી સ્થગન=પિધાન=સાધુને આપવા યોગ્ય ભક્તાદિનું પિધાન એ બીજો અતિચાર છે.

૩. મત્સર :- અને મત્સર=કોપ, જે પ્રમાણે સાધુ વડે યાચિત=યાચના કરાયેલો શ્રાવક, કોપ કરે છે. વિદ્યમાન પણ માંગેલ વસ્તુ આપતો નથી. અથવા યાચિત એવા આ રંક વડે=દરિદ્ર વડે, અપાયું છે. હું શું તેનાથી પણ ન્યૂન છું ? એ પ્રકારે માત્સર્યથી=દરિદ્ર પ્રત્યેના માત્સર્યથી, આપે છે. અહીં=દાનની ક્રિયામાં, પરની ઉન્નતિનું વૈમનસ્ય માત્સર્ય છે. જે કારણથી અનેકાર્થસંગ્રહમાં શ્રી હેમસૂરિ વડે કહેવાયું છે –

"મત્સર પરની સંપત્તિની અક્ષમામાં તદ્વાન્માં=પરની સંપત્તિવાળામાં ક્રોધ." (યોગશાસ્ત્ર ૩/૫૭૯) એ=માત્સર્ય, ત્રીજો અતિચાર છે.

**૪. કાલનો લંઘ :- અને કાલનું=સાધુને ઉચિત ભિક્ષા સમયનું લંઘન=અતિક્રમ, આ અભિપ્રાય છે. કાલ ન્યૂન અથવા અધિક જાણીને સાધુઓ ગ્રહણ કરશે નહીં અને જાણશે નહીં જે પ્રમાણે આ આપે છે. આ પ્રકારના વિકલ્પથી દાન માટે અભ્યુત્થાન અતિચાર છે. એ ચોથો અતિચાર છે.**

**૫. અન્ય અપદેશ :- અને અન્યનું=પરના સંબંધી આ ગુડ-ખાંડ આદિ છે એ પ્રકારનો અપદેશ= વ્યાજ=કથન, અન્ય અપદેશ છે. જે કારણથી 'અનેકાર્થસંગ્રહ'માં કહેવાયું છે –**

"વળી અપદેશ કારણમાં, વ્યાજમાં અને લક્ષ્યમાં પણ છે." **(અનેકાર્થસંગ્રહ-૪/૩૧૦)**

**આ ભાવ છે – આ પરકીય છે તેથી સાધુને અપાતું નથી એ પ્રમાણે સાધુની સમક્ષ બોલે. જે કારણથી સાધુઓ જાણે આનું આ ભક્તાદિ છે તો કેમ અમને ન આપે ? એ પ્રમાણે સાધુને બોધ કરાવવા માટે સાધુ સમક્ષ બોલે એમ પૂર્વ સાથે સંબંધ છે. અથવા આ દાનથી મારાં માતા-પિતા આદિને પુણ્ય થાય એ પ્રમાણે બોલવું. એ=અન્ય અપદેશ, પાંચમો અતિચાર છે.**

**એ પ્રકારે અતિચારની ભાવના 'ઉપાસકદશાંગ'ની વૃત્તિ અનુસાર કહેવાઈ છે. અને ત્યાં= 'ઉપાસકદશાંગ'ની વૃત્તિમાં, આભોગથી પણ કરાતા આ=પૂર્વમાં વર્ણન કરાયુ એ, અતિચારપણાથી જ સમર્પિત કરાયા છે અને તે પ્રકારે આ પાઠ છે –**

"આ અતિચારો જ છે. ભંગ નથી; કેમ કે દાન માટે અભ્યુત્થાન છે અને દાનની પરિણતિનું દૂષિતપણું છે." **(ઉપાસકદશાંગવૃત્તિ-૧/૬)**

**અને ભંગ સ્વરૂપનું અહીં=ઉપાસકદશાંગની વૃત્તિમાં, આ પ્રમાણે અભિધાન હોવાથી. જે પ્રમાણે -**

દાનાતંરાયના દોષથી સાધુને આપે નહીં અને આપતાને વારે અથવા અપાયેલામાં પરિતાપ કરે. એ પ્રકારની કૃપણતા ભંગ છે.

**વળી, ધર્મબિંદુ - યોગશાસ્ત્રની વૃત્તિ આદિમાં,** "જ્યારે અનાભોગાદિથી કે અતિક્રમાદિથી આ બધાને=અતિચારોને, આચરે છે=સેવે છે, ત્યારે અતિચારો છે. અન્યથા વળી ભંગ જ છે." **(ધર્મબિંદુ ટીકા ૫, ૪૫, તુલા-યોગશાસ્ત્ર ટીકા ૫. ૫૬૪)**

**એ પ્રમાણે ભાવિત છે. વળી નિશ્ચય કેવલીગમ્ય છે.**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુની ભક્તિ કરીને સંયમગુણની શક્તિને સંચય કરવા અર્થે અતિથિસંવિભાગ વ્રત ગ્રહણ કરે છે. તેથી પોતાના અર્થે ભોજન થયા પછી સાધુને સ્મૃતિમાં લાવીને કોઈ સાધુ ગામમાં હોય તો તેઓને લાભ આપવા વિનંતી કરે છે. કોઈ સાધુ ગામમાં ન હોય તો સંભાવનાથી વિચારે છે. કે કોઈ વિહાર કરી આવી રહ્યા છે કે નહિ, અને તેનું અવલોકન કરીને કોઈ સાધુ આવેલા હોય તો પોતાના માટે કરાયેલા ભોજનનો સમ્યક્ વિભાગ કરીને પ્રતિદિન અતિથિસંવિભાગ વ્રતનું પાલન કરે છે. આમ છતાં અનાભોગ-સહસાત્કાર

કે અતિક્રમાદિથી ક્યારેક પ્રસ્તુત ગાથામાં કહેલા પાંચ અતિચારમાંથી કોઈક અતિચારની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ કોઈ સુંદર ભોજન હોય અને તે વસ્તુને આપવાનો પરિણામ ન હોય ત્યારે લોભને વશ તે વસ્તુને સચિત્ત ઉપર સ્થાપન કરે તેથી સાધુ ગ્રહણ ન કરે. જોકે સાધુ પ્રત્યે ભક્તિવાળો શ્રાવક તેવું કંઈ કરે નહીં છતાં સૂક્ષ્મ રીતે લોભને કારણે અનાભોગથી કે સહસાત્કારથી તેવું થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે સાધુને આપવાનો પરિણામ છે. છતાં કંઈક લોભને વશ અવિચારકતાથી તેવું કૃત્ય કરે છે. વળી, ક્યારેક તેવી સુંદર વસ્તુને સચિત્ત વસ્તુ ઉપર સ્થાપન કરે તે પ્રથમ અતિચાર છે અને તેવી વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ મૂકે તો બીજો અતિચાર છે.

વળી, ક્યારેક કોઈ વસ્તુની સાધુ યાચના કરે અર્થાત્ આ વસ્તુનો જોગ છે ? તેમ પૃચ્છા કરે ત્યારે અનાભોગાદિથી કોપ થાય કે આ સાધુ બધી વસ્તુઓની માંગણી કરે છે. તે ત્રીજો અતિચાર છે. અથવા આ ત્રણે અતિચારો લાગે તેવું કૃત્ય ન થયું હોય છતાં મનના વિકલ્પથી તેવો વિચાર આવ્યો હોય તોપણ અતિક્રમાદિથી અતિચાર થાય છે. વળી, કોઈ સામાન્ય વ્યક્તિએ સાધુને સારી વસ્તુ વહોરાવી હોય તો ચિત્તમાં ઇર્ષ્યા થાય કે હું તેનાથી અધિક સમૃદ્ધ છું. તેથી મારે અવશ્ય સાધુને તેવી વસ્તુ વહોરાવવી જોઈએ. તેથી આગ્રહ કરી તેવી વસ્તુ વહોરાવે ત્યારે પણ અનાભોગ કે સહસાત્કારથી પોતાના ઇર્ષ્યાના સ્વભાવને કારણે સામાન્ય શક્તિવાળા દાન આપનાર પ્રત્યે કંઈક ઇર્ષ્યાનો પરિણામ થાય છે. તેથી સાધુ પ્રત્યે ભક્તિ હોવા છતાં, સાધુને ભક્તિથી દાન આપતો હોવા છતાં કંઈક અવિચારકતાને કારણે તેવા વિકલ્પરૂપ ઇર્ષ્યાનો પરિણામ થાય છે તે અતિચારરૂપ છે.

વળી, સાધુ પ્રત્યે ભક્તિવાળો છે તેવો પણ શ્રાવક ક્યારેક અનાભોગાદિથી કોઈ વસ્તુ સુંદર બનાવી હોય કે અન્ય એવું કારણ હોય ત્યારે પોતાના ભોજનનો સમય આગળ-પાછળ કરે જેથી સાધુને ગ્રહણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય છતાં સાધુ પાસે જાય છે ત્યારે સાધુને પધારવા માટે વિનંતી કરે છે અને કંઈક આપવાનો પરિણામ છે પરંતુ કોઈક વિશેષ પ્રસંગમાં અનાભોગાદિથી સાધુને નહીં આપવાના પરિણામથી તે પ્રકારે કાળનું ઉલ્લંઘન કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ છે.

વળી, કોઈક વસ્તુ પોતાની હોય અને પોતાને વાપરવાની અત્યંત ઇચ્છા હોય તેથી સાધુ ન વહોરે તેવા પરિણામને કારણે અનાભોગ સહસાત્કારથી કહે કે પારકું છે માટે સાધુને અપાતું નથી તે કંઈક નહીં આપવાનો પરિણામ તે વસ્તુ વિષયક છે. અને અનુપયોગ અવસ્થામાં લોભને વશ તેવો વચનપ્રયોગ થાય છતાં સાધુ પ્રત્યેની ભક્તિથી અન્ય વસ્તુનું દાન કરે છે માટે અતિથિસંવિભાગ વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે.

જો કે વિવેકસંપન્ન શ્રાવક ભાવસાધુ પ્રત્યેની અત્યંત ભક્તિવાળા હોય છે તેથી ક્યારેય આવા પ્રકારના કોઈ અતિચારો સેવે નહીં છતાં જીવ સ્વભાવથી લોભને વશ અનાભોગાદિથી કોઈક દોષો સેવે છે ત્યારે તે દોષોથી મલિન થયેલું ચિત્ત સાધુની ભક્તિ કરીને ગુણવૃદ્ધિ કરવા સમર્થ બનતું નથી. તેથી અતિથિસંવિભાગ વ્રતનું અતિચરણ જ છે. તોપણ કંઈક દાનનો પરિણામ છે માટે અતિથિસંવિભાગવ્રતનો ભંગ નથી, અતિચાર છે તેમ કહેલ છે.

વળી, અહીં ઉપાસકદશાંગ વૃત્તિની સાક્ષી આપીને કહ્યું કે આભોગથી પણ કરાતા આ પાંચ અતિચારો ભંગરૂપ નથી તે કથન મુગ્ધબુદ્ધિવાળા શ્રાવકને આશ્રયીને છે અને અતિથિસંવિભાગવ્રતનો ભંગ ઉપાસકદશાંગની વૃત્તિમાં કહ્યો તે પ્રમાણે જે શ્રાવકો સાધુને દાન આપતા નથી અને બીજાને દાન આપતા વારે છે અથવા દાન આપ્યા પછી પરિતાપને કરે છે તેઓને જ અતિથિસંવિભાગવ્રતનો ભંગ છે તેમ કહેલ છે. તેથી સર્વથા વ્રતના અપાલનમાં જ ઉપાસકદશાંગની વૃત્તિમાં ભંગ સ્વીકારેલ છે. અને સચિત્ત સ્થગનાદિ કરવા છતાં પણ કંઈક દાન આપવાનો પરિણામ છે એ પ્રકારની સ્થૂલ દૃષ્ટિથી વ્રતનું પાલન છે તેમ કહેલ છે. છતાં પરમાર્થ દૃષ્ટિથી તો અનાભોગાદિથી જ કષાયને વશ તેવી પ્રવૃત્તિ થાય ત્યારે અતિથિસંવિભાગવ્રતમાં અતિચાર પ્રાપ્ત થાય છે માટે 'ધર્મબિંદુ' આદિ ગ્રંથોમાં અનાભોગાદિથી જ અતિચારો સ્વીકારેલો છે. તેથી વિવક્ષાભેદ હોવાને કારણે ઉપાસકદશાંગની વૃત્તિ સાથે કોઈ વિરોધ નથી.

**ટીકા :-**

**एवं सम्यक्त्वाऽणुव्रतगुणव्रतशिक्षापदानि तदतिचाराश्चाभिहिताः, तदभिधाने च तदधिकारवाच्या उपायादयोऽपि यथास्थानमर्थतो दर्शिता एवेति स्वयमभ्यूह्याः । नामतश्च तेषां सङ्कलना यथा पञ्चाशके –**

"सुत्तादुपयरक्खणगहणपयत्तविसया मुणेयव्वा ।
कुंभारचक्कभामगदंडाहरणेण धीरेहिं ।।१।।" [१/३४]

व्याख्या–"सूत्राद्-आगमादुपायादयो मुणेयव्वा इत्यनेन संबन्धः । तत्रोपायः-सम्यक्त्वा-ऽणुव्रतादि-प्रतिपत्तावभ्युत्थानादिलक्षणो हेतुः, आह च –

"अब्भुट्ठाणे विणए, परक्कमे साहुसेवणाए अ ।
सम्मद्दंसणलंभो, विरयाविरईए विरईए ।।१।।" ()

अथवा जातिस्मरणादितीर्थकरवचनतदन्यवचनलक्षणः । यदाह –

"सहसंमुइआए परवागरणेणं अन्नेसिं वा सोच्चा" [आचाराङ्गे १/१/१-४] अथवा प्रथमद्वितीयकषाय-क्षयोपशम इति ।

तथा रक्षणं=सम्यक्त्वव्रतानामनुपालनोपायरूपमायतनसेवनादि, आह च –

"आययणसेवणा निन्निमित्तपरघरपवेसपरिहारो ।
किड्डापरिहरणं तह, विक्किअवयणस्स परिहारो ।।१।।" इत्यादि ।

उपायेन रक्षणमुपायरक्षणमित्यन्ये । ग्रहणं त्रिविधं त्रिविधेनेत्यादिविकल्पैः सम्यक्त्वव्रतानामुपादानम्, आह च-
-"मिच्छत्तपडिक्कमणं, तिविहं तिविहेण णायव्वं" [ ] ।

तथा -

"दुविहं तिविहेण पढमो, दुविहं दुविहेण बीअओ होइ ।

दुविहं एगविहेणं, एगविहं चेव तिविहेणं ।।१।।" इत्यादि ।

तथा प्रयत्नः-सम्यक्त्वव्रतग्रहणोत्तरकालं तदनुस्मरणादिः, सम्यक्त्वप्रतिपत्तौ उक्तरूपः, अप्रत्याख्यातविषयस्यापि वा यथाशक्ति परिहारोद्यमरूपा यतना, "नो मे कप्पइ अन्नउत्थिए" [] इत्यादिका -

"परिसुद्धजलग्गहणं, दारअधण्णाइआण तह चेव ।

गहिआणवि परिभोगो, विहिए तसरक्खणट्ठाए ।।१।।" इत्यादिका च ।

तथा विषयः–सम्यक्त्वव्रतगोचरो जीवा-ऽजीवादितत्त्वरूपः स्थूलसङ्कल्पितप्राण्यादिरूपश्च, तत उपायादीनां द्वन्द्वोऽतस्ते उपायरक्षणग्रहणप्रयत्नविषयाः "मुणेअव्व"त्ति ज्ञातव्याः, इह विशेषतोऽनुक्ता अपि, कथमित्याह – "कुम्भकारचक्रभ्रामकदण्डदृष्टान्तेन" धीरैः-बुद्धिराजितैः, इदमुक्तं भवति – यथा कुम्भकारचक्रस्यैकस्मिन्नेव देशे दण्डेन प्रेरिते सर्वे तद् देशा भ्रमिता भवन्ति, एवमिह सम्यक्त्वव्रताश्रितविविधवक्तव्यताचक्रस्य सम्यक्त्वव्रतव्रतातिचाररूपे एकदेशे प्ररूपिते उपायादयस्तद्देशा आक्षिप्ता एव भवन्ति । ते च सूत्रादवसेयाः, सङ्क्षेपकरणत्वेनेह तेषामनुक्तत्वादिति गाथार्थः" **[पञ्चाशकवृत्तिः १/३४]** ।।५८।।

**ટીકાર્થ :-**

**एवं ..... गाथार्थः ।। આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સમ્યક્ત્વ-અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રતો, અને તેના અતિચારો કહેવાયા. અને તેના કથનમાં તેના અધિકારથી વાચ્ય ઉપાયાદિ પણ=સમ્યક્ત્વ અને બાર વ્રતના અધિકારથી વાચ્ય ઉપાયાદિ પણ, યથાસ્થાન અર્થથી બતાવાયા જ છે. એ પ્રમાણે સ્વયં વિચારી લેવું. અને નામથી=સાક્ષાત્ કથનથી, તેઓની સંકલના=ઉપાયાદિની સંકલના, જે પ્રમાણે પંચાશકમાં છે –**

"કુંભારના ચક્રના ભ્રામક દંડના ઉદાહરણથી ધીરપુરુષોએ ઉપાયો=સમ્યક્ત્વ અને અણુવ્રતાદિના ઉપાયો, તેનું રક્ષણ તેનું ગ્રહણ, તેનો પ્રયત્ન અને તેની પ્રવૃત્તિના વિષયો સૂત્રથી જાણવા જોઈએ." ।।૧।। **(પંચાશક ૧/૩૪)**

**વ્યાખ્યા** – સૂત્રથી=આગમથી, ઉપાયાદિ જાણવા જોઈએ એ પ્રકારે આનાથી સંબંધ છે=જાણવા જોઈએ એનાથી સંબંધ છે. ત્યાં ઉપાય સમ્યક્ત્વ અણુવ્રતાદિના સ્વીકારમાં અભ્યુત્થાન આદિ લક્ષણ હેતુ છે. અને કહે છે –

"અભ્યુત્થાનથી, વિનયથી, પરાક્રમથી, સાધુની સેવનાથી સમ્યગ્દર્શની પ્રાપ્તિ, વિરતાવિરતિની પ્રાપ્તિ=દેશવિરતિની પ્રાપ્તિ, સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે." ()

અથવા જાતિસ્મરણાદિ, તીર્થંકરનું વચન કે તેમનાથી અન્ય એવા મહાપુરુષનું વચન સ્વરૂપ ઉપાય છે. જેને કહે છે –

"જાતિસ્મરણથી, પરવાગરેણ=પ્રકૃષ્ટ એવા તીર્થંકરના વચનથી, કે અન્ય મહાપુરુષના વચનને સાંભળીને સમ્યક્ત્વાદિ થાય છે અથવા પ્રથમ અને બીજા કષાયનો ક્ષયોપશમ ઉપાય છે=અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમથી સમ્યક્ત્વના

થાય છે. અને અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી દેશવિરતિ થાય છે. તેથી તે ક્ષયોપશમ ઉપાય છે.

અને રક્ષણ=પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વાદિનું રક્ષણ - સમ્યક્ત્વ અને વ્રતોના અનુપાલનના ઉપાયરૂપ આયતનસેવનાદિ છે. અને કહે છે –

"આયતનની સેવના, નિર્નિમિત્તપરઘરના પ્રવેશનો પરિહાર, ક્રીડાનો પરિહાર અને વિક્રિય વચનનો પરિહાર." ઈત્યાદિ.

ઉપાયથી રક્ષણ ઉપાયરક્ષણ એ પ્રમાણે અન્ય કહે છે. અર્થાત્ પૂર્વમાં ઉપાય અને રક્ષણ એ બે સ્વતંત્ર ગ્રહણ કર્યાં, જ્યારે અન્ય કહે છે કે ઉપાયથી રક્ષણ એ ઉપાયરક્ષણ છે. ગ્રહણ ત્રિવિધ-ત્રિવિધથી ઈત્યાદિ વિકલ્પો વડે સમ્યક્ત્વ અને વ્રતોનું ગ્રહણ છે. અને કહે છે –

"મિથ્યાત્વનું પ્રતિક્રમણ ત્રિવિધ-ત્રિવિધથી જાણવું." ()

અને

"દુવિધ-ત્રિવિધથી પ્રથમ, દુવિધ-દુવિધથી બીજો થાય છે. દુવિધ-એકવિધથી ત્રીજો અને એકવિધ-ત્રિવિધથી ચોથો થાય છે." ॥૧॥ ()

ઈત્યાદિ વિકલ્પોથી વ્રતોનું ગ્રહણ જાણવું. એમ અન્વય છે. અને પ્રયત્ન : - સમ્યક્ત્વ અને વ્રતના ગ્રહણના ઉત્તરકાલમાં તેનું અનુસ્મરણાદિ પ્રયત્ન છે. સમ્યક્ત્વની પ્રતિપત્તિમાં ઉક્ત સ્વરૂપ પ્રયત્ન છે. અને અપ્રત્યાખ્યાન વિષયનું પણ યથાશક્તિ પરિહાર અને ઉદ્યમરૂપ યતના છે.

"અન્ય ઉત્થિત મને કલ્પતુ નથી." () ઈત્યાદિકા સમ્યક્ત્વની પ્રતિપત્તિની યતના છે.

"વિધિથી ત્રસના રક્ષણ માટે પરિશુદ્ધ જલનું ગ્રહણ દારૂ=લાકડું, ધાન્યાદિનું તે પ્રમાણે જ=પરિશુદ્ધ ગ્રહણ અને ગ્રહણ કરાયેલાનો પણ પરિશુદ્ધ પરિભોગ કરવો જોઈએ અને ઈત્યાદિકા અપ્રત્યાખ્યાન વિષયવાળી યતના છે.

અને વિષય : સમ્યક્ત્વ અને વ્રતગોચર જીવ-અજીવ આદિ તત્ત્વરૂપ છે. અને સ્થૂલ સંકલ્પિત પ્રાણી આદિ રૂપ છે. ત્યાર પછી=ઉપાયાદિનું કથન કર્યા પછી, ઉપાયાદિનો દ્વન્દ્વ સમાસ છે. આથી તે ઉપાય-રક્ષણ-ગ્રહણ-પ્રયત્ન-વિષયવાળા જાણવા. અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, વિશેષથી નહીં કહેવાયેલા પણ જાણવા. કેવી રીતે જાણવા ? એથી કહે છે - કુંભારના ચક્રભ્રામક દૃષ્ટાંતથી ધીરપુરુષોએ=બુદ્ધિથી શોભતા પુરુષોએ, જાણવા એમ અન્વય છે. આ=આગળમાં કહે છે એ, કહેવાયેલું થાય છે - જે પ્રમાણે કુંભારના ચક્રના એક જ દેશમાં દંડથી પ્રેરિત કરાયે છતે સર્વ પણ તેના દેશો ભ્રમિત થાય છે. એ રીતે અહીં સમ્યક્ત્વ અને વ્રતને આશ્રિત વિવિધ વક્તવ્યતા ચક્રના સમ્યક્ત્વ વ્રત અને વ્રતના અતિચારરૂપ એક દેશ પ્રરૂપિત કરાયે છતે ઉપાયાદિ તેના દેશો આક્ષિપ્ત જ થાય છે. અને તે સૂત્રથી જાણવા; કેમ કે સંક્ષેપકરણને કારણે અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, તેઓનું=ઉપાયાદિનું, અનુક્તપણું છે. એ પ્રમાણે ગાથાર્થ છે." **(પંચાશકવૃત્તિ ૧/૩૪) ॥૫૮॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સમ્યક્ત્વ, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો અને તેના અતિચારો કહ્યા અને તે કથન કરવાથી તેની સાથે સંકળાયેલા ઉપાયાદિ ગ્રંથકારશ્રીએ સાક્ષાત્ બતાવ્યા નથી તોપણ અર્થથી બતાવાયા છે એ રીતે સ્વયં વિચારકે જાણી લેવું.

કઈ રીતે ઉપાયાદિ અર્થથી જાણવા જોઈએ ? તેથી ગ્રંથકારશ્રી સમ્યક્ત્વ અને વ્રત સાથે સંકળાયેલા ઉપાયાદિ વસ્તુઓને નામથી બતાવવા અર્થે પંચાશકની ગાથા બતાવે છે –

'પંચાશક'માં કહેલ છે કે બુદ્ધિમાન કોઈપણ વ્રત ગ્રહણ કરે ત્યારે કુંભારના ચક્રના ભ્રામક દંડના ઉદાહરણથી તે વ્રતની પ્રાપ્તિનો ઉપાય શું ? જેના સેવનથી વ્રત પ્રગટ થાય ? તેને જાણવું જોઈએ. વળી ગ્રહણ કરાયેલા વ્રતના રક્ષણનો ઉપાય જાણવો જોઈએ. જેથી સ્વીકારાયેલ વ્રતનું રક્ષણ થઈ શકે. વળી, વ્રત કઈ રીતે ગ્રહણ કરવું જોઈએ ? તેનો બોધ કરવો જોઈએ જેથી સમ્યક્ રીતે વ્રત ગ્રહણ થઈ શકે. વળી, વ્રત ગ્રહણ કર્યા પછી કેવા પ્રકારનો પ્રયત્ન કરવો જોઈએ તેનો નિર્ણય કરવો જોઈએ જેથી પ્રયત્ન દ્વારા વ્રતનું પાલન થાય. વળી, વ્રતનો વિષય શું છે ? તેનો નિર્ણય કરવો જોઈએ જેથી તે વિષયમાં સમ્યક્ યત્ન થાય.

શેનાથી ઉપાયાદિ જાણવા જોઈએ ? તેથી કહે છે –

આગમથી ઉપાયાદિ જાણવા જોઈએ.

આ રીતે પંચાશકની ગાથા બતાવ્યા પછી ગ્રંથકારશ્રી ઉપાયાદિનું કંઈક સંક્ષેપથી સ્વરૂપ બતાવે છે –

**સમ્યક્ત્વ આદિ વ્રતોના પ્રગટીકરણના ઉપાય :-**

સમ્યક્ત્વ અને અણુવ્રત સ્વીકારતી વખતે તે ગુણ પોતાનામાં પ્રગટ થાય તેના ઉપાયો અભ્યુત્થાનાદિ છે. અભ્યુત્થાનાદિમાં 'આદિ' પદથી કયા-કયા ઉપાયો છે ? તે સ્પષ્ટ કરવા અર્થે સાક્ષીપાઠ આપે છે –

સમ્યક્ત્વ કે અણુવ્રતાદિ સ્વીકારનાર વ્યક્તિએ જે ગુણવાન ગુરુ પાસેથી વ્રતો સ્વીકારવાના હોય તેઓ પ્રત્યે આદરનો અતિશય થાય તે અર્થે અભ્યુત્થાન કરવું જોઈએ. ત્યારપછી હૈયાના બહુમાનપૂર્વક વિનય કરવો જોઈએ. વળી, વ્રત સ્વીકારતી વખતે વ્રતની વિધિમાં સમ્યક્ પરાક્રમ કરવું જોઈએ કે જેથી વ્રત ગ્રહણની વિધિકાળમાં જ વ્રત સમ્યક્ પરિણમન પામે. વળી, સાધુ પુરુષની સેવા કરવી જોઈએ અર્થાત્ તેઓ પાસે જઈને તે-તે વ્રતો વિષયક સૂક્ષ્મ પદાર્થો જાણવાના યત્નરૂપ સાધુપુરુષોની સેવા કરવી જોઈએ. આ પ્રકારના ઉપાયો સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિમાં કારણ બને છે. તેથી એ ફલિત થાય કે પોતાની શક્તિ અનુસાર સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરવી જોઈએ. અને તે ગ્રહણ કરવા પૂર્વે ગુણવાન ગુરુના અભ્યુત્થાન અને વિનય કરવા જોઈએ. ગ્રહણકાળમાં તે વ્રતો સમ્યક્ પરિણમન પામે તે પ્રકારે પરાક્રમ કરવું જોઈએ અને સાધુ પુરુષ પાસે તેના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ. તે સર્વ તે-તે ગુણની પ્રાપ્તિના ઉપાયો છે.

વળી, અન્ય પણ ઉપાયો બતાવે છે –

કેટલાકને સમ્યક્ત્વની પ્રાપ્તિ પ્રત્યે કે દેશવિરતિ-સર્વવિરતિની પ્રાપ્તિ પ્રત્યે જાતિસ્મરણજ્ઞાનાદિ હેતુ છે. તેથી કોઈક નિમિત્તથી પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થાય અને તેના કારણે સમ્યક્ત્વ, દેશવિરતિ આદિની પ્રાપ્તિ થાય. આથી જ સ્વયંભૂરમણ સમુદ્રમાં ઘણા મત્સ્યાદિ જાતિસ્મરણજ્ઞાનના બળથી સમ્યક્ત્વ કે દેશવિરતિને સ્વીકારે છે. 'જાતિસ્મરણજ્ઞાનાદિ' શબ્દમાં 'આદિ' શબ્દથી પૂર્વભવના મિત્રાદિ દેવ પણ કારણ

છે. તેનું ગ્રહણ કરવું. વળી, તીર્થંકરનું વચન પણ સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિમાં કારણ છે. આથી જ રોહિણેય ચોરને અનિચ્છાથી પણ ભગવાનના વચનનું શ્રવણ થયું તો સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બન્યું.

વળી, અન્ય કોઈ વચનો પણ સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિનું કારણ છે. આથી જ કોઈકનું વચન સાંભળીને કોઈકને વૈરાગ્ય થાય છે જેમ દીક્ષાને છોડીને ઘરે જવાના પરિણામવાળા ક્ષુલ્લકમુનિને રાજસભામાં નર્તકીના વચનને સાંભળીને અર્થાત્ 'ઘણો સમય પસાર થયો છે. હવે થોડો સમય માટે પ્રમાદ કરીશ નહિ.' એ પ્રકારના નર્તકીના વચન સાંભળીને વ્રતનો પરિણામ થયો.

'અથવા'થી અન્ય એવા ઉપાયો કહે છે –

પ્રથમ એવા અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉપાય છે. આથી જ કોઈકને અકામનિર્જરાથી પણ અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. વળી, અપ્રત્યાખ્યાન કષાયનો ક્ષયોપશમ દેશવિરતિની પ્રાપ્તિનો ઉપાય છે. આથી જ દેશવિરતિના સ્વરૂપને શ્રવણ કરતા કેટલાક મહાત્માઓને વ્રત સ્વીકાર કરતા પૂર્વે દેશનાના શ્રવણથી બીજા કષાયનો ક્ષયોપશમ થાય તો ભાવથી દેશવિરતિ પ્રગટે છે. માટે બીજા કષાયનો ક્ષયોપશમ દેશવિરતિની પ્રાપ્તિનો ઉપાય છે.

**વ્રતના રક્ષણના ઉપાયો :–**

વળી, વ્રત સ્વીકાર્યા પછી વ્રતના રક્ષણના ઉપાયો બતાવે છે –

સમ્યક્ત્વ કે દેશવિરતિ સ્વીકારીને તેના પાલનના ઉપાયરૂપ આયતન સેવનાદિ સ્વીકારાયેલા વ્રતના રક્ષણનો ઉપાય છે અને તે રક્ષણના ઉપાયને જ સ્પષ્ટ કરવા અર્થે સાક્ષી આપે છે. સમ્યક્ત્વ કે દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય તો તેના આયતનનું સેવન કરવું જોઈએ. અર્થાત્ સમ્યક્ત્વ કે દેશવિરતિ સ્વીકાર્યા પછી તેની ઉચિત આચરણા રૂપ આયતન સેવન કરવું જોઈએ. જેમ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું હોય તો તત્ત્વનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય તે પ્રકારે તત્ત્વના જાણનારાઓ પાસેથી સદા તત્ત્વને જાણવા માટે યત્ન કરવો જોઈએ. જેથી સમ્યક્ત્વનું રક્ષણ થાય. દેશવિરતિ સ્વીકારી હોય તો દેશવિરતિનું પાલન કરનારા અને વિશેષથી તેને જાણનારા એવા શ્રાવકો સાથે ઉચિત વિચારણા કરીને સદા તેના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ, જેનાથી દેશવિરતિનું રક્ષણ થાય. વળી, વિના કારણે પરના ઘરમાં પ્રવેશ કરવો જોઈએ નહિ. જેથી સ્વીકારાયેલા વ્રતના પાલનમાં મલિનતાનો પ્રસંગ ન થાય. કારણ કે કામાદિ વિકારો દુષ્પ્રતિકારવાળા છે અને કોઈ પ્રયોજન વગર પરના ઘરમાં જવાથી કોઈક એવા વિકારાદિ થાય કે હાસ્યાદિ કુતૂહલ થાય તો વ્રતો સુરક્ષિત રહે નહિ. વળી, વ્રતોના પાલન અર્થે વ્રતોના દૂષણનું કારણ બને તેથી ક્રીડાઓનો પરિહાર કરવો જોઈએ તે વ્રતના રક્ષણનો ઉપાય છે. વળી, વ્રતોના સ્વીકાર્યા પછી વિક્રિયા કરે તેવાં વચનોનો પરિહાર કરવો જોઈએ જેથી તેવાં વચનોથી વ્રતોનો ઘાત થાય નહીં જેમ બીજું વ્રત લીધેલું હોય અને હાંસી-મજાક કરવાના વિક્રય વચનો બોલે તો મૃષાવાદ બોલવાથી વ્રતભંગ થાય. નિરર્થક આરંભની અનુમોદના થાય તેવાં વચનો બોલવાથી પહેલા અણુવ્રતનો નાશ થાય. તેથી સ્વીકારાયેલાં વ્રતોને મલિનતા કરે તેવા વિક્રિય વચનનો પરિહાર કરવો તે વ્રતરક્ષણનો ઉપાય છે. આ રીતે વ્રતપ્રાપ્તિનો ઉપાય અને વ્રતરક્ષણનો

ઉપાય બતાવ્યો. હવે કેટલાક મહાત્માઓ ઉપાયથી રક્ષણ કરવું તે પ્રમાણે પંચાશકની ગાથાનો જે અર્થ કરે છે તેનાથી એ પ્રાપ્ત થાય કે સ્વીકારાયેલા વ્રતનું રક્ષણ કરવા જે ઉપાયો છે તેને સેવીને તેના દ્વારા વ્રતનું રક્ષણ કરવું તે ઉપાયથી રક્ષણ છે. જેમ આયતન સેવનાદિ વ્રતરક્ષણના ઉપાય છે તેના સેવનથી વ્રતનું રક્ષણ કરવું તે ઉપાયથી રક્ષણ છે.

**ગ્રહણ :-**

વળી, સમ્યક્ત્વ કે દેશવિરતિ આદિ વ્રત કઈ રીતે ગ્રહણ કરવાં જોઈએ ? તેનો બોધ કરીને વ્રતો સ્વીકારવાં જોઈએ અને તે ગ્રહણ સમ્યક્ત્વના વિષયમાં ત્રિવિધ-ત્રિવિધથી છે; કેમ કે સમ્યક્ત્વ સ્વીકારતી વખતે અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ તે જ તત્ત્વ છે. તે પ્રકારે મનથી-વચનથી-કાયાથી ગ્રહણ કરાય છે. અને તેનાથી અન્ય દેવ, અન્ય ગુરુ અને અન્ય ધર્મ તે સર્વનો મનથી-વચનથી-કાયાથી અને કરણ-કરાવણ-અનુમોદનને આશ્રયીને પરિહાર કરાય છે. આથી જ વ્રત ઉચ્ચરતી વખતે છ આગાર સમ્યક્ત્વમાં રાખવામાં આવે છે. જેથી બલાભિયોગાદિથી કાયા દ્વારા અન્ય દેવાદિને એવા સંયોગોમાં નમસ્કાર કરવા પડે તોપણ અંતરંગ રીતે મનથી-વચનથી-કાયાથી અને કરણ-કરાવણ-અનુમોદનનો પરિહાર થાય છે. ફક્ત અન્ય ઉપાય નહીં હોવાથી તેવા સંયોગોમાં કેવલ બાહ્ય આચારથી જ અન્ય દેવાદિને નમસ્કાર કરાય છે.

વળી, દેશવિરતિ વ્રત પોતાની શક્તિનું સમાલોચન કરીને 'દ્વિવિધ-ત્રિવિધ'થી પ્રથમ વિકલ્પ રૂપે ગ્રહણ કરવું જોઈએ. અને તેની શક્તિ ન હોય તો 'દ્વિવિધ-દ્વિવિધ'થી બીજા વિકલ્પથી ગ્રહણ કરવું જોઈએ અને તેની પણ શક્તિ ન હોય તો 'દ્વિવિધ-એકવિધ'થી ગ્રહણ કરવું જોઈએ અને તેની પણ શક્તિ ન હોય તો એકવિધ-ત્રિવિધથી ગ્રહણ કરવું જોઈએ અને ઇત્યાદિથી અન્ય વિકલ્પો પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારે જાણીને તે પ્રકારે દેશવિરતિ સ્વીકારવી જોઈએ જેથી દેશવિરતિ સ્વીકાર્યા પછી પૂર્ણ રીતે પોતે તેનું પાલન કરી શકે. પરંતુ રાભસીકવૃત્તિથી વિચાર્યા વગર 'દુવિધ-ત્રિવિધ'થી વ્રત ગ્રહણ કરવું જોઈએ નહિ; કેમ કે વ્રતના ગ્રહણ માત્રથી ફળ મળતું નથી પરંતુ ગ્રહણ કર્યા પછી સમ્યક્ પાલન કરવામાં ન આવે તો અગ્રહણ કરતાં પણ અધિક અનર્થની પ્રાપ્તિ થાય છે. માટે દેશવિરતિના સર્વ વિકલ્પોમાંથી જે વિકલ્પથી પોતે પાળી શકે તેવો સ્થિર નિર્ણય હોય તે વિકલ્પથી જ દેશવિરતિનું ગ્રહણ કરવું જોઈએ.

**પ્રયત્ન :-**

વ્રત ગ્રહણ કર્યા પછી પાલન માટે શું પ્રયત્ન કરવો જોઈએ ? જેથી ગ્રહણ કરાયેલાં વ્રતો ફલવાળાં થાય તે બતાવતાં કહે છે –

સમ્યક્ત્વ કે દેશવિરતિ ગ્રહણ કર્યા પછી સતત તેના અનુસ્મરણાદિમાં યત્ન કરવો જોઈએ. વળી, સમ્યક્ત્વના સ્વીકારમાં સમ્યક્ત્વનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? તેના ઉચિત આચારો શું છે ? તેનો નિર્ણય કરીને તેમાં સદા પ્રયત્ન કરવો જોઈએ. અને દેશવિરતિમાં પણ જેનું પોતે પ્રત્યાખ્યાન નથી કર્યું તેના

વિષયમાં પણ પોતાની શક્તિ અનુસાર પરિહાર કરવામાં ઉદ્યમ કરવા રૂપ યતના કરવી જોઈએ. જેથી તે પ્રયત્નને કારણે ગુણસ્થાનક સ્થિર રહે.

વળી, સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી અન્યદેવોને મારે પૂજવા કલ્પતા નથી ઇત્યાદિનું સ્મરણ કરીને તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. અને દેશવિરતિ સ્વીકાર્યા પછી સ્થાવર જીવની રક્ષા માટે પણ ગાળેલું પાણી, લાકડાં વગેરે પણ જીવાકુલ નથી ઇત્યાદિનું અવલોકન કરીને તેનો ઉપયોગ કરવો જોઈએ અને વિધિપૂર્વક તે જીવોની રક્ષા માટે ઉચિત યતના કરવી જોઈએ. જેથી જે વિષયમાં પોતે પચ્ચક્ખાણ ગ્રહણ કરેલું નથી તેમાં પણ નિરર્થક આરંભ-સમારંભ કરવાનો પ્રસંગ ન આવે તેનાથી શ્રાવકનું ચિત્ત સદા દયાળુ રહે આ રીતે સમ્યક્ત્વ અને દેશવિરતિ વિષયક પ્રયત્ન બતાવ્યા પછી તેના વિષય બતાવે છે.

**વિષય :-**

સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી વિવેકી જીવોએ સમ્યક્ત્વના વિષયભૂત જીવાદિનું સ્વરૂપ સદા વિશેષ-વિશેષ જાણવા પ્રયત્ન કરવો જોઈએ અને દેશવિરતિ સ્વીકાર્યા પછી શ્રાવકે પોતાના વ્રતના વિષયરૂપ સ્થૂલ સંકલ્પિત પ્રાણી આદિ રૂપ વિષયનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ કરવો જોઈએ. જેથી અનાભોગાદિથી પણ વ્રતનું ઉલ્લંઘન થાય નહિ.

અહીં ગ્રંથકારશ્રીએ સમ્યક્ત્વ, દેશવિરતિનું સ્વરૂપ અને તેના અતિચારો બતાવ્યા પરંતુ તે સર્વના ઉપાયાદિ સાક્ષાત્ બતાવ્યા નથી તોપણ કુંભારના ચક્રના ભ્રામક એવા દંડના દૃષ્ટાંતથી બુદ્ધિમાન પુરુષે જાણવા જોઈએ. જેમ કુંભાર ચક્રને એકભાગમાં ફેરવે છે. તેનાથી આખું ચક્ર ફરે છે. અર્થાત્ બધા દેશો ફરે છે. તેમ અહીં સમ્યક્ત્વ, દેશવિરતિને આશ્રયીને ઘણી વક્તવ્યતારૂપ ચક્રના સમ્યક્ત્વ, બાર વ્રત અને તેના અતિચારો રૂપ એક દેશ કહેવાયો તેનાથી ઉપાયાદિ આક્ષિપ્ત થાય છે. તેથી અર્થથી વિચારકે સ્વયં જાણી લેવા જોઈએ.

આશય એ છે કે સમ્યક્ત્વ કે દેશવિરતિનું વર્ણન કરવામાં આવે ત્યારે તેની પ્રાપ્તિના ઉપાયો શું છે ? રક્ષણના ઉપાયો શું છે ? કઈ રીતે ગ્રહણ કરવું જોઈએ ? તેના માટે કેવો પ્રયત્ન કરવો જોઈએ ? ઇત્યાદિ બુદ્ધિમાન પુરુષ વિચારે તો સ્વયં નિર્ણય કરી શકે તેથી ગ્રંથનો ગૌરવ ન થાય=ગ્રંથનો અધિક વિસ્તાર ન થાય તે માટે ગ્રંથકારશ્રીએ સાક્ષાત્ ઉપાયાદિ અહીં કહેલ નથી. સામાન્યથી ઉલ્લેખ કરીને તે જાણવાનો નિર્દેશ કર્યો છે. **॥૫૮॥**

**અવતરણિકા :-**

**इत्थं व्रतातिचारानभिधाय प्रस्तुते तान् योजयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે વ્રતના અતિચારો કહીને પ્રસ્તુતમાં=પ્રસ્તુત એવા વિશેષ ગૃહસ્થધર્મમાં, તેઓને=વ્રતના અતિચારોને, યોજન કરતાં કહે છે –**

શ્લોક :-

एतैर्विना व्रताचारो, गृहिधर्मो विशेषतः ।
सप्तक्षेत्र्यां तथा वित्तवापो दीनानुकम्पनम् ।।५९।।

અન્વયાર્થ :-

ऐतैर्विना=આના વિના=આ અતિચારો વિના, व्रताचारो=વ્રતનો આચાર, विशेषतः=વિશેષથી, गृहिधर्मो=ગૃહસ્થધર્મ છે, तथा=તે પ્રકારે, सप्तक्षेत्र्यां=સાત ક્ષેત્રમાં, वित्तवापः दीनानुकम्पनम्=ધનનું વપન, દીન-અનુકંપન વિશેષથી ગૃહસ્થ ધર્મ છે. ।।૫૯।।

શ્લોકાર્થ :-

**આના વિના=આ અતિચારો વિના, વ્રતનો આચાર વિશેષથી ગૃહસ્થધર્મ છે. તે પ્રકારે સાત ક્ષેત્રમાં ધનનું વપન, દીનનું અનુકંપન વિશેષથી ગૃહસ્થ ધર્મ છે. ।।૫૯।।**

ટીકા :-

'एतैः' अतिचारैः 'विना' 'व्रतानाम्' अणुव्रतादीनामुपलक्षणत्वात्सम्यक्त्वस्य च आचारः=आचरणं पालनमितियावत्, किमित्याह–'विशेषतो गृहिधर्मो' भवति, यः शास्त्रादौ प्राक् सूचित आसीदिति । अथोक्तविशेषगृहिधर्मापेक्षयाऽशेषविशेषगृहिधर्मं प्ररूपयन्नाह–'तथा' इति पूर्वसादृश्येऽव्ययम्, यथा विशेषतो गृहिधर्मः पूर्वमुक्तस्तथाऽन्योऽपि वक्ष्यमाणः स एवेति भावः ।

तथा च तमाह–'सप्तक्षेत्र्यामित्यादि' सप्तानां क्षेत्राणां समाहारः सप्तक्षेत्री-जिनबिम्ब १ भवन २ आगम ३ साधु ४ साध्वी ५ श्रावक ६ श्राविका ७ लक्षणा, तस्यां वित्तस्य-धनस्य श्रावकाधिकारान्न्यायोपात्तस्य वापो-व्ययकरणम्, तच्च विशेषतो गृहिधर्मो भवतीति योज्यम् । एवमग्रेऽपि स्वयमूह्यम् क्षेत्रे हि बीजस्य वपनमुचितमित्युक्तं, वाप इति वपनमपि क्षेत्रे उचितं नाक्षेत्रे इति सप्तक्षेत्र्यामित्युक्तम्, क्षेत्रत्वं च सप्तानां रूढमेव वपनं च सप्तक्षेत्र्यां यथोचितस्य द्रव्यस्य भक्त्या श्रद्धया च ।

तथाहि-जिनबिम्बस्य तावद्विशिष्टलक्षणलक्षितस्य प्रसादनीयस्य वज्रेन्द्रनीलाऽञ्जनचन्द्रकान्तसूर्यकान्तरिष्टकर्केतनविद्रुमसुवर्णरूप्यचन्दनोपलमृदादिभिः सारद्रव्यैर्विधापनम्, यदाह–

"सन्मृत्तिकाऽमलशिलातलरूप्यदारुसौवर्णरत्नमणिचन्दनचारुबिम्बम् ।
कुर्वन्ति जैनमिह ये स्वधनानुरूपं, ते प्राप्नुवन्ति नृसुरेषु महासुखानि ।।१।।" [ ]

तथा –

"पासाईआ पडिमा, लक्खणजुत्ता समत्तलंकरणा ।

जह पल्हाएइ मणं, तह णिज्जरमो विआणाहि ।।१।।" **[सम्बोधप्रकरणे १/३२२]**

**तथा निर्मितस्य जिनबिम्बस्य शास्त्रोक्तविधिना प्रतिष्ठापनम्, अष्टाभिश्च प्रकारैरर्चनम्, यात्राविधानम्, विशिष्टाभरणभूषणम्, विचित्रवस्त्रैः परिधापनमिति जिनबिम्बे धनवपनम् यदाह –**

"गन्धैर्माल्यैर्विनिर्यद्बहुलपरिमलैरक्षतैर्धूपदीपैः, सान्नाय्यैः प्राज्यभेदैश्चरुभिरुपहितैः पाकपूतैः फलैश्च ।

अम्भःसंपूर्णपात्रैरिति हि जिनपतेरर्चनामष्टभेदां, कुर्वाणा वेश्मभाजः परमपदसुखस्तोममाराल्लभन्ते ।।१।।"

**नच जिनबिम्बानां पूजादिकरणे न काचित्फलप्राप्तिरिति वाच्यम्, चिन्तामण्यादिभ्य इव तेभ्योऽपि फलप्राप्त्यविरोधात्, यदुक्तं वीतरागस्तोत्रे श्रीहेमसूरिभिः –**

"अप्रसन्नात्कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ।

चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः? ।।२।।" **[१९/३]**

**तथा –**

"उवगाराभावम्मिवि, पूज्जाणं पूअगस्स उवगारो ।

मंताइसरणजलणादिसेवणे जह तहेहंपि ।।२।।" **[श्रावकप्रज्ञप्तौ ३४८, पूजापञ्चाशके ४/४४]**

**एष तावत्स्वकारितानां बिम्बानां पूजादिविधिरुक्तः, अन्यकारितानामप्यकारितानां च शाश्वतप्रतिमानां यथार्हं पूजनवन्दनादिविधिरनुष्ठेयः ।**

**त्रिविधा हि जिनप्रतिमाः-भक्तिकारिताः स्वयं परेण वा चैत्येषु कारिताः, या इदानीमपि मनुष्यादिभिर्विधाप्यन्ते, माङ्गल्यकारिता या गृहद्वारपत्रेषु मङ्गलाय कार्यन्ते, शाश्वत्यस्तु अकारिता एवाधस्तिर्यगूर्ध्वलोकावस्थितेषु जिनभवनेषु वर्त्तन्त इति जिनप्रतिमानां च वीतरागस्वरूपाध्यारोपेण पूजादिविधिरुचित इति १ ।**

**ટીકાર્થ :-**

**'एतैः' ..... इति १ ।** આ અતિચારો વગર અણુવ્રતાદિ વ્રતોનું અને ઉપલક્ષણપણાથી સમ્યક્ત્વનો આચાર=આચરણ=પાલન, વિશેષથી ગૃહસ્થધર્મ છે. જે શાસ્ત્રની આદિમાં પૂર્વમાં સૂચિત હતો, હવે કહેવાયેલા વિશેષગૃહધર્મની અપેક્ષાએ અશેષ વિશેષ ગૃહિધર્મની પ્રરૂપણા કરતાં ગ્રંથકારશ્રી કહે છે. **'तथा'** એ પૂર્વના સાદૃશ્યમા અવ્યય છે. જે પ્રમાણે વિશેષથી ગૃહસ્થધર્મ પૂર્વમાં કહેવાયો તે પ્રમાણે અન્ય પણ વક્ષ્યમાણ તે જ=વિશેષથી ગૃહસ્થધર્મ જ, છે એ પ્રમાણે ભાવ છે. અને તે પ્રકારે તેને કહે છે=જે પ્રકારે બારવ્રતોથી અતિરિક્ત અન્ય પણ વિશેષધર્મ છે તે પ્રકારે વિશેષથી ગૃહસ્થધર્મને કહે છે. **'સાતક્ષેત્રમાં ઇત્યાદિ'** પ્રતીક છે. સાતક્ષેત્રોનો સમાહાર. સપ્તક્ષેત્રી - ૧. જિનબિંબ ૨. જિનભવન ૩.

**જિનાગમ ૪. સાધુ ૫. સાધ્વી ૬. શ્રાવક ૭. શ્રાવિકા સ્વરૂપ સપ્તક્ષેત્રી છે. તેમાં=સાત ક્ષેત્રમાં, શ્રાવકનો અધિકાર હોવાથી ન્યાયથી ગ્રહણ કરાયેલા વિત્તનો=ધનનો વાપ=વ્યયકરણ શ્રાવક કરે છે અને તે વિશેષથી ગૃહસ્થધર્મ છે એ પ્રમાણે યોજન કરવું. આ પ્રમાણે આગળમાં પણ સ્વયં ઊહ કરવો=દીનની અનુકંપાના વિષયમાં સ્વયં ઊહ કરવો. ક્ષેત્રમાં બીજનું વપન ઉચિત છે એ પ્રમાણે કહેવાયું છે. વાપ=વપન, પણ ક્ષેત્રમાં ઉચિત છે. અક્ષેત્રમાં નહીં એથી સાત ક્ષેત્રમાં એ પ્રમાણે કહેવાયું. અને ક્ષેત્રપણું સાતનું રૂઢ જ છે અને સાત ક્ષેત્રમાં વપન યથાઉચિત દ્રવ્યનું ભક્તિથી અને શ્રદ્ધાથી છે.**

**તે આ પ્રમાણે – વિશિષ્ટલક્ષણથી લક્ષિત પ્રસાદનીય વજ, ઈન્દ્રનીલ, અંજન, ચંદ્રકાન્ત, સૂર્યકાન્ત, રિષ્ટ, કર્કેતન, વિદ્રુમ, સુવર્ણ, રૂપ્ય, ચંદન, ઉપલ=પથ્થર, માટી આદિ સાર દ્રવ્ય વડે જિનબિંબનું વિધાપન=નિર્માણ જિનબિંબરૂપ ક્ષેત્રમાં ધન વપન છે. જેને કહે છે –**

"અહીં=સંસારમાં, જે=જે શ્રાવકો, સ્વધનને અનુરૂપ જિનસંબંધી સુંદર માટી-અમલ શિલાતલ-રૂપ્ય-લાકડું-સુવર્ણ-રત્ન-મણિ-ચંદનના સુંદર બિંબને કરે છે તે શ્રાવકો મનુષ્યોમાં અને દેવોમાં મહાસુખને પ્રાપ્ત કરે છે." ॥૧॥ **()**

**અને**

"પ્રાસાદિકા=મનને પ્રસાદ કરનારી, લક્ષણયુક્ત સમસ્ત અલંકારવાળી પ્રતિમા જે પ્રમાણે મનને પ્રહલાદ કરે છે તે પ્રમાણે નિર્જરા જાણવી." **(સંબોધ પ્રકરણ-૧/૩૨૨)**

**અને નિર્માણ કરાયેલા જિનબિંબનું શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિષ્ઠાપન, આઠ પ્રકારે રચના=આઠ પ્રકારની પૂજા, યાત્રાનું કરવું, વિશિષ્ટ આભરણનું ભૂષણ=વિશિષ્ટ અલંકારથી ભૂષિત કરવું, વિચિત્ર વસ્તુઓથી પરિધાપન એ જિનબિંબમાં ધનનું વપન છે. જેને કહે છે –**

"નીકળતી બહુ પરિમલવાળી સુગંધી વસ્તુઓથી, માલ્યથી=માળાઓથી અક્ષત વડે=ચોખા વડે, ધૂપ-દીપ વડે, સંન્યાયવાળા ઘણા ભેદો વડે ચરૂથી ઉપહિત એવા પાકપૂત વડે અને ફલો વડે, પાણીથી ભરેલાં સંપૂર્ણ પાત્રો વડે, જિનપતિની આઠ ભેદવાળી રચના કરનારા ગૃહસ્થો પરમપદના સુખસમૂહને શીઘ્ર પ્રાપ્ત કરે છે." ॥૧॥

**અને જિનબિંબોની પૂજાદિકરણમાં કોઈ ફલની પ્રાપ્તિ નથી એ પ્રમાણે ન કહેવું. ચિંતામણિ આદિની જેમ તેઓથી પણ=જિનબિંબોથી પણ ફલપ્રાપ્તિનો અવિરોધ છે. જે 'વીતરાગ સ્તોત્ર'માં શ્રી હેમસૂરિ વડે કહેવાયું છે –**

"અપ્રસન્ન એવા વીતરાગથી કેવી રીતે ફલ પ્રાપ્ય છે ? એ અસંગત છે. ચિંતામણિ આદિ વિચેતનો પણ શું ફળતા નથી ?" ॥૨॥ **(વીતરાગ સ્તોત્ર ૧૯/૩)**

**અને**

"પૂજ્યોના ઉપકારના અભાવમાં પણ પૂજા કરનારને ઉપકાર થાય છે. જે પ્રમાણે મંત્રાદિનું સ્મરણમાં, જલાદિના સેવનમાં ઉપકાર થાય છે, તે પ્રમાણે અહીં પણ=પૂજ્યોની પૂજામાં પણ, ઉપકાર થાય છે." ॥૧॥ **(શ્રાવક પ્રજ્ઞપ્તિ-**

૩૪૮, પૂજા પંચાશક ૪/૪૪)

**આ સ્વકારિત બિંબોની પૂજાની વિધિ કહેવાઈ. અન્ય કારિત અને અકારિત એવી શાશ્વત પ્રતિમાની યથાયોગ્ય પૂજન-વંદનાદિવિધિ અનુષ્ઠેય છે.**

**હિ=જે કારણથી, ત્રણ પ્રકારની જિનપ્રતિમા છે. સ્વયં કે પરથી ચૈત્યોમાં કરાવાયેલી પ્રતિમા ભક્તિકારિતા છે. જે હમણાં પણ મનુષ્યાદિ વડે કરાવાય છે. મંગલકારિતા પ્રતિમા જે ઘરના દ્વારપત્રોમાં મંગલ માટે કરાય છે. વળી, શાશ્વત પ્રતિમા અકારિતા જ અધોલોક, તિર્યગ્લોક, ઊર્ધ્વલોકમાં અવસ્થિત જિનભવનોમાં વર્તે છે. અને વીતરાગ સ્વરૂપના અધ્યારોપથી= વીતરાગ સ્વરૂપના આરોપણથી, જિનપ્રતિમાઓની પૂજાદિવિધિ ઉચિત છે.**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ સામાન્ય ગૃહસ્થધર્મ બતાવ્યા પછી સમ્યક્ત્વમૂલ બાર વ્રત બતાવ્યાં. ત્યારપછી સમ્યક્ત્વ અને તેના પાંચ-પાંચ અતિચારો બતાવ્યા તેથી સમ્યક્ત્વમૂલ બાર વ્રત શ્રાવકનો વિશેષધર્મ છે. અને જે શ્રાવક પોતાની શક્તિનું સમાલોચન કરીને તે પ્રમાણે વ્રતો ગ્રહણ કરે છે જેથી અતિચાર રહિત વ્રતોનું પાલન થઈ શકે અને જે શ્રાવકો તે અતિચારથી રહિત વ્રતોનું પાલન કરે છે તે ગૃહસ્થનો વિશેષધર્મ છે. વળી, તે સિવાય અન્ય પણ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. જે બતાવવા અર્થે ગાથાના ઉત્તરાર્ધથી બતાવે છે જે પ્રકારે અતિચાર રહિત બાર વ્રતો શ્રાવકનો વિશેષથી ધર્મ છે તે પ્રકારે સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરવો અને દીન જીવોની અનુકંપા કરવી એ પણ શ્રાવકનો વિશેષધર્મ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાં બતાવેલ પાંત્રીશ ગુણવાળો ગૃહસ્થનો સામાન્યધર્મ છે. સમ્યક્ત્વમૂલ બાર વ્રતો વિશેષથી ગૃહસ્થધર્મ છે. તેમ શક્તિ અનુસાર સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો અને દીન જીવોની અનુકંપા કરવી તે પણ વિશેષથી ગૃહસ્થધર્મ છે. જે 'દાનધર્મ' સ્વરૂપ છે.

સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરવો એ ગૃહસ્થધર્મ છે. એમ કહેવાથી જિજ્ઞાસા થાય કે સાતક્ષેત્ર કયાં છે ? તેથી ગ્રંથકારશ્રી સાતક્ષેત્ર બતાવે છે –

૧. જિનબિંબ ૨. જિનભવન ૩. જિનાગમ ૪. સાધુ ૫. સાધ્વી ૬. શ્રાવક ૭. શ્રાવિકા.

તે ધન વ્યય કરવાનાં ઉત્તમ ક્ષેત્રો છે. જેમ ઉત્તમક્ષેત્રમાં વપન કરાયેલું બીજ વિશિષ્ટફળ આપે છે તેમ આ સાત ક્ષેત્રમાં કરાયેલ ધનવ્યય, મહાફળને આપે છે. કઈ રીતે મહાફળ આપે છે. તે સ્પષ્ટ કરે છે. સાતક્ષેત્રમાં પોતાની શક્તિ અનુસાર ભક્તિથી અને શ્રદ્ધાથી ધનને વપન કરવાથી મહાફળ પ્રાપ્ત થાય છે. આશય એ છે કે જિનબિંબ આદિ સાત ક્ષેત્રો ગુણસંપન્ન વસ્તુઓ છે. અને ગુણસંપન્ન વસ્તુઓ પ્રત્યે તેઓના ગુણને આશ્રયીને જેટલો અતિશયિત બહુમાનભાવ અને તે બહુમાનપૂર્વક ભક્તિના અતિશયથી ધનનો વ્યય કરવામાં આવે તે પ્રમાણે ગૃહસ્થને તે ગુણ નિષ્પત્તિના પ્રતિબંધક કર્મનો નાશ થાય છે. તેથી ઘણી નિર્જરા થાય છે અને ગુણસંપન્ન પાત્ર પ્રત્યે જે ગુણોનો રાગ છે. તેનાથી શ્રેષ્ઠ કોટિનું પુણ્ય બંધાય છે.

આ રીતે સાત ક્ષેત્રમાં કરાયેલ ભક્તિ કલ્યાણનું કારણ છે. તે બતાવ્યા પછી તે સાત ક્ષેત્રમાંથી જિનબિંબની કઈ રીતે ભક્તિ થઈ શકે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**૧. જિનબિંબ :-**

જે શ્રાવકોને તીર્થંકરના પ્રત્યે બહુમાન છે અને તીર્થંકરના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન છે, તેના કારણે તીર્થંકરના ગુણોનું સ્મરણ કરીને પોતાની શક્તિ અનુસાર ઉત્તમ દ્રવ્યોથી જિનબિંબનું નિર્માણ કરે તે જિનબિંબના નિર્માણમાં વપરાયેલ ધન ઉત્તમ ભાવોની વૃદ્ધિ દ્વારા નિર્જરાનું કારણ બને છે તેથી જિનબિંબરૂપ ક્ષેત્રમાં ધનનું વપન તે શ્રાવકધર્મ છે. જેનાથી તે શ્રાવકને શીઘ્ર ચારિત્રની પ્રાપ્તિ થાય છે, વળી, જેમ શ્રાવક જિનપ્રતિમાના નિર્માણમાં ધનવ્યય કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે તેમ શાસ્ત્રોક્ત વિધિથી જિનબિંબની પ્રતિષ્ઠા કરીને પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. વળી, અષ્ટપ્રકારી પૂજા કરીને, વિશેષ પ્રકારનાં તીર્થસ્થાનોમાં યાત્રા કરીને, વિશિષ્ટ અલંકારોથી પ્રતિમાને ભૂષિત કરીને અને વિવિધ પ્રકારનાં ઉત્તમ વસ્ત્રો ભગવાનને અર્પણ કરીને જિનબિંબની ભક્તિ કરે. આ સર્વ ભક્તિકાળમાં ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનની ભક્તિનો અતિશય થાય એ રીતે જે કોઈ ક્રિયા કરવામાં આવે અને તેમાં જે કોઈ ધનનો વ્યય થાય તેના દ્વારા તીર્થંકર પ્રત્યે બહુમાનભાવ વધે છે જેથી સંયમની પ્રાપ્તિનું પ્રબળ કારણ તે ધનવ્યય બને છે માટે તે ધનવ્યયની પ્રવૃત્તિ પણ વિશેષથી ગૃહસ્થધર્મ છે; કેમ કે વિશેષથી ગૃહસ્થધર્મ સંપૂર્ણ સર્વવિરતિના પ્રાપ્તિના કારણરૂપે જ અભિમત છે. આથી બારવ્રતો પાળીને શ્રાવક સાધુ-ધર્મની શક્તિનો સંચય કરે છે તેમ જિનપ્રતિમામાં ધનવ્યય કરીને પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે.

અહીં કોઈ શંકા કરે છે કે ભગવાનની પૂજા કરવામાં કોઈ ફળની પ્રાપ્તિ નથી અર્થાત્ ભગવાન મોક્ષમાં ગયેલા હોવાથી કોઈને પ્રસન્ન થઈને કોઈ ફળ આપવાના નથી તેથી તેમની પૂજાથી કોઈ ફળ પ્રાપ્ત થાય નહિ. તેનું સમાધાન આપ્યું કે જેમ ચિંતામણિ આદિ જડ રત્નો કોઈ પ્રકારે ઉપકાર કરવા માટે યત્ન કરતા નથી છતાં તે રત્નો પ્રત્યે જેને ભક્તિ છે તેઓને ચિંતામણિ આદિ રત્નો ફળ આપે છે તેમ તીર્થંકરના ગુણો પ્રત્યે જેમને બહુમાન છે અને તેના કારણે જિનપ્રતિમાની પૂજા કરે છે તેઓને સાક્ષાત્ ભગવાન કોઈ ઉપકાર કરતા નથી. છતાં ગુણવાન એવા તીર્થંકર પ્રત્યે જે ભક્તિનો પરિણામ છે તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય અને સકામનિર્જરાની પ્રાપ્તિ થાય છે જેથી સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષફળની પ્રાપ્તિ થાય છે. વળી, જિનબિંબની ભક્તિ કરવા અર્થે જિનબિંબમાં ધનવ્યય કરવો જોઈએ તેમ કહ્યું તેથી જિજ્ઞાસા થાય કે જિનપ્રતિમા કેટલા પ્રકારની છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

ભક્તિ માટે કરાયેલી જિનપ્રતિમા છે. જે વર્તમાનમાં મનુષ્યાદિ વડે કરાય છે. વળી ગૃહદ્વારમાં મંગલ માટે જિનપ્રતિમા કરાય છે. તે જિનપ્રતિમાની પણ જે ભક્તિ કરાય છે તેનાથી પણ ફળ મળે છે. જેમ પોતાના કલ્યાણ અર્થે કોઈ શ્રાવક ગૃહદ્વારમાં જિનપ્રતિમા સ્થાપન કરે તે વખતે તેને બુદ્ધિ થાય છે કે મારા જીવનમાં કલ્યાણની પરંપરાનું કારણ આ તીર્થંકરની પ્રતિમા છે તે બુદ્ધિથી ભક્તિપૂર્વક ગૃહદ્વારમાં જે જિનપ્રતિમાનું નિર્માણ કરે તેમાં જે ધનનો વ્યય થાય ને ધનનો વ્યય સાતક્ષેત્ર અંતર્ગત જિનપ્રતિમાની

ભક્તિ સ્વરૂપ છે. વળી અકારિત એવી શાશ્વત પ્રતિમાઓ છે. જે ત્રણ લોકમાં વર્તે છે. તે પ્રતિમાઓની પણ ભક્તિમાં જે શ્રાવક ધનવ્યય કરે તે જિનપ્રતિમા વિષયક ધનવ્યય છે. વળી જિનપ્રતિમાની ભક્તિ વીતરાગના સ્વરૂપના અધ્યારોપણથી ઉચિત છે. તેથી એ ફલિત થાય કે જિનપ્રતિમામાં ધનવ્યય કરનાર શ્રાવકે હંમેશાં સ્મરણ કરવું જોઈએ કે આ વીતરાગની પ્રતિમા છે. માટે વીતરાગની ભક્તિ કરીને હું વીતરાગતુલ્ય થવા માટે શક્તિનો સંચય કરું અને તે પ્રકારની જિનપ્રતિમાની ભક્તિ છે તેથી દ્રવ્યસ્તવરૂપ છે. અને તે દ્રવ્યસ્તવ ભાવચારિત્રની પ્રાપ્તિરૂપ ભાવસ્તવનું કારણ બને છે; કેમ કે ભક્તિકાળમાં વીતરાગના ગુણોથી ભાવિત થયેલ ચિત્ત વીતરાગતુલ્ય થવાને અનુકૂળ મહાપરાક્રમ ફોરવી શકે તેવા બળનો સંચય કરે છે.

**ટીકા :-**

**जिनभवनक्षेत्रे स्वधनवपनं=यथा शल्यादिरहितभूमौ स्वयंसिद्धस्योपलकाष्ठादिदलस्य ग्रहणेन सूत्रकारादिभृतकानतिसन्धानेन भृत्यानामधिकमूल्यवितरणेन षट्जीवकायरक्षायतनापूर्वं जिनभवनस्य विधापनम्, सति विभवे भरतादिवद्रत्नशिलाभिर्बद्धचामीकरकुट्टिमस्य मणिमयस्तम्भसोपानस्य रत्नमयतोरणशतालङ्कृतस्य विशालशालाबलानकस्य शालभञ्जिकाभङ्गिभूषितस्तम्भादिप्रदेशस्य दह्यमानकर्पूरकस्तूरिकाऽगरुप्रभृतिधूपसमुच्छलद्धूमपटलजातजलदशङ्कानृत्यत्कलकण्ठकुलकोलाहलस्य चतुर्विधातोद्यनान्दीनिनादनादितरोदसीकस्य देवाङ्गप्रभृतिविचित्रवस्त्रोल्लोचखचितमुक्तावचूलालङ्कृतस्य उत्पतन्निपतद्गायन्नृत्यद्वल्गत्सिंहादिनादितवत्सुमहिमानुमोदनप्रमोदमानजनस्य विचित्रचित्रचित्रीयितसकललोकस्य चामरध्वजच्छत्राद्यलङ्कारविभूषितस्य मूर्द्धारोपितविजयवैजयन्तीनिबद्धकिङ्कणीरणत्कारमुखरितदिगन्तस्य कौतुकाक्षिप्तसुरासुरकिन्नरीनिवहाहमहमिकाप्रारब्धसङ्गीतस्य गन्धर्वगीतध्वनितिरस्कृततुम्बुरुमहिम्नो निरन्तरतालारासकहल्लीसकप्रमुखप्रबन्धनानाभिनयनव्यग्रकुलाङ्गनाचमत्कारितभव्यलोकस्याऽभिनीयमाननाटककोटिरसाक्षिप्तरसिकलोकस्य जिनभवनस्योत्तुङ्गगिरिशृङ्गेषु जिनानां जन्मदीक्षाज्ञाननिर्वाणस्थानेषु सम्प्रतिराजवच्च प्रतिपुरं प्रतिग्रामं पदे पदे विधापनम्, असति तु विभवे तृणकुट्यादिरूपस्यापि, यदाह–**

"यस्तृणमयीमपि कुटीं, कुर्याद्दद्यात्तथैकपुष्पमपि ।
भक्त्या परमगुरुभ्यः, पुण्योन्मानं कुतस्तस्य ? ।।१।।
किं पुनरुपचितदृढघनशिलासमुद्घातघटितजिनभवनम् ।
ये कारयन्ति शुभमतिविधायिनस्ते महाधन्याः ।।२।।"

**राजादेस्तु विधापयितुः प्रचुरतरभाण्डागारग्रामनगरमण्डलगोकुलादिप्रदानं जिनभवने वपनम् २ । तथा जीर्णशीर्णानां चैत्यानां समारचनम् नष्टभ्रष्टानां समुद्धरणं चेति ।**

**ननु निरवद्यजिनधर्मसमाचरणचतुराणां जिनगृहबिम्बपूजादिकरणमनुचितम्, षट्जीवनिकायविराधनाहेतुत्वात्तस्य इति चेन्न,**

"देहाइनिमित्तंपिहु, छक्कायवहंमि जे पयट्टंति ।

जिणपूआकायवहंमि तेसिमपवंत्तणं मोहो ।।१।।" **[पञ्चाशकप्र. ४/४५] इति वचनात्**

**य आरम्भपरिग्रहप्रसक्तस्तस्य कुटुम्बपरिपालनादिनिमित्तधनव्ययजनितपापविशुद्ध्यर्थं जिनभवनादौ धनव्ययस्य श्रेयस्करत्वात्, यस्तु निजकुटुम्बार्थमपि नारम्भं करोति प्रतिमाप्रतिपन्नादिः, तस्य मा भूज्जिनबिम्बादिविधापनमपि, अन्यत्रारम्भवत् एव धर्मार्थारम्भेऽप्यधिकृतत्वात्, न च धर्मार्थं प्रसह्य धनोपार्जनं युक्तम्, यतः—**

"धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।

प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ।।१।।" **[हारिभद्रीय अष्टक ४/६] इति ।**

**यस्तु देहाद्यर्थमारम्भकृदपि नह्येकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यमिति मत्या जिनभवनकारणादौ धार्मिककृत्येऽप्यारम्भं न कुरुते, तस्य महान् दोष एव, तदुक्तं पञ्चाशके—**

"अण्णत्थारंभवओ, धम्मेऽणारंभओ अणाभोगो ।

लोए पवयणखिंसा, अबोहिबीअंति दोसा य ।।१।।" **[४/१२]**

**नच वाप्यादिखननवदशुभोदर्कं जिनभवनादिकरणम्, अपि तु सङ्घसमागमधर्मदेशनाकरणव्रतप्रतिपत्त्यादिकरणेन शुभोदर्कमेव षट्जीवनिकायविराधना च यतनाकारिणामगारिणां कृपापारवश्येन सूक्ष्मानपि जन्तून् रक्षयतामविराधनैव, यदाहुः—**

"जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहिसमग्गस्स ।

सा होइ निज्जरफला, अज्झप्पविसोहिजुत्तस्स ।।१।। **[पिण्डनिर्युक्तौ ६७१]**

परमरहस्समिसीणं, समत्तगणिपिडगझरिअसाराणं ।

परिणामिअं पमाणं, निच्छयमवलंबमाणाणं ।।२।।" **[ओघनिर्युक्तौ ७६०-१]**

**इत्यलं प्रसङ्गेन ३ ।**

**ટીકાર્થ :-**

**जिनभवनक्षेत्रे ..... प्रसङ्गेन ३ ।** જિનભવનના ક્ષેત્રમાં સ્વધનનું વપન શ્રાવક કરે છે. જે પ્રમાણે શલ્યાદિ રહિત ભૂમિમાં સ્વયંસિદ્ધ ઉપલ-કાષ્ઠાદિ દલના ગ્રહણથી સૂત્રકારાદિ ભૃતકના અનતિસંધાનથી ભૃત્યોને અધિક મૂલ્યના વિતરણથી ષડ્જીવનિકાયની રક્ષાના યતનાપૂર્વક જિનભવનનું નિર્માણ કરે છે. વૈભવ હોતે છતે ભરતાદિની જેમ રત્નશિલાઓ વડે બદ્ધ સુવર્ણના ભૂતલવાળા, મણિમય સ્તંભ

અને સોપાનવાળા સેંકડો રત્નમય તોરણથી અલંકૃત, વિશાલશાલા બલાનકવાળા, પૂતળીઓના વિભાગથી ભૂષિત સ્તમ્ભાદિ પ્રદેશવાળા, દહ્યમાન કપૂર-કસ્તૂરિકા-અગરુ વગેરે ધૂપથી ઊછળતા ધૂમપટલના સમૂહથી થયેલા વાદળની શંકાથી નૃત્ય કરતા કોયલના કંઠના કોલાહલવાળા, ચાર પ્રકારના વાજિંત્રોના અવાજથી ગાજતા, દેવાંગ વગેરે વિચિત્ર વસ્ત્રના ચંદરવાથી યુક્ત મોતીઓની શ્રેણીથી અલંકૃત, હર્ષની અભિવ્યક્તિથી ગાતા નૃત્ય કરતા સિંહનાદાદિથી મહિમાને કરતા અનુમોદન અને પ્રમોદ કરતા મનુષ્યવાળા, વિચિત્ર ચિત્રોથી સકલલોકને આશ્ચર્ય પમાડે તેવા, ચામર-ધ્વજ-છત્રાદિ અલંકારથી વિભૂષિત, શિખર ઉપર આરોપિત વિજય-વૈજયંતીથી નિબદ્ધ ઘૂઘરીઓના રણકારથી મુખરિત બધી દિશાઓ છે જેને તેવું કૌતુકથી આક્ષિપ્ત સુર-અસુર-કિન્નરીના સમૂહ વડે અહઅહમિકાથી પ્રારબ્ધ સંગીતવાળા, ગંધર્વગીતના ધ્વનિને તિરસ્કૃત કર્યું છે એવા તુંબરુના મહિમાવાળા, નિરંતર તાલ-રાસક-હલ્લીસક વગેરે પ્રબંધના જુદા જુદા અભિનયવાળી કુલાંગનાથી ચમત્કારિત ભવ્યલોકવાળા, અભિનય કરાતા કોટિનાટકના રસથી આક્ષિપ્ત રસિક લોકવાળા, જિનભવનનું નિર્માણ કરવું જોઈએ. ઊંચાં ગિરિશિખરોમાં, જિનેશ્વરોના જન્મ-દીક્ષા-કેવલજ્ઞાન-નિર્વાણસ્થાનોમાં જિનાલયો નિર્માણ કરવાં જોઈએ. અને સંપ્રતિરાજાની જેમ દરેક નગરમાં, દરેક ગામમાં, પદે પદે= સ્થાને-સ્થાને, જિનાલય નિર્માણ કરવાં જોઈએ અને વળી વૈભવ નહિ હોતે છતે તૃણ-કુટ્યાદિ રૂપ પણ જિનાલયનું નિર્માણ કરવું જોઈએ. જેને કહે છે –

"જે તૃણમય કુટીને કરે છે=ઘાસની દીવાલવાળું પણ જિનાલય કરે છે અને એક પુષ્પ પણ ભક્તિથી પરમગુરુને અર્પણ કરે છે. તેના પુણ્યનું ઉન્માન ક્યાંથી થઈ શકે ? અર્થાત્ તેને ઘણા પુણ્યનું અર્જન થાય છે." ॥૧॥

"શું વળી ઉપચિત દૃઢ ઘનશિલાના સમુદ્‌ઘાતથી ઘટિત એવા જિનભવનને જેઓ કરાવે છે શુભમતિને કરનારા તેઓ મહાધન્ય છે." ॥૨॥

વળી જિનભવન કરનારા રાજાદિનું પ્રચુરતર ભાંડાગાર-ગામ-નગર-મંડલ-ગોકુલાદિનું પ્રદાન જિનભવનમાં વપન છે. અને જીર્ણશીર્ણ એવાં ચૈત્યોનું સમારકામ કરવું અને નષ્ટ-ભ્રષ્ટ જિનભવનનું સમુદ્ધરણ કરવું તે જિનભવનમાં ધનનું વપન છે.

'નનુ'થી અહીં કોઈ શંકા કરે છે. નિરવદ્ય એવા જિનધર્મને આચરનારા બુદ્ધિમાનોને જિનગૃહ, જિનબિંબ અને પૂજાદિકરણ અનુચિત છે; કેમ કે તેનું=જિનગૃહ, જિનબિંબ અને પૂજાદિકરણ, ષડ્જીવનિકાયની વિરાધનાનું હેતુપણું છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે એમ ન કહેવું; કેમ કે –

"દેહાદિ નિમિત્ત પણ છકાયના વધમાં જેઓ પ્રવર્તે છે તેઓનું જિનપૂજાના નિમિત્ત કાયવધમાં અપ્રવર્તન મોહ છે." (પંચાશક પ્ર. ૪/૪૫) એ પ્રકારનું વચન છે.

જે આરંભ પરિગ્રહમાં પ્રસક્ત છે. તેના કુટુંબ પરિપાલનાદિ નિમિત્ત ધનવ્યય જનિત પાપવિશુદ્ધિ અર્થે જિનભવનાદિમાં ધનવ્યયનું શ્રેયસ્કરપણું છે. વળી જે પ્રતિમા પ્રતિપન્નાદિ શ્રાવક પોતાના કુટુંબ

**માટે પણ આરંભ કરતો નથી તેને જિનબિંબાદિનું નિર્માણ પણ ન હો; કેમ કે અન્યત્ર આરંભવાળાને જ ધર્મ અર્થે આરંભમાં અધિકૃતપણું છે. અને ધર્મ માટે અત્યંત પ્રયત્ન કરીને ધન ઉપાર્જન કરવું યુક્ત નથી=પ્રતિમા પ્રતિપન્ન અત્યંત નિરવદ્ય જીવન જીવનારા શ્રાવકને ધર્મ માટે અત્યંત પ્રયત્ન કરીને ધન ઉપાર્જન કરવું યુક્ત નથી. જે કારણથી કહ્યું છે.**

"ધર્મ માટે જેને ધનની ઇચ્છા છે તેને અનિચ્છા શ્રેયકારી છે. કાદવના પ્રક્ષાલનથી જ કાદવને દૂરથી સ્પર્શ ન કરવો શ્રેષ્ઠ છે." **(હારિભદ્રીય અષ્ટક ૪/૬)**

**'इति' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**વળી જે દેહાદિ માટે આરંભને કરનારા પણ એક પાપ આચરિત છે. એથી અન્ય પણ પાપ ન આચરવું જોઈએ એ પ્રકારની મતિથી જિનભવન કરણાદિ ધાર્મિક કૃત્યમાં પણ આરંભ કરતા નથી તેને મહાન દોષ જ છે. તે પંચાશકમાં કહેવાયું છે –**

"અન્યત્ર આરંભવાળાને ધર્મમાં અનારંભ અનાભોગ=અજ્ઞાન છે." કેમ અજ્ઞાન છે ? એથી કહે છે –

"લોકમાં પ્રવચનની નિંદા અને અબોધિનું બીજ એ દોષો છે." **(પંચાશક ૪/૧૨)**

**અને વાપ્યાદિ ખનનની જેમ અશુભકર્મ કરનારું જિનભવનાદિ કરણ નથી. પરંતુ સંઘના સમાગમ ધર્મદેશનાનું કરણ, વ્રતના સ્વીકાર આદિના કરણ દ્વારા શુભકર્મવાળું જ છે. કૃપાના પારવશ્યથી સૂક્ષ્મ પણ જીવોનું રક્ષણ કરનારા ષડ્જીવનિકાયની વિરાધનામાં યત્નકારી એવા શ્રાવકોની અવિરાધના જ છે. જેને કહે છે –**

"સૂત્રવિધિ સમગ્ર અધ્યવસાય વિશુદ્ધિયુક્ત યતમાનની જે વિરાધના થાય તે નિર્જરા ફલવાળી છે." **(પિંડનિર્યુક્તિ ૬૭૧)**

"સમસ્ત ગણિપિટકના સારને પામેલા નિશ્ચયનયનું અવલંબન કરનારા ઋષિઓનું પરમ રહસ્ય પારિણામિક ભાવ પ્રમાણ છે." **(ઓઘનિર્યુક્તિ ૭૬૦-૭૬૧)**

**પ્રસંગથી સર્યું.**

**ભાવાર્થ :-**

**૨. જિનભવન ક્ષેત્ર :-**

શ્રાવક સાત ક્ષેત્રમાં ધન વપન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. તેથી સાત ક્ષેત્રમાં ધનના વ્યયને વિશેષ પ્રકારનો શ્રાવકધર્મ કહેલ છે. સાત ક્ષેત્રમાંથી જિનપ્રતિમામાં ધનવ્યય કઈ રીતે શ્રાવક કરે ? જેથી ભગવાનની ભક્તિ કરીને સંયમની શક્તિનો સંચય થાય તે પૂર્વમાં બતાવ્યું. હવે જિનભવનના નિર્માણમાં ધનવ્યય કરીને શ્રાવક વિશેષ પ્રકારના ધર્મને સેવે છે તે બતાવવા અર્થે કહે છે –

જે શ્રાવકો મહાવૈભવવાળા છે તેઓ ભરતમહારાજાની જેમ વિશિષ્ટ જિનાલય નિર્માણ કરીને ભગવાનની ભક્તિ કરે છે. અથવા મોટાં ગિરિશિખરો આદિમાં જિનાલયો નિર્માણ કરીને ભગવાનની ભક્તિ કરે છે.

અથવા તીર્થંકરના જન્મકલ્યાણકસ્થળમાં, દીક્ષાકલ્યાણકસ્થળમાં, કેવલજ્ઞાનકલ્યાણકસ્થળમાં કે નિર્વાણકલ્યાણકસ્થળમાં જિનભવન કરીને ભગવાનની ભક્તિ કરે છે; કેમ કે તીર્થંકરનાં જન્મકલ્યાણકાદિ સ્થળો જોઈને શ્રાવકને સ્મૃતિ થાય છે કે સર્વોત્તમ પુરુષો આ પવિત્ર ભૂમિ પર જન્માદિ પામ્યા છે. માટે તે સ્થાન પણ ભક્તિપાત્ર છે અને તેવા સ્થાને ભગવાનની સ્મૃતિ અર્થે વિધિપૂર્વક જિનભવન નિર્માણ કરીને તીર્થંકર પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ શ્રાવક કરે છે. વળી, કેટલાક સુખી સંપન્ન શ્રાવકો સંપ્રતિરાજાની જેમ દરેક નગરોમાં સ્થાને સ્થાને જિનાલયો કરીને ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિ અતિશયિત કરે છે. તેથી જે શ્રાવકને સંસારથી ભય લાગેલો હોય, તીર્થંકર પ્રત્યે અત્યંત ભક્તિ છે, તેથી શક્તિ અનુસાર શ્રાવકના ઉચિત આચારનું જ્ઞાન મેળવે. કઈ રીતે ભગવાનની ભક્તિ કરવાથી દ્રવ્યસ્તવ, ભાવસ્તવરૂપ ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે તેના રહસ્યને જાણે અને ભગવાનના શાસન પ્રત્યે કોઈને દ્વેષ ન થાય, યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ થાય તે પ્રકારે ઉર્જિત આશયપૂર્વક જિનભવન નિર્માણ કરે તો તે પ્રવૃત્તિથી વીતરાગ પ્રત્યેના બહુમાનને કારણે અવશ્ય ચારિત્રની પ્રાપ્તિ કરીને તે શ્રાવક અલ્પ સમયમાં સંસારસાગરથી પારને પામે છે. વળી, જે શ્રાવક પાસે તેવી ઋદ્ધિ નથી તોપણ પોતાની શક્તિ અનુસાર તૃણની ભીંત આદિવાળું નાનું ચૈત્યાલય કરે અને એક પુષ્પ પણ ભગવાનને અર્પણ કરે તોપણ પરમગુરુ એવા તીર્થંકરની ભક્તિના ફળથી મહાપુણ્યનું અર્જન કરે છે. જેના ફળરૂપે સુદેવત્વને અને સુમનુષ્યત્વને પામીને સંસારસાગરથી તરે છે. વળી, જિનાલય નિર્માણ કર્યા પછી તેના નિભાવ માટે જે કોઈ પણ વ્યવસ્થા કરે તે પણ જિનભવનમાં ધનનો વ્યય છે. વળી, જીર્ણ થયેલાં ચૈત્યોનું સમારકામ કરે, નાશ પામેલાં ચૈત્યોનું ઉદ્ધરણ કરે તે સર્વ પણ જિનભવનના નિર્માણમાં ધનવ્યય છે. તેથી પોતાના કાળમાં વિદ્યમાન સંયોગ અનુસાર વિવેકપૂર્વક જિનભવનમાં ધનવ્યય કરવાથી શ્રાવકને મહાન લાભની પ્રાપ્તિ થાય છે.

અહીં કોઈક વિચારકને શંકા થાય કે ભગવાનનો ધર્મ તો નિરવદ્ય આચરણારૂપ છે. તેથી જિનભવનનું નિર્માણ, જિનપ્રતિમાનું નિર્માણ કે જિનપ્રતિમાની પૂજા આદિ કરવી તે ઉચિત કહી શકાય નહિ; કેમ કે સ્થૂલદૃષ્ટિથી જોવાથી તે સર્વ કૃત્ય છજીવનિકાયની વિરાધના સ્વરૂપ છે. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેઓ પોતાની જીવનવ્યવસ્થા માટે છકાયના વધમાં પ્રવર્તે છે તેઓ ભગવાનની ભક્તિમાં હિંસા છે તેમ વિચારીને અપ્રવૃત્તિ કરે છે તે તેઓનો મોહ છે. તેથી એ ફલિત થાય કે જે શ્રાવકો અત્યંત નિરવદ્ય પ્રવૃત્તિવાળા થઈને સુસાધુની જેમ પ્રતિમાઓને વહન કરે છે, સંસારના સર્વ આરંભોનો ત્યાગ કરે છે અને કેવલ શ્રુતથી આત્માને વાસિત કરીને આત્માના સંવરભાવને ઉલ્લસિત કરવા સમર્થ છે તેવા શ્રાવકો ભગવાનની પૂજાદિ ન કરે અને સાધુની જેમ અત્યંત નિરવદ્ય જીવન જીવવા ઇચ્છે તે ઉચિત છે. પરંતુ જેઓનું ચિત્ત તે પ્રકારે સંપન્ન થયું નથી અને જેઓ પોતાના ગૃહસ્થજીવનમાં શાતા અર્થે અને કુટુંબના પાલન અર્થે આરંભ-સમારંભ કરીને જ જીવી શકે તેવા છે તેવા શ્રાવકોને તીર્થંકર પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ અર્થે યતનાપૂર્વક જિનગૃહનું નિર્માણ કરવું ઉચિત છે; કેમ કે તે પ્રકારની પ્રવૃત્તિથી વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે છે. અને વીતરાગ પ્રત્યેના બહુમાનભાવથી સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાની

શક્તિનો સંચય થાય છે. તેથી માત્ર બાહ્ય હિંસાને જોઈને મુગ્ધબુદ્ધિથી જિનાલય નિર્માણમાં કે જિનપૂજામાં હિંસા છે તે પ્રકારે વિચારીને સંયમના ઉત્તમ ભાવોનું પ્રબળ કારણ ભગવાનની ભક્તિ અકર્તવ્ય છે તેમ કહેવું તે અજ્ઞાનનો વિલાસ છે. આથી જ જેઓ ભાવસાધુની જેમ અત્યંત શ્રુતથી ભાવિત થઈને સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવા યત્ન કરી રહ્યા છે તેવા શ્રાવકોને જ ધર્મ માટે ધન ઉપાર્જન કરવું યુક્ત નથી. એ પ્રકારે 'હારિભદ્રી અષ્ટક'માં કહેલ છે. પરંતુ જેઓ સંસારના આરંભ-સમારંભથી ખરડાયેલા છે તેવા શ્રાવકોને તો નિરારંભ જીવનની નિષ્પત્તિનું પ્રબળ કારણ યતનાપૂર્વક ભગવાનની ભક્તિ છે.

અહીં કોઈને શંકા થાય કે શ્રાવક દેહાદિ માટે આરંભ-સમારંભ કરે છે તે એક પાપની આચરણા છે. પરંતુ ધર્મબુદ્ધિથી ચૈત્યાલયના નિર્માણરૂપ અન્ય પાપ કરવું તેને કઈ રીતે ઉચિત કહી શકાય. આ પ્રકારે વિચારીને જેઓ ભગવાનની ભક્તિ આદિમાં આરંભને કરતા નથી તેઓને મહાન દોષની પ્રાપ્તિ થાય છે; કેમ કે જેમ સંસારના આરંભો છે તેના જેવા જ લોકો માટે કૂવા ખોદાવવા વગેરે કૃત્યો છે. તેથી સંસારના આરંભ કરનારાને પણ લોકોના ઉપકાર અર્થે કૂવા ખોદાવવા વગેરે કૃત્યો કરવાં ઉચિત નથી. માટે સંસારના એક પાપ કરનારને કૂવો ખોદાવવા રૂપ બીજું પાપ કરવું ઉચિત નથી તેમ કહી શકાય. પરંતુ જિનભવનનું નિર્માણ તો કૂવા ખોદાવવા જેવું અસુંદર કૃત્ય નથી; કેમ કે જિનાલય કરવાથી ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે. ત્યાં દર્શન અર્થે ચતુર્વિધ સંઘનું આગમન થાય છે. સુસાધુઓની ધર્મદેશનાની પ્રાપ્તિ થાય છે. દેશના સાંભળીને ઘણા યોગ્યજીવોને સંયમની પ્રાપ્તિ આદિ થાય છે. તેથી જિનાલયનિર્માણ અનેક પ્રકારના ધર્મની વૃદ્ધિનું પ્રબળ કારણ છે માટે જે શ્રાવક સૂક્ષ્મજીવો પ્રત્યે પણ અત્યંત દયાળુ છે. તે શ્રાવક શક્તિ અનુસાર નિરર્થક આરંભના પરિહાર માટે યતના કરે અને તે રીતે જિનાલય નિર્માણ કરે ત્યારે જે હિંસાનો પરિહાર અશક્ય હોય તેવી હિંસા થાય છે. તે હિંસાકાળમાં પણ ભગવાન પ્રત્યેની ભક્તિ અને જીવોની રક્ષા માટેની ઉચિત યતના અને શાસ્ત્રવિધિ અનુસાર પ્રવૃત્તિ કરવાનો પરિણામ વિદ્યમાન હોવાને કારણે તે શ્રાવકને મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. આથી જ 'પિંડનિર્યુક્તિ'માં કીધું કે અધ્યવસાયની વિશુદ્ધિથી યુક્ત સૂત્રવિધિ અનુસાર પૂર્ણ વિધિ કરનાર યતનાપરાયણ જીવથી જે વિરાધના થાય છે તે નિર્જરા ફલવાળી છે. તેથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકર પ્રત્યેના બહુમાનભાવથી યુક્ત શ્રાવક શાસ્ત્રમાં બતાવેલ વિધિનું યથાર્થ જ્ઞાન કરીને શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યનિર્માણ કરે તે વખતે કોઈ જીવોને પીડા ન થાય તેના માટે શક્ય યતના કરે અને તેના માટે ઘણો પણ ધનવ્યય કરીને જીવરક્ષા માટે ઉદ્યમ કરે તે વખતે જે કોઈ જીવોની વિરાધના થાય છે તે વિરાધના અશક્ય પરિહારરૂપ છે. વસ્તુતઃ તે ચૈત્યાલયના નિર્માણની ક્રિયા ઉત્તમભાવોની વૃદ્ધિના કારણરૂપ હોવાથી નિર્જરાનું કારણ બને છે અને તેની પુષ્ટિ કરવા અર્થે 'ઓઘનિર્યુક્તિ'નું વચન બતાવતાં કહે છે –

જે મહાત્માઓ આગમના વચનના સારને પામ્યા છે તેઓ સર્વ ઉચિત અનુષ્ઠાન કરતી વખતે નિશ્ચયનયનું અવલંબન લે છે; કેમ કે નિશ્ચયનય પરિણામની શુદ્ધિને પ્રધાન કરે છે, બાહ્યકૃત્યને નહિ અને તેવા મહાત્માને અનુષ્ઠાનકાળમાં વર્તતો જિનવચનાનુસાર પરિણામ જ પ્રમાણભૂત ભાસે છે. તેથી ચૈત્યાલયનિર્માણમાં વર્તતો ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ જ કલ્યાણનું કારણ છે. તેથી ચૈત્યાલયનિર્માણમાં અશક્ય પરિહારરૂપ

જે હિંસા થાય છે તે અધ્યવસાયને મલિન કરનાર નહિ હોવાથી અને યતનાપૂર્વકની ચૈત્યાલયના નિર્માણની પ્રવૃત્તિ ભગવાનની ભક્તિમાં અતિશય કરનાર હોવાથી પ્રમાણભૂત છે=નિર્જરાનું કારણ છે.

**ટીકા :-**

**जिनागमक्षेत्रे स्वधनवपनं, यथा जिनागमो हि कुशास्त्रजनितसंस्कारविषसमुच्छेदनमन्त्रायमाणो धर्माधर्मकृत्याकृत्यभक्ष्याभक्ष्यपेयापेयगम्यागम्यसारासारादिविवेचनाहेतुः सन्तमसे दीप इव समुद्रे द्वीपमिव मरौ कल्पतरुरिव संसारे दुरापः, जिनादयोऽप्येतत्प्रामाण्यादेव निश्चीयन्ते, यदूचः स्तुतिं श्रीहेमसूरयः-**

"यदीयसम्यक्त्वबलात्प्रतीमो, भवादृशानां परमाप्तभावम् ।
कुवासनापाशविनाशनाय,नमोऽस्तु तस्मै जिन(तव)शासनाय ।।१।।" **[अयोगव्यवच्छेदद्वात्रिंशिकायाम् २१]**

**जिनागमबहुमानिना च देवगुरुधर्मादयोऽपि बहुमता भवन्ति, किञ्च केवलज्ञानादपि जिनागम एव प्रामाण्येनातिरिच्यते, यदाहुः—**

"ओहे सुओवउत्तो, सुअनाणी जइहु गिण्हइ असुद्धं ।
तं केवलीवि भुंजइ, अपमाण सुअं भवे इहरा ।।१।।" **[पिण्डनिर्युक्तौ गा. ५२४]**

**एकमपि च जिनागमवचनं भविनां भवविनाशहेतुः, यदाहुः—**

"एकमपि च जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः, सामायिकमात्रपदसिद्धाः ।।१।।" **[तत्त्वार्थसम्बन्धकारिका २७]**

**यद्यपि च मिथ्यादृष्टिभ्य आतुरेभ्य इव पथ्यान्नं न रोचते जिनवचनम्, तथापि नान्यत्स्वर्गापवर्गमार्ग-प्रकाशनसमर्थमिति सम्यग्दृष्टिभिस्तदादरेण श्रद्धातव्यम्, यतः कल्याणभागिन एव जिनवचनं भावतो भावयन्ति, इतरेषां तु कर्णशूलकारित्वेनामृतमपि विषायते यदि चेदं जिनवचनं नाभविष्यत्तदा धर्माधर्मव्यवस्थाशून्यं भवान्धकारे भुवनमपतिष्यत् । यथा च—'हरीतकीं भक्षयेद्विरेककाम' इति वचनाद्धरीतकीभक्षणप्रभवविरेकलक्षणेन प्रत्ययेन सकलस्याप्यायुर्वेदस्य प्रामाण्यमवसीयते, तथाऽष्टा-ङ्गनिमित्तकेवलिकाचन्द्रार्कग्रहचारधातुवादरसरसायनादिभिरप्यागमोपदिष्टैर्दृष्टार्थवाक्यानां प्रामाण्य-निश्चयेनादृष्टार्थानामपि वाक्यानां प्रामाण्यं मन्दधीभिर्निश्चेतव्यम्, जिनवचनं दुष्षमाकालवशा-दुच्छिन्नप्रायमिति मत्वा भगवद्भिर्नागार्जुनस्कन्दिलाचार्यप्रभृतिभिः पुस्तकेषु न्यस्तम्, ततो जिनवचन-बहुमानिना तल्लेखनीयम्, वस्त्रादिभिरभ्यर्चनीयं च । यदाह—**

"न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जडस्वभावम् ।
न चान्धतां बुद्धिविहीनतां च, ये लेखयन्तीह जिनस्य वाक्यम् ।।१।।"

**जिनागमपाठकानां भक्तितः सन्माननं च । यदाह–**

"पठति पाठयते पठतामसौ, वसनभोजनपुस्तकवस्तुभिः ।

प्रतिदिनं कुरुते य उपग्रहं, स इह सर्वविदेव भवेन्नरः ।।१।।"

**लिखितानां च पुस्तकानां संविग्नगीतार्थेभ्यो बहुमानपूर्वकं व्याख्यापनम्, व्याख्यापनार्थं दानं, व्याख्यायमानानां च प्रतिदिनं पूजापूर्वकं श्रवणं चेति ३ ।**

**ટીકાર્થ :-**

**जिनागमक्षेत्रे ..... श्रवणं चेति ३ । જિનાગમના ક્ષેત્રમાં સ્વધનનો વ્યય, તે 'યથા'થી બતાવે છે. કુશાસ્ત્રથી જનિત સંસ્કારરૂપ વિષના સમુચ્છેદન માટે મંત્રાયમાણ એવો જિનાગમ ધર્માધર્મ-કૃત્યાકૃત્ય-ભક્ષ્યાભક્ષ્ય-પેયાપેય-ગમ્યાગમ્ય-સાર-અસાર આદિ વિવેચનનો હેતુ છે અને અંધકારમાં દીવાની જેમ, સમુદ્રમાં દ્વીપની જેમ, મરુભૂમિમાં કલ્પતરુની જેમ સંસારમાં દુરાપ છે=દુઃખે કરીને પ્રાપ્ત થાય તેમ છે. જિન આદિ પણ આના પ્રામાણ્યથી જ નિશ્ચિત થાય છે=જિનાગમના પ્રમાણથી જ નિશ્ચિત થાય છે. જે કારણથી શ્રી હેમસૂરિએ સ્તુતિ કરેલ છે.**

"જેમના સમ્યક્ત્વના બળથી તમારા જેવાઓનો પરમ આપ્તભાવ અમે જાણીએ છીએ, કુવાસનાના પાશના વિનાશને કરનારા તે જિનશાસનને નમસ્કાર હો." **(અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા ૨૧)**

**અને જિનાગમના બહુમાની વડે દેવ-ગુરુ-ધર્મ આદિ પણ બહુમત થાય છે=દેવ-ગુરુ-ધર્મ આદિ પ્રત્યે પણ બહુમાન થાય છે. વળી, કેવલજ્ઞાનથી પણ જિનાગમ જ પ્રામાણ્યથી અધિક છે. જેને કહે છે –**

"ઓઘથી શ્રુત ઉપયુક્ત શ્રુતજ્ઞાની જો કે અશુદ્ધને ગ્રહણ કરે છે તેને કેવલી પણ વાપરે છે. ઈતરથા જો અશુદ્ધ ભિક્ષા છે એમ જાણીને કેવલી ન વાપરે તો શ્રુત અપ્રમાણ થાય." **(પિંડનિર્યુક્તિ ગાથા ૫૨૪)**

**અને એકપણ જિનાગમનું વચન યોગ્યજીવોના ભવના વિનાશનો હેતુ છે. જેને કહે છે –**

"અને જે જિનવચનથી એક પણ પદ નિર્વાહક થાય છે=મોક્ષનું કારણ થાય છે અને સામાયિક માત્ર પદથી સિદ્ધ થયેલા અનંતા સંભળાય છે." **(તત્ત્વાર્થ સંબંધકારિકા ૨૭)**

**અને જો કે રોગીઓને પથ્ય અન્નની જેમ મિથ્યાદષ્ટિઓને જિનવચન રુચતું નથી. તોપણ સ્વર્ગ અને મોક્ષમાર્ગના પ્રકાશનમાં સમર્થ અન્ય નથી, એથી સમ્યગ્દષ્ટિઓએ તેની આદરથી શ્રદ્ધા કરવી જોઈએ=જિનાગમને આદરથી સ્વીકારવું જોઈએ. જે કારણથી કલ્યાણભાગી જ જીવો જિનવચનને ભાવથી ભાવન કરે છે. વળી, ઈતર જીવોને કર્ણમાં શૂલની પીડાનું કારિતપણું હોવાને કારણે અમૃત પણ વિષરૂપ થાય છે. અને જો આ જિનવચન ન હોય તો ધર્મ-અધર્મ વ્યવસ્થાશૂન્ય જગત ભવાંધકારમાં પડત. અને જે પ્રમાણે –**

"વિરેચનની કામનાવાળો હરીતકીનું ભક્ષણ કરે=હરડેનું ભક્ષણ કરે."

**એ પ્રકારના વચનથી હરીતકીના ભક્ષણના પ્રભવ વિરેચન લક્ષણ પ્રત્યયથી સકલ પણ આયુર્વેદનું પ્રમાણ નિર્ણય કરાય છે. તે પ્રમાણે આગમ ઉપદિષ્ટ અષ્ટાંગ નિમિત્ત કેવલિકા-ચંદ્ર-સૂર્યના ગ્રહનો ચાર-ધાતુવાદ-રસ-રસાયણ આદિ વડે પણ દૃષ્ટ અર્થવાળાં વાક્યોના પ્રામાણ્યના નિશ્ચયથી અદૃષ્ટ અર્થવાળાં વાક્યોના પ્રામાણ્યનો મંદબુદ્ધિવાળાએ નિશ્ચય કરવો જોઈએ. જિનવચન દુષમકાલના વશથી ઉચ્છિન્ન પ્રાયઃ છે એમ માનીને ભગવાન નાગાર્જુન-સ્કન્દિલાચાર્ય વગેરેથી પુસ્તકમાં લખાયેલું છે. તેથી જિનવચનના બહુમાની વડે તે લેખનીય છે અને વસ્ત્રાદિ વડે અભ્યર્ચનીય છે જેને કહે છે –**

"તે મનુષ્યો દુર્ગતિને પ્રાપ્ત કરતા નથી, મૂકતા=મૂકપણાને પામતા નથી, જડ સ્વભાવને પામતા જ નથી, અને અંધતાને પામતા નથી અને બુદ્ધિહીનતાને પામતા નથી. જેઓ અહીં જિનના વાક્યને લખાવે છે." ॥૧॥

**અને જિનાગમના પાઠકોનું ભક્તિથી સન્માન કરવું જોઈએ. જેને કહે છે –**

"જે આગમ ભણે છે. ભણતાને આ=કોઈ પુરુષ, ભણાવે છે. વસ્ત્ર-ભોજન-પુસ્તકરૂપ વસ્તુથી જે પ્રતિદિન તેઓનો ઉપકાર કરે છે. તે નર અહીં=સંસારમાં, સર્વવિદ્ જ થાય છે." ॥૧॥

**અને લખાયેલાં પુસ્તકોનું સંવિજ્ઞ ગીતાર્થો પાસેથી બહુમાનપૂર્વક વ્યાખ્યાન કરાવવું જોઈએ. વ્યાખ્યાન માટે દાન આપવું જોઈએ. અને વ્યાખ્યાન કરાતા જિનાગમનું પ્રતિદિન પૂજાપૂર્વક શ્રવણ કરવું જોઈએ.**

**ભાવાર્થ :-**

**૩. જિનાગમ ક્ષેત્ર :-**

શ્રાવકોને ભગવાનના વચનરૂપ આગમ પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે. તેથી પોતાની શક્તિ અનુસાર જિનાગમમાં ધનવ્યય કરીને પોતાની ભક્તિની વૃદ્ધિ કરે છે. કઈ રીતે શ્રાવકોને જિનાગમ પ્રત્યે ભક્તિ હોય છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કુશાસ્ત્રજનિત સંસ્કારરૂપ વિષનો ઉચ્છેદ કરવા માટે મંત્ર તુલ્ય જિનાગમ છે. તેથી જેઓ જિનાગમને સાંભળે છે તેઓના ચિત્તમાં કુસંસ્કારો નાશ પામે છે અને ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે. અને જિનાગમ વિવેકનો હેતુ છે. કેવા પ્રકારના વિવેકનો હેતુ છે ? તે સ્પષ્ટ કરે છે. પોતાના માટે ધર્મ શું છે ? અધર્મ શું છે ? તેનો બોધ કરાવે છે. પોતાના માટે કૃત્ય શું છે ? અકૃત્ય શું છે ? તેનો બોધ કરાવે છે. પોતાના માટે ભક્ષ્ય શું છે ? અભક્ષ્ય શું છે ? તેનો બોધ કરાવે છે. પેય શું છે ? અપેય શું છે ? તેનો બોધ કરાવે છે. ગમ્ય શું છે ? અગમ્ય શું છે ? તેનો બોધ કરાવે છે. પોતાની ભૂમિકા અનુસાર કઈ પ્રવૃત્તિ સાર છે ? અને કઈ પ્રવૃત્તિ અસાર છે ? તેનો બોધ કરાવે છે. આ રીતે બોધ કરાવીને જીવને હિતમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાથી જિનાગમ અંધકારમાં દીવા જેવું છે. સમુદ્રમાં દ્વીપ જેવું છે અને મરુભૂમિમાં કલ્પવૃક્ષ જેવું છે. તેથી સંસારમાં જિનાગમ પ્રાપ્ત કરવું દુષ્કર છે. તેથી દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવું જિનાગમ યોગ્ય જીવોને પ્રાપ્તિનું કારણ બને તે અર્થે જિનાગમમાં ધનવ્યય કરીને તેને સુલભ કરવા શ્રાવક યત્ન કરે છે. અને પોતાને પણ જિનાગમ

પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તો જન્મજન્માંતરમાં તે જિનાગમ સુલભ થાય તેવું પુણ્ય અર્જન કરે છે. વળી, શ્રાવક વિચારે છે કે જિન, સુસાધુ આદિ પણ જિનાગમના બળથી જ જાણી શકાય છે; કેમ કે જેને જિનાગમનું જ્ઞાન નથી તેને જિનપ્રતિમા જોવા છતાં પણ જિનના સ્વરૂપનો બોધ થઈ શકતો નથી. અને સુસાધુને જોવા છતાં પણ સુસાધુની ઉત્તમતાનો બોધ થઈ શકતો નથી. તેથી જિનાગમના બળથી જ તીર્થંકરનું સ્વરૂપ જણાય છે, સુસાધુનું સ્વરૂપ જણાય છે. માટે અત્યંત કલ્યાણના કારણરૂપ તીર્થંકરનું અને સુસાધુનું જ્ઞાન કરાવનાર જિનાગમ છે માટે જિનાગમની ભક્તિ કરવી જોઈએ. અહીં 'જિનાગમ' શબ્દથી આગમ માત્રનું ગ્રહણ નથી. પરંતુ આગમને અવલંબીને પૂર્વના મહાપુરુષો દ્વારા લખાયેલા ગ્રંથોનું પણ ગ્રહણ છે. અને વર્તમાનના દુષમકાળમાં આગમથી સાક્ષાત્ યથાર્થ પદાર્થની પ્રાપ્તિ મંદબુદ્ધિવાળા જીવોને દુર્લભ છે. તેથી જિનાગમમાંથી જ તત્ત્વને ગ્રહણ કરીને રચાયેલા પૂર્વના મહાપુરુષોના ગ્રંથો જે યોગ્ય જીવોને ઉપકારના કારણ છે તેવા ગ્રંથોને લખાવવાના વગેરે કૃત્યો દ્વારા શ્રાવક ભગવાનના વચનનો જ જગતમાં વિસ્તાર કરે છે. જેથી સ્વ-પરના કલ્યાણની પ્રાપ્તિ થાય છે. જિનાગમથી જ જિનાદિનો બોધ થાય છે તેમાં સાક્ષીપાઠ આપે છે. જેમાં પૂજ્ય હેમસૂરિ મ.સા.એ કહ્યું છે કે તમારા આપેલા સમ્યક્ત્વના બળથી અમે તમારા પરમ આપ્તભાવને જાણી શકીએ છીએ. તેથી ફલિત થાય કે ભગવાને જે વચનો આપ્યાં તે વચનરૂપ જિનાગમના બળથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને તેના બળથી જ ભગવાન આપ્તપુરુષ છે તેવો નિર્ણય થાય છે. માટે તેવા ઉત્તમ જિનાગમને સ્તુતિકાર નમસ્કાર કરે છે. તેથી ફલિત થાય કે ભગવાનના સ્વરૂપને જાણવા માટે જિનપ્રતિમા પણ પ્રબળ કારણ બનતી નથી. પરંતુ જિનાગમથી જ ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ જણાય છે. જેના બળથી જિનપ્રતિમા પ્રત્યે પૂજ્યબુદ્ધિ થાય છે. તેથી શ્રાવકના માટે જિનાગમ અતિ ભક્તિનું સ્થાન છે. વળી, જેઓને જિનાગમ પ્રત્યે બહુમાન છે તેઓને દેવ-ગુરુ-ધર્મ સર્વ પ્રત્યે બહુમાન થાય છે; કેમ કે જિનાગમમાં તે સર્વનું પારમાર્થિક સ્વરૂપ વર્ણન કરાયું છે અને જિનાગમના વચનના બળથી તે સર્વ પ્રત્યે પણ તેને બહુમાન થાય છે. માટે જિનાગમના બહુમાનમાં દેવ-ગુરુ-આદિનું બહુમાન પણ અંતર્ભાવ પામે છે.

વળી, કેવલજ્ઞાન કરતાં પણ જિનાગમનું પ્રામાણ્ય વિશેષ પ્રકારનું છે માટે પણ શ્રાવકે જિનાગમ પ્રત્યે બહુમાન કરવું જોઈએ. કેમ કેવલજ્ઞાન કરતાં જિનાગમનું પ્રામાણ્ય અધિક છે ? તેમાં સાક્ષી આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

કોઈક સાધુ સામાન્ય રીતે શ્રુતના ઉપયોગપૂર્વક શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરે અને છદ્મસ્થ હોવાને કારણે ભિક્ષાના દોષનું જ્ઞાન તે મહાત્માને ન થયું હોય તોપણ શ્રુતંના ઉપયોગથી શુદ્ધ ભિક્ષા હોય તો કેવલી પણ અશુદ્ધભિક્ષાને શુદ્ધભિક્ષા તરીકે સ્વીકારે છે; કેમ કે કેવલી કેવલજ્ઞાનથી તે ભિક્ષા અશુદ્ધ છે તેમ જાણીને વાપરે નહિ તો શ્રુત અપ્રમાણ છે તેમ ફલિત થાય. તેથી શ્રુતથી શુદ્ધભિક્ષા પ્રમાણભૂત છે તેમ સ્વીકારવાથી કેવલી પણ તે ભિક્ષાને શુદ્ધ જ સ્વીકારે છે. તેથી કેવલજ્ઞાન કરતાં પણ શ્રુતનું પ્રમાણપણું અધિક છે માટે શ્રાવકે જિનાગમ રૂપ શ્રુત પ્રત્યે અત્યંત ભક્તિ ધારણ કરવી જોઈએ.

વળી, ભગવાનનું એક પણ વચન યોગ્ય જીવોના ભવના નાશનો હેતુ છે; કેમ કે સર્વજ્ઞનાં સર્વ વચનો

વીતરાગનાં વચનો છે અને વીતરાગનાં સર્વ વચનો વીતરાગતા પ્રત્યે જનારાં છે. માટે સામાયિક પદ માત્રથી અનંતા જીવો સિદ્ધપદને પામ્યા છે. તેથી નક્કી થાય છે કે જેઓ ઘણાં શાસ્ત્ર ભણવા માટે અસમર્થ છે તોપણ સામાયિકના સ્વરૂપને બતાવનાર 'કરેમિ ભંતે' સૂત્રના પરમાર્થને જાણવા માટે સમર્થ બન્યા. તેઓ જિનાગમના વચનના બળથી મોહનો નાશ કરી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરી શક્યા. માટે વીતરાગનાં દરેક વચનો વીતરાગ થવાનું કારણ હોવાથી અત્યંત પૂજ્ય છે. અને તેના વચનરૂપ જિનાગમની શ્રાવકે અત્યંત ભક્તિ કરવી જોઈએ. જેથી સુખપૂર્વક સંસારનો ઉચ્છેદ થાય.

જો કે મિથ્યાદૃષ્ટિજીવોને જિનવચન રુચતું નથી. તોપણ સ્વર્ગ અને મોક્ષમાર્ગનું પ્રકાશન કરવા માટે જિનવચનથી અન્ય વસ્તુ સમર્થ નથી માટે સમ્યગ્દૃષ્ટિ જીવે જિનવચન પ્રત્યે અત્યંત આદર કરવો જોઈએ; કેમ કે કલ્યાણને પામનારા જીવોને જિનવચન પ્રત્યે ભાવથી આદર હોય છે અને જેઓ ભારેકર્મી છે તેઓને અમૃત જેવું પણ જિનવચન અપ્રીતિકારી હોવાને કારણે વિષ જેવું ભાસે છે. વસ્તુતઃ જગતમાં જિનવચન ન હોય તો ધર્મ-અધર્મ વ્યવસ્થાશૂન્ય એવું આ જગત ભવરૂપી અંધકારના ખાડામાં પડીને ચારગતિના પરિભ્રમણને જ પ્રાપ્ત કરે. આ પ્રમાણે વિચારીને શ્રાવકે જિનવચન પ્રત્યે અત્યંત બહુમાન ધારણ કરવું જોઈએ અને શાસ્ત્ર અનુસાર જિનાગમની વૃદ્ધિ અર્થે ધનવ્યય કરીને પોતાની જિનાગમ પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ.

વળી, જેઓ મંદબુદ્ધિવાળા છે તેઓને વિચાર આવે કે જિનાગમ જે કંઈ કહે છે તે પ્રમાણભૂત છે તે કેવી રીતે નક્કી થાય ? તેથી કહે છે –

જેમ આયુર્વેદમાં કહ્યું છે કે વિરેચનની ઇચ્છાવાળો=પેટ સાફ કરવાની ઇચ્છાવાળો, હરડેનું ભક્ષણ કરે એ વચન સ્વઅનુભવ સિદ્ધ પ્રમાણ હોવાને કારણે તે વચનની જેમ આયુર્વેદનાં અન્ય સર્વ વચનો પણ પ્રમાણભૂત છે તેમ મંદબુદ્ધિવાળા જીવે નિર્ણય કરવો જોઈએ. તે રીતે જિનવચનમાં બતાવેલા અષ્ટાંગ નિમિત્ત આદિનાં વચનોના બળથી વિચારવું જોઈએ કે આ સર્વ વચનો અનુભવથી પ્રમાણસિદ્ધ છે. તેમ જિનાગમનાં અન્યવચનો પણ પ્રમાણભૂત છે. વસ્તુતઃ બુદ્ધિમાન પુરુષો સુવર્ણની કષ-છેદ-તાપ પરીક્ષા કરીને આ સુવર્ણ સાચું સુવર્ણ છે તેવો નિર્ણય કરી શકે છે તેમ કષ-છેદ-તાપથી જિનાગમની પરીક્ષા કરીને બુદ્ધિમાન પુરુષો જિનાગમની પ્રમાણતાનો નિર્ણય કરે છે. આથી જ સ્થાને સ્થાને શાસ્ત્રવચનની કષ-છેદ-તાપથી પરીક્ષા કઈ રીતે થઈ શકે તેનું વર્ણન પણ પૂર્વના મહાપુરુષના ગ્રંથોમાં વર્તમાનમાં ઉપલબ્ધ છે. તેથી તે વચનોના બળથી પણ જિનાગમની પ્રમાણભૂતતાનો નિર્ણય થઈ શકે છે. માટે જિનાગમ પ્રમાણભૂત છે તેમ સ્વીકારીને શ્રાવકે સ્વશક્તિ અનુસાર જિનાગમમાં ધનનો વ્યય કરવો જોઈએ. જેથી સત્શાસ્ત્રો પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય.

વળી, આ જિનવચન દુષ્માકાળને કારણે નષ્ટપ્રાયઃ છે એ પ્રમાણે માનીને ભગવાન નાગાર્જુન સ્કંદિલાચાર્ય વગેરે મહાત્માઓએ જિનવચનને પુસ્તકમાં આરૂઢ કરેલ છે. તેના પૂર્વે જિનવચન કંઠથી જ સુસાધુઓ ધારણ કરતા હતા. અને તેઓની પાસેથી અન્ય મહાત્માઓ ભણતા હતા. પરંતુ પુસ્તકમાં તેનું લેખન કરવામાં આવતું ન હતું. છતાં વર્તમાનકાળમાં જિનાગમ પુસ્તકમાં લખવાથી જ સુરક્ષિત થાય તેમ છે. તેથી

જિનવચન પ્રત્યેના બહુમાની જીવોએ તેનું લેખન કરાવવું જોઈએ અને વસ્ત્રાદિ ઉત્તમ સામગ્રીથી તેની ભક્તિ કરવી જોઈએ. જેથી જિનાગમ પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય. જિનાગમની ભક્તિ કરવાથી શું ફળ મળે છે ? તે બતાવતાં કહે છે –

જે મનુષ્યોને જિનાગમ પ્રત્યે ભક્તિ છે. તેથી સ્વશક્તિ અનુસાર તેની વૃદ્ધિ માટે ધનવ્યય કરીને મનુષ્યભવ સફળ કરે છે તે જીવો દુર્ગતિ પ્રાપ્ત કરતા નથી. બીજા ભવમાં મૂંગાપણાને પ્રાપ્ત કરતા નથી. વળી, જડ સ્વભાવને પ્રાપ્ત કરતા નથી. અંધતાને પ્રાપ્ત કરતા નથી. બુદ્ધિહીનતાને પ્રાપ્ત કરતા નથી. તેથી શક્તિ અનુસાર જિનવચનનું એક પણ વાક્ય લખીને તેના પ્રત્યે ભક્તિની વૃદ્ધિ કરવી જોઈએ. વળી, જેઓ જિનાગમને ભણાવનારા છે તેઓની ભક્તિ કરવાથી પણ જિનાગમ પ્રત્યે ભક્તિ થાય છે. તેમાં સાક્ષી આપે છે. જેઓ જિનાગમ ભણે છે તેઓની ભક્તિ પણ પરમાર્થથી જિનાગમની ભક્તિ છે. વળી જેઓ ભણનારાને જિનાગમનું અધ્યયન કરાવે છે તેઓની ભક્તિ પણ પરમાર્થથી જિનાગમની ભક્તિ છે. તેથી જિનાગમને ભણનારા, જિનાગમને ભણાવનારા મહાત્માને વસ્ત્રાદિ ઉત્તમ સામગ્રીથી પ્રતિદિન ભક્તિ કરવી જોઈએ. આ પ્રકારે જે મનુષ્યો જિનાગમને ભણનાર કે ભણાવનારની ભક્તિ કરે છે તે અલ્પકાળમાં સર્વજ્ઞ બને છે; કેમ કે સર્વજ્ઞના વચનનું બહુમાન અર્થથી સર્વજ્ઞ પ્રત્યે બહુમાન છે. અને સર્વજ્ઞ પ્રત્યેના બહુમાનના ભાવથી બંધાયેલા ઉત્તમપુણ્યના બળથી તે મહાત્મા પણ અલ્પભવોમાં અવશ્ય સર્વજ્ઞ થશે. આ પ્રકારે જિનાગમનું મહત્ત્વ જાણીને શ્રાવકે શક્તિ અનુસાર જિનાગમની વૃદ્ધિ થાય તે પ્રકારે ધનવ્યય કરવો જોઈએ. વળી, લખાયેલાં પુસ્તકોને સંવિજ્ઞ ગીતાર્થ પાસેથી બહુમાનપૂર્વક જાણવા યત્ન કરવો જોઈએ અને ધનવ્યય કરીને લખાવેલાં પુસ્તકોનું વ્યાખ્યાન કરવા માટે યોગ્ય મહાત્માઓને પુસ્તકનું દાન કરવું જોઈએ. અને વ્યાખ્યાન કરાતા એવા જિનાગમને પ્રતિદિવસ પૂજાપૂર્વક શ્રવણ કરવું જોઈએ. જેથી આગમની ભક્તિના બળથી શ્રાવકને સાધુધર્મની શીઘ્ર પ્રાપ્તિ થાય.

**ટીકા :-**

**साधूनां च जिनवचनानुसारेण सम्यक्चारित्रमनुपालयतां दुर्लभं मनुष्यजन्मसफलीकुर्वतां, स्वयं तीर्णानां परं तारयितुमुद्यतानामातीर्थकरगणधरेभ्य आ च तद्दिनदीक्षितेभ्यः सामायिकसंयतेभ्यो यथोचितप्रतिपत्त्या स्वधनवपनम्, यथा उपयुज्यमानस्य चतुर्विधाहारभेषजवस्त्राऽऽश्रयादेर्दानम्, न हि तदस्ति यद् द्रव्यक्षेत्रकालभावापेक्षयाऽनुपकारकं नाम, तत्सर्वस्वस्यापि दानम्, साधुधर्मोद्यतस्य स्वपुत्र-पुत्र्यादेरपि समर्पणं च, किं बहुना? यथा यथा मुनयो निराबाधवृत्त्या स्वमनुष्ठानमनुतिष्ठन्ति, तथा तथा महता प्रयत्नेन सम्पादनम्, जिनप्रवचनप्रत्यनीकानां साधुधर्मनिन्दापरायणानां यथाशक्ति निवारणम्, यदाह –**

"तम्हा सइ सामत्थे, आणाभट्ठंमि नो खलु उवेहा ।
अणुकूलेहिअरेहि अ, अणुसट्ठी होइ दायव्वा ।।१।।" ४ ।

**ટીકાર્થ :-**

साधूनां ..... दायव्वा ।।" **અને જિનવચનાનુસારથી સમ્યક્ચારિત્રનું અનુપાલન કરનારા, દુર્લભ મનુષ્યજન્મને સફળ કરનારા, સ્વયં તરેલા અને બીજાને તારવામાં ઉદ્યત એવા સાધુઓને, અને તીર્થંકર-ગણધર આદિથી માંડીને તે દિવસના દીક્ષિત સામાયિક સંયત માટે યથોચિત પ્રતિપત્તિથી સ્વધનનું વપન. જે પ્રમાણે ઉપયોગ કરનારા સાધુઓને ચાર પ્રકારના આહાર-ઔષધ-વસ્ત્ર-આશ્રયાદિનું દાન=ઉપાશ્રય આદિનું દાન. તે છે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અનુપકારક નથી તે સર્વસ્વનું પણ દાન કરવું જોઈએ. અને સાધુધર્મ ઉદ્યત મહાત્માને સ્વ પુત્ર-પુત્રાદિનું પણ સમર્પણ કરવું જોઈએ. વધારે શું કહેવું ? જે જે પ્રકારે મુનિઓ નિરાબાધ વૃત્તિથી પોતાનું અનુષ્ઠાન કરી શકે છે તે તે પ્રકારે મોટા પ્રયત્નથી સંપાદન કરવું જોઈએ=સામગ્રીનું સંપાદન કરવું જોઈએ. જિનપ્રવચનના પ્રત્યનીકોનું, સાધુધર્મની નિંદાપરાયણજીવોનું યથાશક્તિ નિવારણ કરવું જોઈએ. જેને કહે છે –**

"તે કારણથી સામર્થ્ય હોતે છતે આજ્ઞાભ્રષ્ટમાં ઉપેક્ષા કરવી જોઈએ નહિ. અનુકૂલ વડે અને ઇતર વડે=પ્રતિકૂલ વડે, અનુશાસન આપવું જોઈએ."

**ભાવાર્થ :-**

**૪. સાધુ ક્ષેત્ર :-**

જે સાધુઓ જિનવચનાનુસાર સમ્યક્ચારિત્ર પાળી રહ્યા છે, દુર્લભ મનુષ્યજન્મ સફળ કરી રહ્યા છે, સ્વયં સંસારથી તરી રહ્યા છે અને અન્યને તારવામાં ઉદ્યત છે, તેવા સાધુની ભક્તિમાં પોતાનું ધન શ્રાવકે વાપરવું જોઈએ. કોના માટે વાપરવું જોઈએ ? તેથી કહે છે –

તીર્થંકર-ગણધરથી માંડી તદ્દિન દીક્ષિત એવા સામાયિક સંયત સાધુઓને માટે જે પ્રમાણે ભક્તિની વૃદ્ધિ થાય તે પ્રકારે પોતાનું ધન વ્યય કરવું જોઈએ. શ્રાવક માટે ધનવ્યયના સાત ક્ષેત્રમાંથી ધનવ્યયનું આ ચોથું સ્થાન છે. અહીં પ્રશ્ન થાય કે સાધુ તો નિઃસ્પૃહી શિરોમણિ હોય છે. તેઓના માટે ધનવ્યય કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

સાધુના સંયમને ઉપકારક હોય તેવા નિર્દોષ આહારાદિ આપે, ઔષધ-વસ્ત્રાદિ આપે કે ઉપાશ્રયાદિ આપે. એ સ્વરૂપ જ સાધુ રૂપ સુપાત્રમાં ધનવ્યય છે. પરંતુ સુવર્ણાદિરૂપ ધનવ્યય નથી. વળી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ સાધુના સંયમ માટે અનુપકારક ન હોય તેવી સર્વ વસ્તુઓનું પણ દાન આપવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે તે તે કાળના સંયોગ અનુસાર સાધુઓ સંયમમાં કોઈક રીતે સીદાતા હોય અને તેઓના સંયમની વૃદ્ધિનું કારણ બને તેવી સર્વ વસ્તુઓનું સાધુઓને દાન કરવું જોઈએ. પરંતુ સાક્ષાત્ ધનાદિનું દાન સાધુઓને આશ્રયીને નથી. વળી, ધર્મમાં તત્પર એવા સાધુને પોતાના પુત્ર-પુત્રાદિનું સમર્પણ એ પણ સાધુરૂપ ક્ષેત્રમાં દાન સ્વરૂપ છે. સંક્ષેપથી કહે છે કે જે જે પ્રકારે સાધુ બાધા વગર સંયમનું અનુષ્ઠાન સેવી શકે તે તે પ્રકારે મહાન પ્રયત્નથી ઉચિત સામગ્રીનું સંપાદન કરવું જોઈએ. અને ભગવાનના

વચન પ્રત્યે દ્વેષવાળાનું અને સાધુની નિંદા કરાનારાનું યથાશક્તિ નિવારણ કરવું જોઈએ. તેમાં સાક્ષીપાઠ કહે છે –

જો કોઈ શ્રાવકનું સામર્થ્ય હોય તો આજ્ઞાભ્રષ્ટમાં ઉપેક્ષા કરવી જોઈએ નહિ=ભગવાનની આજ્ઞા વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારા હોય તો તેની ઉપેક્ષા કરવી જોઈએ નહિ, તેથી સુસાધુની નિંદા કરનારા આજ્ઞાભ્રષ્ટ છે. અને શ્રાવકની શક્તિ હોય તો તેઓની ઉપેક્ષા કરવી જોઈએ નહિ. અને કોઈ સાધુ, સાધુવેશમાં હોય અને જિનવચનથી વિપરીત પ્રવૃત્તિ કરતા હોય અને તેઓને માર્ગમાં લાવવાનું સામર્થ્ય હોય તો શ્રાવકે ઉપેક્ષા કરવી જોઈએ નહિ. કઈ રીતે તેઓને માર્ગમાં લાવવા પ્રયત્ન કરવો જોઈએ ? તેથી કહે છે –

અનુકૂલ અને પ્રતિકૂલ બંને વચનોથી તેઓને અનુશાસન આપવું જોઈએ. અર્થાત્ મૃદુભાવથી ઉચિત રીતે માર્ગમાં લાવવા પ્રયત્ન કરવો જોઈએ. અને જણાય કે મૃદુભાવથી ફળ પ્રાપ્ત થાય તેમ નથી તો કંઈક કઠોર શબ્દથી પણ માર્ગમાં લાવવા પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રકારેના ઉચિત યત્ન પણ સાધુની ભક્તિરૂપ હોવાથી સુસાધુની ભક્તિ સ્વરૂપ છે.

**ટીકા :-**

**तथा रत्नत्रयधारिणीषु साध्वीषु साधुष्विव यथोचिताहारादिदानं स्वधनवपनम्, ननु स्त्रीणां निःसत्त्वतया दुःशीलत्वादिना च मोक्षेऽनधिकारः, तत्कथमेताभ्यो दानं साधुदानतुल्यम्? उच्यते-निःसत्त्वत्वमसिद्धम्, ब्राह्मीप्रभृतीनां साध्वीनां गृहवासपरित्यागेन यतिधर्ममनुतिष्ठन्तीनां महासत्त्वानां नासत्त्वत्वसम्भवः । यदाह –**

"ब्राह्मी सुन्दर्यार्या, राजिमती चन्दना गणधराऽन्या ।
अपि देवमनुजमहिता, विख्याता शीलसत्त्वाभ्याम् ।।१।।" **[स्त्रीनिर्वाण. गा ३४]**

**एवमन्यास्वपि सीतादिसतीषु शीलसंरक्षणतन्महिमादर्शनराज्यलक्ष्मीपतिपुत्रभ्रातृप्रभृतित्यागपूर्वक-परिव्रजनादि सत्त्वचेष्टितं प्रसिद्धमेव ।**

**ननु महापापेन मिथ्यात्वसहायेन स्त्रीत्वमर्ज्यते, न हि सम्यग्दृष्टिः स्त्रीत्वं कदाचिद्बध्नाति, इति कथं स्त्रीशरीरवर्त्तिन आत्मनो मुक्तिः स्यात् ? मैवं वोचः,सम्यक्त्वप्रतिपत्तिकाल एवान्तः-कोटाकोटिस्थितिकानां सर्वकर्मणां भावेन मिथ्यात्वमोहनीयादीनां क्षयादिसम्भवात् मिथ्यात्व-सहितपापकर्मसम्भवत्वकारणम्, मोक्षकारणवैकल्यं तु तासु वक्तुमुचितम्, तच्च नास्ति, यतः-**

"जानीते जिनवचनं, श्रद्धत्ते चरति चार्यिका सकलम् ।
नास्यास्त्यसंभवोऽस्यां, नादृष्टविरोधगतिरस्ति ।।१।।" **[स्त्रीनिर्वाण. ४] इति ।**

**तत्सिद्धमेतत्-मुक्तिसाधनासु साध्वीषु साधुवद्धनवपनमुचितमिति, एतच्चाधिकं यत् साध्वीनां दुःशीलेभ्यो नास्तिकेभ्यो गोपनम्, स्वगृहप्रत्यासत्तौ च समन्ततो गुप्ताया गुप्तद्वाराया वसतेर्दानम्,**

स्वस्त्रीभिश्च तासां परिचर्याविधानम्, स्वपुत्रिकाणां तत्संनिधौ धारणम्, व्रतोद्यतानां स्वपुत्र्यादीनां प्रत्यर्पणं च, तथा विस्मृतकरणीयानां तत्स्मारणम्, अन्यायप्रवृत्तिसम्भवे तन्निवारणम्, सकृदन्यायप्रवृत्तौ शिक्षणम्, पुनः पुनः प्रवृत्तौ निष्ठुरभाषणादिना ताडनम्, उचितेन वस्तुनोपचारकरणं चेति ५ ।

**ટીકાર્થ :-**

**तथा ..... चेति ५ । અને રત્નત્રયીધારી સાધ્વીઓમાં સાધુની જેમ યથોચિત આહારાદિનું દાન સ્વધન-વપનરૂપ છે. 'ननु'થી શંકા કરે છે. સ્ત્રીઓનું નિઃસત્ત્વપણું હોવાથી અને દુઃશીલપણું આદિ હોવાથી મોક્ષમાં અનધિકાર છે. તેથી કઈ રીતે તેઓને દાન=સાધ્વીઓને દાન, સાધુ દાન તુલ્ય અપાય ? તે શંકાનું નિવારણ કરતાં કહે છે.**

**સ્ત્રીઓનું નિઃસત્ત્વપણું અસિદ્ધ છે; કેમ કે ગૃહવાસના પરિત્યાગથી યતિધર્મને સેવનારી મહાસત્ત્વશાળી બ્રાહ્મી વગેરે સાધ્વીઓના અસત્ત્વપણાનો સંભવ નથી. જેને કહે છે –**

"જે બ્રાહ્મી-સુંદરી-રાજીમતી-ચંદના, ગણને ધારણ કરનારી અન્ય પણ દેવ-મનુષ્યથી પૂજાયેલી શીલસત્ત્વ દ્વારા વિખ્યાત છે." **(સ્ત્રીનિર્વાણ ગા. ૩૪)**

**એ રીતે અન્યપણ સીતાદિ સતીઓમાં શીલસંરક્ષણ, તેના મહિમાનું દર્શન=શીલના મહિમાનું દર્શન, રાજ્યલક્ષ્મી-પતિ-પુત્ર-ભાઈ વગેરેના ત્યાગપૂર્વક પરિવ્રજનાદિ સત્ત્વચેષ્ટિત પ્રસિદ્ધ જ છે.**

**'ननु'થી શંકા કરે છે. મહાપાપવાળા મિથ્યાત્વની સહાયથી સ્ત્રીપણું પ્રાપ્ત કરાય છે. हि=જે કારણથી, સમ્યગ્દષ્ટિ સ્ત્રીપણું ક્યારેય બાંધતો નથી. એથી કેવી રીતે સ્ત્રી શરીરવર્તી આત્માની મુક્તિ થાય ? એમ ન કહેવું. સમ્યક્ત્વના પ્રાપ્તિના કાળમાં જ અંતઃકોટાકોટિ સ્થિતિવાળાં સર્વ કર્મોનો સદ્ભાવ હોવાને કારણે મિથ્યાત્વમોહનીય આદિના ક્ષયાદિનો સંભવ છે. વળી, મિથ્યાત્વ સહિત પાપકર્મના સંભવત્વરૂપ કારણ સ્વરૂપ મોક્ષના કારણનું વૈકલ્ય તેઓમાં=સ્ત્રીઓમાં, કહેવું ઉચિત છે અને તે નથી. જે કારણથી કહેવાયું છે –**

"આર્યિકા=સાધ્વીઓ, સકલ જિનવચનને જાણે છે. શ્રદ્ધા કરે છે અને આચરણ કરે છે. વળી, अस्याम्=મોક્ષની પ્રાપ્તિમાં, अस्याः=આમને=સાધ્વીઓને, અસંભવ નથી. અદૃષ્ટના વિરોધની પ્રાપ્તિ નથી=મોક્ષની પ્રાપ્તિના બાધક એવા અદૃષ્ટના વિરોધની પ્રાપ્તિ નથી." **(સ્ત્રીનિર્વાણ ૪)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. તે કારણથી આ સિદ્ધ થયું. મુક્તિને સાધનારી સાધ્વીઓમાં સાધુની જેમ ધનવપન કરવું ઉચિત છે. અને આ અધિક છે=સાધ્વીના વિષયમાં આ અધિક છે. જે સાધ્વીઓનું દુઃશીલોથી અને નાસ્તિકોથી રક્ષણ કરવું જોઈએ. અને પોતાના ઘરની નજીકમાં ચારે બાજુથી ગુપ્ત, ગુપ્ત દ્વારવાળી વસતીનું દાન કરવું જોઈએ. અને સ્વસ્ત્રીઓથી તેઓનો પરિચય કરાવવો જોઈએ. અને પોતાની પુત્રીઓને તેમની સંનિધિમાં ધારણ કરવી જોઈએ. અને વ્રતમાં તત્પર થયેલી પોતાની પુત્રીઓનું સમર્પણ કરવું જોઈએ અને વિસ્મૃત કૃત્યવાળી સાધ્વીઓને તેનું સ્મરણ**

**કરાવવું જોઈએ. અન્યાયપૂર્વકની પ્રવૃત્તિનો સંભવ હોતે છતે=શાસ્ત્રથી વિરુદ્ધ સંયમની પ્રવૃત્તિનો સંભવ હોતે છતે, તેનું નિવારણ કરવું જોઈએ=તે પ્રવૃત્તિનું નિવારણ કરવું જોઈએ. કઈ રીતે નિવારણ કરવું જોઈએ ? તેથી કહે છે –**

**એક વાર અન્યાયની પ્રવૃત્તિ થયે છતે શિક્ષણ આપવું જોઈએ=સમજાવવું જોઈએ. ફરી ફરી પ્રવૃત્તિ હોતે છતે=ફરી ફરી શાસ્ત્ર વિરુદ્ધ અન્યાયની પ્રવૃત્તિ હોતે છતે, નિષ્ઠુર ભાષણાદિ દ્વારા તાડન કરવું જોઈએ અને ઉચિત વસ્તુ દ્વારા ઉપચાર કરવો જોઈએ=સંયમને ઉચિત વસ્તુ આપીને ભક્તિનો ઉપચાર કરવો જોઈએ.**

**ભાવાર્થ :-**

**૫. સાધ્વી ક્ષેત્ર :-**

શ્રાવકે યથાઉચિત આહારાદિનું દાન કરવા સ્વરૂપ પોતાની સંપત્તિનો વ્યય સુસાધુની ભક્તિમાં કરવો જોઈએ તેમ રત્નત્રયી ધારણ કરનાર સાધ્વીઓના સંયમને અનુકૂળ ઉચિત આહારાદિના દાન સ્વરૂપ પોતાની સંપત્તિનો વ્યય કરવો જોઈએ. જે સાત ક્ષેત્રના અંતર્ગત સાધ્વીરૂપ ક્ષેત્રમાં ધનવપન સ્વરૂપ છે.

અહીં કોઈ શંકા કરે છે કે ભવને કારણે જ સ્ત્રીઓમાં અલ્પસત્ત્વ હોય છે. દુઃશીલત્વાદિ દોષો હોય છે. તેથી તેઓને મોક્ષના કારણીભૂત સંયમમાં અનધિકાર છે. તેથી સાધુની સમાન તેઓની ભક્તિ કઈ રીતે થઈ શકે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

જો કે સંસારી જીવો જે કોઈ પ્રકૃતિવાળા થાય છે તેમાં તેઓનો ભવ પણ પ્રબળ કારણ છે. તેમ સ્ત્રીભવની પ્રાપ્તિ થવાની સાથે જ અલ્પસત્ત્વ, અલ્પબળ, કાયરતા, અસદાચાર આદિ દોષો બહુલતાએ પ્રાપ્ત થાય છે તોપણ તે પ્રકારનો એકાંતે નિયમ નથી; કેમ કે મનુષ્યજન્મ પામીને કેટલીક સ્ત્રીઓમાં સ્પષ્ટ સત્ત્વ દેખાય છે. આથી જ બ્રાહ્મી વગેરે સાધ્વીઓએ ગૃહવાસનો ત્યાગ કરીને મહાસત્ત્વથી સંયમધર્મને પાળીને મોક્ષની પ્રાપ્તિ કરી છે. તેમાં સાક્ષી આપે છે. બ્રાહ્મી-સુંદરી-રાજીમતી-ચંદના વળી અન્ય પણ સાધ્વીઓના ગણને ધારણ કરનારી સ્ત્રીઓ, દેવો અને મનુષ્યથી પૂજાયેલી છે તથા શીલપણું અને મોહના નાશને અનુકૂળ સત્ત્વપણું ધારણ કરનારી હોવાથી વિખ્યાત છે. વળી, સીતાદિ સતીઓમાં રાવણાદિ કૃત આપત્તિકાળમાં પણ શીલનું સંરક્ષણ દેખાય છે. વળી, શીલનો સ્પષ્ટ મહિમા અગ્નિપરીક્ષા આપીને સીતાદિ મહાસતીઓએ બતાવેલ છે. વળી, રાજ્યલક્ષ્મી, પતિ, પુત્ર, ભાઈ વગેરેના ત્યાગ કરવાપૂર્વક પ્રવ્રજ્યાદિનું પાલન કરીને ઉત્તમ દેવપણું પામી છે. તેવું સત્ત્વચેષ્ટિતપણું શાસ્ત્રમાં પ્રસિદ્ધ જ છે. અને સ્ત્રીઓમાં સ્ત્રીભવ કૃત અનેક દોષોનો સંભવ શાસ્ત્રમાં કહેલો છે તે સર્વ સ્ત્રીઓને આશ્રયીને નથી. પરંતુ ઘણી સ્ત્રીઓનો સ્ત્રીભવના કારણે ક્ષુદ્ર સ્વભાવ હોય છે. તોપણ કેટલીક સ્ત્રીઓ ઉત્તમ શીલસંપન્ન અને ઉત્તમ સત્ત્વવાળી પણ હોય છે. અને તેવી ઉત્તમ પ્રકૃતિવાળી સ્ત્રીઓ સંયમવેશને ધારણ કરીને રત્નત્રયીમાં ઉદ્યમ કરનારી હોય તેઓને ઉચિત આહારાદિના દાન દ્વારા ભક્તિ કરવી તે શ્રાવકનું કર્તવ્ય છે.

વળી 'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે સ્ત્રીપણું મહાપાપવાળા મિથ્યાત્વની સહાયથી જ પ્રાપ્ત થાય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેય સ્ત્રીપણું બાંધતો નથી. તે પ્રમાણે શાસ્ત્રવચન છે માટે પાપના ઉદયથી બંધાયેલા સ્ત્રીપણાવાળા જીવની મુક્તિ કઈ રીતે થઈ શકે ? માટે સ્ત્રીઓમાં સંયમનો સંભવ નથી. એ પ્રકારની શંકામાં ઉત્તર આપતાં કહે છે –

સ્ત્રીઓએ જે સ્ત્રીપણાનું કર્મ બાંધ્યું તે વખતે મિથ્યાત્વનો ઉદય હતો તોપણ સ્ત્રીપણામાં જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે અંતઃકોટાકોટિસ્થિતિવાળાં કર્મ હોવાને કારણે મિથ્યાત્વ આદિ દુષ્ટકર્મનો ક્ષય થાય છે. તેથી સ્ત્રીઓને ચારિત્રનો સંભવ છે. વળી, અન્ય પણ યુક્તિ આપે છે કે મિથ્યાત્વ સહિત પાપકર્મ સંભવત્વરૂપ કારણ એવું મોક્ષના કારણનું વૈકલ્યપણું તેઓમાં છે તેમ કહી શકાય નહિ; કેમ કે તેઓએ મિથ્યાત્વથી સ્ત્રીપણું બાંધેલું તોપણ વર્તમાનમાં મોક્ષના કારણનું વૈકલ્ય નથી. કેમ સ્ત્રીઓમાં મોક્ષના કારણનું વૈકલ્ય નથી ? તેમાં શાસ્ત્રવચનની સાક્ષી આપે છે. સાધ્વીઓ સ્વભૂમિકાનુસાર સકલ જિનવચનને જાણનાર હોય છે. ભગવાનનાં સર્વ વચનોની સ્થિર રુચિ કરનારી હોય છે અને સ્વશક્તિ અનુસાર ચારિત્રની સકલ આચરણા કરનાર હોય છે. માટે સ્ત્રીઓમાં રત્નત્રયીનો અસંભવ નથી. તેથી મોક્ષની પ્રવૃત્તિમાં બાધ કરે તેવા અદૃષ્ટરૂપ કર્મના વિરોધની પ્રાપ્તિ નથી. તેથી શાસ્ત્રવચનથી નક્કી થાય છે કે નપુંસકને જેમ ચારિત્ર પ્રાપ્ત થતું નથી તેમ સ્ત્રીને પણ ચારિત્ર પ્રાપ્ત થતું નથી તેમ નથી. પરંતુ સ્ત્રીઓને ચારિત્રની પ્રાપ્તિનો સંભવ છે માટે ઉત્તમ શીલવાળી સાધ્વીઓને યથોચિત આહારાદિ દાન દ્વારા શ્રાવકે ભક્તિ કરવી જોઈએ.

વળી, સાધુ કરતાં પણ સાધ્વી વિષયક શું અધિક કર્તવ્ય છે ? તે બતાવે છે –

દુઃશીલવાળાથી અને નાસ્તિકોથી શ્રાવકે સાધ્વીઓનું રક્ષણ કરવું જોઈએ. પોતાના ઘરની પાસે ચારેબાજુથી ગુપ્ત અને ગુપ્તદ્વારવાળી વસતીનું દાન કરવું જોઈએ. જેથી દુરાચારી સાધ્વીઓના શીલનો નાશ કરી શકે નહિ. વળી, શ્રાવકોએ સાધ્વી સાથે પોતાની સ્ત્રીઓનો પરિચય કરાવવો જોઈએ. જેથી એવા ઉત્તમ ગુણોવાળી સાધ્વીના પરિચયથી પોતાની સ્ત્રીઓમાં પણ ઉત્તમ પ્રકૃતિની પ્રાપ્તિ થાય અને પોતાની પુત્રીઓને પણ તેઓની પાસે રાખવી જોઈએ. જેથી ઉત્તમ શીલસંપન્ન સાધ્વીઓના ગુણો પોતાની પુત્રીઓમાં આવે અને ઉત્તમ સાધ્વીઓના પરિચયથી તત્ત્વને જાણીને સંયમ લેવા પોતાની પુત્રી તત્પર થાય અને તે કન્યા સંયમ પ્રાપ્ત કરે તેવી યોગ્યતાવાળી હોય તો પોતાની પુત્રી આદિનું પણ સાધ્વીઓને સમર્પણ કરવું જોઈએ. આ સર્વ કૃત્ય સાધ્વીરૂપ ક્ષેત્રમાં દાનસ્વરૂપ છે. વળી, કર્મના દોષથી કોઈ સાધ્વી પોતાના ઉચિત કૃત્યનું વિસ્મરણ કરતી હોય તો વિવેકપૂર્વક શ્રાવકે તેઓને ઉચિત કૃત્યનું સ્મરણ કરાવવું જોઈએ. અને સ્ત્રીપણાને કારણે ક્વચિત્ તુચ્છ સ્વભાવ વ્યક્ત થાય અને તેના કારણે અન્યાયની પ્રવૃત્તિનો સંભવ થાય અર્થાત્ પરસ્પર સહવર્તી સાધ્વીઓ સાથે અનુચિત પ્રવૃત્તિનો કોઈ સાધ્વીમાં સંભવ હોય તો વિવેકી શ્રાવકે તેનું નિવારણ કરવું જોઈએ. વળી, કોઈક સાધ્વીએ એક વખત અનુચિત પ્રવૃત્તિ કરી હોય તો શ્રાવકે વિવેકપૂર્વક શિક્ષણ આપવું જોઈએ છતાં કર્મદોષવશ કોઈ સાધ્વી તેવી અનુચિત પ્રવૃત્તિ વારંવાર કરે તો વિવેકસંપન્ન શ્રાવક પોતાની ભૂમિકાનુસાર નિષ્ઠુર ભાષણાદિથી તાડન કરે તે પણ શુભ આશયરૂપ ઉચિત પ્રવૃત્તિ

હોવાથી શ્રાવક માટે કર્તવ્ય છે. અને સાધ્વીઓના સંયમના રક્ષણ અર્થે ઉચિત વસ્તુઓ દ્વારા ભક્તિરૂપ ઉપચાર કરવો જોઈએ. જે સાધ્વીરૂપ ક્ષેત્રમાં ધનવ્યયરૂપ છે.

**ટીકા :-**

**श्रावकेषु स्वधनवपनं यथा साधर्मिकत्वेन तेषां सङ्गमो महते पुण्याय, किं पुनस्तदनुरूपा प्रतिपत्तिः ? सा च स्वपुत्रपुत्र्यादिजन्मोत्सवविवाहादिप्रकरणे निमन्त्रणम्, विशिष्टभोजनताम्बूल-वस्त्राभरणादिदानम्, आपन्निमग्नानां च स्वधनव्ययेनाप्यभ्युद्धरणम्, अन्तरायदोषाच्च विभवक्षये पुनः पूर्वभूमिकाप्रापणम्, धर्मे च विषीदतां तेन तेन प्रकारेण धर्मे स्थैर्यारोपणम्, प्रमाद्यतां च स्मारणवारणचोदनप्रतिचोदनादिकरणम्, पञ्चविधस्वाध्याये यथायोग्यं विनियोजनम्, विशिष्ट-धर्मानुष्ठानकरणार्थं च साधारणपोषधशालाकरणमिति ६ ।**

**ટીકાર્થ :-**

**श्रावकेषु ..... करणमिति ६ । શ્રાવકે શ્રાવકોમાં સ્વધનનો વ્યય કરવો જોઈએ. જે પ્રમાણે સાધર્મિકપણારૂપે તેઓનો સંગમ મોટા પુણ્ય માટે છે. વળી તેઓને અનુરૂપ પ્રતિપત્તિનું શું કહેવું ?=તેઓની ભૂમિકા અનુરૂપ ઉચિત આદરનું શું કહેવું ? અર્થાત્ તેઓની પ્રતિપત્તિ વિશેષથી મહાપુણ્ય માટે છે અને તે= શ્રાવકને અનુરૂપ પ્રતિપત્તિ, પોતાના પુત્ર-પુત્રાદિના જન્મોત્સવ, વિવાહ આદિ પ્રકરણમાં નિમંત્રણરૂપ છે. વિશિષ્ટ ભોજન-તાંબૂલ-વસ્ત્રાભરણાદિનું દાન કરવું જોઈએ અને આપત્તિમાં રહેલાઓને=કોઈક આર્થિક સ્થિતિ પ્રતિકૂળ થયેલી હોય તેવા શ્રાવકોને, સ્વધનના વ્યયથી પણ ઉદ્ધરણ કરવા જોઈએ. અર્થાત્ આર્થિકસ્થિતિમાં સ્થિર કરવા જોઈએ. અને અંતરાયદોષને કારણે વૈભવનો ક્ષય થયે છતે ફરી પૂર્વભૂમિકામાં શ્રાવકને પ્રાપ્ત કરવા જોઈએ=ફરી પૂર્વ જેવા વૈભવવાળા કરવા જોઈએ અને ધર્મમાં સીદાતા એવા શ્રાવકોને તે તે પ્રકારે ધર્મમાં સ્થૈર્યનું આરોપણ કરવું જોઈએ=ઉચિત ઉપાયથી તેઓને ધર્મમાં સ્થિર કરવા જોઈએ અને પ્રમાદ કરતા એવા શ્રાવકોને સ્મારણ-વારણ-ચોદન-પ્રતિચોદન આદિ કરવું જોઈએ. પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં યથાયોગ્ય વિનિયોજન કરવું જોઈએ=શ્રાવકોને પ્રવૃત્ત કરવા જોઈએ. અને વિશિષ્ટ ધર્માનુષ્ઠાન કરવા માટે સાધારણ પૌષધશાળા કરવી જોઈએ.**

**ભાવાર્થ :-**

**૬. શ્રાવક ક્ષેત્ર :-**

સાત ક્ષેત્ર અંતર્ગત શ્રાવકો પણ ઉત્તમ પાત્ર છે. તેથી તેઓમાં કરાયેલો ધનવ્યય ગુણવૃદ્ધિનું કારણ બને છે. કઈ રીતે શ્રાવકોમાં ધનવ્યય કરવો જોઈએ ? તે બતાવતાં કહે છે –

ભગવાનના શાસન પ્રત્યેની સ્થિર શ્રદ્ધાવાળા ધર્મપરાયણ એવા શ્રાવકોનો સંગમ મોટા પુણ્યના ઉદયથી થાય છે. તેથી તેઓની ભૂમિકાનુસાર તેઓનો આદર-સત્કાર કરવો તે વિશેષ પ્રકારના પુણ્ય માટે થાય છે

અને શ્રાવકોનો ઉચિત આદર-સત્કાર કરવો તે શ્રાવકરૂપ ક્ષેત્રમાં ધનવ્યય સ્વરૂપ છે. કઈ રીતે તેઓનો ઉચિત આદર-સત્કાર કરવો જોઈએ ? તેથી કહે છે –

શ્રાવકે પોતાના પુત્ર-પુત્રાદિના જન્મોત્સવ કે વિવાહાદિના પ્રસંગમાં તેઓને આમંત્રણ આપવું જોઈએ. જે જે શ્રાવકોમાં જે જે પ્રકારના વિશિષ્ટ ગુણો હોય તે ગુણોને સ્મૃતિમાં લાવીને તેઓના પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે તે રીતે વિશિષ્ટ ભોજન આપવું જોઈએ. મુખવાસ આપવો જોઈએ અને પ્રસંગને અનુરૂપ વસ્ત્ર-અલંકારાદિથી સત્કાર કરવો જોઈએ. તે સર્વ પ્રવૃત્તિમાં શ્રાવકને આશ્રયીને જે ધનવ્યય થાય તે શ્રાવકરૂપ ઉત્તમ ક્ષેત્રમાં ધનવ્યય છે. વળી, કોઈક શ્રાવકની આર્થિકસ્થિતિ નબળી થવાને કારણે આપત્તિમાં હોય ત્યારે તેના પ્રત્યેના આદરનો નાશ ન થાય તે પ્રમાણે વિવેકપૂર્વક પોતાના ધનના વ્યયથી પણ તેનું આપત્તિમાંથી ઉદ્ધરણ કરવું જોઈએ; કેમ કે તુચ્છ એવા ધનના અભાવને કારણે શક્તિ હોવા છતાં ધર્મમાં યત્ન કરવા માટે અસમર્થ થયેલા એવા શ્રાવકોને તે આપત્તિમાંથી દૂર કરવામાં આવે તો સુખપૂર્વક તેઓ ધર્મ સાધી શકે છે. તેથી તેઓની ભક્તિ કરીને મનુષ્યભવ સફળ કરવાના અર્થી શ્રાવકે ધનને અસાર જાણીને ધનનો ઉત્તમપાત્રમાં વ્યય કરીને મનુષ્યજન્મ સફળ કરવો જોઈએ. તેથી તે મહાત્માની ધર્મવૃદ્ધિમાં પ્રબળ કારણ તેવો ધનવ્યય મહાફલવાળો થાય છે. વળી, કોઈ શ્રાવકને તેવા પ્રકારનો અંતરાયદોષ હોય અર્થાત્ લાભાંતરાયકર્મનો તીવ્ર ઉદય હોય, જેથી તેનો વૈભવ નાશ પામે ત્યારે શક્તિસંપન્ન શ્રાવકે તેને ફરી પૂર્વની જેમ જ વૈભવસંપન્ન કરવો જોઈએ; કેમ કે સુપાત્ર એવા શ્રાવકમાં કરેલો ધનવ્યય તે શ્રાવકની ધર્મવૃદ્ધિનું પ્રબળ કારણ છે. તેથી તેવા શ્રાવકની ધર્મવૃદ્ધિમાં પોતાના ધનથી નિમિત્ત બનીને શ્રાવક મહા પુણ્યાનુબંધીપુણ્યનો સંચય કરે છે. વળી, ધર્મમાં કોઈ શ્રાવક સીદાતા હોય છતાં ધર્મમાં સ્થિર થાય તેવા હોય તેવા શ્રાવકોને ધનવ્યય આદિ જે જે પ્રકારે ધર્મમાં સ્થિર કરી શકાય તે તે પ્રકારે ધર્મમાં સ્થિર કરવા જોઈએ; કેમ કે ધર્મમાં સ્થિર થવાથી તે શ્રાવકો જે વિશિષ્ટ પ્રકારનો ધર્મ કરશે તે સર્વ પ્રત્યે પોતાનો ધનવ્યય નિમિત્તકારણ થવાથી અને વિવેકપૂર્વકની પોતાની ઉચિતપ્રવૃત્તિ હોવાથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈ શ્રાવક પ્રમાદમાં પડ્યા હોય ત્યારે તેઓને ઉચિત સ્મરણ કરાવે કે કોઈક રીતે પ્રાપ્ત થયેલો આ મનુષ્યભવ કેમ નિષ્ફળ કરે છે ? જે સાંભળીને તે શ્રાવક ઉત્સાહિત થઈ ધર્મપરાયણ બને. વળી, કોઈક નિમિત્તથી શ્રાવકને શોભે નહિ તેવી પ્રવૃત્તિ કરતા હોય તો વિવેકસંપન્ન શ્રાવક વિવેકપૂર્વક તેનું વારણ કરે અર્થાત્ કહે કે આ પ્રકારની પ્રવૃત્તિ કરીને નિષ્કારણ સંસારની વૃદ્ધિ કેમ કરે છે ? ઉચિત રીતે કરાયેલ વારણથી તે શ્રાવક પણ તે પ્રકારની પાપપ્રવૃત્તિથી વિરામ પામે છે. વળી, ગુણસ્થાનકની વૃદ્ધિ માટે ઉચિત કૃત્યો કરી શકે તેવા શ્રાવકને પ્રસંગે-પ્રસંગે વિવેકપૂર્વક શ્રાવક ચોદન કરે અર્થાત્ પ્રેરણા કરે. જેથી ઉચિત સ્વાધ્યાયાદિ કરીને તે શ્રાવક પણ નવા-નવા ગુણોની પ્રાપ્તિ કરે. વળી, કોઈક નિમિત્તે પ્રેરણા કરવા છતાં ફરી ફરી પ્રમાદવશ તે શ્રાવક ઉચિત સ્વાધ્યાયાદિમાં પ્રયત્નશીલ ન હોય તો વિવેકપૂર્વક શ્રાવક તેને પ્રતિચોયણા કરે તેથી તે પ્રકારની પ્રેરણાથી સ્થિર થઈને તે શ્રાવક પોતાનું હિત સાધી શકે. વળી, ક્યારેક પ્રમાદને વશ અત્યંત અનુચિત પ્રવૃત્તિ કોઈ શ્રાવક કરે ત્યારે જેમ સાધ્વીઓને વિવેકપૂર્વક શિક્ષણ આપે તેમ સ્વભૂમિકાનુસાર તે શ્રાવકને પણ શિક્ષણ આપે. જેથી અહિતથી તે શ્રાવકનું રક્ષણ થાય. વળી, જે શ્રાવકોમાં

જે પ્રકારે યોગ્યતા હોય તે પ્રકારે પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં તેઓને યોજન કરે. જેથી નવા-નવા ધર્મના શ્રવણને કારણે તેઓમાં ગુણસ્થાનકની વૃદ્ધિ થાય. વળી, વૈભવસંપન્ન શ્રાવક શ્રાવકોના વિશિષ્ટ ધર્માનુષ્ઠાન કરાવવા અર્થે સાધારણ પોષધશાળા કરે અર્થાત્ પોતાના ધનના વ્યયથી પોષધશાળા કરીને તે પોષધશાળામાં સર્વ શ્રાવકો પોષધ આદિ ધર્માનુષ્ઠાન કરવા માટે આવે અને ઉચિત કૃત્યો કરે તે માટે તે પોષધશાળા શ્રાવક સંઘને સમર્પણ કરે.

**ટીકા :-**

**श्राविकासु धनवपनं श्रावकवदन्यूनातिरिक्तमुन्नेतव्यम्, तच्च ज्ञानदर्शनचारित्रवत्यः शीलसन्तोषप्रधानाः सधवा विधवा वा जिनशासनानुरक्तमनसः साधर्मिकत्वेन माननीयाः ।**

**ननु स्त्रीणां कुतः शीलशालित्वं ? कुतो वा रत्नत्रययुक्तत्वम्? स्त्रियो हि नाम लोके लोकोत्तरे च अनुभवाच्च दोषभाजनत्वेन प्रसिद्धाः, एताः खलु अभूमिका विषकन्दल्यः, अनभ्रसम्भवा वज्राशनयः, असंज्ञका व्याधयः, अकारणो मृत्युः, अकन्दरा व्याघ्र्यः, प्रत्यक्षा राक्षस्यः, असत्यवचनस्य साहसस्य बन्धुस्नेहविघातस्य सन्तापहेतुत्वस्य निर्विवेकत्वस्य च परमं कारणमिति दूरतः परिहार्याः, तत्कथं दानसन्मानवात्सल्यविधानं तासु युक्तियुक्तम् ?।**

**उच्यते—अनेकान्त एष, यत्स्त्रीणां दोषबहुलत्वम्, पुरुषेष्वपि समानमेतत्, तेऽपि क्रूराशया दोषबहुला नास्तिकाः कृतघ्नाः स्वामिद्रोहिणो देवगुरुवञ्चकाश्च दृश्यन्ते तद्दर्शनेन च महापुरुषाणामवज्ञां कर्तुं न युज्यते, तीर्थकरादिजनन्यो हि स्त्रीत्वेऽपि तत्तद्गुणगरिमयोगितया सुरेन्द्रैरपि पूज्यन्ते, मुनिभिरपि स्तूयन्ते, लौकिका अप्याहुः—**

"निरतिशयं गरिमाणं, तेन युवत्या वदन्ति विद्वांसः ।
तं कमपि वहति गर्भं, जगतामपि यो गुरुर्भवति ।।१।।"

**काश्चन स्वशीलप्रभावादग्निं जलमिव, विषधरं रज्जुमिव, सरितः स्थलमिव, विषममृतमिव कुर्वन्ति, सुलसाप्रभृतयो हि श्राविकास्तीर्थकरैरपि प्रशस्यगुणाः, सुरेन्द्रैरपि स्वर्गभूमिषु पुनः पुनः बहुमतचारित्राः, प्रबलमिथ्यात्वैरपि अक्षोभ्यसम्यक्त्वसम्पदः, काश्चिच्चरमदेहाः, काश्चिद् द्वित्रिभवान्तरितमोक्षगमनाः शास्त्रेषु श्रूयन्ते, तदासां जननीनामिव भगिनीनामिव स्वपुत्रीणामिव वात्सल्यं विधेयमेवेत्यलं प्रसङ्गेन ।**

**ટીકાર્થ :-**

**श्राविकासु ..... प्रसङ्गेन । શ્રાવકે શ્રાવિકાઓમાં શ્રાવકની જેમ અન્યૂનાતિરિક્ત=ન્યૂન નહિ અને અતિરિક્ત નહિ. પરંતુ સમાન જ ધનવ્યય કરવો જોઈએ અને તે=શ્રાવિકાઓ જ્ઞાન-દર્શન-ચારિત્રવાળી,**

શીલસંતોષપ્રધાન, સધવા કે વિધવા, જિનશાસનમાં અનુરક્ત મનવાળી સાધર્મિકપણારૂપે માનનીય છે.

'નનુ'થી શંકા કરે છે. સ્ત્રીઓને શીલ-શાલિપણું ક્યાંથી હોય ? અથવા રત્નત્રયીયુક્તપણું ક્યાંથી હોય ? હિ=જે કારણથી, સ્ત્રીઓ લોકમાં અને લોકોત્તર શાસનમાં અને અનુભવથી દોષના ભાજનપણા રૂપે પ્રસિદ્ધ છે. ખરેખર આ=સ્ત્રીઓ, ભૂમિ વગરની વિષકંદલીઓ છે. વાદળા વગર થયેલી વજ્રાશની છે=વીજળી જેવી છે, સંજ્ઞા વગરની વ્યાધિ છે. નામ વગરનો રોગ છે. અકારણ મૃત્યુ છે. કંદરા વગરની વાઘણો છે. પ્રત્યક્ષ રાક્ષસીઓ છે. અને અસત્યવચનનું, સાહસનું, બંધુના સ્નેહના વિઘાતનું, સંતાપના હેતુત્વનું અને નિર્વિવેકત્વનું પરમ કારણ છે. એથી દૂરથી પરિહાર્ય છે=દૂરથી પરિહાર કરવા યોગ્ય છે. તે કારણથી કેવી રીતે દાન-સન્માન-વાત્સલ્યનું વિધાન તેઓમાં યુક્તિયુક્ત કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ. આ પ્રકારની શંકાનો ઉત્તર આપતાં કહે છે.

સ્ત્રીઓનું જે દોષબહુલપણું છે એ અનેકાંત છે=પુરુષોમાં પણ આ=દોષબહુલપણું, સમાન છે. તેઓ પણ=પુરુષો પણ, ક્રૂર આશયવાળા દોષબહુલ=બહુદોષવાળા, નાસ્તિકો, કૃતઘ્ન, સ્વામીદ્રોહી= સ્વામીના દ્રોહને કરનારા અને દેવ-ગુરુને ઠગનારા દેખાય છે. અને તેઓના દર્શનથી=દોષવાળા પુરુષોના દર્શનથી, મહાપુરુષોની અવજ્ઞા કરવી ઉચિત નથી. (તેમ સ્ત્રીઓમાં દોષબહુલપણું દેખાવાથી ગુણસંપન્ન સ્ત્રીઓની અવજ્ઞા કરવી ઉચિત નથી.) હિ=જે કારણથી, તીર્થંકરાદિની માતા સ્ત્રીપણું હોવા છતાં પણ તે તે ગુણનું અત્યંત યોગીપણું હોવાને કારણે સુરેન્દ્રો વડે પણ પૂજાય છે. મુનિઓ વડે પણ સ્તુતિ કરાય છે. લૌકિકો પણ કહે છે –

તે કારણથી યુવતીઓને નિરતિશય ગરિમાવાળી વિદ્વાનો કહે છે. ક્યા કારણથી કહે છે ? તે કહે છે -

"તે કોઈ પણ ગર્ભને વહન કરે છે જે જગતના પણ ગુરુ થાય છે." ॥૧॥

કેટલીક સ્ત્રીઓ સ્વશીલ પ્રભાવથી અગ્નિને જલની જેમ, વિષધરને રજ્જુની જેમ, સરોવરને સ્થલની જેમ, વિષને અમૃતની જેમ કરે છે. સુલસા વગેરે શ્રાવિકાઓ તીર્થંકર વડે પણ પ્રશસ્યગુણવાળી= પ્રશંસા કરવા યોગ્ય ગુણવાળી, ઈન્દ્ર વડે પણ સ્વર્ગભૂમિઓમાં ફરી ફરી બહુમત ચારિત્રવાળી કહેવાય છે. પ્રબલ મિથ્યાત્વવાળા પુરુષો વડે પણ અક્ષોભ્ય સમ્યક્ત્વ સંપદાવાળી કેટલીક ચરમદેહવાળી, કેટલીક બે-ત્રણ ભવની અંદર મોક્ષમાં જવાને યોગ્ય શાસ્ત્રમાં સંભળાય છે. તે કારણથી આમને= શ્રાવિકાઓને, માતાની જેમ, ભગિનીની જેમ, સ્વપુત્રીઓની જેમ વાત્સલ્યને જ કરવું જોઈએ. એથી પ્રસંગથી સર્યું.

**ભાવાર્થ :-**

**૭. શ્રાવિકા ક્ષેત્ર :-**

શ્રાવિકારૂપ ઉત્તમક્ષેત્રમાં શ્રાવકે ધનવ્યય કરવો જોઈએ. કઈ રીતે ધનવ્યય કરવો જોઈએ ? તે બતાવતાં કહે છે –

જે પ્રકારે ગુણસંપન્ન શ્રાવકોમાં ઉચિત વિવેકપૂર્વક ધનવ્યય કરવો જોઈએ તે રીતે જ શ્રાવિકાઓમાં ધનવ્યય કરવો જોઈએ. કઈ રીતે શ્રાવિકાઓમાં ધનવ્યય થઈ શકે ? તેથી કહે છે –

જે શ્રાવિકાઓ જ્ઞાન-દર્શન-ચારિત્રવાળી શીલ અને સંતોષપ્રધાન સધવા સ્ત્રી હોય કે વિધવા સ્ત્રી હોય પરંતુ ભગવાનના શાસનમાં અનુરક્ત મનવાળી હોય તેઓને સાધર્મિકપણારૂપે માન આપવું જોઈએ અને જે રીતે તેઓની ભક્તિ થઈ શકે તે રીતે સર્વ ઉચિતકૃત્ય કરવું જોઈએ.

અહીં 'નનુ'થી કોઈ પૂર્વપક્ષી શંકા કરે છે. સ્ત્રીઓમાં શીલશાલિપણું ક્યાંથી હોય ? અથવા રત્નત્રયીયુક્તપણું ક્યાંથી હોય ? કેમ ન હોય તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે. લોકમાં પણ અને ભગવાનના શાસનમાં પણ સ્ત્રીઓને દોષવાળી કહેલી છે. અને સ્વઅનુભવથી પણ સ્ત્રીઓ દોષનું ભાજન દેખાય છે. સ્ત્રીઓ કેવા પ્રકારની દોષનું ભાજન છે તે તુચ્છ પ્રકૃતિવાળી સ્ત્રીઓને આશ્રયીને પૂર્વપક્ષી બતાવે છે. તેઓ વિષની વેલડી છે; કેમ કે ક્ષુદ્ર પ્રકૃતિવાળી સ્ત્રીઓ હંમેશાં પોતાની પ્રકૃતિને કારણે પુરુષને કલેશ કરાવનારી બને છે. આ રીતે અનેક ઉપમાઓથી અયોગ્ય સ્ત્રીઓને સામે રાખીને કહ્યા પછી પૂર્વપક્ષી કહે છે કે આવી સ્ત્રીઓને દૂરથી પરિહાર કરવી જોઈએ. પરંતુ તેઓનું દાન-સન્માન-વાત્સલ્ય કરવું ઉચિત નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો કે ઘણી સ્ત્રીઓમાં તેવા દોષો હોય છે. તોપણ કેટલીક ગુણિયલ સ્ત્રીઓ પણ હોય છે. વળી, માત્ર દોષવાળી સ્ત્રીઓને ગ્રહણ કરીને બધી સ્ત્રીઓને દુઃશીલ કહેવામાં આવે તો પુરુષમાં પણ સ્ત્રીઓની જેમ દુઃશીલપણું સમાન પ્રાપ્ત થાય છે; કેમ કે પુરુષો પણ ઘણા ક્રૂરાશયાદિ દોષોવાળા હોય છે માટે દોષવાળા પુરુષોને આશ્રયીને મહાપુરુષોની અવજ્ઞા કરવી ઉચિત નથી તેમ દોષવાળી સ્ત્રીઓને જોઈને ગુણસંપન્ન સ્ત્રીઓની અવજ્ઞા કરવી ઉચિત નથી. જો કે સ્ત્રીભવના કારણે ઘણા દોષોની પ્રાપ્તિ હોવા છતાં કેટલીક સ્ત્રીઓ ગુણસંપન્ન હોય છે. આથી જ તીર્થંકરની માતા સ્ત્રી હોવા છતાં પણ તેઓના ઘણા ગુણ હોવાને કારણે ઇન્દ્રો પણ તેમને પૂજે છે. મુનિઓ પણ તેમની સ્તુતિ કરે છે. અને લૌકિક દર્શનવાળા પણ કહે છે કે તેવી પણ સ્ત્રીઓ છે કે જે ઉત્તમ ગર્ભને ધારણ કરે છે જે જગતના ગુરુ થાય છે. માટે તેવી ગુણવાળી સ્ત્રીઓ પણ જગતમાં છે કે જેની વિદ્વાનો પણ સ્તુતિ કરે છે. વળી, કેટલીક સ્ત્રીઓ પોતાના શીલપ્રભાવથી લોકોને ચમત્કાર ઉત્પન્ન કરે તેવાં કૃત્યો કરનારી દેખાય છે. વળી, સુલસા વગેરે શ્રાવિકાઓની તીર્થંકરોએ પણ પ્રશંસા કરી છે અને ઇન્દ્રો વડે પણ તેઓનાં ઉત્તમ ચારિત્રની પ્રશંસા કરાઈ છે તેથી સ્ત્રીઓ પણ ઘણી ગુણસંપન્ન હોય છે. વળી, કેટલીક સ્ત્રીઓ પ્રબલ મિથ્યાત્વવાળા પુરુષોની સામે ક્ષોભ ન પામે તેવા સમ્યક્ત્વની સંપદાવાળી છે. કેટલીક સ્ત્રીઓ ચરમદેહવાળી છે. વળી, કેટલીક સ્ત્રીઓ બે-ચાર ભવમાં મોક્ષમાં જનારી છે. તે પ્રકારે શાસ્ત્રમાં સંભળાય છે. માટે નિર્ગુણી સ્ત્રીઓની ઉપેક્ષા કરીને ગુણસંપન્ન એવી શ્રાવિકાઓનું માતાની જેમ, ભગિનીની જેમ, સ્વપુત્રીની જેમ, વાત્સલ્ય કરવું જોઈએ. અર્થાત્ જે પોતાનાથી મોટી હોય તેઓની માતાની જેમ ભક્તિ કરવી જોઈએ. પોતાને સમાન વયવાળી હોય તેની ભગિનીની જેમ ભક્તિ કરવી જોઈએ. અને નાની ઉંમરવાળી ધર્મપરાયણ બાલિકા હોય તેની સ્વપુત્રીઓની જેમ ભક્તિ કરવી જોઈએ. જેથી શ્રાવિકારૂપ ઉત્તમ ક્ષેત્રમાં ધનવ્યય દ્વારા મહાફલની પ્રાપ્તિ થાય.

ટીકા :-

न केवलं सप्तक्षेत्र्यां धनवापः पूर्वोक्तशेषो विशेषतो गृहस्थधर्मः, किन्त्वन्योऽपीति तमाह- 'दीनानुकम्पन'मिति, दीनेषु-निःस्वाऽन्धबधिरपङ्गुरोगार्त्तप्रभृतिषु अनुकम्पनम्-अनुकम्पाकरणम्, केवलया कृपया धनवापः नतु भक्त्येतिभावः, भक्तिपूर्वकं हि सप्तक्षेत्र्यां यथोचितं दानम्, दीनेषु तु अविचारितपात्रापात्रमविमृष्टकल्प्याकल्प्यप्रकारं केवलयैव करुणया स्वधनस्य वपनं न्याय्यम्, भगवन्तो हि निष्क्रमणकालेऽनपेक्षितपात्रापात्रविभागं करुणया साँवत्सरिकदानं दत्तवन्त इति, एवंविधगुणयुक्तश्च महाश्रावक उच्यते । यतो योगशास्त्रे –

"एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चातिदीनेषु, महाश्रावक उच्यते ।।१।।" [३/११९]

महत्पदविशेषणं च अन्येभ्योऽतिशायित्वात्, यतः–श्रावकत्वमविरतानामेकाद्यणुव्रतधारिणां च शृणोतीति व्युत्पत्त्योच्यते, यदाह –

"संपत्तदंसणाई, पइदिअहं जइजणा सुणेई अ ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ।।१।। [सम्बोधप्रकरणे ५/१, श्रावकप्रज्ञप्तौ २]
श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् ।
किरत्यपुण्यानि सुसाधुसेवनादद्यापि तं श्रावकमाहुरञ्जसा ।।२।।"

इतिनिरुक्ताच्च श्रावकत्वं सामान्यस्यापि प्रसिद्धम्, विवक्षितस्तु निरतिचारसकलव्रतधारी सप्तक्षेत्र्यां धनवपनाद्दर्शनप्रभावकतां परमां दधानो दीनेषु चात्यन्तकृपापरो महाश्रावक उच्यते इत्यलं प्रसंगेन ।।५९।।

## ।। इति प्रथमः खण्डः ।।

ટીકાર્થ :-

न केवलं ..... प्रसंगेन । શ્રાવકે કેવલ સાતક્ષેત્રમાં ધનનું વપન કરવું એ પૂર્વમાં કહેલ શેષ વિશેષથી ગૃહસ્થધર્મ નથી. પરંતુ અન્ય પણ છે. એથી તેને કહે છે –

દીનની અનુકંપા કરવી જોઈએ=ધન વગરના અંધ-બધિર-પંગુ-રોગથી પીડિત વગેરે દીનોમાં અનુકંપા કરવી જોઈએ. કેવલ કૃપાથી ધનનો વ્યય કરવો જોઈએ. પરંતુ ભક્તિથી નહિ એ પ્રકારનો ભાવ છે. ભક્તિપૂર્વક સાતક્ષેત્રમાં યથાઉચિત દાન છે. વળી, દીનમાં અવિચારિત પાત્રાપાત્ર અવિચારિત કલ્પ્યાકલ્પ્યના પ્રકારવાળું કેવલ જ કરુણાથી સ્વધનનું વપન ન્યાય્ય છે. हि=જે કારણથી, નિષ્ક્રમણકાલમાં પાત્રાપાત્રના વિભાગની અપેક્ષા વગર કરુણાથી ભગવાને સાંવત્સરિક દાન આપેલું. અને આવા

**પ્રકારના ગુણથી યુક્ત મહાશ્રાવક કહેવાય છે. જે કારણથી “યોગશાસ્ત્ર”માં કહેવાયું છે –**

“આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, વ્રતમાં રહેલ ભક્તિથી સાતક્ષેત્રમાં ધનને વાપરતો અને અતિદીનમાં દયાથી ધનને વાપરતો ‘મહાશ્રાવક’ કહેવાય છે.” **(યોગશાસ્ત્ર ૩/૧૧૯)**

**અને મહત્ પદ વિશેષણ=‘મહાશ્રાવક’ શબ્દમાં રહેલ ‘મહત્’ પદ વિશેષણ, અન્યથી અતિશાયીપણું હોવાથી છે. જે કારણથી શ્રાવકપણું, અવિરત એવા સમ્યગ્દૃષ્ટિનું અને એકાદિ અણુવ્રતધારીનું ‘શૃણોતિ’ એ પ્રકારની વ્યુત્પત્તિથી કહેવાય છે. જેને કહે છે –**

“સંપ્રાપ્ત દર્શનવાળા પ્રતિદિવસ યતિજનથી પરમ સામાચારીને=સાધુ સામાચારીને, જે ખરેખર સાંભળે છે તેને શ્રાવક કહેવાય છે.” ।।૧।। **(સંબોધ પ્રકરણ ૫/૧, શ્રાવકપ્રજ્ઞપ્તિ ૨)**

“પદાર્થના ચિંતનથી શ્રદ્ધાળુતાનો આશ્રય કરે છે. પાત્રોમાં સતત ધન વપન કરે છે. સુસાધુના સેવનથી હમણાં પણ શીઘ્ર અપુણ્યનો નાશ કરે છે=પાપોનો નાશ કરે છે. તેને શ્રાવક કહે છે.” ।।૨।।

**અને આ પ્રકારની વ્યુત્પત્તિથી સામાન્યનું પણ=સમ્યગ્દૃષ્ટિનું પણ, શ્રાવકપણું પ્રસિદ્ધ છે. વળી, વિવક્ષિત નિરતિચાર સકલવ્રતધારી સાતક્ષેત્રમાં ધનનું વપન કરવાથી પરમ દર્શન પ્રભાવકતાને ધારણ કરનારા અને દીનોમાં અત્યંત કૃપાપર ‘મહાશ્રાવક’ કહેવાય છે. એથી પ્રસંગથી સર્યું. ।।૫૯।।**

## ‘એ પ્રમાણે પ્રથમ ખંડ પૂર્ણ થયો.’

**ભાવાર્થ :-**

વિવેકસંપન્ન શ્રાવક જેમ બાર વ્રતના પાલનથી સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે તેમ સાતક્ષેત્રમાં ધનના વપનથી પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. એટલું જ નહિ પણ દીન અનુકંપાથી પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે; કેમ કે જેમ તીર્થંકર સંયમગ્રહણકાલમાં પાત્રાપાત્રનો વિભાગ કર્યા વગર યોગ્યજીવોને બીજાધાન થશે તે પ્રકારની કરુણાથી સાંવત્સરિક દાન આપે છે તેમ શ્રાવક પણ ભગવાનની ભક્તિના સર્વ પ્રસંગોમાં દીન-દુઃખી આદિ જીવોમાં ભગવાનની ભક્તિ આદિ નિમિત્તોને જોઈને બીજાધાન થશે એ પ્રકારની ભાવકરુણાપૂર્વક દ્રવ્ય અનુકંપા કરે છે. તેથી ઘણા યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ પણ થાય છે. માટે જેમ સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરીને ગુણોની વૃદ્ધિ દ્વારા શ્રાવક સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે માટે બાર વ્રતની જેમ સાતક્ષેત્રમાં ધનવપન વિશેષથી ગૃહસ્થધર્મ છે તેમ દીનાદિ જીવોમાં પણ બીજાધાનની પ્રાપ્તિ દ્વારા તે જીવોને સન્માર્ગની પ્રાપ્તિનું કારણ બને તે રીતે શ્રાવક અનુકંપા કરે છે. તેથી તે અનુકંપામાં ધનના વ્યય દ્વારા શ્રાવક સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે; કેમ કે અન્ય જીવોને ભગવાનનું શાસન પ્રાપ્ત થાય તે પ્રકારના ઉત્તમ આશયથી કરાયેલ અનુકંપાદાન પણ સર્વવિરતિનું કારણ બને છે. આથી જ ભગવાને પણ દીક્ષાગ્રહણકાલમાં ભાવઅનુકંપાથી સાંવત્સરિક દાન આપેલું. અને આવા ગુણવાળા શ્રાવકને ‘મહાશ્રાવક’ કહેવાય છે. અર્થાત્ પોતાની શક્તિ અનુસાર બાર વ્રત ગ્રહણ કર્યાં હોય, પોતાની શક્તિ અનુસાર સાતક્ષેત્રમાં વિવેકપૂર્વક ધનનો વ્યય કરતા હોય અને વિવેકપૂર્વકની દીનની

અનુકંપા કરતા હોય તેવા શ્રાવકને 'મહાશ્રાવક' કહેવાય છે.

અહીં 'મહાશ્રાવક' કહેવાથી અન્ય શ્રાવક કરતાં તે શ્રાવક વિશેષ છે તેમ ફલિત થાય છે; કેમ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ અને એકાદિ અણુવ્રતધારીને પણ શ્રાવક કહેવાય છે. કેમ અવિરત સમ્યગ્દૃષ્ટિને શ્રાવક કહેવાય છે ? તેથી કહે છે –

"જે સાધુની સામાચારી સાંભળે તે શ્રાવક કહેવાય." એ પ્રકારની 'શ્રાવક' શબ્દની વ્યુત્પત્તિ છે. જેને 'સંબોધપ્રકરણ' ગ્રંથમાં કહે છે –

પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનવાળા ધર્માત્મા પ્રતિદિવસ યતિજન પાસેથી સાધુ સામાચારી સાંભળે તે શ્રાવક કહેવાય, તેથી એ ફલિત થાય કે પ્રતિદિવસ સાધુની સામાચારી સાંભળીને સમ્યક્ત્વને સ્થિર કરવા માટે યત્ન કરતા નથી કે સાધુસામાચારીના પરમાર્થને જાણીને સમ્યક્ત્વ પામ્યા નથી તેઓ નામથી શ્રાવક છે. 'શ્રાવક' શબ્દની વ્યુત્પત્તિથી શ્રાવક નથી; કેમ કે પ્રતિદિન સાધુ-સામાચારીને સાંભળીને સંસારના ઉચ્છેદ માટે સ્વશક્તિ અનુસાર જે મહાત્મા ઉદ્યમ કરે છે તે મહાત્મા શ્રાવક કહેવાય છે, અન્ય નહિ. અને આવા શ્રાવકો સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે અને એકાદિ અણુવ્રત ધારણ કરનારો હોઈ શકે. વળી, તેવા અવિરત સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો સાધુ પાસે સામાચારી સાંભળીને સાધ્વાચારના પદાર્થના ચિંતનને કારણે સ્થિર શ્રદ્ધાળુતાનો આશ્રય કરે છે. અર્થાત્ આ પ્રકારના સાધ્વાચારનું પાલન જ અસંગભાવની પ્રાપ્તિ દ્વારા સંસારના ઉચ્છેદનું કારણ છે. તેવી સ્થિર શ્રદ્ધાને ધારણ કરે છે અને સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હોવાથી સતત સુપાત્રોમાં ધનવ્યય કરીને સુસાધુ જેવી શક્તિનો સંચય કરવા યત્ન કરે છે; કેમ કે ઉત્તમ પાત્રોની ભક્તિથી ઉત્તમ ગુણવાળા થવાની શક્તિનો સંચય થાય છે. વળી, તેવા શ્રદ્ધાળુ અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ શ્રાવકો સુસાધુની ભક્તિથી હમણાં પણ શીઘ્ર પાપકર્મોનો નાશ કરે છે; કેમ કે સુસાધુના ગુણોના સ્મરણપૂર્વક સુસાધુની ભક્તિ કરવાથી સુસાધુ તુલ્ય થવામાં બાધક એવાં ચારિત્રમોહનીય આદિ કર્મો સતત નાશ પામે છે. આ પ્રકારના સંબોધપ્રકરણના ઉદ્ધરણના બળથી એ ફલિત થાય કે જેમણે બાર વ્રતો ગ્રહણ કર્યાં નથી તેવા સામાન્ય સમ્યગ્દૃષ્ટિ જીવો કે એકાદિ અણુવ્રતધારી જીવો શ્રાવક કહેવાય છે. અને ગ્રંથકારશ્રીએ પૂર્વમાં બાર વ્રતોનું વર્ણન કર્યું તે બાર વ્રતો જે શ્રાવક અતિચાર રહિત પાળે છે અર્થાત્ અતિચાર ન લાગે તેની પૂર્ણ કાળજી રાખે છે, સતત સાવધાન રહે છે જેથી અતિચારની પ્રાપ્તિ ન થાય, અનાભોગાદિથી સૂક્ષ્મ પણ અતિચાર થઈ જાય તો તે અતિચાર દૂર કરે છે, તેથી અતિચાર રહિત સર્વ વ્રતના પાલનને કરનારા અને સાતક્ષેત્રમાં ધનને વપન કરનારા પરમ દર્શનના પ્રભાવક અને દીન જીવોમાં અત્યંત કૃપાને ધારણ કરનારા મહાશ્રાવક કહેવાય છે. **॥૫૯॥**

## પ્રથમ ખંડ પૂર્ણ.

**અનુસંધાન : ધર્મસંગ્રહ ભાગ-૪**

एतैर्विना व्रताचारो, गृहिधर्मो विशेषतः ।
सप्तक्षेत्र्यां तथा वित्तवापो दीनानुकम्पनम् ।।

આના વિના=આ અતિચારો વિના, વ્રતનો આચાર
વિશેષથી ગૃહસ્થધર્મ છે. તે પ્રકારે સાત ક્ષેત્રમાં ધનનું વપન,
દીનનું અનુકંપન વિશેષથી ગૃહસ્થ ધર્મ છે.




: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in